

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

ભાગ ૧-૨

મગનલાલ લાલજી ગાંધી

ડો. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ, અમદાવાદ

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ પ્રકાશન : ૧૧

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

લેખક
મગનલાલ લાલજી ગાંધી

સંપાદક
ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ
અમદાવાદ-૧૫

SHREE GOKULESHJINŪ JIVANCHARIT : by Maganlal Lalji Gandhi, Published by Dr. Krishnakant Kadakia Trust, Ahmedabad-380 015. First Edition, 2001 **Rs. 151/–**

© ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ

પુનઃ સંસ્કરણ : ઈ.સ. ૨૦૦૧

રૂપિયા : ૧૫૧/-

પ્રકાશક
ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ,
એમ-૮૨/૩૮૫, 'સ્વરૂપ', સરસ્વતીનગર,
આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૬૭૪ ૭૫ ૯૦

લેસર ટાઈપસેટિંગ :
સન ગ્રાફિક્સ,
૨૧૨/એ-૧૩, પ્રીતમપુરા સોસા. નં. ૧,
ગિરધરનગર પોસ્ટ ઑફિસ સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪
ફોન : ૨૧૭ ૬૩૭૯

॥ श्रीगोकुलेशो जयति ॥

શ્રીમત્પ્રભુચરણ-શ્રીગુસાંઈજીના ચતુર્થ
લાલજી-માલાપ્રસંગવાળા

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

બે ભાગમાં

એમની બાલ, પૌગંડ, કિશોર અને વૃદ્ધાવસ્થાની અપ્રાકૃત લીલા, માલાપ્રસંગ વખતે ચિદ્રૂપ સંન્યાસી સાથે કરેલો માલા-તિલકનો સપ્રમાણ શાસ્ત્રાર્થ વગેરે ૪૦૦ વર્ષના પ્રાચીન ગ્રંથોના આધારે તૈયાર કરેલો.

माला–तिलकना रक्षणहार
श्रीमद् गो. श्री.गोकुलनाथजी महाराज
प्रा. 'अडेल', सं. १६०८, मार्गशीर्ष शुक्ल ७, भृगुवार
नित्यलीलाप्रवेश श्रीगोकुल,
सं. १६९७ माघ कृष्ण ९, स्थितिवर्ष ८९–२–१७

नमामि श्रीपतिं देवं वल्लभं विट्ठलात्मजम् ।
यः करोति सदारण्ये मङ्गलं जनवर्जिते ॥१॥

मायावादचिद्रूपादिप्रतिबन्धनिवारकः ।
दर्पहा दुर्मदान्धानां पायाद् वो भक्तभूषणः ॥२॥

પુનઃ સંસ્કરણ
ઈ. સ. ૨૦૦૧

મૂલ્ય : ૧૫૧

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ,
એમ-૮૨/૩૮૫, 'સ્વરૂપ', સરસ્વતીનગર,
આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૬૭૪ ૭૫ ૯૦

मंगलाचरणम्

निजमुरलिकानादाह्वानागतव्रजसुन्दरी–
निरुपमनवस्नेहाम्भोधेर्विचित्रतरोर्मिभिः
किमपि परितश्चार्द्राऽस्त्वेष प्रभुः प्रकटीभवन्
प्रतियुवतिसंभेदेनास्मद्दृशां विषयः सदा ॥१॥

मायावादिकरीन्द्रदर्पदलनेनास्येन्दुराजोद्गत–
श्रीमद्भागवताख्यदुर्लभसुधावर्षेण वेदोक्तिभिः ।
राधावल्लभसेवया तदुदितप्रेम्णोपदेशैरपि
श्रीमद्वल्लभनामधेयसदृशो भावी न भूतोऽस्त्यपि ॥२॥

सायं कुञ्जालयस्थासनमुपविलसत्स्वर्णपात्रं सुधौतं
राजद्यज्ञोपवीतं परितनुवसनं गौरमम्भोजवक्त्रम् ।
प्राणानायम्य नासापुटनिहितकरं कर्णराजद्विमुक्तं
वन्देऽर्धोन्मीलिताक्षं मृगमदतिलकं विट्ठलेशं सुकेशम् ॥३॥

नमामि श्रीपतिं देवं वल्लभं विट्ठलात्मजम् ।
यः करोति सदारण्ये मङ्गलं जनवर्जिते ॥४॥

वन्देऽहं गोकुलाधीशं भगवन्तं कृपानिधिम् ।
पावनो यामुने जातः कलौ घोरे द्विजेषु यः ॥५॥

नमामि गोकुलाधीशं लीलामानुषविग्रहम् ॥
व्रजाधीशं विश्वविभुं पार्वतीप्राणवल्लभम् ॥७॥

जहांगीराद् रक्षिता माला ह्यधर्माद् रक्षिता जनाः ।
चिद्रूपाद् रक्षितो धर्मो पातु वः पार्वतीपतिः ॥७॥

मायावादिचिद्रूपादिप्रतिबन्धनिवारकः ।
दर्पहा दुर्मदान्धानां पायाद् वो भक्तभूषणः ॥८॥

: ધોળ :

શ્રીગોકુલનાથ પ્રગટ થયા રે, આયો ઓચ્છવ,
માહારા તનના તાપ ગયા રે, આયો મહા ઓચ્છવ. ૧
સખીઓ સર્વ મળી ઘેર આવો રે, આયો૦
મોતીના ચોક પુરાવો રે, આયો૦ ૨
કંકુના હાથા દેવરાવો રે, આયો૦
મંગલ કલશ ભરાવો રે, આયો૦ ૩
કદલીના ખંભ રોપાવો રે, આયો૦
તરિયાં તોરણ બંધાવો રે, આયો૦ ૪
રૂડા મંડપ રચાવો રે, આયો૦
ચીરના ચંદરવા બંધાવો રે, આયો૦ ૫
શેરીએ કાચ ઢળાવો રે, આયો૦
સુગંધ અગર ઉખાવો રે, આયો૦ ૬
મોટા સમિયાના બંધાવો રે, આયો૦
મોતીની ઝાલરો ટંકાવો રે, આયો૦ ૭
સખીઓ સહુ મળી ઘેર આવો રે, આયો૦
મંગળ ધોળ ગવરાવો રે, આયો૦ ૮
મોટી જાજમ પથરાવો રે, આયો૦
ગાદી મૂંઢા બિછાવો રે, આયો૦ ૯
દીપકજ્યોત પ્રગટાવો રે, આયો૦
આજ આનંદ વધાવો રે, આયો૦ ૧૦
શ્રીગોકુલનાથને પધરાવ્યા રે, આયો૦
એ છે શ્રીરુક્મિણીજીના જાયા રે, આયો૦ ૧૧
એ છે વૈષ્ણવ જનના વાહાલા રે, આયો૦
એ છે શ્રીવિઠ્ઠલનાથજીના લાલા રે, આયો૦ ૧૨
વાહાલે પુષ્ટિપ્રાકટ્ય કીધું રે, આયો૦
વાહાલે ભક્તને દાન દીધું રે, આયો૦ ૧૩
વાહાલે વ્રજમાં પૂર્યા વાસ રે, આયો૦
જનમ્યા સુદિ સાતમ માગસર માસ રે, આયો૦ ૧૪
વાહાલે સહુની પૂરી આશ રે, આયો૦
બલિહારી માધવદાસ રે. આયો૦ ૧૫

શ્રીવલ્લભસ્તોત્રમ્

પુરુષોત્તમમુખાબ્જાધિકસૌભાગ્યપદ્રજઃ ।
ગોકુલેન્દુમુખીવૃન્દજીવનં યન્નતોઽસ્મ્યહમ્ ॥૧॥

જેમને હું નમસ્કાર કરું છું તે પુરુષોત્તમના મુખકમલથી અધિક સૌભાગ્યવાળી ચરણની રેણુવાળા, ગોકુલની ચંદ્રમુખી(સ્ત્રી)ઓના સમૂહોનાં જીવનરૂપ છે. (૧)

નિજપ્રકાશપ્રસરાવધૂતતમઃકૃતાર્થીકૃતજીવવૃન્દમ્ ।
સ્ફુરન્મુખશ્રીજિતશારદેન્દું શ્રીગોકુલેન્દું શરણં પ્રપદ્યે ॥૨॥

પોતાના પ્રકાશના વિસ્તારથી અંધકાર દૂર કરવા વડે જેમણે જીવોના સમૂહોને કૃતાર્થ કરેલા છે (અને) પ્રકાશતા મુખની ક્રાંતિની શરદના ચંદ્ર ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તેવા શ્રીગોકુલેશને હું શરણે જાઉં છું. (૨)

શ્રીમદ્વલ્લભસત્કુલનિર્મલકમલપ્રકાશમાર્તણ્ડઃ ।
સજ્જનકુમુદકુલેન્દુર્ગોકુલનાથો હરિર્જયતિ ॥૩॥

શ્રીમદ્વલ્લભના ઉત્તમ કુલરૂપ નિર્મલ કમલનો પ્રકાશ કરનાર સૂર્યરૂપ, ઉત્તમ પુરુષરૂપ કુમુદના સમૂહના ચંદ્રરૂપ હરિ ગોકુલનાથનો જય થાય છે. (૩)

સંપૂર્ણઃ પુરુષોત્તમભાવાભિવ્યક્તિસુખદમધુરશ્રીઃ ।
અઙ્ગીકૃતદ્વિજવપુર્ગોકુલનાથો હરિર્જયતિ ॥૪॥

પુરુષોત્તમના ભાવને પ્રકટ કરનારી સુખ આપનારી મધુર કાંતિવાળા, દ્વિજનો દેહ ધારણ કરનાર સંપૂર્ણ હરિ ગોકુલનાથનો જય થાય છે. (૪)

ચન્દ્રમુખો નલિનાક્ષસ્તુલસીમણિમાલિકાં દધત્ કણ્ઠે
સ્મિતમધુરાધરબિમ્બો ગોકુલનાથો હરિર્જયતિ ॥૫॥

ચંદ્ર જેવા મુખવાળા, કમલનયન, કંઠમાં તુલસીની અને મણિની માલા ધારણ કરનાર, સ્મિતવાળાં મધુર અધરબિંબવાળા હરિ ગોકુલનાથનો જય થાય છે. (૫)

નિર્મલશારદહિમકરકરનિકરક્ષીરહીરસત્કીર્તિઃ ।
શ્રીવિઠ્ઠલેશતનુજો ગોકુલનાથો હરિર્જયતિ ॥૬॥

શરદના નિર્મલ ચંદ્રનાં કિરણોના સમૂહ, દૂધ અને હીરાના જેવી ઉત્તમ કીર્તિવાળા, શ્રીવિઠ્ઠલેશના પુત્ર, હરિ ગોકુલનાથનો જય થાય છે. (૬)

આહૃતવરવેદગણો મથિતક્ષીરનીરધિઃ પરમ ।
ઉદ્ધૃતવરગિરિરાજો ગોકુલનાથો હરિર્જયતિ ॥૭॥

ઉત્તમ વેદોના સમૂહને બોલાવનાર, ક્ષીરસાગરનું મથન કરનાર, સર્વથી ઉત્તમ, ઉત્તમ ગિરિરાજને ઉપાડનાર હરિ ગોકુલનાથનો વિજય થાય છે. (૭)

શ્રવણેન સ્મરણેન ચ નમનેન ચ સંકથાવલોકાભ્યામ્ ।
સ્વયમેવ ચ સ્વરસદો ગોકુલનાથો હરિર્જયતિ ॥૮॥

શ્રવણથી અને સ્મરણથી, નમન કરવાથી અને સાથે કથાનું અવલોકન કરવાથી પોતે જ પોતાનો રસ આપનાર હરિ ગોકુલનાથનો જય થાય છે. (૮)

સંન્યાસિવેશમોહિતસાધુગણઃ સો(ઽ)સુરો હરિદ્રોહી ।
યેન નિરાક્રિયતાસૌ ગોકુલનાથો હરિર્જયતિ ॥૯॥

સંન્યાસીના વેશથી જેણે સજ્જન પુરુષોના સમૂહને મોહ ઉત્પન્ન કરેલો તે, હરિનો દ્રોહ કરનાર, અસુરનો જેમણે પરાજય કર્યો, તે હરિ ગોકુલનાથનો જય થાય છે. (૯)

ક્લેશમહોદધિમગ્નઃ કલ્યાણો નામમાત્રકલ્યાણઃ ।
સ્વયમુદ્ધારિ સ યેન ગોકુલનાથો હરિર્જયતિ ॥૧૦॥

દુઃખના મોટા સાગરમાં ડૂબેલા, જેનું માત્ર નામ 'કલ્યાણ' છે તેવા કલ્યાણનો જેમણે પોતે ઉદ્ધાર કર્યો તે હરિ ગોકુલનાથનો જય થાય છે. (૧૦)

— મઠપતિ કલ્યાણ ભટ્ટ

પ્રકાશકીય

મગનલાલ ગાંધીએ શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર સં. ૧૯૭૮માં લખેલું એ પ.ભ. વ્યારાવાળા ગોપાલદાસભાઈએ લખેલા પાંચ તરંગો પર બહુધા આધારિત છે. એમને ઉપલબ્ધ એ તરંગોના ચાર તરંગોમાં માળાના વિજય સુધીની જે હકીકત છે તે એઓએ લીધેલી છે તથા પાંચમા તરંગમાં શ્રીજીના નિત્યચરિત્ર અને ભગવદીયોનાં ધર્મલક્ષણ વગેરેનું જે વર્ણન છે તેનો પણ એઓએ ઉપયોગ કર્યો છે. આમાં ત્રીજા તરંગમાં ગોપાલદાસભાઈએ માત્ર એક જ માંગલ્ય લખેલ છે અને બાકીનાં માંગલ્ય શ્રી દેવજીભાઈ સૂરજીભાઈ તથા નાગરદાસભાઈએ લખેલાં છે. ત્રીજા તરંગની નાગરદાસભાઈએ લખેલા માંગલ્યવાળી પ્રત શ્રી મગનલાલ ગાંધીને ઉપલબ્ધ થયેલ હોય એમ દેખાતું નથી. નાગરદાસભાઈ વિશે એમને ખ્યાલ છે, પણ એ એમના વિશે ભક્તોમાં વહેતી વાતો પૂરતો જ, એમનું લખાણ તો એમને ઉપલબ્ધ થયેલ નથી જ, તેથી નાગરદાસભાઈએ શ્રીજીના જીવન વિશેના જે પ્રસંગો આલેખ્યા છે તે મગનલાલ ગાંધી પોતાના ગ્રંથમાં સમાવી શક્યા નથી, એ ખોટ પૂરી કરવાનો અમે પ્રયત્ન કર્યો છે.

(રાજકોટવાળા રમણિકલાલ ઓધવજી સોનેચાએ તમામ માંગલ્યવાળો તૃતીય તરંગ "સુજાતિ" દ્વારા પ્રગટ કરેલ છે, એટલું જ નહિ, પણ દરેક માંગલ્યમાં નિરૂપેલા પ્રસંગોની સૂચનિકા પણ આપેલ છે એમાં નાગરદાસભાઈએ લખેલ માંગલ્યની સૂચનિકા અમે છેલ્લા પરિશિષ્ટમાં આપીએ છીએ અને એ રીતે મગનલાલ ગાંધી પોતાના ગ્રંથમાં જે પ્રસંગો સમાવી શક્યા નથી તેની ખોટ પૂરી કરવાનો પ્રયત્ન કર્યો છે.)

લેખકે લખ્યું છે કે "પહેલા અને બીજા ભાગ વચ્ચે વીસ વરસનો ગાળો પડે છે, પણ એ દરમ્યાન ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ અગત્યના બનાવ બન્યા લાગતા નથી." (પ્ર.આ. પૃ. ૯) આ વાત સાથે સહમત થઈ શકાય એમ નથી, કારણ કે નાગરદાસભાઈનાં જે માંગલ્યોનો સાર અમે પરિશિષ્ટમાં આપ્યો છે તેમાં કયા કયા અગત્યના બનાવો બન્યા છે એ જોઈ શકાય છે. (મૂળ માંગલ્યો માટે રસિકોએ તૃતીય તરંગ, સંપાદક સોનેચા રમણિકલાલ, પ્રકા. : 'સુજાતિ' કટપીસ એમ્પોરિયમ, ૨૦૪૧ વૈશાખ સુદ-૫, પ્ર.આ. એ પુસ્તક જોવું.) શ્રીજી સકુટુંબ શ્રીગોકુલ પધાર્યા ત્યાંસુધીની વાત જીવનચરિત્રના લેખકે કરી છે, પણ નાગજીભાઈનાં માંગલ્યો એમને ઉપલબ્ધ ન હોઈ શ્રીજી શ્રીગોકુલ પધારે છે એ લીલાપ્રસંગ તથા ત્યાં એ વેળાએ એઓએ આજે જે ભવ્ય અને મજબૂત મંદિર ઊભું છે તેનું બાંધકામ કરાવ્યું હતું, ઈત્યાદિ મહત્ત્વના પ્રસંગો લેખક જીવનચરિત્રમાં સમાવી શક્યા નથી, એ ખોટ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટથી અમે પૂરી કરી છે.

ચરિત્રના લેખકે બીજો ભાગ શરૂ કરતાં એવી ફરિયાદ કરી છે કે માલાપ્રસંગની લીલાનું વર્ણન શ્રીગોકુલેશપ્રભુના કૃપાપાત્ર પ.ભ. ગોપાલદાસજી(વ્યારાવાળા)એ

એમના "માલાપ્રસંગ" નામના ગ્રંથમાં ઘણાં વિસ્તાર અને ચાતુર્યથી કર્યું છે તોપણ એ ગ્રન્થ મુદ્રિત નહિ થવાથી તથા એની જે થોડી હસ્તલિખિત પ્રતો ઉપલબ્ધ છે તે પણ માત્ર કેટલાક ભરૂચી વૈષ્ણવ બંધુઓ પોતાના ગ્રંથો પોતાના મંડળ બહારના અન્ય વૈષ્ણવ બન્ધુઓથી પણ છુપાવે છે, એમના સ્વાધીનમાં હોવાથી, બીજા સઘળા ઉત્સાહી અને જિજ્ઞાસુ વૈષ્ણવ બન્ધુઓને પણ એ મહાન ગ્રન્થનો કાંઈ પણ લાભ પ્રાપ્ત થઈ શકતો નથી. (શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ગાંધી મગનલાલ, પ્ર. લલ્લુભાઈ દેસાઈ "શ્રીભક્તિ ગ્રન્થમાળા" કાર્યાલય, ખતરીપોળ, અમદાવાદ, પ્ર.આ. સં. ૧૯૭૮ ભાગ-૨, પૃ. ૪) ૭૭ વર્ષ પહેલાં લખાયેલા આ શબ્દો આજે પણ એટલા જ સાચા છે, છતાં એટલું સારું છે કે એ ગ્રંથ છપાઈને પ્રગટ થયો હતો.[1] સહેલાઈથી એ ઉપલબ્ધ નથી, કેમકે કેટલાક ભરૂચી વૈષ્ણવ બંધુઓના સ્વાધીનમાં જ એ છે. આ ગ્રંથ ઉપલબ્ધ નહોતો થયો તેથી શ્રી મગનલાલ ગાંધીએ જે એમ કહેલું કે "ઐતિહાસિક દૃષ્ટિએ લગભગ છેલ્લાં વીસ વર્ષને માટે કાંઈ પણ હકીકત પ્રાપ્ત થતી નથી."[2] એ ગ્રંથમાં સોરમ-વાસ અને બીજા જે પ્રસંગો છે તે તો લેખકે વૈષ્ણવોની મુલાકાતો લઈને તથા પ્રવાસો કરીને તેમ એવાં માધ્યમો દ્વારા જાણ્યા છે અને શ્રીજીનું નિત્યલીલામાં પધારવું તેમ ૭૮ ભગવદીયોના સહગમન સુધીના મહત્ત્વના પ્રસંગો ચરિત્રમાં આલેખ્યા છે જ. વળી એને શ્રીગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહનો તેમ પ. ભ. માધવદાસજીનાં વિવિધ ધોળપદોનો અને પ.ભ. ગોપાલદાસભાઈના '૭૮ ભગવદીયોનું ધોળ'નો આધાર છે, માટે અમે પુસ્તકને એના સ્વરૂપની દૃષ્ટિએ પૂરું થયેલું માનીએ છે. શ્રીગોપાલદાસભાઈએ એ પ્રસંગો કઈ રીતે આલેખ્યા છે એ જાણવા માટે રસિકોએ ઉપર ઉલ્લેખેલ છે એ મૂલ ગ્રંથ જોવો. વળી લેખક જે પાછલાં વીસ વર્ષની વાત કરે છે તેમાં માળાતિલક સારુ ઝગડો કે એવા કોઈ ખાસ નોંધનીય પ્રસંગો બનેલા નથી. વૈષ્ણવમાર્ગના ગ્રંથોમાં એ સમયના શ્રીજીના ઐશ્વર્યના જે પ્રસંગો કહેવાયા છે તે કેવળ આ જીવનચરિત્રમાં પ્રગટતા એવા એમના ઈશ્વરપણાને જ એક યા બીજી રીતે ઉદ્‌ઘાટિત કરે છે. એ કઈ રીતે કહેવાયા છે એ જાણવા રસિકોએ 'કલ્લોલ-૧૫', 'પંચમ તરંગ' 'ભક્ત સુખદમંજરી' 'ગુજરાતપ્રસંગ' 'અનુભવાનંદ' 'સ્વરૂપ-અનુભવ' 'મહા ઓચ્છવ' 'રસ ઓચ્છવ' 'ધોળપદ' 'રસસિંધુ' 'રસાલય' 'રસકોષ' 'ગૂઢ રસ' અને એવા બીજા સંખ્યાબંધ ગ્રંથો જે છે[3] તે જોવા. આ ચરિત્રના લેખકે પ.ભ. ગોપાલદાસભાઈ અને બીજા વૈષ્ણવો કે જેઓ શ્રીજી ભૂતલપરથી પધારી ગયા ત્યાંસુધી એઓની સાથે રહેનાર મુખ્ય વૈષ્ણવોમાંના હતા એમનાં લખાણોનો આધાર લીધો છે અને શ્રીજીની નિત્યલીલામાં પધારવું તેમ ભગવદીયોના સહગમન સુધીની વાત કરી છે, જે બતાવે છે કે શ્રીજીના જીવનના શક્ય એટલા તમામ મહત્ત્વના પ્રસંગો આ ચરિત્રમાં સમાવી લેવામાં આવ્યા છે, જેમાં શ્રીજીની વ્યાપક અને વિશાળ સૃષ્ટિનો સમાવેશ થયો છે. એ વ્યાપક અને વિશાળ સૃષ્ટિ વ્યારાવાળા ગોપાલદાસભાઈએ પણ એટલી કાળજીથી સાચવી છે, જેને કારણે આ ચરિત્રગ્રંથ આટલો સમૃદ્ધ થઈ શક્યો છે.

ગોપાલદાસભાઈએ જે પાંચ ગ્રંથો લખ્યા છે તે પ્રાકટ્યસિદ્ધાંત, રસિક રસગ્રંથ (ગુજરાત પ્રસંગ) – તૃતીય રસગ્રંથ (શ્રીજીનો ગૃહસ્થાશ્રમ), ચતુર્થ તરંગ (માલોદ્ધાર) અને પંચમ તરંગ (નિત્યચરિત્ર). આ ગ્રંથોમાં ૨૪૦૦૦ કડીઓથી પૂર્વજોના ઇતિહાસ સાથે શ્રીજીનું જીવન આલેખાયું છે અને વળી ૧૧૦૦૦ કડીઓમાં "સ્વરૂપરસાવલી ગ્રંથ" લખીને શ્રીજીનું સ્વરૂપવર્ણન તેમ આહ્નિક ક્રિયાઓ, દિનપરિચર્યા ઇત્યાદિ કહેવાયાં છે. ઉપરાંત પાછળથી એઓએ શ્રીજીમાં નિરોધ કરાવવા અને સ્વરૂપનું દાન કરાવવા તત્ત્વાર્થદોહન, શ્રીગોકુલેશપુર, મનપ્રબોધ, ભક્તભાવાર્થ ગ્રંથ ઉપરાંત ઘણાં ધોળ લખ્યાં છે તેમ પદ અને વિનંતીઓ ગાઈ છે.

ગાંધીએ ઉપર્યુક્ત સાહિત્યમાંથી ઉપલબ્ધ સાહિત્ય ઇત્યાદિનો ઉપયોગ કરી સં. ૧૬૭૭ માં શ્રીજી શ્રીગોકુલમાં દઢવાસ કરે છે ત્યાંસુધીની કથા કહી છે, પછીનાં ૨૦ વર્ષની વિગતો એમણે મળી નથી, પણ ગોપાલદાસભાઈના પંચમ તરંગ(નિત્યચરિત્ર)નો આધાર લઈ એટલું તો સ્પષ્ટ કર્યું જ છે કે શ્રીમદ્‌ગોકુલમાં દઢ વાસ કર્યા પછી શ્રીજી પોતાનો ઘણોખરો સમય પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીગોકુલનાથજી તથા શ્રીગોવર્ધનનાથજીની સેવામાં નિર્ગમન કરતા અને જે થોડો ઘણો સમય ફાજલ પડતો તેમાં સ્વજનોને પ્રસંગોપાત્ત હિત વચનો કહેતા.

શ્રી ગોકુલભાઈજીએ શ્રીસ્વરૂપાનુભવ-ઓચ્છવ રસલીલા (મોટો મહોત્સવ) એ નામનો ૧૧૩ માંગલ્યનો ૮૫૦૦ કડીઓવાળો જે ગ્રંથ રચ્યો છે તથા મોહનદાસભાઈના નાના ભાઈ વલ્લભભાઈએ 'ભાગ્યરાસચરિત્ર' અને બીજા જે ગ્રંથો રચ્યા છે અને હરિદાસભાઈ, ગોમતીબહેન, નાગરદાસભાઈ ઇત્યાદિનું જે લખાણ મળે છે તેના આધારે આ ૨૦ વર્ષ અંગે એટલું તો સ્પષ્ટ છે કે શ્રીજીને ભગવત્તાનો જે અનુભવ થાય છે તેની પરાકાષ્ઠાનાં એ વર્ષો છે. આ સમય દરમ્યાન જ ગોકુલમાં ઘણા વૈષ્ણવો આવીને સ્થિર થવા લાગ્યા હતા તેમ એઓએ ત્યાં કાયમી ઘરો બંધાવ્યાં હતાં. '૮૪ વૈષ્ણવોની વાર્ત્તા' અને 'બસો બાવન વૈષ્ણવોની વાર્ત્તા' એ બે બહુ જાણીતા ગ્રંથોની હસ્તપ્રતો આ સમયમાં તૈયાર થઈ હતી અને એ જમનાદાસભાઈ કે જેઓ માખી-નિવારણની સેવા કરતા હતા તેમણે તૈયાર કરી હતી.

સં. ૧૬૮૭ ના વર્ષથી શ્રીગોકુલેશજીએ પોતાના જન્મઉત્સવ અને વિવાહ-ઉત્સવ મોટા પાયા પર ઊજવવાની શરૂઆત કરી એ સમયમાં એમના ભક્તો હરિદાસ, માધવદાસ, ગોકુલદાસ, ગોપાલદાસ, મહાવદાસ વગેરેએ એ પ્રસંગને અનુરૂપ ઘણાં ધોળ ઇત્યાદિની રચના કરી, જે સાહિત્ય બતાવે છે કે ભક્તોએ શ્રીગોકુલેશજીનું સાચું ભગવત્સ્વરૂપ જાણ્યું છે, એટલું જ નહિ, એ સાહિત્યે પુષ્ટિમાર્ગીય સાહિત્યને ખૂબ સમૃદ્ધ પણ કર્યું છે. શ્રીવલ્લભકૃત "શ્રીવલ્લભરસરસાલય"[૪] એ ગ્રંથને ભક્તો સામાન્ય રીતે 'નાનો મહોત્સવ' એવી સંજ્ઞા આપે છે અને ગોકુલભાઈજીએ લખેલ "શ્રીસ્વરૂપાનુભવ-ઓચ્છવ રસલીલા" એ ગ્રંથને 'મોટો મહોત્સવ' એવી સંજ્ઞા આપે છે. સં. ૧૬૯૨માં પ્રથમ મહા ઉત્સવની શરૂઆત થઈ હતી. બધા ઉત્સવો શ્રીગોકુલેશજીના ઘેરથી જ થતા હતા. એમાં શ્રીગોકુલેશજીનો

જન્મદિવસ એ મહા ઉત્સવ ગણાતો. આમ તો મહા ઉત્સવ ઊજવવાની શરૂઆત શ્રીગુંસાઈજીએ કરી હતી અને વિ.સં. ૧૬૦૮ થી એ ક્રમ સતત ૯૦ વર્ષ સુધી ચાલ્યો. શ્રીગુસાંઈજીના પરોક્ષ થયા પછી શ્રીગોકુલેશજી પણ શ્રીગુસાંઈજીની રીત પ્રમાણે જ મહા ઉત્સવ ઊજવતા. ગુસાંઈજીના સમયમાં સપ્તમી જ ખૂબ ઉત્સાહથી ઊજવાતી, છઠ્ઠીના દિવસનું ખાસ મહત્ત્વ નહોતું. શ્રીગોકુલેશજીએ એનું મહત્ત્વ બતાવ્યું તેથી વૈષ્ણવો છઠ્ઠના યથાર્થ સ્વરૂપને જાણતા થયા અને આજે પણ એમણે બતાવેલી રીત પ્રમાણે મહા ઉત્સવ થાય છે. સં. ૧૬૯૪માં શ્રીમોહનભાઈજી ગોકુલમાં રહેવા આવ્યા અને એમણે સં. ૧૬૯૫ માં જે મહા ઉત્સવ ઊજવ્યો તેનું યથાર્થ વર્ણન ઉપરના બંને ગ્રંથોમાં થયેલું છે, જે શ્રીગોકુલેશજીના ભગવત્સ્વરૂપને ઉદ્ઘાટિત કરે છે, એટલું જ નહિ, પણ એમાં છઠ્ઠનાં દિવસ-રાતની સંપૂર્ણ લીલા, સોહાગ-પહેરામણી ઇત્યાદિ વર્ણનો મળે છે, જેનું પુષ્ટિમાર્ગમાં ઘણું ઊંચું મૂલ્ય છે. મોહનભાઈજીએ સં. ૧૬૯૫-૯૬-૯૭-૯૮ એમ લાગલગાટ મહા ઉત્સવો ઊજવ્યા હતા અને ત્યારથી સુદ છઠ્ઠ અને સુદ સાતમ એમ બંને દિવસો ખૂબ ઉત્સાહથી ઊજવાય છે. (શ્રી રમણલાલ મહારાજશ્રીએ સાતમને બદલે આઠમને દિવસે રંગગોલ ઊજવવાની શરૂઆત કરી હતી અને એમના અનુયાયીઓ રંગ-અષ્ટમી ઊજવે છે.)[5] મોહનભાઈનું ચરિત્ર શ્રીવલ્લભભાઈએ 'ભાગ્યરાસચરિત્ર'[6]માં છ માંગલ્યથી ગાયું છે; જોકે આ 'ભાગ્યરાસચરિત્ર' ખંડિત છે. એમાં માંગલ્ય બીજું અને છઠ્ઠું પ્રાપ્ય નથી, છતાં જે કંઈ ઉપલબ્ધ છે તેમાં મોહનભાઈજીની સેવા તેમ ગુણોનું સુંદર વર્ણન થયેલું છે. શ્રીજીના જીવનનાં છેલ્લાં વર્ષોને સમજવા પણ એ ખૂબ ઉપકારક છે. શ્રીગોકુલેશજીનું મોહનભાઈજીના ઘેર પધારવું, મોહનભાઈજીનું પ્રભુ શ્રીગોકુલેશજીના ચરણોમાં ઢળી પડવું અને સર્વ સમર્પણ કરવું તથા પ્રભુના ભક્ત મોહનભાઈજીનો મનોરથ પૂરો કરવાનો તેમ મોહનભાઈજી શ્રીઅંગની સૃષ્ટિના જ હતા એવી સહુને પ્રતીતિ કરાવતો અભિગમ ઇત્યાદિ પ્રસંગો અહીં સુંદર રીતે વર્ણવાયા છે.

પુષ્ટિફલનો મધુર રસ ચખાડનાર અને શ્રીકૃષ્ણરસાત્મક આનંદસ્વરૂપ જ જેનું કારણ છે તેવા શ્રીગોકુલેશજીએ પણ શ્રીવલ્લભાચાર્યજી, શ્રીવિઠ્ઠલેશજી વગેરે આચાર્યોની માફક જીવન ઘડવાનો આદેશ આપ્યો છે. એ આદેશને અનુસરીને સેવા-પ્રકાર તથા સંયોગ અને વિરહઅવસ્થામાં પ્રભુનાં ગુણગાન તથા ભાવપોષક અને અલૌકિત આનંદ આપનારું સાહિત્ય પાઠ, ધોળ, મંગલ, સ્તોત્રો ઇત્યાદિ-રૂપે ખૂબ જે લખાયું છે તે પ્રભુને - શ્રીજીને સુખ થાય એવા ભાવથી લખાયું છે. એમાં પતિ-પત્નીની સખ્યતા, મિત્રોના માતા-પિતાના અસામાન્ય તેમ મમતાના ભાવો ભળ્યાં છે. એમાં શ્રીગોકુલેશજીની રસદાયી લીલાઓનું પણ સુશોભિત વર્ણન છે, જેના રચનાર મુખ્યત્વે શ્રીકલ્યાણ ભટ્ટ, વિષ્ણુદાસ અને બીજા સંખ્યાબંધ ભગવદીયો છે (જેમનાં નામોની યાદી 'શ્રીગોકુલેશ-ધોળ-પદ માધુરી'[7] જેવા ગ્રંથોમાં ઉપલબ્ધ છે).

ગોકુલેશસુધા, તરંગ-૪, પ્રાકટ્યસિદ્ધાંત, ગુજરાતપ્રસંગ, માલાપ્રસંગ, તૃતીય તરંગ, શ્રીગોકુલેશલીલારસાબ્ધિક્રીડાકલ્લોલ (કલ્લોલ) અને બીજા ગ્રંથો જે જુદા જુદા

ભગવદીયોના હાથે લખાયેલા છે તે શ્રીગોકુલેશજીના જીવનચરિત્રને ઉદ્‌ઘાટિત કરે છે. એમાંથી આ 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર ભાગ ૧-૨'ના લેખકે ઉપલબ્ધ થયેલા ગ્રંથોનો આધાર લીધો છે.

છતાં શ્રીજીના જીવનને સમજવા ખૂબ જ ઉપકારક થાય એવો ગ્રંથ તો છે શ્રીકલ્યાણ ભટ્ટજીએ સંસ્કૃતમાં લખેલ 'કલ્લોલ.'[૮] આ કલ્લોલમાંથી શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજીનાં જીવનચરિત્રો, માલાપ્રસંગનો સાતમો કલ્લોલ તથા સં. રસિકરંજની - ગીતા - ટીકા ('અનુગ્રહ' માસિકમાં અને સ્વતંત્ર) ગ્રંથરૂપે પણ પ્રગટ થયાં છે. 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર ભાગ ૧-૨'ના મોટા ભાગના પ્રસંગો આ પ્રગટ થયેલ સાહિત્યમાં છે તેમ શ્રીજીના વ્યક્તિત્વને પ્રગટ કરતા કેટલાક વધારે પ્રસંગો પણ શ્રીકલ્યાણ ભટ્ટજીએ એમાં ઉમેર્યા છે, પણ અમે અહીં એ ઉતાર્યા નથી, કેમકે એવા એકાદ બે પ્રસંગથી જ આ જીવનચરિત્રમાં શ્રીજીનું એ પાસું પ્રગટ થઈ જતું હોઈ અમે એમ કર્યું છે અને તેથી ગ્રંથનો વિસ્તાર પણ અટકાવી શકાયો છે.[૯]

પણ આ 'કલ્લોલ' એ છે શું ? શ્રીકલ્યાણ ભટ્ટે સંસ્કૃતમાં ૪૦ હજાર શ્લોકમાં "શ્રીગોકુલેશલીલાસુધાસિંધુ" નામના ગ્રંથની રચના કરી છે. ગ્રંથના પંદર ભાગ છે. આ પ્રત્યેક ભાગને 'કલ્લોલ' કહે છે. આ ગ્રંથમાં શ્રીગોકુલનાથજીની વિવિધ લીલા વર્ણવાઈ છે, પણ શ્રી મગનલાલ ગાંધીને આ ગ્રંથ ઉપલબ્ધ થયેલ નથી. કેટલાક વૈષ્ણવો પાસે એ છે, પણ શ્રી મગનલાલ ગાંધીએ કહ્યું છે એમ એ મહાન ગ્રંથનો પણ જેમના સ્વાધીનમાં છે તે સિવાયના બંધુઓને કંઈ પણ લાભ પ્રાપ્ત થતો નથી.[૧૦]

સ્વ. રજનીકાન્ત ઓચ્છવલાલ કડકિયાએ કલ્યાણ ભટ્ટજીના એ સંસ્કૃત ગ્રંથના ભાગ ૧, ૨ અને ૩ નો ગુજરાતીમાં ભાવાનુવાદ કરેલો છે.[૧૧] કલ્લોલના એ ભાગોમાં શ્રીજીની બાલલીલા, પૌગંડલીલા, રાણી દુર્ગાવતી સાથેના પ્રસંગો અને મથુરાગમન તેમજ શ્રીજીના વિવાહ-ઉત્સવ વગેરેનું સુંદર વર્ણન થયેલું છે.આ તમામ પ્રસંગો અંગે વ્યારાવાળા ગોપાલદાસભાઈએ પણ લખ્યું છે, જેનો સમાવેશ સ્વ. મગનલાલ ગાંધીએ 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર'માં વિગતે કરેલ છે. આમ છતાં શ્રીકલ્યાણ ભટ્ટે એ પ્રસંગો કઈ રીતે જોયા છે એ જાણવા રસિકોને અમે આ જીવનચરિત્ર સાથે સ્વ. રજનીકાન્તભાઈનો ગ્રંથ પણ વાંચવાની ભલામણ કરીએ છીએ. એ ગ્રંથ ઉપલબ્ધ છે અને સ્વતંત્ર રીતે એનું પાન કરવું ગમે એમ છે.

બીજું, એ ખુશીની વાત છે કે લોકનાથ મિશ્રે વ્રજભાષામાં જે ભાષાંતર કર્યું છે તે ઉપલબ્ધ થાય એવી યોજના થઈ છે.[૧૨] એ ગ્રંથો પ્રાપ્ત થતાં એ શ્રીગોકુલેશજીના ચરિત્રને સમજવા ખૂબ જ ઉપયોગી થશે. એમાંના સાત આઠ અને નવમા કલ્લોલમાં ચિદ્રૂપ સંન્યાસી અને જહાંગીર સાથેના શ્રીજીના સંઘર્ષનું ઐતિહાસિક નિરૂપણ છે, એટલું જ નહિ, પણ પંદરમા કલ્લોલમાં શ્રીજીનું લીલાચરિત્ર કહેવાયું છે તેમ મહા ઉત્સવનું વર્ણન થયેલું છે. ચૌદમો કલ્લોલ વચનામૃતોનો છે. આ તમામ ભાગ ઉપલબ્ધ થતાં એ ભક્તો, રસિકો, અભ્યાસીઓ તેમ સંશોધકો માટે, આ જીવનચરિત્રમાં

જે કંઈ કહેવાયું છે તથા શ્રીગોકુલપતિના પરમ રસ સ્વરૂપાત્મક ચરિત્રને જે રીતે કહેવાયું છે તેમાં કંઈક વિશેષ પ્રકાશ પાડવા, ઉમેરવા, ટિપ્પણ કરી લેવા, વિશેષ આનંદ તેમ ભક્તિરસ પામવા માટેનો માર્ગ ખુલ્લો થશે, એટલું જ નહિ, પણ શ્રીજીની નિકટ રહી શ્રીકલ્યાણ ભટ્ટે અનુભવનું જે ભાથું બાંધ્યું તેનો તથા એમની કાવ્યશક્તિનો પણ લાભ મળશે એમ અમારું માનવું છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૧ મું પ્રકાશન છે. અમે આ જે ગ્રંથ પ્રગટ કરી રહ્યા છીએ તે આશરે ૭૭ વર્ષ પૂર્વે છપાયો હતો. ત્યારે મુદ્રણકલાનો પૂરતો વિકાસ થયો નહોતો અને જોડણી પણ સ્થિર થઈ નહોતી તેથી આજના વાચક સામે શુદ્ધ અને પ્રામાણિક રીતે આ ગ્રંથ અમે મૂક્યો છે. આ અગાઉ આ ટ્રસ્ટ તરફથી 'શ્રીગોકુલનાજીનાં વચનામૃત' (મૂળ વ્રજભાષાનો ગ્રંથ અને એનો ગુજરાતી અનુવાદ) પ્રામાણિક કરીને અમે છપાવ્યો હતો. માર્ગીય ગ્રંથ કેટલો શુદ્ધ મળવો જોઈએ એનો એ નમૂનો છે. એ જ દૃષ્ટિબિંદુએ આ ગ્રંથ પણ સુલભ કરી આપવાનો અમારો પ્રયત્ન રહ્યો છે.

મૂળ ગ્રંથમાં મુદ્રણદોષો તેમ હકીકત ઇત્યાદિ દોષો એટલા બધા છે કે એની યાદી અહીં ઉતારવી શક્ય નથી. જિજ્ઞાસુએ મૂલ ગ્રંથ સાથે આ પ્રત મૂકીને સરખાવવાથી જ એનો ખ્યાલ આવશે, માટે એવી યાદી પડતી મૂકીને થોડા નમૂના જ જોઈએ. આ નમૂના અમે સં. ૨૦૨૫ની આવૃત્તિમાંથી લીધા છે : (૧) મંગલાચરણ શ્લોક ૩ અને ૫ માં चन्दे એમ છે, वन्दे જોઈએ. (૨) પ્રકરણો, શીર્ષકો અને પેટા શીર્ષકોને અંતે આવતાં બીનજરૂરી અને બોજરૂપ બનતાં પૂર્ણવિરામો દૂર કર્યાં છે. (૩) પૃ. ૬ પર ગંગાધર સોમયોગી એમ છે, ગંધાધર સોમયાજી એમ જોઈએ. (૪) પૃ. ૧૬ પર ચાર સંપ્રદાયનાં અણુભાષ્ય ભણવાં એમ છે, બ્રહ્મસૂત્ર ભણવાં એમ જોઈએ. (૫) પૃ. ૨૧ પર ગર્ગસંહિતામાં કહેવાયેલા ગુપ્ત વૃંદાવનને ચરણાવટ એમ કહેવાયું છે, ચરણાટ એમ જોઈએ. (૬) પૃ. ૨૫ પર સ્વરૂપોની જે વાત છે તેમાં શ્રીનવનીતપ્રિયાજી એમ છે, શ્રીકલ્યાણરાયજી અને શ્રીબાલકૃષ્ણજી એમ જોઈએ. (૭) પૃ. ૧૪૦ પર શ્રીગોકુલેશજીના ગ્રંથોની યાદીમાં આદિ નિર્ણયત આપે છે, આદિ નિર્ણય એમ જોઈએ. (૮) પૃ. ૨૯૮ પર પ્રોહીત મળ્યો એમ છે, પુરોહિત મળ્યો એમ જોઈએ. (૯) પૃ. ૧૪૩ પર શ્રીજીના સેવક કલ્યાણ ભટ્ટ એમ છે, શ્રીજીના સખા એમ જોઈએ. (૧૦) પૃ. ૩૩૨ પર પ્રહ્લાદસંહિતાના ઉતારામાંથી नैवेद्य केशव એમ છે, भक्त्यैव स्वगले એમ જોઈએ, વગેરે.

વળી, આ પુસ્તક અમારા ટ્રસ્ટ દ્વારા છાપવા પાછળ બીજો જે હેતુ છે તે એ છે કે સંપ્રદાયના ભક્તોને હાથે લખાતું સાહિત્ય બહુધા સંપ્રદાયપરાયણ હોઈ એમાંથી સમાજજીવનનાં ભિન્ન ભિન્ન પાસાંઓને તેમ સાહિત્ય ઇત્યાદિને લગતી માહિતી તારવવાનું કામ અઘરું છે એવી માન્યતા છે. આ ચરિત્ર એ માન્યતાને ખોટી પાડે છે તેથી અમે એ પ્રગટ કરવાનું ઉચિત માન્યું છે.

એ પણ હેતુ છે કે આપણે ત્યાં જે જીવનચરિત્રો લખાયા છે તેમાં

મહાત્મા સંતો કે ભગવાનનાં ચરિત્રોમાં આનંદ આપનારાં કે રસાત્મક એવાં તત્ત્વોને બદલે ચમત્કાર ઈત્યાદિ તત્ત્વો જ સામેલ થયેલાં જોવા મળે છે, જ્યારે આ પુસ્તક શ્રીગોકુલપતિના પરમરસસ્વરૂપાત્મક ચરિત્રને સહજ રીતે ઉદ્ઘાટિત કરવામાં તેમ આનંદ આપવામાં સફળ રહ્યું છે, જે એ પ્રકારના ચરિત્રમાં આગવી ભાત પાડે છે.

અવતારી પુરુષ અથવા સંતનું જીવન કેવું હોઈ શકે એ સૌ કોઈ વાચક જાણી શકે એ દૃષ્ટિ પણ આ પુસ્તક પ્રગટ કરવા પાછળ છે. એનું સંપાદન કરતાં પ્રમાણની શક્ય એટલી વિશેષ નજીક રહેવાનો અમારો પ્રયત્ન રહ્યો છે. સંપ્રદાયના ભેદ વિના સૌ કોઈ વાચક માટે આ ગ્રંથ તૈયાર કર્યો હોવા છતાં ગ્રંથની સ્વાભાવિકતા પણ જળવાઈ રહે એ અમે જોયું છે અને તેથી જ ભક્તો જે રીતે આ ચરિત્રનાયકને જુએ છે તે વિભાવનાને અમે પૂરેપૂરી રક્ષી છે, કેમકે એ રીતે ચરિત્રનાયકને જોવાનો એમને અધિકાર છે. ઉ.ત., ચરિત્રનાયકનાં આચરણો જ એવાં છે કે ભક્તો એમને સહજ રીતે ભગવાન કહે છે. કુટુંબની વહેંચણીમાં શ્રીજીનું વર્તન કેવું છે ? એવું કે ભક્તો એમને ભગવાન કહે, એમના વર્તનમાં જ ભગવાનનો અર્થ મળે છે. નાગરદાસભાઈએ લખેલ માંગલ્ય-૯ માં વર્ણવાયું છે કે 'શ્રીગોકુલથી સમાચાર આવ્યા કે ગિરધરજીએ બેઠક કબજે કરી છે.' શ્રીજીએ કહ્યું : 'ભલે લીધી.' આ પ્રસંગને ટાંકતાં શ્રી રમણિકલાલ સોનેચા પોતાના ગ્રંથમાં નોંધે છે એમ 'આને ભગવાન કહેવાય.'[13] (જેવું વર્તન પોતાને સજા કરનારાઓ પ્રત્યે – કૈકેયી પ્રત્યે રામે કર્યું એવું જ આ આચરણ છે.) આમ કહેવાને માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પાસે બીજાં પણ પ્રમાણો છે. દા.ત., 'કલ્લોલ-૧' તરંગ ૩૯ માં શ્રીગુસાંઈજી આદિપુરાણની વાણી વિશે રુક્મિણીજી સમક્ષ વિવરણ કરે છે. એમાં પ્રભુ કહે છે કે 'દક્ષિણ દેશમાં લક્ષ્મણ ભટ્ટ દીક્ષિતના વંશમાં હું પ્રગટ થઈશ' એમાં કયા ક્રમે શ્રીગોકુલનાથજી રસાત્મક ફલરૂપ પ્રગટ થશે એ કહેવાયું છે.[14] (વળી શ્રીજીએ સ્વમુખે અધિકારી એવા કલ્યાણ ભટ્ટજી આગળ પોતાના ભગવત્સ્વરૂપની હકીકત રજૂ કરી છે, કેફિયત આપી છે.[15]) આવા આધારો આ ગ્રંથ જેને માટે લખાયો છે તે ભક્તોની શ્રદ્ધાનો આધાર હોઈ એ વિભાવના અને ગ્રંથની સ્વાભાવિકતાને અમે સંરક્ષી છે, જે શ્રીગોકુલપતિના, આ અતિમાનવના, પરમરસસ્વરૂપાત્મક અને સહજ રીતે થતા આચરણને સમજવામાં વિશેષ ને વિશેષ ઉપકારક થશે અને આ ચરિત્રગ્રંથમાં દેખાતું, ઉપાસના કરનારાઓનું, વિભાવન કેટલું સાચું છે એ પણ સમજાશે.

આ પ્રકારના સંપ્રદાય-ગ્રંથો દરેકના ઘરમાં, જાહેર ગ્રંથાલયો અને સંસ્થાઓમાં હોવા જોઈએ. કેમકે જેમ આપણે ઈશ્વરની હાજરીથી પાપકૃત્યો કરવાનું અને પાપકારી વિચારો કરવાનું ટાળીએ છીએ તેમ આવા ગ્રંથોની હાજરીથી પણ ટાળીએ છીએ. જૂઠું નહિ બોલવા અંગે, કામવૃત્તિને શરણે નહિ થવા અંગે, વિષયી વિચારોથી દૂર રહેવા અંગે કે કોઈ પણ પાપ કરવાથી એ આપણને ચેતવે છે અને આપણા સદ્ગુરુ, ઈશ્વર, સાચા સાથી કે તપસ્વીની હાજરીનું એ કામ કરે છે, કેળવણીની તે આધ્યાત્મકથા છે. ઈશ્વરનાં ગુણગાન ગાવાનું એ માધ્યમ તો છે જ, પણ એમાંનો

ચરિત્રનાયક જે તપસ્વી આત્મા છે તે અંતરમાં જ્યોતિ પ્રગટાવે છે, જેથી આપણે આપણી જાતને કાબૂમાં રાખી શકીએ છીએ. લેખકનો હેતુ ચરિત્રનાયકને પ્રભુ તરીકે વર્ણવી તથા અપરંપાર કરુણા, પ્રેમ અને દયા વર્ણવી એમની મહત્તા વર્ણવવાનો જ છે એવું નથી, પણ એ ભાષા જે છે તે આધ્યાત્મિક ભાષા છે. એ ભાષા દ્વારા જ સદ્‌ગુરુ કે પ્રભુને વ્યક્ત કરી શકાય તથા એમનું સાંનિધ્ય પ્રાપ્ત થઈ શકે. ઉદા.ત. જીવનની બોધકથાના સ્વરૂપે થયેલું આ ચરિત્રલેખન છે. રામાયણ, મહાભારત કે બુદ્ધની જાતક કથાઓનો જે હેતુ છે તે જ હેતુ આ ચરિત્રલેખનનો છે.

શ્રીગોકુલેશજીએ પાપ પેદા થાય એવાં કૃત્યો બંધ કરાવ્યાં, વેદોમાં કહેલા ધર્મનું પાલન કર્યું, સદાચરણી પુરુષોનું હિત કર્યું, શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વંદન દાસ્ય સખ્ય અને આત્મનિવેદનનો પોતાના વ્યક્તિત્વ દ્વારા પ્રસાર-પ્રચાર કર્યો, માલાતિલક ધારણ કરી એને માટે સંઘર્ષ કર્યો અને રક્ષણ કર્યું, ધર્મ અર્થ કામ અને મોક્ષ સંદર્ભે ભક્તિ સ્વતંત્ર ઉદ્યોગ છે એ વાત માત્ર પોતાના ભક્તોને જ નહિ, પણ સહુ લોકને સમજાવી અને સાધનરહિત ભક્તિ દ્વારા સાધનાના માર્ગની સ્થાપના કરી. એવા આ સંત પુરુષના જીવનચરિત્રના બંને ભાગ પ્રકાશિત કરતાં અમે આનંદ અને સુખની લાગણી અનુભવીએ છીએ.

આ ગ્રંથનું સંપાદન કરવામાં અમને પૂ. મુ. બ્રહ્મર્ષિ (ડૉ.) કે. કા. શાસ્ત્રીજીનું પૂરતું માર્ગદર્શન મળેલ છે. ગ્રંથને પ્રામાણિક કરવામાં તેમજ જરૂરી સામગ્રી પૂરી પાડવા માટે અમને સુબોધચંદ્ર કડકિયા (દેવગઢ બારિયા), નવીનચંદ્ર કડકિયા (વડોદરા), વીણાબહેન શેઠ (અમદાવાદ), બ્રિજદાસ ગુપ્ત (વારાણસી, ચોખંબા પ્રકાશન), ભો.જે. વિદ્યાભવન (અમદાવાદ) ઇત્યાદિ વ્યક્તિઓ અને સંસ્થાઓનો સહકાર મળેલ છે. મુખપૃષ્ઠ પર શ્રીગોકુલેશજીનો જે ફોટો છે તે અમને ઈશ્વરભાઈ પરીખ (દેવગઢ બારિયા) અને બેઠકજીનો જે ફોટો છે તે કિરીટ ધરિયા (અત્યારે સ્વર્ગસ્થ) (દેવગઢ બારિયા) પાસેથી ઉપલબ્ધ થયેલ છે. બાકીના ફોટાઓ મગનલાલ ગાંધી-કૃત ‘શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર’માંથી ઉપલબ્ધ થયેલ છે. એ સૌનું ઋણ સ્વીકારતાં આનંદ અનુભવીએ છીએ અને આ કામમાં સાથ તથા સહકાર આપનાર સૌ કોઈના પણ અમે ખૂબ જ આભારી છીએ.

— કૃષ્ણકાન્ત કડકિયા
મેનેજિંગ ટ્રસ્ટી
ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ

તા. ૧-૧-૨૦૦૧
એમ-૮૨/૩૮૫, ‘સ્વરૂપ’,
સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

પાદટીપ

૧. 'માલાપ્રસંગ' શ્રીરમણ અનન્ય સુજાતિ સમાજ, નવજ્યોતિ પ્રેસ, ગલીશેઠ મીનચન્દ, મથુરા, સં. ૨૦૩૮, પ્ર.આ.

૨. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ગાંધી મગનલાલ લાલજી, પ્રસ્તાવના, પ્ર.આ., પૃ. ૯

૩. (અ) આ પ્રકારના મહત્ત્વના ગ્રંથોની નામાવલી માટે જુઓ 'સુજાતિ' વર્ષ-૧ મે, ૧૯૮૪ અંક-૭, પૃ. ૧૦-૧૧-૧૨. (સંકલનકાર : વિમળાબહેન ગુપ્તા, મુંબઈ)

(બ) (૧) ધોળ પદ માટે શ્રીગોકુલેશ સુધાસિંધુ ગ્રંથ, શ્રી કિરીટ ધરિયા, સ્ટેશન રોડ, દેવગઢ બારિયા

(૨) રસસિંધુ, રસાલય, રસકોષ, ગૂઢ રસ માટે 'શ્રીગોકુલેશ રસામૃત ગ્રંથ', કિરીટ ધરિયા, સ્ટેશન રોડ, દેવગઢ બારિયા

(૩) 'શ્રીઅનુભવાનંદ', 'જ્ઞાનપ્રબોધ', 'ભાગ્યરાસચરિત્ર' માટે 'શ્રીગોકુલેશ સુધાસાગર ગ્રંથ' કિરીટ ધરિયા, સ્ટેશન રોડ, દેવગઢ બારિયા

(૪) શ્રીગુજરાતપ્રસંગ, (રસિકરસગ્રંથ) માટે 'સુજાતિ', ૧૯૮૪, અંક ૯ અને પછીના અંકો

૪. એ માટે 'સુજાતિ', વર્ષ-૧ જાન્યુ.-ફેબ્રુઆરી, ૧૯૮૪, સંયુક્ત અંક ૩-૪

૫. એજન, પૃ. ૮૯-૯૦

૬. એ માટે 'શ્રીગોકુલેશ સુધાસાગર ગ્રંથ' — પ્રકાશક કિરીટ ધરિયા, સ્ટેશન રોડ, દેવગઢ બારિયા

૭. શ્રીગોકુલેશ - ધોળ - પદ માધુરી, સં. પૂનમચંદ દોશી અને ચિમનલાલ વૈદ્ય, શુદ્ધાદ્વૈત સંસદ, કપડવંજ, ૧૯૬૧, પ્ર.આ.

૮. "શ્રી રમણલાલજી મહારાજ સંસ્કૃતના મહા વિદ્વાન હતા. એઓ શ્રીગોકુલેશજીમાં પૂર્ણભાવ રાખતા અને એમના સેવકો તથા ભગવદીયોની સરાહના કરતા. શ્રીકલ્લોલજીનું એમણે આકંઠ પાન કર્યું હતું. એમની કૃપાથી સંસ્કૃત ભાષાના આ ગ્રંથનું પંડિત લોકનાથ મિશ્રે વ્રજભાષામાં ભાષાંતર કર્યું છે. શ્રીગોકુલપતિનું પરમરસસ્વરૂપાત્મક ચરિત્ર સમજવા માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે."

— નવીનચંદ્ર કડકિયા

(મઠપતિ શ્રીકલ્યાણભટ્ટવિરચિત 'શ્રીગોકુલેશલીલાસુધાસિંધુક્રીડાકલ્લોલ' ભાગ-૧, ૨ અને ૩ નો ગુજરાતીમાં ભાવાનુવાદ, પ્રસ્તાવના).

૯. આમ તો શ્રીકૃષ્ણરાય ભટ્ટે પણ શ્રીગોકુલેશાષ્ટકમાં વિરહી ભક્તોને દર્શન-સંયોગની આકાંક્ષાનું સુંદર વર્ણન આપ્યું છે ને શ્રીવલ્લભાષ્ટકમાં આ જ વિદ્વાને ચિદ્રૂપ અને જહાંગીર બાદશાહ સાથે માળા અંગે જે કલહ ઉપસ્થિત થયો તે તેમ શ્રીગોકુલેશજીનું ભૂતળ પરનું કાર્ય સુંદર રીતે વર્ણવેલું છે તથા 'ગોકુલેશસ્તવન'માં કુટુંબવાત્સલ્યનું સુંદર વર્ણન મળે છે(કવિ હરિદાસના નામે અને ઘણા જ્ઞાત અજ્ઞાત કવિઓનાં પણ સંખ્યાબંધ ધોળ તથા પદો શ્રીગોકુલેશ પ્રભુ સંબંધી મળે છે), પણ એ બધું અમે અહીં ઉતાર્યું નથી, કેમકે આ તમામ પાસાંઓ લેખકે જીવનચરિત્રમાં વિસ્તારથી સમજાવ્યાં છે.

૧૦. એનું કારણ કદાચ એ છે કે આ ગ્રંથ પોતે જ સ્વરૂપ છે એવી માન્યતા વૈષ્ણવોમાં પ્રવર્તે છે એટલે એ સેવાના ખંડમાં હોઈ એને બહાર લઈ જવા દેવા વૈષ્ણવો રાજી હોતા નથી.

૧૧. મઠપતિ શ્રીકલ્યાણભટ્ટ-વિરચિત 'શ્રીગોકુલેશલીલાસુધાસિંધુક્રીડાકલ્લોલ' સંસ્કૃત ગ્રંથ ૧, ૨ અને ૩ નો ગુજરાતીમાં ભાવાનુવાદ, કડકિયા રજનીકાન્ત ઓચ્છવલાલ, પ્રકા. : આર. ઓ.

કડકિયા, સ્ટેશન રોડ, દેવગઢ બારિયા, ૧૯૯૭, પ્ર.આ.

૧૨. પણ 'કલ્લોલ' ૪ના રસના પ્રકાર છપાવવા નહીં, કલ્લોલ ૧૨ના પણ અમુક રસના પ્રકારો છપાવવા નહીં તેમજ ૧૩મો કલ્લોલ છપાવવો નહીં એવું વૈષ્ણવોમાં રૂઢ છે તેથી એ ભાગ જેમના સ્વાધીનમાં છે તે સિવાયના બંધુઓને એ પ્રાપ્ત થશે નહીં એમ લાગે છે.

૧૩. એ માટે સોનેચા રમણિકલાલ, શ્રી તૃતીય તરંગ, વિવરણ, પૃ. ૧૨૩, પ્રકા. : શ્રી કટપીસ એમ્પોરિયમ, નવા ધીકાંટા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

૧૪. (અ) કહે છે કે આદિપુરાણ ઉપરાંત નારદપંચરાત્ર(જે ઉપલબ્ધ નથી)માં પણ આ અંગે કહેવાયું છે. આર્યધર્મપતાકા સં. ૧૯૮૧માં આ શ્લોકો પ્રગટ થયેલા છે.

(બ) 'વલ્લભવિલાસ, ભાગ-૨'માં પણ નારદ-પંચરાત્ર અને આદિપુરાણ – ઉત્તરાર્ધના શ્લોકો છે. (આ ગ્રંથ આજથી ૮૦ વર્ષ પૂર્વે બનારસથી બ્રિજરત્નદાસ મુખત્યારના પિતાશ્રી દ્વારા પ્રગટ થયેલ.)

(ક) રમણ-અભિધાનસુધા (અંક ૧ સં. ૧૯૯૯)માં આ અવતાર સંબંધી પ્રસંગો છે.

(ડ) નારદપંચરાત્ર અને આદિપુરાણના ઉપર ઉલ્લેખેલ પ્રસંગો પુષ્ટિભક્તિસુધાના અંકોમાં (ઈ.સ. ૧૯૮૦-૮૧) પણ પ્રગટ થયેલ છે. એ ગોકુલનાથજીના પ્રાકટ્ય અંગેના લેખમાં છે.

(ઇ) ગુસાંઈજી રુક્મિણીજી સમક્ષ જે વર્ણન કરે છે તે રામ અને વસિષ્ઠ મુનિ વચ્ચે થયેલા સંવાદની અભિવ્યક્તિ છે. આ સંવાદ આદિપુરાણના ઉત્તરાર્ધમાં આવે છે (બનારસ યુનિ.માં આદિપુરાણની જુદા પ્રકારની એક હસ્તપ્રત છે એમાં પણ આ રામવસિષ્ઠસંવાદ તો આવે જ છે.)

(ઈ) આમ તો આદિપુરાણ એ ચર્ચાનો વિષય છે, કેમકે મૂળ ૧૮ પુરાણોની યાદીમાં એનો ઉલ્લેખ નથી, પણ ૭૨ પુરાણો જે કહેવાય છે તેમાં ૧૮ મહાપુરાણ, ૧૮ ઉપપુરાણ, ૧૮ પુરાણ અને ૧૮ પ્રકીર્ણ પુરાણ છે. આ પ્રકીર્ણ પુરાણોની યાદીમાં આદિપુરાણનો ઉલ્લેખ છે.

(ઉ) આ આદિપુરાણનો પૂર્વાર્ધ, ૨૯ અધ્યાય સુધી છપાયેલ છે અને એ સં. ૧૯૮૬ માં વ્યંકઠ પ્રેસ, મુંબઈ તરફથી પ્રગટ થયેલ છે, જે પાછળથી સં. ૧૯૯૯ માં ચોખંબા પ્રકાશન, વારાણસી તરફથી પુનઃ મુદ્રિત થયેલ છે.

૧૫. એ માટે 'કલ્લોલ' ૧, તરંગ ૧ થી ૪૫

જીવનની શૃંખલાને સમજાવતો ચરિત્રગ્રંથ*

પાશ્ચાત્ય સાહિત્યના સ્પર્શે તેમજ પ્રભાવમાં આપણે ત્યાં ઠીક ઠીક જીવનચરિત્રો લખાયાં છે તે વિવિધ પ્રકારે ઉપલબ્ધ છે, જેવાં કે સંત મહાત્મા અને મહાપુરુષોનાં ઉપદેશપ્રધાન, સગાં સંબંધીઓ દ્વારા લખવાંમાં આવેલાં, સાધારણ મનુષ્યોનાં ઐતિહાસિક, મનોવૈજ્ઞાનિક કલાત્મક વ્યંગ્યપ્રધાન બાલોપયોગી તથા સંસ્મરણો વગેરે, પણ આદર્શ આચાર્યવર્યનું જીવનચરિત્ર સહેલાઈથી આપણને ઉપલબ્ધ થયું નથી એ ખોટ આજથી પોણોસો વર્ષ પહેલાં મગનલાલ લાલજી ગાંધીને વરતાઈ હતી અને તેથી એમણે આચાર્યવર્ય શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર બે ભાગમાં લખી પ્રગટ કર્યું હતું તેમાં અનેક પ્રમાણોને સહારે એમણે શ્રીગોકુલેશજીનું, જેઓ જાણનાર પણ છે અને જાણવા યોગ્ય પણ છે તેઓનું, કલાત્મક રસાત્મક સ્વરૂપ સિદ્ધ કર્યું છે.

શ્રીમગનલાલ ગાંધીએ કરેલા પ્રયત્ન બાદ પણ વખતોવખત શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર લખવાના પ્રયત્નો થયા છે, જેવા કે સં. ૨૦૧૯ માં ચિમનલાલ બૅન્કરે ધોળપદના સંગ્રહ સાથે 'શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર' કુલ ૯૩ પૃષ્ઠોમાં આપવાનો પ્રયત્ન કર્યો છે; સં. ૨૦૪૮ માં શાહ ચંદુલાલે 'તિલકમાલાનિર્ણય' નામે ગ્રંથ લખેલો, જે શ્રીજીના ઉત્તર જીવનને આલેખે છે. શાહ કાંતિલાલે ૨૪ વચનામૃતોની સાથે કૃષ્ણદાસ વિઠ્ઠલદાસ ગોંડળવાળાએ લખેલ 'શ્રીગોકુલનાથજીનું ટૂંકું જીવનચરિત્ર' પ્રગટ કરેલ છે; પરમ ભ. રુકૂમિણીબહેને પણ શ્રીગોકુલેશહાસ્યામૃતની સાથે 'શ્રીજીનું ટૂંકું જીવનચરિત્ર' પ્રગટ કરેલ છે. શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય કાર્યાલય, ઈસનપુર તરફથી પણ આવો એક પ્રયત્ન થયેલ છે. શ્રીકાંતિ ર. ગાંધીએ શ્રીવલ્લભ બાલગ્રંથાવલિમાં ત્રીજા પુષ્પ તરીકે 'આપણા શ્રીગોકુલનાથજી' એ નામે ૩૯ પૃષ્ઠોમાં સંક્ષિપ્ત જીવન આલેખેલ છે. 'શ્રીગોકુલેશ સુબોધ વાર્તા'માં પણ એ આલેખાયેલ છે.[1] આ સિવાય મને ઉપલબ્ધ ન થયા હોય તેવા ગ્રંથો પણ હશે. આમ છતાં મને શ્રીમગનલાલ ગાંધીનું પુસ્તક વિવેચન માટે હાથ પર લેવા યોગ્ય લાગ્યું છે, કારણ કે એ ગ્રંથ સિવાયના મેં ઉલ્લેખેલ બાકીના ગ્રંથો કાં તો ખૂબ જ ઓછી વિગતો આલેખે છે અથવા લેખકો સંવાદસ્વરૂપમાં કે ચમત્કારોનું આલેખન કરવામાં અથવા શ્રીગોકુલનાથજીએ જે તે સમયે ઉચ્ચારાયેલાં વચનોને મહત્ત્વ પ્રદાન કરવામાં સરી જાય છે અને તેથી કરીને જીવનચરિત્રનો આકાર એમાંથી સ્પષ્ટ રીતે ઊપસી આવતો નથી. એમ કહેવાથી કાંઈ એ ગ્રંથોનું મૂલ્ય ઘટી જતું નથી, કારણ કે શ્રીમગનલાલ ગાંધીના ગ્રંથમાં ન આલેખાયેલા ઘણા પ્રસંગો વગેરે એ ગ્રંથોમાં સાંપડે છે. આ ઉપરાંત વ્યારાવાળા ગોપાળદાસભાઈના ગ્રંથો કે જેનો લેખકે

ઠીક ઠીક ઉપયોગ કર્યો છે તે હાલ પ્રાપ્ય છે. 'કલ્લોલ'[૨] કે જે લેખકને ઉપલબ્ધ થયેલ હોય એમ લાગતું નથી તેમાં પણ શ્રીગોકુલનાથજીના જીવનની ઘણી વાતો લખાયેલી છે અને એમાંના કેટલાક અંશો તો મુદ્રણ-અવસ્થામાં પણ હાલ પ્રાપ્ય છે,[૩] આટલું જ નહિ, 'કલ્લોલ'ને આધારે લખાયેલા શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ કેશવદાસની ગુ.'વલ્લભ વેલ' અને વ્યારાવાળા ગોપાલદાસભાઈનો ગુ.'પ્રાગટ્યસિદ્ધાંત' પણ નોંધ માગી લે છે. શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર આ તમામ ગ્રંથોના આધારે કોઈ લેખક ફરીથી લખે તો એ લેખકને એ ગ્રંથો ઘણા ઉપયોગી થઈ પડે. દા. ત., શ્રીચંદુલાલ શાહે પોતાના પુસ્તક માટે લન્ડન લાઇબ્રેરીમાંથી પત્રો મેળવ્યા છે અને એના ઉતારા આપ્યા છે તથા ઉપયોગી કવિતા વગેરે ટાંક્યાં છે તે ઘણાં ઉપયોગી થઈ પડે. છતાં શ્રીમગનલાલ ગાંધીનું પુસ્તક બે ભાગમાં અને વિસ્તારવાળું હોવાને કારણે ઘણી વિગતો આલેખે છે, એટલું જ નહિ, લેખકે જીવનચરિત્રના સ્વરૂપને શક્ય તેટલો ન્યાય આપવાનો પણ ઠીક ઠીક પ્રયત્ન કરેલો છે. એ વખતે ઉપલબ્ધ એવા અનેક ગ્રંથોનો આધાર લઈ તેમ શ્રીગોકુલનાથજીના સમકાલીન એવા વ્યારાવાળા ગોપાલદાસની હસ્તપ્રતો વગેરેનો પણ આધાર લઈ, ગ્રંથને શક્ય તેટલો પ્રામાણિકતાની નજીક લઈ જવાનો એમનો પ્રયત્ન રહ્યો છે. ચરિત્રલેખનને માટે લેખકે કરવો જોઈએ તેવો નિષ્ઠાભર્યો પ્રયત્ન, જેમકે ગામે ગામ ફરવું વગેરે પણ, એમણે કર્યો છે. આ બધું હોવાને કારણે જ આ ગ્રંથનું વિવેચન કરવાનું પ્રલોભન હું ટાળી શક્યો નથી.

આ ચરિત્ર શ્રીજીના જીવનની સપાટી પરનું નથી, પણ એમના જીવનનાં ગૂઢ રહસ્યોને એ સમજાવે છે. એ ભક્તોના જીવનની સાચી શૃંખલાને પણ સ્પર્શે છે એમ સમજાવે છે.

જીવે પોતાને માટે કાંઈ કરવાનું નથી, પણ કેવળ પ્રભુ માટે અને પ્રભુની પ્રીતિ મળે એ માટે જ બધું કરવાનું છે; આ છે પુષ્ટિમાર્ગના ભક્તોના જીવનની શૃંખલા.[૪] આ ગતિ, આ લીનતા, આ એકતાર થઈ જવું એ અક્ષરબ્રહ્મમાં લય પામવા સુધીની જ ગતિ નથી, પણ એનાથી પણ પર એવી ગતિ છે, જેને કારણે અગણિત એવા પુરુષોત્તમના આનંદનો અનુભવ થાય છે.[૫] જીવનની આ શૃંખલાને, વિરામ વિશ્રામ કે સમતાને પામવા એટલે મુક્તિ કરતાં પણ અધિક એવી ભક્તિને, પામવું. આ વાત રસિકેશ પૂર્ણ પુરુષોત્તમ-સ્વરૂપ જેવા શ્રીગોકુલનાથજીએ ભક્તોની સાથે રહી પોતાના જીવન દ્વારા અભિવ્યક્ત કરી છે.[૬] આ વાત કહેવાને જ લેખકે આ ચરિત્ર લખ્યું છે, શાસ્ત્રવિધિ શીખવ્યો છે. શાસ્ત્રવિધિ એટલે ધર્મને નામે મનાતા ગ્રંથોમાં કહેલી ક્રિયાઓ એમ નહિ, પણ આવા સત્પુરુષોએ જેના પર મુસાફરી કરી છે તેવો જીવનમાર્ગ.

શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીગુંસાઈજીના આપશ્રી, આ જીવનચરિત્રના નાયક શ્રીગોકુલનાથજી, ચોથા લાલજી હતા. ઈ.સ. ૧૫૫૨ એટલે કે સંવત ૧૬૦૮ના માગસર સુદ સાતમ ને ગુરુવારના રોજ પ્રયાગ નજીકના ત્રિવેણીસંગમ ઉપર સામે કાંઠે આવેલા અડેલ નામના ગામમાં એમનું પ્રાકટ્ય થયું હતું.

આ જીવનચરિત્ર એટલે માલાપ્રસંગવાળા શ્રીગોકુલેશજીની બાલ, પૌગંડ, કિશોર

અને વૃદ્ધાવસ્થાની અપ્રાકૃત જીવની વર્ણવતા તથા માલાપ્રસંગ વખતે ચિદ્રૂપ સંન્યાસી સાથે માલા-તિલકનો સપ્રમાણ શાસ્ત્રાર્થ વગેરે કરતો એક બૃહદ્ ગ્રંથ ચારસોક વર્ષ ઉપરના પ્રાચીન ગ્રંથોને આધારે તેમ વ્યારાવાળા ગોપાળદાસના, એ વખતે અપ્રગટ એવા હસ્તલિખિત, ગ્રંથોને આધારે લેખકે રચ્યો છે. આ ગ્રંથની રચના માટે લેખક શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિનાં વિવિધ ગામોમાં પણ ફર્યા છે અને વિગતો એકઠી કરી છે. એમાં લખનારનો સતત સાત વર્ષનો એકધારો પરિશ્રમ છતો થાય છે.[૭]

ગ્રંથના પ્રારંભમાં જ લેખકે સ્પષ્ટ કર્યું છે કે શ્રીગોકુલેશજીના સેવકો એમને શ્રીજી અથવા શ્રીમહાપ્રભુજીના નામથી સંબોધે છે. સામાન્ય વૈષ્ણવ વર્ગ તો એ નામથી અનુક્રમે શ્રીગોવર્ધનનાથજીને તથા શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને જ ઓળખે છે. આ ભૂલમાંથી બચવા એઓ શ્રીગોવર્ધનનાથજીને પૂર્ણ નામથી અને શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને આચાર્યજી[૮] તરીકે ઉલ્લેખે છે અને આખા ગ્રંથમાં શ્રીજી અને મહાપ્રભુજી શ્રીગોકુલેશજી માટે જ વાપરવામાં આવેલા શબ્દો છે.[૯]

કાર્લાઈલે કહ્યું છે કે ''જીવનચરિત્ર લખવાની પ્રેરણાનું મૂળ વિભૂતિપૂજાની ભાવના છે.'' લેખક આ જીવનચરિત્રમાં જે વિભૂતિની વાત કરી રહેલ છે તેમનું કુટુંબ વિભૂતિઓથી ભરેલું છે, જે સો સોમયજ્ઞ કરી ચૂક્યું છે, લૌકિક દ્રવ્ય પ્રત્યેની અરુચિ અને નિર્લોભપણું બતાવી ચૂક્યું છે તથા જેણે પુષ્ટિમાર્ગની સ્થાપના કરી છે અને સંખ્યાબંધ સંસ્કૃત આકર ગ્રંથો આપ્યા છે. આવા કુટુંબની વાત કરતાં કોઈ પણ લેખક શ્રદ્ધાભાવને ગાવામાં અને મનને આકર્ષિત કરનાર એવા કુટુંબના રસપ્રદ ઇતિહાસને કહેવામાં સરી જાય તથા એવાં સેંકડો પાનાં રચાયા પછી જ ચરિત્રનાયકનો જન્મ થાય, પણ લેખક ખૂબ જ કુશળતાથી એવા વિસ્તૃત વૃત્તાંતોમાંથી બચે છે અને એ સામગ્રીને બહુ જ આદર તથા સંક્ષેપમાં, માત્ર ૩૦ પૃષ્ઠોમાં, મૂકી આપે છે.[૧૦]

સનાતન ધર્મ, આર્યસમાજ, દેવસમાજ, જૈન, બૌદ્ધ, શીખ, બ્રહ્મસમાજ એ બધાં વિશાળ હિંદુ ધર્મનાં જે અંગો વિકસ્યાં અને હિંદુ ધર્મ મુખ્યત્વે વૈષ્ણવો શૈવો તથા શાક્તોમાં વહેંચાયો એ વિગતો લેખકે પડતી મૂકી છે; એને બદલે 'વિષય-પ્રવેશ' 'પરિશિષ્ટો' કે એવા માધ્યમ દ્વારા કેટલાંક પૃષ્ઠો ફાળવ્યાં હોત તો ઠીક થાત, કારણ કે શંકરાચાર્યના અદ્વૈત સિદ્ધાંતમાં માયા વડે જીવ તથા જગતનો ખુલાસો કરવામાં આવે છે, એટલે અંશે બ્રહ્મ 'કેવલ' છતાં કલુષિત કહેવાયું, રામાનુજાચાર્યના વિશિષ્ટ અદ્વૈતમાં વિશેષણોને કારણે એ ઊણું કહેવાયું અને મધ્વાચાર્યનો દ્વૈત સિદ્ધાંત તો શ્રુતિની વિરુદ્ધ જ છે એમ ગણી બ્રહ્મમાં માયારૂપી મિથ્યાત્વના તત્ત્વને અવકાશ નથી એમ કહીને શ્રીવલ્લભાચાર્યજીએ કઈ રીતે શુદ્ધ અદ્વૈતનો સિદ્ધાંત આપ્યો એની સ્પષ્ટતા વાચકોને થોડાં પૃષ્ઠો દ્વારા મળી શકી હોત. વળી શ્રીવલ્લભાચાર્યજી કર્મ અને જ્ઞાનને પરમપદ પ્રાપ્ત કરવાનાં બાહ્ય સાધનો માનતા હોવા છતાં એમની દૃષ્ટિએ પરમ સાધન તો ભક્તિ જ છે, સાધ્ય પણ ભક્તિ છે અને એના રસમાં આનંદ છે. આ ભક્તિ પ્રભુની કૃપાથી મળે છે, જે અમૃતસમાન છે. આ 'પુષ્ટિભક્તિ' કહેવાય છે, જ્યારે કર્મ અને જ્ઞાનના સાધન વડે સધાતી 'મર્યાદાભક્તિ' છે. કર્મો કરીને અને બ્રહ્મનું આધિભૌતિક

જ્ઞાન કરીને આધ્યાત્મિક સ્વરૂપ પ્રાપ્ત થાય, પણ ભક્તિથી આધિદૈવિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે અને ભક્તની જીવન-શૃંખલા પુરુષોત્તમના આનંદની પ્રાપ્તિમાં સમાપ્ત થાય છે. આ વાત એ પૃષ્ઠોના માધ્યમથી વધુ ને વધુ સ્પષ્ટ થઈ શકી હોત.[૧૧]

વળી વૈષ્ણવ સંપ્રદાય વિશે પણ કેટલાંક પૃષ્ઠો લેખકે ફાળવવાં જોઈતાં હતાં, કારણ કે અંતિમ ભક્તિમાર્ગની વિશિષ્ટ શાખાના ભક્તિમાર્ગીય સિદ્ધાંતોનો પરિચય કરાવનારના જીવન વિશે જ્યારે આપણે વાંચતાં હોઈએ ત્યારે વાચકને પોતાને શ્રીકૃષ્ણ વ્યાસજી તથા વિષ્ણુસ્વામીના મતના પોતાને અનુયાયી કહેનાર આદ્યસ્થાપક શ્રીવલ્લભાચાર્યજી કઈ રીતે પુષ્ટિમાર્ગ જેવા વિશિષ્ટ ભક્તિમાર્ગનો આવિષ્કાર કરે છે અને પૂર્વે જે પોતે વિષ્ણુસ્વામી-સંપ્રદાયની સામાન્ય ભક્તિમાર્ગની પરંપરા ચલાવતા હતા તેમાંથી આગળ જતાં નિર્ગુણ ભક્તિમાર્ગ કઈ રીતે પ્રસ્થાપિત કરે છે એની વિગતો મેળવવામાં રસ હોય એ સ્વાભાવિક છે. સુબોધિનીના તૃતીય સ્કંધમાં આચાર્યશ્રીએ વિષ્ણુસ્વામીનો મત તામસ, મધ્વનો રાજસ, રામાનુજનો સાત્ત્વિક તથા પોતે પ્રસ્થાપિત કરેલ ભક્તિમાર્ગ નિર્ગુણ કહ્યો છે, એની ચર્ચા માટે લેખકે એવાં પૃષ્ઠો ફાળવવાં જોઈતાં હતાં, એટલું જ નહિ, પણ જે ભરૂચી વૈષ્ણવોને આ ગ્રંથમાં વિશેષ ને વિશેષ રસ છે તેઓ માટે લેખકે ભાગવત-દશમસ્કંધના પ્રકરણવિભાગનો તથા 'સંન્યાસનિર્ણયગ્રંથ' નામના પ્રકરણગ્રંથોનો પણ વિચાર કર્યો હોત તો ઠીક થાત, કારણ કે ગોપાંગનાઓ જેવાં જ્ઞાનહીન આત્મનિવેદી ભક્તો એમને મન કઈ રીતે ઉત્તમોત્તમ છે એનો પરિચય મળી શકત તથા એઓને 'ગુરુ'નું સ્થાન આપી એમના જેવા જ સર્વાત્મનિવેદનના પ્રકારના સાધનનો સ્વીકાર પુષ્ટિમાર્ગમાં કઈ રીતે કરવામાં આવ્યો એનો પણ સ્પષ્ટ ખ્યાલ આવી શકત. વૈષ્ણવ સંપ્રદાય વિશે રોકાયેલાં એ પૃષ્ઠોએ ચરણદાસી, દાદુપંથી, હરિચંડી, કબીરપંથી, ખાકે, મલૂકદાસી, મીરાંબાઈ, માધવી, સેનાયી, સખીભાવ, સધમાપન્થી વગેરે સંપ્રદાયો પણ વૈષ્ણવોની જ શાખાઓ છે એની પણ વિસ્તૃત સમજ આપી હોત, જે લેખકે, વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોનો આધાર લઈ, અધિકારની કક્ષાઓ, આસુરી જીવો, દૈવી જીવો વગેરેના ભેદો યથાસ્થાને બતાવ્યા છે એના વિસ્તૃત સ્પષ્ટીકરણમાં પણ ઉપકારક બની રહેત.[૧૨]

એમ થવું જરૂરી એટલા માટે પણ હતું કે આ ગ્રંથ એવા વૈષ્ણવો માટે લખાયેલો છે કે જેમના જીવનનો અર્થ જ સેવ્ય પ્રભુમાં ભળી જવું, લીન થઈ જવું, એકતાર થઈ જવું એ છે. આ ભળી જવું, આ લીનતા, ગ્રંથમાં લેખકે સ્પષ્ટ પણ કરેલ છે. દા. ત., માલાતિલક પ્રસંગના સંદર્ભે બાદશાહનો પત્ર મળતાં શ્રીજી કાશ્મીર પધારવાનું નક્કી કરે છે એ વેળાએ ભક્તોના વિરહાનલને વર્ણવવા લેખક આખું પ્રકરણ રોકે છે, જે અહીં ઉતારવું પડે, પણ એ પડતું મૂકીને થોડા ઉતારાથી ચલાવી લેવું પડશે :

''કેટલાંક તો શ્રીજીના પ્રયાણની વાત માત્ર સાંભળતાં જ બેશુદ્ધ થઈ જમીન પર ઢળી પડ્યાં. ક્ષણે ક્ષણે સર્વની નજીકમાં થવાના સ્વપ્રભુના વિયોગ સંબંધી વિરહવેદના વધતી ચાલી અને આખા શ્રીગોકુળમાં સર્વત્ર વલવલાટ આક્રંદ અને રડારોળ થઈ રહ્યાં અને આ અસહ્ય વિરહવેદનામાં એ સર્વ દેહાનુસંધાન રહિત થયાં.''[૧૩]

એના જ અનુસંધાને વલ્લભ સંપ્રદાયના સખીભાવોપાસક કવિઓની ચર્ચા પણ થવી જરૂરી હતી, કેમકે કુંભનદાસજી, સૂરદાસજી, પરમાનન્દદાસ, કૃષ્ણદાસ, ગોવિન્દ સ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ, શ્રીવિષ્ણુદાસ છીપા, દામોદરદાસ, ગોપાલદાસ, લાલદાસ, ગંગાબાઈ અને બીજા, વલ્લભ સમ્પ્રદાયના, સખ્યાબંધ ભક્ત કવિઓની માફક શ્રીગોકુલનાથજી પણ સંપ્રદાયની એવી વાતોના પ્રચારક અને મર્મજ્ઞ હતા. પોતાના ભાઈઓમાં એ સૌથી વિદ્વાન અને લોકપ્રિય હતા. વાર્ત્તાકારના રૂપમાં તો એઓ હિંદી જગતમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. એ ૮૪-૨૫૨ ની અને નિજવાર્ત્તા-ઘરુવાર્ત્તા વગેરે વાર્ત્તાઓના એઓ કથાકાર છે. વળી ગોવિંદસ્વામી પાસેથી એમણે ભાષાકાવ્ય અને સંગીતનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમની ગદ્ય-રચનાનાં પ્રમાણો તો અનેક ગ્રંથ છે. એ બધી વાતો ઉપર્યુક્ત ચર્ચાનો એક વિશિષ્ટ ભાગ થયો હોત.

છતાં પૂર્વપીઠિકા ચરિત્રનાયકના વ્યક્તિત્વને તો પ્રગટાવી શકે છે જ. કુટુંબના સબળ સત્યને લેખકે એવી રીતે પકડ્યું છે કે જેને કારણે ચરિત્રનાયકનું સૌંદર્ય પ્રગટી ઊઠે છે, એટલું જ નહિ, ચરિત્રનાયકના જીવનને સમજવામાં પણ એ મદદરૂપ બને છે. કેટલીક વખત કૃતિ વાંચતાં એનો નાયક કયા વાતાવરણમાંથી આવે છે એની અભિલાષા તેમ અરમાનો, બૌદ્ધિક ટેવ વગેરે કેવા પ્રકારનાં છે અને કુટુંબની પૂર્વપીઠિકાનો એમાં શો ફાળો હોઈ શકે વગેરે જાણવાની આપણને જિજ્ઞાસા પેદા થાય જ. લેખકનું એ અંગેનું લખાણ ભલે સંક્ષેપમાં થયું છે છતાં ખૂબ જરૂરી અને કુદરતી છે, જેને ગ્રંથના ગુણ તરીકે પિછાનવું જોઈએ. આમ છતાં ધ્યાનમાં લઈએ કે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ સ્થાપેલ સિદ્ધાંતોનું તથા શ્રીગુસાંઈજીએ આપેલી આજ્ઞાઓનું વખતોવખત, એક યા બીજી રીતે, ગ્રંથમાં ઉદ્‌ઘાટન થતું રહ્યું છે, એટલું જ નહિ, પણ શ્રીજીના ઉછેર-નિમિત્તે મહત્ત્વનો ભાગ ભજવતા એમના પિતાશ્રીના જીવનપ્રસંગો અને એ નિમિત્તે શ્રીગુસાંઈજીના જીવનનો તથા વ્યક્તિત્વનો પણ પરિચય આપણને મળતો રહ્યો છે. દા. ત., શ્રીગુસાંઈજીની જગન્નાથરાયજીની યાત્રા, અડેલથી શ્રીગુસાંઈજી ગઢે પધાર્યા અને ત્યાં નિવાસ કર્યો તથા રાણી દુર્ગાવતીએ ગઢામાં સેવાના સૌકર્ય માટે મંદિર કરાવી આપ્યું તેમ ત્વરાથી સેવા તથા નિવાસ અર્થે શ્રીગુસાંઈજીએ મંદિરો તૈયાર કરાવ્યાં એ અને બીજા પ્રસંગો આ સંદર્ભે સૂચિત કરી શકાય.

સંત મહાત્માઓનાં જે જીવનચરિત્રો આપણે ત્યાં ઉપલબ્ધ છે તે બધાં જ અલૌકિક ચમત્કારિક વર્ણનોથી પૂર્ણ છે, જ્યારે આ શ્રીગોકુલેશજીનું ચરિત્ર એ રીતે જુદું પડે છે કે એ માત્ર મહાઅલૌકિક જ છે એમ નહિ, પણ રસાવેશી છે. એમના એવા સ્વરૂપને જાણી ભક્તો રસ-રીતે ભજે તો પ્રભુ રસદાન કરે એ સંદેશ કહેવા માટે જ, એટલે કે ભક્તનું કાર્ય સિદ્ધ થાય એ માટે જ આ ચરિત્ર લખાયું છે. ચમત્કારો જે થાય છે તે પણ બહુધા ભક્તોના કષ્ટને દૂર કરવા જ. દા. ત., કાશ્મીર જતાં ચિમાખડક પાસે જલ એટલું ખરાબ હતું કે વૈષ્ણવોને ગ્લાનિ આવવાથી જલ લે નહિ. આ પ્રમાણે સર્વને જલનું અતિ કષ્ટ પડતું જોઈ શ્રીજીએ પોતે ત્યાં પધારી દૃષ્ટિમાત્રથી જલ બદલ્યું.[૧૪] શ્રીજી કાશ્મીર પધાર્યાના સમાચારથી વૈષ્ણવોને જુદા જુદા ચમત્કારિક અનુભવો થાય

છે. કોઈને શ્રીજી સ્વપ્નમાં આવી આજ્ઞા કરે છે, કોઈને વિરહનું દાન દે છે વગેરે[૧૫], કોઈ વૈષ્ણવને શ્રીજી પ્રેતયોનિમાંથી મુક્ત કરે છે[૧૬], આમ ચમત્કારો જે થાય છે તે ભક્તોના કષ્ટને દૂર કરવા માટે જ.[૧૭] વાસ્તવમાં આ સમગ્ર વિષય શ્રદ્ધા અને ભાવનાનો છે.

શ્રીજીનું પ્રાકટ્ય ભક્તજનને માટે જ છે અને જો ભક્તજન એને યથાર્થ સમજે નહિ તો એ પ્રાકટ્ય વ્યર્થ જાય, કારણ કે એ સ્વરૂપના જ્ઞાન વિના ભક્તનું કાર્ય સિદ્ધ થાય નહિ.

પોતાના વિશે શું સિદ્ધ છે એ વાત શ્રીગોકુલનાથજીએ પોતે જ સંન્યાસનિર્ણય ગ્રંથની ટીકાના પ્રારંભમાં કહી છે તેનો આધાર લઈ લેખક એ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે, એટલું જ નહિ, પણ કેવળ રસાત્મક પ્રાકટ્યનું કારણ એઓએ વ્યારાવાળા ગોપાલદાસભાઈ જેવા ભક્તોના, એ વખતે અપ્રગટ હતા તેવા, ગ્રંથોનો આધાર લઈને બતાવ્યું છે એ જીવનચરિત્ર વાંચતાં સ્પષ્ટ સમજાય છે અને એ એ કે ભૂતળમાં રમણ-ઇચ્છાએ તથા કલિકાલના આસુરી જીવોના સંગથી વિમુખ થયેલા અને સ્વસ્વરૂપને ભૂલેલાઓની વિના સાધને કૃપાવશાત્ પ્રમેય બળે ગતિ કરવા માટે જ ગોકુલનાથજીના એ સ્વરૂપનું પ્રાકટ્ય થયું. એતન્માર્ગમાં ગુરુ દ્વારા બ્રહ્મસંબંધ થયા સિવાય કોઈ પણ જીવ પ્રભુની, એ સ્વરૂપની સેવા યોગ્ય થતો નથી અને બ્રહ્મસંબંધ થયા પછી જ એની સેવા પ્રભુ અંગીકાર કરે છે, પણ એ યાદ રહે કે શ્રીહરિની પૂર્ણ કૃપા થાય છે ત્યારે તો જીવને બ્રહ્મસંબંધ આપવાનો હેતુ રહેતો નથી, એવા જીવને માટે તો શાસ્ત્રો પણ નિયામક નથી. જેનો દેહ તો રસપૂર્ણ તથા સ્વરૂપાત્મક જ હોય તેવા જીવને નામનું-બ્રહ્મસંબંધનું પ્રયોજન રહેતું નથી. ગ્રંથમાં ગઢાનાં રાણી દુર્ગાવતીનું રેખાચિત્ર એવા જીવ તરીકે લેખકે આલેખ્યું છે, એટલે કે શ્રીગોકુલનાથજીના એ સ્વરૂપનું પ્રાકટ્ય પ્રતિકૂળ જીવ હોય તેને એવા દોષોથી દૂર કરી પ્રભુના સ્વરૂપ સાથે સંબંધ કરાવવા માટે હતું. રસાવેશી સ્વરૂપાસક્ત કલાત્મક ભક્ત માટે તો એઓ સ્વતઃ કૃપાબળથી કાર્ય કરવા ભક્તના હિતાર્થે સામેથી જતા; જેમકે ભક્ત દુર્ગાવતીના હિતાર્થે એઓ અડેલથી ગઢે ગયા અને ત્યાં નિવાસ કર્યો.

લેખક સમજાવે છે કે શ્રીવલ્લભાચાર્યજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશજી પૂર્ણ પુરુષોત્તમનાં જ વિવિધ સ્વરૂપો-પ્રાકટ્યો છે છતાં કેટલાક વૈષ્ણવો શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યેની આસક્તિ તથા અનન્ય પતિવ્રતને લીધે સ્નેહની અંતિમ દશામાં પોતાની પ્રેમમૂર્તિના જ સ્વરૂપમાં લીન બની જાય છે, તેથી સ્વાભાવિક રીતે જ અન્ય વસ્તુ માત્રનું વિસ્મરણ થાય. આ ન્યૂનતા બુદ્ધિપૂર્વક કરેલી ન હોઈ અને પ્રેમધર્મને અનુસરવાથી થઈ ગયેલી હોઈ દૂષણ નહિ, પણ ભૂષણ છે. એ જ રીતે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીના ભગવદીયોમાં પણ એ લક્ષણ માલૂમ પડે છે. શંકાના સમાધાન માટે એઓ વિવિધ દૃષ્ટાંતો પણ આપે છે છતાં અંતે કહે છે કે ''સર્વ સ્વરૂપમાં એક ભાવ જોવો એ જ પ્રસંશનીય છે. x x x x સાવધાન દશાના સાધારણ વ્યવહારમાં, બીજાઓની સમક્ષમાં ઈર્ષ્યા કે અસૂયાને લઈ ઉપર જણાવેલી વર્તણૂક ચલાવે તો સર્વથા

એઓ એતન્માર્ગથી ભ્રષ્ટ થાય.”[૧૮] શ્રીકૃષ્ણ, શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલેશજી સર્વ એક જ રસાવેશી પૂર્ણ પુરુષોત્તમનાં જ વિવિધ પ્રાગટ્ય છે અને સર્વનો હેતુ પણ સર્વજનોનો ઉદ્ધાર તેમ નિરોધ છે. એ વાતને જ ભારપૂર્વક સમજાવવા પાછળ લેખકનો હેતુ એ છે કે વિવિધ પક્ષોના વૈષ્ણવ બંધુઓ કલેશ રોષ દ્વેષ ઈર્ષ્યા વગેરેમાંથી બહાર આવે અને આનંદપૂર્વક એકબીજાનો સહારો લઈ પોતાનો જીવનહેતુ સિદ્ધ કરી શકે.

શ્રીગોકુલનાથજી જેવા પ્રભુ જેવા મહાનુભાવનું જીવન જ એટલું ઉચ્ચ કોટિનું છે કે જેનાથી પ્રેરણા અને બોધપાઠ મળે જ. ઉપર જે મુદ્દો ચર્ચ્યો છે તે પરથી જોઈ શકાશે કે આ રચના દ્વારા લખનારો ભક્તોમાં એવી ભાવના જાગ્રત કરી દે છે કે ભક્ત પોતે જ પોતાને માટે ઈશ્વર તરફની ગતિમાં રોકાતો અટકે અને બોધપાઠ તથા પ્રેરણા ગ્રહણ કરવા શક્તિમાન બને.

ચરિત્રનાયકના આંતરિક જીવનને અને એમના સાહિત્યને વાચક વધુ સારી રીતે સમજી શકે એ માટે લેખક પાસે પૌરાણિક આદિ ગ્રંથોનો, સંપ્રદાયના તથા ભક્તોએ રચેલા અને ચરિત્રનાયકના પોતાના ગ્રંથો ઉપલબ્ધ હતા તેનો ઉપયોગ એઓએ કાળજીપૂર્વક કર્યો છે, જે ચરિત્રનાયકના વ્યક્તિત્વના ઉદ્ઘાટનમાં તેમ વાચકોને પણ ખૂબ ખપના રહ્યા ગણાય. દા. ત., શ્રી‘વલ્લભવિલાસ’ ગ્રંથના પ્રથમ ભાગનાં પૃ. ૨૯ તથા પૃ. ૨૬માંથી શ્રીગોકુલનાથજીના સંબંધમાં લેખક જે ઉતારા કરે છે તે ભક્તિમાર્ગ તથા પૂર્ણ આનંદ આપનારા નિત્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ એવા ગુરુઓ અંગે અને શ્રીગોકુલેશજીનું ફલાત્મક રસાત્મક સ્વરૂપ સમજવા અંગે તેમ પુષ્ટિલીલા અને જ્ઞાતિધર્મના ભિન્ન ભાવ દૂર કરવા વિશે એવી હકીકતો રજૂ કરે છે કે જેને આ મહાન ઉપદેશક એવા મહાપ્રભુજીના જીવન સાથે બહુ જ વધારે લેવાદેવા છે. ચરિત્રનાયકની પ્રતિભાને ભગવાન તરીકે અખંડિત કરી મૂકે એવું એમાં બળ છે.

આમ પ્રારંભનાં પ્રકરણો જોતાં ગ્રંથ રચનારની ઊંચી શોધવૃત્તિનાં દર્શન થાય છે. આ ચરિત્ર એવા કોઈ સંશોધકના હાથે લખાઈ રહ્યું હોય એમ લાગે છે કે જેનામાં વૈજ્ઞાનિક ચોકસાઈ અને અણીશુદ્ધ પ્રામાણિકતા હોય, પણ પછી એમાં નિરૂપિત ચરિત્રને એમણે ખૂબ લાગણીપ્રધાન બનીને નિહાળ્યું છે. શ્રીગોકુલનાથજીનો તરંગવશ ભક્ત જ આ લખી શકે એવું એમાંથી સ્ફુટ થાય છે.[૧૯] ચરિત્રનાયકની ગર્ભમાં પ્રવેશથી શરૂ કરી પ્રાકટ્ય-ઉત્સવ, નામકરણ, લીલાઓ, ખેલવું, રિઝાવું, એવી બાળપણ ને ઉછેરથી વિકસિત દશા સુધીની તથા વિવાહ, ઉત્સવ, ગૃહસ્થાશ્રમ, કુટુંબની વહેંચણી, ગુજરાતનો પ્રવાસ અને કુરુક્ષેત્રની યાત્રા તથા પિતૃઋણ અને બીજી હકીકતો લેખકે ખૂબ ઝીણવટથી અને ઊર્મિલ તથા ભક્તહૃદયે જ એમાં આલેખી છે. ભરૂચી સમાજનાં વિચાર વલણો અને દૃષ્ટિબિંદુનો પણ એમાં સમાવેશ થાય છે. કેશર ચંદન કસ્તૂરી વગેરેથી શ્રીગોકુલનાથજીને અનેક ભક્તજનો સ્નાન કરાવતા અને સ્નાનમાંથી ચરણામૃતનું પાન કરતા જેવી વિગતો બધા વાચકો કે વિદ્વાનોને ન પણ ગમે, એટલું જ નહિ, એમાં અત્યુક્તિમાં ઊતરી જતી શિષ્યસહજ ભક્તિ તથા ભક્તપ્રકૃતિને સ્વાભાવિક બનેલી

વર્તણૂકનાં આવરણો પણ કોઈને દેખાય, પરંતુ, આ અણગમો થાય તો જીવનચરિત્રનો આસ્વાદ લઈ શકાય નહિ. અહીં વાચકો તેમ વિદ્વાનોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભક્તોએ જે સ્નાન કરાવ્યું છે તે ભાવનાથી ભગવાનને જ કરાવ્યું છે. ભક્તની એ નજરે જ ચરિત્રને જોવું પડે, નહિ તો લેખક ભક્ત સમાજ તથા ચરિત્રનાયક ચારેને એકી સાથે અન્યાય થઈ બેસે. વાચકે એમાંથી બચવું રહ્યું. ઉપર જે સ્નાનનો દાખલો આપ્યો તે દૃષ્ટિએ જ વૈષ્ણવોના સમગ્ર વ્યવહારને તપાસવો રહ્યો.[૨૦] ઉત્થાપનથી સેન સુધી વૈષ્ણવો મંદિરમાં ભગવાન સાથે જે વ્યવહાર કરે છે, બસ એવો જ વ્યવહાર શ્રીગોકુલનાથજી પ્રત્યે આ ચરિત્રમાં દેખાય છે, કેમકે શ્રીગોકુલેશજીના અપ્રાકૃત અને અસાધારણ ઐશ્વર્યને એમણે જોયું છે, જે ભક્તે પ્રાપ્ત કરેલ જ્ઞાનદૃષ્ટિ તથા કૃપાદૃષ્ટિનું જ પરિણામ છે, જ્યારે અન્ય મનુષ્યો તો એમને એક સંત મહાત્મા અને મહાપુરુષ કરતાં વધારે જાણી શકે નહિ. શ્રીગુસાંઈજી પણ શ્રીગોકુલનાથજીનું કલાત્મક રસાત્મક સ્વરૂપ જ સ્વીકારે છે અને તેથી એમનો ઉછેર પણ એ રીતે જ કરે છે. અડેલ તથા ગઢામાં શ્રીજીનો જે રસોત્સવ શ્રીગુસાંઈજીએ કર્યો હતો તેનાં લેખકે કરેલાં વર્ણનો એ વાત પર ઠીક ઠીક પ્રકાશ પાડનારાં છે, જે અહીં સૂચિત કરી શકાય, એટલું જ નહિ, પણ શ્રીગુસાંઈજી શ્રીજીના ઉછેર પાછળ ખાસ કાળજી રાખે છે. 'ખેલેંગે એક વાર હમ શ્રીવલ્લભકી ગોદ' એવા શ્રીગુસાંઈજીના જ શબ્દો ટાંકીને લેખક કહે છે કે શ્રીગુસાંઈજીને હૃદયમાં પોતાને શ્રીજીને ત્યાં પુત્રરૂપે પ્રગટ થવાની ઇચ્છા હતી અને તેથી શ્રીગુસાંઈજીના પરોક્ષ થયા પછી શ્રીજીને ત્યાં લાલજીનું પ્રાકટ્ય થયું.[૨૧]

લેખકની અભિવ્યક્તિ વિશે ઉપર જે કંઈ કહ્યું છે તે સાથે ચરિત્રનાયકનું કુટુંબ કે જે આંધ્રના કાકરવાડ નગરના બ્રાહ્મણો હતા અને વૈષ્ણવી દીક્ષાવાળું, યજુર્વેદી તૈત્તરીય શાખી તથા ભારદ્વાજગોત્રી હતું તેમની હકીકત ચરિત્ર-લેખકે એવી સરસ રીતે કહી છે કે એમની રહેણીકરણી, જીવન જીવવાની પદ્ધતિ, માન્યતાઓ તથા કુટુંબ અને જ્ઞાનના લૌકિક વૈદિક સર્વસંસ્કારો કયા પ્રકારના હતા વગેરેનો પણ પરિચય વાચકને થતો રહે. ચરિત્રનાયકના સંસ્કારદેહને ઘડનાર એ વિગતો આમ સારી રીતે બુદ્ધિપૂર્વક અને કલાત્મક રીતે આલેખાયેલી જોવા મળે છે, જેમાં સંતાનોના જન્મોત્સવો ઊજવવા, નાતમાં લાડુ વહેંચવા, ગરીબો અને બ્રાહ્મણોને દાન આપવું, બાળકને અમુક ઉંમરે કર્ણવેધ કરાવવો, ચૂડાકરણ યાને મુંડનની ક્રિયા કરવી, વિદ્યાભ્યાસ, કસરત, ઉપનયન-સંસ્કાર વગેરેનો સમાવેશ થયેલો દેખાય છે. આ ક્રિયાઓની પદ્ધતિ તેમ એ પાછળનાં કારણો માન્યતાઓ વગેરે પણ એમાં ઉદ્‌ઘાટિત થાય છે. દા. ત., મુંડનવિધિ બાલકમાં કોઈ પણ જાતનો દોષ દાખલ થતો અટકાવી એનું રક્ષણ કરવાના વાત્સલ્યભાવથી થતો, જેમાં મુંડન કરનાર હજામને મોતી સોનું વગેરે આપવામાં આવતું, કુટુંબના સભ્યોને પણ રિવાજ પ્રમાણે અપાતું તથા જમણવાર પણ થતો.

પરંતુ આ ગ્રંથ લાગણીપ્રધાન ભક્તના હાથે લખાયેલો હોઈ ભક્તસ્વભાવના લાક્ષણિક અંશો એમાં વખતોવખત પ્રગટી ઊઠે છે જ. ઉ.ત., કાશ્મીરનો પ્રવાસ કરતી વેળાએ લેખકે કરેલું નીચેનું વર્ણન જુઓ : ''માર્ગમાં એક એવી ઊભી ડુંગરી આવી

કે જેના પર પાલખી ઊંચકનાર ભોઈના પગ પણ ટકી શકતા નહિ. એ વખતે સાથેના વેરાગીઓએ પોતાના હાથને એવી રીતે ગોઠવ્યા કે ભોઈઓ એ ઉપર પગ મૂકી ચાલ્યા અને શ્રીજીને કાંઈ પણ હરકત આવવા દીધી નહિ. ધન્ય છે એ વેરાગીઓને કે જેમણે પોતાના અન્નદાતાની અણી વખતે આવી ઉત્તમ રીતે સેવા બજાવી પોતાની નિમકહલાલી સાબિત કરી.''[૨૨] શ્રીજીના ભક્ત ન હોય તેવાઓને ખૂંચે તેવા બીજા પણ પ્રસંગો છે. દા.ત., વિવાહોત્સવ જેવા પ્રસંગોનું લેખકે કરેલું ખૂબ ઝીણવટથી અને વધુ વિસ્તારભર્યું આલેખન, પણ ભક્તો તો એવા જ રંગો પસંદ કરતા હોય છે, કારણ કે એવા પ્રસંગો એમને માટે મહા ઉત્સવો બને છે, એટલે લેખક જો એ ધોરણથી ન ચાલે તો જે ભક્તોને માટે આ જીવનચરિત્ર લખવામાં આવ્યું છે તેમના હૃદય સુધી એ પહોંચી ન શકે. આ પ્રલોભનને કારણે જ પ્રેમાનંદનાં આખ્યાનોમાં બન્યું છે તેમ આ લેખકના હાથે પણ પોતાના સમયમાં ગુજરાતી જીવન જે સ્તરે જિવાતું હતું તેની બધું ગ્રહણ કરતી એક છબી જાણ્યે અજાણ્યે એમાં ઊપસે જ છે. એમણે ગુજરાતી ભક્તોની સંખ્યાબંધ કાવ્યપંક્તિઓ ઉપયોગમાં લીધી છે તેથી પણ એમ કદાચ બન્યું છે અથવા એમ કહો કે શ્રીગોકુલનાથજીના સમયનો સમાજ જે લેખકના સમયમાં અસ્ત થઈ ગયો હતો તે સમાજને પોતાના યુગના ઝરૂખામાંથી ઊભા રહીને શક્ય તેટલો જીવંત કરવાનો આ પ્રયત્ન છે, છતાં નોંધવું જોઈએ કે શ્રીજીની જન્મપત્રિકાથી માંડી સેવકોનાં નામોની યાદી, ઘરેણાં વેશભૂષા રીતરીવાજો વગેરે જે કંઈ નોંધાયેલું એમને ઉપલબ્ધ થયું છે તે સામગ્રીનો શક્ય તેટલો ઉપયોગ આ ચરિત્રને ન્યાય આપવામાં એમણે કર્યો જ છે, એટલું જ નહિ, પણ ચરિત્રનાયક ગુરુ હોવાને કારણે સેવકો પાસેથી અને અહીં તહીંથી લેખકને પુષ્કળ માહિતી મળી છે. માલાપ્રસંગ બન્યો એ પહેલાંનાં વીસ વર્ષ બાદ કરતાં તારીખવાર વિગતો લેખકને સાંપડી છે. ચરિત્રનાયકની પ્રતિષ્ઠા પ્રભુ તરીકેની હોવાને કારણે ગુજરાત કુરુક્ષેત્ર વગેરે યાત્રાપ્રસંગે એઓ કયે દિવસે ક્યાં હતા, ક્યાંથી ક્યાં ગયા, કોણ એમની સાથે હતું, શી ઘટનાઓ બની, કોને કોને બ્રહ્મસંબંધ આપ્યાં વગેરેનો કડીબદ્ધ ઇતિહાસ આપણને સાંપડે છે. એવો જ ઇતિહાસ સાંપડે છે એમના કુટુંબની આર્થિક સ્થિતિ, મિલકતની વહેંચણીના ઝઘડા વગેરે અંગેનો. એ કારણે આપણે લેખકને આનંદથી માન આપવું જોઈએ. એ સામગ્રી મનમાં આવતાં શ્રીજીની લોકવત્ ક્રીડાઓ, એમનો જમાનો વગેરે પણ આપણે જોઈ શકીએ છીએ અને પ્રભુનો મનુષ્યદેહ તેમ ઇતિહાસરસ તથા એવાં બીજાં તત્ત્વોમાં આપણે મગ્ન થઈ જઈએ છીએ.

શ્રીગોકુલનાથજીની બાલલીલાઓમાંની કેટલીક અમાનુષિક ક્રિયાઓનાં વર્ણનો પણ અહીં છે, જેના માધ્યમથી ગ્રંથ-લેખક શાને માટે આ ભૂતલ પર શ્રીજીનું પ્રાકટ્ય થયું છે તથા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું રહસ્ય શું છે વગેરે સમજાવતા રહ્યા છે. ઉ. ત., શ્રીગોકુલનાથજીની બાલચેષ્ટાઓ જાણવાની આતુરતાથી એમની આજુબાજુ કેટલીક વસ્તુઓ મૂકી શ્રીગુસાંઈજી અને કેટલાક ભક્તજનો વગેરે આસપાસ ઊભા. પ્રભુએ પ્રથમ સામું જોઈને સહુનાં મન હરણ કર્યાં. ત્યાર પછી એક સ્ત્રીજનનો અંચળો પકડ્યો,

પછી ભાગવતની પોથી અને તુલસીની માલા લઈ મંદિર તરફ પધાર્યા. આ પ્રમાણે શ્રીમદ્‌ભાગવતની પોથી તથા માલા વગેરે ગ્રહણ કરી સૂચન કર્યું કે જે માર્ગ સ્વઇચ્છાથી પ્રગટ કરાવ્યો છે તેનાં પોષણ તથા રક્ષણ માટે પોતાનું પ્રાકટ્ય છે. એ જ રીતે ભક્તપ્રેમ દર્શાવ્યો. એક દિવસ શ્રીજી સજ્યા ત્યાગ કરે છે તેથી શ્રીગુસાંઈજી પણ એને પોતાને માટે પણ નિરર્થક ગણે છે. એ એ દ્વારા સર્વ વૈષ્ણવોને બોધ આપે છે કે શ્રીઠાકુરજીના વિનિયોગમાં જે વસ્તુ આવે નહિ તેનો ઉપભોગ સર્વથા કરવો નહિ ને એમ અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવાના શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના સિદ્ધાંતરહસ્યગ્રંથની આજ્ઞાનું પાલન કરવાનુ સૂચવે છે. શ્રીજી પોતાના શિક્ષકને પોતાનું સ્વરૂપ-જ્ઞાન કરાવવા માગે છે તેથી પ્રથમ તો ગુરુને પોતાના અતુલ ઐશ્વર્યનું ભાન કરાવ્યું. આભા બની ગયેલા ગુરુએ ગુરુપણું છોડી શિષ્યની માફક હાથ જોડી દીનતા અનુભવી. દૈન્ય એ શ્રીઠાકુરજીની પ્રસન્નતાનું સાધન છે, જેનાથી શ્રીજીનું સ્વરૂપ-જ્ઞાન ગુરુને થયું. એક ગરીબ બ્રાહ્મણનું દારિદ્ર્ય છેદી શ્રીજીએ એનો ઉદ્ધાર કર્યો. ટીકડી ગામના દુરાચારી લોકો એમના સ્વરૂપપ્રભાવે ઉત્તમ ભાવવાળા થયા. આમ અનેક ભાતની લીલાઓના વર્ણન દ્વારા લેખક શ્રીગોકુલનાથજીનું પ્રાકટ્ય ધર્મ તથા શાસ્ત્રોના રક્ષણ અર્થે જ હતું એમ સ્પષ્ટ કરે છે. ગ્રંથ લખનારની દૃષ્ટિએ શ્રીજી રસાવેશી પ્રભુ હોવા છતાં, જેમ કેરીના રસ જેવા મીઠા ભોજનમાં કારેલાનું શાક પણ સ્વાદમાં વૃદ્ધિ કરે છે તેમ શૃંગારરસમાં પ્રભુની અવાંતર બીજી લીલાઓનાં વર્ણન પણ એઓએ કર્યાં છે.

એ વર્ણનોમાં ગ્રંથ રચનારની તટસ્થતાનાં દર્શન પણ આપણને થાય છે. દા.ત., શ્રીજી અને કુટુંબના સભ્યો ઘણી વાર પ્રાકૃત માણસોના જેવાં જ કાર્યો કરે છે, એ નિર્બળતાઓ સમભાવજન્ય પક્ષપાતથી એમણે ઢાંકી દીધી નથી. કુટુંબની વહેંચણી સંબંધમાં એઓ શ્રીગુસાંઈજીના બાળકો સંદર્ભે લખે છે : ''એઓનું વ્યાવહારિક જીવન કલંકિત બન્યું. એમનામાં માંહોમાંહેનાં દ્વેષ, કપટ, મિથ્યા ભાષણ અને કુસંપ વગેરે દેખાયાં અને એ સર્વના પરિણામે એ કુટુંબ પણ સામાન્ય કુટુંબોની માફક વિભક્ત થયું.''[૨૩]

આ અને આવા બાહ્ય સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી સર્જકમાં રહેલો ભક્ત દરેક પ્રસંગે પુષ્ટિસંપ્રદાયના તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં આંતરિક રહસ્યને ઉદ્‌ઘાટિત કરે છે અને કહે છે કે ભક્તના હિતાર્થે પ્રભુને નિમિત્ત જોઈતું હતું અથવા નિજેચ્છાથી પ્રભુનું થયેલું આ લોકવત્ પ્રાકટ્ય હતું.

ઉપર જે અવતરણ આપ્યું છે તેને સર્વોત્તમસ્તોત્રનો આધાર લઈ લેખક સમજાવે છે કે પ્રાકૃત માણસોના જેવાં જ કાર્યો કરીને એ દંભ વડે અસુર જીવોને મોહ પમાડવા એટલે કે પોતે સામાન્ય મનુષ્યની માફક જ વર્તે માટે આસુરી જીવો એમને પુરુષોત્તમ નહિ, પણ એક સામાન્ય જીવ સમજે અને તેથી કરીને એ સ્વરૂપમાં એમને ભક્તિભાવ થાય જ નહિ, આવી રીતે દુષ્ટોને પ્રાકટ્યના સાક્ષાત્ ફલથી દૂર રાખવા માટે પુષ્ટિપ્રાકટ્યો સામાન્ય પ્રાકૃત સ્વકીય જીવોનો અંગીકાર કરે છે અને તેથી જ એને લૌકિકવત્ પ્રાકટ્યની સંજ્ઞા અપાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી આ પુષ્ટિપ્રાકટ્યોમાં જ્યારે

નિજ દૈવી જીવોને સાક્ષાત્ પુરુષોત્તમ અને એમના અપ્રાકૃત ધર્મોનો સાક્ષાત્કાર થાય છે અને એ દ્વારા એ સ્વરૂપમાં એઓ લીન થઈ પોતાનો નિરોધ સિદ્ધ કરે છે ત્યારે દુષ્ટ આસુરી જીવોને એ પ્રાકટ્યોમાં સામાન્ય જીવપણું જ નહિ, પણ કેવળ પ્રાકૃત ધર્મો અને દોષો દૃષ્ટિગોચર થાય છે અને તેથી પરિણામે એઓ એમની નિંદા વગેરે કરી હંમેશને માટે દૂર જ રહે છે.[૨૪] એવી જ રીતે એક જ લીલામાં વિવિધ હેતુઓ સમજાવતાં ગ્રંથલેખક કહે છે કે કલિકાલના દ્વેષ, અદેખાઈ, કપટ વગેરે દોષોથી સ્વજનોનો સ્વસ્વરૂપમાં નિરોધ સિદ્ધ કરવાનો હેતુ પણ હતો અને તેથી જ શ્રીગુસાંઈજીના બાળકોએ પોતાના પ્રાકટ્યહેતુની સિદ્ધિ અર્થે એ દુષ્ટ જીવોના દોષોનો અંગીકાર કર્યો અને એ દ્વારા એમના નિરોધની સિદ્ધિનો ઉપાય પણ રચ્યો, એટલે કે ભક્તજનોને દોષમાંથી મુક્ત કરી પોતે એમને ગ્રહણ કર્યા, કારણ કે પોતે પોતાના લાક્ષણિક અગ્નિત્વથી એમને ભસ્મીભૂત કરવા શક્તિમાન હતા, એટલે કે ત્રિગુણાતીત પુરુષોત્તમને પ્રાકૃત ધર્મો બાધ કરી શકતા નથી. (દયારામે પણ ગાયું છે કે ‘વલ્લભ કે કુલ મેં સબ હી વલ્લભરૂપ’.) આવી રીતે સ્વદોષોનો પણ સ્વપ્રભુ અંગીકાર કરે એટલે પુષ્ટિજીવો વિશુદ્ધ બની સ્વપ્રભુના સ્વરૂપમાં સહેલાઈથી નિરોધ સિદ્ધ કરી શકે. આ અને આવી લખનારે કરેલી દલીલો પરથી સંપ્રદાયનું સમર્થન કરવાનો એમનો હેતુ પણ સ્પષ્ટ વરતાય છે. એ દૃષ્ટિએ જોતાં ભલે આ ચરિત્ર સર્વજનોને માટે ઉપયોગી ન નીવડે તોપણ સંપ્રદાયના ભક્તજનો માટે તો એક ઉત્તમ પ્રકારનો ધર્મમૂલક ગ્રંથ બની રહે છે. આપણે પહેલેથી જોઈ ગયા છીએ કે આ ગ્રંથમાં પૂર્ણ મનુષ્ય જ ચરિત્રનો નાયક છે છતાં વિભૂતિ પ્રત્યેના શ્રદ્ધાભાવને વ્યક્ત કર્યા વગર આ પ્રકારના નાયકનું ચરિત્ર લખવામાં આવે તો એ, એ નાયકના ભક્ત સમુદાયને માટે, કોઈ રીતે ઉપયોગી થઈ ન શકે. એક સમૂહની પોતાના પ્રભુ વિશેની શ્રદ્ધા આ ગ્રંથમાં લેખક દ્વારા આ રીતે અભિવ્યક્ત થઈ છે.

લેખકનું કાર્ય શ્રીગોકુલનાથજી તથા એમના કુટુંબને જેવું હતું તેવું રજૂ કરવાનું હતું, એટલે કે એમના અને ભક્તોના હૃદયમાં શ્રદ્ધાપૂર્વક અંકાયેલી છબીને અક્ષરદેહ આપવાનું હતું. એમ કરવા જતાં એ છબી કોઈ રીતે ખંડિત ન થાય એ પણ એમને જોવાનું હતું. આવી રીતે શ્રદ્ધાના પાયા પર લખાયેલાં ચરિત્રો જે તે સંપ્રદાયને સમજાવવા માટે પણ ખૂબ મદદરૂપ બને છે, એટલું જ નહિ, પણ ચરિત્રના નાયક અને એના કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ પણ પેદા કરે છે. આ શ્રદ્ધા જ વાચકને ગમા-અણગમા અને પૂર્વગ્રહોમાંથી બહાર કાઢે છે અને તેથી ભક્તો અનિવાર્યપૂર્વક ચરિત્રને આનંદપૂર્વક વાચે છે.

ગ્રંથમાં શ્રીગોકુલનાથજીને એમના સમગ્ર કુટુંબ તેમ પરિસ્થિતિ તથા આસપાસ ચોપાસના સંદર્ભમાં આપણે જોઈએ છીએ ત્યારે એમની મહત્તા પિછાનીએ છીએ. શ્રીગિરિધરજીના આગ્રહથી કુટુંબમાંથી જુદા થયા એ વખતે એમણે બતાવેલી મહત્તા, કુટુંબપ્રીતિ, એકલે હાથે શ્રીગુસાંઈજીનું કરજ ચૂકવ્યું એ ઘટના તથા આ બધા પ્રસંગોના માધ્યમથી આચાર્યશ્રીના સિદ્ધાંતો સરળ કરીને સગ   અને વૈષ્ણવોનો વિસ્તાર કરી પ્રાકટ્યની પૂર્ણતા પ્રગટ કરી વગેરેથી એ સમજાય છે.

અલૌકિક, લૌકિક, આનંદમય એવા શ્રીજીનાં વિવિધ રૂપો આ ગ્રંથમાં પ્રગટ થતાં રહ્યાં છે. પ્રાતઃકાળે શ્રીજી ઊઠે ત્યારથી તે રાત્રે એઓ પોઢે ત્યાં સુધી ભાગ્યેજ એકાંતમાં જોવામાં આવતા. ભક્તજનોથી વીંટળાયેલા એઓશ્રીએ સંસ્કૃત ભાષાના ગ્રંથોની જ રચના કરી છે એમ નહિ, ચતુર શિક્ષકની માફક શુષ્ક તત્ત્વજ્ઞાનને રસમય બનાવી સામાન્ય લોકો પણ સમજી શકે એવી સાદી અને સરળ ભાષામાં દૃષ્ટાંતો વગેરેથી સમજાવવાનું કાર્ય કર્યું છે. શિક્ષાર્થે વ્રજ ભાષામાં કહેવાયેલાં એ વચનામૃતો તેમ વાર્ત્તા-પ્રસંગોની નોંધ એમના સેવકો રાખતાં, જેમાંથી ચોવીસ વચનામૃત, ચોરાસી વૈષ્ણવની વાર્ત્તા, બસો બાવન વૈષ્ણવની વાર્ત્તા, નિજવાર્ત્તા-ઘરુવાર્ત્તા, શ્રીનાથજીના પ્રાકટ્યની વાર્ત્તા વગેરે ગ્રંથો પ્રગટ થયા છે, જેણે વ્રજ તથા હિંદી ભાષાના ગદ્યનો પાયો નાખવામાં પણ નોંધપાત્ર અસાધારણ કાર્ય કર્યું છે.[૨૫]

ગઢાથી ગોકુળ આવેલા શ્રીજીના પ્રગટેલા આનંદમય સ્વરૂપને સમજાવતાં લેખક કહે છે કે ''આધિદૈવિક સ્વરૂપે સર્વ ભક્તજન નિરંતર શ્રીજીની સાથે જ છે તથા એમનાં આધિભૌતિક સ્વરૂપ ભૂતલ પર સર્વને દૃશ્યમાન હોય છે, પરંતુ જ્યારે શ્રીજી નિજેચ્છાથી ભૂતલ પર પધાર્યા ત્યારે એ આધિદૈવિક સ્વરૂપોએ પોતાનાં આધિભૌતિક સ્વરૂપોમાં પ્રવેશ કરી એમને આનંદમય બનાવ્યાં, એટલે કે શ્રીગોકુલ શ્રીગોવર્ધન શ્રીયમુનાજી વ્રજ વગેરે જેઓ શ્રીજીના આગમન પહેલાં આધિભૌતિક સ્વરૂપે જડવત્ બિરાજતાં હતાં તેઓમાં આપશ્રીના પધાર્યાની સાથે એમનું આનંદમય સ્વરૂપ પ્રગટ થયું.''[૨૬]

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે સત્ ચિત્ આનંદ એ ત્રણેથી એકાત્મક બ્રહ્મ પદાર્થ માત્રમાં હાજર છે, પણ બ્રહ્મમાંથી આનંદ અંશ ઢંકાઈ જાય ત્યારે એ જીવ કહેવાય છે અને આનંદની સાથે ચિદ્ અંશ પણ અદૃશ્ય થાય તો એને આપણે જડ સંજ્ઞા આપીએ છીએ. બ્રહ્મની ઇચ્છા માત્રથી એ અંશો બહાર આવતાં એ આનંદરૂપ થઈ બ્રહ્મ થઈ જાય છે. ઉપર જે વિધાનો લેખકે કર્યાં છે તે પરથી આ સિદ્ધાંત પ્રમાણે જોઈ શકાય છે કે શ્રીજી ગોકુલમાં પધારતાં શ્રીગોકુલ શ્રીગોવર્ધન શ્રીયમુનાજી વગેરેમાં ચિદ્ અને આનંદ અંશ પ્રગટતાં એઓ આનંદમય બ્રહ્મરૂપ થયાં.

શ્રીગોકુલનાથજીએ અપવાદ ગણાય એવા એકાદ બે સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે, પણ શ્રીયમુનાષ્ટક શ્રીસુબોધિનીજી શ્રીસર્વોત્તમસ્તોત્ર વગેરે પર એમણે સમૃદ્ધ ટીકાઓ લખી છે અને એ દ્વારા પુષ્ટિમાર્ગનાં ગૂઢ રહસ્યો પ્રગટ કર્યાં છે. મૂળ ગ્રંથોનું ગૂઢ રહસ્ય સમજવું અઘરું હોવાથી શ્રીગોકુલનાથજી જીવનભર એ રહસ્યને સમજાવતા રહ્યા અને એ રીતે પુષ્ટિમાર્ગના પોષક તથા રક્ષક રહ્યા અને સ્વજનોને શ્રીઠાકોરજીના સ્વરૂપનું તથા માર્ગનું જ્ઞાન કરાવ્યું. ભક્ત ગોપાલદાસજીનું કહેવું છે કે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તેમ શ્રીગુસાંઈજીએ પોતાના ગ્રંથોમાં જે રસાત્મક સ્વરૂપ અતિ ગૂઢ રીતે વર્ણવેલું છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલેશ પ્રભુનું છે. આગળ બીજું પ્રાકટ્ય નહિ હોવાને કારણે એમણે પોતે એવા સ્વતંત્ર ગ્રંથો રચવાને બદલે જે પ્રાકટ્ય એમને માટે જ હતું તે વ્યર્થ ન જાય તેથી પ્રાકટ્યદશામાં જ સ્વરૂપનું જ્ઞાન કરાવતી વિસ્તૃત અને સમૃદ્ધ ટીકાઓ લખી, પણ સ્વરૂપની અપ્રગટ દશાએ કેવળ વિપ્રયોગના અનુભવ સિવાય બીજું કંઈ

હતું નહિ. આ ખોટ પૂરી કરવા દારુણ વિપ્રયોગના શ્લોકો રચ્યા.

ભક્તને શ્રીજી વગર અને શ્રીજીને ભક્ત વગર થતાં વિરહ તથા મિલનથી શાંત થતો વિરહાગ્નિ લેખક જુદા જુદા પ્રસંગોથી વર્ણવે છે, જે એતત્પુષ્ટિમાર્ગ એ ખરેખરો પ્રેમમાર્ગ છે એ વાતના ઘોતક છે. ચરિત્રલેખક એ રીતે પુષ્ટિમાર્ગના એ સિદ્ધાંતને સ્પષ્ટ કરે છે કે દુઃખ પીડા વિરહ પ્રેમમાર્ગમાં આગળ વધવાનાં સાધનો છે. એ સાધનો વડે વિષય ભસ્મીભૂત થાય છે અને ભક્તજનો પોતાની ઈંદ્રિયોનો સ્વપ્રભુ વિશે નિરોધ કરે છે ત્યારે પ્રભુ પોતે એના હૃદયમાં પ્રગટ થઈ બિરાજે છે અને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે.

શ્રીમુખનાં વચનામૃતોને પણ ગ્રંથલેખક જુદા જુદા પ્રસંગોથી સમજાવે છે. દા.ત., ગઢાનાં રાણી દુર્ગાવતીને ત્યાં શત્રુરાજ્યનો ઉપદ્રવ કેમ થયો ? એ પ્રશ્નને સમજાવવા લેખક કહે છે કે એ રાણીના રાજ્યનો ઉપયોગ પ્રભુને ન હતો, પ્રભુને તો રાણીના દેહાત્મક ભાવનો સ્વીકાર હતો માટે એમણે એવી લીલા કરી કે રાજ્ય રાણીને રુકાવટરૂપ થાય. રાણીને પણ દેહ ગેહ તથા વૈભવ પર અરુચિ વધતી જતી હતી. સ્વરૂપમાં લોભાયેલાં રાણી ગઢામાંથી શ્રીજીની વિદાય વેળાએ દેહ છોડવા પણ સંકલ્પ કરે છે. આ અસહ્ય સંતાપ શ્રીજીએ જાણ્યો અને રાણીના અનુગ્રહ માટે પોતાના સામર્થ્યથી લડાઈ અને રાજ્યનો નાશ થાય એવો, ભલે પીડારૂપ હતો તોપણ, ઉપદ્રવ થવા દીધો,[૨૭] એમ કહી લેખક શ્રીમુખના એ વચનામૃતને સમજાવે છે કે 'જેના પર હું અનુગ્રહ કરું છું તેનું વિત્ત હરું છું.'

સંસ્કૃતિનો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે સંતોની પ્રવૃત્તિઓમાંથી આપણે હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિના સહજીવનની શક્યતાઓ જોઈએ છીએ. લેખક શ્રીજીના ચરિત્રમાં કેટલીક એવી વિગતો પણ નોંધે છે.[૨૮]

આપણે કેટલાક નમૂના જોઈએ :

સિકંદર લોદીને શ્રીમદ્ આચાર્ય પ્રત્યે ખૂબ જ માન હતું અને એને આચાર્યશ્રીની છબી ઉતરાવી હતી, જે હાલ કિશનગઢના રાજાને ત્યાં છે. સિકંદર લોદીમાં તો-ઈસ્લામનું ઝનૂન વધારે હતું અને હિંદુઓનાં મંદિરો એણે તોડ્યાં હતાં છતાં આચાર્યશ્રીની પ્રવૃત્તિઓથી એ કેટલો પ્રભાવિત થયો હતો એનો આ બોલતો પુરાવો છે.

બાબરે મુઘલાઈને સ્થિર બનાવી હતી. એ મુઘલાઈનો યશસ્વી કારભાર આશરે બસો વર્ષ (૧૫૦૦ થી ૧૭૦૦) ચાલ્યો. આ અમલને ભારતીય સંસ્કૃતિ અને આબાદીની દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાનો ગણી શકાય. હુમાયુ મુસલમાન બાદશાહ હતો છતાં એનો શ્રીવલ્લભાચાર્યજી પ્રત્યે કેવો પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા હતાં એ લેખકના શબ્દોમાં જ જુઓ :

''એણે આચાર્યશ્રીનો અતુલ પ્રભાવ જોઈ પ્રસન્ન થઈને શ્રીમદ્ગોકુલ તથા શ્રીગિરિરાજ ઉપર કોઈ પણ યવને રહેવું નહિ તેમજ કોઈ પણ પ્રકારની હિંસા આદિક પણ કરવી નહિ, વળી શ્રીગિરિરાજ (હાલનું ગોપાલપુર) તથા શ્રીગોકુલ ઉપર કોઈ પણ પ્રકારનો કર લેવો નહિ, એવા પ્રકારનો પટ્ટો યાને મુદ્રાલેખ કરી આપ્યો હતો કે જે અત્યાર સુધી પણ એ બેઉ ગામો શ્રીગૌસ્વામી ટિકેત શ્રીગોવર્ધનલાલજી મહારાજ (શ્રીનાથદ્વારા)ના તાબામાં છે.''[૨૯] (સ્વરાજ્ય મળ્યા પછી આવાં ગામો તે તે રાજ્યમાં

વિલીન થઈ ગયાં છે.)

હિંદુ-મુસ્લિમ સમન્વય માટે અકબરનું નામ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. આર્ય-ઈસ્લામ બંને વિદ્વત્તાને એણે પોષી હતી. બહુ જ સ્પષ્ટ રીતની મઝહબી સહિષ્ણુતા અને ઉદારતા નિત્ય જીવનમાં એણે દાખવી. લેખક જીવનચરિત્રમાં શ્રીજન્માષ્ટમી-નિર્ણયનો પ્રસંગ વર્ણવે છે. એમાં શ્રીજીની જીત થતાં અકબર શ્રીજીને અને ગિરિધરજીને ખૂબ માન આપે છે. ધ્યાનમાં રહે કે ત્યાર પછી શ્રીજીએ 'જન્માષ્ટમીનિર્ણય' નામનો ગ્રંથ બહાર પાડ્યો.

અકબરે શ્રીગુસાંઈજીને શ્રીગોકુલ ગામ ત્રાંબાપત્રે લખી ભેટ કરી આપ્યું હતું અને તેથી હજુ પણ શ્રીગુસાંઈજીના વંશજ શ્રીગોકુલની પેદાશ વસૂલ કરે છે. શ્રીગુસાંઈજી બાદશાહના માન અર્થે જ્યારે જ્યારે બાદશાહ આગ્રે આવતો ત્યારે એને મળવા જતા અને શ્રીજીએ પણ આ રિવાજ ચાલુ રાખ્યો હતો, તેથી ગુજરાતથી પાછા ફરતાં જ્યારે જહાંગીરનો મુકામ સિકરી આવ્યો ત્યારે એને આશીર્વાદ આપવાને શ્રીજી સિકરી પધાર્યા એ ઈતિહાસમાં નોંધાયેલી હકીકત છે.

ગ્રંથનો બીજો ભાગ માલાપ્રસંગ અંગેનો છે.

આ આખાય જીવનચરિત્રમાં કશોક સંઘર્ષ થાય કે પુષ્ટિપ્રાકટ્યો સામાન્ય પ્રાકૃત જીવધર્મોનો અંગીકાર કરે અથવા એવો પ્રસંગ ઊભો થવાનો હોય ત્યારે લેખકે એવી નિમિત્તની વ્યવસ્થા કોઈ ગૂઢ શક્તિ જ ગોઠવી રહી છે એમ વખતોવખત કહ્યું છે. એમ કરીને એઓ પ્રભુની લીલાના અનેક હેતુઓ સિદ્ધ કરે છે.[૩૦] માલાપ્રસંગને પણ એ જ રીતે વર્ણવે છે. લેખકનું કહેવું છે કે બીજા પ્રાકટ્ય માટે વ્રજ અને દેશાંતરોનાં સ્વરૂપ એક નથી, જ્યારે શ્રીગોકલેશ પ્રભુ તો એક રસરૂપ પ્રાકટ્ય છે અને તેથી સ્વપ્રાકટ્યની વિશેષતા પ્રકટ કરવાને શ્રીજી માલોદ્ધારની લીલા કરે છે. એ લીલામાં ઉત્તર દેશ કે જ્યાં બ્રાહ્મણોને જવામાં રસ નહોતો અને તેથી મ્લેચ્છબહુલ પ્રદેશોમાં શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા નહોતા તેવા હીનભાગી દેશના દૈવી જીવોનો પોતાનો પ્રાકટ્યસમયમાં પણ અંગીકાર થાય નહિ એ ભક્તવત્સલ શ્રીગોકુલેશ પ્રભુ સહન કરી શક્યા નહિ અને તેથી એ ભક્તાત્મક અને સંપ્રદાયરક્ષક પ્રભુએ સ્વઈચ્છાથી માલાનો મામલો ઊભો કરી માલાના રક્ષણ અર્થે ઉપર જણાવેલ દેશમાં પધાર્યા અને ત્યાંના દૈવી જીવોને અદેય દાન દીધું.

આમ માલાપ્રસંગ એટલા માટે ઊભો કર્યો કે એનું રક્ષણ પુષ્ટિમાર્ગ છે અને પોતે પુષ્ટપુષ્ટ પ્રાકટ્ય હોવાથી ઉત્તમ સંપ્રદાયની રક્ષાને અર્થે ખાસ અપવાદ કરી આપી ભક્તના સૌભાગ્યનો જે શૃંગાર છે તેવાં માલાતિલકનું એમણે રક્ષણ કર્યું.[૩૧]

ચિદ્રૂપ નામના એક સંન્યાસીની ચડવણીથી જહાંગીરે માલા ઉતારવાનો હુકમ કર્યો હતો. એ હુકમ નહિ માનનાર અને પોતાની ટેક રાખનાર ભક્તજનોની શ્રીજીએ ચમત્કારિક રક્ષા કરી હતી.[૩૨] ચિદ્રૂપ સાથે શ્રીગોકુલનાથજીએ મુલાકાત કરી અને શાસ્ત્રાર્થ કર્યો. શ્રીજીએ ગરુડપુરાણ સ્કંદપુરાણ પદ્મપુરાણ અને બીજાં શાસ્ત્રોમાંથી પ્રમાણ આપી વૈષ્ણવોને શંખ ચક્રાદિ છાપાં તેમ ઊભું તિલક તથા તુલસીની માલા ધારણ કરવાં વગેરે દોષ નથી એમ સિદ્ધ કરી બતાવ્યું. શ્રીજીએ ભાગવત ગીતા વગેરેનો આધાર લઈ વૈષ્ણવમાર્ગનું સાચું અર્થઘટન કરી બતાવ્યું અને માલા ધારણ કરવાનો,

સ્ત્રી શૂદ્રોને વૈષ્ણવી દીક્ષા લેવાનો અને બીજી પણ બાબતોમાં ચોક્કસ ખુલાસો કરી બતાવ્યો ને એ રીતે ચિદ્રૂપને પરાજિત કર્યો.

પરાજિત થયા છતાં વેર કરીને ચિદ્રૂપે માલા ઉતરાવવાના પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા, મથુરામાં કેર વર્તાવ્યો અને માલા ઉતરાવવાના ઉપાયો કર્યા.[૩૭]

જહાંગીર સાથે શ્રીજીની માલા-તિલકના રક્ષણ માટે પ્રથમ મુલાકાત કાશ્મીર જતાં કરણાવલ પાસે થઈ. હઠ પર ચડેલા બાદશાહ સામે શ્રીજી પણ મક્કમ જ રહ્યા. એમનો એક જ જવાબ હતો કે શાસ્ત્રોમાં જે કરવાનું લખ્યું હોય તે અમે કરીશું. માનબાઈ જે બાદશાહને પરણી હતી તેણે કહ્યું કે જો બાદશાહ શ્રીગોકુલનાથજીને માલા-તિલક ઉતારવાનું હવે પછી કહેશે તો હું કટાર મારીને આપઘાત કરીશ, આથી બાદશાહની મૂંઝવણ ઘણી વધી ગઈ અને એણે આ તકરારનો અંત લાવવા આસફખાન અને ઈતબારખાનને વચમાં નાખ્યા. આસફખાનનું વલણ શ્રીજી તરફ હતું તેથી સંન્યાસી ચિદ્રૂપને એણે દબાવ્યો અને કળથી બાદશાહ પાસે શ્રીજી-તરફી લખાણ કરાવી આપ્યું. ચિદ્રૂપ માટે બાદશાહને ઘણું માન હતું, બાદશાહ એનો પક્ષપાત કરતા હતા તેથી એનો ગર્વ વધી ગયો હતો અને એને મથુરામાં માલા-તિલક ઉતરાવવા જુલમ કર્યો હતો, પણ શ્રીજીએ અંત સુધી બેધડક લડત આપી અને અંતે વિજય મેળવ્યો. શ્રીજીએ માલા-તિલકના પ્રસંગમાં આટલી બધી શક્તિઓ શા માટે ખરચી એ સમજાવવા લેખકે ‘સંપ્રદાયમાં માલા-તિલકના સ્થાન’ વિશે એક વિશિષ્ટ પ્રકરણ લખ્યું છે, જેના દ્વારા વૈષ્ણવો બહારની દુનિયામાં એતન્માર્ગનાં સંસ્કાર અને જ્ઞાનથી વંચિત એવા એમના બાળકોને જોઈ શકે છે, એટલું જ નહિ, પણ જીવન જીવવાના વૈષ્ણવી રાહને એ ઉદ્‌ઘાટિત કરે છે. ટ્રેડ માર્ક ચપરાશ સૌભાગ્યચિહ્ન વિજયપતાકા વગેરે સાથે વૈષ્ણવ માર્ગનાં આ બાહ્ય ચિહ્નોને સરખાવી એના રક્ષણ અર્થે ચાલેલા લાંબા ઝઘડાને અંતે વિજય મેળવવા ખરચાયેલી શક્તિઓને એઓ યોગ્ય ગણે છે. **એ રીતે માત્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને જ નહિ, વિષ્ણુસ્વામી-રામાનુજાચાર્ય-નિંબાકાચાર્ય-મધ્વાચાર્ય-ચૈતન્ય મહાપ્રભુ-રાધાવલ્લભીય-રામસનેહી વગેરે સંપ્રદાયોના વૈષ્ણવોને પણ ચિદ્રૂપના દ્વેષમાંથી બચાવી લીધા.**

(**નોંધ :** એક મહત્ત્વની વાત નોંધવા જેવી છે કે જહાંગીર અને શ્રીજી વચ્ચે સમાધાનને ઉદ્દેશે આસફખાન એક વાર શ્રીજી પાસે આવેલો. શ્રીજીને ગુસ્સે થયેલા જાણી આસફખાન પાછો વળ્યો ત્યારે શ્રીજીએ પોતાના પગની એક પાદુકા એની પાછળ ઉલાળીને ફેંકી. પાદુકા જમીન પર પડી ને એની ખૂંટી નીકળી ગઈ. આસફખાન એ ખૂંટી હાથમાં લઈ પોતાના મસ્તક ઉપર અડાડી લઈ ગયો. આ પાદુકાઓ શ્રીજીએ આપના હિતૈષી મિત્ર (શ્રીગુસાંઈજીના સેવક) પરમ વિદ્વાન (કલ્લોલ અને ગીતાની સં. ટીકા ‘રસિકરંજની’ના કર્તા, સૌરાષ્ટ્રના જામખંભાળિયાના ગિરનારા બ્રાહ્મણ ‘સાંકળિયા’) કલ્યાણ ભટ્ટ ઉપર પધરાવી આપેલી, જે એમના વંશજો ઉપર બિરાજતાં હતાં. શ્રી કલ્યાણ ભટ્ટની ૧૪ મી પેઢીએ થયેલા વૈદ્યશાસ્ત્રી જયવલ્લભ લીલાધર ભટ્ટ (માંગરોળ-સોરઠના શ્રીગોકુળનાથજી મંદિરના ગો. વા. મુખિયાજી મામા કાનજી ગોવિંદજી પંડ્યાને ત્યાં ઊછરેલા એમના) ઉપર બિરાજતાં હતાં. એઓ વઢવાણની હવેલીમાં અધિકારી થયા હતા એટલે ત્યાં પધરાવી ગયા હતા. એઓ ગો. વા. થતાં એમનાં પત્નીએ કર્ણાવતી (અમદાવાદ)-આશ્રમરોડ ઉપરના શ્રીવલ્લભ

સદનમાં મોકલી આપ્યાં, જે એ મંદિરમાં શ્રીનાથજીની ડાબી બાજુ સેવામાં દર્શન આપે છે. આમ આપા દુદાઓ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે.)

આ પ્રકરણ લખાયું એ સમયે અને એ પછીના વર્ષ દરમ્યાન પણ દેખાતા માણસના પ્રશ્નો, સમસ્યાઓ, તથા સંસ્કૃતિઓના ઈતિહાસમાં પ્રગટ થયેલાં મૂલ્યો, કેળવણીના પ્રશ્નો, નીતિમય જીવન અને આધ્યાત્મિક સાધનાની સિદ્ધિઓ તેમ મૂંઝવણો વગેરે વિશે જ્યારે જ્યારે આપણે વિચાર કરીએ છીએ અને માર્ગ શોધીએ છીએ ત્યારે ત્યારે એ સર્વની પાછળ રહેલી ચેતનાની અદ્‌ભુત રહસ્યમયતાની ઝાંખી કરાવતાં જે લખાણો જીવનનો સાચો રાહ શોધી આપવા માટે આપણને સાંપડે છે તેની યાદીમાં ઉપર કહ્યું તે પ્રકરણ પણ ચોક્કસ જ સામેલ કરી શકાય. ભલે એ પુષ્ટિમાર્ગના વૈષ્ણવો માટે લખાયુ છે તોપણ પ્રશ્નોથી સભાન બનાવવા, પ્રજાકીય ચેતનામાં ક્રાંતિ કરવા કેટલેક અંશે એ ફાળો આપી શકે.

આપણે ઉપર જોયું કે આસફખાને બાદશાહ પાસે કળથી શ્રીજી-તરફી લખાણ કરાવી આપ્યું હતું. પણ ચિદ્રૂપ તો પોતાની મૂળ પ્રકૃતિ પ્રમાણે જ વર્તતો, એ દિવસે દિવસે ત્રાસ અને ભય ફેલાવે છે. સંન્યાસીના અનહદ જુલમની સામે ક્રોધે ભરાયેલા વૈષ્ણવો સંન્યાસીનો નાશ કરવાની જુદી જુદી યુક્તિઓ વિચારે છે, પણ શ્રીજીએ બધા જ સંપ્રદાયોના વૈષ્ણવોને આજ્ઞા કરી કે તમારે આવા વિચારો કરવા નહિ. એ સંદર્ભે કવિ ગોપાલદાસની નીચેની પંક્તિ શ્રીજીના વ્યક્તિત્વને ઉપસાવવા પૂરતી છે : ''સહન સહન એ વલ્લભની વાણી છે.''[૩૪] શ્રીજીનો સ્વજનોને સંદેશો આ છે : માર્ગના રક્ષણ અર્થે જે કંઈ દુઃખ પડે તે સઘળું સહન કરવું, પણ દેહાંત સુધી માર્ગ છોડવો નહિ. માર્ગને માટે પણ સત્યાગ્રહ જ રાખવો, એટલે માર્ગના રક્ષણ અર્થે બંડ વગેરે નિંદિત ઉપાયો ન યોજતાં પોતાની જાતે સર્વ સહન કરવાનો આગ્રહ રાખવો, તો અંતે પ્રભુ રક્ષણ કરશે.[૩૫] આવા વિચારો દ્વારા ગ્રંથમાં શ્રીજીનું ચરિત્ર ઊપસે-વિકસે છે, એટલું જ નહિ, પણ આ લેખના પ્રારંભમાં આપણે પુષ્ટિમાર્ગના ભક્તોના જીવનની જે શૃંખલા નોંધી છે તેને જ એ ઉચિત ન્યાય આપે છે.

આ ગ્રંથ એ સમયે લખાયો છે કે જ્યારે મહાત્મા ગાંધી સત્યાગ્રહની લડત ચલાવવા માગે છે. શ્રીજીના ઉપર્યુક્ત સંદેશનો આધાર લઈ લેખક લખે છે કે ''આજકાલ દેશના ઉદય માટે મિ. મોહનલાલ કરમચંદ ગાંધી જે સત્યાગ્રહની લડાઈ ચલાવવા માગે છે તે સત્યાગ્રહનું જ તત્ત્વ શ્રીજીએ પોતાના ભક્તોને ધર્મના રક્ષણ અર્થે સૂચવ્યું હતું.''[૩૬] આમ લેખકે ગાંધીજીમાં પુષ્ટિસંપ્રદાયના બીજરૂપે જે કંઈ સંસ્કાર પડેલ છે તેને પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે,[૩૭] એટલું જ નહિ, પણ આ જગતમાં શ્રીજીનું પ્રગટવું આધુનિક સમાજને પણ કેટલું ઉપકારક તેમ સાર્થ રહ્યું છે એ સિદ્ધ કર્યું છે. વખતોવખત લેખકે શ્રીજીના સેવકોને પણ કસોટીમાંથી પાર ઊતરતા બતાવ્યા છે. દા.ત., દામોદરદાસ અને વિશ્રામ જેવા પરમ ભક્તોને શ્રીજીના સાંનિધ્યમાં જ મ્લેચ્છોના હાથે માર પડે છે, જેમાં એમના ધૈર્યની કસોટી થાય છે અને એ રીતે એઓ શ્રીજીની અધિક કૃપા તથા અધિક દાનના અધિકારી બને છે.[૩૮] શ્રીજી કેટલાક વૈષ્ણવોની પરીક્ષા પણ કરી જુએ છે કે એઓ માલા નહિ ઉતારવાના આગ્રહી છે કે નહિ. એમણે જોયું કે એમના આરૂઢ વૈષ્ણવો તો માલાની રક્ષા અર્થે મરવા તૈયાર થયા છે. આ

બધાંનું પરિણામ એ આવ્યું કે સત્ય તથા ધર્મ વધુ ને વધુ દૃઢ નિશ્ચયથી ટકી રહ્યાં, જેને કારણે સંન્યાસી ચિદ્રૂપ નગરવાસીઓનો ખૂબ ફિટકાર પામ્યો અને એનું વલણ બદલાયું. આ બધા સમય દરમ્યાન સંન્યાસી સામે વૈષ્ણવો અનેક વાર ઉશ્કેરાયા છે છતાં શ્રીજી સહેજ પણ અસ્વસ્થ થતા નથી.[૩૯] શ્રીજીની આ સ્વસ્થતા એમના સમગ્ર જીવનકાલ સુધી દેખાયા કરે છે.[૪૦] વિશેષતા એ છે કે એઓ બીજાઓને પણ અસ્વસ્થ થતા અટકાવે છે તથા એમનું મનદુઃખ દૂર થાય અને શાંતિની સ્થાપના થાય એવા પ્રયત્નો કરે છે. દા.ત., ચિદ્રૂપની ગુફામાં તોફાને ચડેલા વૈષ્ણવો ધીરજ રાખે એવા પ્રયત્નો શ્રીજી સતત કરે છે. ગુફામાં દાખલ થતા વૈષ્ણવોને કારણે ખેડૂતોનો પાક ચકદાયો એમની નુકસાની શ્રીજી પોતે ભરી આપે છે.[૪૧] કાજી કે જેને ચિદ્રૂપે ગોકુલનાથજી વિરુદ્ધ તૈયાર કરેલ દસ્તાવેજ ઉપર મહોર કરવાની હતી તે ઘણો અસ્વસ્થ થઈ ગયો ત્યારે શ્રીજીએ કાજીને જેવું તમે જોયું હોય તેવું લખો એમ કહીને દસ્તાવેજ ઉપર સહી કરવાની આજ્ઞા આપી એની અસ્વસ્થતા દૂર કરી.[૪૨] આમ પ્રભુના સત્ય ન્યાયનું લેખક ગૌરવ કરે છે, જે શ્રીજીના ચરિત્રને ઉપસાવવામાં પોષક બને છે.

શ્રીજીની પ્રતિભાના ઉપર કહ્યા તેવા તો ઘણા તેજસ્વી ઉન્મેષો આ ગ્રંથમાં છે.

આપણે થોડા વધુ નમૂના જોઈએ :

પ.ભ. ગોપાલદાસભાઈએ એમના અનુભવબળે શ્રીજીએ કાશ્મીર પધારવાનું નક્કી કરતાં સ્વપ્રભુના વિયોગ સંબંધી ભક્તોનો વિરહાનલ ઘણો સચોટ રીતે આલેખ્યો છે અને એ દ્વારા પુષ્ટિભક્તોને સેવ્ય પ્રભુ માટે કેવો પ્રેમ જોઈએ એનું દર્શન કરાવ્યું છે.[૪૩] આની ઠીક ઠીક પંક્તિઓ લેખકે ટાંકી છે, તો ભક્તજનો એમના પ્રાણપ્રભુની વિવિધ લીલાઓ અને એ દ્વારા મળતાં સુખ તથા આનંદને યાદ કરી કરી પશ્ચાત્તાપ કરે છે કે આવો લહાવો ફરીને એઓને ક્યારે પ્રાપ્ત થશે. એક ભક્તજન, જેને શ્રીજીનાં મોહક સ્વરૂપ અને પ્રતાપનો અનુભવ હતો તે બોલી ઊઠે છે :

"એક કહે બાઈ એહનું, સ્વરૂપ સલૂણ અપાર,
વિશ્વમોહક ને મોહામણું, તેજ તણો રે ભંડાર.
એવું જોઈ પૃથ્વીપતિ, જાશે રે પાણી થઈ,
સંન્યાસી જખ મારતો રે રહેશે મોઢું લઈ રે."[૪૪]

કાશ્મીર જતાં પહેલાં પ્રભુએ પોતાના તર્કબળે પોતાના યશ તથા પ્રતાપને ભક્તજનોના હૃદયમાં પ્રવેશ કરાવી, ત્યાં રહેલા કલેશને દૂર કરી, એમને ત્યાં રહેવા આજ્ઞા કરી દૃષ્ટિ દ્વારા પોતાના વિરહી સમાજના હૃદયમાં પોતાનું સ્વરૂપ સ્થિર કર્યું અને એમનાં સ્વરૂપોને પોતાના હૃદયમાં સ્થાપન કર્યાં. આ વિરહ ૯૧ દિવસનો હતો. કાશ્મીર જઈ શ્રીગોકુળ પાછા ફરતાં એમને એટલા દિવસ થયા તેમાં ૬૭ મજલમાં ૨૨ મુકામ કર્યાં. આ ૯૧ દિવસ વિરહી સમાજને વિરહ કરાવી દશવિધ ભક્તિ અને ૮૧ ભાવ જણાવ્યા.

શ્રીજીએ ૫૫ ગામ તથા ૪૪૪ કોશનો ઘણો વિકટ અને કાશ્મીરનો પહાડી પ્રવાસ ચોમાસાના ભર વરસાદમાં તથા અતિશય ઠંડી અને સંકટ વચ્ચે કર્યો, એમાંય ભંભેર પછીનો માર્ગ તો નદી પહાડો અને કોતરોથી ભરપૂર હતો અને એમાં વરસાદ ધોધમાર પડતો હતો. આઢિઢંકની ઘાટી અને આરનો ચડાવ તથા ઢોળાવ વગેરે વિકટ હતાં

તથા રત્નપંજાલમાં બરફ અતિશય હતો અને પીરપંજાલની ઘાટી તો મહા ભયંકર હતી.[૪૫] સિત્તેર વર્ષની વૃદ્ધાવસ્થાએ સિદ્ધાંતના રક્ષણ અર્થે આ પ્રવાસ એમણે કર્યો. આ યુદ્ધની ઉતાવળ તો કેવી કે વચ્ચે શ્રીપુરુષોત્તમદાસે શ્રીગોવર્ધનનાથજીના દર્શનાર્થે પધારવા વિનંતી કરી ત્યારે પ્રભુએ કહ્યું કે વળતાં આવીને નિરાંતે દર્શન કરીશ, હાલ વિલંબ થવો જોઈએ નહિ.

મુસાફરી દરમ્યાન શ્રીજી વખતોવખત વૈષ્ણવોને શિક્ષાર્થે બોધવચનો પણ કહે છે. દરેક મુકામે ભક્તજનો જ્યાં રસોઈ કરતા ત્યાં એઓ પધારતા અને શિક્ષા તથા હિતાર્થે જે કંઈ કહેવા જેવું હોય તે કહેતા અને સાવધાન કરતા.[૪૬] પ્રભુ ભક્તોના ભાવનો અંગીકાર કરી એમની રસોઈનો પણ સ્વબળે અંગીકાર કરતા તથા ભક્તજનોને અનેક પ્રકારના બોધ અને આનંદનું સુખ આપતા.

લેખક કહે છે કે ભગવદીયોમાં જે ખાનપાનનો ભેદ જોવા મળે છે તે છેક શ્રીજીના સમયથી ચાલ્યો આવે છે. કાશ્મીરપ્રવાસ વેળાએ પણ આ ભેદ દેખાય છે. પ્રભુ સંબંધી ભાવ સંપૂર્ણ રીતે એક ન હોય તેવા કોઈ પણ ભગવદીય સંઘાતમાં ખાનપાન કરતા નહિ, ફક્ત સ્વજાતિભાવના હોય તેમની જોડે જ ખાનપાનનો વ્યવહાર રાખતા, તેથી આ પ્રવાસમાં પણ જેમના ભાવ એક હતા તેઓ ભાવથી ભેગી રસોઈ કરતા અને જેઓને ભાવસંબંધી કાંઈ ન હોય તેઓ પોતાની ન્યારી રસોઈ કરતા.[૪૭]

લેખક શ્રીજીનું પતિવ્રતાના પતિ તરીકે બહુમાન કરે છે એ આ રીતે : 'બ્રાહ્મણે સરસ્વતી ઉલ્લંઘવી નહિ' એ શાસ્ત્રવચનને માન આપી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ એ ઉલ્લંઘી નહોતી તેમજ કુરુક્ષેત્રની યાત્રા વખતે શ્રીજીએ પણ એ વચન માન્ય રાખ્યું હતું, પણ માલાના પતિએ માલાનો ધર્મ રાખવા હવે એ ઉલ્લંઘી. લેખક કહે છે કે 'પોતે શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે તેમ ''પતિવ્રતાના પતિ'' છે'.[૪૮]

સરહિંદના વૈષ્ણવો ૩ કોશ સુધી વાજિંત્રો સાથે સામા આવ્યા. ધ્વજ-પતાકાથી ગામ શણગારવામાં આવ્યું. શ્રીજીએ ભક્તજનોના મનોરથ સિદ્ધ કર્યા. ગોવિંદપાલમાં પણ વાજતે ગાજતે શ્રીજીને પધરાવ્યા. ત્યાં એમણે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. આમ આનંદમાં નાના મોટા પ્રસંગો બનતા રહ્યા. શ્રીજી વળી કેવા કે ચિદ્રૂપ કે જેને કારણે એમને આ અલભ્ય લાભ મળ્યો તેની પ્રશંસા કરી ઉપકાર માન્યો.[૪૯]

કાશ્મીરમાં બાદશાહની મુલાકાત પહેલાં શ્રીજીને આસફખાન સાથે માલા સંબંધી ઠીક ઠીક ચર્ચા થઈ અને શ્રીજીએ માલાનું પ્રાધાન્ય જનોઈ કરતાં પણ કઈ રીતે વધુ છે એ સમજાવી આસફખાનને પ્રભાવિત કર્યો. હરિદાસે સ્વસિદ્ધાંત ખાતર માથું આપવાની તૈયારી બતાવી : પ્રથમ માથું કાપો પછી માલા ઊતરશે એવાં એનાં નિશ્ચિત વચનોથી તથા વૈષ્ણવોના એવા વ્યક્તિત્વથી બાદશાહ ખૂબ પ્રભાવિત થયો.[૫૦]

શ્રીજીએ બાદશાહને નવ રૂપિયા શ્રીફલ ને પવિતરું ભેટ કર્યાં.[૫૧] બાદશાહ મૂળ અસુર યોનિનો હતો અને સંન્યાસીના દુઃસંગથી એનામાં જે દોષ દાખલ થયો હતો તેને પ્રભુએ પવિતરા દ્વારા દૂર કર્યો તથા બાદશાહમાં એના અધિકારને લઈ જે સ્વાભાવિક રાજસ ભાવ હતો તેને રજત (રૂપિયા) વડે દૂર કર્યો તથા શ્રીફળ આપી બંને ફળ સિદ્ધ કર્યાં. લેખક સત્સંગનો પ્રભાવ વર્ણવતાં કહે છે કે આ પ્રમાણે બાદશાહના સ્વાભાવિક તેમજ સંગજનિત દોષો દૂર કરી ફળને લાયક કર્યો.

જહાંગીર બાદશાહ કે જેના નામ માત્રથી અનેક ભૂપતિઓ ધ્રૂજતા તેની સામે શ્રીજીએ નિર્ભયપણે વાદ કર્યો એ જોઈ સભાના સર્વ અમલદારો અને ઉમરાવો ચકિત થઈ ગયા. બાદશાહે જોયું કે શ્રીજી પોતાનાં માલા-તિલક માટે જીવ આપવા તૈયાર છે અને જો એમને કંઈ થાય તો એમની પાછળ હજારો માણસોની હત્યા થાય, તેથી હત્યાઓ કર્યા સિવાય પોતાનું વચન પાર પાડવાના ઉપાયરૂપે શ્રીગોકુલ છોડવાનો હુકમ કર્યો ત્યારે શ્રીજીએ ગોકુલ અને ત્યાંનો ઘરબાર વગરે વૈભવ છોડવા એકદમ હા પાડી, પણ માલા-તિલક ઉતારવાની ના પાડી અને શ્રીજીએ શ્રીગોકુલ છોડવાનું લખાણ પણ આપ્યું તથા જે રીતે પોતાનો ટેક તેમ સત્યતા ઇત્યાદિથી પોતાનો વિરાગ સાબિત કરી આપ્યો ત્યારે બાદશાહને ખાતરી થઈ કે શ્રીજીનો ટેક સાચો છે અને એ ઘણો પસ્તાયો તથા વારાણસીને બદલે કોઈ નજીકના સ્થાનમાં રહેવાની પરવાનગી આપી. એ સ્થાન સોરમ. શ્રીજી ગોકુલથી સોરમજી પધારે છે.[૫૨]

સોરમજી જતાં શ્રીજીને જે જગ્યા પસંદ પડી ત્યાં વૈષ્ણવોએ આડ્યો તોડી નાખી ગંગાજીમાં જવાનો રસ્તા બાંધ્યો. અમરાઈમાં મુકામ થયો, જે ઘાટ સમરાવ્યો તે ગોકુલઘાટ. આજે પણ એ 'વલ્લભઘાટ' તરીકે જાણીતો છે. રસોઈ બેઠક, સૈનમંદિર વગેરેની રચના થઈ. શ્રીજી જ્યાં ગયા ત્યાં ગોકુલ થઈ ગયું, કેમકે શ્રીગોકુલ શ્રીજીને છોડે નહિ. શ્રીજી જ્યાં જાય ત્યાં શ્રીગોકુલ થઈ જાય એવી એમની મહત્તા હતી. આવી રીતે આપશ્રીના મુકામને લોકો 'ગોકુલ' કહેવા લાગ્યા અને આજ સુધી એ સ્થળ શ્રીગોકુલના નામથી ઓળખાય છે. ત્યાં દેશ દેશથી વૈષ્ણવો પંડિતો ધર્મજ્ઞાતા શાસ્ત્રીઓ કવિઓ વગેરે આવતા, શાસ્ત્રચર્ચા થતી અને આનંદમાં દિવસો ગુજરતા.[૫૩]

બાદશાહ કાશ્મીરથી પાછો ફરતાં માંદગીમાં પટકાયો. ચિદ્રૂપને સોનું આપી બ્રાહ્મણોને વહેંચવા કહ્યું તેમાં ચિદ્રૂપે કરેલી ચોરી પકડાતાં એ બાદશાહને જૂઠો ઢોંગી અને દ્વેષી માલૂમ પડ્યો. કાશ્મીરમાં થયેલી વાતચીતથી શ્રીજીથી બાદશાહ પ્રભાવિત થયો જ હતો અને એ પોતાનો દોષ સમજ્યો તથા બધા જ સંપ્રદાયોના **વૈષ્ણવોને માલા-તિલક પહેરવાની છૂટ આપી** અને ગોકુલ વેરાન જેવું દેખાતાં શ્રીગોકુલનાથજીને ફરીથી ગોકુલ બોલાવ્યા, તેથી રાજી થઈ શ્રીજીએ સર્વ સમાજ સાથે સોરમથી મુકામ ઉઠાવ્યો અને શ્રીગોકુલમાં પુનરાગમન કર્યું.[૫૪]

સં. ૧૬૭૭ ના ચૈત્ર (વ્રજ) વદ ૧૧ ના રોજ શ્રીજી શ્રીગોકુલ પધાર્યા ત્યારપછી નિત્યલીલામાં પધાર્યા, સં. ૧૬૯૭ ના મહા વદ ૯, ત્યાંસુધીનો સમય શ્રીગોકુલમાં જ એઓએ ગુજાર્યો.

ગુજરાતની રસિક અને સ્વરૂપાસક્ત સૃષ્ટિને અર્થે શ્રીજી એક જ વાર ગુજરાત પધાર્યા, યાત્રાનિમિત્તે એક વખત કુરુક્ષેત્ર પધાર્યા અને છેવટે માલા-તિલક રક્ષણાર્થે કાશ્મીર પધાર્યા, એ સિવાય શ્રીજી ગોકુલ છોડી ખાસ બીજે ક્યાંય પધાર્યા નથી એનો ખુલાસો કરતાં લેખક લખે છે કે ''આ હકીકત શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીની હકીકત કરતાં જુદી પડે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને માર્ગસ્થાપન કરવાનું હતું અને શ્રીગુસાંઈજીને માર્ગનો પ્રચાર કરવાનો હતો એ બંને કારણો અર્થે એમને પૃથ્વી- પરિક્રમા કર્યા સિવાય ચાલે એમ નહોતું તેથી એઓશ્રીએ ભૂતલ પર અથાગ શ્રમ લઈ, ઠેર

ઠેર પધારી, વિદ્વાનો ને પંડિતોની સભાઓ કરી, એમની સાથે અનેક પ્રકારના શાસ્ત્રાર્થ કરી પોતાનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સિદ્ધ કર્યો અને એના સમર્થન અર્થે અનેક સંસ્કૃત ગ્રંથ રચ્યા તથા એ દ્વારા દૈવી જીવોને શરણે લઈ માર્ગસંમુખ કર્યા અને પ્રભુની સેવામાં યોજ્યા. હવે શ્રીજીને માર્ગનું પોષણ તેમ રક્ષણ કરવાનાં હતાં. પોષણનો અર્થ એઓએ પોતાના સ્વરૂપ દ્વારા સિદ્ધ કર્યો, એટલે કે સ્વરૂપ એટલું મોહક હતું કે દર્શન થતાં માત્રમાં દૈવી જીવો એ સ્વરૂપમાં લીન થતા એટલે એ સ્વરૂપથી દૂર રહી શકતા નહિ. આ કારણને લીધે જ શ્રીજીના સમયમાં એમના ઘણા સેવકો પોતાનાં વતન છોડી શ્રીગોકુલમાં આવી વસ્યા હતા. માર્ગના રક્ષણ સંબંધમાં મુઘલ બાદશાહ જહાંગીર સામે શ્રીજીએ ટક્કર ઝીલી અને કાશ્મીર પધારી એની સામે પોતે સિદ્ધાંતને અર્થે પોતાનું સર્વ લૌકિક ઇત્યાદિ વૈભવ છોડવા કબૂલ કર્યું તથા એ પ્રમાણે શ્રીગોકુલ છોડી સોરમજી પધાર્યા. આવી રીતે અનેક પ્રકારનાં સંકટો વેઠી માર્ગનું રક્ષણ કર્યું અને છેવટે આપશ્રી પ્રતાપબળે દુષ્ટ ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી પાડી, ભરમાયેલા બાદશાહની આંખ ઉઘાડી પોતાનું શ્રીગોકુલ પાછું મેળવ્યું અને એ દ્વારા સ્વજનોને બતાવી આપ્યું કે સિદ્ધાંતનું રક્ષણ કરવામાં દૃઢ ટેક રાખવો જોઈએ અને તદ્અર્થે લૌકિક સ્વાર્થ અને વૈભવનો સત્વર ત્યાગ કરવો જોઈએ.''[૫૫] કદાચ ભારતીય ઇતિહાસમાં આ પહેલું પ્રજાકીય યુદ્ધ હતું.[૫૬]

વળી લખનાર કહે છે કે ''કાશ્મીરના પ્રસંગ દ્વારા પોતાનાં સ્વરૂપાસક્ત ભક્તજનોને વિરહનું દાન કરીને એમને સ્નેહની પરાકાષ્ઠાએ પહોંચાડ્યાં એટલે પછી એ પ્રભુ અને એ ભક્તો એકબીજાથી જુદા થઈ વિયોગ સહન કેવી રીતે કરી શકે ?''[૫૭]

ઉપર જે પ્રશ્ન પુછાયો છે તેમાં જ શ્રીજીના ભૂતળ પરથી પધારી જવાથી ૭૮ ભગવદીયોએ શા માટે પોતાના ભૌતિક દેહોનો અંત આણ્યો એ પ્રશ્નનો જવાબ મળે છે.[૫૮] એ હકીકત શ્રીગોકુલનાથજીનાં ધોળ તથા પદસંગ્રહમાં નોંધાયેલી છે. ગ્રંથકાર નોંધે છે કે ૭૮ ભગવદીયો સિવાય જેઓ પોતાના પ્રાણ ગુમાવી શક્યા નહિ તેઓએ પોતાની જિંદગીનો શેષ સમય પોતાના પ્રાણપ્રભુના ગુણગાનમાં જ ગુજાર્યો.[૫૯] એમાંના વ્યારાવાળા ગોપાલદાસભાઈ જેવા ભાગ્યવાનોએ એ ભવિષ્યની સૃષ્ટિને શ્રીજીના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવવા તથા પુષ્ટિમાર્ગનાં રહસ્યો સમજાવવા અનેક ગ્રંથો રચ્યા.[૬૦]

આ જીવનચરિત્રની વિશેષતા એ રહી છે કે શ્રીજી પ્રાતઃકાલમાં જાગે તે રાત્રે પોઢે ત્યાંસુધી એમની આસપાસ ભક્તજૂથથી ઘેરાયેલા રહેતા; આ વાત જાણે શ્રીકૃષ્ણ અને ગોપીજનની નિત્યલીલાનું આપણને ભાન કરાવે છે. શ્રીજી સેવ્ય ઠાકોરજી તથા શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં પોતાનો સમય ગાળ્યા પછી જે સમય બાકી રહેતો તે સ્વજનોને પ્રસંગોપાત્ત અનેક પ્રકારનાં હિતવચન કહી એમના ભાવોનું પોષણ અને રક્ષણ કરવામાં ગાળતા. એ સમયમાં શ્રીગોકુળમાં આવું ભક્તિમય વાતાવરણ હતું. શ્રીજીએ સ્વજનોના નિરોધાર્થે કરેલી અનેક પ્રકારની લીલાઓનું વર્ણન પણ અહીં મળે છે, જે વિસ્તારથી વ્યારાવાળા ગોપાલદાસભાઈના ગ્રંથોમાં છે.

શ્રીજીનો નિત્યક્રમ એવો હતો કે શ્રીગોકુલમાં પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીગોકુલનાથજીના રાજભોગ સુધીની સેવાથી પહોંચી, અપરસમાં જ પોતે ઘોડેસવાર થઈ શ્રીગિરિરાજ પધારતા અને ત્યાં શ્રીગોવર્ધનનાથજીની રાજભોગ-આરતી ઉતારતા.

પછી બપોરે ત્યાં જ વિશ્રામ કરી, ઉત્થાપન કરી શ્રીગોકુળ પાછા પધારતા અને ત્યાંની સેવામાં દાખલ થતાં છેવટે પ.ભ. મોહનભાઈજીના મનોરથથી પોતે સુખપાલે બિરાજી શ્રીગિરિરાજ પધારતા અને જે સમય ફાજલ પડતો તેમાં એઓ ભક્તજનોથી ઘેરાયેલા રહેતા.

આ જીવનચરિત્રની એક વિશેષતા એ પણ છે કે ગદ્ય અને પદ્ય દ્વારા લેખકે જીવતાં વર્ણનો કર્યાં છે. એમ ન કર્યું હોત અને નાની મોટી ઘટનાઓ જ આલેખી હોત તો આવું સુરેખ પરિણામ ન આવત. સોરમજીથી શ્રીજી શ્રીગોકુલમાં પુનરાગમન કરે છે એનું એક વર્ણન એ સંદર્ભે અહીં સૂચિત કરી શકાય :

''શ્રીજીના દર્શનાર્થે માર્ગમાં લોકોની એટલી તો ભીડ થઈ હતી કે માર્ગમાં ચાલવું પણ મુશ્કેલ થતું. વળી ઠામ ઠામે આનંદમાં લોકો ગુલાલ ઉડાડતા અને તેથી દિશાઓ અને જમીન અરુણ થઈ ગઈ હતી. આવી અનિર્વર્ણનીય શોભા સાથે શ્રીજી જશોદાઘાટે પધાર્યા. જશોદાઘાટથી આગળ ચાલતાં તો ભીડ ઘણી જ વધી અને શ્રીઠાકુરજીની પાલખી આગળ પણ સખત ભીડ થઈ ગઈ, તેથી પાલખીને આગળ કરી શ્રીજીએ પોતે ત્વરાથી પાછળ ચાલવા માંડ્યું અને જેમ તેમ મંદિરમાં આવી પહોંચ્યા. ત્યાં ઠાકુરજીને આસને પધરાવી, સોહાસણીઓના મંગલ કલશોનો સત્કાર કરી શ્રીજી નિજ બેઠકે પધાર્યા. ત્યાં કીર્તનિયા કીર્તન કરી રહ્યા હતા તેમને શ્રીજીએ 'રાની તિહારો ઘર સુબસ બસો' એ પદ ગાવા કહ્યું. એ સુણી પોતે પ્રસન્ન થયા અને સર્વનું સમાધાન કરી વિદાય કરી શ્રીજીએ પરિવાર સાથે ભોજન કર્યું અને પછી શ્રીગોવર્ધન પધાર્યા.

"શ્રીનાથજી અત્યંત ફૂલ્યા, શ્રીજીએ અનેક ઉત્સાહે ॥
ભોગ રાગ નૌતન સામગ્રી, સમર્પી મનને ચાહે ॥"[૬૧]

''પછી એકાદશીએ રાજભોગ પછી શ્રીગોવર્ધનનાથજીને વસંત ખેલાવ્યા.''

આમ શ્રીજીએ અપરાજિતને જીત્યો તેથી બધે જયજયકાર તથા આનંદોત્સવ થઈ રહ્યો. એમાં જોડાયેલા વૈષ્ણવોના આંતરિક તેમ બાહ્ય વ્યક્તિત્વનું પણ વર્ણન કરીને લેખકે કલાત્મક નિરૂપણ કર્યું છે. ઘટનાઓનું એ માત્ર અંકન ન રહેતાં, ચિત્રણ બન્યું છે. વળી એક રીતે જોતાં સમગ્ર કૃતિ શ્રીજી જેવી વિશિષ્ટ વ્યક્તિની જીવનઘટનાઓનું વિવરણ છે. એમના આદર્શ રૂપમાં એ પ્રયત્નપૂર્વક લખવામાં આવેલો ઇતિહાસ છે, જેમાં એમના વ્યક્તિત્વનું સંપૂર્ણ જીવન અને આનુષંગિક વાતોનું પણ વિવરણ જોવા મળે છે. આ વાત કૃતિને એક સાહિત્યિક વિદ્યાનું રૂપ આપે છે. લેખકે શ્રીગોકુલનાથજીનું જીવન અને એ નિમિત્તે પુષ્ટિમાર્ગની વાત કરવા લેખનકળાનું સૌથી વધુ સુકોમળ અને સહાનુભૂતિપૂર્ણ સ્વરૂપ સ્વીકાર્યું હોઈ નાયકના ગુણો તરફ જ વિશેષ મહત્ત્વ આપ્યું છે. વળી ચરિત્રનો નાયક લેખકને મન માનવ નહિ, પણ દેવ છે તેથી પણ એમ બન્યું છે. લેખકે એ સતત ધ્યાનમાં રાખેલું હોઈ વૈષ્ણવોને થતાં શિક્ષા કષ્ટ વગેરે પણ શ્રીજીએ સિદ્ધાંત બતાવવા હેતુએ કહેલું છે એમ વર્ણવેલું છે. શ્રીજીના જીવન સાથે વૈષ્ણવોનું જીવન પણ એટલું ઓતપ્રોત થયેલું છે કે નાયકની સાથે સાથે એઓનું જીવન પણ એમાં પ્રગટ થઈ રહે છે, પણ એઓની ગૌણતા લેખક ભૂલ્યા નથી, જે ગુણ આ ચરિત્રમાં પ્રગટ થઈ છે. ઉપરના પરિચ્છેદમાં દેખાય છે તેમ 'તે સાંભળી'

૮. લોકોએ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને આચાર્ય તરીકે ઠીક પારખ્યા. આજે પણ એમની જ વાત સહુ કાને ધરે છે. કાકા સાહેબ કાલેલકરે ગાંધીજીના 'અનાસક્તિયોગ'માં ભારતીય તત્ત્વજ્ઞાનપરંપરાનો એક નિયમ યથાર્થ જ નોંધ્યો છે કે જે માણસ વેદો (જૂનાં ઉપનિષદો), ગીતા અને બાદરાયણન બ્રહ્મસૂત્રો એ ત્રણેનો સમન્વય કરી બતાવે અને એ પ્રસ્થાનત્રયીમાંથી એક જ તત્ત્વજ્ઞાન તારવી આપે તેને આચાર્ય ગણવો. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ એ પ્રસ્થાનત્રયી ઉપરાંત ભાગવતનો પણ સમન્વય કરી એ કાર્ય કર્યું.

૯. એ માટે 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર. પ્ર.આ. સં. ૧૯૭૮ ભાગ-૧, પ્રકરણ ૧, પૃ. ૩-૪, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૧

૧૦. એજન, ભાગ-૧, પ્રકરણ ૧.

૧૧-૧૨. – આજ તો આ સામગ્રી વિવિધ ગ્રંથોમાં જુદા જુદા સ્વરૂપે સરળતાથી ઉપલબ્ધ થતી રહી છે. દા.ત., હિંદુ ધર્મ, રેવ ડબલ્યૂ ગ્રેહમ મલ્લિગન (૧૯૫૫, પ્ર.આ. પ્રકાશક એચ.પી. કોમીક એટ ધ કમશન પ્રેસ, સુરત), હિન્દુ વેદધર્મ (આનંદશંકર બાપુલાલ ધ્રુવ, ૧૯૬૦, પ્ર.આ. પ્રકા. : પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા), ભારતીય સંસ્કૃતિ (ર.વ. દેસાઈ, સંક્ષેપકાર : કિશોરકાન્ત યાજ્ઞિક, ૧૯૬૩, પ્ર.આ. પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા), શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગ (કે.કા. શાસ્ત્રી, ગુજરાત યુનિ. વ્યાખ્યાનો, ૧૯૯૬ પ્ર.આ. શુદ્ધાદ્વૈત સંસદ : કર્ણાવતી-૩૮૦૦૦૬), શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી (કે.કા. શાસ્ત્રી, પ્ર.આ. પુ.મુ. ૧૯૭૭), જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી (જે. છો. શાહ, ૧૯૯૫, પ્ર.આ. શ્રુતિ પ્રકાશન, આણંદ), શ્રીહરિરાય-વાઙ્-મુક્તાવલી ભાગ-૧ (નાગરદાસ કાશીરામ બાંભણિયા તથા શ્રીકેશવરામ કાશીરામ શાસ્ત્રી - બાંભણિયા, વિ. સં. ૨૦૧૧ બી.આ. અને ભાગ-૨- ૧૯૩૭, પ્ર.આ. શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિયાદ), વેદાન્તચિંતામણિ, ગોવર્ધન શર્મા – શ્રી ગટ્ટુલાલ (અનુવાદક : ડૉ. પ્રવીણચંદ્ર પરીખ ૧૯૯૩ પ્ર.આ. પરમ પબ્લિકેશન, અમદાવાદ-૯), કૃષ્ણભક્તિકાવ્યમેં સખીભાવ (શરણબિહારી ગોસ્વામી, ૧૯૬૬, પ્ર.આ. ચોખંબા વિદ્યાભવન, વારાણસી-૧) વગેરે. – આ અને આવા વખતોવખત પ્રગટ થતા સંખ્યાબંધ ગ્રંથો એ સંદર્ભે સૂચિત કરી શકાય.

૧૩. 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર' ભા-૨, પ્ર.આ. પૃ. ૧૪૯, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૧૯૮.

૧૪. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર પ્ર.આ. સં. ૧૯૭૮, ભાગ-૨, પૃ. ૧૯૪, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૨૧૮

૧૫-૧૬. એજન, પ્રકરણ ૧૨. પુનઃ સંસ્કરણ ભાગ-૨ ઈ.સ. ૨૦૦૦ પ્રકરણ ૧૨

૧૭. શ્રીજીના જીવનમાં બીજા પણ કેટલાક ચમત્કારો નોંધાયેલા છે, જે લેખકે પડતા મૂક્યા છે એ ઠીક જ કર્યું છે. દા. ત. રુક્મિણીબહેનના પૂર્વે ઉલ્લેખેલ છે એવા ગ્રંથોમાં આવા કેટલાક બહુ પ્રચલિત ચમત્કારો નોંધાયેલા છે તે લેખકે પડતા મૂક્યા છે, જે આ ગ્રંથને અલૌકિક અને ચમત્કારિક વર્ણનોથી પૂર્ણ થઈ જવામાંથી ઉગારે છે અને તેથી લેખકે મહાત્માની મહત્તા બતાવવા આવા ગુણોનું ચરિત્રમાં આરોપણ કર્યું છે એવા આક્ષેપોથી એઓ આ વૈજ્ઞાનિક યુગમાં પણ સંરક્ષાય છે.

૧૮. 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર' પ્ર.આ. સં. ૧૯૭૮, ભાગ-૧, પૃ. ૪૭.

૧૯. અહીં ભક્તના ચિત્તની ઓળખાણ મળે છે. ઋષિએ અન્નને બ્રહ્મ કહ્યું. કેવું હશે એ ઋષિનું ચિત્ત ? રામકૃષ્ણ પરમહંસ ચાલુ ધર્મચર્ચામાંથી ઊભા થઈને રસોડામાં જતા કે શું થઈ રહ્યું છે ? આ પ્રામાણિકતા, આ સહજતા, આ ચિત્ત, આ તરંગવશતા, આ લાગણીપ્રધાનતા, આ ઊર્મિલતા ચરિત્ર-લેખકનો પરિચય આપે છે, જે ભક્તના ચિત્તની ઓળખાણ છે.

૨૦. (૧) એ યાદ રહે કે વૈષ્ણવોની દૃષ્ટિએ શ્રીવલ્લભાચાર્ય શ્રીગોકુળનાથજી વગેરે શ્રીકૃષ્ણનો જ અવતાર છે અને શ્રીકૃષ્ણ એટલે વિષ્ણુનો જ અવતાર, તેથી વૈષ્ણવો આ રીતે શ્રીગોકુલનાથજીને ગોવિંદ માનીને જ વ્યવહાર કરે છે અને કહ્યું છે કે ''એક નારાયણ જ માત્ર હતા, નહિ બ્રહ્મા, નહિ આકાશ અને પૃથ્વી. બધા દેવો, બધા પિતૃઓ, બધાં મનુષ્યો, વિષ્ણુએ આરોગેલું જમે છે,

એમનું પીધેલું પીએ છે, એમનું પસંદ કરેલું પસંદ કરે છે, તેથી જ સમજુઓએ પ્રભુને ધરાવીને પછી જ એ ઉપયોગમાં લેવું. ભગવાનનો પ્રસાદ ન હોય તેવું અન્ન, દુષ્ટનો સંગ તેમજ બીજા દેવોનો આશ્રય (અન્યાશ્રય) આ ત્રણનો દરેક રીતે ત્યાગ કરવો-'' વેદાન્તચિન્તામણિ, અનુવાદક : શ્રી પ્રવીણ પરીખ, પૃ. ૨૩૧ શ્લોક ૧૫૮. વળી એ જ ગ્રંથના લેખક પૃ. ૨૩૧-૨૩૨ પર આગળ શ્લોક ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ દ્વારા કહે છે કે ''પોતાના ઉપયોગ માટે લેવાનાં પત્ર, પુષ્પ, ફળના અન્ન અને પાણી તેમજ ઓસડ ભગવાનને ધરાવ્યા વગર ઉપયોગમાં લેવા નહિ એમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ ગોવિંદને અર્પણ કર્યા વગર અધર્મરૂપ ખાધેલું કૂતરાંની વિષ્ઠા સમાન અને પાણી દારૂ સમાન ગણવાં. આવી રીતે અસમર્પિત અન્ન અને દુષ્ટનો સંગ એ બંનેનો બધે જ ત્યાગ કરવો એવું મારા ગુરુ શ્રીવલ્લભજી મહારાજે કહ્યું છે.'' (૨) અને શ્રીજીને ભક્તોએ શ્રીકૃષ્ણ કહ્યા એટલે એઓ શ્રીજીને સામાન્ય લૌકિક દેવ માનતા નથી. શ્રીવલ્લભાચાર્યજીએ शिक्षाश्लोका: માં ચેતવણી ઉચ્ચારી છે કે ''શ્રીકૃષ્ણને લૌકિકની કાંઈ પડી નથી. આપણે એમના વિષયે ભાવ એવા પ્રકારનો હોવો જોઈએ કે ભગવાન કૃષ્ણ આપણું સર્વસ્વ છે, આ લોકનું અને પરલોકનું પણ જે કાંઈ હોય તે એ જ છે. તેથી હરેક રીતે સંપૂર્ણ ભાવથી એ શ્રીગોપીજન વલ્લભની આપણે સેવા કરતા રહેવું.'' આ ચેતવણી ભક્તોના જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગઈ છે અને તેથી અવતારી એવા શ્રીજી પ્રભુ અમારું બધું સિદ્ધ કરવાના છે એ શ્રદ્ધાએ જ ભક્તનો જે વ્યવહાર આવે છે તે જોવો સમજવો રહ્યો. (૩) અહીં એ પણ યાદ રહે કે પશ્ચિમના સમાજની અસર નીચે આપણે ત્યાં ઊજવાતી બર્થ-ડે જેવી પાર્ટીઓમાં કેટલીક જગ્યાએ કેક કાપવામાં આવે છે અને કાપેલી કેક એક જ ચમચી વતી નિકટના સંબંધીઓના મુખમાં પ્રેમથી મૂકવામાં આવે છે ત્યારે આપણે કશો અણગમો પ્રગટ કરતા નથી ને એ સ્થિતિ પ્રેમભાવે સ્વીકારીએ છે. આ સંબંધે જ ગુરુ-શિષ્યોના ઉપર્યુક્ત સંબંધને જોઈએ તો જ આ ચરિત્રનો આસ્વાદ લઈ શકાય. (૪) પુષ્ટિમાર્ગમાં ભક્તે કેટલી બધી સાવધાનતા રાખવાની છે એ અંગે એક ગ્રંથ '૬૬ અપરાધો કયા કયા અને તેનું ફલ શું તથા તેનું પ્રાયશ્ચિત્ત શું હોય' તે વિશેનો ''षट्षष्टिरपराधाः फलानि तत्प्रायश्चित्तानि च...'' નામે ઉપલબ્ધ છે અને એ શ્રી શ્રીહરિરાયજીનો છે તથા 'શ્રીહરિરાય-વાઙ્મુક્તાવલિ-૨' માં ગ્રંથસ્થ પણ કરવામાં આવ્યો છે, જે જોતાં સ્પષ્ટ સમજાય છે કે અન્યાશ્રય, અવૈષ્ણવ શાસ્ત્રનું શ્રવણ, અસમર્પિત વસ્તુનું ભક્ષણ વગેરે અપરાધો બને છે તેનું ફલ ભોગવવું પડે છે. ગ્રંથકર્તાએ એના ઉપાયો પણ કહ્યા છે. ભક્તની નજર તથા એના વ્યવહારને સમજવા માટે આ ગ્રંથ જો અવલોકવામાં આવે તો એ ચોક્કસ જ ઉપકારક થઈ પડે.

૨૧. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૨૪૮.

૨૨. એજન, ભાગ-૨, પૃ. ૧૯૯.

૨૩. એજન, ભાગ-૧, પૃ. ૨૫૮.

૨૪. 'નિરોધલક્ષણ' (શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી)માં પણ કહેવાયું છે કે ભગવાને જેઓનો ત્યાગ કર્યો છે તેઓ સંસારસાગરમાં ગોથાં ખાયા કરે છે. ભગવાને જેઓને પોતાના કર્યા છે તેઓ અહીં જગતમાં હંમેશાં આનંદમાં જ રહે છે (એ માટે શ્લોક ૧૪).

૨૫. (૧) ''શ્રીવિઠ્ઠલનાથજીના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીને હાથે વ્રજભાષાના ગદ્યનો પણ વિકાસ શરૂ થયો. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની, અનુક્રમે શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્યોનાં ભાવપૂર્ણ ચરિત્રોની, નિરૂપણા એમને હાથે થઈ'' - શ્રી કે. કા. શાસ્ત્રી (શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી, પૃ. ૧૮૬). (૨) ''આપશ્રીનું વાર્તાસાહિત્ય વ્રજભાષાના ગદ્યસાહિત્ય માટે અભૂતપૂર્વ ઉન્નતિજનક બની રહ્યું હોઈ એ સાહિત્ય પુષ્ટિસંપ્રદાયનું વિશિષ્ટ સાહિત્ય-પ્રદાન છે.'' - જે. છો. શાહ, જગતગુરુ શ્રીવલ્લભાચાર્યજી પૃ. ૪૫.

૨૬. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૧૯૩.

૨૭. ગીતામાં પણ શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ''જેમનું ચિત્ત અવ્યક્તને વિશે ચોંટેલું છે તેમને કષ્ટ વધારે છે. અવ્યક્ત ગતિને દેહધારી કષ્ટ વડે જ પામી શકે'' (અધ્યાય ૧૨, શ્લોક ૫).

૫૨. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૨, પ્ર.આ.સં. ૧૯૭૮, પૃ. ૨૧૯ અને પછી, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૩૨ અને પછી.

૫૩. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૨, પ્ર.આ.સં. ૧૯૭૮, પૃ. ૨૬૬ અને પછી, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૫૬ અને પછી.

૫૪. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૨, પ્ર.આ.સં. ૧૯૭૮, પૃ. ૨૯૯ અને પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૭૪ અને પછી.

૫૫. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૨, પ્ર.આ.સં. ૧૯૭૮, પૃ. ૩૧૫-૧૭, પુનઃ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૮૩-૮૪

૫૬. ''અભૂતપૂર્વ એવા એક સત્યાગ્રહનું એલાન આપી શ્રીગોકુલનાથજીએ કાશ્મીરનો પ્રવાસ ખેડ્યો, અને જહાંગીરને મળી, એને સમજાવી અન્યાયી હુકમ ઉઠાવી લેવાની ફરજ પાડી. વિવિધ સંપ્રદાયના વૈષ્ણવો એથી પ્રસન્ન બની રહ્યા અને પુનઃ માલાતિલક ધારણ કરી 'જય જય શ્રીગોકુલેશ' કહીને શ્રીગોકુલનાથજીનો જયજયકાર બોલાવ્યો. એ જયધ્વનિ એ વખતથી વલ્લભસંપ્રદાયમાં પ્રચલિત બન્યો છે. આ માલાતિલકોદ્ધાર પ્રસંગનું ભારતના ઇતિહાસમાં પણ ત્યારે મહત્ત્વ ગણાવું જોઈએ. સ્વસંપ્રદાયનિષ્ઠ પ્રજાની સ્વતંત્રતા ઉપર કરવામાં આવતા આવા આઘાતો સામે આચાર્યોએ મક્કમ બની રહી કયા પ્રકારની સાત્ત્વિક જેહાદ ઉઠાવવી જોઈએ એનો આ તો સબળ નમૂનો છે'' – જેઠાલાલ છો. શાહ (ઊર્મિલ) (શ્રીજગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજી, પૃ. ૪૫).

૫૭. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, પ્ર.આ. સં. ૧૯૭૮, ભાગ-૨, પૃ. ૩૧૭, પુનઃ સંસ્કરણ, ભાગ-૨, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૮૪

૫૮. (૧) એટલું જ નહિ, પણ શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી સમક્ષ શ્રીવલ્લભાચાર્યજીએ નદીની રેતમાં લખેલી પેલી ચેતવણી જે शिक्षाश्लोकाः માં સંગ્રહાયેલી છે તે જાણે સદેહે ભક્તોમાં ઊતરી છે અને તેથી એઓ કોઈ પણ રીતે શ્રીજી પ્રભુથી વિમુખ થઈ જવા માગતા નથી. શ્રીજી પ્રભુનું શરણ છૂટી જતાં કાળના પ્રવાહમાં તણાઈ જતાં શરીર ચિત્ત વગેરે પોતાને પૂરેપૂરા ખતમ કરી નાખે એ પહેલાં આ રીતે એઓ પ્રભુથી વિમુખ થવાની શક્યતા જ ઊભી થવા દેતા નથી. (૨) અથવા એમ કહો કે શ્રીજીને જેઓએ શ્રીકૃષ્ણનો જ અવતાર કહ્યો છે તે ભક્તોએ અંતકાળે પણ શ્રીજીનું જ સ્મરણ કરતાં કરતાં દેહ છોડ્યો છે અને એ રીતે એઓ શ્રીજીના સ્વરૂપને પામે છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતાના 'અક્ષરબ્રહ્મયોગ'માં શ્લોક ૬ મા કહ્યું છે કે 'હે કૌંતેય ! મનુષ્ય જે જે સ્વરૂપનું ધ્યાન ધરે તે તે સ્વરૂપનું અંતકાળે પણ સ્મરણ કરતો એ દેહ છોડે છે અને એ ભાવથી સદા ભાવિત એટલે કે પુષ્ટ થવાથી તે તે સ્વરૂપને જ પામે છે.''

૫૯. એટલે કે ભક્તિમાં પ્રભુ કેવડા છે અને કેટલા છે એ આ માધ્યમ વડે જ યથાર્થ જાણી શકાય. એમ પ્રભુને યથાર્થપણે જાણ્યા પછી જ એમનામાં પ્રવેશ કરી શકાય. ગીતામાં પણ એમ જ કહેવાયું છે. (-એ માટે અધ્યાય ૧૮ શ્લો. ૫ થી ૫૫, ૬૫ વગેરે.)

૬૦. (૧) એજન, પૃ. ૩૨૦. (૨) એ ૭૮ ભગવદીયોનાં નામ શ્રીગોકુલેશજીના ધોળમાં તથા પદસંગ્રહના પાન ૪૬૯ પર આપેલાં છે. આપણે અહીં એ યાદીમાં પડવા માગતા નથી, પરંતુ એનાથી શ્રીગોકુલેશજીએ શિષ્યોની કેવી આસક્તિ મેળવી હતી તે જાણવા મળે છે.

૬૧. શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૩૧૪, પુનઃ સંસ્કરણ, ભાગ-૨, ઈ.સ. ૨૦૦૧, પૃ. ૨૮૨

અનુક્રમણિકા

ભાગ ૧ લો

વિષય ..... પૃષ્ઠ

મંગલાચરણ .... પાંચ

ધોળ .... છ

શ્રીવલ્લભસ્તોત્રમ્ .... સાત

પ્રકાશકીય .... નવ

જીવનની શૃંખલાને સમજાવતો ચરિત્રગ્રંથ .... ઓગણીસ

૧ કુટુંબની પૂર્વપીઠિકા ૧

૨ પ્રાકટ્ય-ઉત્સવ ૧૩

૩ વર્ષગાંઠનો ઉત્સવ ૧૭

૪ બાળલીલા ૨૪

૫ કૌમારલીલા ૨૭

૬ પૌગંડલીલા ૩૨

૭ ઉપનયનસંસ્કાર ૩૫

૮ વિદ્યાભ્યાસ ૪૧

૯ અડેલથી ગઢા ૪૬

૧૦ ગઢામાં નિવાસ ૫૧

૧૧ ગઢાથી મથુરા-પ્રવાસ ૬૦

૧૨ શ્રીજન્માષ્ટમીનિર્ણય અને શ્રીગોવર્ધન - ૬૬
નાથજીનો પરોણાચાર (સં. ૧૬૨૩ થી ૧૬૨૪)

૧૩ શ્રીજીનો વિવાહ-ઉત્સવ ૭૨

૧૪ શ્રીજીનો ગૃહસ્થાશ્રમ અને શ્રીગુસાંઈજીનું પરોક્ષ ૮૮

૧૫ કુટુંબની વહેંચણી ૯૪

૧૬ ગુજરાતનો પરદેશ ૧૦૪

૧૭ પિતૃઋણ ૧૧૬

૧૮ કુરુક્ષેત્રની યાત્રા ૧૨૩

ભાગ ૨ જો

૧ માલાના મામલાનો હેતુ ૧૨૮

૨ ચિદ્રૂપની શિખવણીથી જહાંગીરે કરેલો માળા ઉતારવાનો હુકમ ૧૩૩

૩ ચિદ્રૂપ અને શ્રીગોકુલેશજીની મુલાકાત તથા એમણે કરેલો ૧૩૯
માલાતિલકનો શાસ્ત્રાર્થ

૪ જહાંગીર સાથે શ્રીજીની માળાના રક્ષણ માટે પ્રથમ મુલાકાત ૧૪૮

૫ ચિદ્રૂપે મથુરામાં વર્તાવેલો કેર તથા શ્રીજીની માળા ઉતરાવવાના ઉપાયો . ૧૫૫

૬ સંપ્રદાયમાં માલાતિલકનું સ્થાન ૧૬૩

૭ શ્રીજીનું મથુરા-ગમન અને માળા નહિ ઉતારવાનો દઢ સંકલ્પ ૧૭૨

૮ સંન્યાસીની ગુફાએ શ્રીજીનું પધારવું ૧૯૦

૯ ભક્તોનો વિરહાનલ ૧૯૭

૧૦ કાશ્મીરનો પ્રવાસ ૨૦૩

૧૧ બાદશાહની મુલાકાત ૨૨૫

૧૨ કાશ્મીરથી શ્રીગોકુલ ૨૪૧

૧૩ શ્રીગોકુલથી સોરમજી ૨૫૬

૧૪ સોરમવાસ ૨૬૬

૧૫ ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી થઈ અને બાદશાહે શ્રીજીને શ્રીગોકુલ
પાછા બોલાવ્યા ૨૭૪

૧૬ શ્રીગોકુલ પુનરાગમન ૨૮૦

૧૭ શ્રીમદ્‌ગોકુલમાં દઢ વાસ ૨૮૩

પરિશિષ્ટ ૨૯૧

૧. કુટુંબની પૂર્વપીઠિકા

શ્રીગોકુલનાથજી :

શ્રીગોકુલેશજીના સુભગ નામથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ભાગ્યેજ કોઈ અજાણ હશે ! એઓ શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી હતા. શ્રીગુસાંઈજીએ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના નામ ઉપરથી એમનું નામ પણ શ્રીવલ્લભ રાખ્યું હતું, કારણ કે 'વલ્લભ' શબ્દના અર્થ પ્રમાણે પોતાના સર્વ પુત્રોમાં એ એમને અધિક પ્રિય હતા, પરંતુ ''કૃષ્ણદાસી'' જે એમનાં અંતરંગ ભક્ત હતાં તેમણે પ્રાકટ્ય-સમયે ''મેરા ગોકુલનાથ આયાજી'' એવો શબ્દોચ્ચાર કર્યો હતો અને તેથી વૈષ્ણવો એમને શ્રીગોકુલનાથજીના નામથી વધારે ઓળખે છે; જો કે પુસ્તકોમાં એઓ પોતાને શ્રી-'વલ્લભ' નામથી ઓળખાવે છે. આ ઉપરાંત એમના અનન્ય સેવકો એમને 'શ્રીજી' અથવા 'મહાપ્રભુજી'ના નામથી સંબોધે છે. સામાન્ય વૈષ્ણવ વર્ગ છેલ્લાં બે નામોથી અનુક્રમે શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીમદ્‌લ્લભાચાર્યજીને નામે ઓળખે છે અને તેથી શ્રીગોકુલેશજીને જ્યારે 'શ્રીજી' તથા 'શ્રીમહાપ્રભુજી' કહેવામાં આવે છે ત્યારે એઓ અનુક્રમે શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીમદ્‌વલ્લભાચાર્યજી સમજે છે. આ ભૂલમાંથી બચવા માટે શ્રીગોકુલેશજીના સેવકો શ્રીગોવર્ધનનાથજીને 'શ્રીજી' ન કહેતાં એમના પૂર્ણ નામથી સંબોધે છે અને એવી જ રીતે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને 'શ્રીમહાપ્રભુજી' ન કહેતાં 'શ્રીઆચાર્યજી' કહે છે. આ ગ્રંથમાં પણ 'શ્રીજી' અને 'શ્રીમહાપ્રભુજી' શ્રીગોકુલેશજી માટે જ વાપરવામાં આવશે.

જે કુટુંબને શ્રીમદ્‌ આચાર્યજી, શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલેશજીએ પોતાના પ્રાકટ્ય દ્વારા અલંકૃત કર્યું છે તે કુટુંબ દક્ષિણ ભારતવર્ષમાં આવેલા આંધ્ર દેશમાં વ્યોમસ્તંભ નામે પર્વતની પાસે કૃષ્ણા નદીની દક્ષિણે બ્રાહ્મણોના કાકરવાડ* (કાકરકુંભ) નામે મોટા ને પવિત્ર નગરમાં રહેતું હતું. આ કુટુંબ શુદ્ધ 'વેલનાટ' અથવા 'વેળાનાડુ' નામથી પ્રસિદ્ધ હતું, એ વૈષ્ણવી દીક્ષાવાળું, યજુર્વેદી તૈત્તરીય-શાખી અને ભારદ્વાજગોત્રી હતું તથા એની કુળદેવી રેણુકા હતી.

યજ્ઞનારાયણ ભટ્ટ ગોવિંદાચાર્ય આ કુટુંબના મૂળ પુરુષ હતા, એમના વલ્લભ દીક્ષિત અને વલ્લભ દીક્ષિતના યજ્ઞનારાયણ ભટ્ટ થયા. ઘણાં વર્ષો સુધી કુટુંબના રિવાજ મુજબ બ્રહ્મચર્ય પાળી એમણે દેવપુરના સુધર્મા નામના બ્રાહ્મણની નર્મદા નામે કન્યા સાથે લગ્ન કર્યું. આ યજ્ઞનારાયણ ભટ્ટને અતિથિસત્કાર પર વિશેષ પ્રીતિ

નિઝામ સરકારની હાલની સરહદમાં છે.

હતી. એક સમયે દ્રાવિડ દેશનો બિલ્વમંગલ નામે અતિથિ એમને ત્યાં આવ્યો. એ વિરક્ત હતો. યજ્ઞનારાયણ ભટ્ટે એને એ દશામાં રહેવાનું કારણ પૂછ્યું ત્યારે એણે કહ્યું કે હું હમેશ હરિની ભક્તિ કર્યા જ કરું છું. એ સાંભળી યજ્ઞનારાયણ ભટ્ટે પોતાને હરિભક્તિ પ્રાપ્ત થવા માટે પ્રાર્થના કરવાથી એ મુનિએ એમને ગોપાલમંત્ર આપ્યો.

આ સિવાય એ મુનિએ એમને સોમયજ્ઞ કરવાની સૂચના કરી એ ઉપરથી યજ્ઞનારાયણ ભટ્ટે યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞારંભમાં અગ્નિકુંડમાંથી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમે શ્રીમદનમોહનજીના સ્વરૂપે* પ્રકટ થઈ એમને વર માગવાની આજ્ઞા કરી. એના પ્રત્યુત્તરમાં એમણે વિનંતી કરી કે હરિની સેવા કરનાર પ્રભુનાં મંગલકારી દર્શન કરતાં બીજો શો વધારે લાભ ઇચ્છી શકે ? આવી નિષ્કામ વિનંતી સાંભળી ભગવાને પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે હું તારી કીર્તિનો વિસ્તાર કરવા અને સ્વધર્મનું રક્ષણ કરવા તથા દુષ્ટોને દંડ દેવા મારી પ્રતિજ્ઞા પ્રમાણે તારા કુટુંબમાં સો સોમયજ્ઞ પૂરા થયે પ્રકટ થઈશ. એ પ્રમાણે વરદાન આપી ભગવાન અદૃશ્ય થઇ ગયા. આ ઉપરથી એમણે ૩૨ સોમયજ્ઞ કર્યા.

એવું કહેવાય છે કે વેદને વિશે જ્યારે એમને કાંઈ સંદેહ ઊપજતો ત્યારે એઓ રાત્રે નદી ઉપર જઈ નાહીને બેસતા અને ત્યાં વેદનું ધ્યાન ધરતા, એ વખતે વેદ સાક્ષાત્ સ્વરૂપે પધારી એમની શંકાનું સમાધાન કરતા. એ ઉપરથી એઓ વેદનો અવતાર પણ ગણાય છે.

એક વખતે કેટલાક માયાવાદી એમની પરીક્ષા લેવા માટે એક પાડો લઈને આવ્યા અને કહ્યું કે જો તમે આ પાડાને વેદ ભણાવો તો અમે જાણીએ કે તમે વેદના અવતાર છો. ત્યારે યજ્ઞનારાયણ ભટ્ટે કહ્યું : ''भो लुलाय त्वं वेदान् उच्चारय'' હે પાડા ! તું વેદનું ઉચ્ચાર કર. આ સાંભળતાં પાડાને વેદનું જ્ઞાન થયું અને સર્વેને ઉત્તર આપવા લાગ્યો.

યજ્ઞનારાયણ ભટ્ટને ગંગાધર સોમયાજી નામે એક પુત્ર હતા. એમનાં લગ્ન ગોણીપુરના તિરૂમલની કાંચી નામે કન્યા સાથે થયાં હતાં. એમણે ૨૮ સોમયજ્ઞ કર્યા અને ઉત્તર તથા પૂર્વ મીમાંસાનું રહસ્ય બતાવનાર ગ્રંથ રચ્યો. એ શ્રીમહાદેવનો અવતાર ગણાય છે. એક વખત એમના કેશમાં ગંગાજીની અનેક ધારાનાં દર્શન થયાં હતાં.

ગણપત ભટ્ટ :

ગંગાધર સોમયાજીને ગણપત ભટ્ટ નામે પુત્ર થયા. એ ગણપતિનો અવતાર ગણાય છે.દક્ષિણ મથુરાનાં કેશવરામની અંબિકા નામની કન્યા સાથે એમનાં લગ્ન થયાં હતાં. એમણે ૩૦ સોમયજ્ઞ કર્યા. એમણે અનેક શિષ્યો સાથે દક્ષિણ દેશની યાત્રા કરી, શાકતો તથા યાત્રિકોને જીતી વિજય મેળવ્યો અને 'સ્વતંત્રનિગ્રહ'

---

* આ શ્રીમદનમોહનજીના સ્વરૂપની એઓ નિયમિત રીતે સેવા કરવા લાગ્યા. એ સ્વરૂપ હાલમાં શ્રીકામવનમાં છઠ્ઠી ગાદીના તિલકાયત શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોપાલલાલજી મહારાજશ્રીને માથે બિરાજે છે. (સાંપ્રતમાં એમના વંશજ શ્રીઘનશ્યામ લાલજી ઉપર બિરાજે છે.)

નામનો ગ્રંથ રચ્યો. ગણપત ભટ્ટના ઉચ્ચ ચારિત્ર્ય વિશે શ્રીગોકુલેશજીના કૃપાપાત્ર વ્યારાવાળા ગોપાલદાસજી એમના 'પ્રાકટ્ય-સિદ્ધાંત' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે કહે છે :

''પરદ્રવ્ય પરનિંદા ન જાણે, પરમ દીનદયાલ;
સ્વકીય પોષક જ્ઞાન વર્ગ કરે તે પ્રતિપાલ. ૩૯

અન્યાયે પ્રાપ્ત દ્રવ્યનો જેને અનાદર અહરનિશ;
અન્યાય દ્રવ્ય સ્પર્શે નહિ, નિર્માલ્યને સાદશ્ય. ૪૦

સત્ય વચન જ બોલવા, મનમાં ધરે આળસ,
તે મિથ્યા ભાષણ કેમ કરે, જેણે બંધ પામે યશ ? ૪૧

(પ્રા. સિ. માં. ૩.)

આ ગણપત ભટ્ટને અંબિકા સિવાય બીજી બે પત્ની હતી અને એ દરેકને ત્રણ ત્રણ પુત્ર હતા, એટલે એમને કુલ નવ પુત્ર થયા હતા. એમાં જ્યેષ્ઠ પત્ની અંબિકાના જ્યેષ્ઠ પુત્રનું નામ વલ્લભ યા બાલભટ્ટ હતું.

વલ્લભ ભટ્ટ :

વલ્લભ યા બાલભટ્ટનાં લગ્ન ધર્મપુરીના કાશીનાથની પૂર્ણા નામે કન્યા સાથે થયાં હતાં. એ સમર્થ વિદ્વાન હતા. દશ ગ્રંથ પર વ્યાખ્યાન કરી ''દશગ્રંથી'' ના નામથી પ્રખ્યાત થયા. એમણે પાંચ સોમયજ્ઞ કર્યા અને 'ભક્તિદીપ' નામનો ગ્રંથ રચ્યો. એ સૂર્યનો અવતાર ગણાય છે. એમણે પણ મધ્યાહ્ન સમયે પહોર દિવસ ચડેલો બતાવી પોતાનું સૂર્યત્વ સાબિત કર્યું હતું.

વલ્લભ ભટ્ટને લક્ષ્મણ ભટ્ટ અને જનાર્દન ભટ્ટ નામે બે પુત્ર થયા એમાં લક્ષ્મણ ભટ્ટ ઉત્તમ પંડિત હતા. એ અક્ષર બ્રહ્મ અથવા સાક્ષાત્ શેષજીનો અવતાર હતા. ઉત્તમ વિદ્યા સંપાદન કર્યા પછી લક્ષ્મણ ભટ્ટનાં લગ્ન વિદ્યાનગરના રાજાના પુરોહિત સુશર્માની યલ્લમાગારૂ (ઇલ્લમાગારૂ) નામની કન્યા સાથે થયાં હતાં. એક સમયે દુશ્મન રાજાએ કાકરવાડ નગરનો નાશ કર્યો તેથી લક્ષ્મણ ભટ્ટજી અગ્રહાર નામે ગામમાં જઈ વસ્યા. એમને ત્યાં રામકૃષ્ણ નામનો પુત્ર અને સરસ્વતી તથા સુભદ્રા નામની બે કન્યાઓ થઈ. એમણે પાંચ સોમયજ્ઞ કર્યા. આ પ્રમાણે યજ્ઞનારાયણ ભટ્ટે શરૂ કરેલા અને એ પછી એમના વંશજોએ ચાલુ રાખેલા સોમયજ્ઞોની સંખ્યા લક્ષ્મણ ભટ્ટજીના સમયમાં ૧૦૦ પૂરી થઈ. છેલ્લો સોમયજ્ઞ સં. ૧૫૩૨ ના ચૈત્ર શુદ ૯ ને સોમવારે પૂર્ણ થયો.

યજ્ઞની પૂર્ણાહુતિ વખતે યજ્ઞકુંડમાંથી અલૌકિક વાણી થઈ કે તમારે ઘેર સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય થશે. એ વખતે લક્ષ્મણ ભટ્ટજીએ કાશીમાં સવા લાખ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કર્યો. પછી યજ્ઞનારાણ ભટ્ટને આપેલા વચન પ્રમાણે ભગવાને (પૂર્ણ પુરુષોત્તમે) લક્ષ્મણ ભટ્ટજીનાં વિષ્ણુવ્રતપરાયણ અને સર્વગુણસંપન્ન પત્ની ઈલ્લમાગારૂના ગર્ભમાં પોતાના તેજનો પ્રવેશ કરાવ્યો. એ પછી ભગવદિચ્છાનુસાર શ્રીલક્ષ્મણ ભટ્ટજી બ્રહ્મભોજન કરાવવા માટે કાશીની યાત્રા

નિમિત્તે પોતાની નાતના કેટલાક બ્રાહ્મણો સાથે પોતાનું વતન છોડી નીકળ્યા. માર્ગમાં એઓએ યાત્રાળુનો વેશ ધારણ કર્યો હતો. રસ્તામાં શ્રીગોવર્ધનનાથજીએ એમને સ્વપ્નમાં દર્શન આપ્યાં ને આજ્ઞા કરી કે કાશીથી પાછા ફરતાં ચંપારણ્યમાં આવશો ત્યારે તમારે ત્યાં અમારું પ્રાકટ્ય થશે. અને એ વખતે શ્રીગોવર્ધનનાથજીએ એમને એક ઉપરણો, તુલસીની માળા તથા એક પ્રસાદી બીડી આપી અને કહ્યું કે આ બીડી બાળકને જન્મઘૂંટીમાં પાઈ દેજો, તુલસીની માળા કંઠમાં પહેરાવજો અને ઉપરણો એને ઓઢાડજો. એટલામાં તો લક્ષ્મણ ભટ્ટજીની નિદ્રા ખૂલી તો એ ત્રણ વસ્તુ સિવાય બીજું કાંઈ દેખાયું નહિ.

એઓ સં. ૧૫૩૫ પોષ વદ ૩૦ ના રોજ પ્રયાગ પહોંચ્યા અને યથાવિધિ ત્યાંની યાત્રા કરી. આ સ્થળે કૃષ્ણદાસ શેઠ (ચંપારણ્યના રાજાનો કારભારી) એમને મળ્યો. એણે પુત્રપ્રાપ્તિ માટે લક્ષ્મણ ભટ્ટને પ્રાર્થના કરી. એ ઉપરથી એમણે એને આશીર્વાદ આપ્યો. એ પછી કૃષ્ણદાસ પોતાને દેશ ગયો ને લક્ષ્મણ ભટ્ટજી (વારાણસીમાં) હનુમાન ઘાટ પર પોતાની નાતના સદ્‌ગૃહસ્થો રહેતા હતા ત્યાં એક મકાન રાખી રહ્યા અને પંડિતો, વિદ્વાનો તથા સંન્યાસીઓ સાથે ધર્મવાર્તા કરી આનંદ કરતા તથા થોડા થોડા દિવસના અંતરે બ્રહ્મભોજન કરાવતા.

આચાર્યશ્રીનું પ્રાકટ્ય :

આ પ્રમાણે થોડો સમય આનંદમાં ગાળ્યા પછી ખબર આવી કે પશ્ચિમ દિશા તરફથી એક યવન પાદશાહ દિલ્હી આવ્યો છે અને યવન સેના લઈ કાશીના દશનામી સંન્યાસીઓ પર ચડાઈ કરવા આવે છે. આ સાંભળી કાશીના રહેવાસી ભયભીત થઈ અન્ય દેશોમાં નાસી જવા લાગ્યા, એ જોઈ લક્ષ્મણ ભટ્ટજી પણ સ્વદેશ તરફ પાછા જવા નીકળ્યા. એમની સાથે દક્ષિણનાં બીજાં કેટલાંક યાત્રાળુઓ પણ હતા. કેટલેક દિવસે એઓ સર્વ ભીમરથી નદીના કિનારે ચોડા નામે નગર પાસે ચંપારણ્યમાં આવ્યા એ વખતે શિવા(હરડે)ના ઝાડ નીચે અંધારી રાત્રિને વિશે એમનાં સ્ત્રી ઈલ્લમાગારૂને સાતમે માસે, સં. ૧૫૩૫ના (વ્રજ) વૈશાખ વદિ ૧૧ને ગુરુવારે ગર્ભસ્રાવ થયો. એ ગર્ભ જીવતો નથી એમ જાણી, પોતાનું વસ્ત્ર ફાડી, એના એક કટકામાં વીંટી એને એક શમીવૃક્ષની બખોલમાં મૂક્યો અને તે ઉપર ઝાડનાં પાંદડાં ઢાંક્યાં. એની પછી એઓ સઘળાં આગળ ચાલ્યાં અને થોડે જઈ સર્વ મંડળીએ રસ્તામાં એક જગાએ મુકામ કર્યો. ત્યાં લક્ષ્મણ ભટ્ટજી તથા ઈલ્લમાગારૂજીને પ્રભુએ સ્વપ્ન દ્વારા જણાવ્યુંકે તમારે ત્યાં ભગવત્પ્રાકટ્ય થયું છે. બીજે દિવસે સવારે લક્ષ્મણજીભટ્ટજીને ખબર મળી કે દંડી સંન્યાસીઓએ મ્લેચ્છોની ફોજને હરાવી કાઢી મૂકી છે અને કાશીમાં સર્વત્ર શાંતિ થઈ ગઈ છે. આ ખબર એમણે પોતાની સાથેના સર્વ ગૃહસ્થોને જણાવ્યા અને તેથી જેઓને સ્વદેશ જવાની ઈચ્છા હતી તેમને વિદાય કર્યા, જેઓને કાશી જવાની ઉતાવળ હતી તેમને કાશી જવા દીધા, પણ જેઓ લક્ષ્મણ ભટ્ટજીની સાથે જ રહેવા માગતા હતા તેમણે આગલી રાત્રે ગર્ભસ્રાવ થવાની ખબર કહી અને જાત-શૌચની નિવૃત્તિ થયા પછી કાશી જવાનું જણાવ્યું, એ લોકોએ પણ એમની સાથે રહેવા ખુશી જણાવી. પછી કેટલાક મનુષ્યો તથા ઈલ્લમાગારૂજીને સાથે લઈ લક્ષ્મણ

ભટ્ટજી જે સ્થળે ગર્ભસ્રાવ થયો હતો ત્યાં ગયાં. ઈલ્લમાગારૂજી જ્યાં ગર્ભ મૂક્યો હતો ત્યાં ગયાં. ઈલ્લમાગારૂજીએ ચાળીસ હાથના અગ્નિકુંડની મધ્યમાં પોતે લપેટેલા વસ્ત્ર ઉપર, એક અપ્રાકૃત બાળકને સ્વ-અંગુષ્ઠ ચૂસતો જોયો. ઈલ્લમાગારૂએ એ બાળક લક્ષ્મણ ભટ્ટજીને બતાવ્યો અને પયઃસ્રાવની સાબિતી આપી કહ્યું કે એ બાળક મારો છે. લક્ષ્મણ ભટ્ટજીએ કહ્યું કે જો એ બાળક તમારો જ હશે તો અગ્નિ તમને માર્ગ આપશે. એ ઉપરથી ઈલ્લામાગારૂ એ બાળક તરફ જતાં અગ્નિએ માર્ગ આપવાથી એમણે એ બાળકને લઈ પોતાના હૃદય સાથે ચાંપ્યો. એ જ અપ્રાકૃત બાળક તે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી હતા. પછી પ્રથમની શ્રીગોવર્ધનનાથજીએ આપેલી બીડી જન્મઘૂંટીમાં પાઈ, તથા તુલસીની માળા કંઠમાં પહેરાવી તથા ઉપરણો ઓઢાડ્યો. એ વખતે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય સંબંધમાં શ્રીગોકુલેશજીના કૃપાપાત્ર કલ્યાણ ભટ્ટજી એમના 'કલ્લોલ' ગ્રંથમાં તથા વ્યારાવાળા ગોપાલદાસજી પોતાના 'પ્રાકટ્યસિદ્ધાંત' ગ્રંથમાં નીચે પ્રમાણે લખે છે :-

યજ્ઞનારાયણ ભટ્ટને આપેલા વચન પ્રમાણે સ્વપ્રાકટ્યનો સમય પ્રાપ્ત થતાં પૂર્ણ પુરુષોત્તમ પ્રભુએ લક્ષ્મણભટ્ટજીનાં વિષ્ણુવ્રતપરાયણ અને સર્વગુણસંપન્ન પત્ની ઈલ્લમાગારૂજીના ગર્ભમાં પોતાનો પ્રવેશ કરાવ્યો. એ પછી ભગવદાજ્ઞાનુસાર લક્ષ્મણ ભટ્ટજી પ્રયાગમાં વાસ કરવાની ઈચ્છાથી પોતાની નાતના કેટલાક બ્રાહ્મણો સાથે પોતાનું વતન છોડી નીકળ્યા. રસ્તામાં એઓએ યાત્રાળુનો વેશ ધારણ કર્યો હતો. આ પ્રમાણે ચાલતાં કેટલેક સમયે એઓ હાલના મધ્ય પ્રાંતમાં આવેલી ભીમરથી નદીને કિનારે ચોડા નામે નગર પાસે ચંપારણ્યમાં આવ્યા. ત્યાં શિવા(હરડે)ના ઝાડ નીચે ઈલ્લમાગારૂને સાતમે માસે સંવત ૧૫૨૯ ના ચૈત્ર વદ ૧૧ ને શનિવારના રોજ ગર્ભસ્રાવ થયો. અધૂરે માસે ગર્ભસ્રાવ થવાથી ગર્ભને એકાદ ક્ષણ મૂર્છા રહી, પણ પછીથી પરમ તેજસ્વી, મહાન, અલૌકિક, નિજજનના સૌભાગ્યરૂપ અને પ્રેક્ષકોનાં નેત્ર-મનને આકર્ષનાર એક અતિ સુંદર બાળકનાં દર્શન થયાં. એને લઈ લક્ષ્મણ ભટ્ટજી પોતાનાં પત્ની તથા સાથીઓ સાથે પ્રયાગ ગયા. આ અલૌકિક બાળક તે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી હતા.

રા. બ. લલ્લુભાઈ એમના ''શ્રી વલ્લભચરિત્ર'' નામના ગ્રંથમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની જન્મતિથિ સં. ૧૫૩૫ ના ચૈત્ર વદ ૧૧ ને ગુરુવારની આપે છે અને પ્રાકટ્યસિદ્ધાંત સિવાય યદુનાથદિગ્‌વિજય વગેરેમાં પણ આજ તિથિ આપેલી છે. રા. રા. નાનુભાઈ ગાંધી એમનાં 'ભક્તિપ્રકરણ' નામના ગ્રંથમાં ગોપાલદાસજીનો આધાર લઈને તિથિ વધારે સત્ય છે એમ બતાવે છે અને એના સમર્થન અર્થે એઓએ એમાં જન્મકુંડલી અને એને લગતું ગણિત પણ આપ્યું છે. જોકે આ તિથિના સંબંધમાં હજુ કંઈ ચોક્કસ નિરાકરણ થયું નથી તોપણ અમારા ધારવા પ્રમાણે આ તિથિનિર્ણય ભક્તિમાર્ગીય દૃષ્ટિથી કાંઈ ખાસ મહત્ત્વનો નથી. ભક્તજન માટે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની જન્મતિથિ કરતાં એમના સ્વરૂપનું જ્ઞાન તથા આ તિથિવાદ ચર્ચવો ઉચિત લાગતો નથી, એ કામ તો ધર્મ અને ભાષાના ઈતિહાસકારોને સોંપી આપણું કામ આગળ ચલાવીશું, કારણ કે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તો ભક્તજનના ઉદ્ધાર અર્થે

થયેલું શુદ્ધ પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય હતું એ બંને પક્ષ કબૂલ કરે છે અને ભક્ત જનને જરૂર પણ એની જ છે. સંવત અને વાર સિવાય માસ, પક્ષ ને તિથિમાં પણ બંને પક્ષનો મત મળતો આવે છે.

આ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું વિસ્તૃત જીવન લખાયેલું હોવાથી તથા અત્રે એ અસ્થાને હોવાથી એમનાં જીવનનો સારાંશ માત્ર આપવો ઉચિત જણાય છે.

જન્મ પછી કુટુંબના રિવાજ મુજબ જાતકરણ , નામકરણ વગેરે કર્મો કર્યાં. ત્યારપછી પ્રયાગમાં વાસ કરીને શ્રીઆચાર્યજીને સં. ૧૫૪૨માં ઉપનયનસંસ્કાર કરવામાં આવ્યો એમ રા. બ. લલ્લુભાઈ જણાવે છે,* પણ નિજ વાર્તામાં ઉપનયનસંસ્કારની તિથિ સં. ૧૫૪૦ના ચૈત્ર વદિ ૯ ને રવિવારની છે. શ્રીવલ્લભવિલાસમાં પાંચમા વર્ષે શ્રીઆચાર્યજીને ઉપનયનસંસ્કાર થયાનું લખે છે અને તેથી નિજવાર્તાની તારીખને પુષ્ટિ મળે છે. (વધારે શક્યતા સં. ૧૫૩૫ ના ચૈત્ર વદિ ૧૧ ને રવિવારની છે.)

આચાર્યશ્રીના પાંચમા વર્ષમાં લક્ષ્મણ ભટ્ટજીને ત્રીજો પુત્ર થયો, એટલે આચાર્યશ્રીને એક મોટો અને એક નાનો એમ બે ભાઈ હતા. વ્યારાવાળા ગોપાલદાસજીના લખવા પ્રમાણે મોટાભાઈનું નામ નારાયણ ભટ્ટ તથા નાના ભાઈનું નામ રામકૃષ્ણ હતું. નાના ભાઈ રામકૃષ્ણને કોઈ પંડિતે દ્વેષથી ઝેર આપી મારી નાખ્યો અને મોટા ભાઈ નારાયણ ભટ્ટ 'કેશવપુરી'નું નવું નામ ગ્રહણ કરી સંન્યાસી થયા.

રા.બ. લલ્લુભાઈ એમના 'શ્રીવલ્લભ ચરિત્ર'માં આ વિશે પણ જુદું જ કહે છે. એઓ લખે છે કે કેશવપુરી આચાર્યશ્રીના મોટા ભાઈ હતા અને એઓ નાના ભાઈના જન્મ પહેલાં મૃત્યુવશ થયા હતા તેથી નાના ભાઈનું નામ પણ કેશવપુરી જ રાખ્યું હતું. રા. બ. લલ્લુભાઈ પોતાના ગ્રંથમાં રામકૃષ્ણનું તો નામ પણ આપતા નથી, વળી મોટા અને નાના ભાઈ બંને માટે એક જ નામ આપે છે, એટલે એમને બંને ભાઈનાં ખરાં નામની ખબર હોય એમ લાગતું નથી, ફક્ત મોટા ભાઈ નારાયણ ભટ્ટ જેઓએ સંન્યાસ લીધા પછી ''કેશવપુરી'' નામ ગ્રહણ કર્યું હતું, તેમને એમના સંન્યાસી નામથી ઓળખે છે. મોટા ભાઈના મૃત્યુ વિશે પણ એઓ કાંઈ કહેતા નથી અને નાના ભાઈને માટે પણ મોટા ભાઈનું (કેશવપુરી) નામ જ આપે છે એટલે શ્રીઆચાર્યજીના ભાઈઓ સંબંધી હકીકતમાં રા. બ. લલ્લુભાઈ ફક્ત કેશવપુરીના નામ સિવાય વિશેષ જાણતા હોય એમ લાગતું નથી. વળી એઓ કહે છે કે મોટા ભાઈ મૃત્યુ પામવાથી નાના ભાઈને પણ એ જ નામ આપવામાં આવ્યું, પણ અમને તો એ અસંભવિત લાગે છે. ભાગ્યેજ કોઈ એવો પિતા હશે કે જે પોતાના ગત પુત્રનું નામ હયાત પુત્રને આપી મૃત્યુ પામેલા પુત્રના શોકમાં વધારો કરે. કારણ કે સ્વાભાવિક રીતે જ નામ દ્વારા મૃત્યુ પામેલો પુત્ર સાંભરે છે ને એ દ્વારા શાંત પડેલી શોકાગ્નિની લાગણી પાછી તાજી થાય છે. આટલું કહી બંને પક્ષમાં કયો વધારે માનનીય છે એ નક્કી કરવાનું કામ અમે અમારા સુજ્ઞ વાચકોને સોંપીએ છીએ.

---

* જુઓ એમનું શ્રીવલ્લભચરિત્ર (પાનું ૨૬).

શ્રી આચાર્યજીનો વિદ્યાભ્યા :

સં. ૧૫૩૬ ના આષાઢ સુદિ ૨ થી, એટલે જન્મથી સાતમે વર્ષે શ્રીઆચાર્યજીનો વિદ્યાભ્યાસ શરૂ થયો. કાશીમાં વિદ્યાવિલાસ ભટ્ટાચાર્ય પાસે ચાર મહિનામાં શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણ, શ્રીમદ્‌ભાગવતાદિ ભણ્યા ને એ દ્વારા પોતાનું અતુલ ઐશ્વર્ય બતાવ્યું અને એ જ વખતે વ્યાસસૂત્રનો ઉપયોગ બ્રહ્મવાદમાં કર્યો. ત્યાર પછી ચાર સંપ્રદાયના બ્રહ્મસૂત્રભાષ્ય ભણવા દક્ષિણના સરસ્વતીભંડારમાં પધાર્યા. આ હકીકત શ્રીગોકુલેશજીએ શ્રીમુખે કહી છે.

લક્ષ્મણ ભટ્ટજીનો વૈકુંઠવાસ :

આચાર્યશ્રીનો અભ્યાસ પૂરો થયા પછી થોડા સમયમાં જ એમના પિતા લક્ષ્મણ ભટ્ટજી મકરના સૂર્ય થતાં સં. ૧૫૪૬ના ચૈત્ર વદિ ૯ ના રોજ લક્ષ્મણબાલાજીમાં અંતર્ધાન થયા.

પ્રથમ યાત્રારંભ :

પિતાના મરણ પછી નાના ભાઈ તથા માતુશ્રીને લઈ શ્રીઆચાર્યજી દક્ષિણની યાત્રાએ પધાર્યા. યાત્રામાં એમણે બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો હતો. સં. ૧૫૪૮ ના વૈશાખ વદિ ૨ ના રોજ પ્રથમ યાત્રાનો પ્રારંભ કર્યો. યાત્રાના મિષથી અનેક સ્થળોમાં જઇ, ત્યાં રહેલા દૈવી જીવોને એમના સ્વરૂપનું જ્ઞાન કરાવી ભગવત્પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો અને એ દ્વારા અનેક નિઃસાધન જીવોનો ઉદ્ધાર કર્યો. પ્રથમ યાત્રામાં ફરતાં ફરતાં વિદ્યાનગર (હાલનું વિજયનગર) પધાર્યા. ત્યાં એ વખતે શ્રીકૃષ્ણદેવ નામે ઘણો વિદ્વાન ને ધર્મિષ્ઠ રાજા રાજ્ય કરતો હતો. એમણે ધર્મના નિર્ણય માટે ભારતવર્ષમાં એ વખતે પ્રચલિત સઘળા ધર્મોના આચાર્યોને ભેગા કર્યા હતા અને એઓ પોતાનો મત સાબિત કરવા શાસ્ત્ર-અનુસાર વાદ કરતા હતા. જે વખતે શ્રીઆચાર્યજી ત્યાં પધાર્યા તે વખતે વૈષ્ણવ ધર્મના આચાર્યોને વાદમાં હરાવી શાંકર મતના આચાર્યો વિજય મેળવવાની તૈયારીમાં હતા. આ વખતે શ્રીમદ્ આચાર્યજીએ પોતાની કિશોર વયમાં પ્રાકટ્યપ્રતાપ દર્શાવી વૈષ્ણવ ધર્મનું રક્ષણ કર્યું અને વાદમાં વેદવિરુદ્ધ તથા વેદનું ખરું રહસ્ય નહિ સમજનાર સર્વ ધર્મોનો પરાજય કરી એતન્માર્ગની જયપતાકા ઉડાવી. એ સભામાં સઘળા વાદીઓ સાથે શ્રીઆચાર્યજીએ લગભગ ૨૭ દિવસ સુધી વાદ કર્યા અને એ દ્વારા પોતાનું અપરિમિત શાસ્ત્રજ્ઞાન જાહેર કર્યું. રાજા કૃષ્ણદેવ શરણે આવ્યો ને એણે એમને કનકાભિષેક કરાવ્યો. રાજાએ અર્પણ કરેલા અઢળક દ્રવ્યમાંથી માત્ર* દૈવી દ્રવ્યનો જ અંગીકાર કરી એનો ભગવત્સેવામાં વિનિયોગ કર્યો અને એ દ્વારા લૌકિક દ્રવ્ય પ્રત્યેની પોતાની અરુચિ તથા નિર્લોભપણું બતાવી આપ્યાં, એટલું જ નહિ, સામાન્ય મોહની વસ્તુઓ એમની દ્રષ્ટિમાં કેટલી નીચી હતી એ સાબિત કરી આપ્યું. આ વખતે સર્વ આચાર્યો તરફથી એમને ''અખંડભૂમંડલાચાર્યવર્ય મહાપ્રભૂ શ્રીમદાચાર્ય''ની પદવી આપવામાં આવી. પછી રાજા વગેરેને યોગ્ય ધર્મનો બોધ આપી તથા માતુશ્રીને મામાને ત્યાં મૂકી

---

* આ દૈવી દ્રવ્ય એ ફક્ત સોનાની સાત મહોરો જ હતી. એનાં શ્રીમદાચાર્યજીએ નૂપુર કરાવી શ્રીગોવર્ધનનાથજીને અંગીકાર કરાવ્યાં, જે હાલ સુધી પણ શ્રીઅંગે ધરાય છે.

પ્રવાસમાં આગળ ચાલ્યા. દક્ષિણમાં ઠેઠ રામેશ્વર તથા કન્યાકુમારી સુધીના દરેક પવિત્ર સ્થળે જઈ પાછા ફર્યા. વળતાં પંઢરપુર, નાસિક, ઉજ્જૈન, વગેરે સ્થળોએ થઈ મથુરા પધાર્યા. આ પ્રમાણે યાત્રા દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો અને વચમાં અસુરરૂપી જે વાદીઓ મળ્યા તેમનો પ્રતાપબળથી ધ્વંસ કર્યો. પછી સં. ૧૫૪૯ ના કારતક સુદિ ૧૧ ના રોજ શ્રીગોકુલ પધાર્યા.

માર્ગની સ્થાપના :

ત્યાં ગોંવિદઘાટ ઉપર શમીવૃક્ષ નીચે મુકામ કર્યો. રાત્રે શ્રીઆચાર્યજી વિચારવા લાગ્યા કે શ્રીઠાકોરજીએ ભક્તિમાર્ગ સ્થાપન કરવા આજ્ઞા કરી છે, પણ પૂર્ણાનંદરૂપ ભગવાન શ્રીકૃષ્ણ નિર્દોષ હોવાથી ફક્ત નિર્દોષ જનોથી સેવી શકાય એમ છે, પણ આ કલિકાળમાં જીવમાત્ર દોષયુક્ત છે, તેથી એણે કરેલી ભક્તિ નિર્દોષ પ્રભુ અંગીકાર કરે નહિ અને તેથી ઉપદેશ કરેલો ભક્તિમાર્ગ સ્વાભાવિક રીતે જ નિષ્ફલ થાય.

આચાર્યશ્રીની આ ચિંતા જોઈ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોકુલેશ પ્રભુએ દર્શન દઈ એમને ગદ્ય-મંત્ર આપ્યો અને એ દ્વારા થતા બ્રહ્મસંબંધથી જીવ અને વસ્તુ માત્રના તત્સંબધી દોષની નિવૃત્તિ થશે, દરેક સેવા યોગ્ય થશે એમ કહ્યું અને પછી એઓ અંતર્ધાન થયા. આ ભાગવદ્‌વાક્યો નિજ જનના જ્ઞાન માટે શ્રીઆચાર્યજીએ પોતાના ''सिद्धांतरहस्य'' નામના ગ્રંથમાં પ્રકટ કર્યાં છે. બીજે દિવસે દામોદરદાસજી, કૃષ્ણદાસ મેઘન વગેરે શિષ્યો તથા રામદાસ, પ્રભુદાસ જલોટા વગેરે વૈષ્ણવોને એમની વિનંતી પરથી બ્રહ્મસંબંધ* કરાવ્યો.

પ્રથમ યાત્રાની પૂર્ણાહુતિ :

આ પ્રમાણે શ્રીગોકુલમાં શિષ્યો થતા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ કરાવી એ દ્વારા પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. સં. ૧૫૪૯ના ભાદરવા વદિ ૧૨ ના રોજ શ્રીઆચાર્યજી વ્રજયાત્રા પૂરી કર્યા પછી મથુરામાં પધાર્યા. ત્યાર પછી ગુજરાત, સિંધ તથા ઉત્તરની યાત્રા કરી, જગન્નાથપુરી સહ્યાદ્રિ થઈ, ગોદાવરીમાં સ્નાન કરી પોતાને ગામ અગ્રહાર પધાર્યા. આ સ્થળે પ્રથમ યાત્રા સં. ૧૫૫૪ના વૈશાખ સુદિ ૩ ના રોજ નવ વર્ષે પૂરી થઈ.

બીજી યાત્રા :

વળી બીજે વર્ષે એટલે ૧૫૫૫ના ચૈત્ર સુદ ૨ ને રવિવારે માતુશ્રીની આજ્ઞા લઈ આચાર્યશ્રીએ બીજી યાત્રાનો પ્રારંભ કર્યો. બીજી પરિક્રમાનો ઉદ્દેશ રાજસ દૈવી જીવોના ઉદ્ધારનો હતો. પ્રથમ યાત્રાની માફક આ વખતે પણ દક્ષિણમાં ફરી, શરણે આવેલાઓને બ્રહ્મસંબંધ કરાવી શ્રીહરિની સેવાનો બોધ કરતા કરતા આચાર્યશ્રી થોડા રોજમાં પંઢરપુરમાં આવી પહોંચ્યા. ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીએ એમને કાશીમાં જઈ લગ્ન કરી ગૃહસ્થાશ્રમ પાળવા આજ્ઞા કરી અને પોતાને પુત્રરૂપે પ્રગટ થવાની

---

* આ બ્રહ્મસંબંધ મંત્રનો સ્પષ્ટ અર્થ જાણવાની ઇચ્છાવાળાઓએ અમારા તરફથી પ્રગટ થયેલું ''ब्रह्मसंबन्धकाव्यम्'' એ નામનું પુસ્તક મગાવી વાંચવું. લ. છ. દેસાઈ

ઇચ્છા દર્શાવી, જે વિશે શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર ગોપાલદાસજી એમના 'વલ્લભાખ્યાન'માં કહે છે કે

''વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજીસું વાત,
અમને તે ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત.''
(વલ્લભાખ્યાન ૨-૧૬)

પરંતુ શ્રીઆચાર્યજી તો બ્રહ્મચર્ય-અવસ્થામાં રહેવા માગતા હતા તેથી જ્યારે ઉપરની પ્રભુની આજ્ઞા સાંભળી ત્યારે એમણે વિનંતી કરી કે કાશીના અજાણ્યા સ્થાનમાં કન્યા કેવી રીતે મળી શકે ? એના પ્રત્યુત્તરમાં શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે વિના પ્રયાસે સર્વ સિદ્ધ થશે. એ પ્રમાણે કાશીમાં જતાંની સાથે જ દેવન ભટ્ટે પોતાની પુત્રીના લગ્ન માટે આપોઆપ શ્રીઆચાર્યજીનું માગું કર્યું અને તેથી ''સં. ૧૫૬૦ના આષાઢ સુદિ ૫ ના રોજ બીજી યાત્રા પૂરી કર્યા પછી'' શ્રીઆચાર્યજીનાં લગ્ન શ્રીમહાલક્ષ્મીજી વહુજી સાથે કરવામાં આવ્યાં. આ પ્રમાણે શ્રીઆચાર્યજીનો ગૃહસ્થાશ્રમ ફક્ત પ્રભુની આજ્ઞ પાલન માટે જ હતો અને નહિ કે કોઈ જાતના સાંસારિક વિલાસભોગ માટે.

ત્રીજી યાત્રા :

લગ્ન પછી છ માસ કાશીમાં બિરાજી ''સં. ૧૫૬૧માં ત્રીજી યાત્રાનો'' પ્રારંભ કર્યો. એ વખતે ઝાર-ખંડીમાં નિકટ પધારવાની પ્રથમ આજ્ઞા થઇ, પણ ભૂતલ પર પોતાને કરવાનું કાર્ય ઘણું બાકી હોવાથી એ આજ્ઞાનું સંકોચ સાથે ઉલ્લંઘન કરવું પડ્યું. ત્યાંથી ગિરિરાજ પધારી શ્રીગોવર્ધનનાથજીની સેવાનો પ્રકાર નિયમિત રીતે ચાલુ કર્યો. એ પછી વ્રજયાત્રા કરી, સોરમમાં પોતાના નાના ભાઈને મળી, એમને ઉપદેશ આપી કાશીમાં પધાર્યા. ત્યાં કેટલાક વાદીઓને જીતી જગન્નાથ, પંઢરપુર, ગુજરાત, સૌરાષ્ટ્ર, લાહોર, બદરિકાશ્રમ, હરદ્વાર વગેરે સ્થળોને પવિત્ર કરી શ્રીઆચાર્યજી વ્રજમાં પધાર્યા ને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. ત્યાંથી અડેલ થઈ, કાશી જઈ, માતુશ્રીને પગે લાગી બાર વર્ષે સં. ૧૫૬૪માં ત્રીજી પરિક્રમા સમાપ્ત કરી.

ત્યાર પછી કાશીમાં ૨૭ દિવસ સુધી વાદ કરી, સર્વ પંડિતોને જીતી, માયાવાદને ખંડન કરી સાકાર પુરુષોત્તમ પ્રમાણ્યા. આ વખતે આચાર્યશ્રીએ ''પત્રાવલંબન'' નામનો ગ્રંથ પ્રકટ કરી અનેક માયાવાદીઓને એક જ જવાબથી મૂક કરી દીધા. એ ગ્રંથ વિશે ગોપાલદાસજી એમના 'વલ્લભાખ્યાન'માં કહે છે કે-

''પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક મત્ત માતંગ;
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ.''
(વલ્લભાખ્યાન. ૨-૧૦)

ચરણાટ વાસ :

આ પછી આચાર્યશ્રી ચરણાટ*માં રહેવા ગયા. એ દરમ્યાન સં. ૧૫૭૦ ના

---

* ચરણાટને પુરાણાદિકમાં તથા ગર્ગસંહિતામાં ગુપ્તવૃંદાવન કહે છે.

આસો સુદિ ૧૦ના રોજ પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી* (બળભદ્રજીનો અવતાર વ્યૂહાત્મક) પ્રકટ થયા અને સં ૧૫૭૨ (વ્રજ) પોસ વદિ ૯ ને શુક્રવારે, હસ્ત નક્ષત્ર, શોભન યોગ, સૂર્યોદય પછી ૨૧ ઘડી ૨૫ પળે શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાદુર્ભાવ થયો. પછી ત્યાંથી આચાર્યશ્રી અડેલ પધાર્યા. ત્યાંથી જગદીશની યાત્રાએ જતાં માર્ગમાં ગંગાસાગર પર કૃષ્ણ ચૈતન્યનો મેળાપ થયો. ત્યાર પછી જગદીશ થઈ, વ્રજમાં ફરી દ્વારકાના મિષથી ગુજરાત પધાર્યા. ત્યાં અનેક દૈવી જીવોને શરણે લીધા. દ્વારકાથી અડેલ પધારી ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીનો ''ઉપનયન''સંસ્કાર કર્યો ને વારાણસીમાં ''માધવ સરસ્વતી'' પાસે વિદ્યા ભણાવી ચરણાટ તથા અડેલમાં વસતાં શ્રીઆચાર્યજીએ નિજ જનને શિક્ષા માટે તથા માર્ગના રક્ષણ અર્થે નવરત્ન વગેરે નાના મોટા અનેક પ્રકારના ગ્રંથો રચ્યા, જે સઘળાનાં નામ અત્રે આપી શકાય એમ નથી.

ગોકુલ-ગોવર્ધનવાસ :

ત્યાર પછી શ્રીગોકુલ-ગોવર્ધન પધારી ત્યાં વાસ કર્યો. ત્યાં શ્રીગોવર્ધનનાથજી માટે મંદિર તૈયાર કરાવ્યું ને સં.૧૫૭૬ના શ્રાવણ વદિ ૩ ના રોજ એમાં એમને પાટ પધરાવ્યા. ત્યાર પછી આજ્ઞા પ્રમાણે શ્રીમદ્ભાગવતનું વિવરણ કર્યું. પોતે શ્રીમુખે ટીકા બોલતા ને માધવ ભટ્ટ કાશ્મીરી લખતા. આ પ્રમાણે શ્રીમદ્ભાગવત પરની અપૂર્વ ટીકા પ્રકટ કરી એનું રહસ્ય બતાવી આપ્યું. આ વિવરણ ''શ્રીસુબોધિનીજી''ના નામથી પ્રસિદ્ધ છે. જોકે શરૂઆતમાં શ્રીઆચાર્યજીએ શ્રીમદ્ભાગવતના બારે સ્કંધ પર વિવરણ કરવા ધારી પ્રથમ સ્કંધથી શરૂઆત કરી પરંતુ નિકટ ગમન માટે ઉપરાઉપરી પ્રભુની બે આજ્ઞાઓ થવાથી પહેલાં ૧-૨-૩ સ્કંધ સુધી તથા દશમ સ્કંધની ટીકા પૂરી કરી, એકાદશ સ્કંધમાં નવ યોગેશ્વરના પ્રસંગ પૈકી આઠ યોગેશ્વર સુધીની સુબોધિનીજી કર્યા પછી નવમા યોગેશ્વરનો પ્રસંગ વિચારે છે એવામાં ત્રીજી આજ્ઞા થઈ તેથી રમણધામમાં પધારવાની તૈયારી કરી એ વખતે ''અંતઃકરણપ્રબોધ'' નામનો ગ્રંથ રચ્યો.

રમણધામમાં પધારતી વખતે માતાજી તથા વહુજીને યોગ્ય શિખામણ આપી, શ્રીગોપીનાથજીને ગાદી સોંપી, શ્રીવિઠ્ઠલનાથજીને શ્રીકંઠની માળા પહેરાવી દામોદરદાસ તથા પદ્મનાભદાસ વગેરેને એમના શિક્ષણ ને રક્ષણનું કામ સોંપી, ''સં. ૧૫૮૭ના વૈશાખ વદિ ૧૦''ના રોજ શ્રીઆચાર્યજીએ ''પૂર્ણાનંદ'' નામ ગ્રહણ કરી સંન્યાસ લીધો. જૂજ સમય સંન્યાસ તથા પરમહંસાશ્રમમાં ધર્મ પાળી અઢાર દિવસમાં પોતે કાશી પધાર્યા. ત્યાં હનુમાન ઘાટપર સાત દિવસ પરમહંસાશ્રમમાં રહી, આચાર્યશ્રીએ શ્રીગોપીનાથજી વગેરે બાલકોને તથા વૈષ્ણવોને 'શિક્ષાશ્લોક' નામનો ગ્રંથ રચી શિક્ષા આપી. આ પ્રમાણે સર્વ વર્ણાશ્રમ તથા કુલ અને વૈદિક ધર્મોનું યોગ્ય પાલન કરી, જે પ્રયોજન (પુષ્ટિમાર્ગની સ્થાપના) માટે ભૂતલમાં પધાર્યા હતા તે સિદ્ધ કરી આચાર્યશ્રીએ ગંગાજીમાં પ્રવેશ કર્યો. ત્યાં એમણે ''સં. ૧૫૮૭ના આષાઢ સુદિ ૩ ને દિવસે''ભૂતલ પર કુલ ૫૮ વર્ષ, ૨ માસ, ને ૭ દિવસ બિરાજી રમણધામ

---

* શ્રીગોપીનાથજીના પ્રાકટ્ય સંબંધમાં મૂળપુરુષ વગેરેમાં સં. ૧૫૬૭ ના ભાદરવા વદ ૧૨ આપી છે, પણ પ્રાકટ્યસિદ્ધાંતમાં ઉપર જણાવેલી તારીખ આપી છે.

પધાર્યા એ વખતે વાજિંત્રના અવાજ ને પુષ્પવૃષ્ટિ થયાં.*

એક પાશ્ચાત્ય વિદ્વાન પોતાના ''હિંદુધર્મો'' નામના ઈંગ્રેજી પુસ્તકમાં ઉપલા બનાવ વિશે લખે છે કે

''આ દુનિયામાં પોતાનો જીવન-ઉદ્દેશ પાર પાડી હનુમાનઘાટ આગળ આચાર્યશ્રીએ ગંગાજીમાં પ્રવેશ કર્યો અને જળમાં નીચા નમતાં એ અદશ્ય થયા. એ સમયે ત્યાં એક તેજોમય પુંજ ઉત્પન્ન થયો અને હજારો માણસોના સમક્ષમાં (એ તેજના પુંજ દ્વારા) વૈકુંઠમાં પધાર્યા ને આકાશમાં અદશ્ય થયા.''

એતન્માર્ગીય ગ્રંથો કહે છે કે ''એ તેજના પુંજ દ્વારા આચાર્યશ્રી રમણધામ પધાર્યા. એ તેજનો સ્તંભ જળની સપાટીથી આકાશ સુધી લગભગ ત્રણ કલાક સુધી દેખાયો હતો.''

શ્રીગુસાંઈજી :

આ પ્રમાણે શ્રીઆચાર્યજી માળા દ્વારા પોતાનું સકલ સામર્થ્ય શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)ને સોંપી પ્રભુધામમાં પધાર્યા. પછી શ્રીગુસાંઈજી પિતાની આજ્ઞા પ્રમાણે અડેલમાં રહી સેવા કરતા. ત્યાં જે જે પંડિતો વાદ કરવા આવ્યા તે સર્વને એઓશ્રીએ જીતી લીધા. અહીં (ચાચા) હરિવંશજી ક્ષત્રિય વગેરે શરણે આવ્યા એમનો અંગીકાર કરી પિતાજીએ પ્રકટ કરેલા માર્ગનો વિચાર કરવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય ગ્રંથો રચ્યા જેમાંના મુખ્ય નીચે પ્રમાણે છે :

(१) श्रीगोकुलाष्टक, (२) विद्वन्मंडन, (३) व्रतचर्या, (४) दानलीला,(५) गुसरस (५) त्रिभंगललित, (६) स्वामिनीस्तोत्र, (७) स्वामिन्यष्टक, (८) कृष्णप्रेमामृत, (९) श्रीवल्लभाष्टक, (१०) श्रीसर्वोत्तमस्तोत्र, (११) विज्ञप्ति (१२) श्रीसुबोधिनीजी पर टिप्पणी, (१३) प्रेमामृत–विवरण, (१४) गीतातात्पर्य, (१५) षट्पदी, (१६) प्रबोध.

ગ્રંથો રચવા ઉપરાંત એમણે શ્રીઆચાર્યજીની માફક જુદા જુદા દેશોમાં પધારી, ત્યાંના દૈવી જીવોને શરણે લઈ, એમને પોતાના પ્રમેયબળથી આસુરી સંગતમાંથી છોડાવી હરિસેવામાં જોડ્યા. શ્રીગુંસાંઈજી આ જ કારણને લઈને ફરી ફરીને છ વખત દ્વારકાના મિષથી ગુજરાતમાં પધાર્યા છે.

આ ઉપરાંત શ્રીગોવર્ધનનાથજી તથા સાત સ્વરૂપ (૧)શ્રીમથુરેશજી, (૨) શ્રીવિઠ્ઠલનાથજી, (૩) શ્રીદ્વારકાનાથજી, (૪) શ્રીગોકુલનાથજી (૫) શ્રીગોકુલચંદ્રમાજી (૬) શ્રીકલ્યાણરાયજી અને શ્રીબાલકૃષ્ણજી તથા (૭) શ્રીમદનમોહનજી એ સ્વરૂપની પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે રાજરીતે વૈભવ, સ્નેહ તથા વાત્સલ્યથી પોતે સેવા કરી ભક્તજનોને શીખવી.

આ પ્રમાણે સ્વરૂપસેવા કરી ગ્રંથો રચી, શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલા પુષ્ટિમાર્ગનો ઘણો વિસ્તાર કરી પોતાનો પ્રાકટ્યહેતુ સિદ્ધ કર્યો. શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય એ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી, જેમણે પંઢરપુરમાં

---

* આ સંબંધમાં વ્યારાવાળા ગોપાલદાસી શ્રીઆચાર્યજીને ભૂતલ ૫૨ કુલ ૫૮ વર્ષ બિરાજ્યાનું લખે છે, જ્યારે સામાન્ય માન્યતા સં. ૧૫૩૫ને કારણે ૫૨ વર્ષ.

શ્રીઆચાર્યજીને પુત્રરૂપે પ્રકટ થવા ઈચ્છા દર્શાવી હતી તેમનું હતું. એ વિશે એમના કૃપાપાત્ર ગોપાલદાસજી નીચે પ્રમાણે લખે છે :

> 'પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત, પુરુષોત્તમ વિઠ્ઠલનાથ;
> શ્રીગોકુલમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ.'
> (વલ્લભાખ્યાન ૧-૨૪)
>
> આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,
> અક્કાજી ઉર ઉપન્યો આનંદ;
> આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો.'
> (વલ્લભાખ્યાન, ૩-૧)
>
> 'બલદેવ શ્રીગોપીનાથ કહિયે, શ્રીવિઠ્ઠલ નંદાનંદ;
> એ વેદપંથ વિસ્તારશે, જન આપશે આનંદ.'
> (વલ્લભાખ્યાન ૨-૨૩)
>
> હરિ અવતર્યા, તે ટાળવા ભૂમીભાર;
> શ્રીનાથ નામ નિરુપમ, વૃંદાવનશૃંગાર,'
> (વલ્લભાખ્યાન ૪-૨)

શ્રીગુસાંઈજીનાં બાલક :

શ્રીગુસાંઈજીને બે પત્ની હતાં : (૧) શ્રીરુક્મિણીજી અને (૨) પદ્માવતીજી.

પ્રથમ પત્ની શ્રીરુક્મિણીજીથી એમને નવ પુત્ર તથા નવ પુત્રી મળી કુલ અઢાર સંતાન થયાં, પરંતુ એમાંથી ત્રણ પુત્રોએ બાલ્યાવસ્થામાં લીલા કરી અને શ્રીરુક્મિણીજીએ ગઢામાં લીલા કરી ત્યારે માત્ર ચાર જ પુત્રી રહ્યાં હતાં.

શ્રીગુસાંઈજીનાં બાકીનાં ૬ પુત્રરત્ન તથા ચાર પુત્રીઓનાં નામ નીચે પ્રમાણે છે :

નામ	પ્રાદુર્ભાવ
૧ શ્રીગિરિધરજી	સં. ૧૫૯૭ કાર્તિક સુદિ ૧૨
૨ શ્રીગોવિંદરાયજી	સં ૧૫૯૯ માર્ગશીર્ષ વદિ ૮
૩ શ્રીબાલકૃષ્ણજી	સં ૧૬૦૬ આશ્વિન વદિ ૧૩
૪ શ્રીગોકુલનાથજી	સં ૧૬૦૮ માર્ગશીર્ષ સુદિ ૭
૫ શ્રીરઘુનાથજી	સં. ૧૬૧૧ કાર્તિક સુદિ ૧૨
૬ શ્રીયદુનાથજી	સં ૧૬૧૩ ચૈત્ર સુદિ ૬
૧ શ્રીશોભાજી	૩ શ્રીકમલાજી
૨ શ્રીયમુનાજી	૪ શ્રીદેવકીજી

આ સિવાય શ્રીપદ્માવતી વહુજીથી સં. ૧૬૨૮ માર્ગશીર્ષ વદિ ૧૩ ના રોજ સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીની પ્રાપ્તિ થઈ. આ સાત પુત્રરત્નોમાં ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી, જેમને શ્રીગુસાંઈજી ''શ્રીવલ્લભ'' કહેતા તે, આપણા આ ગ્રંથના નાયક છે.

૨. પ્રાકટ્ય-ઉત્સવ

શ્રીગોકુલેશજીનું પ્રાકટ્ય :

પ્રથમ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શ્રીગુસાંઈજીને શ્રીરુકૂમિણી વહુજીથી શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, તથા શ્રીબાલકૃષ્ણજી એમ ત્રણ પુત્ર થયા. ત્યાર પછી સં. ૧૬૦૭ની વસંતઋતુમાં (જ્યારે શ્રીગુસાંઈજી-સહકુટુંબ અડેલમાં બિરાજતા હતા) શ્રીરુકૂમિણીજીએ ગર્ભ ધારણ કર્યો.

પ્રાકટ્ય-સમય :

એ સમયે શ્રીરુકૂમિણીજી, શ્રીશોભાજી તથા શ્રીગિરિધરજી વગેરે સર્વ કુટુંબને અડેલમાં મૂકી શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજ પધાર્યા. અત્રે પિતાજીની આજ્ઞા પ્રમાણે શ્રીશોભાજી માતૃચરણની યોગ્ય સારવાર કરવા લાગ્યાં. પ્રાકટ્ય-દિવસે મધ્યાહ્નથી શ્રીરુકૂમિણીજીને ઉદરમાં વ્યથા થવા લાગી અને તેથી શ્રીશોભાજીએ દુલી ધગરણ નામની દાઈ તથા જોશીને તેડાવ્યાં તથા સમયને અનુસરતાં સર્વ માંગલિક સાહિત્ય તૈયાર કરાવ્યાં. ત્યાર પછી એ દિવસે એટલે ''બ્રહ્માના દ્વિતીય પરાર્ધના શ્વેતવરાહ કલ્પમાં વૈવસ્વત મન્વંતરમાં અઠ્ઠાવીશમા કલિયુગમાં શાકે ૧૪૭૩, વિક્રમાર્ક સંવત ૧૬૦૮ (ઈ. સ. ૧૫૫૨)ની હેમંતઋતુમાં દક્ષિણાયનના સૂર્ય વખતે માગસર સુદિ ૭ ને ગુરુવારના રોજ, રાત્રિ ઘડી એક તથા છપ્પન પળે પૂર્વા ભાદ્રપદનક્ષત્રમાં કુંભરાશિના ચંદ્ર વખતે તથા મિથુન લગ્ન સમયે ભૂતલમાં શ્રીગોકુલેશજીનું અસાધારણ પ્રાકટ્ય થયું. દાઈએ પ્રાકટ્યની ખબર કહી ત્યારે કૃષ્ણદાસી સ્વતઃ પ્રેમાવેશમાં બોલી ઊઠ્યાં 'મેરો ગોકુલનાથજી આયોજી.'

પ્રાકટ્ય-ઉત્સવ :

તરત જ વધાઈનાં માંગલિક વાજિંત્ર વાગવા લાગ્યાં અને પિતાજીની આજ્ઞા પ્રમાણે શ્રીશોભાજીએ હાથમાં કંચન-થાળ લઈ, બાળકને મોતીથી વધાવી મંગલ-આરતી કરી.

નાર-છેદન :

આખા નગરમાં સર્વત્ર આનંદ થઈ રહ્યો. ભક્તજન સિવાય માગણ, બંદીજન, ગંધર્વ વગેરે અનેક લોકો આવી બાલકનો જશ ગાવા લાગ્યા તથા બ્રાહ્મણોએ આવી કંકુમ અક્ષત વગેરે વેદના મંત્રોચ્ચાર સાથે વિધિ પ્રમાણે આશીર્વાદ આપ્યા. નાળ વધેરીને બાલકના આચાર કર્યા અને પછી ઉબટના તથા અરગજા સાથે કેસરસ્નાન કરાવ્યું. એ વખતે વિપ્રોએ વેદોચ્ચાર કર્યો તથા સ્ત્રીઓએ મંગલગાન ગાયાં. પછી

શ્રીરુક્‌મિણીજીએ જમણું સ્તન દૂધથી ધોઈ શ્રીમુખમાં મૂક્યું. સ્તનપાન કરાવી બાળકને પોઢાડ્યા.

શ્રીગુસાંઈજીને વધાઈ મોકલી :

ત્યાર પછી શ્રીગુસાંઈજીને ખબર કરવા એક વધૈયાને વધાઈ-પત્ર સાથે મોકલ્યો. વધાઈ-પત્ર પર કંકુમના છાંટા નાખી વધૈયાના હાથમાં આપ્યો અને શ્રીગુસાંઈજીને એ પત્ર આપી એ વધાઈ માગવા સુચવ્યું. ત્યાર પછી દુલીદાઈનું વસ્ત્રાભૂષણ વગેરેથી સારું સંમાન કરી, પાલખીમાં બેસાડી ઘેર પહોંચાડી.

મોટાલુનો ઉત્સવ :

જન્મથી બીજે દિવસે મોટાલુનો ઉત્સવ આવ્યો. એ દિવસે રિવાજ મુજબ ગોળ તથા ચણાનો ભોગ સમર્પી ન્યાતમાં સર્વે ઘેર વહેંચ્યો. બાલકને આરતી ઉતારી, અક્ષત વારી આશિષ દીધી. વળી બાલકના રક્ષણ માટે વાત્સલ્ય-ભાવથી સોના, રૂપા, ત્રાબા તથા લોઢાની કડીઓની એક કડધની કરી કેડે પહેરાવી તથા પગમાં એવી જ લોઢાની કડીઓ પહેરાવી. શ્રીવલ્લભકુલના બાલકોના ઘરમાં આ ઉત્સવ હજુ પણ પ્રચલિત છે.

છઠ્ઠી :

પછી માગસર સુદિ ૧૨ ને બુધવારે છઠ્ઠીનો ઉત્સવ આવ્યો. એ દિવસે ચોખા તથા હળદર પીસીને ભીંતે છઠ્ઠી લખી તથા વિધિ પ્રમાણે ઘી, દીવા, વસ્ત્ર વગેરે ત્યાં ગોઠવ્યું. પછી બ્રાહ્મણોને બોલાવી કુટુંબ તથા જ્ઞાતિજન સમક્ષમાં શાસ્ત્ર તથા દેશાચાર પ્રમાણે પૂજા કરી. એ દિવસે દૂધ પૂરીનો ભોગ ધરાવી ઘરે આવેલાં સર્વ મનુષ્યોને પ્રસાદ લેવરાવ્યો તથા જે ભક્તતજન એમને ઘેરથી થાળમાં છઠ્ઠીનો સાજ લઈ આવ્યાં હતાં તેમનું પ્રસાદી બીડાં વગેરે આપી સંમાન કર્યું.

વરહિનો ઉત્સવ :

ત્યારપછી પોષ વદિ ૨ ને સોમવાર વરહિનો દિવસ આવ્યો પણ નાહવાને માટે સોમવાર સારો નહિ હોવાથી આગલે દિવસે સર્વ ક્રિયા કરી મૂકી. વધાઈનાં વાજિંત્ર દસ દિવસ સુધી ચાલુ હતાં. એ દિવસે શ્રીરુક્‌મિણીજીને સ્નાન કરાવવામાં આવ્યું તથા વસ્ત્ર વગેરે બદલાવવામાં આવ્યાં. નાહ્યા પછી શ્રીરુક્‌મિણીજી દૂધ વગેરેથી ઉમરાની પૂજા કરી ઘરમાં આવ્યાં ને ત્યાં ભીંતે કુંકુમના હાથા દીધા. પછી ચોક ઉપર ખીચડીનો ઢગલો કરી એની ઉપર ટકો, હળદર તથા સોપારી મૂક્યાં. પીંડરુ દેવને ભોગ ધરી ગોરાણીને પ્રસાદ લેવરાવ્યો.

આભરણ-મુહૂર્ત :

જાતકર્મ તથા નામકર્મની ક્રિયાઓ શ્રીગુસાંઈજી માટે બાકી રાખી, પણ પ્રથમ માસમાં આભરણનું મુહૂર્ત આવ્યું એ દિવસે કુટુંબ તથા નાતના રિવાજ મુજબ પ્રથમ મોટી બહેન શ્રીશોભાજીએ સુંદર કોડીથી મઢેલો કંઠલો લઈ શ્રીજીને કંઠે પહેરાવ્યો

તથા એક જડેલું બંધનું બાંધ્યું. ત્યારપછી હાંસડી, સાંકળી, સાંકળાં, માદળિયાં, કંદોરો, નૂપુર, વગેરે ઘરેણાં તથા સુંદર વસ્ત્રની ટોપી, સૂંથન, તથા ઝભલું પહેરાવ્યાં. આ ઉપરાંત કુટુંબીજન તથા ભક્તજન ભાવપૂર્વક શ્રીજીના વિનિયોગ અર્થે અનેક વસ્ત્રાભૂષણ લાવ્યાં હતાં, વળી વસ્ત્રાભૂષણ સાથે એઓ કુલના રિવાજ મુજબ નવનીત લાવતાં ને એ શ્રીજીના મુખમાં સ્નેહથી મૂકતાં.

વધૈયાનું શ્રીગુસાંઈજી પાસે પહોંચવું :

વધાઈ લઈને ગયેલો વધૈયો થોડા રોજમાં ગિરિરાજ પહોંચ્યો. ત્યાં જઈ દૂરથી શ્રીગુસાંઈજીને જોતાં જ વધાઈ વધાઈના ઉચ્ચાર કરવા લાગ્યો. આ શબ્દ શ્રીગુસાંઈજીના હૃદય-ચાતકને સ્વાતિબિંદુરૂપ થઈ પડ્યા અને તેથી એમના ઉરમાં જે આનંદસાગર ઊલટ્યો તે ઘણા પ્રયત્ન કરવા છતાં નહિ રોકાવાથી છેવટે હર્ષનાં આંસુ દ્વારા બહાર નીકળી પડ્યો. પછી વધૈયાએ વધાઈપત્ર આપ્યો એ હર્ષથી વાંચી છાતી સરસો દાબ્યો અને આનંદમાં વધૈયાનું મુખ મીસરીથી ભરી દેવડાવ્યું. પછી એનું વસ્ત્રાભૂષણ વગેરેથી સંમાન કરી વિદાય કર્યો.

શ્રીગુસાંઈજીનું અડેલ પધારવું :

હવે શ્રીજીનાં દર્શન માટે શ્રીગુસાંઈજીને અતિ તાપ થવા લાગ્યો. એમને એક ક્ષણ એક યુગ જેવી લાગવા માંડી, તેથી ગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનનાથજી પાસે જઈ આજ્ઞા માગી બને એટલી ઉતાવળથી અડેલ તરફ કૂચ કરી. માર્ગમાં જે જે મળ્યા તેમણે 'જય જય' શબ્દ કહી વધાઈ માગી. એ સર્વનું સંમાન કરતા કરતા થોડા સમયમાં શ્રીગુસાંઈજી અડેલ આવી પહોંચ્યા. એમના પધાર્યાની વધાઈ આવતાં બાલકો, બેટીઓ, વહુ, તથા શોભાજી વગેરે સામાં આવ્યાં ને દંડવત્પ્રણામ કરી શુભ સમાચાર કહ્યા. ત્યાર પછી શ્રીગુસાંઈજી ઘરમાં જઈ અંતર્ગૃહમાં પોઢેલા શ્રીજીનાં દર્શન કરી શાંત થયા તથા ઉત્સંગમાં શ્રીજીને લઈ અનેક પ્રકારના સુખનો અનુભવ કરી બહાર આવ્યા.

જાતકર્મ :

બહાર આવી જાતકર્મની ક્રિયાનો આરંભ કર્યો. કુટુંબ અને નાતના માણસો તથા સોમા જોશી અને વેદશાસ્ત્રમાં નિપુણ એવા ઉત્તમ બ્રાહ્મણોને આદરપૂર્વક તેડાવ્યા. વળી ખબર મળતાં ભક્તજનનાં અનેક જૂથ સેવોપયોગી અનેક સુંદર સામગ્રી લઈ મંગલ ગીત ગાતાં ત્યાં આવ્યાં. એઓ અંદર જઈ શ્રીજીનાં યશોગાન કરવા લાગ્યાં. ઉત્સવની શોભા અર્થે બારણે ધ્વજા તોરણ વગેરે બંધાયાં તથા વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. પ્રથમ શ્રીગુસાંઈજી નદી પર જઈ સ્નાન કરી આવ્યા. ઘેર આવી નાંદીમુખની ક્રિયા કરી, બાલકની આરતી ઉતારી આશિષ દીધી. આ પ્રમાણે યથાવિધિ જાતકર્મ કરી ભેગા થયેલા વિપ્ર, માગધ, ગુણીજન, ભિક્ષુક વગેરેનું અનેક પ્રકારનાં મોં-માગ્યાં દાન આપી, સંમાન કરી, કુટુંબીજન તથા જ્ઞાતિ વર્ગમાં વિવિધ પ્રકારની પહેરામણી આપી, સર્વને સંતોષ આપી વિદાય કર્યાં.

નામકરણ :

વળી નામકરણના મુહૂર્તનો દિવસ આવતાં એક મોટો મંડપ રચાવી એની વચ્ચે એક સુંદર વેદી તૈયાર કરાવી, પછી ત્યાં પટવસ્ત્ર સાથે પાટ બિછાવી શ્રીગુસાંઈજી તથા શ્રીરુક્મિણીજી (ગોદમાં આનંદથી પોતાના પુત્રરત્નને લઈને) બિરાજ્યાં એ વખતે શ્રીગુસાંઈજીએ પોતાના બાલકના કંઠમાં તુલસીની માલા (જેના રક્ષણ માટે આપનું પ્રાકટ્ય હતું) પહેરાવી. પછી પુણ્યાહવાચન કરી, એક સુંદર થાળ મગાવ્યો એમાં ઉજ્જવલ ચોખા પૂરી કંચનથી શ્રીગુસાંઈજીએ ‘શ્રીવલ્લભ’ એવું શુભ નામ લખ્યું, આ વખતે શ્રીગુસાંઈજીએ જણાવ્યું કે કૃષ્ણદાસીએ જે પ્રથમ નામ (શ્રીગોકુલનાથ) પાડ્યું, હતું તે સર્વોપરિ છે.

આવી રીતે શ્રીગુસાંઈજીએ ભક્તનામ ‘‘શ્રીગોકુલનાથજી’’, વ્યવહારનામ ‘‘શ્રીવલ્લભ’’ (તથા માસ નામ ‘‘શ્રીકૃષ્ણ’’) રાખી નામકરણની ક્રિયા સમાપ્ત કરી.

જન્મોતરી :

વળી એક વખત શ્રીગુસાંઈજી સ્વપરિવાર તથા ભક્તજનના સમૂહ વચ્ચે બિરાજ્યા છે એ વખતે એમને પુત્રરત્નનાં ગ્રહ લગ્ન વગેરે સાંભળવાનો મનોરથ થયો. એ વખતે કુળના ગોર સોમો જોશી ત્યાં હાજર હતા તેથી એમને શ્રીગુસાંઈજીએ શ્રીજીનાં લગ્નગ્રહ વિશે પૂછ્યું. આ સાંભળી જોશીએ આનંદપૂર્વક જન્મપત્રિકા હાથમાં લઈ એની અક્ષત વગેરેથી વિધિસર પૂજા કર્યા પછી જન્મોતરીના આરંભે યથાવિધિ આશિષ-વચન કહી જન્મોતરી વાંચી.

પછી જન્મસમય નક્કી કરી નક્ષત્રનામ ‘‘દામોદર’’ પાડ્યું. આ સિવાય દામોદરદાસીએ એમનું નામ ‘પટકુલ’ પાડ્યું હતું એ કહી સંભળાવ્યું.

૩. વર્ષગાંઠનો ઉત્સવ

કુંકુમપત્રિકાઓ :

દરેક માસની સુદિ ૭ ના રોજ શ્રીગુસાંઈજી શ્રીજીનો જન્મોત્સવ કરતા હતા. એમ કરતાં એક વર્ષ પૂરું થયું એટલે વર્ષગાંઠનો ઉત્સવ આવ્યો. એ વખતે શ્રીગુસાંઈજીએ પોતાના ગૃહકાર્યના અધિકારી ચાંપાભાઈ તથા ચાચા હરિવંશજીને બોલાવી કહ્યું કે આ ઉત્તમોત્તમ ઉત્સવ છે માટે એને લાયક બની શકે એટલી સર્વ પ્રકારની અતિ ઉત્તમ સામગ્રી ત્વરાથી તૈયાર કરાવો. આજ્ઞા સાંભળી, બંને જણ આનંદ-પૂર્વક દંડવત્પ્રણામ કરી ઉત્સવની તૈયારી કરવા મંડ્યા. પ્રથમ શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે ગામેગામ વૈષ્ણવો ઉપર નીચે પ્રમાણે કુંકુમપત્રિકાઓ લખી :

''માગસર સુદ સાતમ શુભ નામજી,
સહુકો આવો માહારે ધામજી. ૪૩

સુંદર નવ વલ્લભ છે બાલજી,
તેનો ઉછવ પરમ રસાલજી. ૪૪

તે ઉપર તમો આવો વેગજી,
બાલક વૃદ્ધ કુટુંબ થઈ ભેગજી. ૪૫"

(પ્રા. સિ. માં ૧૧)

ભક્તોનું શ્રીગુસાંઈજીને ત્યાં જવું :

કુંકુમપત્રિકા મળતાંની સાથે દરેક ભક્તજને એને દંડવત્પ્રણામ કરી હાથમાં લીધી, પછી નેત્રે લગાવી વાંચી અને વાંચતાની સાથે દરેકને અત્યાનંદ પ્રાપ્ત થયો. શ્રીમુખ જોવાને માટે દરેકના મનમાં આર્તિ વધી, તેથી સર્વ ભક્તજન જ્યાં હતાં ત્યાંથી શ્રીગુસાંઈજીને ત્યાં જવા માટે બની એટલી ત્વરાથી સમયાનુસાર તૈયારી કરી ચાલી નીકળ્યાં. માર્ગમાં પ્રભુનાં સેવા તથા દર્શનાદિકના સુખ વિશે માંહેમાંહે વાર્તાલાપ કરતાં કેટલાક રસિક ભક્તજનો દેહાનુસંધાન રહિત થઈ ભગવન્મય થતાં.

આ પ્રમાણે માર્ગમાં અનેક પ્રકારનો સ્વપ્રભુવિષયક આનંદ ભોગવતાં ઉત્સવસમયે શ્રીગુસાંઈજીને ઘેર અડેલમાં ભક્તજનોનાં જૂથેજૂથ દેશદેશાંતરથી આવવા લાગ્યાં; એ વખતે ત્યાં વાગતાં અવનવાં વાજિંત્રોના મધુર નાદથી એમના હૃદયપ્રદેશમાં ઉત્પન્ન થયેલા આનંદે અંદર રહી નહિ શકવાથી 'જય જય શ્રીગોકુલેશ'ના હર્ષમય ધ્વનિ દ્વારા બહાર નીકળી એ સ્થળને ગજવી મૂક્યું.

શ્રીજીનું ખેલવણાંથી રિઝાવું :

આ વખતે શ્રીગુસાંઈજી શ્રીજીને ગોદમાં લઈ પોતાની બેઠકમાં બિરાજ્યા હતા. ત્યાં શ્રીજીની બાલક્રીડા જોઈ એઓ આનંદમાં મગ્ન હતા ભક્તજનોએ આવી શ્રીગુસાંઈજી તથા શ્રીજીનાં દર્શન કરી દંડવત્પ્રણામ કર્યા અને એ દ્વારા પોતાના ઘણા સમયના વિરહદુઃખમાંથી મુક્ત થયાં. શ્રીગુસાંઈજીએ એ સર્વને આશિષ-વચન કહી માર્ગમાં પડેલાં સુખદુઃખના સમાચાર પૂછ્યા. એના પ્રત્યુત્તરમાં સર્વેએ કુશળ-સમાચાર કહી જણાવ્યું કે આપની કૃપાથી અમારા મનોરથ આજે સિદ્ધ થયા. આ પ્રમાણે શ્રીગુસાંઈજીએ આવેલા વૈષ્ણવોનું સમાધાન કર્યું એટલે એઓએ ભેટ અર્થે લાવેલી સર્વ સામગ્રી શ્રીજી આગળ ધરી. પ્રથમ શ્રીજી માટે કાષ્ઠ, માટી, ધાતુ, વગેરેનાં રંગબેરંગી અનેક પ્રકારનાં સુંદર અને મનોહર રમકડાં, જેવાં કે ઘોડા, હાથી, ગાય, મોર, ચકલી, ભમરડા, પૂતળી, વાઘ, પાલખી, વૃક્ષ, રથ, બળદ, વગેરે લઈ શ્રીગુસાંઈજી આગળ ધરતા અને એઓ એ લઈ શ્રીજીને આપતા. શ્રીજી એ સર્વનો અંગીકાર કરી રાજી થતા. આ વખતે રમકડાં લેવાના ઉત્સાહમાં શ્રીજી શ્રીગુસાંઈજીની ગોદમાંથી દોડી દોડીને ભક્તજન પાસે જતા અને રમકડાં પકડી રાજી થતા. આ પ્રમાણે ભક્તોજનોનો ચૌદ ભુવનનો નાથ રમકડાંથી રીઝવા લાગ્યો. શ્રીજી એક રમકડું લઈ મુખમાં મૂકે ને એક લઈ નહિ ગમવાથી નાખી દે, ભક્તજન એક બીજું આપી સ્વપ્રભુને પ્રસન્ન કરે. આવી રીતે લોકવત્ બાલક્રીડા કરી સ્વજનોનાં મનોરથ સિદ્ધ કર્યા.

રમકડાં વડે શ્રીજીને પ્રસન્ન કર્યા પછી દેશદેશાંતરથી આવેલા ભક્તજનોએ પોતપોતાના દેશમાં બનતી નૌતમ સામગ્રી : વસ્ત્રાભૂષણ, ફળ, ફૂલ, પાન, શાક વગેરે સર્વ શ્રીગુસાંઈજીને અર્પણ કર્યું. ત્યાર પછી એઓ શ્રીગુસાંઈજી કાર્યાર્થે રોકાતાં સ્વપ્રભુને ગોદમાં લઈ, ખાવા તથા ખેલવાની અનેક વસ્તુઓ વડે પ્રસન્ન કરી, એમના રસમય અને ભાવાપન્ન સ્વરૂપનું પાન કરતા એમાં લીન થવા લાગ્યા.

પ.ભ. ગોપાલદાસજી આ સંબધમાં એમના 'પ્રાકટ્યસિદ્ધાંત'માં જે ભાવભીનું વર્ણન કરે છે તેમાંથી થોડો ઉતારો નીચે આપીશું :

શ્રીમુખ કોમલ સોહામણું, રૂપ તે કોટિ અનંગજી;
કેશ તે ખિટલિયાલા માંજુલી, ભાલ કપોલ સુરંગજી. ૫૫

ભ્રકુટિ વિકટ સોહામણી, જાણે કામની કમાનજી;
દીસે સુખ નવલ અતિઘણું, નયણાં તે નાયકનાં લઘુ બાણજી. ૫૬

નાસિકા નવલ નિરુપમ, સૂચક નાના સુગંધજી;
ગલસ્થલ રે સુંદર ઘણું, કર્ણ તે જુવતિના જાણે ફંદજી. ૫૭

અધર અરુણ અમૃત રસભર્યા, તેની ઉપમા તે નહિ આનજી;
દીઠે રતિ અભિલાખા ઊપજે, રસ વ્યાકુલનું જીવનદાનજી. ૫૮

ગલ-સ્થલ રે સોહામણું, રસમય પૂરણકામજી;
આવે જે તૃષિત રસપાનને, તેને એહ છે વિશ્રામજી. ૫૯

ગ્રીવા ગુણનિધ ગુણપૂરણ, ભુજવર દીર્ઘ હૃદયરસાલજી;
ઉદર નાભિ કટિ જુગલ તહાં, પ્રગટિત નૂતન અંગ રસાલજી. ૬૦

ચરણ અરુણ અતિ ચંચલ છબી, નખમણિ નવલ અંકુરજી;
જહાં રે જોઉં તહાં અંગ અંગ ભર્યા, રસની ખાણ રસ ભરપૂરજી. ૬૧

રસ રમણીય સકલ અંગ જોતાં, તે અભિનવો ઉદ્યોતજી;
દીપક અંતરપટ આચ્છાદિયે, બહાર પ્રકટે છે જેમ જ્યોતજી. ૬૨

સ્વરૂપ રસાત્મક અતિરસભર, દીસે તે બાલકને અનુકરણજી;
સમે અવિરુધે તે સમે, ભક્તને કર્યા તે સકલ રસપૂર્ણજી. ૬૩

(પ્રા. સિ, માં. ૬)

નિત્ય નિત્ય નૌતન રસના રંગજી.
અંગઅંગ વારું કોટિ અનંગજી.
મુસકની મુદુલ મનોહર હાસ્યજી;
વંક વિલોકની નેન વિશાલજી.

(પ્રા. સિ. માં. ૧૧)

પકવાન :

ત્યાર પછી શુભ મુહૂર્ત જોવડાવી પાક સામગ્રી માટે શ્રીગુસાંઈજીને ત્યાં કઢાઈ ચડાવવામાં આવી. ઉત્તમોત્તમ પાકશાસ્ત્રીઓને બોલાવી એમને ઘી, ખાંડ, સાકર, અને વિવિધ ભાતના લોટના ભંડાર સોંપી એમનાથી બની શકે એટલા પ્રકારનાં પાક તથા પકવાન બનાવવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં જ પાકશાસ્ત્રીઓએ ઉત્સાહથી પોતાને આવડતાં સર્વ પકવાન તથા પાક તૈયાર કર્યાં, જેનું વર્ણન ગોપાલદાસજીએ (પ્રા. સિ. માં. ૧૧ માં) ઘણા વિસ્તારથી કર્યું છે. વાચકવૃંદની જિજ્ઞાસાની શાંતિ અર્થે એનો કેટલોક ઉતારો નીચે આપીએ છીએ :

પ્રથમ જલેબી કીધી ઘણીયજી,
મિશ્રીના પાગ માંહે અતિ સણીયજી. ૧૨૧

લાડુ દલિયા બુંદી સેવજી,
ફની બેસન મગજ તતખેવજી. ૧૨૨

અડદ, ચીરોજી માંજ અપારજી;
માંહે બદામ મીઠાઈ સારજી. ૧૨૩

બુકણી કરીય બરાસ વિવેકજી,
એમ કીધા લાડુ ભાંત અનેકજી, ૧૨

ઘૂંટી સેવ સંજોરી સંગજી,
સૂતરફેણીમાં બહુ રંગજી. ૨૫

સીરા સુખ પૂરી લહચોઈજી,
સૌ કોઈ રીઝે ઘેબર જોઈજી. ૨૬

ખીર વડાં દહી માખન કેરાંજી,
મઠડી ગુંજા કર્યાં ઘણી રીતજી. ૨૬
પેંડા ખુવો બાસુંદીજી,
એ કીધાં છે દૂધે રાંધીજી. ૨૮
ખાજાં ખાંડ પાપડી ખુરમાંહજી.
એવો સ્વાદ નહિ તિહું પુરમાંહજી. ૨૯
સિ. માં ૧૧)

સુદિ છઠનો દિવસ :

પકવાન મીઠાઈ વગેરે તૈયાર થયા પછી માગસર સુદિ ૬ ના રોજ ઉત્સવની તૈયારી અર્થે દ્વારે કદલીના સ્તંભ રોપાયા તથા પ્રથમથી તૈયાર કરી રાખેલાં વસ્ત્ર વગેરેથી શણગારી મોટો મંડપ તૈયાર કરવામાં આવ્યો. નગરમાં સર્વ વૈષ્ણવોએ પોતપોતાને ઘેર આનંદથી તોરણ બાંધ્યાં તથા દ્વાર આગળ સુંદર રંગબેરંગી સાથિયા પૂર્યા. સ્ત્રીજનો સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી, મસ્તકપર મંગલ કલશ મૂકી આનંદમાં મધુર સ્વરે ગાતાં ગાતાં મંદિર આગળ આવી પહોંચ્યાં. જોતજોતામાં ત્યાં એઓની ઠઠ જામી ગઈ અને એ સર્વ પોતાનું ભાગ્ય માની ઉત્સવની જુદી જુદી સેવા કરવા મંડી પડ્યાં. કોઈ દ્વારે કુંકુમના હાથા દેવા લાગી, કોઈ સર્વને તિલક કરવા લાગી, કોઈ બેઠક તથા મંદિરમાં અગરના ધૂપ કરવા લાગી તથા કોઈ મોતીના થાળ ભરી આરતી પૂરવા લાગી. વળી આવી રીતે સેવામાં રોકાતાં આનંદમગ્ન થઈ કેટલીક ગાવા લાગી તથા ઘરને ભૂલી સ્વપ્રભુની સેવામાં એઓએ પોતાની એકાદશ ઈંદ્રિયોનો નિરોધ સિદ્ધ કર્યો અને એ સ્થિતિમાં રહી પ્રભુની રસિક લીલાનું પાન કરવા લાગ્યાં. રસિક ભક્તને આથી વધારે પ્રિય બીજું શું હોઈ શકે ?

આવી રીતે મંદિરની અંદર ચોતરફ આનંદ પ્રસરી રહ્યો હતો એ જ વખતે બહાર અનેક પ્રકારનાં મધુર વાજિંત્રોથી મંડપ ગાજી રહ્યો હતો, જેનું વર્ણન ગોપાલદાસજી નીચે પ્રમાણે કરે છે.

''છોટાં મોટાં જેહ નગારાંજી, વાજે નર માદા સુર સારાજી.
પંચ શબ્દ છે અનૂપજી, તેના ન્યારા વાજે રૂપજી. ૧૬૪
વાજે અતિ ગતિ ભેર મૃદંગજી, સહિત સંગીત તણા સહુ અંગજી. ૧૬૫
ગોમુખ ઢોલ ઢોલકી વાજેજી, ચંદ્ર મંડલી માંહાં રાજેજી.
આવજ અમૃત કુંડલી તાલજી, ઝાંઝ ઝાલરી પરમ રસાલજી. ૧૬૫
ઘંટ કંઠમાલે મન મોહેજી, સ્વર સહનાઈના અતિ સોહેજી.
વંશ વાંસલી નાના ભાંત્યજી, વાજે નફેરીની બહુ જાત્યજી. ૧૬૯
જેત્ર કિન્નરી ને સારંગીજી, વાલે આનંદ રસમાં રંગીજી.
વાજે મહુવર ને મુખચંગજી, સુણી મન ઉલટ્યો સર્વાંગજી. ૧૭૧

એવા અનેક અભિનવા વાજેજી, નામ વિશદ કરતા મન લાજેજી. ૧૭૩
(પ્રા. સિ. મા. ૧૧.)

છઠની રાત :

રાત્રિ પડતાં શ્રીરુક્મિણીજી, શ્રીશોભાજી વગેરે સર્વ વહુ બેટી નાહી ધોઈ પાકશાળામાં ગયાં અને ત્યાં ઉત્સવ અર્થે અનેક સામગ્રી તૈયાર કરી. સામગ્રી કરવામાં આખી રાત પસાર થઈ ગઈ એ જણાયું પણ નહિ. છઠને દિવસે જે આનંદ-ઉત્સવ થયો હતો તેનું યત્કિંચિત્ જ્ઞાનછઠની* રાતના ધોળ ઉપરથી યથાધિકાર થશે.

સુદિ સાતમે ભક્તજનનું મંદિરે આવવું

બીજે દિવસે પ્રાતઃકાલથી ભક્તજન આનંદમય થઈ મંદિરે જવા, શરીરે તેલ ફુલેલ લગાવી, નાહી ધોઈ, ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણ સજી તૈયાર થયાં. એ દિવસે સ્વપ્રભુનાં દર્શન માટે એ રસિક જનોને એટલી તો આર્તિ અને અધીરાઈ થઈ ગઈ કે દરેક જણ એકબીજાની સોબતની રાહ જોયા સિવાય બને એટલી ત્વરાથી મંદિર તરફ દોડવા લાગ્યાં. આ આર્તિ વડે ઘેરાઈ જવાથી એઓ પોતાનાં ગૃહકાર્ય ભૂલી ગયાં, એટલું જ નહિ, રાસલીલામાં શ્રીકૃષ્ણની મોરલીનો નાદ સુણતાં ગોપીજનોની જે સ્થિતિ થઈ હતી તે જ સ્થિતિ આ રસિક ભક્તોની થઈ અને તેથી પ્રાતઃકાલ થતાં એ સર્વ (બાલ, વૃદ્ધ, જુવાન, સ્ત્રી, પુરુષ) સૌભાગ્યમદમાં ચકચૂર બની લોકવેદની લજ્જાની યત્કિંચિત્ કર્યા વિના બને એટલી ત્વરાથી મંદિરે જઈ પહોચ્યાં.

કેસરસ્નાન :

મંદિરમાં આવી એમણે પ્રથમ શ્રીગુસાંઈજીની ગોદમાં બિરાજેલા સ્વપ્રભુનાં દર્શન કરી અસ્થિર હૃદયને શાંત કર્યું. એ વખતે દામોદર દાસી, ચાચા હરિવંશજી, ચાંપાભાઈ તથા કૃષ્ણદાસી વગેરે સર્વ કૃપાપાત્ર ભક્તજન ત્યાં હાજર હતાં. એમણે મંડપની અંદર રચેલી વેદી પર જડાવની ચોકી મૂકી શ્રીજીને એ ઉપર પધરાવ્યા. પછી અનેક પ્રકારનાં સુગંધીદાર તેલ ફુલેલ વડે એઓએ શ્રીજીના અંગે અભ્યંગ કર્યું તથા કેસર, ચંદન, બરાસ, અંબર, કસ્તૂરી અને ઉત્તમ અગરજો (સુગંધી દ્રવ્યોનો ભૂકો) વગેરેનું મિશ્રણ કરેલા ગરમ જલથી અનેક ભક્તજનોએ શ્રીજીને સ્નાન કરાવ્યું. આ વખતે ચોતરફ વાગતાં ઉત્તમ વાર્જિંત્રો તથા સોહાસણીઓનાં મધુર સ્વરે ગવાતાં ગાનથી આખું મંદિર ગાજી રહ્યું હતું. વચ્ચે બ્રાહ્મણોના મુખમાંથી નીકળતા વેદમંત્રોની ઘોષ તથા બંદિજનોનું યશોગાન જડ અને શુષ્ક હૃદયને પણ રસિક બનાવી આનંદ આપવા લાગ્યું. સ્નાન થયા પછી અંગવસ્ત્ર કરી શ્રીજીને મંદિરમાં શૃંગાર માટે પધરાવવામાં આવ્યા અને ભક્તજનોએ સ્નાનના જલમાંથી ચરણામૃત પાન કર્યું. આ સમયે મંદિરમાં ભક્તજનની એટલી તો ભીડ થઈ કે ચોક, અટારી, છજાં, ત્રીજો માળ વગેરે ભરાઈ ગયાં, એટલું જ નહિ, કાર્યાર્થે ત્યાં હાલવું ચાલવું પણ મુશ્કેલ થઈ પડ્યું.

જુઓ શ્રીગોકુલેશજીનાં ધોળ પદસંગ્રહ પ્ર.૩ જુ.

શૃંગાર :

શ્રીજીને સ્નાન કરાવી મંદિરમાં પધરાવ્યા. પછી રસિક ભક્ત ભાવપૂર્વક શૃંગાર ધરવા લાગ્યાં. કેસર-સોંધાથી ભરેલી પાઘ લાવી શિર પર મૂકી એની આસપાસ શિરપેચ બાંધ્યો અને એની સાથે પોતાનું મન પણ ત્યાં બાંધ્યું. પછી આલિંગનના ભાવથી કેસરી જગુલી પહેરાવી તથા ભાલમાં કેસરનું તિલક કરી પોતાનું સર્વસ્વ સોંપ્યાનો લેખ કરી આપ્યો હોય એમ જણાવ્યું. પગમાં જડાવનાં નૂપુર પહેરાવ્યાં. નૂપુર પહેરાવતાં શ્રીજીના ચરણકમળના નખની અંદર પડતાં સ્વપ્રતિબિંબરૂપ અનેક નાયિકાઓ જોઈ. પછી બાજુબંધ, ચૂડી તથા અલકાભરણ પહેરાવ્યાં. અલકાભરણરૂપી દામિની(વીજળી)ની શોભા જોઈ એમના મનમયૂરો નૃત્ય કરવા લાગ્યા. શ્રીજીનો મુખચંદ્ર જોવામાં એમનાં નેત્રચકોર તલ્લીન થયાં. વળી કાનની અંદર સ્ત્રીજનોના ભાવથી રાતાં (શૃંગાર રસ) મોતીનાં કર્ણફૂલ ધર્યાં. કંઠમાં અમૂલ્ય અનેક ભૂષણ ધરી, કેડે કટિમેખલા, હસ્તમાં પહોંચી તથા અંગુલીમાં વીંટી વગેરે અનેક સુશોભિત અને ભાવમય અલંકાર પહેરાવ્યા, આ વખતે અન્ય ભક્ત સમયાનુસાર બાલલીલાનાં મંગલ ગીત ગાતાં હતાં.

આરતી તથા વિપ્ર વગેરેનું સંમાન :

શૃંગાર કર્યા પછી શ્રીજીને શ્રીરુક્મિણીજીએ ગોદમાં લીધા. શ્રીશોભાજી આરતી કરવા માટે તૈયાર થઈ ઊભાં રહ્યાં. પછી ઈંડીપીંડી તથા આરતી કરી મોતી તથા સોનાના ફૂલ વડે શ્રીજીને વધાવ્યા અને ભક્તજનોએ ‘જય જય’ના મહાનાદથી એ સ્થળને ગજવી મૂક્યું. છેવટે એઓએ નીચાં નમી પ્રભુને ચરણે દંડવત્પ્રણામ કરી સર્વોપરિ થયા. આ સમયે રાય રંક સર્વ શ્રીજીનાં ભામણાં લઈ એ ઉપર પોતાનું તન મન ધન ઓવારવા લાગ્યાં. વિપ્રજનોએ આશિષ-વચન કહ્યાં અને એના બદલામાં શ્રીગુસાંઈજીએ એમને દાનદક્ષિણા આપી સંતોષ્યા. પંડિત, બ્રાહ્મણ, માગધ વગેરે વગેરે સર્વને મુખે માગેલાં દાન આપી વિદાય કર્યા. નગરમાં સર્વને ઘેર ગનોડા લાડુ વહેંચ્યા. આ ઉપરાંત નાતનાં સર્વ મનુષ્યો તથા દેશપરદેશથી આવેલા તેમજ નગરનાં સર્વ વૈષ્ણવોને પ્રસાદ લેવા માટે પોતાને ત્યાં આદરપૂર્વક બોલાવ્યાં.

વૈષ્ણવોને લેવડાવેલો પ્રસાદ :

સર્વે હારબંધ પોતપોતાની પાતળ ઉપર બેઠાં એટલે શ્રીગુસાંઈજી આનંદપૂર્વક પોતાની સાથે શ્રીજીને લઈ જ્યાં વૈષ્ણવોનો મોટો સમાજ બેઠો હતો ત્યાં આવી ઊભા રહ્યા. શ્રીજી પોતાને હાથે પહોંચો પકડી શ્રીમુખમાં મૂકી ચૂસવા લાગ્યા અને એ દ્વારા જાણે ભક્તજનનાં મન ચૂસતા હોય એમ લાગ્યું. છેવટે જ્યારે સર્વને સર્વ પ્રકારનો મહાપ્રસાદ પહોંચી ગયો ત્યારે એમને પ્રસાદ લેવાની આજ્ઞા આપી, શ્રીગુસાંઈજી શ્રીજીને લઈ ભોજન માટે પધાર્યા ત્યાં એમણે શ્રીજીને શ્રીહસ્તે ભોજન કરાવ્યું. એટલામાં વૈષ્ણવો પ્રસાદ લઈ, મુખ વગેરે સાફ કરી સર્વે મંદિરમાં આવી પહોચ્યાં અને શ્રીજીના આગમનની રાહ જોવા લાગ્યાં. થોડા સમયમાં ભોજન વગેરેથી પરવારી શ્રીગુસાંઈજી પણ શ્રીજીને લઈ બેઠકમાં આવી ગાદીએ બિરાજ્યા. ત્યાં

જયજયકાર તથા આશિષ-વચનોનો ઉચ્ચાર થયો. છેવટે કેસરના સોંધાનો છંટકાવ કરી તથા માથામાં તેલ ફુલેલ નાખી સર્વને બીડાં આપ્યા. એ સમયે ભક્તજનોએ યથાશક્તિ ભેટ કરી. ત્યાર પછી દામોદરદાસી આવી શ્રીજીને શયનમંદિરમાં પધરાવી ગયાં અને ત્યાં એઓ સુખસેજમાં પોઢ્યા.

ઉત્થાપનથી સેન :

પ્રભુ પોઢ્યા એટલે આશિષ દઈ, ભક્તજન પોતપોતાને મુકામે આવી એકબીજાની સાથે ભોગવેલા આનંદનો, વાર્તાલાપ દ્વારા વિલાસ કરતાં, દેહાનુસંધાનરહિત થઈ, શ્રીજીના અનુભવેલા સ્વરૂપમાં મગ્ન થયાં. પછી ઉત્થાપનનો સમય થતાં એઓ સર્વ મંદિરે ગયાં. ત્યાં શ્રીજીને શ્રીગુસાંઈજી પાસે દામોદરદાસી પધરાવી ગયાં. પ્રભુનાં દર્શનમાં કેટલાંક મગ્ન થયાં, કેટલાંક હાથમાં મેવા મિશ્રી વગેરે લઈ ઊભાં છે એ લેવા શ્રીજી શ્રીહસ્ત લાંબો કરે છે અને એ લઈને શ્રીમુખમાં મૂકી સર્વને આનંદ આપે છે. વળી ભક્તજને ભેટ કરેલાં રમકડા શ્રીગુસાંઈજી પાસે પડેલાં હતાં એ લઈ રમવા લાગ્યાં. આ પ્રમાણે આનંદમાં દિવસ વ્યતીત થયો અને રાત્રિ પડી. સર્વ ઘેર જવા ઉત્સુક થયાં, પણ એઓનું મન શ્રીજીના સ્વરૂપમાં આસક્ત થવાથી એઓને ઘેર જવું ગમ્યું નહિ. છેવટે સંકોચથી ઘેર ગયાં, છતાં એમના પ્રાણ તો ત્યાં જ રહ્યા અને તેથી રાત્રે ઊંઘમાં પણ શ્રીજીનું સ્વરૂપ તથા એમની લીલાઓનો અનુભવ કરવા લાગ્યાં.

વિદાયગીરી :

બીજે દિવસે પ્રાતઃકાલ થતાં, દેશપરદેશથી આવેલાં ભક્તજનોએ શ્રીજીનાં દર્શન કરી શ્રીગુસાંઈજી પાસે વિદાય થવાની આજ્ઞા માગી. શ્રીગુસાંઈજીએ મહાપ્રસાદ તથા બીડાં વગેરે આપી, સર્વનું સંમાન કરી એમને વિદાય થવા રજા આપી, તેથી એમને દંડવત્પ્રણામ કરી સૌ પોતેપોતાને દેશ ચાલ્યા ગયા. આ પ્રમાણે શ્રીગુસાંઈજીએ આરંભેલો શ્રીજીની વર્ષગાંઠનો ઉત્સવ નિર્વિઘ્ને સમાપ્ત થયો.

૪. બાલલીલા

શ્રીરુક્મિણીજી દ્વારા લાલનપાલન :

આગળ જણાવ્યા પ્રમાણે જાતકર્મ તથા નામકરણ વગેરે ક્રિયાઓ કર્યા પછી શ્રીગુસાંઈજી તથા શ્રીરુક્મિણીજી પોતાના બાલકને અનેક પ્રકારનાં લાડ લડાવવા લાગ્યાં. નિત્ય પ્રાતઃકાલે શ્રીરુક્મિણીજી ઊઠી પોતાના બાલકને સુગંધીવાળા તેલ-ફુલેલથી ઉબટણું કરી ઉષ્ણોદક જલથી સ્નાન કરાવે, ત્યારપછી અંગ વસ્ત્ર કરી શૃંગાર આદિ ધરે, પ્રાતઃકાલથી પ્રભુના ઊઠતાં પહેલાં અનેક ભક્તજન દ્વારે આવી દર્શન માટે રાહ જોતાં. પ્રભુના જાગ્યા પછી કેટલાંક દર્શન કરી ગૃહકાર્યાર્થે પાછાં જતાં, પણ કેટલાંક ભાવિક અને અનુભવી ભક્તજન તો પોતાનું ભાગ્ય માની શ્રીજીને રમાડવામાં તથા ઝુલાવવામાં બનતો ભાગ લેતાં અને તેથી પ્રાતઃકાલથી શ્રીગુસાંઈજીના આંગણામાં ભક્તજનની ભારે ભીડ મચી રહેતી હતી. જ્યારે શ્રીરુક્મિણીજી પોતાના બાલકને નવરાવવું, વસ્ત્રાભૂષણ પહેરાવવાં તથા સ્તનપાન કરાવવું વગેરે કાર્યોમાં રોકાતાં ત્યારે આસપાસનાં ભક્તજનોમાંથી કોઈ ગાતાં, કોઈ દર્શન કરતાં તથા કોઈ શ્રીઅંગનો સ્પર્શ કરતાં તથા જ્યારે શ્રીરુક્મિણીજી ગૃહકાર્યમાં અથવા ભગવત્સેવામાં રોકાતાં ત્યારે એઓ શ્રીજીને ઉત્સંગમાં લઈ પ્રેમપૂર્વક રમાડતાં અથવા પારણામાં પોઢાડી ઝુલાવતાં. આ પ્રમાણે રસિક ભક્તજન (ભગવદીયો) પોતાનો ઘણોખરો સમય પોતાના શ્રીજીની પાસે જ ગાળતાં અને એ દ્વારા પોતાના અનેક પ્રકારના સેવાના મનોરથો સિદ્ધ કરી જન્મહેતુ સફળ કરતાં. આ પ્રમાણે પ્રાતઃકાળથી રાત્રે પોઢતાં સુધી શ્રીજીની સેવામાં થોડાં ઘણાં ભક્તજન નિરંતર રહેતાં. આ ભક્તજન હંમેશ આવતી વખતે પોતપોતાને ઘેરથી પ્રભુને ખાવા તથા ખેલવા માટે અનેક પ્રકારની સુંદર વસ્તુઓ લાવતાં અને એ શ્રીજીપ્રભુની આગળ મૂકી એમને ખુશ કરતાં.

માસિક ઉત્સવ :

દર મહિનાની સાતમે જન્મોત્સવ કરવામાં આવતો. આ પ્રકાર વર્ષગાંઠ સુધી ચાલ્યો. પછી એ ઉત્સવ દર વર્ષે જન્મતિથિએ થતો. આ ઉત્સવ વખતે શ્રીજીને કેસર-સ્નાન તથા આરતી વગેરે કરવામાં આવતાં. દરેક વખતે જ્ઞાતિ વર્ગ તથા ભક્તજનોને પ્રસાદ લેવડાવવામાં આવતો તથા નાતમાં અમુક વસ્તુની લહાણી કરવામાં આવતી. પ્રથમ માસે માલપુઆ ને ગોળ, બીજે માસે અડદના આટાની સામગ્રી, ત્રીજે માસે સેવ તથા વેસણના લાડુ, ચોથે માસે માટ, પાંચમે માસે ગુંજા, છઠ્ઠે માસે દહીંવડાં સાતમે માસે ફેણી, આઠમે માસે બાબર, નવમે માસે ઈંદસી, દસમે માસે માડા,

અગિયારમે માસે ખાજાં તથા બારમે માસે ગનોડા લાડુ આખી નાતમાં વહેંચવામાં આવ્યા. પછી પાંચ વર્ષ સુધી જન્મતિથિએ આ ઉત્સવ થતો ત્યારે નાતમાં ગનોડા લાડુ વહેંચાતા. પાંચ વર્ષ પછી આ ઉત્સવે માર્કંડેયપૂજા તથા બ્રહ્મભોજન થતું.

અન્નપ્રાશન :

બેસતાં શીખ્યા પછી સં. ૧૬૦૯ ના જેઠ સુદિ ૯ ના રોજ અન્નપ્રાશનનો એટલે પ્રથમ અનાજ ખવરાવવાનો-ઉત્સવ કર્યો. એ દિવસે ઉત્સવને લાયક મંડપ તૈયાર કરી એને તોરણ વગેરેથી શણગાર્યો. આંગણામાં સાથિયા તથા ચોક પૂર્યા. કુટુંબીજન, જ્ઞાતિવર્ગ તથા ભક્તજન એકઠાં થઈ સુંદર માંગલિક ગીત ગાવા લાગ્યાં. પછી મંડપમાં વિધિ પ્રમાણે વેદી રચી. શ્રીગુસાંઈજી તથા શ્રીરુક્મિણીજી છેડા ગાંઠી વેદી આગળ આનંદથી પધાર્યા. શ્રીજી માતૃચરણની ગોદમાં બિરાજ્યા અને આંગણામાં અનેક પ્રકારની સામગ્રી ધરી. પછી શ્રીજીને અન્નપ્રાશન કરાવ્યું. ભોજન કરાવ્યા પછી શ્રીમુખમાં બીડું ખાંડીને ધર્યું, પછી આરતી કરી.

ભવિષ્યદર્શી બાલચેષ્ટા :

ત્યાર પછી બાલકનું તાત્પર્ય જાણવા, કેટલીક વસ્તુઓ મૂકી વચમાં એમને પધરાવી એઓ આતુરતાથી શ્રીગુસાંઈજી, શ્રીરુક્મિણીજી તથા કેટલાંક ભક્ત જન આસપાસ ઊભાં. પ્રભુએ પ્રથમ સામું જોઈ સૌનાં મન હરણ કર્યાં, ત્યાર પછી એક સ્ત્રીજનનો અંચલ પકડ્યો, પછી શ્રીભાગવતની પોથી લીધી, પછી તુલશીની માલા લઈ મંદિર તરફ પધાર્યા. આ પ્રમાણે શ્રીમદ્ભાગવતની પોથી માલા વગેરે ગ્રહણ કરી સૂચન કર્યું કે જે માર્ગ સ્વેચ્છાથી પ્રકટ કરાવ્યો છે તેનાં પોષણ તથા રક્ષણ માટે પોતાનું પ્રાકટ્ય છે. આ જોઈ આસપાસ ઊભાં રહેલાં ભક્તજન, શ્રીગુસાંઈજી, શ્રીરુક્મિણીજી વગેરે સર્વ આનંદ પામ્યાં. ત્યાં એકઠાં થયેલા સર્વ મનુષ્યો તથા જ્ઞાતિજનોને ભોજન કરાવી બીડાં, પછી દાન, દક્ષિણા તથા પહેરામણી આપી સર્વને યોગ્ય સત્કાર સાથે વિદાય કર્યાં. જતી વખતે એ સઘળાંઓ શ્રીગુસાંઈજીના હાથમાં મંત્રાક્ષત (મંત્રેલા અક્ષત) મૂકતાં. અને શ્રીગુસાંઈજી એ અક્ષતને ઉપરણામાં લઈ શ્રીજીને માથે મૂકતા.

કર્ણવેધન :

અન્નપ્રાશન કર્યા પછી કેટલેક દિવસે કર્ણવેધનનું મુહૂર્ત આવ્યું.કુલની રીત પ્રમાણે પકવાન તેમ બીજો જોઈતો સાજ તૈયાર કર્યો. પછી શ્રીજીને પધરાવી, શૃંગાર કરી કુટુંબ તથા જ્ઞાતિનાં માણસો અને ભક્તજનોના સમૂહ સાથે કર્ણવેધનના સ્થાનમાં પધરાવ્યા. આસપાસ વાજિંત્ર વાગવા લાગ્યાં. શ્રી રુક્મિણીજી શ્રીજીને ગોદમાં લઈ બેઠાં. ત્યાં શ્રીજીની આગળ પાંચશેર ચોખા તથા પાંચશેર ગોળની ભેળીની સામગ્રી લાવી ધરી. આ વખતે આસપાસ ઊભાં રહેલાં ભક્તજન, કર્ણવેધનથી શ્રીજીના શ્રીઅંગમાં પીડા થશે એના ભયથી કાંપવા લાગ્યાં એવામાં બોલાવેલો વાળંદ(નાઈ) આવ્યો. એણે બંને કાને નિશાની કરી. પછી ભયપૂર્વક સાવધાનતાથી બંને કર્ણ વીંધ્યા. પછી એને ગોળ ચોખા તથા દ્રવ્ય આપી વિદાય કર્યો. પછી ઘેર આવી શ્રીરુક્મિણીજીએ પુત્રને રાઈ-લૂણ વારી આરતી કરી.

ચાલવું :

સમય જતાં ધીમે ધીમે શ્રીજીને ચાલતાં શીખવવા માટે એમને મણિમય તિબારીમાં બેસાડી કાચમાં પોતાનું પ્રતિબિંબ દેખાડવામાં આવતું અને બાળકની સ્વાભાવિક કુતૂહલતાને લઈ એ પ્રતિબિંબ પકડવા જતા અને એમ કરવામાં ભીંતની મદદથી શ્રીજી ચાલતાં શીખતા. આ ઉપરાંત કેટલાંક ભક્તજન હાથમાં કાંઈક ખાવાની તથા રમવાની વસ્તુ લઈ શ્રીજીની આગળ ધરી એમને લલચાવતાં અને મહામહેનતે એ લેવા આવે એટલે સહેજ ખસી જાય, તેથી એ થોડુંક આગળ વધે. આ પ્રમાણે અનેક પ્રયાસથી શ્રીજી ચાલતાં શીખ્યા, એટલે ભક્તજન કંઈ કંઈ લાલચ આપી શ્રીજીને નચાવી કુદાવી તથા ખેલાવી પોતાના અનેક પ્રકારના મનોરથ પૂર્ણ કરતાં.

ધાવ :

એમ કરતાં કેટલેક સમયે શ્રીરુક્મિણીજીને ગર્ભ રહ્યો અને તેથી શ્રીજી માટે ધાવ બોલાવવા વિચાર કર્યો. પ્રથમ તો પોતાના શ્રીજી પરના વાત્સલ્યભાવને લઈ શ્રી રુક્મિણીજીએ ના પાડી, પણ પછીથી ગર્ભાવસ્થામાં સ્તનપાન કરાવવાથી શ્રીજીનું આરોગ્ય બગડે એવા ભયથી બહોરી નામની ધાવને બોલાવી એને શ્રીજીને સ્તનપાન કરાવવાનું કામ સોપ્યું. એ વખતે શ્રીરુક્મિણીજીએ પોતાના સ્નેહાધિકયને લઈ ધાવને પોતાની પાસે ને પાસે રહેવાનું કહ્યું તથા જો એ શ્રીજીની કાળજીપૂર્વક સંભાળ રાખે તો એને ઠરાવેલા પગાર ઉપરાંત પોતાની પાસેથી કાંઈક રકમ બક્ષિસ તરીકે આપવા વચન આપ્યું.

> ''જતન કરી જાળવજે ને, તું કરજે અતિ મનુહારજી;
> તું માહારે પાસે રેહેજે, જ્યમ જોઉં વારંવારજી. ૧૬૮
> સર્વ થકી કાંઈ એક હું, અલગું આપીશ છાનુંજી;
> પણ તે કરજે જેમ એ સુખ પામે, હુંય ભલેરું માનુંજી.''
> (પ્ર. સિં. માં. ૧૦)

આ પ્રમાણે સૂચના કરી શ્રીજીને ધાવને સોંપ્યા તોપણ એણે જાતિસ્વભાવ પ્રમાણે કપટ કર્યું. હંમેશાં એ પોતાના બાળકને પ્રથમ સ્તનપાન કરાવે અને પછી બાકી રહે એ શ્રીજીને કરાવે. આ બધું શ્રીજી સમજતા છતાં એમાં સૌનું સુખ જાણી કાંઈ બોલતા નહિ, પરિણામે દિવસે દિવસે શ્રીઅંગ દુર્બળ થવા લાગ્યું અને તેથી શ્રીરુક્મિણીજી ચિંતાતુર રહેતાં, મનની પીડા કોઈને કહેતાં નહિ. જ્યારે બહુ દુઃખ થતું ત્યારે બોલી ઊઠતાં કે ગર્ભનો છુટકારો થતાં શ્રીજીને મારી પાસે સ્તનપાન માટે લઈ લઈશ. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે જો તમને પુત્ર થશે તો એનું શું કરશો. એના ઉત્તરમાં શ્રીરુક્મિણીજીએ જણાવ્યું કે પુત્ર કે પુત્રી જે થશે તેને ધાવને સોંપી દઈશ. આ ઉપરથી જણાઈ આવે છે કે શ્રીરુક્મિણીજી પોતાનાં સર્વ બાળકો કરતાં શ્રીજી પર અધિક સ્નેહ રાખતાં. પછી પુત્રીનો જન્મ થતાં ધાવને સોંપી શ્રીજીને પોતે સ્તનપાન કરાવવા લાગ્યાં અને એ શ્રીરઘુનાથજીના જન્મ સુધી (સં. ૧૬૧૧ ના કારતક સુદિ ૧૨) એટલે શ્રીજીને ત્રણ વરસ પૂરાં થયાં ત્યાંસુધી ચાલુ રહ્યું હતું એમ શ્રીજીએ શ્રીગોકુલમાં શ્રીમુખે કહ્યું છે.

૫. કૌમારલીલા

ચાલતાં તથા બોલતાં શીખવવું :

સમય જતાં ધીમે ધીમે શ્રીજીને ચાલતાં શીખવવામાં આવ્યું, ઉદેપુરનિવાસી શ્રીજીનાં પરમ કૃપાપાત્ર દામોદરદાસી કે જે પ્રાકટ્ય સમયથી શ્રીજીની ખવાસીમાં જોડાયાં હતાં તેમણે મુખ્યત્વે કરીને આ સેવા ઉપાડી લીધી. આ ઉપરાંત પ્રસંગોપાત્ત શ્રીગુસાંઈજી, શ્રીરુક્મિણીજી તથા કૃષ્ણદાસી વગેરે ભક્તજનો પોતાના વાત્સલ્યભાવને લઈ શ્રીજીને ચાલતાં શીખવવા અનેક પ્રયત્ન કરતાં. આ પ્રસંગનું વર્ણન કરતાં ૫. ભ. ગોપાલદાસજી કહે છે કે

* ચતુર એને ચાલવા શિખવે, રહીને સાથ;
પૂરું ચરણ ધરાય નહિ, અંગુલીબલ ગાંઠે હાથ.
કુંવર શ્રીરુક્મિણીજીનોજી. ૧૦
બેહુ આંગલીએ પ્રભુને, તે વળગાડે મનરંગઃ
સન્મુખ રહી નિહોરાઈને, તે ચાલે છે સંગ સંગ, કું. ૧૧
મરકલડાં દેઈ દેઈને, મહામોદસું ચાલે આપ;
શીતલતા થઈ ભોમીને, ટળિયા સહુ પરિતાપ. કું. ૧૨
કો સમે ઘૂંટણીએ થઈ, ક્રીષન તેણે અનુકર્ણ;
તેહ જ રીતે શ્રીગુસાંઈજી ચાલે, તેહવે વર્ણ. કું. ૧૩
તેણે સમે શ્રીગુસાંઈજી, આનંદ ઉર ન સમાય;
જેમ પ્રભુ તેમ અનુકર્ણ કરે, જ્યાં ત્યાં સાથે થાય. કું. ૧૫
એણી પેરે જ્યારે ચાલવા, શીખ્યા પ્રાણાધાર;
ભક્ત સહુ તે જોઈને, ઓવારે વારંવાર. કું. ૧૬
નાચે નાના ભાંતીસું, આભરણ કરે નાદ;
તાલી દેઈ થેઈ થેઈ કરે, નેનપણે લાગો વાદ, કું. ૧૭
વચન નિહાળે પ્રેમસું જોતાં તૃપ્તિ ન થાય;
ભાગ્ય સરાહે ભામિની, આનંદ ઉર ન સમાય. કું. ૨૨

રાગ રામકલી. (પ્રા. સિ. માં ૧૩)

''રુકિમની ચલન શિખાવત પાયન.
સુતકી ગહે અંગુરિયાં ડોલત, શોભા કોટિ ભાયન.* ૧

---

* દામોદરદાસી * ભાયન = ભાણ-સૂરજ

મણિમય જટિત ઘૂઘરું બાંધે, નાચત અપને પાયન;
વૃંદાવનકો ચંદ એ વલ્લભ, હરખ બઢાવત માયન. ૨''
''ઠુમકી ઠુમકી ચરન ધરત રી મન હરત વલ્લભલાલ;
રુનુઝુનુ રુનુઝુનુ નૂપુર બાજે,
તબ ચાય ચાય ચલત ચંચલ ચાલ.
બોલત કછુ અલબલાત સમજ નહિ જાતરી,
અતિ મધુરે વચન રસાલ;
યહ છબિ નિરખી નિરખી બહુ ભાંતિ,
વૃંદાવન વારત મણિલાલ. ૨''

આ પ્રમાણે શ્રીજીને ચાલતાં શીખવવામાં આવતું હતું, એની સાથે બોલતાં શીખવવાના પ્રયત્નો પણ શરૂ કરવામાં આવ્યા. અને તેથી

''દામોદરદાસી સુએ ઉત્તાના* થઈ મોદ;
ઉપ ઉપર બેસાડીને ત્યાંહા, કરે તે બાલવિનોદ. કું. ૨૩
અલબલ કલબલ બોલની, બોલે મધુરા બોલ;
સુણી સુખસાગર ઊલટે, નહિ કો એ રસને તોલ. કું. ૨૪
દામોદરદાસી બોલે, તેણી રીતે સાથ;
અલબલ કલબલ માધુરી, જેમ બોલે છે નાથ. કું. ૨૫
અધૂરો અક્ષર કહી શીખવીને, વળી પૂરો કહી જાય;
તે કહેવા પ્રભુ ઉદ્યમ કરે, પણ વચને નહિ કહેવાય. કું. ૨૬
યદ્યપિ અતુલ સામર્થ્ય છે, સકલ ગુણે સંપન્ન;
બોલી શકે નહિ બાલપણ, પૂરું એક વચન; કું. ૨૭
દામોદરદાસીનું નામ, નહિ કહેવાય;
બોદડદાસી કહીને બોલાવે સુખદાય. કું. ૨૮
એણેપેરે ખેલતા જોઈ, માતપિતા મન ફૂલ;
સાથ સર્વ એ સુખ જોઈ ગિને જગત તૃણી તૂલ. કું. ૩૧''

(પ્રા. સિ. માં. ૧૩)

આવી રીતે થોડા સમયમાં શ્રીજી ચાલતા તથા બોલતા શીખ્યા એટલે ધીમે ધીમે એમની રમતનો ક્રમ પણ વધતો ગયો અને શ્રીગુસાંઈજી પણ પોતાના પુત્રરત્નને અનેક પ્રકારે લાડ લડાવવા લાગ્યા. કેટલીક વખત તો પોતે બે હાથ નીચા મૂકી ઘોડાની માફક ઊભા રહે અને પીઠ ઉપર શ્રીજીને બેસાડે.

રમતો :

એક સમયે સમાન વયના સખા તથા દામોદરદાસીને સાથે લઈ શ્રીજી ખેલવા માટે નગરમાં નીકળ્યા. પ્રથમ ગોવિંદ મામાને ઘેર ગયા. ત્યાં શ્રીજીને પધારેલા જોઈ ભક્તજનની મોટી ભીડ ભરાઈ ગઈ અને એઓ સર્વ મેવા, મીઠાઈ તથા રમકડાં

---

* ચતાં, છતાં

વગેરે આપી એમને રીઝવવા લાગ્યાં, પોતાને જે મીઠાઈ મળતી તેમાંથી થોડીક પોતાના મુખમાં મૂકે, કેટલીક આસપાસ ઊભા રહેલા સખાઓને વહેંચી આપે અને પછી બાકી રહે એ દામોદરદાસીના હાથમાં આપે. આસપાસ ઊભાં રહેલાં ભક્તજન શ્રીજીની આ લીલા જોઈ હર્ષ પામતાં અને કેટલાંક તો શ્રીજીને કોઈ ને કોઈ મિષે પોતાને ઘેર બોલાવી લાવી, અનેક લીલાઓ કરાવી પોતાનું જીવન સફળ કરતાં અને શ્રીજી પણ આવી બાલલીલાઓ દ્વારા સ્વજનોનો નિરોધ સિદ્ધ કરતા. વળી કેટલાંક ભક્તજનો તો શ્રીજીનું સ્વરૂપ નીરખી એવાં તો મોહ પામતાં કે એ જ વખતે શ્રીજી જ્યાં ઊભા હોય ત્યાંથી પકડી પોતાની ગોદમાં લઈ નાચવા તથા કૂદવા મંડી જતાં. આ પ્રમાણે અનેક બાલચરિત્રો કરતા કરતા શ્રીજી માર્ગમાં ચાલતા હતા. એવામાં જો એમની દૃષ્ટિએ ગાય પડતી તો એમને ઘણો જ હર્ષ થતો અને એને પકડવા એની પાછળ દોડતા. સાથેના મિત્રોમાંથી જ્યારે કેટલાંક શ્રીજીને રીઝવવા વાછરડાં વગેરે પકડી લાવતા ત્યારે એઓ એમનાં (વાછરડાંનાં) પૂછડાં વગેરે પકડી કૂદવા મંડી જતા અને એ દ્વારા ગાય તરફની પોતાની અત્યંત પ્રીતિનું સૂચન કરતા હતા.

વળી રમત માટે સાથીઓમાંથી કોઈ એકને ઘોડો બનાવી એની ઉપર બેસતા અને એના ગળાની સાંકળી શ્રીહસ્તમાં લગામ તરીકે પકડી ચરણની ઈશારતે ચલાવતા તથા ચાબૂકની જગાએ હાથમાં છડી ફેરવતા.

ચૂડાકર્મ (મુંડનવિધિ) :

આવી રીતે અનેક ક્રીડાઓ તથા ચેષ્ટાઓ દ્વારા સ્વજનોનાં મન આકર્ષણ કરતા. એમ કરતાં શ્રીજી ત્રણ વર્ષના થયા એટલે શુભ મુહૂર્ત જોઈ ચૂડાકર્મનો આરંભ કર્યો. જ્ઞાતિજન તથા ભક્તજનોને બોલાવી સર્વ માંગલિક સાજ તૈયાર કર્યો. આંગણામાં વેદી રચી એના ઉપર પાટ બિછાવી, પછી શ્રીજીને ગોદમાં લઈ શ્રીરુક્મિણીજી બેઠાં. ફોઈ નહિ હોવાથી એમને બદલે શ્રીશોભાજી બેઠાં. પછી પોતાના કુળના રિવાજ મુજબ હાથમાં પૂરી ધરી શ્રીશોભાજી ઊભાં રહ્યાં અને વાળંદે મુંડન કર્યું અને શ્રીજીના કેશ એ પૂરી ઉપર ઝીલી લીધા. મુંડન થઈ રહ્યા પછી વાળંદને કેશથી ચાર ગણાં મોતી અને સોનાની આઠ તથા રૂપાની ચાર ગાય આપી વિદાય કર્યો. એ વખતે શ્રીશોભાજીને પણ રિવાજ મુજબ જે માગ્યું તે આપ્યું. કુટુંબમાં સર્વને પૂરી તથા પકવાન વહેચ્યાં. આ ચૂડાકર્મ યાને મુંડનની ક્રિયાનું કારણ, બાલકમાં કોઈ પણ જાતનો દોષ દાખલ થતો અટકાવી એનું રક્ષણ કરવાના વાત્સલ્યભાવથી સિદ્ધિ અર્થે જ હતું. છેવટે શ્રીજીને કેસરસ્નાન વગેરે કરાવી, શૃંગાર ધરી, શ્રીશોભાજીએ આરતી ઉતારી આશિષ દીધી. એક માસ પછી ચોટી રાખી અને એ વખતે પરણેલા પુરુષોને માલપૂઆ વહેંચ્યા.

આવી રીતે કુટુંબ તથા જ્ઞાતિના રિવાજ પ્રમાણે લૌકિક, વૈદિક સર્વ સંસ્કારો કરતાં તથા એ દ્વારા હૃદયમાં રહેલા વાત્સલ્યભાવના મનોરથો પૂર્ણ કરતાં શ્રીગુસાંઈજી તથા શ્રીરુક્મિણીજી ભક્તજનોના સમૂહ સાથે અનેક પ્રકારનું સુખ અનુભવવા લાગ્યાં. એમ કરતાં શ્રીજી ચાર વર્ષના થયા.

સ્વજનોને શિક્ષા :

એક સમય શ્રીગુસાંઈજી શ્રીજીને સાથે લઈ ભોજન કરવા બિરાજ્યા હતા. શ્રીજી ભોજનથી પરવારી, આચમન કરી જ્યાં શ્રીગુસાંઈજીની સજ્યા બિછાવી હતી ત્યાં દોડી ગયા અને એની ઉપર રમવા લાગ્યા. પાસે એક ખવાસ ઊભો હતો એણે ઠપકો દીધો કે

''સેજ્યા શ્રીગુસાંઈજીની, ખૂંદેથી બિગડે તેહ.''

આસુરાવેશથી શ્રીજીનું સજ્યા પર જવાનું કારણ સમજ્યા સિવાય એણે ઉપર પ્રમાણે ઠપકો આપ્યો તેથી શ્રીજી પણ સાધારણ બાળકની માફક રિસાઈને એક બાજુએ ઊભા રહ્યા. પછી જ્યારે શ્રીગુસાંઈજી ભોજનથી પરવારી ત્યાં આવ્યા ત્યારે, હંમેશાની માફક શ્રીજીએ એમને કંઠે બાઝવું તથા આનંદથી હસતાં હસતાં ખોળામાં બેસવું વગેરે કોઈ પણ ચેષ્ટાઓ દ્વારા આનંદ આપ્યો નહિ, એટલું જ નહિ, ચૂપકીથી ઉદાસ ચહેરે જ્યાં હતા ત્યાં જ ઊભા રહ્યા. આ જોઈ શ્રીગુસાંઈજી ખેદ પામ્યા અને તેથી પોતાના પુત્રરત્નની પાસે જઈ, એમને હેતથી હૃદય સાથે ચાંપી, ખોળામાં બેસાડી રિસાવાનું કારણ ધીમેથી પૂછવા લાગ્યા, પણ શ્રીજીએ ઉત્તર નહિ આપવાથી શ્રીગુસાંઈજી વધારે અકળાયા, કારણ કે જેમ જેમ શ્રીગુસાંઈજી કલાવી કલાવીને પૂછવા લાગ્યા તેમ તેમ શ્રીજી વધારે વધારે ને વધારે ડૂસકાં ખાવા લાગ્યા. છેવટે ખિજાઈને ત્યાં બેઠેલા એક વૈષ્ણવને પૂછ્યું :

''ક્યોંરે કોઉ જાનત નહિ, એ મો પેં સહી ન જાત.''ત્યારે એણે શ્રીગુસાંઈજીના આવતાં પહેલાં બનેલો સર્વ વૃત્તાંત કહી જણાવ્યું કે ખવાસનું વચન સાંભળ્યું ત્યારથી શ્રીજી અપ્રસન્ન થયા છે. આ સાંભળી શ્રીગુસાંઈજીએ સજ્યાના ટુકટુક કરી એને દૂર કરી તથા ખવાસને ભારે દંડ દીધો. એ વખતે શ્રીગુસાંઈજીએ કહ્યું કે :

''શ્રીવલ્લભને વલ્લભ નહિ, જે એહોને ન આવે ભોગ;
તે માહારે શા કાજની, જે એહોને નહિ ઉપયોગ.''

પછી બીજી સજ્યા મગાવી એમાં શ્રીજીને સાથે લઈ શ્રીગુસાંઈજી પોઢ્યા. આ પ્રસંગ દ્વારા ગુહ્ય રીતે શ્રીજીએ સ્વજનોને જે અનેક પ્રકારનો બોધ કર્યો છે તેમાંનો લવ માત્ર યથાબુદ્ધિ નીચે લખવામાં આવે છે :

પ્રથમ તો શ્રીગુસાંઈજીને શ્રીજી પ્રત્યે કેવો ઉચ્ચ પ્રેમ છે કે શ્રીજીને જે જે વસ્તુ ઉપયોગમાં આવતી નથી તે તે વસ્તુ એઓ પોતાને માટે પણ નિરર્થક ગણી એનો ત્યાગ કરે છે અને એ દ્વારા એઓશ્રી આપણને સર્વ વૈષ્ણવ બંધુઓને બોધ કરે છે કે શ્રીઠાકુરજીના વિનિયોગમાં જે જે વસ્તુ આવે નહિ તેનો ઉપભોગ આપણે પણ સર્વથા કરવો નહિ, જે વિશે શ્રીમદ્વલ્લભાચાર્યજી સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :

असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ॥

અર્થ : તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ,

ખવાસ દ્વારા સૂચના :

વળી આ ઉપરાંત ખવાસ દ્વારા બોધ કરે છે કે શ્રીજીની લીલાઓ જેનું રહસ્ય જીવ બુદ્ધિમાં આવી શકે નહિ એવું ગૂઢ છે, એમાં સામાન્ય મનુષ્યે પોતાની સાધારણ લૌકિક બુદ્ધિથી એના પર ટીકા કરી દોષ માત્રને દૂર કરનાર પતિતપાવન શ્રીજી પર દોષારોપણ કરવાના અતિ દુષ્ટ પ્રયત્નોમાંથી સર્વથા દૂર રહેવું જોઈએ.

શિક્ષા દ્વારા થયેલા દોષની મુક્તિ :

ખવાસને શિક્ષા કરી શ્રીગુસાંઈજીએ સુચવ્યું છે કે જો કદાપિ જીવની દુષ્ટતાને લઈ સંસ્કારબળે આસુરાવેશથી ઉપર ગણાવ્યો તેવો કોઈ દોષ સ્વજનથી થઈ જાય તો શ્રીજી એનો ત્યાગ ન કરતાં એને શિક્ષા દ્વારા દોષમાંથી મુક્ત કરે છે, કારણ કે દોષમાંથી મુક્ત થયા સિવાય જીવ શ્રીહરિની સેવા કરી શકે નહિ. આ કારણથી શ્રીજીને જ્યારે એમના ભક્તજન 'સ્વજનના પક્ષપાતી' કહે છે અને અપરાધની શિક્ષા આનંદથી ખમે છે ત્યારે અન્ય આસુરી મનુષ્યો એમની આવી શિક્ષાઓ ખમતાં જુએ છે ત્યારે જાણે એમના પર પોતે દયા બતાવતા હોય એમ ધર્મના કારણરૂપ શ્રીજીને માથે દોષારોષણ કરી કહે છે કે 'ધર્મીને ઘેર ધાડ' અને એ દ્વારા શ્રીજીને અન્યાયી ઠરાવવા માગે છે. ભક્તજન અને આસુરી જીવોનો આ વિરુદ્ધ આચાર વાસ્તવિક છે, કારણ કે ભક્તજન શ્રીજીના શિક્ષા કરવાના કારણને જાણી એને માટે (શિક્ષા કરવા માટે) એમની કૃપા સમજે છે અને આસુરી જીવ પોતાની નીચ બુદ્ધિથી એ કારણ નહિ સમજવાથી નિર્દોષ શ્રીજીને દોષ આપે છે.

શિક્ષાસાર :

ટૂંકામાં, આ પ્રસંગનો બોધ એ છે કે સર્વ વૈષ્ણવ બંધુઓએ અસમર્પિત વસ્તુનો ઉપયોગ દૂર કરી, જેમને એઓ શ્રીપુરુષોત્તમવત્ માને છે તેવા શ્રીવલ્લભકુલના બાળકોની ક્રિયાઓ ઉપર જીવબુદ્ધિથી કોઈ પણ જાતની અયોગ્ય ટીકા કરવાનું છોડી દઈ, પોતાને માથે શ્રીહરિની ઇચ્છાથી જે કાંઈ સુખ દુઃખ પડે તે સઘળું એમની કૃપા સમજી આનંદથી સહન કરવું જોઈએ.

આ ઉપરથી દરેક વાચકને સમજાશે કે શ્રીજી પોતાનાની સાધારણ બાલક્રીડાના પ્રસંગો દ્વારા પણ નિજ જનોને કેવો અમૂલ્ય બોધ આપે છે. આ પ્રમાણે શ્રીજી પોતાની અનેક લીલાઓ દ્વારા શ્રીગુસાંઈજી, શ્રીરુક્મિણીજી તથા સ્વજનોને અનેક પ્રકારનું સુખ આપતા કૌમારાવસ્થામાંથી પૌગંડાવસ્થામાં આવ્યા.

૬. પૌગંડલીલા

ચાર વર્ષ પૂરાં થતાં શ્રીજીએ પૌગંડઅવસ્થાનો અંગીકાર કર્યો. આ સમયે યૌવનના અંકુર ફૂટતાં શરીરની કાંતિ વધારે તેજસ્વી તથા મોહક બનવા લાગી, અનેક ભક્તજનને એમનાં દર્શન માત્રથી એમનાં એ ભવ્ય સ્વરૂપની આસક્તિ લાગવા લાગી અને તેથી એ સર્વ પોતાનું દેહ ગેહ વગેરે ભૂલી શ્રીજીનાં દર્શન તથા સેવા માટે આતુરતાથી નિરંતર રાહ જોયા કરતાં. આ ભક્તજનોમાં કૃષ્ણદાસી મુખ્ય હતાં.

અક્ષર દેખાડવાનો ઉત્સવ :

પાંચમું વર્ષ બેસતાં અક્ષર દેખાડવાનો ઉત્સવ આવ્યો તેથી સર્વ માંગલિક સામગ્રી તૈયાર કરવામાં આવી. સં. ૧૬૧૨ ની માગસર સુદિમાં કોઈ એક સારો દિવસ જોઈ ઉત્સવનો આરંભ કર્યો. દરેક ઉત્સવની માફક પકવાન વગેરે તૈયાર કરાવી સગાં સંબંધી તથા નાતના માણસોને બોલાવ્યા, દ્વાર ધ્વજા પતાકા તથા તોરણથી સુશોભિત કર્યાં અને સોહાસણીઓ રંગબેરંગી સાથિયા કરી તથા મોતીના ચોક પૂરી સુંદર મધુર સ્વરે મંગલ ગીત ગાવા લાગી. પછી શ્રીજીને વેદી આગળ પીઠ ઉપર વસ્ત્ર બિછાવી એની ઉપર પધરાવ્યા. શ્રીગુસાંઈજી તથા શ્રીરુક્મિણીજી પાલવ બાંધી શ્રીજીને ખેલાવતાં ત્યાં બેઠા. સ્વસ્તિવાચન કરી સોનાના થાળ મંગાવ્યા એમાં ચોખા પૂરી, શ્રીગુસાંઈજીએ સોનાની મુદ્રિકા હસ્તમાં લઈ, શુભ અક્ષર લખી અનેક આશિષ દીધી. પછી क ख ग घ વગેરે મૂળ વર્ણો લખી તથા શ્રીજી પાસે એ ત્રણ વાર ઘૂંટાવી વર્ણ લખવાનો આરંભ કરાવ્યો. લખવાનું કામ પૂરું થતાં શ્રીશોભાજીએ આરતી કરી, અન્ય માણસોએ આશિષ દીધી. શ્રીરુક્મિણીજીએ પોતાને ત્યાં આવેલાં સર્વને સેવના ચાર ચાર લાડુ આપી વિદાય કર્યાં.

વિદ્યાભ્યાસની શરૂઆત :

આ પ્રમાણે પ્રારંભ કરી શ્રીજી ચતુરાઈપૂર્વક પોતાનો અભ્યાસ કરવા લાગ્યા. થોડા સમયમાં બાલરામાયણ, અમરકોશ તથા અનેક પ્રકારનાં કાવ્ય શીખ્યા. સહાધ્યાયીઓ પાઠમાં ભૂલ કરતાં તો શ્રીજી એમને બતાવતા અને એ દ્વારા એઓ પોતાનું આધિક્ય બતાવી આપતા. શ્રીજીને વિદ્યા તરફ એટલી તો પ્રીતિ હતી કે સહાધ્યાયીઓની સાથે એઓ હંમેશાં ગુરુને ત્યાં ભણવા જતા અને ત્યાં ગુરુજી જે જે શીખવતા તે સર્વધ્યાનથી સાંભળી તરત જ કંઠાગ્રે કરી લેતા. ગુરુના મુખથી એક વખત સાંભળેલી હકીકત એઓ કદી ભૂલતા નહિ અને ગુરુને ત્યાં જે જે શીખતા તે તે સર્વ ઘેર ગયા પછી માતપિતાને કહી સંભળાવતા. એ સાંભળી એઓ સર્વને ઘણો આનંદ થતો.

અંગ-કસરત :

ગુરુને ત્યાંથી ભણી આવ્યા પછી પોતાના મિત્ર વગેરેને સાથે લઈ શ્રીજી અંગ-કસરતને માટે તૈયાર કરેલા અખાડામાં જતા અને ત્યાં દડો, ગેંદ, ચૌગા, લવંગી, ચકરી વગેરે અનેક પ્રકારની રમતો રમી, પોતાના શરીરને યોગ્ય કસરત આપી કેળવતા. રમતોમાં જોઈતો સામાન જેવો કે ગેંદ, ચકરી વગેરે મધુસૂદન નામનો એક અડેલનિવાસી સુતાર (શ્રીજી તરફના ભક્તિભાવને લઈ) ઘણી હોંશથી કરી આપતો. એના વિશે શ્રીજીએ શ્રીમુખે કહ્યું છે કે

> ''પાછે હમજો માગિયે સો વે કર દેવે;
> વાકુ હમ કછુ દીજિયે, સો કબહુ ન લેવે. ૬૮
> હમકુ જબ દેખે, તબે બહુત સુખ પાવે;
> વૈષ્ણવ અરુ નીકો હતો, કહ્યું સ્વતઃ સ્વભાવે. ૬૯''
>
> (ગ્રા. સિ. માં. ૧૪)

આંખ-મિચામણી :

અખાડા સિવાય રાત્રે આંખમિચામણી વગેરે રમતોમાં પણ શ્રીજી ભાગ લેતા એમાં તો સમાન વયનાં નિર્વિકારી બાળકો તેમજ બાળકીઓ સઘળાં સાથે રમતાં અને ચોતરફ આનંદ ફેલાવતાં. આ રમતોનો ક્રમ તો હાલ આપણાં બાળકો રમે છે તેવો જ હતો.

રાજખેલ તથા બીજી રમત :

કેટલીક વખત શ્રીજી રાજખેલ કરતા. પોતાના મિત્રોમાંથી એકને મંત્રી બનાવે, એકને ચતુર જોઈ પંડિત બનાવે તથા પોતે રાજ્યાસન ગોઠવી એ પર રાજા બની બેસે. આસપાસ એકને છત્ર ધરી ઊભો રાખે, એકના હાથમાં ચમ્મર આપે તથા એકને સભાચતુર બનાવી પોતાની સંમુખ બેસાડે. એ વખતે કોઈ તરફ ઘણી પ્રીત બતાવે, કોઈને કાંઈ વાંક કાઢી રાજા તરીકે શિક્ષા કરે તથા કેટલાક પંડિત થઈ આવે તેમનો શાસ્ત્રાર્થ સાંભળે અને એમાં જે વિજયી નીવડે તેને બક્ષિસ આપી સંતોષ આપે. એ સિવાય કેટલાક ભાટ, માગધ વગેરે થઈ આવે અને શ્રીજીની સામે બેસી નવા શ્લોક તથા કવિતા બોલી એમનાં યશોગાન ગાય એમને હાથી, ઘોડા, વસ્ત્ર, અલંકાર આપી એમનું સમાધાન કરે અને એઓ સર્વ આશિષ આપી વિદાય થાય. આ પ્રમાણે જ્યારે શ્રીજી રાજખેલની રમત કરતા ત્યારે જે સ્થાનમાં એ રમત થતી હોય તે સ્થાન એક ભવ્ય રાજ્ય દરબાર હોય તથા શ્રીજી કોઈ મહારાજાધિરાજ હોય એવું આસપાસ ઊભા રહેલાંઓને આબેહૂબ દૃષ્ટિગોચર થતું, એટલું જ નહિ, અજાણ્યા માણસો તો એમાં ભૂલ પણ ખાતા. ફક્ત રાજખેલની રમતમાં આ પ્રમાણે થતું, એટલું જ નહિ, પણ શ્રીજી રમત કરતા એ સર્વ આવી જ રીતે આબેહૂબ થતી.

આ સિવાય ચોપાટ, પાનાં, શેત્રંજ, સોગઠાં તથા પાસાની જુદી જુદી અનેક રમતોમાં શ્રીજી પ્રવીણ થયા હતા.

સવારી :

શ્રીજીને મૂળથી ઘોડે બેસવાનો અતિશય શોખ હતો અને તેથી શ્રીગોકુલથી શ્રીગોવર્ધન ઘોડા પર બેસીને જ પધારતા. આ સિવાય જ્યારે પરદેશ પધારતા યાતો સવારીમાં નીકળતા ત્યારે પણ એઓશ્રી ઘોડાની જ સવારી પસંદ કરતા. આ સિવાય હાથી વગેરે પર પણ સવારી કરી જાણતા. કેટલીક વખત તો હરણ, ગેંડા, મેંઢાં તથા બકરી પર બેસી ગેંદુક તથા ચકરીની રમતો રમતા. શ્રીજીને આ રમતોનો શોખ એટલો તો હતો કે ભોજન સમયે માતાજી ભોજન કરવા બોલાવે ત્યારે પોતાને ભૂખ નથી એમ કહી માતાજીને પાછાં કાઢતા, પણ રમત અધૂરી મૂકી જતા નહિ.

માશીનો પ્રેમ :

શ્રીજી માટે એમનાં માશી પોતાના ગામમાં અનાજ ઘણું પાકતું તેથી લીલા ધાન્યનો પોંક તથા ચેવડો કરી મોકલી આપતાં. પછી માતાજી એમાંથી પૈસાભર લઈ દૂધના કટોરામાં રાત્રે ભીંજવી રાખતાં. સવારે એ ફૂલીને કટોરો ભરાઈ જતો અને એ શ્રીજી ઘણા સ્વાદથી ખાતા એમ શ્રીમુખે કહ્યું છે :

''વાકો સ્વાદ કહા કહું, ઓર બહુત સુવાસ;
કોમલ અતિ નવનીત, લેતે સુખ રાસ. ૧૩૧''

(પ્રા. સિ. માં. ૧૪.)

કાકીનું હેત :

શ્રીજી પર જેવો એમનો માશીનો પ્રેમ હતો તેવો જ કાકીનો પણ હતો શ્રીજીએ શ્રીમુખથી કહ્યું છે કે :

''કાકીને કબહુ નહિ, મોસું રીસ કીની;
બહુત હેત મો પર કરે, ઓર રહે આધીની. ૧૩૨
જબ કબહુ લોંદગી, લરિકા માંહે કરિયે,
આપ પરસ્પર ખેલમાંહે જબહી હમ લરિયે. ૧૩૩
તબ કાકી ઈન-સુ કહે, તુમ મુખથી બોલો;
આંખ તુમારી તીસરી, લરકા પટ ખોલો. ૧૩૪
કાકી કછુ બોલે નહિ, સયાહી ખીજે;
તબ હમ જાયે ભાજકે, કાકી મન રીજે. ૧૩૫
નિત્ય કહે હમ લોંદગી, પ્રતિ-છિનુ બહુ તેરી,
કાકીને મોહે ઉપરે, કબહુ દષ્ટિ ન ફેરી. ૧૩૬''

(પ્રા. સિ. માં ૧૪)

૭. ઉપનયનસંસ્કાર

ઉપનયનસંસ્કાર :

પૌગંડ અવસ્થામાં, આગળ જણાવ્યા પ્રમાણે, અડેલમાં રહી વિદ્યાભ્યાસ તથા વિવિધ પ્રકારની રમતો રમતાં શ્રીજીએ સાત વર્ષ પૂરાં કરી આઠમા વર્ષમાં પ્રવેશ કર્યો એટલે શાસ્ત્ર પ્રમાણે ઉપનયનસંસ્કારનો સમય થયો, કારણ કે :

गर्भाब्दे वाष्टमे चाब्दे ब्राह्मणस्योपनायनम् ।

અર્થ : બ્રાહ્મણને ગર્ભથી અથવા જન્મથી આઠમે વર્ષે ઉપનયનસંસ્કાર કરવો જોઈએ.

આ સંસ્કાર કર્યા પહેલાં બ્રાહ્મણકુળમાં જન્મેલો બાળક પણ શૂદ્ર ગણાય છે તેથી એને વેદ વગેરે ભણવાનો અધિકાર હોતો નથી. ઉપનયનસંસ્કાર કર્યા પછી જ 'દ્વિજ' ગણાય છે અને એ પછી વેદ તથા ગાયત્રીમંત્ર ભણવાને અધિકારી થાય છે.

जन्मना जायते शूद्रो संस्काराद् द्विज उच्यते ।

અર્થ : જન્મેથી દરેક શૂદ્ર જન્મે છે, પણ સંસ્કાર(ઉપનયન)થી દ્વિજ કહેવાય છે.

મુહૂર્ત :

શુભ દિવસ જોઈ શ્રીગુસાંઈજીએ સોમા જોશીને તેડાવ્યો. ખબર મળતાં એ હર્ષથી આવી પહોંચ્યો. એને આદરમાનપૂર્વક બેસાડી શ્રીજીને ઉપવીત દેવાનું મુહૂર્ત પૂછ્યું. જોશીએ પાઘડીમાંથી ટીપણું કાઢી, ગણિત ગણી સં. ૧૬૧૫ ના ચૈત્ર સુદિ ૬ ને શુક્રવારનું મુહૂર્ત આપ્યું.

તૈયારી :

મુહૂર્ત નક્કી કર્યા પછી શ્રીગુસાંઈજીએ ઉપવીતને માટે સામગ્રી મંગાવવા વિશે શ્રીરુક્મિણીજીની સલાહ પૂછી, ચાચા હરિવંશજી તથા ચાંપાભાઈ અધિકારીને બોલાવી ઉત્સવ લાયક સર્વ સામગ્રી તૈયાર કરવા આજ્ઞા આપી. આજ્ઞા મળતાં નીચે પ્રમાણે એઓએ સર્વ સાજ તૈયાર કીધો :

''વસ્ત્ર ભાંતિ ભાંતિનાં જેહ, આણ્યાં દેશ દેશથી તેહ. ૩૯
સાડી રંગ સુરંગ અનેક, તેનો ક્યાં લગી કહું વિવેક. ૪૦
પામરી ચીર સાર બહુ રંગ, જરતારી પાઘ સુરંગ. ૪૧
સુંદર ખાસા મલમલ બહુય, પટ વસ્ત્રનો પાર ન લહુય. ૪૨
મેવા ભાંતિ ભાંતિના બહુય, આણ્યા તતક્ષણ સહુય. ૪૩
એહેવાં ભૂષણનો નહિ પાર, સિદ્ધ કરી રાખ્યો તેણી વાર. ૪૪

રત્નજટિત જડાવ અમોલ, નહિ એહેની કો સમતોલ. ૪૫
વાલ પીવા મીસરી તેહ, ખાંડ અતિશે ઉત્તમ જેહ. ૪૬
કણ ઘૃત સામગ્રી સાર, તેહેના ભરી રાખ્યા ભંડાર. ૪૭
સોંધા મેદજ વાદ બરાસ, અંબર અરગજા પરમ સુવાસ. ૪૮
અત્તર કસ્તૂરી ને સંતોષ, આણ્યા મહાસૌરભના કોષ. ૪૯
કેસર, અગર, ગુલાલ અબીર, જોઈ રહે ન કોઈનું ધીર. ૫૦
માહા વાયુનાં ચંદન લીધાં, ઉત્સવ અર્થે સૌ સિદ્ધ કીધાં. ૫૧
કેવડેલ, ચંપેલ, ચમેલી, તેલ સુગંધ રાયે રાયવેલી, ૫૨
બહુ કુસુમ કરી જે વાસ્યાં, એવાં આણ્યા અનેક સુવાસ્યાં. ૫૩''

(પ્રા. સિ. માં. ૧૫.)

ઉત્સવની સામગ્રી તૈયાર થતાં શુભ મુહૂર્ત જોઈ જ્ઞાતિ તથા કુટુંબનાં માણસોને બોલાવ્યાં. પ્રથમ ચાર સોહાસણને બોલાવી, એમને શૃંગાર કરી માંગલિક કાર્યની રીત પ્રમાણે એમની પાસે હળદર દળાવી, ત્યાર પછી ઢોલક મગાવી પ્રથમ આ સોહાસણીઓના હસ્તથી વગડાવી. છેવટે મૃત્તિકા લેવા જવા માટે એક થાળમાં હળદર, કુંકુમ, ગોળ, ગંધાક્ષત, દુર્વા વગેરે મૂકી અખિયાણાનો સાજ તૈયાર કર્યો અને વાજિંત્ર સાથે ચાલ્યાં. માટીની ખાણ પાસે જઈ, એની પૂજા કરી, માટી લઈ ઊલટથી ગાન કરતી સર્વ સોહાસણી પાછી ઘેર આવી. ઘેર આવીને જ્યાં કુળદેવતાની સ્થાપના કરી હતી ત્યાં મૃત્તિકા મૂકી.

મંડપની તૈયારી :

મૃત્તિકા લાવ્યા પછી ચાર સોહાસણીઓએ કડાઈ ચડાવીને પ્રથમ સેવ તૈયાર કરી તરત જ તળી લીધી અને મુહૂર્ત સાધ્યું. ત્યાર પછી વર્ષગાંઠના ઉત્સવમાં જણાવ્યા પ્રમાણે અનેક જાતનાં પકવાન તૈયાર કરાવ્યાં. પકવાન તૈયાર થયા પછી દ્વારે કદલીના સ્તંભ રોપાવ્યા તથા મંદિરને સુશોભિત રંગથી ધોળવામાં આવ્યું. બેઠકમાં ખંડની ભીંતો હાથી, ઘોડા, સૈન્ય, સભા, બ્રહ્મા, ઈંદ્ર, સૂર્ય, ચંદ્ર, ચૌદ લોક, નૃત્ય કરતી અપ્સરાઓ, દોડતાં હરણ તથા અનેક પ્રકારનાં ફળ તથા કુસુમથી લચી પડેલાં વૃક્ષોનાં દોરેલાં આબેહૂબ ચિત્રથી સર્વના મનને બેઠક આકર્ષવા લાગી. આ સિવાય જ્યાંત્યાં મખમલના સમિયાના બાંધવામાં આવ્યા તથા આંગણામાં વિવિધ પ્રકારના ઉત્તમ ગાલીચા બિછાવ્યા. માણસોએ આવી દ્વારે આસોપાલવ તથા આંબાના વૃક્ષનાં સુંદર લીલાં પાનનાં તોરણ બાંધ્યાં.

સ્નાન તથા શૃંગાર :

વળી ઉત્સવની ખબર પડતાં દેશપરદેશથી અનેક પંડિત, કવિ, ભાટ, ગુણીજન, માગધ તથા ભાવિક ભક્તજન આવી પહોંચ્યા એ સર્વનું શ્રીગુસાંઈજીએ અનેક પ્રકારનાં દાન આપી યથાધિકાર સંમાન કર્યું. ત્યાર પછી એક માસ અગાઉ શુભ મુહૂર્ત જોઈ ચૂનથી ચોક પૂર્યો. ચીકણમાં હળદર ભેળવેલો ઉષ્ણ જલથી ભરીને સૂત્રથી

વીંટી કુલહરી (માટલી) મૂકી. વચ્ચે એક ચોકી મૂકી તે પર શ્રીજીને પધરાવ્યા. ચાર સોહાસણીઓએ આવી અભ્યંગ કરાવી કુળની રીત પ્રમાણે શ્રીજીને સ્નાન કરાવ્યું. પછી અંગવસ્ત્ર કરી શૃંગાર ધર્યા. મસ્તકે જરતારી પાઘ, એની પર મૂલ્યવાન પેચ યા તોરો, ભાલમાં કેસરનું તિલક, સુગંધ અરગજાથી ભરેલ ધોતી, શ્વેત મહમૂદી તથા દુદામી વગેરે શ્રીજીને પહેરાવવામાં આવ્યાં. આ વખતે શ્રીજીને શૃંગાર કરવામાં આવ્યો હતો તે વિશે શ્રીજીએ શ્રીગોપાલલાલજીના વિવાહ પ્રસંગે કહ્યું છે કે :-

''શ્રીગુસાંઈજીએ મેરે ઉપવીત કું;
એસો વાઘો ધરાવ્યો નિત કું, ૧૩૫
વેસો મેહું કર્યો લરિકા કું,
શ્રીગુસાંઈજી સરાયો જાકું. ૧૩૬''

(પ્રા. સિ. માં ૧૫)

શૃંગાર કરી રહ્યા પછી શ્રીશોભાજીએ વાત્સલ્ય-ભાવથી રક્ષાર્થે ભમાં પર કાજળનું બિંદુ કર્યું. ત્યાં આવેલા બ્રાહ્મણોને દક્ષિણા આપી એમનું સંમાન કર્યું. એટલામાં બે સોહાસણી આવી આરતીનો થાળ તૈયાર કરી લાવી એમણે તિલક કરી શ્રીહસ્તમાં બીડું મૂક્યું અને શ્રીમસ્તકે ઈંડીપીડી ઓવારી આરતી ઉતારી શ્રીજીનાં ભાવપૂર્વક દર્શન કર્યાં.

વરઘોડો :

શૃંગાર વગેરેની ક્રિયા પૂરી થઈ એટલે સોનાથી જડેલો તથા વચ્ચે મોતીથી મઢેલો એક સુંદર ચકડોળ લાવવામાં આવ્યો એ ચકડોળની આસપાસ મોતીની હારો લટકતી હતી તથા એનો સાજ મખમલ અને જરીનો હતો. ટોચે સોનાનો કળશ હતો અને એની પાસે સુંદર ધ્વજા ફરફરતી હતી. ચકડોળ આવ્યો એટલે ધૂપદીપ વગેરે કરી, એની પૂજા કરી તથા એને ભોગ ધરી આરતી કરી. ત્યાર પછી શ્રીજીને એની અંદર બિરાજમાન કર્યા અને અનેક પ્રકારનાં વાજિંત્રના મધુર સ્વરથી ધ્વનિ વચ્ચે શ્રીજીએ વિજય કર્યો. એ વખતે ચોતરફ ચમર ઢળવા લાગ્યા. આ વરઘોડામાં શ્રીજીના ચકડોળ આગળ રત્નજડિત સાજથી શૃંગારેલા અનેક પ્રકારના મગદળ હાથીઓ પીઠ પર અતિ મનોહર અંબાડીઓને ધારણ કરી ડોલતા ડોલતા ચાલતા હતા. હાથીની પાછળ મોતીની ઝાલરો તથા જડાવનાં સાજવાળા ઈરાની, કાબલી, કચ્છી વગેરે જાણીતા ઘોડાઓની હાર તથા એમના પર મહા તેજસ્વી અને મોહક પોશાક ધારણ કરી આરૂઢ થયેલા સાંબેલાઓ આસપાસ ઊભા રહેલા પ્રેક્ષકોની દૃષ્ટિને સ્તબ્ધ કરતા હતા. વરઘોડાના પાછલા ભાગમાં અમૂલ્ય અને સુંદર સુખપાલ, ચકડોળ, સુખાસન વગેરે રાખવામાં આવ્યાં હતાં અને એમની અંદર નાની વયનાં બાળકોને સુંદર વસ્ત્રાલંકારથી શણગારી બેસાડવામાં આવ્યાં હતાં. મધ્યમના એક ચકડોળમાં શ્રીરુક્મિણીજી બિરાજ્યાં હતાં અને આસપાસના બીજા ચકડોળમાં કુટુંબ તથા મિત્ર વર્ગનાં અન્ય સ્ત્રીજન હતાં. આ સિવાય સોનેરી સાજ, મખમલના પડદા તથા ગાદીવાળા અને મોતીની માળાઓથી શણગારેલા અનેક પ્રકારના રથ તથા

વાહનો જેને ડોલી, આમાર, નાગોરી, સિલંગી, ધોરી, માળવી, મેવાડ, ગુજરાતી, દેશવાડી મેવાતી વગેરે અનેક જાતના સુંદર બળદોની મહા મૂલ્યવાન જોડો જોડવામાં આવી હતી, આમાં દેશદેશાંતરનાં ચોલી, લહેંગા તથા સાડી વગેરે અત્યુત્તમ નમૂના શરીર પર ધારણ કરી સ્ત્રીજન બેઠાં હતાં. ટૂંકામાં, સાજનનો પુરુષ વર્ગ શ્રીજીના ચકડોળની આગળના ભાગમાં હાથી કે ઘોડા પર હતો તથા સ્ત્રીવર્ગ પાછળ ચકડોળ (પાલખી) રથ કે વાહનોમાં હતો. આ ઉપરાંત કેટલાક ભાવિક ભક્તજન તો શ્રીજીના ચકડોળની આસપાસ પગે ચાલતા હતા. શ્રીજીના ચકડોળની સાથે એક બાજુએ શ્રીગુસાંઈજી, ચાચા હરિવંશજી વગેરેની વિનંતી પરથી કુલની રીતને અનુસરી ઘોડેસવાર ચાલતા હતા. આ સાજન ઉપરાંત મારવાડી તથા બગદાદી ઊંટ ઉપર મહા ઘોર નાદ કરતાં નગારાં ગોઠવવામાં આવ્યાં હતાં તથા બીજાં વાદ્ય વગાડનાર ઘોડેસવાર હતા. વળી ઠેકાણે ઠેકાણે નૃત્ય કરનાર તથા વેશધારી અનેક કૌતુક કરી સજ્જનોનાં મનને આનંદમાં મગ્ન કરતા હતા.

સર્વ સાજનના મોખરે આતશબાજી પણ છોડવામાં આવતી હતી.
''હથ કુલ હવાઈ ને ચરખી, ફૂલજરીએ રહ્યા ફૂલ વરખી. ૩૮૪
ભોંએ ચંપા ભોમી મહા સ્પર્શે, તેહના ફૂલ આકાશે વર્ષે. ૩૮૫
ફરી આવે અતિ ઉત્કૃષ્ટ, જાણે દીધકતી હોય વૃષ્ટ. ૩૮૬
છૂટે નાહે અવાજને ધરકે, ધમકતી ધરા અતિ થરકે. ૩૮૭
કોયલ છછૂંદર ને ચંદ્ર જોતી, તેની શોભા હોયે અનોતી. ૩૮૮
ચંદ્રમા સૂરજ આભાસ, જાણે તે અનુહાર પ્રકાશ. ૩૮૯૦
કોકબાણ ને ચંદ્રબાણ, તે ગાજે જેમ મેહેરાણ. ૩૯૦
ગાગર માંહે ભરે બહુ વાજી, તે છૂટે એક અવાજી. ૩૯૧
તેનાં કૌતુક અલગાં શોભે, જોઈ હસતાં હાથી ન થોભે. ૩૯૨
એક બતક કરે બહુ કલમાંહ, તે તરતી હીડે જલમાંહ. ૩૯૩
તેમાં થઈ અગ્નિ વર્ષે, પણ તેને જલ નહિ સ્પર્શે. ૩૯૪
ગંજ માંહે હવાઈના ગુંજ, તે ઊડે છે બહુ પુંજ. ૩૯૫
તુંબડીયને વૃક્ષ ફટાકા, હોય નૌતન ભાંતિ છટાકા. ૩૯૬
ઠઠડી અન માંહે મુનારા, તેહેના શબ્દ ઊઠે ન્યારા ન્યારા. ૩૯૭
કર્યા રાક્ષસ ને વળી જોગી, તેહેને અનેક ભાંતિ સંજોગી. ૩૯૮
વલી હાથ આપે હથિયાર, કો પાળ ને કો સવાર. ૩૯૯
સન્મુખ રાખીને ઉડાડે, એણી ભાંતિય કરી રમાડે. ૪૦૦
તેના કૌતુકનો નહિ પાર, તે જુએ પ્રાણાધાર. ૪૦૧
હાથી હરણ રોઝ ને ઘોડા, મીઠા સજ કર્યા બહુ જોડા. ૪૦૨
તે માંહોમાંહે અફળાય, સ્વર્ગ-માર્ગે વેગે પલાય. ૪૦૩
વળી નીચા આવે ભોમ, ગરજે મહિતલ ને વ્યોમ. ૪૦૪

દશ દિશ ઉદ્‌ઘોષ ન માય, કેણે ડગ ભર્યું નવ જાય. ૪૦૫
જ્યમ પ્રલય બલાહક ગાજે, આહામાં સુખદ થઈ રાજે. ૪૦૬''
(પ્રા. સિ. માં. ૧૫.)

આ પ્રમાણે અતિ ભવ્ય સાજન તથા આતશબાજીથી ગાજી રહેલો શ્રીજીનો વરઘોડો શહેરના જુદા જુદા ભાગમાં ફરવા લાગ્યો અને એને જોવાને શેરીએ શેરીએ, જાળી, બારી, અટારી તથા ઓશરીઓ અને ઓટલા ઉપર બાળક અને જુવાન તેમજ વૃદ્ધ સ્ત્રી પુરુષોનાં ટોળે ટોળાં ઊભરાવા લાગ્યાં અને એ સર્વ શ્રીજી પર પુષ્પની વૃષ્ટિ કરી આશિષ દેવા લાગ્યાં. સઘળું શહેર ફરી વરઘોડો શ્રીગુસાંઈજીના દ્વાર આગળ પાછો આવ્યો એટલે શ્રીરુક્‌મિણીજીએ શ્રીજીના ચકડોળ પાસે આવી, શ્રીમસ્તક પર રાઈ લૂણ ઓવારી, આરતી કરી, મોતીથી વધાવી મંદિરમાં પધરાવી ગયાં. આ પ્રમાણે એક માસ પર્યંત હંમેશ વરઘોડો નીકળતો.

બ્રહ્મચારીનો પોશાક :

ત્યાર પછી મુહૂર્ત પ્રમાણે શ્રીજીને શ્રીહસ્તે કંકણ બાંધ્યું તથા નાંદીમુખ વગેરે કરી, કુળદેવની સ્થાપના કરી, ઉપવીતના દિવસે સર્વ માંગલિક સાજ તૈયાર કરાવી મંડપમાં, જ્ઞાતિ તથા કુટુંબના નિમંત્રણ કરેલા સદ્‌ગૃહસ્થો બેઠા હતા ત્યાં શ્રીજીને પધરાવી કેસરસ્નાન કરાવ્યું. પછી અંગવસ્ત્ર કરી નીચે પ્રમાણે શૃંગાર કર્યો :

''સિંગાર કર્યો કર્યો બહુ કોડ, શીશ ધર્યો કુસુમનો મોડ. ૪૭૦
તેણે આકર્ષ્યાં મન બહુઅનાં, જે કો જુએ છે તે સહુઅનાં. ૪૭૧
આપી ડંડ મેખલા હાથ, તેણે સોહે સુંદર નાથ. ૪૭૨
પેહેરી સુંદર પીત લંગોટી, દીસે ધોતી અતિ મોટી. ૪૭૩
(પ્રા. સિ. માં. ૧૫.)

આ પ્રમાણે બ્રહ્મચારીનો પોશાક શ્રીઅંગ પર ધારણ કરાવી શ્રીજીને મંડપમાં પધરાવ્યા. ત્યાં પધારી એમણે પ્રથમ શ્રીગુસાંઈજીને નમન કર્યું, પછી શ્રીજીને એક સુંદર આસન પર બેસાડી પુણ્યાહવાચન કર્યું. પછી હોમ કરી વાળંદ(નાઈ)ને બોલાવી વિધિ પ્રમાણે શ્રીમસ્તકથી વાળ ઉતરાવી સ્નાન કરાવ્યું. સ્નાન થઈ રહ્યા પછી શ્રીગુસાંઈજીએ હળદરથી વેદના મંત્ર ભણી, ત્રિસૂત્રી જનોઈ રંગી મુહૂર્ત પ્રમાણે શ્રીજીના શ્રીકંઠમાં આરોપી. એ સમયે વિપ્રજનોએ વેદમંત્ર તથા ભક્તજનોએ જયજયકાર ધ્વનિથી સભામંડપને ગજવી મૂક્યો. પછી બ્રાહ્મણના કેટલાક શુભ આચારવાળા બ્રહ્મચારી બાળકોને ભોજન માટે બોલાવ્યા. એ બાળકોને પ્રથમ પાતળ પિરસાવી શ્રીજી માતાજી સહિત ભોજને પધાર્યા. ત્યારપછી શ્રીગુસાંઈજીએ વેદમંત્ર વડે શ્રીજીને કૌપીન, મૂંજી, ધોતી તથા ડંડ ધારણ કરાવ્યાં. એ ધારણ કરી શ્રીજી કુશના આસન પર બિરાજ્યા ત્યાંથી લઈ શ્રીગુસાંઈજીએ એમને પોતાના ઉત્સંગમાં પધરાવી ગાયત્રીમંત્રનો ઉપદેશ કર્યો તથા ઉપનયનના અંગભૂત મહા અદ્‌ભુત હોમ કર્યો. આ વખતે અનેક પહેરામણી અપાઈ. છેવટે વિધિઅનુસાર શ્રીગુસાંઈજીએ જગશિક્ષકને શિક્ષા દીધી અને માતાજી, માતુલ તથા બંધુવર્ગે લાડુ-ચોખાની ભિક્ષા

આપી. આ ભિક્ષા શ્રીજીએ ઉપાધ્યાયને આપી અને એણે વેદમંત્રથી આશિષ દીધી. પછી શ્રીશોભાજી તથા શ્રીયમુનાજીએ આવી આરતી કરી. આ સમયે શ્રીગુસાંઈજીએ ઘેર આવેલાં સર્વનું વસ્ત્રાલંકાર વગેરેથી સંમાન કર્યું તથા એમને ચાર દિવસ સુધી ભોજન કરાવ્યું. છેવટે સર્વને દાન-દક્ષિણા આપી સંતોષ પમાડી વિદાય કર્યાં ત્યારે સર્વ આશિષ દેતાં પોતપોતાને ઠાણે ચાલ્યાં ગયાં અને આરંભેલો ઉત્સવ નિર્વિઘ્ન સંપૂર્ણ થયો.

વેદારંભ :

ત્યાર પછી શુભ મુહૂર્ત જોઈ, શ્રીજીને તિલક-આરતી કરી વેદ શીખવવાનો આરંભ કર્યો. થોડા સમય પછી શ્રીરઘુનાથજી તથા શ્રીયદુનાથજીને ઉપનયનસંસ્કાર કર્યા, તેથી શ્રીગુસાંઈજીના ઘરમાં એકી વખતે ત્રણ બ્રહ્મચારી થયા, પણ એક ઘરમાં ત્રણ બ્રહ્મચારી શાસ્ત્ર પ્રમાણે અશુભ ગણાય છે તેથી શ્રીગુસાંઈજીએ શ્રીજીને બ્રહ્મચર્યમાંથી મુક્ત કર્યા અને તેથી શ્રીજીએ કૌપીન, દંડ વગેરે છોડી સુંદર ધોતી, ઉપરણા તથા અલંકાર ધારણ કર્યાં.

૮. વિદ્યાભ્યાસ

વિદ્યાભ્યાસનો આરંભ :

ગત પ્રકરણમાં જણાવ્યા મુજબ ઉપનયનસંસ્કાર થઈ ગયા પછી શ્રીગુસાંઈજીએ શ્રીજીને વેદાભ્યાસ કરાવવાનો વિચાર કરી, શુભ મુહૂર્ત જોઈ અભ્યાસનો આરંભ કરાવ્યો. પણ એ પછી તરત જ શ્રીગુસાંઈજી દ્વારકાની યાત્રાએ જવા માટે ગુજરાત પધાર્યા. પધારતી વખતે ઉપાધ્યાયને બોલાવવા માટે કહ્યું ત્યારે એમના જ્યેષ્ટ પુત્ર શ્રીગિરિધરજીએ એ કામ પોતે કરી લેવાનું માથે લીધું તેથી શ્રીગુસાંઈજીના પધારતાં પહેલાં શ્રીજીના વિદ્યાભ્યાસ માટે ઉપાધ્યાયને બોલાવવાનું કામ મુલતવી રહ્યું. યાત્રા કરી પાછા પધાર્યા પછી શ્રીગુસાંઈજીએ કર્ણાટકનિવાસી નારાયણ નામના મહાન વિદ્વાન ઉપાધ્યાયને પોતાને ઘેર તેડાવી શ્રીજીને વિદ્યાભ્યાસ કરાવવા કહ્યું. એ દિવસથી શ્રીજી દરરોજ ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ માટે નિયમિત રીતે જવા લાગ્યા અને ગુરુ પાસેથી ક્રમસર વેદના મંત્રોનું અધ્યયન કર્યું.

ગુરુને સ્વરૂપનું દાન :

વિદ્યાભ્યાસના સમયમાં ગુરુને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવાની ઈચ્છાથી શ્રીજીએ ધીમે ધીમે પોતાની અલૌકિક શક્તિ વિદ્યા ભણવામાં પ્રકટ કરી, ગુરુજીના મુખમાંથી એકાદ શબ્દ નીકળતાં શ્રીજી સઘળો પાઠ સમજી લેતા અને તરત જ ગુરુની આગળ એને મુખપાઠ તરીકે બોલી એના અર્થ અને રહસ્ય ઉપર અપૂર્વ વિવેચન કરતા. આ સાંભળી ગુરુજી આભા બનતા અને શ્રીજીના અતુલ ઐશ્વર્યનું ભાન થતાં પોતાના (ગુરુ તરીકેના) અલ્પ જ્ઞાન તરફ ધિક્કાર ઉત્પન્ન થતો અને તેથી ગુરુપણું છોડી દાસશિષ્ય માફક હાથ જોડી રહેતા. આ પ્રમાણે ગુરુમાં દૈન્ય ઉત્પન્ન કરી, શ્રીજીએ એની ગોદમાં બિરાજી પોતાનું સ્વરૂપ-જ્ઞાન એને યથાધિકાર કર્યું. આ દૈન્ય વિના જેમ શ્રીગુસાંઈજી તેમની પ્રથમ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે :-

आचार्यचरणैरुक्तं दैन्यं त्वत्तोषसाधनम् ॥

અર્થ : શ્રીમદ્-વલ્લભાચાર્યજીએ આજ્ઞા કરી છે કે તમારા (શ્રી ઠાકોરજીના) તોષ (પ્રસન્નતા) નું સાધન દૈન્ય છે.

શાસ્ત્રનો આદર :

એક સમય શ્રીજી ગુરુ ઉપાધ્યાય પાસે બિરાજ્યા હતા. હાંસીપ્રસંગ ચાલી રહ્યો હતો. એવામાં શિષ્યવર્ગમાંથી કોઈએ આવી કહ્યું કે હું આજે ભૂખ્યો રહ્યો. ઉપાધ્યાયે પૂછ્યું કે શા માટે ? એણે કહ્યું કે અમુક બ્રાહ્મણ ઘણો કૃપણ છે અને એનું નામ

પ્રાતઃકાલે જે કોઈ લે છે તેને એ દિવસે ખાવા મળતું નથી. આજે મારાથી એનું નામ લેવાઈ ગયું અને પરિણામે ખાવાનું મળ્યું નહિ. ઉપાધ્યાયે આ વાતને હસી કાઢી, પણ શ્રીજીએ કહ્યું કે એ વાત શાસ્ત્રસંમત છે. ત્યારે ઉપાધ્યાયે કહ્યું કે આજે હું તે બ્રાહ્મણનું નામ લઉં છું અને જોઉં છું કે ખાવાનું કેવું મળતું નથી, એમ કહી નામ લીધું. આ પ્રસંગ વખતે કેટલાક દિવસથી ઉપાધ્યાય શ્રીગુસાંઈજીને ત્યાં પ્રસાદ લેતા હતા. એ દિવસે શ્રીગુસાંઈજી તથા ઉપાધ્યાય સાથે કુટુંબનાં સર્વમાણસોને ગોવિંદ મામાને ત્યાં પ્રસાદ લેવાનો હતો અને તેથી ઘરમાં રસોઈ કરવામાં આવી નહોતી. પાઠશાળામાંથી છૂટી ઉપાધ્યાય તથા શ્રીજી ઘેર આવ્યા ત્યારે ઘરમાં કોઈ હતું નહિ. સર્વ મનુષ્યો ગોવિંદ મામાને ત્યાં ગયાં હતાં. ગોવિંદ મામાને ત્યાં પ્રસાદ લેવાની વાત જો કે પ્રથમ કહેવામાં આવી હતી છતાં ઉપાધ્યાય ભૂલી ગયા. એમને ભૂખ લાગી હતી તેથી શ્રીજીએ કહ્યું કે હું સામગ્રી લાવી આપું અને આપ રસોઈ કરો, પણ ગુરુજીએ કહ્યું કે મને પાક કરવાનું આળસ છે. કંઈક બચેલો પ્રસાદ હોય તો લાવો. શ્રીજીએ બનતી તપાસ કરી, પણ પ્રસાદ જડ્યો નહિ અને તેથી ઉપાધ્યાયને કહ્યું કે શ્રીરુક્મિણીજી આવે તો જ પ્રસાદ મળે, મને તો જડતો નથી. આથી ઉપાધ્યાય કારણ સમજતાં ખિસિયાણા પડી ગયા. છેવટે શ્રીજીનાં કાકી આવ્યાં તેમણે કેટલોક પ્રસાદ આપ્યો તે લઈ ઉપાધ્યાય સૂઈ ગયા. સવારે શ્રીજીએ વાત છેડી ત્યારે ગુરુજીએ કહ્યું કે આજથી હું ભૂલ્યેચૂક્યે પણ નામ લઈશ નહિ. આ પ્રમાણે શ્રીજીએ શાસ્ત્રનો આદર કર્યો તથા ઉપાધ્યાયનો ગર્વ કાઢી એને દૈન્યનું દાન કર્યું. આ પ્રસંગ દ્વારા શ્રીજીએ જણાવ્યું કે આપનું પ્રાકટ્ય ધર્મ અને શાસ્ત્રોના રક્ષણ અર્થે છે.

આ પ્રમાણે કેટલાક પ્રસંગ દ્વારા ઉપાધ્યાય વગેરેને પોતાના મહાન ઐશ્વર્યનું જ્ઞાન કરાવ્યું, છતાં સામાન્ય વ્યવહારમાં શ્રીજી એક સામાન્ય બાળક માફક વર્તતા અને તેથી આસપાસના સર્વ મનુષ્યો ઘણી વખત શ્રીજીનું અલૌકિકત્વ ભૂલી જતા. પોતાના નિઃસીમ ઐશ્વર્યથી શ્રીજીને બીજા સહાધ્યાયી બાળકોની માફક ઉપાધ્યાયે શીખવેલા પાઠ તૈયાર કરવા માટે ઘેર કાંઈ પણ મહેનત કરવી પડતી નહિ અને તેથી ઘર આગળ જ્યારે બીજા બાળકો ગુરુએ શીખવેલા પાઠ તૈયાર કરવા મહેનત લઈ વાંચતા ત્યારે શ્રીજી આનંદપૂર્વક બીજા ગ્રંથોનું (ખાસ કરીને શ્રીમદ્ભાગવતનું) બારીક અવલોકન કરતા. ગુરુએ શીખવેલા પાઠ સામું તો ઘેર આવ્યા પછી જોતા પણ નહિ, કારણ કે એ તો એમને ત્યાં ને ત્યાં જ કંઠાગ્ર થઈ જતા. આ જોઈ સહાધ્યાયીઓને ઈર્ષા થવા લાગી અને તેથી એમણે ઉપાધ્યાયને ફરિયાદ કરી. ઉપાધ્યાય પણ માહાત્મ્ય જાણ્યા છતાં પ્રભુની ઈચ્છાવશાત્ સર્વ ભૂલી ગયા અને તેથી શ્રીજીને ઠપકો દેવા બોલાવ્યા, પણ જ્યારે પાઠ બોલવાનું કહેતાં શ્રીજીએ બીજા શિષ્યો કરતાં વધારે સારી રીતે પોતાનો પાઠ બોલી બતાવ્યો ત્યારે સર્વ બાલકો ઝંખવાણા પડી ગયા અને ઉપાધ્યાયે એમને શ્રીજી તરફ દ્વેષ રાખવા બદલ ઘણો ઠપકો આપ્યો.

અધ્યયન :

આવી રીતે અનેક કુતૂહલ દ્વારા શ્રીજી સર્વના મનને આકર્ષતા તથા આનંદ આપતા. શ્રીજીએ થોડા સમયમાં શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણ તથા ઉપનિષદ, મીમાંસા, તર્ક, ન્યાય, ઈતિહાસ, કાવ્ય વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો. અને શ્રીમદ્ભાગવત, શ્રીસુબોધિનીજી તથા શ્રીમદ્-વલ્લભાચાર્યજીના પ્રકટ કરેલા ગ્રંથોનું બારીક અવલોકન તેમજ મનન કરી લીધું. આગળ પ્રસંગમાં જણાવ્યા પ્રમાણે પાઠશાલામાં જ્યારે વેદ અને એનાં અંગોનો અભ્યાસ ચાલતો હતો ત્યારે ઘર આગળ શ્રીજી સ્વતઃ શ્રીમદ્ભાગવત તથા એ પરનાં શ્રીઆચાર્યજીપ્રણીત શ્રીસુબોધિનીજી અને શ્રીગુસાંઈજીકૃત ટિપ્પણીજી વગેરે સર્વ માર્ગીય ગ્રંથોનું અધ્યયન કરતા.

યમુનાષ્ટક તથા યમુનાષ્ટપદી :

એક સમય શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભાચાર્યજીકૃત શ્રીયમુનાષ્ટકની ટીકા લખવા માંડી, એક શ્લોકની ટીકા લખી, પરંતુ એ વાંચી જોતાં એમને લાગ્યું કે એ વિવરણ-યા-ટીકા યથાર્થ થઈ નથી તેથી એ કામ છોડી દીધું, પણ પછીથી એમની આજ્ઞાથી શ્રીજીએ સાડા ત્રણ શ્લોકનું વિવરણ કર્યું એ જોઈ શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. બાકીના શ્લોકનું એવું જ વિવરણ શ્રીજીએ કર્યું નહિ એમ પ. ભ. ગોપાલદાસજી પ્રા. સિ. માં કહે છે. એના કારણમાં એટલું જ જણાવે છે કે ‘મહારસ વિશદ થાય નહિ અને આ જ કારણને લઈ શ્રીગુસાંઈજી-કૃત શ્રી યમુનાષ્ટપદીની ટીકા શ્રીજીએ કરી નથી.

ગ્રંથ :

એમ છતાં શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીકૃત શ્રીસુબોધિનીજી, શ્રીસર્વોત્તમસ્તોત્ર વગેરે અનેક ગ્રંથો પર અતિ વિસ્તૃત ટીકાઓ કરી જગતના પંડિતશિરોમણિઓનાં અંધકારથી પીડાતાં ચર્મચક્ષુઓને અપૂર્વ અને અમૂલ્ય જ્ઞાનપ્રકાશનું દાન કર્યું છે. પોતાની આ વિસ્તૃત તેમજ વિદુષી ટીકાઓ દ્વારા એ સર્વ ગ્રંથોનાં, વિદ્વાન અને શાસ્ત્રના અભ્યાસકોને પણ સમજી ન શકાય તેવાં, ગૂઢ રહસ્યો પ્રકટ કરી સમસ્ત વિદ્વાન વર્ગને એમણે આભારી કર્યો છે. આ સંબંધમાં ઈચ્છા થતાં વાચકવૃંદ વધારે ખાતરી કરી શકે તેથી શ્રીજીએ જે જે ગ્રંથો પર ટીકા કરી છે તેમાંના મુખ્ય ગ્રંથોનાં નામ નીચે આપવામાં આવ્યાં છે

શ્રીગોકુલેશજીકૃત સંસ્કૃત તથા ટીકાઓના ગ્રંથો :

૧ શ્રીસુબોધિની પર (સ્વતંત્ર) ટીકા.

૨ ષોડશ ગ્રંથ પર (પરચૂરણ) ટીકા.

૩ સારસંગ્રહ માલ્લોદ્ધાર પ્રસંગે ડંડીના સમાધાન અર્થે કર્યો છે.

૪ ગદ્યમંત્ર પર ટીકા.

૫ ગુપ્તરસ પર ટીકા.

---

* જુઓ વલ્લભનિવાસ પાનું ૭

૬ શ્રી સર્વોત્તમ સ્તોત્ર પર ટીકા. આ ટીકા બે પ્રકારની છે : સામાન્ય તેમજ સ્વતંત્ર. સામાન્ય ટીકાનું કદ ૪૦૦ શ્લોકનું છે, પણ સ્વતંત્ર ટીકાનું કદ ૧૨૦૦૦ શ્લોકનું છે. સ્વતંત્ર ટીકાનો આખો ગ્રંથ તો હાલ કયાં છે એ જણાતું નથી.

૭ વેણુગીત પર (સ્વતંત્ર ટીકા)

૮ ભાવરસાયણ એકાદશી આદિ નિર્ણય; વૈષ્ણવલક્ષણ.

૯ 'અસ્મત્ કુલં નિષ્કલંકં' શ્લોકની વ્યાખ્યા.

૧૦ શ્રીવલ્લભાષ્ટક પર ટીકા.

ઉપર આપેલી ગ્રંથોની યાદી ઉપરથી શ્રીજીએ એકાદ જ નહિ જેવા ગ્રંથો સિવાય કોઈ મહાન્ સ્વતંત્ર ગ્રંથ કર્યો હોય એવું જણાતું નથી અને તેથી વાચકને સ્વાભાવિક રીતે જ એનું કારણ જાણવા ઉત્કંઠા થશે, અત્રે કદાચ કોઈ અબૂધ કહેશે કે શ્રીજીમાં સ્વતંત્ર ગ્રંથ બનાવવાનું સામર્થ્ય નહિ હોય ! પણ શ્રીજીની ઉપર ગણાવેલી સમૃદ્ધ ટીકાઓ વાંચી તથા સમજી શકે તેવા સજ્જન પંડિતો યા શાસ્ત્રીઓ એ વાત માન્ય કેમ કરશે ? એમ છતાં ગ્રંથો નહિ રચવાનું કારણ એ પંડિતો કે શાસ્ત્રીઓ પણ ભાગ્યેજ બતાવી શકશે, એ તો એ સ્વરૂપના અનુભવી પ. ભ. ગોપાલદાસજી જેવા સિવાય બીજા સર્વની શક્તિ બહારનો વિષય હોય એમ લાગે છે અને તેથી અમે પણ એ સંબધમાં પ. ભ. ગોપાલદાસના મતને અનુસરીએ છીએ.

સમાધાન :

આ શ્રીજીના પરમ કૃપાપાત્ર ગોપાલદાસજીના લખવા મુજબ શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજી, જેઓ અનુક્રમે પુષ્ટિમાર્ગના છે, તેમણે સ્વકીયને સ્વરૂપ(શ્રીઠાકોરજી)ની સંમુખ થવા માટે માર્ગનાં કર્મ, ધર્મ, તથા તદનુસારી આચારવિચારના જ્ઞાન અર્થે અને એવાં જ અનેક કારણોને લઈ સ્વજનોનાં શિક્ષા તથા રક્ષણને માટે નાના મોટા અનેક ગ્રંથ રચ્યા હતા, પણ એ સર્વ ગ્રંથોનું ખરું ગૂઢ રહસ્ય કોઈ સમજી શક્યું નહિ, તેથી શ્રીજી જે એતન્માર્ગના પોષક અને રક્ષક ગણાય છે તે સર્વ ગ્રંથો પર અતિ વિસ્તૃત ટીકાઓ કરી એ (રહસ્ય) પ્રકટ કર્યું અને એ દ્વારા સ્વજનોને સ્વરૂપ(શ્રી ઠાકોરજી)નું જ્ઞાન તથા માર્ગજ્ઞાન કરાવ્યું, પણ જ્યારે એ ગ્રંથ તથા માર્ગના અસાધારણ ફલરૂપ પોતાનું પ્રાકટ્ય ભૂતલ પર થયું ત્યારે આગળ એ સ્વરૂપ (શ્રીજી) કયા સ્વરૂપને ઓળખાવવા ગ્રંથ કરે ? તેથી શ્રીજીએ પોતે સ્વતંત્ર ગ્રંથ ન કરતાં કેવળ કરુણ વિપ્રયોગના ૩૫ શ્લોક કર્યા છે, કારણ કે એ સ્વરૂપની અપ્રાકટ્ય દશાએ સ્વકીયોને માટે એના જ કેવલ વિપ્રયોગના અનુભવ સિવાય બીજું કાંઈ કર્તવ્ય નથી, કારણ કે એ (શ્રીજી) પછી એવું બીજું પ્રાકટ્ય નથી કે જેને બતાવી સ્વકીયને શાંત કરી શકે.

ટૂંકામાં, શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ પોતાના ગ્રંથોમાં જે રસાત્મક સ્વરૂપને અતિ ગૂઢ રીતે વર્ણવેલું છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલેશ પ્રભુ છે અને આ સ્વરૂપનું જ્ઞાન સ્વકીયને કરાવવા એમણે અનેક ગ્રંથ રચ્યા છે, પણ એ ગ્રંથોની ગૂઢ અને માર્મિક વાણી જ્યારે સામાન્ય બુદ્ધિના સ્વકીયોથી સમજાઈ નહિ ત્યારે

એમના પર કૃપા કરી શ્રીજીએ એ ગ્રંથો પર વિસ્તૃત ટીકાઓ કરી એમાં રહેલા ગૂઢ સ્વરૂપને પ્રકટ કર્યું, કારણ કે પ્રાકટ્યદશામાં પણ જો પોતાના ફલાત્મક સ્વરૂપનું જ્ઞાન સ્વકીયોને થાય નહિ તો જે પ્રાકટ્ય એમને માટે જ હતું તે વ્યર્થ થાય, એટલે કે પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સ્વજનોને આપવા માટે જ શ્રીજીએ ઉપર કહેલી સર્વ ટીકાઓ લખી છે, પણ આગળ બીજું એવું પ્રાકટ્ય નહિ હોવાથી એમણે સ્વતંત્ર ગ્રંથ રચ્યા નથી.

૫. ભ. ગોપાલદાસજીનું આ સમાધાન કદાચ કેટલાકને પક્ષપાતી લાગશે, પણ જ્યારે બીજાં સમાધાન શક્ય નથી ત્યારે સમાધાનની ઇચ્છાવાળા માટે આ જ વધારે પસંદ કરવા લાયક છે.

ભાષાગ્રંથ :

સંસ્કૃત ભાષામાં રચેલા આ ગ્રંથો સિવાય શ્રીજીએ સ્વજનના હિતાર્થે વ્રજભાષામાં શ્રીમુખથી અનેક વચનામૃતો, પ્રસંગો તથા વાર્તાઓ કહી છે. પૂર્વે જણાવ્યા પ્રમાણે જેમ બાલપણમાં નિરંતર પ્રાતઃકાલમાં શ્રીજી ઊઠે ત્યારથી રાત્રે એઓ પોઢે ત્યાંસુધી ભક્તજનનાં જૂથ સેવામાં હાજર રહેતાં તેમ મોટી વયે શ્રીજીને ભાગ્યે જ એકાંતમાં જોવામાં આવતા, આથી જ્યારે જોઈએ ત્યારે શ્રીજી એમના ભક્તજનની મધ્યમાં માલૂમ પડતા. આવા દરેક પ્રસંગે એમણે એઓને શિક્ષાર્થે અનેક વાર્તાપ્રસંગ કહ્યા છે. આ પ્રસંગોમાં શ્રીજી એક ચાલાક શિક્ષકની માફક શુષ્ક તત્ત્વજ્ઞાનને રસમય બનાવી સાધારણ બુદ્ધિના સ્વજનો સમજી શકે એવી સાદી અને સરળ ભાષામાં દૃષ્ટાંત વગેરેથી સ્વમાર્ગના સિદ્ધાંતોનું ઘણી સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરે છે.

આ પ્રસંગો યા વચનામૃતોમાંના ઘણાખરા શ્રીજીના સખા કલ્યાણ ભટ્ટ તથા ભગવદીયોએ ઉતારી લીધા છે અને એ શ્રીગોકુલેશજીના ભાષાગ્રંથમાં ગણાય છે, જેમાંના મુખ્ય ગ્રંથોનાં નામ નીચે પ્રમાણે છે :

૧ વચનામૃત ચોરાસી વાર્તા, જેમાં ૮૪ પ્રકારના પ્રસંગ છે. સિદ્ધાંત, હાસ્ય, સ્નેહ વગેરે.

૨ ચોવીસ વચનામૃત.

૩ ચોરાસી (શ્રીમદ્વલ્લભાચાર્યજીના) વૈષ્ણવોની વાર્તા

૪ બસોબાવન (શ્રીગુસાંઈજીના) વૈષ્ણવોની વાર્તા

૫ શ્રીમદ્વલ્લભાચાર્યજીની નિજવાર્તા

૬ શ્રીગુસાંઈજીની વાર્તા

૭ ઉત્સવભાવના તથા નિત્યસેવાભાવના

૮ પરચૂરણ વચનામૃતો : સિદ્ધાંત, હાંસી, સ્નેહ વગેરે.

૯. અડેલથી ગઢા

રથોત્સવ :

ઉપનયનસંસ્કાર કર્યા પછી શ્રીજીનો વિદ્યાભ્યાસ ચાલતો હતો એ સમયમાં એટલે સં. ૧૬૧૬ ના માઘ વદિ ૧૩ ના રોજ શ્રીજી સિવાય શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી, શ્રીશોભાજી તથા શ્રીરુક્મિણીજી વગેરે કુટુંબીજનો સાથે શ્રીજગન્નાથરાયજીની યાત્રાએ પધાર્યા. ત્યાં એઓ પાંચ માસ રહ્યા એ દરમ્યાન એઓએ શ્રીજગન્નાથજીનો રથયાત્રા (આષાઢ સુદિ ૨) નો ઉત્સવ જોયો. એવો જ ઉત્સવ ઘેર આવી અડેલમાં કરવાનો નિશ્ચય કર્યો. જ્યારે એઓ શ્રીજગન્નાથરાયજી પધાર્યા ત્યારે અડેલનો રાશા નામનો સુતાર એમની સાથે હતો એણે શ્રીજગન્નાથરાયજીનો રથ તથા એના સાજનું બારીક અવલોકન કર્યું હતું તેથી અડેલમાં આવી શ્રીગુસાંઈજીએ પોતાનો રથોત્સવનો મનોરથ સિદ્ધ કરવા એ સુતારને શ્રીજગન્નાથરાયજીના રથ જેવો એક સુંદર રથ તૈયાર કરવા આજ્ઞા આપી. રથ તૈયાર થયો એટલે શ્રીગુસાંઈજીએ એને નાના પ્રકારના સુશોભિત સાજથી શણગારી એમાં શ્રીજીને પધરાવ્યા અને પછી એ રથ આખા ગામમાં ફેરવ્યો. બીજે વર્ષે આ રથોત્સવનો મનોરથ ગઢામાં કર્યો, પણ ત્યાર પછી જ્યારે શ્રીગુસાંઈજી મથુરા પધાર્યા ત્યારથી મ્લેચ્છ લોકોના ઉપદ્રવને લીધે આ ઉત્સવ કરવાનું તથા આખા ગામમાં રથ ફેરવવાનું બંધ રાખવામાં આવ્યું.

આ પ્રમાણે શ્રીજી દસ વર્ષના થયા ત્યાંસુધી અડેલમાં બિરાજી સ્વજનોને બાલ, કૌમાર તથા પૌગંડ લીલાનો અનુભવ કરાવ્યો. ત્યાર પછી કિશોર વયમાં આવતાં શ્રીજીએ એ લીલાનાં અધિકારી ગઢાનાં રાણી દુર્ગાવતી પાસે પધારવાનો વિચાર કર્યો. વાહ ! જ્યારે અન્ય ભક્તજનો શ્રીજીની કૃપા અર્થે શ્રીજી પાસે પ્રયત્નપૂર્વક આવતા ત્યારે રાણી દુર્ગાવતીના અંગીકારાર્થે શ્રીજીએ પોતે ત્યાં પધારવા વિચાર કર્યો તો એ રાણીશ્રીનાં ભાગ્યનું શું કહેવું ? પોતાની ઈચ્છા હોવા છતાં અડેલથી પધારવાનું કોઈ પણ લૌકિક નિમિત્ત હોવું જોઈએ તેથી શ્રીજીએ નીચેનું નિમિત્ત ઉત્પન્ન કર્યું.

સને ૧૫૬૧ માં દિલ્હીનું રાજ્ય :

આ સમયમાં એટલે સં. ૧૬૧૭ અથવા ઈ. સ. ૧૫૬૧ માં દિલ્હીની ગાદી પર મુઘલ વંશના ભૂષણરૂપ મહાન અકબર પાદશાહ રાજ કરતો હતો. એને ગાદીએ આવ્યે ફક્ત પાંચ જ વર્ષ હતાં. ઈતિહાસના અભ્યાસીઓ સારી રીતે જાણે

છે કે-જો કે બાબરે સને ૧૫૨૬માં પાણીપતના દેશદ્રોહી મેદાનમાં ઈબ્રાહીમ લોદીને હરાવી હિન્દુસ્તાનમાં દિલ્હીની ગાદીએ* મુઘલવંશની સ્થાપના કરી હતી તોપણ **હુમાયુના સમયમાં (જ્યારે શ્રીમદ્વલ્લભાચાર્યજી ભૂતલ પર બિરાજતા હતા ત્યારે) શેરશાહ નામના એક અફઘાન સરદારે બંડ ઉઠાવ્યું હતું અને એની સામે લડતાં હારી જવાથી હુમાયુને સને ૧૫૪૦ માં હિંદુસ્તાન છોડી નાસી જવું પડ્યું હતું, પણ પાછળથી સને ૧૫૫૬ માં ઈરાનના બાદશાહની મદદથી હુમાયુએ શેરશાહના વંશજો પાસેથી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું, પણ રાજ્યનો કબજો હુમાયુને સંપૂર્ણ રીતે પ્રાપ્ત થયો એ પહેલાં એનું અકાળ મૃત્યુ થયું અને તેથી બાકીનું કામ એના સગીર ૧૩ વરસના પુત્ર અકબરને માથે આવ્યું. અકબરે જોકે પોતાની હોશિયારી તથા પોતાના વૃદ્ધ પ્રધાન બહેરામખાનની મદદથી હેમુના લશ્કરને પાણીપતના મેદાનમાં સને ૧૫૫૬માં હરાવી એના પિતાનું રાજ્ય પાછું મેળવ્યું છતાં સને ૧૫૬૧ સુધીમાં રાજ્યમાં જોઈતી શાંતિ તથા વ્યવસ્થા સ્થપાઈ નહોતી. આ સમયે અકબરને હિંદુસ્તાનમાં બે મોટા દુશ્મનો હતા : એક તો પઠાણ સરદારો અને બીજા રાજપૂત સરદારો. એ બેમાંથી પ્રથમ અકબરે પઠાણ સરદારોને તાબે કરવા વિચાર કરી પ્રથમ એઓની સાથે યુદ્ધ આરંભ્યું અને આ પઠાણ સરદારોને તાબે કરવામાં એને પોતાના અમલનાં પહેલાં છએક વર્ષ ગાળવાં પડ્યાં.

આપણે જે સમયની વાત કરીએ છીએ (સને ૧૫૬૧ જ્યારે શ્રીજીએ ગઢે જવાની ઈચ્છા કરી) તે આ જ સમય હતો અને તેથી સને ૧૫૬૧ માં અથવા સંવત ૧૬૧૭માં દેશનો કબજો લેવા અકબરનું લશ્કર અડેલ પર ચડી આવ્યું અને ગામ ભાગ્યું. આ બનાવનું ભવિષ્ય શ્રીગુસાંઈજીએ બુધનો પીળો તારો ઊગેલો બતાવી અગાઉથી ભાખ્યું હતું અને તેથી અડેલ છોડવા નિશ્ચય કર્યો. શ્રીજીને રાણી દુર્ગાવતીના હિતાર્થ ગઢે પધારવાનું જ હતું, પણ નિમિત્ત જોઈતું હતું એ આ પ્રમાણે પ્રાપ્ત કર્યું.

અડેલથી ભાગવાનું :

લશ્કર આવતાં અડેલનો અધિકારી સામો થયો, પણ હાર્યો એટલે ગામમાં ભંગાણ પડ્યું અને સર્વ કોઈ જેમ ફાવ્યું તેમ નાઠા. આ સમયે શ્રીજી પણ કરમાં

---

* આ દિલ્હીની ગાદીએ થયેલા બાદશાહ સિકંદર લોદીને શ્રીમદ્ આચાર્યજી પ્રત્યે એટલું બધું માન હતું કે એણે આચાર્યશ્રીની છબી ચિતરાવવા માટે પોતાના ખાસ પ્રખ્યાત ચિત્રકાર હોનહારને એમની પાસે મોકલી એમની છબી ચિતરાવી હતી કે જે હાલ સુધી કિશનગઢના રાજાને ત્યાં બિરાજે છે. આવી જ રીતે હુમાયુ તેમજ અકબર બાદશાહને આચાર્યશ્રીના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી.

** આ હુમાયુ જોકે મુસલમાન બાદશાહ હતો છતાં એને શ્રીવલ્લભાચાર્યજી પ્રત્યે પૂર્ણ પ્રેમ ને શ્રદ્ધા હતાં. એણે આચાર્યશ્રીનો અતુલ પ્રભાવ જોઈ, પ્રસન્ન થઈ શ્રીમદ્ગોકુલ તથા શ્રીગિરિરાજ ઉપર કોઈ પણ યવને રહેવું નહિ તેમજ કોઈ પણ પ્રકારની હિંસા આદિક પણ કરવી નહિ, વળી શ્રીગિરિરાજ (હાલનું ગોપાળપુર) તથા શ્રીગોકુલ ઉપર કોઈ પણ પ્રકારનો કર લેવો નહિ એવા પ્રકારનો પટ્ટો યાને મુદ્રાલેખ કરી આપ્યો હતો કે જેને કારણે અત્યારં સુધી પણ એ બેઉ ગામો શ્રીગોસ્વામી ટિકેત શ્રીગોવર્ધનલાલજી મહારાજ(શ્રીનાથદ્વારા)ના તાબામાં છે.

ગડુવો લઈ, શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીરઘુનાથજીને સાથે લઈ એક સામાન્ય મનુષ્યની માફક ત્યાંથી નાઠા અને પોતાનું લોકવત્ પ્રાકટ્ય સિદ્ધ કર્યું. આ સમયે શ્રીરઘુનાથજી ઘણા નાના હતા તથા શ્રીબાલકૃષ્ણજીનું અંગ ઘણું કોમળ હતું તેથી એ બંને ભાઈઓ ચાલી શકતા નહિ. શ્રીબાલકૃષ્ણજી પાસે જોડા નહોતા તેથી શ્રીજીએ એમને પોતાના જોડા કાઢીને આપ્યા અને છેવટે ઘણું દુઃખ વેઠી ત્રણે બંધુ અડેલથી ૩ ગાઉ પર એક ગામ હતું ત્યાં આવી પહોંચ્યા. ત્યાંની શાળામાં એઓએ મુકામ કર્યો. આ પ્રમાણે શ્રીજીએ પોતાના જોડા આપી ભ્રાતૃભાવ બતાવ્યો તથા પોતે ઉઘાડા પગે ચાલી પૃથ્વીના તાપ નિવાર્યા. પછી મધ્યાહ્ન થયે સર્વ કૂવા પર સ્નાન માટે ગયા. જલ કાઢી નાહી શ્રીજીએ ધોતી પહેરી અને કોરું વસ્ત્ર પાસે નહિ હોવાથી એક ધોતી સુકાઈ ત્યાંસુધી ભીની પહેરી. પછી શ્રીબાલકૃષ્ણજીને ભૂખ લાગી હતી એટલે શ્રીજીએ એક ક્ષત્રાણી વૈષ્ણવ પાસેથી દાળ લઈ, ભીંજાવી એમને લેવડાવી તથા શ્રીજીએ પણ લીધી, એટલામાં શ્રીગુસાંઈજીનું મોકલેલું બીડું આવી પહોંચ્યું, કારણ કે શ્રીજીને બીડાનો ખાસ શોખ હતો. પછી રાત્રિ થતાં શ્રીગુસાંઈજી તથા અન્ય સર્વ કુટુંબીજનો આવી પહોંચ્યાં અને સર્વેએ હળીમળી ભોજન કર્યું. પછી બીજે દિવસે એક સ્થળ રાખી કેટલાક દિવસ એ સ્થળમાં શ્રીજી બિરાજ્યા.

''ત્યાંહાં જેસું બોલ્યા રાજ, તેનાં સરિયાં સઘળાં કાજ.'' (પ્રા. સિ. માં૧૭)

મહુડાં :

એવામાં થોડા દિવસ પછી ઇચ્છા થતાં શ્રીગુસાંઈજી કુટુંબ સહિત આગળ ચાલ્યા. માર્ગમાં શ્રીજી માતાજીની સુખપાલમાં બિરાજતા હતા એ સુખપાલના ભોઈ લોકો માર્ગમાંથી મહુડાં વીણીને ખાતા હતા. એ જોઈ શ્રીજીએ એમને મહુડાંના સ્વાદ વિશે પૂછ્યું ત્યારે એઓએ કહ્યું કે એ એવાં સરસ છે કે એનું વર્ણન થઈ શકે નહિ. આ ઉપરથી શ્રીજીએ માતાજી પાસે મહુડાં ખાવાની રજા માગી. માતાજીએ ઇચ્છા મુજબ વર્તવાની રજા આપી એટલે શ્રીજીએ સુખપાલમાંથી ઊતરી એક મહુડું શ્રીમુખમાં ધર્યું, પણ દાંત વડે દાબતાં જ જીવ કાંપ્યો એટલે મોંમાંથી તરત જ ફેંકી દીધું. આટલા માત્રથી જ શ્રીજીનું માથું ફરી ગયું અને કેટલાક ઉપચાર કર્યા પછી શાંતિ થઈ. આ દ્વારા શ્રીજીએ સ્વજનોને શિક્ષા આપી કે :

''એવી સામગ્રી વિન જાણી, પ્રભુ આગળ ધરીએ નવ આણી, ૮૮
દેખીતે સુંદર ભાવે, પણ ગુણ વિન કાજ નવ આવે. ૮૯''

સ્વરૂપપ્રભાવ :

આગળ ચાલતાં માર્ગમાં નદી આવી એ એટલી પૂર જોસમાં વહેતી હતી કે જોઈને જ બીક લાગે. શ્રીજીની નજર આગળ જ એક સોદાગરનો ઘોડો તણાયો હતો અને એ રડતો હતો. આટલું છતાં કૃપાબળથી શ્રીજીનો સર્વ સાથ તરીને પાર ઊતર્યો. વિશ્વતારકે સર્વને તાર્યાં. સામે પાર જઈ, શુભ પુલિન જોઈ માતાજીએ રસોઈ કરી એટલે શ્રીજીએ સર્વ સાથે બેસી ભોજન કર્યું. ત્યાંથી એક કોશ ટીકડી ગામ હતું ત્યાં રાત્રે રહ્યાં. અત્રેના લોક ઘણા દુરાચારી હતા. કોઈ પ્રવાસી ત્યાં રાતવાસો

રહી શકતો નહિ, પણ શ્રીજીના સાથને કોઈ કાંઈ બોલી શક્યું જ નહિ, એ જ સ્વરૂપનું ઐશ્વર્ય. શ્રીજીનાં દર્શન થતાં જ સૌને એમ જ લાગ્યું કે એ સાક્ષાત્ પરમેશ્વર પધાર્યા છે અને તેથી એઓને તો ઊલટું એમ લાગ્યું કે શ્રીજી અત્રે વધુ વખત ટકે તો સારું. આવા દુષ્ટોને પણ સ્વરૂપપ્રભાવે આવા ઉત્તમ ભાવ પ્રકટ થયા પછી અત્રે સ્નાનાદિક કલેવો કરી શ્રીજીએ આગળ પ્રયાણ કર્યું.

થોડેક દૂર ગયા એટલે શ્રીગિરિધરજીને અસ્વાસ્થ્ય થયું તેથી જોડેના ગામમાં જઈ મુકામ કરવા વિચાર કર્યો. એ વખતે વરસાદ આવતો હતો તેથી કોઈ બ્રાહ્મણને ત્યાં જવા ધાર્યું. શ્રીગુસાંઈજીએ એક સેવકને ઉતારાની તપાસ કરવા ગામમાં મોકલ્યો. સેવકને તપાસ કરતાં માલૂમ પડ્યું કે ગામમાં કોઈ સારો ગૃહસ્થ બ્રાહ્મણ નથી. એક નામનો બ્રાહ્મણ મળી આવ્યો. એ ખેતી કરતો હતો. સેવકે આવી શ્રીગુસાંઈજીને સર્વ હકીકત જણાવી એ સાંભળી શ્રીગુસાંઈજીએ એને ત્યાં જવાનું ધાર્યું. શ્રીગુસાંઈજીએ કહ્યું કે જો નામનો પણ બ્રાહ્મણ છે તો બીજાને ત્યાં શા માટે ઊતરવું ? આ પ્રમાણે શ્રીજી સ્વઈચ્છાથી એ બ્રાહ્મણને ત્યાં પધાર્યા ને એનું દારિદ્ર છેદી એનો ઉદ્ધાર કર્યો, અસ્વાસ્થ્ય એ તો કેવળ નિમિત્ત હતું.

અત્રે કોઈ સંદેહ કરે કે શ્રીજી-રસાવેશી પ્રભુ-એ આવી લીલા કેમ કરી હશે, તો ત્યાં કહેવાનું એટલું જ કે જેમ રસ (કેરીનો) જેવા મીઠા ભોજનમાં કારેલાના શાકની કટુતા સ્વાદમાં વૃદ્ધિ કરે છે તેમ મુખ્ય રસ-શૃંગાર-માં અવાંતર બીજી લીલા સ્વાદવૃદ્ધિ કરે છે :

“સહુ લીલા સ્વરૂપ સંયોગી, સામર્થ્ય સહિત ઉપયોગી”

સૃષ્ટિ અનેક ભાંતની છે માટે લીલા પણ એટલી જ ભાંતની. જે જેના અધિકારી તે તેને મહાનિધિ અને ત્યાં જ એની સર્વ સિદ્ધિ, સર્વ લીલા એકએકથી પરમ અનુપ છે.

ખરીક ને બાંધેગઢ :

પછી ત્યાંથી વિજય કરી શ્રીજી આગળ પધાર્યા. માર્ગમાં વાદળાંનો અંધકાર છવાઈ ગયો, ગર્જના થવા લાગી અને પવન જોસથી ફૂંકાવા લાગ્યો. વળી આ સમયે પક્ષીઓ મધુર સ્વરે ગાવા લાગ્યાં. મેઘધનુષ શોભી રહ્યું હતું અને નવપલ્લવ ધરણી જોઈ રતિપતિનું મન પણ લોભાય એવી શોભા સહિત શ્રીજી સર્વ સમાજ સાથે ધીમે ધીમે આનંદમાં આગળ ચાલ્યા અને ખરીકમાં આવી મુકામ કર્યો. ત્યાં અઢી માસ બિરાજી, અનેક દૈવી જીવોને શરણે લઈ શ્રીજી બાંધેગઢ પધાર્યા અને ત્યાંના દૈવી જીવોના સંતાપ હર્યા.

“સંતાપ અલૌકિક ધર્મ, જેનો તે નવ જાણે મર્મ. ૨૦૭
લૌકિક માંહે પરવરિયાં, લૌકિક બુદ્ધે આવરિયાં. ૨૦૮
તે અલૌકિકનું શું જાણે, પરિતાપ ક્યાંથી પ્રમાણે. ૨૦૯
તે આરત મન માંહાં આણી, ઉપકાર કરે મન જાણી. ૨૧૩
એવા મહા પરમ દયાલ, સ્વતઃથી કરે સંભાલ. ૨૧૪”

બાંધેગઢનો રાજા રામચંદ્ર સામો આવ્યો. એ વાઘેલા રાજવીને શ્રીજી પર ઘણી પ્રીતિ હતી. એણે આવી દંડવંત્પ્રણામ કર્યા પછી :

''પાલો થૈ આગળ ચાલે, દેહ સુરતી નહિ સંભાલે. ૨૧૮
મનમાં અતિ આનંદ આણે, કરી જન્મ કૃતાર્થ જાણે. ૨૧૯''

રાજાનો ગુપ્ત ભાવ :

બાંધેગઢમાં કેટલાક દિવસ બિરાજ્યા. ત્યાં શ્રીગિરિધરજીનાં વહુજીને પુત્ર પ્રાપ્ત થયો. એ નિમિત્તે આનંદમાં રાજાએ દદામાની દસ જોડ મોકલી, દસ દિવસ પછી વાજિંત્ર વગડાવ્યાં, શ્રીજી પધાર્યાનો આટલો ઉત્સવ માન્યો, પણ અન્ય નિમિત્ત આગળ કરી મનનો મર્મ ગુપ્ત રાખ્યો. અત્રે અનેકને શ્રીજીએ શરણે લીધાં. પછી ત્યાંથી સં. ૧૬૧૯માં વિજય કર્યો. રાજા સર્વ સૈન્ય સાથે વળાવવા આવ્યો. એ શ્રીજીની સુખપાલની સાથે ચાલતો. એનું અનેક રીતે સમાધાન કરી પાછો વાળ્યો. એને એ વખતે શ્રીગુસાંઈજીએ પામરીની જોડ ઓઢાડી એ લઈ એણે માથે ચઢાવી. પછી એને બીડાં વગેરે આપ્યાં અને શ્રીગુસાંઈજી ગઢે પધાર્યા.

૧૦. ગઢામાં નિવાસ

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે બાંધેગઢથી વિદાય થઈ શ્રીજી તથા શ્રીગુસાંઈજી નિ:સાધન, ફલરૂપા ભક્ત રાણી દુર્ગાવતીનું કેવળ સ્વતઃ કૃપાબળથી કાર્ય કરવા સં. ૧૬૧૯ માં ગઢે પધાર્યા. શ્રીજીએ પોતાની કિશોર અવસ્થાનાં પ્રથમ ત્રણ વર્ષ અત્રે ગાળ્યાં. આ સ્થળે ગઢાના રાજ્યની કેટલીક હકીકત વાચકને આવશ્યક ધારી આપવામાં આવે છે.

ગઢાનું રાજ્ય તથા રાણી દુર્ગાવતી :

ગઢાનું રાજ્ય હાલમાં મધ્યહિંદ એજન્સીમાં આવેલા બુંદેલખંડના રાજ્યમાં ઉત્તર ભાગમાં હોય એમ જણાય છે. એ શહેર (ગઢા) કિલ્લેબંધી હતું તેથી એ ગઢાના નામથી ઓળખાતું હતું અને ત્યાંનો રાજા પણ દુર્ગશાહ કહેવાતો હતો. આ દુર્ગશાહની પટરાણી એ જ રાણી દુર્ગાવતી. દુર્ગાવતીની નાની ઉંમરમાં એનો પતિ સ્વર્ગવાસી થયો હતો અને તેથી રાજ્યનો સર્વ બોજો રાણીશ્રીના માથા ઉપર આવી પડ્યો હતો, પણ રાણી દુર્ગાવતી જોકે દેહથી સ્ત્રી જાતિ હતાં છતાં પોતાની હોશિયારીથી દરેક જાતના વાહન હાથી, ઘોડા વગેરે પર ચડી જાણતાં હતાં તથા હથિયારનો ઉપયોગ પણ સારી રીતે કરી શકતાં હતાં. રાજ્યનો કારભાર પોતાની જાતે જ ચલાવતાં, એટલું જ નહિ, લડાઈના પ્રસંગે પોતાના લશ્કરના નાયક તરીકે આગળ પડતાં હતાં. ઐતિહાસિક દૃષ્ટિએ દિલ્હીની ગાદી પર થયેલી પ્રખ્યાત સુલતાના રઝિયાની (સને ૧૨૩૬-૩૯) સાથે આ રાણીને વ્યાવહરિક જીવનમાં ઘણી રીતે સરખાવી શકાય એમ છે. આવા મહાન ગુણોને લીધે રાણીજીએ રાજ્યનો કારભાર એમના પતિશ્રી કરતાં પણ વધારે હોશિયારી તથા ચાલાકીથી ચલાવ્યો અને માંડવ સુધીનો દેશ કબજે કરી રાજ્યનો બહોળો વિસ્તાર કર્યો. રાણીશ્રીની મુખમુદ્રા એટલી તો ભવ્ય અને તેજસ્વી લાગતી કે ભલભલા ઉમરાવો પણ એમની સામું જોઈ શકતા નહિ તો પછી એઓ એમની આજ્ઞાનું ઉલ્લંઘન તો કરી પણ કેવી રીતે શકે ? આથી જ રાજ્યનું સર્વ તંત્ર નિયમિત રીતે ચાલતું હતું તથા રાજ્યની સર્વ પ્રજા નિર્ભય રીતે આનંદમાં રહેતી હતી. પરિણામે રાણીશ્રીના સમયમાં ગઢાના રાજ્યનો વિસ્તાર તેમ સમૃદ્ધિ એની ચડતીની ટોચે પહોંચ્યાં હતાં.

વૈભવ :

આ સમૃદ્ધિ તથા વૈભવ વિશે એવું કહેવાય છે કે આ રાણીને ત્યાં જુદી જુદી જાતના આશરે ૧૪૦૦ હાથી રહેતા હતા અને એ જ પ્રમાણે બીજું પણ અઢળક દ્રવ્ય હતું. પ. ભ. ગોપાલદાસજી કવિની ભાષામાં કહે છે કે

''હાથી તો ઈતિને જિતને ગીની શકે ન કોય; ૧૩૭
હાથીકી બાહુલ્યતા, ઘર ઘર હાથી સોય,
ઈતનો તો ઘર કાહુકે, મુસાઉ નહિ હોય. ૧૪૦
બ્રાહ્મણકે હાથી, અરુ હાથી ભાટ કુંભાર,
જાચિકકે હાથી, અરુ હાથી ધોબી લુહાર. ૧૪૧
પાંચ મોહોરકું પૈયે, સુંદર હાથી અમોલ;
પેંરાણીકે ચઢવેકો હાથી અતિ બહુ મોલ. ૧૪૨
પલટા ગુડદાર નામ, ઓર શાર્દૂલ,
મંડલીઆ સિંધ સારવા, એસે પરમ અમોલ. ૧૪૩''

મહારખી :

એક સમય રાણીનો ઉમરાવ મહારખી શ્રીગુસાંઈજીને ત્યાં આવ્યો એ વખતે એઓશ્રી પોતાના અધિકારી ચાંપાભાઈને ભંડારમાં ભેજવાળી જગાએ ૭૦૦ મણ ચણા ભરવા માટે ઠપકો આપતા હતા, કારણ કે એ સર્વ ઉબાઈ ગયા હતા (હવાથી બેસી ગયા હતા). છેવટે શ્રીગુસાંઈજીએ એ સર્વ નાખી દેવા આજ્ઞા કરી તેથી પાસે બેઠેલા મહારખીએ કહ્યું કે રાજ, ચણા શા માટે નાખી દેવડાવો છો ? મને આપો. હું બદલામાં આપને બીજા નવા સારા આપીશ ત્યારે ભંડારી ચાંપાભાઈએ એ ઉમરાવને કહ્યું : તમે એટલા બધા ચણાને શું કરશો ? એના ઉત્તરમાં એણે કહ્યું કે મારે ત્યાં હાથી ઘણા છે અને દરેક હાથીને દરરોજ બે મણ ચણા ખોરાક તરીકે જોઈએ છે. જો દરેક હાથીને શેરેક ચણા દરરોજ વધારે આપીશ તો થોડા રોજમાં એ સર્વ ખપી જશે.

ગઢામાં આગમન :

ગામની પાસે આવતાં શ્રીગુસાંઈજીએ રાણીને વધાઈ મોકલી. વધાઈ મળતાં સ્વપ્રભુના દર્શનની આર્તિ એકદમ વધી પડી અને તેથી વિહ્વળ થઈ રાણી આવેલા વધૈયાને 'પ્રભુ ક્યાં છે? કેટલે દૂર છે ?' વગેરે અધીરાઈના પ્રશ્ન પૂછવા મંડી ગયાં. છેવટે આવેલા વધૈયાનું વસ્ત્રાભૂષણ વગેરેથી સંમાન કરી એમણે શ્રીજીના સામે જઈ પધરાવી લાવવા માટે તૈયારી કરી. હાથી, ઘોડા, રથ, પાલખી, મેના વગેરે અનેક પ્રકારનાં વાહનો, દરબારના મોટા મોટા ઉમરાવો તથા શહેરના ભાવિક સદ્‌ગૃહસ્થોના મોટા સાજન સાથે રાણીશ્રી વાજતેગાજતે શ્રીજીનાં દર્શન માટે સામાં આવ્યાં. દર્શન માત્રથી રાણીશ્રીની વિરહવેદના શાંત થઈ અને પરમાનંદ પામ્યાં. પછી ગામ બહાર એક સુંદર જમનિયા નામના તળાવ પર શ્રીગુસાંઈજીએ મુકામ કર્યો. આ તળાવની શોભા વિશે બોલતાં ૫. ભ. ગોપાલદાસજી કહે છે કે

''પૂરણ પૂરિત સુંદર ઉજ્જ્વલ નીર;
અમલ અનુપમ લહેરી અતિ ગંભીર; ૧૯૪
નીલોત્પલ ને તામ્ર કમલ કમલની જાત,
રંગ રંગ અતિ રમણીય સુવાસિત નાના ભાંતી. ૧૯૫

મકરંદે લોભ્યા અલિકુલ ગુંજે દિન રેણ;
પક્ષિ અનેક જાતિનાં બોલે મધુરાં વેણ. ૧૯૬
તીરે તરુવર સુંદર છાયા શીતલ જ્યાંહ;
શીતલ મંદ સુંગંધ પવન ગમન કરે ત્યાંહ. ૧૯૭
હસ્તી ઘોડા ને કોઉ નિકટ ન જાએ અન્ય;
ત્યાંહાં રાણી રક્ષા કરવાવે જાણી મન. ૧૯૮
એ સરની સમ સરવર નહિ કો ભૂતલ માંહે;
સુખી સુભવન રચી રહ્યા વહાલોજી ત્હાંહે. ૧૯૯''

(પ્રા. સિ. માં. ૧૯)

ત્યાં રાણીએ સેવાના સૌકર્ય માટે મંદિર કરાવી આપ્યાં. રાણી નિયમિત રીતે અત્રે દર્શનાર્થે આવતાં. શ્રીજી પણ બાલખેલમાં પ્રસંગોપાત્ત રાણીને મહેલ પધારતા. ત્યાં રાણી એમને અનેક પ્રકારનાં લાડ લડાવી સ્વમનોરથ સિદ્ધ કરતાં.

રાણીને નામનું દાન :

આ પ્રમાણે શ્રીજી પોતાને ત્યાં પધારતાં દુર્ગાવતી રાણી રાજ્યનો સઘળો કારભાર વિશ્વાસુ પ્રધાન વર્ગને સોંપી પોતાનો ઘણો ખરો વખત એમની સેવામાં નિર્ગમન કરવા લાગ્યાં. પ્રસંગોપાત્ત રાણી શ્રીગુસાંઈજીને નામ પામવા તથા બ્રહ્મસંબંધ કરાવવા વિનંતી કરતાં, પણ શ્રીગુસાંઈજીએ જો કે પોતે એમને ત્યાં લગભગ ત્રણેક વર્ષ સુધી બિરાજ્યા તોપણ એ રાણીને બ્રહ્મસંબંધ કરાવ્યું નહિ. અત્રે એક ગંભીર અને માર્ગના મૂળરૂપ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે એતન્માર્ગમાં ગુરુ દ્વારા બ્રહ્મસંબંધ થયા સિવાય કોઈ પણ જીવ પ્રભુની સેવાયોગ્ય થતો નથી અને બ્રહ્મસંબંધ થયા પછી જ એની સેવા પ્રભુ અંગીકાર કરે છે, તેથી જ શ્રીમદ્-વલ્લભાચાર્યજીના સમયથી એ આજ પર્યંત સેવામાં જોડાતા પહેલાં દરેક જીવને બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે, તો રાણીશ્રી દુર્ગાવતી જેવાં ફલાત્મક ભક્ત(જેને માટે શ્રીજી પોતે એમને ત્યાં પધાર્યા)ને શ્રીગુસાંઈજી તથા શ્રીજીએ શા માટે બ્રહ્મસંબંધ કરાવ્યું નહિ હોય? જો એમને બ્રહ્મસંબંધ કરાવ્યું નહિ તો પછી એમની સેવાનો અંગીકાર કેવી રીતે કર્યો ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ. ભ. ગોપાલદાસજી શ્રીગુસાંઈજીના વચન દ્વારા જણાવે છે કે-નામ (બ્રહ્મસંબંધ) આપવાનો હેતુ તો એ છે કે જે માર્ગને પ્રતિકૂલ જીવ હોય તેને નામ દ્વારા અનુકૂળ તથા સંમુખ કરી સ્વરૂપસંબંધ કરાવે એટલે કે સેવામાં પ્રતિકૂલ દોષોનો ધ્વંસ કરી જે જીવો પ્રભુથી વિમુખ છે તેમને પ્રભુના સ્વરૂપ સાથે સંબંધ કરાવવો એ જ નામ આપવાનો હેતુ છે, પણ રાણી તો આગળ જણાવ્યા પ્રમાણે રસાવેશી સ્વરૂપાસક્ત ફલાત્મક ભક્ત હતાં એમને નામનું શું પ્રયોજન ? શ્રીજીનાં શ્રીમુખનાં વચન છે કે :

''ઈનકો અંતઃકરણ તો વૈષ્ણવ હી હુતો એહ.
એક નામ નહિ પાઈ એમ બોલ્યા છે જેહ. ૧૯૦
મર્યાદાહિત નામની, કીધી વિનતી માત્ર;
પણ એ નામ કેમ પામે, રાણી મહારસ પાત્ર. ૧૯૧

“તમારો ખપુઆ કોન કામ આવેગો ?” એટલું કહેતામાં વીરશાહનાં અનેક માણસો ચોતરો ખોદવા મંડી ગયાં અને ક્ષણ વારમાં આખો ચોતરો ખોદી કાઢ્યો. ચોતરો ખોદાયો એ દરમ્યાન રાણીએ પોતાનો દર્શનનો મનોરથ પૂર્ણ કર્યો. પછી રથ આગળ ચાલ્યો અને આખા નગરમાં ફેરવી મંદિરે લાવ્યા. રથમાંથી ઊતરી શ્રીજીએ દર્શન દ્વારા અનેક ભક્તજનોનું સંમાન કર્યું અને છેવટે જય જયના શબ્દો વચ્ચે સર્વ મંડળ વિસર્જિત થયું.

બીરબલ :

કેટલીક વખત રાણી કામના બાહુલ્યનું બહાનું કાઢી શ્રીગુસાંઈજીને પોતાને ત્યાં પધરાવતાં. એ વખતે શ્રીજી પણ સાથે જ પધારતા અને રાણીને અલભ્ય લાભ મળતો. આવા એક પ્રસંગે શ્રીગુસાંઈજી શ્રીજી સાથે રાણીને ત્યાં સભામાં બિરાજ્યા હતા તેવામાં એક બ્રહ્મદાસ નામના બ્રાહ્મણે આવી પદ ગાયું : ‘કર મોરલી કટી ગ્રીવા કુટિલ કીકીએ અંગના જન ઘેરે.’ એ સાંભળી શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈ બોલ્યાં કે કેવલ શુદ્ધ જાત વર્ણન છે. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈ પોતાના શ્રીઅંગ પરની ડગલી એને બક્ષિસ આપી. એણે એ દંડવત્પ્રણામ કરી લીધી. ડગલી દ્વારા શ્રીગુસાંઈજીએ એ બ્રાહ્મણનું દારિદ્ર્ય કાઢ્યું. એ ડગલીના પ્રતાપથી એણે દિલ્હીશ્વર-(અકબર)ના મિત્ર થઈ એને સાધ્યો. એનું નામ બીરબલ પડ્યું. પાછળથી દુ:સંગથી બહિર્મુખ થયો. મોટાના અનુગ્રહથી ક્ષણમાં ભિખારીમાંથી રાજા (રાજા બીરબલ) થયો, પણ દુ:સંગથી બહિર્મુખ થયો. આ બતાવે છે કે દુ:સંગનું બળ કેટલું છે. મહાબુદ્ધિમાનને પણ એક ક્ષણમાં એ મૂર્ખ બનાવે છે અને હજારો વર્ષનો સત્સંગ ક્ષણભરના દુ:સંગથી નિર્મૂળ થઈ જાય છે, તેથી જ મહાનુભાવી શ્રીહરિરાયજી એમનાં શિક્ષાપત્રોમાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવે દુ:સંગથી નિરંતર સાવધ રહેવું, એ એક મહાન પ્રબળ શત્રુ છે.

શ્રીરુક્મિણીજીનું અંતર્ધાન :

આવી રીતે ગઢામાં શ્રીગુસાંઈજી તથા શ્રીજી નિજ જનોને અનેક પ્રકારનો અનુભવ કરાવી અદેય દાન દેતા હતા. એવામાં પોતાના પુત્રરત્ન શ્રીજીનું અનેક પ્રકારનું સુખ ભોગવી શ્રીરુક્મિણીજી અંતર્ધાન થયાં. શ્રીગુસાંઈજીએ વેદ તથા લોકાચાર પ્રમાણે ઉત્તર ક્રિયા કરી પોતાનો ગૃહસ્થાશ્રમ-ધર્મ બજાવ્યો.

શ્રીગુસાંઈજીનો વિવાહ :

શ્રીરુક્મિણીજી અંતર્ધાન થયા પછી શ્રીગુસાંઈજી ફરી લગ્ન કરવાની ગ્રંથિમાં જોડાવા ઈચ્છતા નહોતા. રાણીએ ઘણો જ આગ્રહ કર્યો, પણ એમણે માન્યું નહિ. છેવટે રાણીએ શ્રીગિરિધરજીને શીખવ્યું કે તમે શ્રીગુસાંઈજીને કહો: જો આપ ફરીથી લગ્ન કરશો નહિ તો હું પણ કરીશ નહિ. રાણીની શિખવણીથી શ્રીગિરિધરજીએ પણ સખ્ત આગ્રહ કર્યો એટલે છેવટે ભક્તાધીન શ્રીગુસાંઈજીએ પોતાની મમત છોડી ભક્તજનનો મનોરથ સિદ્ધ કરવા બીજા લગ્નની વાત કબૂલ રાખી. રાણીએ શ્રીગુસાંઈજીનું બીજું લગ્ન કૃષ્ણરાય દુસેરીને ઘેર પદ્માવતીજી સાથે સં. ૧૬૨૦ ના

વૈશાખ શુકલ ૩ ના રોજ ગોરજ વેળાએ (સંધ્યાકાળે) ઘણા ઠાઠમાઠથી કર્યું. આ પ્રસંગમાં શ્રીજીના શ્રીમુખનું વચન છે કે "જ્યારે ઘરમાં શ્રીગુસાંઈજીનો વિવાહ થયો ત્યારે અમે સર્વ એક ભટને ઘેર ગયા હતા, કારણ કે જ્ઞાતિમાં એવી રીત હતી કે પિતાનો મોડ (લગ્ન વખતે માથે મૂકવામાં આવે છે એ) પુત્રથી જોવાય નહિ, પણ શ્રીગુસાંઈજીને અમારા સિવાય રહેવાતું નહિ તેથી લગ્નની ક્રિયા પૂરી થતાં શ્રીગુસાંઈજીએ મોડ ઉતારી અમને લીધા ત્યારે જ એમને શાંતિ થઈ.

પ્રભુ અને ભક્તનો પરસ્પર વિરહ :

શ્રીગુસાંઈજીએ એ દ્વારા સ્વજનોને પોતાના શ્રીજી પ્રત્યેના અપૂર્વ પ્રેમનું તથા એ સ્વરૂપના જ્ઞાનનું સૂચન કર્યું. જેને જે સ્વરૂપનો અનુભવ તેને તે સ્વરૂપનો તાપ કેમ ન હોય ? જેને શ્રીજી પોતે પોતાના સ્વરૂપનો ધર્મ જણાવે તેને એ સ્વરૂપ સંમુખ છતાં વિરહ ઊપજે તો પછી વિયોગમાં ઊપજે એમાં તો શું આશ્ચર્ય ? એ સ્વરૂપના વિયોગમાં ભક્તજનને વિરહ ઊપજે એ તો ઠીક, પણ ભક્તજનના વિયોગથી શ્રીજીને પણ વિરહ થાય છે, પણ આ પ્રેમમાર્ગમાં એ કાંઈ અવનવું નથી. આ માર્ગના અભ્યાસીઓને ભક્તજનના વિરહથી પ્રભુને વિયોગ થવાનાં અનેક દૃષ્ટાંત વિદિત છે. દાખલા તરીકે પરમ ભગવદીય ગજનધાવનજીનો વિરહ શ્રીઠાકુરજીને એવો થતો હતો; એમના સિવાય શ્રીઠાકુરજી એક ક્ષણ પણ રહી શકતા નહિ, એવી જ રીતે એઓ પણ શ્રીઠાકોરજીથી એક ક્ષણ દૂર થતાં દેહાનુસંધાન રહિત થતાં.એક વખત શ્રીઅક્કાજીએ મંદિરમાં કોઈ બીજું માણસ નહિ હોવાથી એમને પાનની સામગ્રી લેવા મોકલ્યા. આજ્ઞા માથે ચડાવી એ પાન લેવા નીકળ્યા, પણ મંદિરના ચોકમાં જતાં જ બેભાન થઈ પડ્યા. આ વાતની શ્રીઅક્કાજીને ખબર પડી નહિ, પણ જ્યારે એઓ શ્રીઠાકોરજીને રાજભોગ ધરવા પધાર્યાં ત્યારે પ્રભુએ ગજનધાવન સિવાય રાજભોગ આરોગવા ના પાડી, એટલું જ નહિ, પોતાના નેત્રમાંથી થયેલો અશ્રુપાત બતાવ્યો. આ જોઈ શ્રીઅક્કાજીને ગજનધાવનજીને મોકલવા માટે ઘણો પશ્ચાત્તાપ બતાવ્યો. એમણે એકદમ તપાસ કરાવી તો માલૂમ પડ્યું કે શ્રીઠાકુરજીના વિરહથી એઓ તો દેહાનુસંધાન-રહિત થઈ પડેલા હતા. પછી એમને જાગ્રત કરી શ્રીઠાકુરજી પાસે લાવવામાં આવ્યા અને એ પછી જ શ્રીઠાકુરજી રાજભોગ આરોગ્યા. આવાં અનેક દૃષ્ટાંત છે. શ્રીજીના સંબંધમાં પણ એક વખત એક ભક્તજનના વિરહથી શ્રીઅંગ કૃશ થતું હતું. શ્રીશોભાજી વગેરેએ દવા કરવા માંડી પણ તેથી શું વળે ? જ્યારે એ ભક્ત મળ્યો ત્યારે જ વિરહાગ્નિ શાંત થયો અને જવર ગયો.

ભક્તજનોનાં અલૌકિક શરીર :

આ ઉપરથી સુજ્ઞ વાચકો જોઈ શકશે કે આ પુષ્ટિમાર્ગ એ ખરેખરો પ્રેમમાર્ગ છે અને તદનુસાર એમાં આગળ પ્રયાણ કરવા માટે આર્તિ અને વિરહ એ સિવાય બીજું કાંઈ જ સાધન નથી. જ્યારે આર્તિ અને વિરહાગ્નિ વડે વિષયોને ભસ્મીભૂત કરી ભક્તજનો પોતાની સકલ ઈંદ્રિયોનો સ્વપ્રભુ વિશે નિરોધ કરે છે ત્યારે જ પ્રભુ પોતે એના હૃદયમાં પ્રકટ થઈ બિરાજે છે અને એને પોતાના સ્વરૂપનો અનુભવ

કરાવે છે. આમ થતાંની સાથે જ ભક્તજનોનો ગુણમય દેહ તથા વિષયોમાં પચેલી ઈંદ્રિયો લૌકિક મટી અલૌકિક થાય છે, એટલે કે બાહ્ય સ્વરૂપમાં કોઈ પણ જાતનો ફેરફાર થયા સિવાય આવા ભક્તજનોનાં દેહ તથા ઈંદ્રિય સામાન્ય મનુષ્યોના દેહ તથા ઈંદ્રિયથી ભિન્ન હોય છે, એઓને પાર્થિવ શરીરોના નિયમો લાગુ પડતા નથી : એઓનાં શરીર અને ઈંદ્રિય એમનાં ગુલામ છે. સામાન્ય મનુષ્યોની માફક એઓ એમનાં દેહ અને ઈંદ્રિયોને પોતાની મરજીમાં આવે એમ વાપરી શકે છે અને સામાન્ય જનસમાજ હેબક પામે એવાં કાર્યો કરી શકે છે.

એમની કૃતિ પર દોષારોપણ કરવામાં સાવધાનતા :

આ કારણને લીધે જ સામાન્ય મનુષ્યો પોતાના દાખલા પરથી અનુમાન કરી, એવા ભક્તજનોનાં કાર્યોનું બાહ્યસ્વરૂપ જોઈ એમના ગુણાતીત દેહ ઈંદ્રિયનો વિચાર કર્યા સિવાય તથા એમનો આંતર હેતુ સમજ્યા સિવાય એમના પર પોતાની અલ્પબુદ્ધિથી અથવા ગતાનુગતિક ન્યાય પ્રમાણે બીજાઓની ઉશ્કેરણીથી મનમાં આવે એવા દોષારોપણ કરે છે, આથી જેમ સૂર્ય સામે ધૂળ નાખવાથી નાખનાર અને એના સાથીઓને જ નુકસાન થાય છે તેમ એ મહાન ભક્તજનોને તો કાંઈ પણ હાનિ થતી નથી, પરંતુ એમના પર દોષારોપણ કરનાર તથા એમાં ભાગ લેનારાઓ જ દુઃખ ભોગવે છે અને વસ્તુ સ્વરૂપથી સદાને માટે દૂર જ રહે છે.

વિદાય થવા માટે યોજેલી યુક્તિ :

શ્રીગુસાંઈજીનાં બીજાં લગ્ન પછી ગઢામાં બિરાજ્યે આશરે ત્રણ વર્ષ થયાં અને જ્યારે શ્રીજીએ કિશોર-અવસ્થામાંથી યુવાવસ્થાનો અંગીકાર કર્યો ત્યારે એઓએ વિચાર્યું કે એ અવસ્થાનું દાન વ્રજભક્તોને છે અને તેથી એની સિદ્ધિ માટે ત્યાં જવું જોઈએ, પણ રાણીને વિદાય થવાનું કહેવાય પણ કેમ ? એની અસહ્ય આર્તિ રસજ્ઞ પ્રભુ શી રીતે સહન કરે અને અને જુદા પડે ? વળી જો રાણી સ્વરૂપાસકિત સાથે રજા આપે તોપણ બંનેને વિરહાગ્નિમાં વ્યાકુળ થઈ એની પ્રચંડ ઝાળમાં શેકાવું પડે. રસલુબ્ધ રાણી વિદાયગીરીની આજ્ઞા શાંત ચિત્તે કેમ આપે ? એ તો કેવળ ગગનકુસુમવત્ હતું. આવા સંજોગોમાં શ્રીજીએ જોયું કે કોઈ પણ યુક્તિ વિના કાર્ય સિદ્ધ થશે નહિ, તેથી ઈચ્છાબળથી કાર્યની સિદ્ધિ અર્થે ત્યાં પણ પરરાજ્યનો ઉપદ્રવ ઊઠ્યો અને સર્વે ભય પામ્યા.

ઉપદ્રવ કેમ સંભવે ?

અત્રે સ્વાભાવિક રીતે એક અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે : જ્યાં શ્રીજી પોતાની લીલાસામગ્રી સહિત બિરાજે ત્યાં પરરાજ્યનો તો શું, પણ કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ કેમ સંભવે ? જેના એક કટાક્ષ માત્રથી અનેક બ્રહ્માંડો સરજાય છે અને નાશ પામે છે તેનાં કૃપાપાત્ર અને લીલોપયોગી ભક્તજનોને આ પ્રકારના ઉપદ્રવ એ શું ? અલબત્ત, કોઈ કહેશે કે શ્રીજીની ઈચ્છા એ જ કારણ છે, તો આવી નિજ જનોને પીડારૂપ ઈચ્છા શ્રીજીને શા માટે થવી જોઈએ ?

ઉપદ્રવનો હેતુ :

અલબત્ત, પ્રભુનું હાર્દ જાણવા કોઈ સમર્થ નથી. તોપણ એઓશ્રીનાં વચનામૃત દ્વારા ઉપરના ગંભીર પ્રશ્નનું સમાધાન થઈ શકે. શ્રીજીએ રાણીના દેહાત્મક ભાવનો અંગીકાર કર્યો હતો અને નહિ કે એના રાજ્યનો. રાજ્યનો વિનિયોગ આવે એ પ્રભુની ઈચ્છા નહોતી ને પ્રભુને જે વિનિયોગ ન આવે તે ભક્તને પ્રતિબંધરૂપ થાય અને તેથી રાણીને આવા પ્રતિબંધોમાંથી મુક્ત કરવા પરમ કૃપાળુ ભક્તાધીન શ્રીગોકુલેશ પ્રભુએ નિજ ઈચ્છાથી રાણીના હિતાર્થે જ ઉપર કહેલો ઉપદ્રવ ઉપજાવ્યો; જોકે ઉપદ્રવે બાહ્ય દૃષ્ટિથી રાણીનું લૌકિક રાજ્ય અને સુખનાં સાધન નાશ કર્યાં તોપણ એના અલૌકિક સુખમાં તેથી ઘણી જ સરળતા અને લાભ થયાં. શ્રીજી નિરંતર પોતાનાં કૃપાપાત્ર ભક્તજનોને લૌકિકનાં બંધનોમાંથી કોઈ ને કોઈ પ્રકારે નિજ બળથી મુક્ત કરે છે અને એ ભક્તજનોને પણ ઘણું પ્રિય થઈ પડે છે. એઓ તો હરદમ આવાં બંધનોમાંથી છૂટવાને પ્રયત્ન કર્યા કરે છે અને જ્યારે સ્વપ્રભુ નિજ બળથી મનમાં ધારેલી ઉમેદ પાર પાડે ત્યારે તો એમના આંતર આનંદનું કહેવું જ શું ?

ઉપદ્રવ અને વિદાયગીરી :

ઉપર કહેલો ઉપદ્રવ નીચે પ્રમાણે હતો. અકબર પાદશાહે રાણીની પાસે એનો માન નામનો મહાવત તથા ગુરદાર હાથી માગ્યો. રાણી પ્રતાપી હતી અને હવે તો નીડર અને નિઃશંક બની હતી તેથી એણે પાદશાહની માગણી સ્વીકારી નહિ, આથી પાદશાહ રીસે ભરાયો. એણે પોતાના અસરફખાન નામના સરદારને લશ્કર આપી રાણીના રાજ્ય પર હુમલો કરવા મોકલ્યો. આ વખતે રાજ્યના કેટલાક સરદારોએ રાણીને હઠ છોડી પાદશાહની માગણી સ્વીકારવા કહ્યું, પણ રાણીએ ગર્વથી માન્યું નહિ, એ દિવસથી એના રાજ્યમાં ઉત્પાત થવા લાગ્યા. આ સાંભળી શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે હવે અહીં રહેવું ઉચિત નથી, તેથી એ નિમિત્ત કરી રાણી પાસે વિદાયગીરી માગી અને કહ્યું કે ''અમારે ગંગાતીર જવાની ઈચ્છા છે.'' રાણીએ કહ્યું : ''આપ શા માટે જાઓ છો ? આપને શી ચિંતા છે ? સદા અહીં બિરાજો. તમારે રહેવા માટે મારે ત્યાં ગઢ ને જગા ઘણી છે.''શ્રીગુસાંઈજીએ કહ્યું : ''તમે મારું કહ્યું માનો. રહેવાનાં સ્થાન તો ઘણાં છે, પણ અમારે ગંગાતીર જવું છે.'' બુદ્ધિમાન રાણીએ મનમાં પ્રેમ લાવી, શ્રીજીના વાત્સલ્યભાવનું આવશ્યક જાણી અંતરમાં વિરહ પરિતાપ હોવા છતાં તથા પ્રેમથી પરવશ થયેલી છતાં શ્રીજીનાં રક્ષણ અને સુખાર્થે શ્રીગુસાંઈજીને વિદાય થવાની ન-છૂટકે રજા આપી. આ વખતે રાણીને જે દુઃખ થયું હશે તે તો રસના અનુભવી જ કાંઈક વિચારી શકે, અન્યને તો એની ગંધ પણ ક્યાંથી ? પછી સં. ૧૬૨૧ માં શુભ મુહૂર્ત જોઈ વિજયનું નક્કી કર્યું. શ્રીમુખનાં વચનામૃત છે કે અમે ગયા, પણ રાણી દુઃખ પામી, કહેતાં નેન ભરાઈ આવે છે, ભાવ ઉરમાં સમાતા નથી.

''ત્યાં રાણી દુર્ગાવતી અતિ સોહાગી;
મહા રસિક ને અતિશય પ્રેમ પાગી. ૧૯

ઉરઝી રહે સ્વરૂપ શું સ્નેહ લાગી;
પ્રભુને પરસી રહી પ્રથમ સૌ વિષય ત્યાગી. ૨૦
હવી પરમ અનન્ય સમજે ન અન્ય;
એ કેવલ રસરૂપ, નહિ ભાવ ભિન્ન.'' ૨૧

(પ્રા. સિ. માં. ૨૦.)

જેમ જેમ પધારવાનું મુહૂર્ત પાસે આવતું ગયું તેમ તેમ રાણીને દેહ, ગેહ અને વૈભવ પર અરુચિ વધતી ગઈ. એ કહે કે શ્રીજીના પધાર્યા પછી દ્રવ્ય, સામગ્રી, રાજયના સાજ મારે શા કામનાં છે ? આવી રીતે રાણીને ભાવીના વિરહનો અસહ્ય તાપ થવા લાગ્યો, પણ શ્રીજીએ એમના હૃદયમંદિરમાં દર્શન આપી ભાવ સ્થિર કર્યો અને રાણીને શાંત કર્યાં (આ ઠેકાણે કંસનાશાર્થે મથુરા પધારતાં શ્રીકૃષ્ણ અને વ્રજવનિતાઓની સ્થિતિનું સ્મરણ વાચકને ઉપયોગી થશે.) આ પ્રમાણે રાણીને શાંતિ વળતાં એણે શ્રીજીને વિદાય કરવાની તૈયારી કરી ત્યાંથી મુહૂર્તના દિવસે શ્રીગુસાંઈજીએ સપરિવાર વિજય કર્યો. રાણીએ સુખનાં અનેક સાધન જેવાં કે પાલખી, રાવટી, ઘોડા વગેરે આપ્યાં અને જોડે આધારદાસ નામના ઉમરાવને ઘણા સૈન્ય સાથે વળાવવા મોકલ્યો, એને હરકોઈ રીતે શ્રીજીને પ્રસન્ન રાખવા કહ્યું અને શ્રીગુસાંઈજી આજ્ઞા કરે ત્યાંથી પાછા ફરવાનું જણાવ્યું. રાણી જો કે વળાવવા ગયાં, પરંતુ પ્રેમપૂરિત ભાવથી નિકટ થોભ્યાં. અતિ ગૂઢભાવથી સ્વરૂપમાં લોભાયાં, પ્રેમથી અંગેઅંગમાં આર્તિ પ્રકટી દેહની સુરતી ભુલાઈ અને દેહ છોડવા સંકલ્પ કર્યો. એમને અસહ્ય પરિતાપ થયો. શ્રીજીએ એમનો પરિતાપ જાણ્યો. એની શાંતિ અર્થે શ્રીગુસાંઈજીથી જરા દૂર આવી રાણીની પાસે આવીને કહ્યું કે ચિંતા કરશો નહિ, તમને થોડો વિલંબ છે. આવી રીતે અનેક વચનામૃતો દ્વારા રાણીને શાંત કરી. પછી શ્રીગુસાંઈજીએ વળાવવા આવેલાં ભક્તજનોનું બીડાં, પ્રસાદ, વસ્ત્ર વગેરે આપી સમાધાન કર્યું અને પ્રયાણ શરૂ કર્યું. પધાર્યા ત્યારે શ્રીજી અને રાણીએ એક બીજાને જોઈ શકાય ત્યાંસુધી સામસામાં જોયા જ કર્યું.

લડાઈ અને રાજ્યનો નાશ :

ઘેર આવ્યા પછી રાણી રાત દિવસ પ્રભુનાં વચનનો શોચ કર્યા જ કરતાં. એમણે દેહને સ્થિત કરી મહાપ્રયાસે વિલંબ સહ્યો. એ દરમ્યાનમાં થોડા રોજમાં પાદશાહનું લશ્કર આવી પહોચ્યું ને લોકોએ શહેરમાંથી નાસવા માંડ્યું. રાણી પોતે કટાર બાંધી લડવા ગઈ. જ્યાંસુધી એના તનમાં પ્રાણ રહ્યા ત્યાંસુધી એ તથા ગુરદાર હાથી રણમાં ઘણી બહાદુરીથી ઝૂઝ્યા, પણ જ્યારે ઈચ્છા અનુસાર રાણીનો દેહ પડ્યો ત્યારે એ હાથીને ઘણું દુઃખ થયું. એનો રાણી પર એટલો તો સ્નેહ હતો કે ત્રણ દિવસ સુધી ઘાસ દાણો લીધો નહિ, એટલું જ નહિ, જલપાન સુધ્ધાં પણ તજી દીધું. છેવટે રોઈ રોઈ ને રાણીની પાછળ ત્રીજે દિવસે એણે પણ દેહ છોડ્યો. આ લડાઈમાં રાણીનો પુત્ર વીરશાહ તથા ૪૦,૦૦૦ ઘોડા નાશ પામ્યા.

૧૧ ગઢાથી મથુરા-પ્રવાસ

આધારદાસનું ફરવું :

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આધારદાસ તથા એના સૈન્ય સાથે શ્રીગુસાંઈજીએ પ્રયાણ શરૂ કર્યું. માર્ગમાં મુકામ કરવા આધારદાસે વિનંતી કરી, પણ શ્રીગુસાંઈજીએ ના પાડી. એ રાજ્યના સીમાડા સુધી સાથે ગયો, સીમાડેથી પોતે શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પાછો ફર્યો, પણ એમની સાથે પોતાનો એક સેવક મોકલ્યો અને જ્યારે શ્રીગુસાંઈજીના મથુરા પધાર્યાના સમાચાર સાંભળ્યા ત્યારે પ્રસાદ લીધો. મથુરા પહોંચતાં પહેલાં શ્રીગુસાંઈજીને માર્ગમાં રાણીના પહોંચી ગયાના સમાચાર મળ્યા.

મહેશો તથા ગણેશો :

માર્ગમાં મહેશો અને ગણેશો નામના બે બળદ શ્રીગુસાંઈજીને ઘણા કામ આવતા. એ પિતા પુત્ર હતા. એઓ સેવાને અર્થે જ અવતર્યા હતા. મહેશા પર નાના ભાંતની પોથીજી હતાં અને ગણેશા પર સલીતો (ખડિયો-ગૂણ) લાદ્યો હતો. રસ્તે એક નાળું આવ્યું ત્યારે મહેશાએ વિચાર્યું કે પાણીમાં તરીને પાર ઊતરીશ, પણ પીઠ પરની પોથીજી પલળી જશે, તેથી એણે હિમ્મતથી એવો તો કૂદકો માર્યો કે સામે પાર જઈ પડ્યો. ગણેશાના પરાક્રમનું તો કહેવાય જ નહિ. એ સલીતા સાથે નાળામાં ગયો ને જોતજોતામાં પાર ઊતર્યો. સલીતો પહેલાં ૧૬ મણનો હતો, પણ પાછળથી એમાં ભાર વધ્યો હતો. એ એટલો તો વજનદાર હતો કે ગણેશાની પીઠ પર મૂકવા માટે પ્રથમ એને બેસાડવામાં આવતો અને સલીતો ચડાવ્યા પછી એને ઊભા થવા કહેવામાં આવતું. શ્રીગુસાંઈજી એને હળદર અપાવતા. શ્રીજીને સેવકનાં પરાક્રમ તરફ પ્રીતિ હતી.

શ્રીજીનું ભૂલા પડવું :

એક વખત માર્ગમાં શ્રીજી ભૂલા પડ્યા તેથી શ્રીગુસાંઈજીથી જુદા પડ્યા. શ્રીજીની સાથે શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીરઘુનાથજી પણ હતા. રાત્રે ત્રણે જણે જંગલમાં મુકામ કર્યો. શ્રીજી ત્રણે ઘોડા સાંચવતા હતા. એ વખતે ટાઢ તો એટલી પડતી હતી કે હાથમાં ચાબૂક પણ પકડી શકાતો નહિ.થોડી વારમાં શ્રીગુસાંઈજી જેઓ શ્રીજીની શોધમાં નીકળ્યા હતા તેમને શ્રીજીએ શ્યામ ઘોડા પર સવાર થયેલા જોયા અને શ્રીરઘુનાથજીને દૂરથી દેખાડ્યા. પછી શ્રીગુસાંઈજી આવી મળ્યા અને સર્વને સંતોષ થયો. જ્યારે શ્રીજીને ભૂલા પડવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે સ્વકીયોને પોતે જણાવ્યું કે શ્રીગુસાંઈજી તો સીધે રસ્તે ચાલ્યા કરતા હતા, પરંતુ આડે અવળે

ઠેકાણે અનેક જીવ જેઓ સુમારગ ભૂલ્યા હતા અને અયોગ્ય રસ્તે ચાલી પોતાનું જ અહિત કરી રહ્યા હતા તેવા દૈવી જીવોનો દર્શન દ્વારા અંગીકાર કરી એમને સ્વબળે શરણે લઈ માર્ગમાં સ્થિત કરવાના હતા. એને માટે જ પોતે ભૂલા પડવાનું મિષ કરી એ જીવોના અંગીકાર અર્થે શ્રીગુસાંઇજીથી જુદા પડી અને માર્ગમાં ભૂખ ઠંડી વગેરે અનેક પ્રકારનાં દુઃખ સહન કરી શ્રીજી પોતાનો પ્રાકટ્યહેતુ સિદ્ધ કરતા હતા.

ધર્મનો ટેક :

બીજે દિવસે પ્રયાણ શરૂ કર્યું, પણ એક મજલ ચાલ્યા એટલે અતિશય તાપને લીધે સર્વને સખ્ત તરસ લાગી. માર્ગમાં જળ મળ્યું નહિ, શ્રીગુસાંઈજી પોતે જળ માટે આગળ ચાલ્યા. શ્રીબાલકૃષ્ણજીને સખત તૃષા લાગી હતી, ભટ પાસે જલનો એક ગડવો હતો. શ્રીબાલકૃષ્ણજીએ શ્રીજીને કહ્યું કે જો તમે જલ લો તો હું લઉં,પણ શ્રીજીએ ભટના હાથનું જલ આરોગવા ના પાડી. દુઃખ સહન કર્યું, પણ ટેક છોડ્યો નહિ. એટલામાં શ્રીગુસાંઈજીએ જલ મોકલ્યું એ શ્રીજી વગેરેએ સંતુષ્ટ થઈ આરોગ્યું. એ વખતે શ્રીજીએ વચનામૃત કર્યું કે ભલી ભઈ તે શ્રીઠાકુરજીએ મર્મ જાણ્યો અને ધર્મ રાખ્યો. ધર્મરક્ષકે ધર્મનો અંગીકાર કરી રાખ્યો અને ધર્મરાગી સ્વકીયને ટેક રાખવા શિક્ષા દીધી.

અકબરપુરથી શ્રીગોકુલ :

આ પ્રમાણે અનેક વન, ઉપવન, ગામ, શહેર વગેરે પાવન કરતા શ્રીજી અકબરપુર પધાર્યા. સ્થળ જોઈ શ્રીગુસાંઈજીએ ત્યાં કેટલાક દિવસ રહેવા વિચાર કર્યો, પરંતુ છ દિવસ રહ્યા એટલામાં જ શ્રીજીને શ્રીગોકુલ પધારવાની ઇચ્છાથી એ દેશમાં પણ ધાંધલ ઊઠી. ત્યાંથી કડે થઈ હાંસિયાફતેપુર પધાર્યા. આગળ રસ્તો બંધ હતો તેથી ત્યાં કેટલાક દિવસ રહેવું પડ્યું. ત્યાંથી ગંગાતીર ત્રણ ગાઉ હતું. આ ગામનું જલ સારું નહિ હોવાથી જલપાન માટે ગંગાતીરથી જલ આવતું, સાધારણ વપરાશ માટે તો ત્યાંનું જ જલ લેવાતું. ત્યાંથી લાંબી મુસાફરી કરી ચાર ઘડી દિવસ રહેતાં કોરંડે પધાર્યા. ત્યાં રસોઈ કરી બીજે દિવસે ધીમે ધીમે ફરાહમાં આવ્યા. આ વખતે હરિવંશજી, ચાંપાભાઈ, દામોદરદાસી, ભિતરિયા ભાણોભાઈ, ખીરો પંડ્યા, નારાયણદાસ ખવાસ, પરચારક પહોરુ, ભગત સૂરજ, ભગવાનદાસ, ગોપાલદાસ સંખોડો, વાઘશાલી, નરહર, શ્રીધર ભટ, ગોવિંદ ભટ, વાસુદેવ ભટ, સંજીવની વગેરે રસિક ભગવદીયો અને વૈષ્ણવો શ્રીજીની ટહેલમાં હાજર હતા. શ્રીગોકુલ પાસે આવતાં મહાવનના કેટલાક વૈષ્ણવ, ધર્મનૈષ્ઠિક ચોધરી, સદ્‌ગૃહસ્થ સામા આવ્યા તેમાં ભોમ વ્યાસ, આધો વ્યાસ, કૃષ્ણદાસ, મિત્રસેન, ધર્માંગદ, કપૂર, કુંવર, ભોજ, ફૂલુ, મદનચંદ તથા કૃષ્ણદાસ સ્વામી મુખ્ય હતા, એઓ દંડવત્પ્રણામ કરી શ્રીજીનાં દર્શનના લાભ માટે પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. શ્રીજીએ સ્વરૂપપ્રભાવથી એમને મોહિત કર્યા પછી દેવન ત્રવાડી પાસે મુહૂર્ત જોવડાવી સં. ૧૬૨૨ ના ભાદરવા વદિ ૨ ના રોજ શ્રીગોકુલમાં પ્રવેશ કર્યો.

આ પ્રસંગ વિશે બોલતાં પ. ભ. ગોપાલદાસજી કહે છે કે શ્રીજી શ્રીગોકુલમાં

પધાર્યા એટલે,

''સ્થલ રૂપે જે સ્થિર હતાં ગોકુલ વ્રજને સંગ,
તે અતિશે સૌ હુલસીને ઉમગ્યાં અંગોઅંગ. ૧૯
શ્રીગોકુલ રસરૂપે રચ્યું રમણ રસધામ;
ઉલટ અંગ ન માયે, પધારે પૂરણકામ. ૨૦
પ્રમાણ તે પ્રમેય થઈ ને આવ્યા કરી બહુ સમાજ;
આપ-આપણા અનુભવ હિત સહુકી સેવા કાજ. ૨૧
જેકો આધિદૈવિક સ્વરૂપે પ્રકટ્યા છે પ્રભુને સંગ,
તેહને સ્થલે પધાર્યાનો મનમાં અતિશે રંગ. ૨૩''

આધિદૈવિક સ્વરૂપ સર્વ ભક્તજન નિરંતર શ્રીજીની સાથે જ છે તથા એમનાં આધિભૌતિક સ્વરૂપ ભૂતલ પર સર્વને દશ્યમાન હોય છે, પરંતુ જ્યારે શ્રીજી નિજેચ્છાથી ભૂતલ પર પધાર્યા ત્યારે એ આધિદૈવિક સ્વરૂપોએ પોતાનાં આધિભૌતિક સ્વરૂપોમાં પ્રવેશ કરી એમને આનંદમય બનાવ્યાં, એટલે કે શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, શ્રીયમુનાજી; વ્રજ વગેરે જેઓ શ્રીજીના આગમન પહેલાં આધિભૌતિક સ્વરૂપે જડવત્ બિરાજતાં હતાં તેઓમાં આપશ્રીના પધાર્યાની સાથે એમનું આનંદમય સ્વરૂપ પ્રગટ થયું.

આનંદાત્મક શ્રીગોકુલ :

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે 'જગત સત્ય છે' અને પદાર્થ માત્ર બ્રહ્મનો અંશ છે, પરંતુ બ્રહ્મ, જીવ અને જડ પદાર્થની વચ્ચે મહત્ત્વનો ફેર એ છે કે પોતે સત્, ચિત્, આનંદ એ ત્રણે અંશથી પદાર્થ માત્રમાં (હાજર) હોય છે. જેને આપણે બ્રહ્મ કહીએ છીએ તેની અંદર સત્ ચિત્ અને આનંદ અંશ પૂર્ણરૂપે હોય છે અને તેથી બ્રહ્મને કેટલાક મહાત્માઓ 'સચ્ચિદાનંદ કહે છે. 'શ્રીકૃષ્ણ' નામનો અર્થ જોતાં પણ માલૂમ પડે છે કે બ્રહ્મમાં ઉપર જણાવેલા ત્રણે અંશ આવિર્ભૂત થયેલા હોય છે, પરંતુ બ્રહ્મમાંથી જ્યારે આનંદ અંશ તિરોભૂત થાય છે અને સત્ તથા ચિત્ બે જ અંશ પ્રકટ જણાય છે ત્યારે એને જીવ-સંજ્ઞા અપાય છે, જ્યારે આનંદ તેમજ ચિદ્ અંશ બંને તિરોભૂત થઈ જાય છે અને ફક્ત સદ્ અંશ જ પ્રકટ જણાય છે ત્યારે એને જડની સંજ્ઞા અપાય છે. આ કહેવાની મતલબ એ નથી કે જીવમાં આનંદ અંશ તથા જડમાં ચિદ્ અને આનંદ અંશ છે જ નહિ. જો એમ કહેવામાં આવે તો પદાર્થ માત્ર બ્રહ્મનો અંશ છે એ વાક્ય ખોટું ઠરે, કારણ કે જે બ્રહ્મની અંશ છે તેમાં બ્રહ્મના ત્રણે અંશ સત્, ચિત્, અને આનંદ હોવા જ જોઈએ. અત્રે ધ્યાનમાં રાખવાનું એટલું જ છે કે જો બ્રહ્મ, જીવ અને જડ ત્રણેમાં ત્રણે અંશ સત્, ચિત્ અને આનંદ હોય છે તોપણ બ્રહ્મમાં એ ત્રણે અંશ આવિર્ભૂત થયેલા હોય છે, જીવમાં આનંદ અંશ તિરોભૂત થયેલા હોય છે અને ફક્ત સત્ અને ચિદંશ આવિર્ભૂત હોય છે. જડમાં ચિદ્ અને આનંદ અંશ તિરોભૂત થયેલા હોય છે, પણ સદંશ એકલો જ આવિર્ભૂત હોય છે એટલે કે જો જીવમાં આનંદ અંશ અને ચિદ્ અને આનંદ અંશ આવિર્ભૂત

કરવામાં આવે તો જડ અને જીવ આનંદરૂપ થઈ બ્રહ્મ થઈ જાય છે. હવે જીવ અને જડમાં એમના તિરોભૂત થયેલા અંશોને આવિર્ભૂત કરવાની સત્તા બ્રહ્મને જ હાથ છે. આ એની ઇચ્છા માત્રથી થઈ શકે છે. આ સિદ્ધાન્ત પ્રમાણે શ્રીજી શ્રીગોકુલમાં પધાર્યા એટલે શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, શ્રીયમુનાજી વગેરેમાં એમના ચિદ્ અને આનંદ અંશ પ્રકટ થયા અને એઓ જડ મટી આનંદમય બ્રહ્મરૂપ થયાં.

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીજીના શ્રીગોકુલ પધાર્યાની ખબર મળતાં મથુરાના ઘણા વૈષ્ણવો તથા મહાવનના ચોધરી લોકો સામા આવ્યા અને શ્રીજીને આદરપૂર્વક વાજતે-ગાજતે શ્રીગોકુલમાં પધરાવ્યા.

ગોકુલનું વર્ણન :

આ સમયના શ્રીગોકુલનું વર્ણન શ્રીગુસાંઈજીએ એમનાં 'વિદ્વન્મંડન' નામના ગ્રંથમાં અનુપમ રીતે કર્યું છે. શ્રીગોપાલદાસ એનો ભાવ નીચે પ્રમાણે ગાય છે :

''બ્રહ્માંનુ નિર્મિત નહિ જે છે કાલાતિત;
અલૌકિકનું અલૌકિક ને પ્રકૃતિ પ્રપંચ રહિત. ૩૯
લૌકિક માયા ને કર્મનો ગમ્ય નહિ લવલેશ;
અલૌકિક અસૂરથી ઓટને ત્યાં કર્યો પ્રવેશ. ૪૦
વૈકુંઠથી અધિકતર વચને અગોચર સોય;
અનુભવથી જ્ઞાપિત હોય, અન્ય ન જાણે કોય. ૪૧
કૃપા થકી અવલોકીએ, એ મહા પરમ અનૂપ;
ભાવી પ્રાપ્તિ હોય, એવું એ સ્વરૂપ. ૪૨
મૂલ અનાદિ નિરંતર એ છે, સર્વદા નિત્ય;
રહસ્ય લીલા રમણ સ્થલ, રમણીય રમણ નિમિત્ય. ૪૩
પરમ રમણ સામગ્રી એ સેવીત સદા સોહાય;
મહા સુખનિધિ વરદ વરેશની ઉપમા કહીએ ન જાય. ૪૪
આનંદમય અતિ સરસ, અને સર્વોપરિ ઉક્ત;
નિરવધિ રસ પૂરિત, શ્રીયમુનાજી એ યુક્ત. ૪૫
એવું શ્રીગોકુલ આનંદદાયક મૂલ;
અભિષ્ટરૂપ પરમપ્રિય એ કાલિંદીનું કૂલ. ૪૬
કાલિંદી રતિવર્ધન, કાલિંદી કામદ રૂપ;
કાલિંદી કૃત નિકેતન; કામી જેહ સ્વરૂપ. ૪૭''

(પ્રા. સિ. માં. ૨૧.)

શ્રીજીના પધારતા પહેલાંનું શ્રીગોકુલ :

શ્રીવલ્લભાચાર્યજી પ્રથમ શ્રીગોકુલ પધાર્યા ત્યારે ત્યાં ફક્ત શ્રીયમુનાજીનો કાંઠો, કેટલાંક વન તથા સુંદર વૃક્ષ હતાં. વાસ, વસ્તી બિલકુલ હતાં નહિ. શ્રીઆચાર્યજીએ પોતાના પધાર્યા પછી ત્યાં એક કોઠો કરી રાખ્યો હતો અને પ્રતિવર્ષ ત્યાં પધારતા ત્યારે એમાં મુકામ કરતા. આ વખતે શ્રીજી પધાર્યા ત્યારે એ કોઠામાં

હથુઓ ને એનો પુત્ર કેશવ નામના બે વાળંદ તથા ઊધા ને કમલા નામની એમની પત્નીઓ તથા લલિતા નામની એક માલણ એમ કુલ પાંચ જણ રહેતાં હતાં. એઓ ત્યાં રહી એ સ્થળને વાળીઝૂડી સાફ રાખતાં તથા શ્રીઆચાર્યજીના ઘરની ગાયોની ત્યાં સંભાળ રાખતાં. આ સિવાય ત્યાં બીજી કોઈ વસ્તી નહોતી. એ પાંચ જણ સ્થલનું માહાત્મ્ય જાણીને રહ્યાં હતાં.

શ્રીયમુનાજીનું સ્વરૂપ :

પરંતુ શ્રીજીના પધાર્યા પછી સેવોપયોગી સર્વ સામગ્રી ત્યાં આવી અને શહેર વસ્યું. શ્રીગોકુલમાં આવતાંની સાથે ડેરાતંબૂ નખાયા અને રસોઈ ચાલતી થઈ. આ વખતે પાક કરવાની સેવા શ્રીશોભાજી તથા શ્રીસત્યાજીને શિર હતી. પાક તૈયાર થયો એટલે શ્રીગુસાંઈજીએ સ્વકીયોને શિક્ષાર્થ શ્રીયમુનાજીને ભોગ ધર્યો, કારણ કે લીલા-સમાજમાં શ્રીયમુનાજી મુખ્ય ભાવસંપન્ન તથા ક્લેશરહિત છે તથા સંગ અને સેવન કરનારને એ તદ્ભાવ ઉત્પન્ન કરી પરસ્પર ઐકય કરાવે છે તથા શ્રીયમુનાષ્ટકમાં શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે તેમ, એ સ્વમાર્ગસાધન સ્વકીયને અર્થજ્ઞાપન, પોતાના સામર્થ્યથી પ્રભુની સુરતી ઉપજાવનાર અને સર્વ પુરુષાર્થનાં સાધક છે : — 'सकलसिद्धिहेतुं मुदा' । આવાં શ્રીયમુનાજીનું સેવન કરવાથી ઉપર્યુક્ત ફલની સ્વજનોને પ્રાપ્તિ થઈ શકે એ શ્રીગુસાંઈજીની ઇચ્છા હતી. ભોગ સમર્પવા સમયે ત્યાં એક મીસરીનો ભરેલો કાચનો કૂંજો ભાંગ્યો એના કકડા કોઈએ લઈ શ્રીયમુનાજીના તીર પર ફેંક્યા, એ વખતે ફેંકનારનું અજ્ઞાન જોઈ શ્રીગુસાંઈજી કાંઈ બોલ્યા નહિ, અધીરા થઈ જાતે જ એ કાચના કકડા ઉઠાવી લીધા અને પછી શિક્ષાર્થે એ ફેંકનારને કહ્યું કે ''તું શું સમજે ? મુખ્ય ભક્તને જે જાણતો નથી તે પ્રભુને શું જાણે ? એતન્માર્ગમાં સ્વકીયને હસ્ત કૃપા છે. નિર્હેતુક અને નિરુપધિક મહદની અવજ્ઞા કરવી નહિ. એવી અવજ્ઞા માર્ગીય ફલપ્રાપ્ત કરવામાં ઘણો વિલંબ અથવા પ્રતિબંધ કરે છે.'' हन्ति श्रेयांसि सर्वाणि पुंसे महद्तिक्रमः ॥ અર્થ : મહદોનો અતિક્રમ સર્વ શ્રેયોનો (ફલનો) નાશ કરે છે.

ભોગ સર્યા પછી સર્વ બાલકો સાથે શ્રીગુસાંઈજીએ ભોજન

મંદિરોનું બંધાવવું :

ભોજન કર્યા પછી શ્રીગુસાંઈજીએ ત્વરાથી સેવા તથા નિવાસ અર્થે અનેક મંદિર તૈયાર કરાવ્યાં તથા ગાય ભેંસને માટે વિશાલ ગોશાળા, ઘોડાશાલ, કુંજ, બેઠક, પઢવાનાં સ્થળ, કસરતશાળા વગેરે તૈયાર કરાવી શ્રીગોકુલ વાસ કર્યો. પછી ગોકુલપતિ શ્રીગોકુલ પધાર્યાની વધાઈની ખબર ગુજરાતની મહાભાગ્ય સૃષ્ટિને કહેવા શ્રીગુસાંઈજીએ ભલાભાઈને મોકલ્યા. ખબર મળતાં સર્વત્ર આનંદ થયો તથા પાટણ, વીરપુર, કપડવંજ, રાજનગર, ખંભાત, ભરૂચ વગેરે સ્થળેથી ભાવિક ભક્તજન શ્રીજીનાં દર્શનાર્થે શ્રીગોકુલ આવ્યાં. અહીં આવ્યા પછી પુત્રના શ્રેયાર્થે વાત્સલ્યભાવથી શ્રીગુસાંઈજીએ ગોવર્ધનપૂજા, અન્નકૂટ વગેરે કર્યાં.

શ્રીગોકુલમાં બે ચાર દિવસ રહી, શ્રીગુસાંઈજી શ્રીજીને સાથે લઈ શ્રીગોવર્ધન

૧૨. શ્રીજન્માષ્ટમીનિર્ણય ને શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર

(સં. ૧૬૨૩ થી ૧૬૨૪)

મથુરા પધારતાં પહેલાં એક દિવસ અગાઉ શ્રીગુસાંઈજીએ પોતાના અધિકારી ચાંપાભાઈને સેવાના સાજ તેમ સ્થાનની યોગ્ય ગોઠવણ કરવા માટે મોકલ્યા હતા. ચાંપાભાઈ મથુરામાં જઈ ગતશ્રમને ટીલે શ્રીગુસાંઈજીના સેવક કપૂર ક્ષત્રીને મળ્યા. આ સદ્‌ગૃહસ્થ ભાવિક સમૃદ્ધિમાન અને આબરૂદાર હતા. જ્યારે ચાંપાભાઈના કહેવાથી એમણે જાણ્યું કે શ્રીગુસાંઈજી સહકુટુંબ અત્રે નિવાસ કરવા પધારે છે ત્યારે એ ઘણું હર્ષ પામ્યો અને પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યો. એણે ત્વરાથી પોતાની એક સુંદર હવેલી સાફ કરાવી, ધ્વજાપતાકાથી શણગારી આપી ચાંપાભાઈનેએ સોંપી દીધી. હવેલી મળતાં ચાંપાભાઈએ એમાં જોઈતી સર્વ તૈયારી કરી રાખી.

મથુરાપ્રવેશ :

બીજે દિવસે શ્રીજી શ્રીગોકુલથી પધાર્યા ત્યારે શેઠજી ગામના ભાવિક વૈષ્ણવો સાથે જુદી જુદી જાતનાં વાહન તથા શોભીતો સાજ લઈ સામા આવ્યા. આ સાજમાં જે ઘોડા હતા તેનું વર્ણન કરતાં પ. ભ. ગોપાલદાસજી કહે છે કે

''મણિમે જડિત મોહોરા, મુખ ઉપર વારુ ચોકડે વાગજી;
પેંગડા તણી તે પરમ સુકોમલ, અતિ સુખદાઈ રાગજી. ૧૯
પંચરંગ મફતુલ ફૂદાં પર ઝાંબાં ઝલકે **હાટકજી**;
સકલ શૃંગાર તુરી સંપૂર્ણ, કરતા નાના નાટકજી. ૨૦

શ્રીજીએ પોતે એક પાસ બે અને બીજી પાસ ત્રણ બંધુઓ સાથે સવાર થઈ અનેક ભક્તજનની સાથે શહેરમાં પ્રવેશ કર્યો અને માર્ગમાં અશ્વ ચલાવતાં પોતાની અશ્વવિદ્યાનું કૌશલ બતાવી આપ્યું. શ્રીજી શહેરમાં પધાર્યા એટલે ઘેરઘેરથી અનેક સ્ત્રીજન દર્શનાર્થે બહાર નીકળ્યાં :

''કો આવ્યાં સનમુખ, કો ગલીએ, કો ઊભાં નિજ દ્વારજી;
ગેહ-કાજ ભૂલ્યાં સહુ ને એમ વિહ્વલ થયાં નરનારજી. ૪૩
કોઈ આનંદભેર ભરપૂરિત, ધાઈ ધાઈ ચઢ્યાં અટાલીજી;
નિરખે મહા સુંદર વર નિરુપણ, શકે ન આપ સંભાલીજી. ૪૪
જોવા રહી એ પ્રેમપુલકિત થઈ ચિત્ર લખી શી દીસેજી;
એકટક ચકિત થકિત થૈ જ્યાંહ ત્યાંહ જ હૈડું હીસેજી. ૪૫''

(પ્રા. સિ. માં. ૨૨)

આ પ્રમાણે મુકામે પધાર્યા પછી શ્રીગુસાંઈજીએ સર્વ બાલકો સાથે ભોજન કરી વિશ્રામ કર્યો. પછી કપૂર શેઠની એક હવેલીમાં પોતાની સઘળી સગવડ યોગ્ય રીતે નહિ થઈ શકવાથી બીજી એક હવેલી વેચાતી લઈ શ્રીગુસાંઈજીએ ત્યાં વાસ કર્યો.

શાસ્ત્રાભ્યાસ :

મથુરામાં આવ્યા પછી શ્રીગુસાંઈજીએ શ્રીજીને દક્ષિણના એક પંડિતરાજ શિવદત્ત ભટ્ટને ત્યાં શાસ્ત્ર ભણવા મોકલ્યા. વિચિત્ર રાજ ભણવા આવતા તેમને ગુરુજી આદરપૂર્વક પ્રેમથી શાસ્ત્રના સિદ્ધાંત ભણાવતા. શ્રીજીને શાસ્ત્ર ભણવા પર રુચિ નહોતી. રુચિ કેમ હોય ? સર્વજ્ઞ રસમય પ્રભુને ભણાવવાનું શું ને ભણાવી પણ કોણ શકે ? પણ ભૂતલમાં પ્રાકટ્ય હતું માટે જનશિક્ષાર્થે લોકવત્ ક્રીડા કરી રહ્યા હતા. શ્રીગોકુલેશજી ગુરુને ત્યાં રહેતા નહિ. હાલની માફક ગુરુ પાસે પોતાના પાઠ શીખી ઘેર પાછા તો વાંચતા જ નહિ, પણ એને બદલે શ્રીમદ્‌ભાગવતનું બારીક અવલોકન કરતા, એના ગૂઢ ભાવનું મનન કરતા તથા વારંવાર એ રસનું અનુસંધાન તેમ ધ્યાન ધરતા. શ્રીજીનું આવું વર્તન જોઈ એમના કેટલાક સહાધ્યાયીઓએ ગુરુજીને જણાવ્યું કે

''તમારું ભણાવ્યું ભણતા નથી તે એક લગારજી;
બીજી પોથી પાઠ કરે છે પોતે ભવન મોજારજી. ૮૭''

આ ઉપરથી ગુરુએ એમને મોઢે પાઠ તૈયાર કરવા કહ્યું અને જણાવ્યું કે જો આમ આપેલા પાઠ તૈયાર કરશો નહિ તો પછી શ્રીગુસાંઈજી પરીક્ષાર્થ કાંઈ પૂછશે તો શો જવાબ આપશો ? ગુરુનો આ ઠપકો સાંભળતાં વાર જ સર્વજ્ઞ શ્રીજીએ ગુરુના શીખવેલા પાઠ સઘળા મોઢે ભણી બતાવ્યા. એ સાંભળી ગુરુ તેમજ અન્ય વિદ્યાર્થીઓ ઝાંખા પડી ગયા અને તપાસ કર્યા વગર શ્રીજીને ઠપકો આપવા માટે ગુરુને પશ્ચાત્તાપ થયો. એ ઉપરાંત ગુરુજીએ ખોટી ફરિયાદ કરવા માટે અન્ય વિદ્યાર્થીઓને ઠપકો આપવા માંડ્યો ત્યારે એઓએ કહ્યું કે એમને આવડવાની વાત તો અમે શું જાણીએ ? પણ ઘર આગળ શ્રીગોકુલનાથજી તમારા પાઠ વાંચતા નથી એ વાત સત્ય જ છે. એમને વગર વાંચ્યે શી રીતે આવડે છે એ તો સમજાતું નથી. આ ઉપરથી ગુરુએ એકાંતમાં જઈ શ્રીજી ઘેર શું વાંચે છે એની તપાસ કરી. એણે એમને શ્રીભાગવત વાંચતા જોયા. એ જોઈ ગુરુ આશ્ચર્ય પામ્યા અને શ્રીગુસાંઈજી પાસે જઈ કહેવા લાગ્યા કે

''વેદ શાસ્ત્ર ને શ્રીભાગવતે એ ઘેર કર્યો નિવાસજી. ૯૫
એહને તે હું શું ભણાવું ? એ કો કારણ રૂપજી;
એવાં વચન કહી વળિયો, દીધી આશિષ અનૂપજી. ૯૬''

આ સાંભળી શ્રીગુસાંઈજી, શ્રીશોભાજી વગેરે હર્ષ પામ્યાં. આ પ્રસંગમાં

શ્રીમુખનાં વચન છે કે

''હમે મથુરામાં પઢીએ ઓર શાસ્ત્ર પઢવે પર હમકૂં રુચિ નહિજી.
હમકું શાસ્ત્ર પ્રકાર સેહેજ આવે નીકે કરીયજી;
હાં એક વેદ માત્ર હમ પઢે હે ઉપાધ્યાયે ચિત્ત ધરીયજી. ૯૯
શ્રીભાગવત હમ કાહુ પાસે પઢે નહિ એ નિર્ધારજી;
રઘુનાથે કહ્યો કાકાપેં પઢિયે આપુન એક વારજી. ૧૦૦
મેં કહ્યો : શ્રીગુસાંઈજીકૂં શ્રમ કાહેકૂં કરવાવેજી;
આપુહી એકાંત દેખિયે, સંદેહ તહાં સુનાયેજી. ૧૧૧
પાછે તો ભગવદ્-ઈચ્છાએ, પડ્યો પૂછવો નાહિજી;
બાલકૃષ્ણ તો મેંહી પઢાયે, એમ બોલ્યા રસમાંહીજી. ૧૦૨''

જન્માષ્ટમીનિર્ણય

શ્રીગુસાંઈજી મથુરામાં પધાર્યા એ જ સાલની (સં. ૧૬૨૩) જન્માષ્ટમી પર એઓ શ્રીગોવર્ધન પધાર્યા હતા. એ સમયે અકબર પાદશાહના વજીર રાજા ટોડરમલ તથા બીરબલ બીજા ઘણા લોકો સાથે જન્માષ્ટમીનો ઉત્સવ કરવા પાદશાહની રજાથી મથુરામાં આવ્યા. એ વખતે પાદશાહ પણ મથુરામાં જ હતો. જન્માષ્ટમીને દિવસે પાદશાહ બીરબલના મુકામ પર ગયો તો ત્યાં એને પાન ચાવતો જોયો, તેથી પાદશાહે બીરબલને વ્રતને દિવસે પાન ખાવાનું કારણ પૂછ્યું ત્યારે બીરબલે કહ્યું કે અમે તો જન્માષ્ટમી કાલે કરી. એ સાંભળી પાદશાહે કહ્યું કે તમે તો શ્રીગુસાંઈજીના સેવક છો તો પછી એમ શા માટે જન્માષ્ટમી કાલે કરી ? બીરબલે કહ્યું કે પંડિતે નિર્ણય કર્યો એ પ્રમાણે અમે જન્માષ્ટમી કાલે કરી. ત્યારે પાદશાહે શ્રીગુસાંઈજીના ઘરમાં એ જ દિવસે સર્વેએ ઉપવાસ કેમ કર્યો એનું કારણ પૂછ્યું. એના જવાબમાં બીરબલે જણાવ્યું કે પોતે વગર જાણ્યે કર્યો હશે. આ પ્રમાણે સેવક છતાં વિમુખતા બતાવી આપી, પણ પાદશાહ ઉપરના ઉત્તરથી શાંત થયો નહિ. એણે કહ્યું કે શ્રીગુસાંઈજી ઈશ્વર હે, અરૂ શાસ્ત્ર પઢે હે, ઈનકે વહાં બિન સમજે આજે ઉત્સવ કેસે હોય ? એ નિર્ણય કરવા આપણે એમને ત્યાં જઈએ, ત્યાં સભા કરી સર્વ મળીને નિર્ણય કરીએ. ત્યારે બીરબલે શ્રીગુસાંઈજીને ત્યાં જ બોલાવવા કહ્યું અને કારણમાં જણાવ્યું કે ''સંન્યાસી પ્રબોધ સરસ્વતી તો ઉહાં ન આવે કબહુજી.'' આ સાંભળી રાજા ટોડરમલ આસ્તિક ભાવથી બોલ્યો કે ''વે ઉનકે ઘર જાયે નહિ તા વે ઉનકે ક્યોં આવેજી ?'' તેથી પાદશાહે ત્રીજે ઠેકાણે કમલાકર ભટ્ટને ત્યાં સભા કરી. ત્યાં સર્વ પંડિતોને બોલાવ્યા તથા શ્રીગુસાંઈજીને ત્યાં પણ એક માણસ મોકલ્યો ને કહેવડાવ્યું કે જન્માષ્ટમીનિર્ણયની સભા કરી છે માટે પધારો. માણસ બોલાવવા આવ્યો એટલે શ્રીજીએ વિચાર્યું કે વડીલભાઈની આજ્ઞા સિવાય જવાય નહિ, તેથી દામોદરદાસ વડનગરના મોટા પંડિત બ્રાહ્મણ હતા અને પાછળથી પ્રતાપ જોઈ શ્રીગુસાંઈજીને શરણે

થયા હતા, એમને સાથે લઈ શ્રીગિરિધરજી પાસે ગયા ને એમને સર્વ હકીકત કહી સંભળાવી, ત્યારે શ્રીગિરિધરજીએ શ્રીજીને કહ્યું : શ્રીગુસાંઈજી તો ઘેર નથી, તમારો શો વિચાર છે ? ત્યારે શ્રીજીએ કહ્યું : સભા થઈ છે માટે જવું તો જોઈએ, તેથી શ્રીગિરિધરજી તથા શ્રીજી દામોદરદાસને સાથે લઈ સભામાં ગયા. ત્યાં રાજાએ સભા સહિત ઊભા થઈ સંમાન કર્યું અને પછી સભા ભરવાનું કારણ કહી સંભળાવ્યું. સભા ભરાતાં પ્રબોધ સરસ્વતી અને શ્રીગિરિધરજી તથા શ્રીજી વતી એમના સેવક દામોદરદાસ વચ્ચે નીચે પ્રમાણે વાદ થયો.

વાદ :

પ્રબોધ સરસ્વતીઃ ''વ્રત આજે કેમ કર્યું ? અને તે કઈ સંમતિ અથવા કયા મતને અનુસાર છે ?''

દામોદરદાસ :- તમે કાલે જે વ્રત કરવાના છો એ કોના મત પ્રમાણે છે ?

પ્ર. સરસ્વતી :- માધવાચાર્યનો મત પ્રમાણ છે કે અપ્રમાણ ?

દામોદરદાસ :- માધવાચાર્યના મત પ્રમાણે માતુલ(મામા)ની કન્યા લઈ શકાય છે તો એ પ્રમાણે આજ કેમ નથી લેતા ? એ બાબતમાં એ મત અપ્રમાણ છે એમ છતાં 'કન્યા કયાં દેવી ?' એ બાબતમાં એ મત હાલ પણ પ્રમાણ ગણાય છે, તેથી માધવાચાર્યનો મત નથી પ્રમાણ કે નથી અપ્રમાણ. શાસ્ત્રના વિચારથી બલાબલ જોતાં જે નક્કી થાય તે જ પ્રમાણ. ''વેધા ત્યાજ કરે તે વૈષ્ણવ.'' એવાં અનેક વચન છે. માટે નવમી છોડી શુદ્ધ અષ્ટમીનું વૈષ્ણવોએ વ્રત કરવું જોઈએ. જો સૂર્ય ઊગતાં કિંચિત્ પણ અષ્ટમી હોય ને બાકીનો દિવસ નોમનો હોય તોપણ એ દિવસે અષ્ટમીનું વ્રત કરવું જોઈએ. વળી જયંતી તથા વ્રત એક નથી. જયંતી કામ્યિક વ્રત છે ને એ ન કરનારને પ્રત્યવાય નથી, પણ જન્માષ્ટમી નિત્ય છે અને એ ન કરનારને પ્રત્યવાય છે.

આવી રીતે જયંતી તથા જન્માષ્ટમીના વ્રતોનું તારતમ્ય બતાવી સર્વ સભાની સમક્ષ ખરો વૈષ્ણવ સિદ્ધાંત પ્રમાણ કર્યો અને સેવક દ્વારા સર્વ વાદીને નિરુત્તર કર્યા. આ સ્થાને કોઈ શંકા ઉઠાવે કે શ્રીગિરિધરજી અથવા શ્રીજી પોતે સભામાં કેમ ન બોલ્યા ? આનું કારણ તો એટલું જ હતું કે ગૃહસ્થે સંન્યાસીનો કોઈ પ્રકારે વધ કરવો નહિ એવી શાસ્ત્રની આજ્ઞા છે અને શ્રીજી પોતે ધર્મના સેતુ તથા રક્ષક હતા એટલે વર્ણાશ્રમ ધર્મની મર્યાદા જાળવવા પોતે સંન્યાસી સાથે વાદ કરી એનું સભામાં માન ખંડિત કરવાનું ઉચિત ધાર્યું નહિ, કારણ કે કોઈને સભામાં માનભંગ કરવો એ શાસ્ત્ર પ્રમાણે અશસ્ત્ર વધ કહેવાય છે, પરંતુ બીજી તરફથી વૈષ્ણવમતનું રક્ષણ કરવાનું હતું અને એને માટે વાદ કર્યા સિવાય સિદ્ધિ નહોતી તેથી એ ચતુરશિરોમણિએ અગાધ બુદ્ધિ વાપરી, સ્વસેવક દ્વારા સભા જીતી સર્વ મતોની મર્યાદા સાંચવી.

સભાવિસર્જન

વળી આ સિવાય સેવક પાસે વાદ કરાવવાનું બીજું કારણ એ હતું કે બીરબલ

સેવક થઈ સ્વામીથી વિમુખ થયો અને અન્યાશ્રય તથા અન્ય સંબંધ પણ પુષ્ટિ પ્રભુ સદા સર્વદા શરણસ્થ જીવોનું હિત જ કરે છે તેથી એને ગુરુના અપરાધમાંથી મુક્ત કરવા વૈષ્ણવ દ્વારા શિક્ષા દીધી, કારણ કે ગુરુનો અપરાધ થયો હોય તો ભગવદીય દ્વારા એમાંથી મુક્ત થઈ શકાય એવો એતન્માર્ગનો સિદ્ધાંત છે. અહીં બીરબલને સભામાં થયેલી પોતાના મતની હાર એ શિક્ષા હતી અને એ શ્રીજીએ પોતે ન કરતાં સેવક દ્વારા કરાવી. નિર્ણય થઈ રહેતાં પાદશાહ શ્રીગિરિધરજી તથા શ્રીજીને માન સાથે વળાવી સભા વિસર્જિત કરી પોતાને મુકામે ગયો. શ્રીગુસાંઈજીએ મથુરા આવી સમાચાર સાંભળ્યા ત્યારે તેમને અત્યાનંદ થયો... પછી ''જન્માષ્ટમીનિર્ણય'' નામનો ગ્રંથ બહાર પાડી શ્રીજીએ સર્વના સંદેહ ટાળ્યા.

શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર :

સં. ૧૬૨૩ માં શ્રીગુસાંઈજી ઘરનાં સેવ્ય સ્વરૂપોની સેવાનો કારભાર શ્રીજીને સોંપી દ્વારકા પધાર્યા. એવામાં ફાગણ વદિ ૭ ના રોજ શ્રીગોવર્ધનનાથજી શ્રીગુસાંઈજીને ત્યાં પરોણાચારે પધાર્યા. આ પ્રમાણે શ્રીગોવર્ધનનાથજીના અચાનક પધાર્યાની ખબર પડતાં દાદાજી (શ્રીગિરધરજી) સામા લેવા માટે ગયા, પણ એઓ તો પછીતની ભીંત તોડી મંદિરમાં પધાર્યા. આ સમય વસંતનો હતો અને તેથી શ્રીગોવર્ધનનાથજીના પધાર્યાની ખબર સાંભળતાં વહુ, બેટી, બાલક વગેરે સર્વના મનમાં પોતાના પ્રાણપ્રભુને ખેલાવવાનો અમૂલ્ય લાભ મળવાનો આનંદ એવો જ ઉત્સાહ પ્રગટ થયો. શ્રીજી, સર્વ કુટુંબીઓ તથા સેવક વર્ગ શ્રીગોવર્ધનનાથજીને વસંત ખેલાવવા માટે એટલાં તો આતુર અને અધીરાં થઈ ગયાં કે, જો કે માર્ગની પ્રણાલિકા પ્રમાણે ખેલનો સમય રાજભોગ સર્યા પછી હોય છે તોપણ શ્રીગોવર્ધનનાથજી પધાર્યા એ વખતે રાજભોગની વાર હોવાથી રખેને પોતે પાછા પધારી જાય એવા ભયથી શ્રીજીએ રાજભોગ ધરતાં પહેલાં આપને ખેલમાં પધરાવ્યા અને ખેલ થઈ રહ્યા પછી રાજભોગ ધર્યો. આ પ્રમાણે સર્વની આર્તિ તેમ પ્રેમભાવ જોઈ શ્રીજીએ શ્રીઆચાર્યજીના વખતની ચાલતી પ્રણાલિકાને દૂર કરી અને શ્રીગોવર્ધનનાથજીની કેવળ પ્રેમથી સેવા કરી તેમાં એ દ્વારા સ્વજનોને ખરો પ્રેમધર્મ સૂચવ્યો કે

शास्त्रं नियामकं तावद् यावत् पूर्णा कृपा न ते ।

અર્થ : જ્યાંસુધી પ્રભુની પૂર્ણ કૃપા હોતી નથી ત્યાંસુધી શાસ્ત્રના (રૂઢિ અને આચારના) નિયમો નિયામક છે, પણ જ્યાં એ કૃપા થઈ, હૃદયમાં પ્રેમાવેશ થયો એટલે સર્વ નિયમો વ્યર્થ છે. આવા પરમ કૃપાળુ અને પ્રેમી ભક્ત જાણી જોઈને શાસ્ત્ર-આજ્ઞાનું ઉલંઘન કરતા નથી, પરંતુ એમની દેહાનુસંધાન રહિત દશામાં અને પ્રેમના પૂર્ણ આવેશમાં એઓને એનું ભાન જ નથી. આવી રીતે સેવ્ય સ્વરૂપ અને એમના સુખના વિચારોમાં લીન થઈ પોતાની સર્વ એકાદશ ઇંદ્રિય તન્મય થાય એ જ એતન્માર્ગનું સર્વોત્કૃષ્ટ ફલ છે, પણ જો સામાન્ય મનુષ્ય દેખાદેખીથી આવા મહદ્

ભક્તોનું સ્વાર્થદષ્ટિથી અનુકરણ કરે તો એમને તો એ અપરાધ ભોગવવો જ પડે.

શ્રીજીએ કરેલી સેવા :

શ્રીગોવર્ધનનાથજી ૨ માસ ને ૨૧ દિવસ મથુરામાં બિરાજ્યા અને એમને શ્રીજી નિત્ય અનેક પ્રકારના નૌતમ ભોગ-રાગ સમર્પતા. આ સમયે શ્રીગોવર્ધનનાથજીની સેવામાં સર્વ બાલકો અને વહુબેટીઓ એટલું સુખ પામ્યાં અને સર્વને એવો આનંદ થયો કે કોઈએ દિવસ ''ઊગ્યો જાણ્યો નહિ.'' અષ્ટ પ્રહર સેવામાં જ જતા. શ્રીગુસાંઈજીને જ્યારે શ્રીગોવર્ધનનાથજીના પોતાને ત્યાં પધાર્યાના સમાચાર દ્વારકામાં મળ્યા ત્યારે એમણે શ્રીજીને પત્ર દ્વારા લખ્યું કે કાંઈ સંકોચ કરશો નહિ, તમારાથી બને એ કરજો. આ પ્રમાણે સેવા કરી શ્રીજીએ સ્વજનોને સેવકધર્મનું રહસ્ય બતાવ્યું.

''ઇતનો ધર્મ અસાધારણ તે તદીયકતાએ કહીયજી
પોતાના પ્રભુની સાથે કરવું એણી ભાંત્ય રહીયજી.''

આ પ્રમાણે શ્રીજીની અસાધારણ સેવાનો અંગીકાર કરી શ્રીગોવર્ધનનાથજી સં. ૧૬૨૩ ના વૈશાખ કૃષ્ણ ૧૪ ના રોજ શ્રીઠાકુરદ્વાર (શ્રીગિરિરાજ ઉપર) પધાર્યા.

૧૩. શ્રીજીનો વિવાહ-ઉત્સવ

શ્રીગોવર્ધનનાથજીના મથુરામાંથી પાછા પધાર્યા પછી કેટલેક દિવસે શ્રીગુસાંઈજી દ્વારકાની યાત્રા કરી પાછા ફર્યા. આ સમયે શ્રીજી સોળ વર્ષની યુવાવસ્થામાં આવી પહોંચ્યા હતા અને તેથી એ અવસ્થા પ્રમાણે એમના લગ્ન માટે શ્રીગુસાંઈજી વિચાર કરવા લાગ્યા. નાતમાંથી કેટલાંક માગાં આવ્યાં, પણ યોગ્ય કન્યાના અભાવે થોડો સમય રાહ જોવી પડી.

એ સમયમાં જ્ઞાનના અભાવે હિંદુ લગ્નોમાંનાં ઘણાં તો કજોડાં જ થતાં અને એની અસરમાં તો હજુ પણ આપણે છૂટ્યા નથી. કજોડાં અને બાળલગ્નથી થતી હાનિ શ્રીગુસાંઈજીની નજર બહાર હોઈ શકે જ નહિ અને તેથી શ્રીજીના લગ્નમાં પણ એમણે એની સંભાળ લીધી અને તેથી જ એમના વિચાર મુજબ જ્યાંસુધી શ્રીજી કરતાં લગભગ આઠ વર્ષે નાની કન્યા મળી નહિ ત્યાંસુધી લગ્ન બંધ રાખ્યાં. શાસ્ત્ર પ્રમાણે પણ જે લગ્નમાં લગ્ન વખતે કન્યા કરતાં વરની ઉંમર બમણી હોય તેને ઉત્તમ લગ્ન કહ્યું છે. અને તેથી શ્રીજી જેમની ઉંમર ૧૬ વર્ષની હતી તેમને માટે આઠ વર્ષની કન્યા જોઈએ.

વેણા ભટની પાર્વતી કન્યા :

એ સમયે શ્રીગુસાંઈજીની જ્ઞાતિના વેણા ભટ્ટ નામે એક સદ્‌ગૃહસ્થને ત્યાં પાર્વતી નામની ૮ વર્ષની કન્યા હતી. એ કન્યા વિશે વેણા ભટ્ટને એક મહાન જોશીએ એવું કહ્યું હતું કે તમારી કન્યાનાં રૂપ, ગુણ અને શીલ જોતાં મને લાગે છે કે કુંવરી મહા ભાગ્યવાન છે અને જે ઘેર સવામણ લૂણ ઊઠે છે તે ઘેર એનો વિવાહ થશે.

પછી જ્યારે કન્યા આઠેક વર્ષની થઈ ત્યારે વેણા ભટ્ટે વરની શોધ કરવા માંડી અને જ્યારે એમણે શ્રીજીને જોયા ત્યારે એમને લાગ્યું કે પોતાની દેવસ્વરૂપ કન્યા માટે જો કોઈ યોગ્ય પતિ હોય તો એ આ જ છે અને તેથી એ કન્યાનો શ્રીજી સાથે વિવાહ કરવા વિચાર કર્યો. એવામાં તપાસ કરતાં એમને માલૂમ પડ્યું કે શ્રીજીના મામા ગોવિંદ ભટ્ટ પોતાના ભાણેજ માટે કન્યાની શોધમાં છે અને શ્રીગુસાંઈજીએ એમને એ કામ સોંપેલું છે તેથી વેણા ભટ્ટે ગોવિંદ ભટ્ટને પોતાને ત્યાં બોલાવી કન્યાને બતાવી અને શ્રીજી માટે શ્રીગુસાંઈજી પાસે એનું માગું કરવા કહ્યું. ગોવિંદ ભટ્ટને પણ કન્યાનું સ્વરૂપ તેમ વય વગેરે યોગ્ય લાગવાથી એ બાબતમાં પોતાનું બનતું કરવાનું વચન આપી ત્યાંથી પાછા વળ્યા.

કન્યા વિશે શ્રીશોભાજીનો અભિપ્રાય :

ઘેર આવી શ્રીગુસાંઈજીને જ્યારે ગોવિંદ ભટ્ટે સર્વે હકીકત કહી ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીશોભાજી વગેરે કુટુંબીજનોને બોલાવી એ એમનો અભિપ્રાય પૂછ્યો. એ ઉપરથી શ્રીશોભાજી બોલ્યાં કે,

''સગા ઉત્તમ, કુલ ઉત્તમ, ઉત્તમ ઘર જેહનું એ,
ગામ ઉત્તમ, કન્યા ઉત્તમ, હું શું કહું તેહનું એ. ૬૪''

એમ કહી એમણે કહ્યું કે ગોવિંદ મામા કહે છે એ બાબતમાં હવે વિલંબ કરવો યોગ્ય નથી. શ્રીગુસાંઈજીને પણ એ ધ્યાનમાં ઊતરવાથી લગ્નનું નક્કી કરવા પ્રથમ એ કન્યા બતાવવા ગોવિંદ ભટ્ટને કહ્યું.

કન્યાનું નિરીક્ષણ :

આ ઉપરથી ગોવિંદ ભટ્ટે કન્યાને શ્રીગુસાંઈજીને ત્યાં બોલાવી. કન્યાનું રૂપ તેમ લાવણ્ય વગેરે જોઈ શ્રીગુસાંઈજી અને સર્વ માણસો ઘણા પ્રસન્ન થયા અને તેથી શ્રીજીનાં લગ્ન એમની સાથે કરવાનું નક્કી કર્યું. પછી કન્યાને શિરે શ્રીગુસાંઈજીએ પોતાનો શ્રીહસ્ત ધર્યો અને પ્રસાદ વગેરે આપી એના પિતા પાસે મોકલાવી.

વરકન્યાના ગ્રહોનો મેળાપ :

ત્યાર પછી શ્રીગુસાંઈજીએ કન્યાના ગ્રહ વગેરેની તપાસ માટે વેણા ભટ્ટ પાસેથી એમની જન્મપત્રિકા મગાવી. પત્રિકા આવેથી શ્રીગુસાંઈજીએ રઘુનાથ પંડ્યા નામના જોશીને બોલાવ્યા અને એમને એ કન્યાની જન્મપત્રિકા બતાવી. જોશીએ વર અને કન્યા બંનેની જન્મપત્રિકા જોઈ અને એમના ગ્રહોને મેળાપ જોઈ કહ્યું કે આ જોગ ઘણો ઉત્તમ છે. બંનેના ગ્રહ વિસેવસા મળે છે. ખરેખર ગ્રહોનો આવો સંજોગ હોવો એ મહાભાગ્યની વાત છે. હાલ સુધીની મારી જિંદગીમાં મેં અસંખ્ય જન્મપત્રિકાઓ જોઈ છે, પણ આવો અદ્‌ભુત સંજોગ તો મારા જોવામાં આવ્યો નથી. આ સાંભળી શ્રીગુસાંઈજીને તથા ત્યાં બેઠેલાં સર્વ કુટુંબીજનોને ઘણો હર્ષ થયો અને તેથી શ્રીગુસાંઈજીએ એ જોશીને એ હકીકત કહેવાને વેણા ભટ્ટને ત્યાં મોકલ્યા અને કહેવડાવ્યું કે સર્વ મેલાપ ઉત્તમ રીતે મળ્યો છે માટે લગ્નનું મુહૂર્ત શુભ દિન નક્કી કરી લખી જણાવશો. આ શુભ સમાચાર સાંભળી વેણા ભટ્ટ ઘણું રીઝ્યા અને આવેલા જોશીનું સંમાન કરી શ્રીગુસાંઈજીને કહેવડાવ્યું કે જ્યારે આપ કહેવડાવશો ત્યારે લગ્નનું શુભ કાર્ય કરવામાં આવશે, તેથી જોશીએ આવી શ્રીગુસાંઈજીને વેણા ભટ્ટે કહેવડાવેલા સર્વ સમાચાર કહ્યા ત્યારે એમનું દક્ષિણા વગેરેથી સંમાન કરી વિદાય કર્યા.

લગ્નનું મુહૂર્ત :

ઉપર પ્રમાણે વિવાહ નક્કી થયા પછી એક દિવસે લગ્નનું મુહૂર્ત નક્કી કરવા શ્રીગુસાંઈજીએ જોશીને બોલાવ્યા. જોશી આવતાં એમનું સંમાન કરી એમની આગળ ગંધ, અક્ષત, કુંકુમ, શાહી, લેખણ, કાગળ વગેરે મંગલ સાજ ધરી એમને આસન પર બેસાડ્યા અને પછી લગ્નના મુહૂર્ત વિશે પૂછ્યું. જોશીએ પણ વરકન્યાની જન્મપત્રિકા તેમ ટીપણું વગેરે જોઈ જણાવ્યું કે,

‘‘સંવત સોલસો ચોવીસ મંગળ પદ સાર છે એ;
અષાડ માસે કૃષ્ણપક્ષે દ્વિતીયા ગુરુવાર છે એ. ૧૧૩
નક્ષત્ર જોગ કરણ એમ શુદ્ધ પંચાગ છે એ;
એહ દિવસે બીજા તે શુભ યોગ સર્વાંગ છે એ. ૧૧૪
વીવા લગ્ન ઉદયાત ઘડી એક કેરે સમે એ;
મિથુન લગ્ન નિરધાર્યું તે સહુકેને ગમે એ. ૧૧૫
ભક્ત જીવન શ્રીવલ્લભ રાસે બલ તે સૂરજ તણું એ,
કન્યા રાસે છે બૃહસ્પતિ તણું બલ તે ઘણું ઘણું એ. ૧૧૬
ઉભય વર વધૂ વિવાહ લગ્ને તે શુભં ભવે એ;
એમ લગ્ન લખ્યું સુખકંદ આનંદ થયો નવ નવે એ. ૧૧૭’’

મિથુન લગ્ન :

સંવત ૧૬૨૪ ના આષાઢ (વ્રજ) વદિ ૨ ને ગુરુવારે દિવસ ઊગતાં ઘડી એકે લગ્ન થવું જોઈએ. આ લગ્ન માટે એ અત્યુત્તમ કાલ છે, ત્યાર પછી લગ્નમાં વિધિ વડી મુકવાનું, બેટી માગવાનું, વૃદ્ધિનું, વસ્ત્રાલંકારનું, કુલદેવસ્થાપનનું, પકવાન્ન-આરંભનું, સ્વગૃહપ્રવેશનું, ગૃહશાંતિનું વગેરે એ પ્રમાણે સર્વ મુહૂર્ત નક્કી થતાં જોશીએ એ સર્વ લખીને વાંચી સંભળાવ્યાં. પછી કુંકુમ તથા અક્ષત નાખી મુહૂર્તનો કાગળ જોશીએ શ્રીગુસાંઈજીને આપ્યો. શ્રીગુસાંઈજીએ એ લઈ ગોવિંદ ભટ્ટને આપ્યો અને વેણા ભટ્ટને ત્યાં જઈ એમને મુહૂર્ત સંભળાવી આવવા કહ્યું, તેથી ગોવિંદ ભટ્ટ વેણા ભટ્ટને ત્યાં જઈ, મુહૂર્ત વાંચી સંભળાવી ત્યાંથી લગનિયું લઈ શ્રીગુસાંઈજી પાસે આવ્યા અને લગનિયું શ્રીગુસાંઈજીના શ્રીહસ્તમાં મૂક્યું. પછી દક્ષિણા વગેરે આપી જોશીને વિદાય કરવામાં આવ્યા.

કુલદેવીની સ્થાપના :

આવી રીતે સર્વ કાર્યોનાં મુહૂર્ત નક્કી થયાં એટલે સમય પ્રમાણે વિવાહનાં કાર્યોની શરૂઆત થઈ. કુલાચાર પ્રમાણે પ્રથમ અપરમાતા શ્રીપદ્માવતીજી, શ્રીયમુના બહેન, ગંગામામી, ગોપદેવી માશી એ ચાર સોહાસણીઓએ મળી મંગળ ગાન કરતાં હલદી ખાંડી. પછી કુલદેવીના સ્થાપન અર્થે માટી લાવવા પાંચ સોહાસણીઓને મોકલી. કુંભારને ત્યાં જઈ સાથે લાવેલી સામગ્રી મૂકી, જલસિંચન કરી પાંચ માટીનાં ઢેફાં થાળીમાં મૂક્યાં તથા ચાર ટોપલીમાં માટી લીધી અને ગીત ગાતાં ઘેર આવ્યાં તથા કુલદેવતા આગળ થાળી તથા ટોપલીઓ મૂકી. પછી મુહૂર્ત પ્રમાણે માટીનો ચોતરો, સિંહાસન વગેરે બનાવ્યાં. ત્યાર પછી છાબડીમાં ગોબર ધરી કુલાચાર પ્રમાણે વડી દેવરાવી. આ સમયે નાતના રિવાજ મુજબ નાતમાં ગનોડા લાડુ વહેંચાયા.

પછી શ્રીગુંસાઈજી વિવાહનો સાજ મંગાવવા વિશે સલાહ પૂછવા ભીતર પધાર્યા અને હલદી, કુંકુમ, નાડાછડી, વસ્ત્રાભરણ વગેરે સર્વ સૌભાગ્યસૂચક દ્રવ્યની લાંબી યાદી કરી બહાર પધાર્યા તથા અધિકારીજી ચાંપાભાઈને એ યાદી પ્રમાણે સર્વ સાજ તૈયાર રાખવા આજ્ઞા કરી. વળી કહ્યું કે આ પ્રસંગે કોઈ પ્રકારનો સંકોચ રાખશો

નહિ. એ ઉપરથી ચાંપાભાઈએ આભૂષણ માટે હીરા, મોતી, માણેક વગેરે જવાહીર તથા સોનું રૂપુ વગેરે ખરીદ કર્યાં અને ઉત્તમ કારીગરોને બોલાવી નાના પ્રકારનાં મનહર આભૂષણ તૈયાર કરવા રોકી દીધા. બીજી બાજુ અનાજ, ઘી, તેલ, ખાંડ, મીસરી વગેરેના પણ ભંડાર ભરાવી દીધા. એ વખતે મળતાં જુદાં જુદાં પ્રદેશોનાં ઉત્તમોત્તમ વસ્ત્ર, જેવાં કે સાદી ને પટાદાર અતલશ, કસબી અને જરીની સાડીઓ, પાટણનાં પટોળાં તથા સુંદર પીતાંબર, ખંભાતની ઘટ ઘાટડી, ખાસા મલમલ, શેલાં, ઉપરણા, ભરૂચી બાસ્તા, ગુજરાતી કસબી પાઘ, વિલાયતી જરીના તાસ, કાશ્મીરી પામરી વગેરે મંગાવ્યાં તથા કેશર, કસ્તૂરી, બરાસ, ઈલાયચી, સોપારી વગેરે અનેક પ્રકારની સામગ્રી તૈયાર કરી રાખી. સર્વ સાજ તૈયાર થયો એટલે ચાંપાભાઈએ શ્રીગુસાંઈજીને એ બતાવ્યો, જે જોઈ પોતે ઘણા પ્રસન્ન થયા.

કન્યા માટે તૈયાર કરાવેલા અલંકાર :

સાજ તૈયાર થઈ રહ્યો એટલે શ્રીગુસાંઈજીએ પોતાની ખવાસણીને કન્યાના અલંકાર માટે એનાં જુદા જુદા અંગોનું માપ લેવા વેણા ભટ્ટને ત્યાં મોકલી. એ બાઈ માપ લઈ આવી એટલે કારીગરો પાસે નીચે પ્રમાણે સુંદર અલંકારો તૈયાર કરાવ્યાં.

'કંઠના ભૂષણ-તીમનિયાં, ટીકી મોતીની, મોતીસરી, મંગલસૂત્ર, મોતીની દુલરી, સોનાની ટીલડી, જડાવની હાંસડી, કંઠસરી, ગલુબંધ, ખજૂરડો, રત્નજડાવની ટીલડી વગેરે.

ઉરનાં ભૂષણ-ચોકી પદકની જોડ, ચંપકલી, ચંદ્રહાર, પાનસંઘોડ, રત્નજડેલી મોતીની માળ, લટકણ, દોહરીહમેલ જડાવની વગેરે.

હૃદયનાં ભૂષણ-મોહનમાળા, મુક્તાહાર, કજરોં, ટિકામણ, ગારડી વગેરે.

ભ્રમરમાં-કામણ, ઢોલણું, ઝૂમણું, મોતીનો પંચલહાર, ટીકોટીકી, ચાંદલો.

વેણમાં-મોતી, ઝલકતી પાનડી, વાંક, ચોપડો.

શિરોભૂષણ-કુંદનમુક્તાએ જડેલાં અનેક ભૂષણ, જેવાં કે તાટક, ઝીલ, ઢેઢી, ખીટલી, ઝૂમક, વેણો.

નાકભૂષણ-નકવેસર, મકરો ને રવાનો કાંટો, એકનંગી નવ મોતીની નથ, નાકફૂલી.

બાહુમાં-બાજુબંધ, બેરખા, પટડી, કેયૂર, ગંડેરી, સુથલ, ચૂડી, ચૂડા, કંકણ, ગજમોતીના ગજરા, કાંકણી, સાદા તથા નંગે જડેલા જવ, મફલુલફૂંદણ, હીરાથી જડેલાં હાથસાંકળા, પહોંચી, રાખડી, કચરી.

અંગુલિમાં-અનેક પ્રકારની મુદ્રિકા, વીંટી, છલ્લા, અંગુસ્થાન.

કટિમાં-કાંકણી, ક્ષુદ્રઘંટિકા.

ચરણમાં-ઢૂઢણી, બતક, ગુજરી, ઝાંઝર, ઘૂઘરા, નૂપુર, કાંબી(સોનાની), વીંછિયાં, અંગૂઠી, દામની વગેરે.

કંકોતરી :

અલંકાર વગેરેથી પરવાર્યા એટલે શ્રીગુસાંઈજીએ દેશ પરદેશ ખબર કરવા માટે તથા સગાં વહાલાં અને સેવકોને એ પ્રસંગે નિમંત્રણ કરવા નીચે પ્રમાણે કંકોતરીઓ લખાવી :

''સ્વસ્તિ શ્રીવિઠ્ઠલનાથનાં એ સમસ્ત, સ્વકીયને શુભાશિષ,
સ્વજન કુટુંબ પરિવારસું એ, મન ધરી એણે મિષ. ૫
અસાડ વદિ શુભ દિન ભલો એ, બીજ અને ગુરુવાર,
શ્રીવલ્લભનો વિવાહ છે, એ ઊલટનો નહિ પાર. ૬
તે ઉપર વેગા થઈ એ, આવજો સહુ નરનાર,
કયમ અધિક એથી લખું એ, થોડું લખ્યું ગણો સો વાર. ૭
તમો આવે અમને થશે એ, મન માંહે અભિરામ,
શોભા અધિક પ્રગટ થશે એ, મંગલ મંગલધામ. ૮

અને કંકોતરી મળતાં ઠેરઠેરથી સર્વ ભક્તજન આનંદમાં ભાગ લેવા ઊલટી આવ્યાં એટલે શ્રીગુસાંઈજીએ એ સર્વના ઉતારા વગેરેની યોગ્ય ગોઠવણ કરાવી આપી એમનાં સંમાન કર્યાં.

મંદિર અને ગૃહને પણ રંગાવી, ધોળાવી તથા ચિત્રકામ વગેરેથી યોગ્ય રીતે શણગારવામાં આવ્યાં. પછી વાજિંત્ર વગેરેની ગોઠવણ થઈ અને જેઠ સુદિ ૧૧ ના રોજ નોતરાનું મુહૂર્ત આવતાં શ્રીગુસાંઈજી ન્યાતમાં નોતરાં દેવા પધાર્યા અને વેણા ભટ્ટે નોતરાં આપ્યાં એ દિવસે રાત્રે વરમાતા શ્રીપદ્માવતીજી વાજિંત્ર તથા સમાજ સાથે મીઠાઈ લઈ વેણા ભટ્ટને ત્યાં ગયાં. વેણા ભટ્ટનાં સ્ત્રીજનોએ એમનો આદર સત્કાર કર્યો ને રિવાજ મુજબ આવવાનું પ્રયોજન પૂછ્યું. પ્રત્યુત્તરમાં જણાવવામાં આવ્યું કે 'કન્યા માગવા,' ત્યારે સામાપક્ષ તરફથી પુનઃ પ્રશ્ન થયો કે 'જન્મોતરી મળતી છે ?' પ્રત્યુત્તરમાં જણાવ્યું કે 'જન્મોતરી ઉત્તમ પ્રકારે મળે છે,' ત્યારે સામા પક્ષે જણાવ્યું કે ''અવશ્ય કન્યા આપીશું.'' એ પછીથી કન્યા(પાર્વતીજી)ને પદ્માવતીજીની ગોદે બેસાડ્યાં, એમણે તિલકબિંદી કર્યાં. ચોળી ચીર વગેરે લાવેલાં એ ગોદમાં ધર્યાં અને બીડું, રૂપિયો તથા માલા આપી. છેવટે મંગલઅર્થે સર્વને હલદી અપાઈ અને વિદાયગીરી મળી એટલે શ્રીપદ્માવતીજી સમાજ સાથે કન્યા માગી ઘેર આવ્યાં.

વૃદ્ધિ નિશ્ચેતાંબોલ વર્ણન :

જેઠ સુદિ ૧૨ ના રોજ બારણે તોરણ વગેરે બંધાવ્યા અને મંગલ સાજ તૈયાર થયો. સોહાસણીઓએ શ્રીજીને હલદી વગેરેથી ઉવટના કરી સ્નાન કરાવ્યું અને અંગવસ્ત્ર કરી શૃંગાર કરાવ્યો તથા કેશરી વસ્ત્ર તેમ આભૂષણ ધરાવી મંડપમાં શ્રીજીને પધરાવ્યા. ત્યાં વાજિંત્રના ઘોષ અને સુંદરીઓનાં મધુર ગાન સાથે પિતા પુત્રે ચોકીએ બેસી પુણ્યાહવાચન કર્યા પછી શ્રીગુંસાઈજીએ નાંદિમુખવિધિ તથા પિતૃપૂજન વગેરે વૈદિક ક્રિયાઓ કરી, પુત્રનું વાત્સલ્ય વિચારી પછી જ્ઞાતિના રિવાજ મુજબ કુલદેવ

વગેરેની પૂજા કરી એટલે વેણા ભટ્ટને ત્યાંથી સ્ત્રીજન સમાજ સાથે, પકવાન, મેવો, કણ, ઘૃત, અડદની દાળ વગેરે સામગ્રી લઈ આવ્યાં. એ આંગણામાં મૂકી શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે આ સામગ્રી તમારે લાયક નથી, પણ થોડું કર્યું ઘણું માનજો. એના પ્રત્યુત્તરમાં વિવેકદક્ષ શ્રીગુસાંઈજીએ જણાવ્યું કે એ સામગ્રી તો ઘણી છે, એ ધરવાને ઠામ પણ નથી . પછી શ્રીગુસાંઈજીએ બહેન, ભાણેજ, અન્ય સંબંધીઓને વૃદ્ધિની પહેરામણી આપી, જમાડી સર્વને વિદાય કર્યાં. પછી રાત્રે શ્રીગુસાંઈજી સમાજ સાથે વેણા ભટ્ટને ત્યાં ગયા. ત્યાં ચોક પૂરીને આસન માંડ્યાં. એ ઉપર વસ્ત્ર બિછાવી શ્રીગુંસાઈજી તથા વેણા ભટ્ટ પૂર્વાભિમુખે બિરાજ્યા. ત્યાં શ્રીગુસાંઈજીએ સંકલ્પ કરી, ૧૧ સોપારી કરમાં પકડી મંત્રોચ્ચાર સહિત વેણા ભટ્ટને આપી અને બોલ્યા : 'વરવિષયે નિશ્ચયો ભવતિ'. 'કન્યાવિષયે વેણા ભટ્ટે કહીએ' એમ કહી ૯ સોપારી પાછી આપી. આમ બંને જણ પરસ્પર બોલ્યા અને શુભ કાર્યાર્થે સોપારી આપી તથા વેણા ભટ્ટે શ્રીગુસાંઈજીને કુંકુમ-તિલક કર્યું. પછી કન્યાને તેડાવી શ્રીગુસાંઈજીની દક્ષિણ ગોદમાં બેસાડ્યાં. શ્રીગુસાંઈજીએ એમના ભાલમાં તિલક કર્યું તથા કંઠમાં કુસુમમાળા પહેરાવી અને વહુજીને ચોળી વગેરે વસ્ત્ર તથા શ્રીફલ બીડું અને રૂપિયો આપ્યાં. ત્યાર પછી વહુજીને બીજા વડીલોની ગોદમાં બેસાડ્યાં, એમણે પણ યથાશક્તિ આપ્યું અને છેવટે શ્રીપદ્માવતીજી તથા બીજાં સ્ત્રીજનોએ પણ એવી જ રીતે વહુજીનો આદર કર્યો. જે સમયે ઉપર્યુક્ત રીતે વડીલ વર્ગ વહુજીનો આદર કરતો હતો ત્યારે શ્રીશોભાજી વગેરે યુવતિ વર્ગ નીચેના ગીતમાં રોકાયો હતો

''એવું બોલી રે શ્રીવિઠ્ઠલજીની જાઈ,
મે તું વાયો રે મારા કોડીલ વેહેવાઈ.
તુને કરવાનું વહેવાનું કોડ,
પણ કઈ પેરે કરીશ હમારી હોડ ? ૪
તે કો તું સરખો કરે રે વેહેવાઈ,
હવે શું કરીશ હાથીને ગળે બંધાઈ. ૫
જો તુંને પોતેથી ન આવી એ શુદ્ધ,
તો તેં બીજાને કાં ન પૂછી એ બુદ્ધ ? ૬
તેં કીધો મનમાં કોણ વિચાર,
હવે કઈ પેરે પામીશ એનો પાર ? ૭
એ છે ભૂતલ સકલ ભુવનનો નાથ,
તું કેમ કરી પહોંચીશ એહો સાથ ? ૮
મહાસકલ પદાર્થ જેહોને હાથ,
તું કેમ દેઈશ બલિયાસું બાથ ? ૯
મારો વલ્લભ અતિ પરમ સુજાણ,
તે તું કેમ પામીશ ? સાંભળ રે અજાણ. ૧૦
મેં તું વાર્યો રે મારા વલ્લભજી વરેશ,
એણી શેરીએ ન જઈએ રે સુવેશ. ૧૧

એ શેરી કામણગારડી, તારી સાસુ અતિ ધુતારડી, ૧૨
તારે અંગે ભૂષણ સોહશે, તે દેખીને સાસુ મોહશે. ૧૩
તારું રૂપ જોઈ સુખ પામશે, તે સહુકોને શિર નામશે.
કહેશે ધોરે દેવાડો દયા કરો, અમને શોભાજીનો વીર દયા કરો.
કહેશે ધોરે દેવાડો દયા કરો, અમને વિઠ્ઠલજીનો કુંવર દયા કરો.
તારી કન્યાને રઢ લાગશે, એવા વરને વરવા વર માગશે.
તારી સુંદરતા જ્યારે દેખશે, બીજું સહુ તૃણવત્ કરી લેખશે.
વેણા ભટ્ટને જોઈ રઢ લાગશે, પછી ચરણે લાગી તે વર માગશે.
ગોવિંદમામાને મધ્ય લાવશે, ઘણું ખોળા રે પાથરતો ઘેર આવશે.
પેહેલાં હતી રે વેણા ભટ્ટ તમસું લોકાઈ.
હવે થયા રે ગુસાંઈજીના સગા વેહેવાઈ.
પેહેલાં હતા રે વેણા ભટ્ટ દૂધ મલાઈ,
હવે સંબંધ થયે માંહે સાકર ભેલાઈ. ૨૨
પેહેલાં હતા રે વેહેવાઈ, તમે ઘરના માનીતા,
હવે કર્યા રે ગોસાંઈજીએ જગત જાણીતા. ૨૩''

આ પ્રમાણે બંને પક્ષનાં સ્ત્રીજન સામસામાં ઊભા રહી અરસપરસ ગૂઢ વચનો દ્વારા હાંસી મશ્કરી કરી આનંદ ભોગવવા લાગ્યાં. પછી બ્રાહ્મણોએ વેદમંત્રથી આશિષ આપી. એમને બીડાં દક્ષિણા આપી સંતોષ્યા અને શ્રીગુસાંઈજી ગાજતેવાજતે ઘેર આવ્યા.

સ્નાનનો વિધિ :

આ પછી લગ્નનો નિર્ણીત કરેલો દિવસ આવી પહોંચતાં પ્રાતઃકાલથી ધ્વજા પતાકા લતામંડપ વગેરે મંગલ સાજની તૈયારી થવા લાગી અને પછી નાતના રિવાજ મુજબ વિવાહની સર્વ ક્રિયા ચાલુ થઈ. પ્રથમ વરને ત્યાંથી કન્યાને માટે અરગજા, હલદી, કેસર વગેરે ઉવટનાનો સાજ લઈ સોહાસણીઓ ગાતાં ગાતાં કન્યાને ઘેર ગયાં ત્યાં કન્યાને નવરાવી અને પછી કન્યા તરફનાં સ્ત્રીજનો કન્યાને નાહતાં બચેલો સાજ તથા એમાં બીજો કેટલોક ઉમેરી વરને નાહવાંને માટે લઈ આવ્યાં એટલે વર અને વરમાતા ચોરીએ બેઠાં અને ચાર સોહાસણીઓએ મળી વરને સ્નાન કરાવ્યું તથા શ્રીગુસાંઈજીએ સ્નાન કરી સુંદર વસ્ત્રાભૂષણ ધર્યાં. વેણા ભટ્ટને ત્યાં કન્યાને પણ નખથી શિખ પર્યંત શણગાર કર્યા તથા વસ્ત્ર પહેરાવ્યાં અને મૃત્તિકાસ્થાપન આગળ પધરાવ્યાં.

પછી વરઘોડાનો વખત થયો હતો એટલે વેણા ભટ્ટે શ્રીજી તથા એમની જાનના સંમાનાર્થે જોઈતો સર્વ મંગલસાજ તૈયાર કરી આંગણામાં ધરી રાખ્યો.

જનસત્કાર અર્થે વેણા ભટ્ટની તૈયારી :

(વલણ)-''ધરે આંગણામાંહાં ને વલી કરી સિદ્ધ અનેક,
ચરણક્ષાલણ મધુપરક આદે તે કરિયો વિવેક. ૧૯

વાંસનો મંગલ ટોકરો, ચોખે ભર્યો એકુ ત્યાંહે,
સામગ્રી મંગલ તાણી ભરી, ધરી બીજા માંહે. ૩૦
મોડ ધોતી ને ઉપરણો, તે સોંધે કરીય,
આભૂષણ અનેક પ્રકારનાં, તે માંહે રાખ્યાં ભરીય. ૩૧
થાળી એક ચોખે ભરી, દાયજા કેરી જેહ,
કટોરો દૂધે ભરી મધ્યે તે મહેલ્યો તેહ. ૩૨
મધે મંગલસૂત્રની એક લરી એ ધરીય હલદી પીસ કરી એ.
મંગલ સાજ મંગલ નિધિ કાજ એ,
સિદ્ધ કરી અને રાખ્યા ધરી એ. ૩૩

આવી રીતે સર્વ તૈયારી કરી જાન આવવાની વાટ જોતા વેણા ભટ્ટ બેઠા.

શ્રીજીનો વરઘોડો :

શ્રીગુસાંઈજીને ત્યાં પણ સમય થતાં વરઘોડાની તૈયારીઓ થવા લાગી. ઠામેઠામ ગાન અને નૃત્ય થઈ રહ્યાં અને સર્વ આનંદમાં ફરવા લાગ્યાં. એ વખતના આનંદમય સમયનું વર્ણન કરતાં પરમ ભગવદી ગોપાલદાસભાઈ લખે છે કે,

‘‘મથુરાં સહુ ગાજી રહ્યું એ નગર નિવાસી લોક,
અતિશે ઊલટ ઊલટ્યો એ નરનારી વૃદ્ધ તોક, ૧૩૦
વ્રજવાસણીય સોહાસણી એ ગાએ મંગલ ગીત,
વરજીના ગુણ કહી અને એ જેમ વિવાહની રીત. ૧૩૧’’

વળી તેઓ લખે છે કે,

‘‘હવે વરઘોડા વેળા થઈ, સિદ્ધ થાયે સહુ જાનજી,
કુટુંબ જ્ઞાત વર્ગ તેડિયાં દેઈ દેઈ માનજી. ૨
આદ્યે અતિશે તે સોહામણા શ્રીગુસાંઈજીના પુત્રજી,
લૌકિકથી અલગા સદા તેનું અલૌકિક સૂત્રજી. ૩
મહા ગુણવંત ઉત્સાહશું સર્વ થયા છે તે સિદ્ધજી,
સુંદર પરમ શોભીતા જાણે ત્રૈલોકની નિધજી. ૪
શ્રીગિરિધરજી અતિ ગુણ ભર્યા તે ગુણ વિશદન થાયેજી,
સિદ્ધ થયા રે સોહામણા ઊલટ ગોવિંદરાયજી. ૫
બાલકૃષ્ણજી મન હરખિયા ને ફૂલ્યા તે અંગ અંગજી,
શ્રીવલ્લભ વલ્લભ ઘણું સ્નેહે સદા રહે સંગજી. ૬
રંગભર્યા રઘુનાથજી મોદે ભર્યા મહારાજજી,
સિદ્ધ થયા એ સોહામણા કરે તે સમયનાં કાજજી. ૭
કોડે ભરી કુંવરી સહુ શોભાજી શોભારૂપજી,
જમુનાજી જગત-મોહામણાં, જેનું રૂપ અનૂપજી. ૮
દેવકાજી રે રંગે ભર્યાં, કમલાજી મોદ ન માયેજી,
પિત્રણ બેહેન લક્ષ્મીજીના ઊલટ વિશદ ન થાયજી. ૯

શોભા ભર્યાં રે સત્યાજીય ગોપદેવીય છે માસીજી,
મામી ગંગા મન ઊલટ્યાં અંતરમાંહે ઉલ્લાસજી. ૧૦
બીજાં સ્ત્રીજન આવ્યાં અતિ ઘણાં, તેહ તણો નહિ પારજી,
જ્ઞાત પરજ્ઞાતનાં આવ્યાં, તે કેમ કરાય વિસ્તારજી ? ૧૧

શ્રીગુસાંઈજીએ એ સર્વને વસ્ત્રાભૂષણની પહેરામણી કરી.
વળી-

''મામો અચ્યુત ગોવિંદ આવ્યા આનંદે તે ઘણુંયજી,
પિત્રાઈ મામો જનાર્દનદાસ, શું કહું કારણ તેહ તણુંયજી
ભટવરણા તે માસો અને ગણેશ ભટ્ટ ને વાસુદેવજી,
ભાણેજ ભત્રીજા સગાં આવ્યાં કુટુંબ સહિત તતખેવજી,
માહાવન કેરો સમાજ તે આજ અવસર લહી આવ્યોજી,
ઊલટ અતિશે ઊલટભર્યો શ્રીગુસાંઈજીને મન ભાવ્યોજી. ''

આ ઉપરાંત આગ્રાના છીતસ્વામી, પ્રિયદયાલ, કમલો ચોબો, લઘુ ગોપાલ વગેરે ભાવિક વૈષ્ણવો એ જ દિવસે આવી પહોંચ્યા.

''વિવિધ વેષરે વૈભવજુત વાહન વસન અનેકજી,
જાન અનુપમ સહુ સિદ્ધ થઈ, ક્યાં લગી કહું તે વિવેકજી ?
નગર મથુરાં નવરસભર્યું, ઊલટ અંગ ન માયજી,
સુખદ સામગ્રી લહેરે તે કાંઈ વિશદ ન થાયેજી.
ઠામઠામે નિરઘોષ વાજિંત્રના વાજે છે તે બહુયજી,
ભેર ભૂંગલ શરણાઈએ જગત ગાજી રહ્યું સહુયજી.
મંગલ ગાયે સોહાસણી, જ્યાંહાં ત્યાંહાં મંગલ બોલેજી,
એહ મંગલ સમે અભિનવો નહિ કો એ દિવસને સમતોલેજી.''

શ્રીજીનું અશ્વારોહણ :

આવી રીતે સર્વ જાન તૈયાર થઈ એટલે યુવતિજનોએ મળી, શ્રીજીને વસ્ત્રાભૂષણ ધરી, તિલક અંજનાદિ કરી મંડપમાં સિંહાસન પર પધરાવ્યા. પછી જાનનાં સર્વ માણસોને કેસરથી છીરકી, જ્ઞાતિના સર્વ માણસોને તિલક કરી, સર્વને માન દઈ બીડાં આપ્યાં. એ વખતે માલણ પુષ્પનો માંડ લાવી એને એના રિવાજ કરતાં અધિક આપી ખુશી કરી અને શ્રીજીના શ્રીમસ્તકે માંડ ધર્યો તથા શ્રીદેવકાજી અને શ્રીયમુનાજીએ શ્રીજીને કુંકુમ-તિલક કરી શ્રીહસ્તમાં શ્રીફલ ધર્યું તથા કુલદેવતાને નમન કરી શ્રીજીએ વિજય કર્યો.

ભગવદીયોને મળેલો સેવાનો લાભ :

હવે શ્રીવલ્લભવર ઘોડેસવાર થયા. આ સમયે શ્રીગુસાંઈજીએ માધવદાસની વિનંતી પરથી શ્રીજીના શ્રીમસ્તક પર છત્ર ધરવાની એમને આજ્ઞા આપી તથા જીવા પારેખ, નાગજીભાઈ, ભાઈલા કોઠારીને તથા દેવરાજભાઈને એ સમયે શ્રીજીને ચમર ઢોળવાની સેવા પ્રાપ્ત થઈ. આ સિવાય અન્ય ભક્તોને પણ અધિકાર પ્રમાણે શ્રીજીના

શ્રીઅંગની સેવાનો લાભ મળ્યો.

જાનનું પ્રયાણ :

''જે સામગ્રી ઉત્સાહની, તેહ માંહે ત્યાં આવીજી,
ભરી સુખદરૂપ સેવા હિતે પ્રીતે પ્રભુને મન ભાવીજી.
આગળ પાછળ ને મધ્યે, દીવા કરીય છે ઉદ્યોતજી,
તેની આભા અનુપમ હોયે, જગમગે જગત માંહે જ્યોતજી.
આતશબાજી બહુ ભાતની, ખાંત કરી કરીયજી,
ઊડે છે અનેક પ્રકારની અને કૌતુક શું ભરીયજી.
આસપાસ અતિ અભિનવા રાજતા સુંદર બાલજી,
મધ્યે મધ્ય નાયક શોભતા, શ્રીરુક્મિણીલાલજી.
મધુપુરી મધ્યે રસ ઊલટ્યો, ચાલી છે રંગની રેલજી,
એણી પેરે અનેક સમાજશું, પરવર્યો મોહનવેલજી.
શેરીએ અગર મહેકિયા, કરી રચના, નહિ પારજી,
કુંકુમ ચંદન છીરકિણા, આવે છે પ્રાણાધારજી.
નગરનિવાસી ઊલટિયાં, ચઢી અટાલીએ નીરખેજી.
સમધીના સહુ સંમુખ રહ્યા, સુંદર શ્રીમુખ પરખેજી.
રમણી રસભરીય તે પાછલી, રહી ઘટિકા જ્યારે ચારજી,
સમય શુભ તોરણે પહોંચ્યા, વેગે વેણા ભટ્ટ-દ્વારજી.''

શ્રીજીનો સત્કાર :

આ પ્રમાણે ચાર ઘડી રાત રહી એ સમયે શ્રીજીનો વરઘોડો વેણા ભટ્ટને ત્યાં આવી પહોંચ્યો. ત્યાં ચાર બ્રાહ્મણ તથા ઉપાધ્યાયે મળી શ્રીજીનો કુંકુમથી વેદમંત્રોચ્ચાર સાથે અભિષેક કર્યો. પછી કલશ વડે પ્રભુને મંગલ શુકન કર્યાં અને રૂપિયો લઈ કલશમાં મૂક્યો. વહુજીની ગંગામામીએ શ્રીજીની આરતી ઉતારી, સકલ સૌભાગ્યના તિલકને કુંકુમ તિલક કરી, અક્ષત ચોઢી કરકમલમાં શ્રીફળ ધર્યું અને બીડું તથા રૂપિયો મૂકી એ ઉપર એક વસ્ત્ર ઓઢાડ્યું. પછી પીંડી ઓવારી એટલે આસપાસનાં સ્ત્રીજનોએ ભામણાં લઈ આશિષ આપી :

''સાસુ સુંદર સુભગા જોઈ, રીઝ્યા રસિકવર રાયજી,
સાસુ ઘૂંઘટ અવકાશ માંહાં, જોતાં તૃપ્તિ ન થાયજી.
જ્યાંહાં ત્યાંહાં સર્વ મોહી રહ્યાં, નીરખતાં નયણાં ન મટકેજી,
ભાગ્ય સરાહી પોતા તણું, ફરી કર ચટકેજી.''

મંડપમાં પધરામણી :

પછી અશ્વરક્ષકને ન્યોછાવરી વારી આપી, મામી સાસુએ સણઘટ કરી શ્રીજીને મંડપમાં પધરાવ્યા અને બ્રાહ્મણોએ વેદમંત્રોચ્ચારનો ઘોષ જગાવ્યો. દરમ્યાન વેણા ભટ્ટજી અને એમના માણસોએ શ્રીગુસાંઈજી તથા અન્ય સર્વ જાનમાં આવેલા ગૃહસ્થોનો આદરસત્કાર કરી એમને યોગ્ય આસન આપ્યાં. મંડપમાં આવ્યા એટલે

શ્રીજી ચરણક્ષાલણ કરી આસને બિરાજ્યા અને વેણા ભટ્ટે આવી એમને શિર નમાવી મંત્રોચ્ચાર સાથ ચરણક્ષાલણ કર્યું એટલે કે શાસ્ત્રની વિધિપ્રમાણે અર્ઘપાદ્ય-પૂજા કરી. પછી બંને પક્ષના આચાર્યોએ ગોત્રોચ્ચાર કર્યો. અત્રે શ્રીજીનો પ્રથમનો વાઘો ઉતરાવ્યો અને નવો સોંધેભર્યો કેસરી વાઘો ધરાવ્યો તથા વેણા ભટ્ટે સોનાનું ઉપવીત શ્રીઅંગમાં ધર્યું.

પાણિગ્રહણ :

એ પછી વરજીને પશ્ચિમમુખ કરી પધરાવ્યા અને અંતરપટ કરી સામે પૂર્વમુખે કન્યાજીને પધરાવ્યાં. આચાર્યોએ ફરીથી ગોત્રોચ્ચાર કર્યો અને કન્યા પાસે પાણિગ્રહણનો સંકલ્પ તથા વર પાસે ગો-સંકલ્પ કરાવ્યો એટલે વરજીએ કન્યાનો પાણિ ગ્રહણ કર્યો, પણ હજુ અંતરપટ કાયમ હતો. પછી લગ્નના મુહૂર્તની આતુરતાથી રાહ જોતા બ્રાહ્મણો તથા જોશીઓ અષ્ટકો ભણી રાત્રિ વિતાવવા લાગ્યા :

''પછી લગનવેળા જ્યારે થઈય, સહુકો થયું આનંદમઈય.
ખબર કરી જોશીએ જ્યારે, ઘંટાનાદ કરી જગાડ્યા સૌ ત્યારે.
પછી અંતરપટ અલગું કર્યું, ત્યારે કાજ ઉભયતાનું સર્યું.
સુંદર અક્ષત અંજુલિએ ભરી, એકએકને મસ્તક ધરી.
એમ પરસ્પર મન સોંપી અને, જુવે હરખભર્યાં તે હસીયને.
બેઠા સંમુખ મુખ કરી, અતિ આનંદ ઊલટ ભરી.
અતિ આરત ને સંકોચસું, જુવે વહુજી લોચન લોલસું.
નાયક નીરખે નયણે ભરી, કાંઈ દ્રષ્ટિ દુરાવી મિષ કરી.''

એ સમયે બહાર વાજિંત્ર વાગવા લાગ્યાં તથા સુંદરીઓએ મધુર સ્વરે ગીત ગાઈ આનંદવૃદ્ધિ કરી :

''સૌ જોવા આવ્યું જોડ ને, મન મનોરથ પ્રકટ્યો કોડ ને.
અહીં ગોકુલપતિ અતિ ગુણનિધિ, અહીં પાર્વતીવહુ મહાનિધિ.
કહે, જુઓ, લાડી, મુખ વરતણું, મહાસુંદર પરમ સોહામણું.
જોતાં દૃષ્ટિ મા અલગી કરશો, જોઈ જોઈ મનમાંહાં અતિ રાચશો.

ગૌરીપૂજન :

પછી વરવધૂને મુદ્રિકા પહેરાવી, અભિષેક કરી ગૌરીસ્થાપન આગળ પધરાવ્યાં અને ત્યાં કુળની રીત પ્રમાણે ગૌરીપૂજન કર્યું એટલે વરને ત્યાંથી ગોળ, હલદી, ચણા, દાળ, વગેરે ભરી પાંચ ઢાંકેલા ટોપલા ત્યાં હાજર રહેલાં સ્ત્રીજનોને તથા ખુલ્લા ટોપલા જ્ઞાતિમાં વહેંચી આપ્યા. એ પછી વહુજીને શ્રીગુસાંઈજી તરફથી નખથી શિખ પર્યંત સર્વ શૃંગાર ધરવામાં આવ્યા :

''પીત સારી સુંદર ધરાવિઉં, મોડ ધરીને અતિ મન ભાવિઉં.''

શૃંગાર થઈ રહ્યા એટલે કુશનદોરી વહુજીના ગળામાં નાખી, છેડા ગાંઠી ફરીથી માંહે પધરાવ્યાં. આ વખતે પ્રથમનાં આસન બદલાયાં. અત્રે આવ્યા પછી બંનેને ઊભાં કરી, વરની પોસ ઉપર વધૂની પોસ ધરી થાળમાંનાં દૂધભાત એની મૂઠીમાં

મૂક્યાં અને મંત્રોચ્ચાર કરી એ પોસ વરજીને મસ્તકે ધરી, એવી જ રીતે ફરીથી વરજીને મસ્તકે ધરી. આ પ્રમાણે કેટલીક વખત કરી આસને બેસાડ્યાં. પછી સૂત્રથી વહુજીએ જમણે કરે શ્રીજીને બાંધ્યાં. છેવટે બ્રાહ્મણોએ વેદમંત્રોથી આશિષ દઈ વિધિની સમાપ્તિ કરી.

ચોરીનો વિધિ :

ત્યાર પછી વરવધૂને ચોરીના મંડપમાં પધરાવ્યાં. ત્યાં શાસ્ત્રોક્ત સર્વ ક્રિયા કરી તથા બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર સાથે વરવધૂને ચાર મંગળ ફેરા ફેરવ્યા. વિધિ પૂરો થતાં વરવધૂને સાથે લઈ શ્રીગુસાંઈજી તથા એમનો સઘળો સમાજ વાજતેગાજતે મુકામ પર આવ્યો.

હલદી ખેલ :

ચોરીનો વિધિ પૂર્ણ થયા પછી હલદીખેલ કરવાનો હતો. એ સમયે સર્વ સમાજ શૃંગાર કરી, સુગંધીદાર મંગલ દ્રવ્યો, જેવાં કે કેસર, અબીર, ગુલાલ, સોંધો, ઉત્તમ તેલફુલેલ, અત્તર વગેરે લઈ વેણા ભટ્ટને મંડપે આવ્યો. બીજી તરફથી વહુજીનાં સખીજન પણ વાજતે ગાજતે આવી પહોંચ્યાં. બંને પક્ષનો સમાજ આવી પહોંચ્યો એટલે પ્રથમ શ્રીજીએ વહુજીને ગોદમાં લઈ ભીતરથી આંગણામાં પધરાવ્યાં. પછી બંને સમાજ ગીત દ્વારા પ્રથમ પગે કોણ લાગે એની ચર્ચા કરવા લાગ્યાં. વરવાળા કહે પ્રથમ કન્યા પાયે લાગે અને કન્યાવાળા કહે પ્રથમ વર પગે લાગે. છેવટે તકરારનો નિવેડો આણવા શ્રીશોભાજીએ શ્રીજીને સમજાવ્યા કે,

''કહ્યું, બાબા, એ તો તમને નિત્ય નમશે કરી પ્રીત,
પણ હમણાં તો તમો નમો એવી આપણે રીત.
વાધ્યો રંગ અભિનવો''. ૧૪

વડાંબહેનનું કહ્યું માની શ્રીજી પ્રથમ પાયે લાગવા ગયા,પણ સંકોચથી વહુજી એમ કરવા દે નહિ એટલે સર્વ એમને સમજાવવા લાગ્યાં કે આજે તો શ્રીજીને પાયે લાગવા દો, પણ

''ચરણ સંતાડે સંકોચસું, કરે મનમાં ઘણી લાજ,
વાધ્યો રંગ અભિનવો''. ૧૬

પછી મહા મુશ્કેલીથી શ્રીજીએ વહુજીના ચરણ ગ્રહ્યા અને ત્યાર બાદ વહુજી શ્રીજીને ચરણે નમ્યાં. નમસ્કારનું કાર્ય પુરું થયું એટલે વરવધૂના હાથમાં હલદી આપવામાં આવી. એ સર્વને લગાડવા બંને સાથે ઊઠ્યાં. પ્રથમ વહુજીએ સાસુને તથા શ્વસુર પક્ષનાં સર્વ વડીલ સૌભાગ્યવંતી સ્ત્રીજનોને હલદી લગાવી અને એ પછી શ્રીગુસાંઈજી પાસે આવ્યાં એટલે એમણે વહુજીને વાત્સલ્યથી પોતાની ગોદમાં બેસાડ્યાં. છેવટે વહુજીએ દીયર, જેઠ વગેરે સર્વ કુટુંબ પરિવારને હલદી લગાવી. ત્રીજી તરફ શ્રીજી વેણા ભટ્ટ તથા એમના તરફનાં સર્વ સ્ત્રીપુરુષોને હલદી લગાવતા હતા. એ વખતે પ્રસંગને અનુસાર હાંસી-મશ્કરી પણ ચાલતી હતી

''હાંસી કરે મન ભાવતી, કરે વચન અનુહાર,
કેને કેને કંઠે તે ધરે, હાસ્ય તણો નહિ પાર.
વાધ્યો રંગ અભિનવો. ૩૬

એક એકને મસ્તકે, ભરે તેલ ને સોંધો સંગ,
ઢોળે કેસર હલદી ઘણીય ને, વળી કેસુનો રંગ.
વાધ્યો રંગ અભિનવો. ૩૭
અબીર ગુલાલ છીરકે ઘણું, સોંધાનો નહિ પાર,
ખેલે છે બેઉ પાસનાં, ઉન્મત્ત થયાં નરનાર.
વાધ્યો રંગ અભિનવો. ૩૮
જગતનાં ઈશ, જગતગુરુ ગોકુલનાથ પ્રતિપાલ,
જીવન ધન યુવતી તણાં, શું કરી ગાઉં ગાલ.
વાધ્યો રંગ અભિનવો. ૩૯
સમધી દીસતાં એમ કહે, ડાહાપણ મેલો તમારું,
છોડો, કુંવર, તમે દોરડું, કહ્યું કરો જી અમારું.
વાધ્યો રંગ અભિનવો. ૧૦૧
નામ તમારું સાંભળ્યું, ભવ તણા બંધન છોડ,
બંધન છોડો તની તણું, અમને જોવાનું કોડ.
વાધ્યો રંગ અભિનવો. ૧૦૨
છોડો એ ગાંઠ સોહામણી, વેગા વેગા થઈ આપ,
જો તમથી છૂટે નહિ, તેડો શ્રીવિઠ્ઠલજી બાપ.
વાધ્યો રંગ અભિનવો. ૧૦૩
એક કાને લાગી કહે, હસી હસી વચન રસાલ,
દાંતે કરીને છોડોને તમે, તો છૂટે તે તત્કાલ.
વાધ્યો રંગ અભિનવો. ૧૦૯
હાં હાં કરી જોડી કરને, કુંવરીને લાગો પાય,
પરમ લડેતી તણી તની, તોયે છોડી ન જાય.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૦
કર બલે રંચ ખસે નહિ, ગાંઠ જાયે ન છોડી,
સરકી સરકી જાયે અંગુલિ, કુંવરી હસે મુખ મોડી.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૧
મોટા કહાવો છો સર્વથી, સરસે નહાના મહારાજ,
મોટા થાઓ ત્યાહારે છોડજો, હમણાં રેહેવા દ્યો, મહારાજ.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૨
આંખ લૂછો રે પંખો કરો, થાવો કો સ્વજન સહાયે,
ધીરજ ધોરે પાસે રહી, જેમ એ તનીય છોડાયે.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૩
કાંઈ એક સુકૃત કર્યું હોય, તે સંભારો આજ,
તેથી ગાંઠ એ છૂટશે, રેહેશે તમારી લાજ.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૪

સાત પરિક્રમા જો વહુજીને કરો એક પગે જ્યારે,
ડાબે પગે સ્પર્શી રહો, એ ગાંઠ છૂટશે ત્યારે.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૫
એમ ડકતાઈ કાં રહ્યા ? ધીર ધરો કોની આજ ?
કોણ ગજું કસી છોડયાનું ? કરવાં છે મોટાં કાજ.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૬
છોડો વાત તમને, શીખવું જોડો હાથ,
કુંવરીની સખીય સહેલડી તે, સૌને નમો માથ.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૮
એક ઉપાય અમો કહું, તમો ચતુર સુજાણ,
હાર્યું કહો સહુ આગળે, જોડીને બેઉ પાણ.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૯
સુંદરી અતિ સકુચે ઘણું, નીચી દૃષ્ટે મુસકાય,
તેહ સમે જે રસ હવો, વચન કહ્યો ન જાય.
વાધ્યો રંગ અભિનવો. ૧૧૦''

તની છૂટી :

આ પ્રમાણે હાંસીનો રંગ પૂરો જામ્યો, એટલે નિપુણ નાયક શ્રીગોકુલેશ પ્રભુ, જેમણે જાણીને-- રસવૃદ્ધિ માટે-ગાંઠ છોડતાં વિલંબ કર્યો હતો, તેમણે લઘુલાઘવી કરી ગાંઠ એકદમ સરકાવી અને છોડી નાખી :

''તેણે સમયે સંમુખ રહી, ગાયે ગુજરાતીનો સાથ,
ઊલટભેર એમ ઊચરે, જીત્યો જીત્યો શ્રીગોકુલનાથ.
વાધ્યો રંગ અભિનવો. ૧૨૮''

પૂર્ણાહુતિ :

પછી ઉબટના તથા સ્નાન કરી શ્રીજી તથા વહુજીને બીજાં વસ્ત્રાભૂષણ ધરાવ્યાં અને કુંકુમ-તિલક કરી રાઈ - લૂણ ઓવાર્યાં. અન્ય સર્વને બીડાં વગેરેથી વેણા ભટ્ટે સંમાન કર્યું. ચાર દિવસ આ ખેલ ચાલ્યો અને એ પછી સંધ્યાવંદન હોમ કર્યો.

નાગરવલ્લી ખેલ

આષાઢ વદિ પંચમીની રાત્રે શ્રીજી તથા વહુજીએ સૂકવેલાં રંગીન વસ્ત્રો પહેર્યાં. પ્રાતઃકાલે શ્રીગુસાંઈજી સમાજ સહિત પાછલી રાતના ઊઠ્યા અને ચોક-સાથિયા વગેરે પૂરી સર્વ સાજ તૈયાર કર્યો, સમય થતાં શ્રીજી તથા વહુજીને સ્નાન કરાવી નવાં વસ્ત્ર ધારણ કરાવ્યાં, જૂનાં વસ્ત્ર વાળંદ તથા ખવાસણને આપી દીધાં. પછી ગાંઠ જોડી વરવધૂને મંડપમાં વેદી પાસે પધરાવ્યાં. ત્યાં હોમ કરી નાગરવલ્લીનો સાજ તૈયાર કર્યો. આ સાજમાં આંગણામાં ચોખાનો હાથી બનાવ્યો તથા વેદી પાસે ડાબી બાજુએ લૂણનો હાથી બનાવ્યો. એક ચરખો રંગી ચોકમાં મૂક્યો તથા ગૌરી, શિલા, દીવા, પીઢા વગેરે ગોઠવ્યું. વરવધૂએ પછી ચરખાની પૂજા કરી. પછી રજસ્વલા

વિનાની સોહાસણીએ ચોકમાં ગોઠવેલી વસ્તુઓની પ્રદક્ષિણા કરી વરવધૂને આશિષ દીધી. પછી વરમાતાએ દંપતીની આરતી ઉતારી અને સમધીએ પહેરામણી કરી. આ વખતે શ્રીજીએ જરકસી વાઘો પહેર્યો હતો. પ્રથમ એઓ લૂણના હાથી પાસે આવી ઊભા અને વહુજી ચોખાના હાથી પાસે ઊભાં. સખીજનોના શીખવવાથી વહુજીએ શ્રીજીને વિનંતી કરી કે

"ચાવલકો હાથી લેકે, લૂણકો દોગે મોહેકૂંએ."

શ્રીજીએ હાથી આપ્યો એટલે વહુજી રાજી થઈ લૂણના હાથી પાસે આવ્યાં અને શ્રીજી ચોખાના હાથી પાસે ઊભા. પછી શ્રીજીએ હાથીનો બદલો માગ્યો. આ પ્રમાણે ત્રણ વખત થયું. ત્રીજી વાર વહુજીએ કહ્યુ :

"મેરો હાથી લેકે તેરો દેગો, રે રાજા એ સૌને ગમે એ. ૩૭"

એમ કહી પ્રેમદાએ હાથી માગી લીધો, પણ પાછા શ્રીજીએ હાથી પલટ્યા એટલે દરેક પોતપોતાના મૂળ હાથી પાસે ઊભાં રહ્યાં.

પઠવણી :

આષાઢ વદિ છઠનું જાન વળાવાનું મુહૂર્ત આવ્યું એ દિવસે સર્વ તૈયારી થઈ એટલે અશ્વ ઉપર આગળ શ્રીજી અને પાછળ વહુજીને પધરાવ્યાં. શ્રીજીના કરમાં શ્રીફળ તથા વહુજીના કરમાં કંકાવટી અને લાડુ ધર્યાં, આ વખતે વર તરફની સોહાસણ ગાવા લાગી કે

"અમો આવ્યાં છે વહુઅર લેવાને, તે જાશું લેઈનેએ,
સર્વનાં કરી સંમાન અને સુખ દેઈનેએ. ૨૪
વેહેવાઈ, તારે માંડવે થકી, શ્રીવલ્લભ જીતીને જાયેએ. ૩૧
જીત્યું ને જિતાવિયું, ગાંઠ પટોલે પડીએ,
ઓઢી દેશાવરી ઘાટ, પધારે ઘોડે ચઢીએ. ૩૨
જીત્યું જીત્યું જગત વંદિ તે, જગતમાંહે જાણિયુંએ,
મનગમતો સાસરવાસો, દીજીએ સર્વસ્વ વારિયુંએ. ૩૩

સમધીએ વરમાતાને કરેલી વિનંતી :

જાન વળાવતી વખતે વેણા ભટ્ટને પુત્રીવિયોગને લઈ નેત્રમાં જલ આવ્યું, પણ એને મહા મહેનતે ખાળી રાખ્યું. વહુજીની મોટી બહેન સમધી એ વખતે વરમાતાને કહેવા લાગી કે

"ખેલતી આપણ ઘેર, સુપેર સોહામણીએ,
થઈ વિદેશી બાલ એ, સંસારવાસણીએ. ૪૪
આજ લગી આંહાં ખેલતી, ઢીંગલી પોતીયેએ,
બેઠી વર વલ્લભ પાસ તે, સુંદરી સોહાગીએ. ૪૫
સમધણ તમને સોંપું છું, કુંવરી કોડ ભરીએ,
દુખવશો મા ક્ષણું એક, રાખજો પ્રેમી કરીએ. ૪૬
ખીજશો મા એક લગાર, વિનય કરું વલીવલીય,
સાસુ, તમો ગાળ મા દેશો, એ ગાળે થશે ગળગળીય. ૪૭

જાન-વિસર્જન :

આ પ્રમાણે વિનંતી તથા વિદાયગીરી પૂર્ણ થતાં જાને પ્રયાણ શરૂ કર્યું અને સ્ત્રીજન ગાવા લાગ્યાં કે,

''આવ્યો આવ્યોરે રસિક ધુતારો, પાટણ ધુતારો,
પાર ન પામે કોયે તે એહનો, નામ તણોએ. ૫૩

ગૃહપ્રવેશ :

જાન ઘર આગળ આવી પહોંચી એટલે સોહાસણીઓએ મંગલ-કલશ લાવી સત્કાર કર્યો, વિપ્રોએ અભિષેક કર્યો તથા વરમાતાએ બંનેને ઈંડીપીડી ઓવારી, મુક્તાફલે વધાવી આરતી કરી અને ગૃહપ્રવેશના સર્વ મનોરથ પૂર્ણ કરી વરવધૂને મંદિરમાં પધરાવ્યાં.

એટલામાં વેણા ભટ્ટ પાછળથી પહેરામણીનો સાજ લઈ આવી પહોંચ્યા.

પહેરામણી :

એ આવ્યા એટલે વરવધૂને વેદી પાસે પધરાવ્યાં તથા શ્રીગુસાંઈજી મંડપમાં બેઠા. પહેરામણી કરી, વેણા ભટ્ટ હાથ જોડી શ્રીગુસાઁઈજી સામે ઊભા ને કહ્યું કે ''તમ ચંદ આગે હમ ખદ્યોત હેં.'' એનો પ્રત્યુત્તર આપતાં શ્રીગુસાંઈજી બોલ્યા કે,

''સામગરી તો અનંત તમો આણી ધરીએ,
આજ લગીએ એણી પેરે તો, કેણે નથી કરીએ. ૯૩''

એ પછી સખીજને વહુજીને શિખામણ કીધી કે,

''સાસરે ડાહ્યાં હીંડજો, સાસુજીની રુચિ માંહાંએ,
સાસુ કહે તે કરજો ને બેસજો જ્યાં કહે ત્યાંહે. ૧૦૦''

શ્રીયમુનાજી-પૂજન ને પઠવણી-ભોજન :

પછી સાસુએ વહુજીને ગોદમાં લઈ કહ્યું કે એ તો અમારી નેનની પૂતળી છે. એને અમે કેમ દૂભવીશું ? આ પ્રમાણે સર્વ સમધી સમાજ વહુજીને યોગ્ય શિખામણ આપી વિદાય થયો એટલે વહુજીનું કંકણ છોડી કુલદેવનું અધિવાસન કર્યું અને પછી મોડ અંકુર લઈ વરવધૂ શ્રીયમુનાજી પૂજવા પધાર્યાં. ત્યાં આદરપૂર્વક શ્રીયમુનાજીને ભોગ બીડા સમર્પ્યાં. ત્યાંથી છેડાગાંઠી બંને જણ વેણા ભટ્ટને ત્યાં પધાર્યા. ત્યાં કુટુંબ સહિત પઠવણીનું ભોજન કરી શ્રીજી નિજ મંદિરે પધાર્યા.

૧૪. શ્રીજીનો ગૃહસ્થાશ્રમ અને શ્રીગુસાંઈજીનું પારોક્ષ્ય

ગૃહસ્થાશ્રમની શરૂઆત :

સં. ૧૬૨૪ માં શ્રીજીનું લગ્ન થયા પછી શ્રીગુસાંઈજીએ મહાવનના ભોમિયાઓની વિનંતી ઉપરથી સં. ૧૬૨૯ મહા વદિ ૭ ના રોજ શ્રીગોકુલ પધાર્યા અને ત્યાં દૃઢ વાસ કર્યો તથા સેવાસૌકર્ય માટે મંદિર કરાવ્યાં. અત્રે આવ્યા પછી પણ શ્રીજીએ સં. ૧૬૩૩ સુધી ગૃહસ્થાશ્રમનો અંગીકાર કર્યો નહોતો. છેવટે સં. ૧૬૩૩ માં વહુજીને ગોણો થયો. આ વખતે શ્રીપાર્વતીવહુજીની ઉંમર ૧૭ વર્ષની હતી એટલે એઓ ભર યુવાવસ્થામાં હતાં અને શ્રીજી પણ ૨૪ વર્ષની પુખ્ત ઉંમરે પહોંચ્યા હતા.

શ્રીપાર્વતીવહુજીનું સેવાપરાયણ જીવન :

આ સમયે વહુજીએ પોતાના સુશીલ ચારિત્ર્યથી શ્વસુરગૃહમાં સર્વની પ્રીતિ પ્રાપ્ત કરી અને શ્રીગુસાંઈજી તથા શ્રીશોભાજીનાં ખાસ સ્તુતિપાત્ર બન્યાં. એક સમયે શ્રીગુસાંઈજીએ શ્રીપાર્વતીવહુજીને આખો દિવસ સેવાના કામમાં રોકાયેલાં જોઈ શ્રીશોભાજીને કહ્યું કે,

''બેઠી રહેત સબકોએ, સારો દિન સેવા કરે એકલી.''

એના પ્રત્યુત્તરમાં શ્રીશોભાજીએ હાંસી કરી કહ્યું :

'ઓરનકું લરિકા રહે એ ખાલી રૂપ મન રંગ. ૮૩''

ત્યારે શ્રીગુસાંઈજીએ જણાવ્યું કે લરિકા નથી તેથી શું થયું ? હમારે જો વહુજી તો સેવા કરે તે અધિક છે. આટલું કહેવા છતાં શ્રીજીને પ્રજોત્પત્તિ નહોતી એની શ્રીગુસાંઈજીને ચિંતા થઈ. આ બાબતમાં શ્રીજી પોતે તદ્દન વિરુદ્ધ હતા. પ્રજોત્પત્તિ માટે એમને બિલકુલ ઇચ્છા નહોતી, પણ શ્રીગુસાંઈજીથી એ સહન થઈ શક્યું નહિ અને તેથી એમણે શ્રીજીના દ્વિતીય લગ્ન માટે વિચાર કર્યો, પણ હવે શ્રીજી ઉંમર લાયક હોવાથી એમની સંમતિ સિવાય કરી શકાય એમ નહોતું.

શ્રીજીનું દ્વિતીય લગ્ન :

આથી એક વખત જ્યારે શ્રીજીદ્વારથી શ્રીગુસાંઈજી શ્રીજી અને ગોવિંદમામા સાથે સાથે શ્રીમદ્ ગોકુલ આવતા હતા તે વખતે માર્ગમાં શ્રીગુસાંઈજીએ વાત છેડી અને ગોવિંદમામાને સંબોધી કહ્યું કે ''શ્રીજીને બાલક નથી માટે એમનું બીજું લગ્ન કરવું જોઈએ'' અને પછી નાતમાં કોને કોને ઘેર યોગ્ય કન્યા છે એ વિશે આખે રસ્તે વિચાર કર્યો. ઘેર આવી પહોંચ્યા પછી રામચંદ્ર ભટ્ટને ત્યાં એક સુંદર કન્યા

છે એમ માલૂમ પડ્યું એટલે શ્રીગુસાંઈજીએ શ્રીજીનો એની સાથે વિવાહ કરવા વિચાર કર્યો. શ્રીજીને આ વાતની ખબર પડતાં એમણે મામાને જણાવ્યું કે શ્રીગુસાંઈજી મારું દ્વિતીય લગ્ન કરવા ઇચ્છે છે, પણ,

''પેં કરેંગે તો દુઃખ પાઉંગો, કહિયો તુમ સમજાયે. ૧૦૮
મોહુકો યહ ઇચ્છા નહિ, મેરો મન નહિ સોયે,
યા પર સમજી વિચારકે, કીજો જે ઉત્તમ હોયે. ૧૦૯''

આ પ્રમાણે દ્વિતીય લગ્ન નહિ કરવા માટે શ્રીજીનો અત્યાગ્રહ જોઈ શ્રીગુસાંઈજીને પોતાનો વિચાર માંડી વાળવો પડ્યો.

બેટીજીનું પ્રાકટ્ય :

પછી શ્રીહરિની ઇચ્છાથી શ્રીગુસાંઈજીની મનોવાંછના પૂરી થઈ, સં. ૧૬૩૭ ના શ્રાવણ માસમાં વહુજીએ ગર્ભ ધારણ કર્યો :

''અને સં. ૧૬૨૮ના વૈશાખ શુદ ૧૩ ને રવિવાર,
હસ્તનક્ષત્ર ને ઉદય ગતિ ઘટિકા તે અગિયાર. ૧૨૬''

એ સમયે બેટીજીનું પ્રાકટ્ય થયું, પણ ભૂલથી શ્રીગુસાંઈજીને પ્રથમ કોઈએ જણાવ્યું કે શ્રીવલ્લભજીને બેટા ભયો, પણ પાછળથી બેટીજીનું પ્રાકટ્ય છે એમ સંભળાયું એટલે શ્રીગુસાંઈજીએ કહાનજીભાઈ નામે વૈષ્ણવને એ વિશે ચોક્કસ તપાસ કરવા મોકલ્યા. એમણે બેટીજી બતાવી શ્રીગુસાંઈજીને સત્ય હકીકત જણાવી :

''ત્યારે કહ્યો કહા ભયો શ્રીવલ્લભકી બેટીય,
સાત બેટા કે ઠોર હે, લીધી ઉર ભેટીય.''

આ પ્રમાણે શ્રીગુસાંઈજીએ શ્રીજી પ્રત્યેનો પોતાનો અધિક પ્રેમ પ્રગટ કર્યો અને બેટીને બેટાથી અધિક ગણી ભેટ્યા. વળી કુલાચાર પ્રમાણે બેટીજીને ચાંદીના ચૂડા કરાવવા જોઈએ, પણ રોહિણીજીએ પ્રીતિ-આધિકયથી સોનાના કરાવ્યા. આ પ્રસંગે પણ શ્રીજીએ શ્રીગુસાંઈજીને જણાવ્યું કે આ પ્રમાણે પ્રીતિ બહાર પ્રગટ કરવી એ યોગ્ય નથી, પણ કુટુંબના રિવાજ મુજબ સર્વ કરવું એમાં જ કુટુંબના ભવિષ્યનો ઉત્કર્ષ સમાયેલો છે.

બીજાં બે બેટીજી :

આ પછી સં. ૧૬૩૯ ના ફાગણમાં દ્વિતીય અને સં. ૧૬૪૧ માં ત્રીજી બેટીજીનું પ્રાકટ્ય થયું. ત્રીજી બેટીજીના પ્રાકટ્ય સમયે શ્રીજી શ્રીઠાકુરદ્વાર શ્રીગોવર્ધનનાથજી પાસે હતા, શ્રીબાલકૃષ્ણજી પણ સાથે હતા, એમણે પ્રાકટ્ય સાંભળ્યું ત્યારે ખેદ કર્યો અને શ્રીજીને શ્રીગોકુલ જવા કહ્યું, પણ શ્રીજીએ તો ત્યાં જ રહેવાની ઇચ્છા જણાવી ત્યારે બેટીજીના પ્રાકટ્યની વાત શ્રીબાલકૃષ્ણજીએ શ્રીજીને જણાવી. શ્રીજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ''બેટી ભઈ તો શું કે બેટા ભયો તો શું થયું ?'' પછી શ્રીબાલકૃષ્ણજીએ આ સમાચાર શ્રીગુસાંઈજીને જણાવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે ''બેટા તો થશે, પણ પ્રથમ હોતે તો મેં દેખતો''

પુત્રપ્રાકટ્ય કેમ નહિ ? :

જોકે શ્રીગુસાંઈજીએ પ્રગટમાં આવું કહ્યું તોપણ હૃદયમાં પોતાને શ્રીજીને ત્યાં પુત્રરૂપે પ્રગટ થવાની ઈચ્છા હતી અને તેથી શ્રીગુસાંઈજીના પારોક્ષ્ય પછી શ્રીજીને ત્યાં લાલજીનું પ્રાકટ્ય થયું. આ સંબંધમાં શ્રીગુસાંઈજીએ પોતાના અંતરંગ

‘‘તે હરિવંશજી આગળ કહ્યું હમકું ઈચ્છા મોદ,
ખેલેંગે એક વાર હમ શ્રીવલ્લભકી ગોદ.’’

વળી એ સંબંધમાં નીચેની હકીકત પણ માલૂમ પડી છે :

ઉમરેઠનો એક વિષ્ણુદાસ નામે જોશી શ્રીગોડિયો બ્રાહ્મણ શ્રીગુસાંઈજીનો કૃપાપાત્ર સેવક હતો. એને શ્રીગુસાંઈજીનાં દર્શનની ઘણી આર્તિ થઈ. એનું દુઃખ શ્રીગુસાંઈજીથી સહન થઈ શક્યું નહિ ત્યારે એને તેઓશ્રીએ જણાવ્યું કે આટલું દુઃખ શા માટે વેઠે છે ?

‘‘જે હે સો શ્રીવલ્લભ હી હે, અરૂ પરો દરસન ચાહે,
શ્રીવલ્લભ કે ઘેર બેટા ભયો તાકો દેખન જાહે. ૧૮૧’’

આ ઉપરથી જણાય છે કે શ્રીજીના પ્રથમ પુત્રરત્ન શ્રીગોપાલજી સાક્ષાત્ શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય છે.

શ્રીગુસાંઈજીનો સંન્યાસ ને રામદાસજી :

આગળ જણાવ્યા પ્રમાણે શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય એતન્માર્ગના પ્રકાશ અર્થે હતું અને એ પોતે અનેક રીતે સિદ્ધ કર્યું. પછી યોગ્ય સમય થતાં ચતુર્થાશ્રમ ગ્રહણ કરવાનો મનસૂબો કર્યો તેથી પોતે શ્રીજીદ્વાર પધાર્યા અને ત્યાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી, વસ્ત્રાલંકાર સર્વ ઉતારી, હાથમાં કમંડલુ લઈ નીકળવા માંડ્યું. એ વખતે વડા રામદાસજી શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર ત્યાં હતા એમનાથી શ્રીગુસાંઈજીનું આ કાર્ય જોઈ શકાયું નહિ અને તેથી વિનંતી કરી કે રાજ ! આપને આનું શું પ્રયોજન છે ? ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે વૈદિક મર્યાદા અનુસાર કરવું જોઈએ. શ્રીઆચાર્યજીએ પણ ચતુર્થાશ્રમનો અંગીકાર કર્યો હતો માટે મારે પણ એ પ્રમાણે વર્તવું જોઈએ, નહિ તો લોકમાં નિંદા થાય. આ સાંભળી રામદાસજીને ઘણું સખત લાગ્યું અને એમણે સ્વપ્રભુ(શ્રીગુસાંઈજી)ને સૌભાગ્ય મદના આવેશમાં કહ્યું કે જો રાજ ! આપ ચતુર્થાશ્રમ ગ્રહણ કરી અત્રેથી પધારશો તો અમે પણ સંન્યાસ લઈ આપની સાથે આપને જ અનુસરીશું, માટે શ્રીનાથજીની સેવાની આપને યોગ્ય લાગે એમ વ્યવસ્થા કરો. આપના પારોક્ષ્યમાં અમારાથી સેવા બનવાની નથી, માટે જો સેવા કરાવવી હોય તો સંન્યસ્ત લેવાનો વિચાર માંડી વાળો. અમે તો આપને જ ઓળખીએ છીએ અને જ્યાં આપ ત્યાં જ અમે !

શ્રીગુસાંઈજીનું ભક્તાધીનપણું :

પ્રિય વાચક ! રામદાસજીનો શ્રીગુસાંઈજી માટેનો કેવો શુદ્ધ અનન્ય પ્રેમ ! એમને માટે શ્રીનાથજીની સેવા છોડવા પણ તૈયાર થયા, એટલે કે પ્રેમીએ પોતાના પ્રેમપાત્રને ઈશ્વરથી પણ અધિક માનવો જોઈએ એ સિદ્ધ કરી બતાવ્યું. આવા પ્રેમી

વિનંતીનો શ્રીગુસાંઈજી જેવા રસિક પ્રભુ અનાદર કેવી રીતે કરી શકે ? ભક્તાધીન પ્રભુ એ કરી શકે જ નહિ. પ્રેમ આગળ શાસ્ત્ર, ધર્મ અને નિયમ નિર્બળ છે અને તેથી શ્રીગુસાંઈજીએ રામદાસજી જેવા પોતાના વિરલ શુદ્ધ પ્રેમી ભક્તનાં વચનને ભગવદાજ્ઞા તુલ્ય ગણી, લોકમાં થનાર અપકીર્તિની યત્કિંચિત્ દરકાર કર્યા સિવાય પોતાનો સંન્યાસ લેવાનો વિચાર માંડી વાળ્યો અને એ દ્વારા પોતાનું ભક્તાધીનપણું સિદ્ધ કર્યું.

શુદ્ધ ત્યાગ :

આવી રીતે પોતાનો સંન્યાસ લેવાનો વિચાર શ્રીગુસાંઈજીને જ્યારે સ્વજનોના આગ્રહથી માંડી વાળવો પડ્યો ત્યારે જોકે એઓશ્રી ઘરમાં રહ્યા છતાં લૌકિક-અલૌકિકના અનુસંધાન-રહિત થઈ સર્વ રાગરંગનો પરિત્યાગ કર્યો અને ભગવન્નામ સિવાય કોઈ સાથે કાંઈ પણ શબ્દોચ્ચાર કરતા નહિ અને એ દ્વારા, ભગવદીયોને જેમ શ્રીમદાચાર્યજી આપશ્રીના સંન્યાસનિર્ણય ગ્રંથમાં જણાવે છે તેમ, એતન્માર્ગીય શુદ્ધ ત્યાગનું સ્વરૂપ પ્રત્યક્ષ કરી બતાવ્યું.

વેશબંધન દૂર કરવા માટે છે :

એ ગ્રંથ પ્રમાણે એતન્માર્ગમાં સાધનદશામાં ત્યાગ સુખાવહ નથી. ફક્ત ફલ કે સિદ્ધ દશામાં જો પ્રભુની પ્રેરણા એવી હોય તો વિરહાનુભવને માટે કર્તવ્ય છે અને ત્રિદંડ, કૌપીન ધારણ વગેરે વેશ પોતાનાં સ્ત્રી પુત્રાદિ સંબંધીઓ તરફથી થતું બંધન દૂર કરવા માટે છે. એમાં બીજું કાંઈપણ પ્રયોજન નથી :

अतोऽत्र साधने भक्तौ नैव त्यागः सुखावहः ॥६॥
विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।
स्वीयबन्धनिवृत्त्यर्थं वेशः सोऽत्र न चान्यथा ॥७॥

શ્રીગુસાંઈજીને સંબંધીઓ તરફથી પ્રતિબંધ હતો નહિ **એટલે** આપને વેશનું ખાસ પ્રયોજન પણ હતું નહિ અને તેથી એમણે સ્વગૃહમાં રહીને એતન્માર્ગીય સંન્યાસ ગ્રહણ કર્યો અને એમાં પોતાનું વાસનારહિત, પણ અનન્ય ટેક અને પતિવ્રત-નિષ્ઠાવાળું જીવન જીવી માર્ગપ્રવર્તક પોતાનો પ્રાકટ્ય-હેતુ સિદ્ધ કરી બતાવ્યો.

શ્રીગુસાંઈજીની આસુરવ્યામોહની તૈયારી :

પછી યોગ્ય સમય પ્રાપ્ત થતાં શ્રીગુસાંઈજીએ આસુરવ્યામોહલીલાનો વિચાર કર્યો અને એ પ્રથમ શ્રીજીને જણાવ્યો. વાત્સલ્યભાવથી શ્રીજીને ઘણું લાગ્યું અને તેથી શ્રીગુસાંઈજીએ એ સમયે શ્રીજી પોતાથી દૂર રહે એ માટે શ્રીજીદ્વાર જવા વિચાર કર્યો. સ્વસેવ્ય પ્રભુ શ્રીનવનીતપ્રિયજીને નમન કરી શ્રીગુસાંઈજીએ સર્વ બાળક એમને સોંપ્યા અને શ્રીજીને ભાવનાથી શ્રીનવનીતપ્રિયજી તથા પ્રગટ રીતે શ્રીઘનશ્યામજી સોંપ્યા અને કહ્યું :

''લરિકા તુમારી ગોદ હેં, અરૂ બહોત કહા વિગતવ્ય;
ઈનકી રક્ષા સદા, તુમકુ હે કર્તવ્ય.''

એમ કહી સર્વને શિક્ષા આપી, શ્રીશોભા બેટીજી અને જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને

સાથે લઈ શ્રીગુસાંઈજી શ્રીજીદ્વાર પધાર્યા. જતી વખતે શ્રીજીને કહ્યું કે તમારી જરૂર પડ્યે તમને બોલાવી લઈશ અને એ પ્રમાણે પાછળથી શ્રીજીને શ્રીજીદ્વાર બોલાવવામાં આવ્યા. શ્રીજી પધાર્યા એટલે એમની સાથે એકાંતમાં શ્રીગુસાંઈજી મંદિરમાં પધાર્યા, શ્રીનાથજી શ્રીજીને સોંપ્યા અને કહ્યું કે ''આ સર્વ તમારું છે અને તમને સોંપું છું. બે ચાર ગ્રંથ છે એ તો તમે જાણો છો,'' એમ કહી શ્રીઆચાર્યજીએ જેમ શ્રીગુસાંઈજીને સોંપ્યું હતું તેમ શ્રીગુસાંઈજીએ સર્વ-સર્વમાર્ગ-શ્રીજીને સોંપ્યો અને જણાવ્યું કે 'શ્રીઆચાર્યજીની મેંડમર્યાદામાં ન્યૂનતા ન થાય એ સંભાળજો.' પછી શ્રીજી સાથે શ્રીગુસાંઈજી નીચે પધાર્યા અને ત્યાં :

''પેહેરાવી શ્રીકંઠમાંહાં, પોતાના કંઠની માલ. ૨૩૮
પાઘ પોતાની લઈને, ધરી શ્રીજીને માથ,
પોતાનો સરવસ્વ અને સર્વ સોંપ્યું હાથ. ૨૩૯''

પછી છેલ્લા સમયે શ્રીજીને ભોજન કરાવી શ્રીગોકુલ પહોંચાડી આવવા હરિવંશજીને આજ્ઞા કરી, પણ એઓ જઈ શક્યા નહિ એટલે મુકુંદદાસને સાથે મોકલ્યા અને એઓ જ્યારે શ્રીજીના શ્રીગોકુલ પહોંચાડ્યાના સમાચાર લઈ શ્રીગુસાંઈજી પાસે પાછા આવ્યા ત્યાર પછી આપશ્રીએ શ્રીગિરિધરજીને જણાવ્યું કે ''આ વર્ષમાં શ્રીવલ્લભને અવશ્ય પુત્ર થશે, એનું નામ શ્રીગોપાલ રાખજો.''

પરોક્ષ :

આ ભવિષ્ય કહી પોતાનો ગુપ્ત ભાવ પ્રગટ કર્યો અને પછી સં. ૧૬૪૨ ના મહા માસની મકરસંક્રાંત પછી સાતમને રોજ તેલ મગાવી શ્રીગુસાંઈજીએ અભ્યંગ કર્યું અને સ્નાન, સંધ્યા, ભોજન વગેરે કરી ગાદીતકિયે બેઠા. ત્યાં બીડું ખંડાવી લીધું અને બે પત્ર છાના લખી ગાદી નીચે મૂક્યા. એકમાં સર્વ બાલકને નીચે પ્રમાણે શિક્ષા દીધેલી હતી.

પત્રો :

'''તુમ ચિંતા મતિ કીજિયે, બડે ભયે હો તુમ,
છાંડે શ્રીઆચાર્યજીને, લરિકાઈમેં હમ. ૨૬૨
લૌકિક અલૌકિક જે કરો, કહ્યો હમારો માની,
શ્રીવલ્લભકૂં પૂછિકે, કીજો રુચિ પહેચાની. ૨૬૨
શ્રીવલ્લભકૂ ભાઈ, કરો યહ તુમ જાનો સત્ય,
શ્રીવલ્લભ કહે સો કીજિયો, માની લીજો સત્ય. ૨૬૪''

અને બીજા પત્રમાં એ સમય પર શું કરવું એનો વિગતવાર ખુલાસો હતો. પછી સંધ્યા સમયે (ગાયો આવવાના સમયે) ભૌતિક જીવનનો અંત આણ્યો. શ્રીગિરિધરજી અને શ્રીશોભાજી જેઓ સમય પર હાજર હતાં તેમણે સ્વપિતાના પારોક્ષ્ય માટે અત્યંત આક્રંદ કર્યું અને જ્યારે શ્રીગિરિધરજીને કાંઈ સૂઝ પડી નહિ ત્યારે શ્રીશોભાજીએ એમને જણાવ્યું કે છેલ્લી વખતે શ્રીગુસાંઈજી કાંઈક પત્ર લખતા હતા માટે એમાં કાંઈક ખુલાસો કરેલો હશે, માટે એ પત્રોની તપાસ કરો. એ ઉપરથી શોધ કરતાં ગાદી નીચેથી ઉપર્યુક્ત બે પત્રો મળ્યા. એમાંનો એક પત્ર, જેમાં સર્વ

બાલકોને પોતાની પછી કેવી રીતે વર્તવું તથા શ્રીજીને કેવી રીતે માનવા વગેરે બાબતોની શિક્ષા આપેલી હતી તે શ્રીગિરિધરજીએ ફાડી નાખ્યો અને બીજો પત્ર જેમાં એ પ્રસંગ પર કેવી રીતે વર્તવાનું હતું એ જણાવ્યું હતું તે બતાવ્યો અને એ પ્રમાણે સર્વ કરવામાં આવ્યું. આ પ્રમાણે સં. ૧૬૪૨ ના મહા વદિ ૭ ના રોજ ૭૦ વર્ષ અને ૨૮ દિવસનું પોતાનું ભૂતલ પરનું પ્રાકટ્ય પૂર્ણ કરી શ્રીગુસાંઈજી સ્વલીલામાં પધારી ગયા.

શ્રીજીનો તાપ અને આશ્વાસન :

આ દુ:ખદ સમાચાર શ્રીજીને શ્રીગોકુલ પહોંચ્યા એટલે એમના હૃદયમાં કારી ઘા થયો, પરંતુ ધૈર્ય ધરી સર્વની રક્ષા કરી અને હરિવંશજી વગેરે શ્રીગુસાંઈજીના પરમ કૃપાપાત્ર ભગવદીયો, જેમને સ્વપ્રભુનો વિરહ અસહ્ય થઈ પડ્યો હતો, તેમનું અનેક રીતે આશ્વાસન કર્યું, વળી શ્રીગુસાંઈજીએ શ્રીજીનો ઉત્કર્ષ બતાવ્યો હતો અને તેથી શ્રીગિરિધરજીને કલેશ થયો એના નિવારણ અર્થે એમની શ્રીનવનીતપ્રિયજી દ્વારા સર્વ કુટુંબ સોંપી જ્યેષ્ઠતા કાયમ રાખી શાંત કર્યા.

ગોપાલજીનું પ્રાકટ્ય :

પછી સંવત ૧૬૪૩ ના પોષ સુદિ ૧૪ ના રોજ શ્રીગોપાલજીનું પ્રાકટ્ય થયું અને શ્રીગુસાંઈજીએ કરેલી સૂચના પ્રમાણે આ એઓનું જ પ્રાકટ્ય હોવાથી ગોવિંદસ્વામીની રચેલી વધાઈ ગવાઈ, પછી જાતકર્મ-વિધિગત કર્મો કર્યાં.

સંવત ૧૬૪૪ ના ફાગણ સુદિમાં શ્રીગિરિધરજીએ રોહિણીજીનો વાસુદેવના પુત્ર વલ્લભ ભટ્ટ સાથે વિવાહ કર્યો.

ત્યાર પછીના બીજા વર્ષમાં એટલે સં. ૧૬૪૫ ના ફાગણ વદિ ૧૩ ના રોજ શ્રીજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલરાયજીનું પ્રાકટ્ય થયું અને એ પછી સં. ૧૬૫૦ માં તૃતીય પુત્રરત્ન શ્રીવ્રજરત્નજીનું પ્રાકટ્ય થયું, પણ આપશ્રીના બિરાજતાં જ વંશ નિત્યલીલાસ્થ થયો હતો.

એક પ્રાચીન કલ્પવૃક્ષમાં શ્રીગોકુલેશપ્રભુનો પરિવાર આ પ્રમાણે આપેલો છે :


શ્રીગોકુલેશજી
શ્રીગોપાલજી
સં. ૧૬૪૩
પોષ સુ. ૧૪
શ્રીવિઠ્ઠલરાયજી
સં. ૧૬૪૫
ફાગણ વ. ૧૩
શ્રીવ્રજરત્નજી
સં. ૧૬૫૦
વૈશાખ વ, ૮
શ્રીગોવર્ધનજી સં. ૧૬૬૫ શ્રાવણ સુ. ૭
શ્રીગોપિકાધીશજી
૧૬૮૮
શ્રીવ્રજાધીશજી
૧૬૯૧
શ્રીવ્રજપતિજી
૧૬૯૩
શ્રીવલ્લભજી
૧૭૦૧

સ્વ-બાળકોનાં વિવાહાદિક કાર્યોમાંથી મુક્ત થતાં શ્રીજીએ પોતાની ગુજરાતની રસિક સૃષ્ટિને દાન દેવાનો વિચાર કર્યો, પણ પોતે ગુજરાત પધાર્યા એ પહેલાં શ્રીગિરિધરજીના આગ્રહથી એમનાથી શ્રીજીને જુદા થવું પડ્યું.

૧૫. કુટુંબની વહેંચણી

શ્રીગિરિધરજી કુટુંબના વડીલ તરીકે :

શ્રીગુસાંઈજી લીલામાં પધાર્યા એટલે કુટુંબના વડીલ તરીકે આપના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીએ આપની જગા લીધી અને લગભગ ચાર વર્ષ સુધી ગૃહકારભાર તેમજ માર્ગનાં પ્રસાર અને રક્ષણનું કાર્ય યથામતિ અને યથાશક્તિ ચલાવ્યું. એ દરમ્યાન સર્વ ભાઈઓ પણ પોતાના જ્યેષ્ઠ બંધુની આજ્ઞાનુસાર એક સંપથી સર્વ કાર્યો કરતા અને સ્વપ્રભુની સેવા અને માર્ગની રક્ષામાં નિરંતર તત્પર રહેતા.

બાલકોમાં કલિકાલના દોષોનો આવિર્ભાવ :

પરંતુ શ્રીગુસાંઈજીના બાલકોએ પણ પ્રભુની નિજેચ્છાથી પોતાના લોકવત્ પ્રાકટ્યની સંપૂર્ણ સાબિતી અર્થે ધીમે ધીમે કલિકાલના ઉગ્ર દોષોનો અંગીકાર કર્યો અને તેથી સામાન્ય જીવોની દૃષ્ટિમાં એઓનું વ્યાવહારિક જીવન કલંકિત બન્યું. એમનામાં માંહો-માંહેના દ્વેષ, કપટ, મિથ્યા ભાષણ અને કુસંપ વગેરે દેખાયાં અને એ સર્વના પરિણામે એ કુટુંબ પણ સામાન્ય કુટુંબોની માફક વિભક્ત થયું.

શાન્ત ચિત્તે વિચાર :

પ્રિય વાચક ! જરા સબૂર કર ! એકદમ તારી કલ્પનાશક્તિના વેગને અને નિરંકુશપણે વધતાં અટકાવ ! અલબત્ત, શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજી કલિકાલના મહાદોષિત જીવોના ઉદ્ધારાર્થે ભૂતલમાં પધાર્યા અને વળી શ્રીગુસાંઈજી શ્રીસર્વોત્તમસ્તોત્રમાં જણાવે છે તેમ,

भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत् पिता ।
स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्यः स्मयापहः ॥

ભૂતલમાં ભક્તિના પ્રચારને માટે જ વંશવૃદ્ધિ કરી એમાં પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપન કર્યું, તો પછી એ જ બાલકોમાં કલિકાલના દુષ્ટ દોષો કેમ સંભવે ? અલબત્ત, કદાપિ સંભવે જ નહિ. એ પવિત્ર અગ્નિસ્વરૂપ પ્રાકટ્યોમાં એ દોષો ચિરકાલ રહી શકે જ નહિ, એ તો ત્યાં દાખલ થતાં જ ભસ્મીભૂત થઈ જાય તો આ બાલકોમાં એ દોષો કેમ દેખાયા એનો લગાર શાંત ચિત્તે વિચાર કરીએ.

પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ :

પ્રભુનાં પ્રાકટ્ય હંમેશાં ધર્મના સ્થાપન અને અધર્મના નાશને માટે જ હોય છે, એટલું જ નહિ, પુષ્ટિપ્રભુનાં પ્રાકટ્ય તો સ્વભક્તોના નિરોધની સિદ્ધિ અર્થે જ ખાસ હોય છે અને એ વખતે સ્વરૂપથી દુષ્ટોને દૂર રાખવા માટે શ્રીગુસાંઈજી

સર્વોત્તમસ્તોત્રમાં જણાવે છે તેમ ''प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः'' ''પ્રાકૃત માણસોના જેવાં જ કાર્યો કરીને એ દંભ વડે અસુર જીવોને મોહ પમાડનાર'' એટલે કે પોતે સામાન્ય મનુષ્યની માફક જ વર્તે એટલે આસુરી જીવો એમને પુરુષોત્તમ નહિ, પણ એક સામાન્ય જીવ સમજે અને તેથી એ સ્વરૂપમાં એમને ભક્તિભાવ થાય જ નહિ. આવી રીતે દુષ્ટોને પ્રાકટ્યના સાક્ષાત્ ફલથી દૂર રાખવા માટે પુષ્ટિપ્રાકટ્યો સામાન્ય પ્રાકૃત જીવધર્મોનો અંગીકાર કરે છે અને તેથી જ એમને લોકવત્ પ્રાકટ્યની સંજ્ઞા અપાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી આ પુષ્ટિપ્રાકટ્યોમાં જ્યારે નિજ દૈવી જીવોને સાક્ષાત્ પુરુષોત્તમ અને એમના અપ્રાકૃત ધર્મોનો સાક્ષાત્કાર થાય છે અને એ દ્વારા એ સ્વરૂપમાં એઓ લીન થઈ પોતાનો નિરોધ સિદ્ધ કરે છે ત્યારે દુષ્ટ આસુરી જીવોને એ પ્રાકટ્યોમાં સામાન્ય જીવપણું જ નહિ, કેવળ પ્રાકૃત ધર્મો અને દોષો પણ દષ્ટિગોચર થાય છે અને તેથી પરિણામે એઓ એમની નિંદા વગેરે કરી હંમેશને માટે દૂર જ રહે છે.

લીલામાં અનેક હેતુ :

આવી રીતે દુષ્ટ આસુરી જીવોને દૂર કરવા માટે પુષ્ટિ-પ્રાકટ્યો જીવના પ્રાકૃત ધર્મોનો (કાલ વગેરેના દોષોનો) અંગીકાર કરે છે. વળી પ્રભુની એક જ લીલામાં અનેક હેતુ હોય છે એમ અત્રે પણ દુષ્ટોના દુરાવ ઉપરાંત અન્ય હેતુ પણ દેખાય છે.

સ્વજનોનો નિરોધ :

સર્વ લીલામાં આ હેતુ સમાયેલો હોય છે. શ્રીકૃષ્ણાવતારમાં પ્રભુએ ગોપીજનોના માખણ વગેરેની ચોરી કરી ચોર બન્યા અને એ ઉપરાંત એ પ્રેમાસક્ત ભક્તોના નિરોધને અર્થે લોક વેદમાં નિંદ્ય અનેક કાર્યો કર્યાં એવી જ રીતે અત્રે પણ કલિકાલના દ્વેષ, અદેખાઈ, કપટ, જૂઠ, વગેરે અનેક ભયંકર દોષોથી ગ્રસ્ત થયેલાં સ્વજનોનો સ્વસ્વરૂપમાં નિરોધ સિદ્ધ કરવાનો હતો અને તેથી જ શ્રીગુસાંઈજીના બાલકોએ પોતાના પ્રાકટ્ય-હેતુની સિદ્ધિ અર્થે એ દુષ્ટ જીવોના દોષોનો અંગીકાર કર્યો અને એ દ્વારા એમના નિરોધની સિદ્ધિનો ઉપાય રચ્યો, એટલે કે ભક્તજનોને દોષમાંથી મુક્ત કરી દોષો પોતે ગ્રહણ કર્યા, કારણ કે પોતે પોતાના અગ્નિત્વથી એમને ભસ્મીભૂત કરવા શક્તિમાન હતા, એટલે કે ત્રિગુણાતીત પુરુષોત્તમને પ્રાકૃત ધર્મો બાધ કરી શકતા નથી. આવી રીતે સ્વદોષોનો પણ સ્વપ્રભુ અંગીકાર કરે એટલે પુષ્ટિજીવો વિશુદ્ધ બની સ્વપ્રભુસ્વરૂપમાં સહેલાઈથી નિરોધ સિદ્ધ કરી શકે. અહા, સ્વજનો માટે પુષ્ટિપ્રભુનો કેવો પક્ષપાત ! અને તેથી જ ભગવદીયોએ ગાયું છે કે,

''પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન''

આવી રીતે શ્રીગુસાંઈજીના બાલકોમાં ઈર્ષ્યા, કુસંપ વગેરે કલિકાલના દોષો કેમ દેખાયા એનું યથામતિ, યથાવકાશ સમાધાન કરી આપણે આગળ ચાલીશું.

પુષ્ટિપ્રાકટ્યોનું અલૌકિકત્વ

આટલા વિવેચન પછી સામાન્ય વૈષ્ણવવૃંદ શ્રીગુસાંઈજી અને આપનાં બાલકોના વ્યાવહારિક જીવન પર પોતાનાં અપૂર્ણ અનુભવ અને અજ્ઞાનને અનુસરી

કાંઈ પણ દોષારોપણ કરતાં પહેલાં ઊંચા તત્ત્વજ્ઞાન અને ન્યાયની ઝીણી બુદ્ધિથી વિચાર કરશે તો એને કાંઈક સત્ય જણાશે અને વિના કારણ શુદ્ધતાને દોષિત કરતાં અટકશે. પુષ્ટિપ્રાકટ્યોમાં વિરુદ્ધધર્માશ્રયત્વ પદે પદે દષ્ટિગોચર થાય છે. એમનો લૌકિક વૈદિક નીતિ-ન્યાયથી ન્યાય કરવો એ કેવળ અન્યાય છે. જે ત્રિગુણાતીત છે એટલે કે જે લોક-વેદથી પર છે તેમને માટે-ત્રિગુણાતીત નીતિ-ન્યાય હોવાં જોઈએ, એટલે એ પોતે જ ન્યાયનીતિરૂપ છે, એમનાં સર્વ કાર્ય નીતિ જ છે, એટલે કે એમને માટે ન્યાય-અન્યાય, નીતિ-અનીતિ, સારું-ખોટું વગેરે લૌકિક વૈદિક દ્વંદ્વોનો સંભવ જ નથી.

અંગીકૃત દોષની ગણના :

આટલું છતાં જે સ્વરૂપે જે લીલા કરી તે સ્વરૂપની તે લીલાનું બનતા પ્રયત્ને યથાર્થ વર્ણન કરવામાં કાંઈ પણ દોષ આવતો હોય એમ અમારું માનવું નથી, કારણ કે તેથી એ સ્વરૂપની કોઈ પણ રીતે ન્યૂનતા ઘટતી નથી. વસ્તુતઃ સારું-ખોટું, અધિકતા કે ન્યૂનતા એવું કાંઈ છે જ નહિ. જેમ નાટકમાં એક રાજા બને છે, બીજો એનો સિપાઈ બને છે અને ત્રીજો ચોર બને છે ત્યારે ચોરની ફરજ છે કે એણે ચોરી કરવામાં પોતાનું સર્વ બુદ્ધિબળ વાપરવું જોઈએ અને એને યોગ્ય ચારિત્ર્ય રચવું જોઈએ. એ વખતે એનાં જૂઠ, કપટ, અપ્રામાણિકપણું વગેરે સ્તુત્ય બને છે અને એ હોય તો જ એ પોતાનો સ્વાંગ બરાબર ભજવી શકે છે. વળી જે સિપાઈ છે તેની તો ફરજ છે કે એણે ચોરને કોઈ પણ યુક્તિથી પકડી પોતાના રાજાને સ્વાધીન કરવો, એમ કરતાં પોતાને જે કાંઈ કરવું પડે તે કરવું અને પોતાના રાજાનું હિત વિચારી એની આજ્ઞામાં રહેવું તથા એની તાબેદારી ઉઠાવવી. રાજા પોતાના વિશ્વાસુ સિપાઈને યોગ્ય માન-આવકાર આપી એને યોગ્ય બદલો આપે છે અને ચોરને દંડે છે. આવી રીતે એ ત્રણે પાત્રો વસ્તુતઃ એક જ હોવા છતાં પોતાના સ્વાંગ પ્રમાણે ભિન્ન ભિન્ન ચારિત્ર્યથી નાટક ભજવી પ્રેક્ષકોને તેમજ શેઠને ખુશી કરે છે. એવી જ રીતે વિશ્વનાયક પ્રભુ આ જગતરૂપી ક્રીડાભાંડમાં જે સ્વરૂપથી જે લીલા કરવાની હોય તે કરે છે અને એ સ્વરૂપની એ યથાર્થ લીલા વર્ણવામાં કોઈ પ્રકારનો દોષ છે જ નહિ, એટલું જ નહિ, જો સમજી શકાય તો એ સ્વરૂપની સ્તુતિ છે. જેમ નાટકનાં પાત્રોમાં ચોર વિશે કહેવાય કે એણે સિપાઈને ઠીક છેતર્યો, સર્વ અમલદારોની આંખમાં ધૂળ નાખી, વગેરે વચને એની નિંદારૂપ નહિ પણ સ્તુતિરૂપ છે તેવી જ રીતે પ્રસ્તુત પ્રસંગમાં પણ જો આ ન્યાય સંપૂર્ણ રીતે સચવાય તો હવે પછીના અમારા લખાણમાં કોઈ પણ ભાવિક જનને દોષારોપણ કરવાનો પ્રસંગ રહેશે નહિ, એટલું જ નહિ, એની આંતરવૃત્તિને પણ કાંઈ આઘાત થશે નહિ. શ્રીગુસાંઈજીના સર્વ બાલકો વિશે જેમ પરમ ભગવદીય દયારામભાઈએ ગાયું છે કે

''શ્રીવલ્લભકે કુલમેં સબ હી વલ્લભરૂપ.''

એમ પુરુષોત્તમ છે. એમનામાં પ્રાકૃત ધર્મોનો સંભવ જ નથી, પણ જે કાંઈ જેમાં દેખાય છે તેનો તે સ્વરૂપે અંગીકાર કર્યો છે એમ બતાવે છે એ તો લીલાના

ઉપયોગીપણા માટે પ્રભુની સ્વેચ્છાથી ધારણ થયેલો છે, તો એ અંગીકૃત પ્રાકૃત ધર્મ કે દોષ કોઈ સ્વરૂપમાં જોઈ એની ન્યૂનતા લેખવી એ તો મૂર્ખાઈની પરાકાષ્ઠા નહિ તો બીજું શું ? અલબત્ત, એ સ્વરૂપની એ લીલાનું વર્ણન કરતાં એ અંગીકૃત દોષની ગણતરી થાય એ તો એની નિંદા નહિ, પણ સ્તુતિ જ છે અને તેથી જે ભક્તો એ સ્વરૂપના ઉપાસક હોય તેમણે તો એને સ્તુતિરૂપ જ ગણવા અને આ જ ન્યાયને અનુસરી ગોપીજનો સ્વપ્રભુ(શ્રીકૃષ્ણ)ની સ્તુતિમાં 'માખણચોર' 'બહુનાયક' 'કપટી' 'ધૂર્ત' વગેરે સંબોધનો વાપરે છે અને એ એમના સ્નેહની પરાકાષ્ઠા સૂચવે છે.

શ્રીજીની મોહકતા અને અધિક ખર્ચ :

આવી રીતે શ્રીગુસાંઈજીના બાલકોએ એમના લીલામાં પધાર્યા પછી ધીમે ધીમે કલિયુગના પ્રાકૃત દોષોનો અંગીકાર કર્યો અને એ અંગીકારમાં શ્રીગિરિધરજી મુખ્ય હતા. શ્રીગુસાંઈજીના સમયથી જ શ્રીજીનો પ્રતાપ સર્વ ભાઈઓ કરતાં વિશેષ દેખાયો હતો અને એ શ્રીગુસાંઈજીએ પોતાનાં વચનામૃતો તથા કૃત્યોથી સિદ્ધ કર્યું હતું અને તેથી જ પધારતી વખતે એતન્માર્ગના રક્ષણનું કાર્ય શ્રીજીને સોંપ્યું હતું તથા અન્ય સર્વ ભાઈઓને શ્રીજીની ઇચ્છાનુસાર ચાલવા માટે શિક્ષાનો પત્ર લખ્યો હતો, જે પત્ર શ્રીગિરિધરજીએ ફાડી નાખ્યો હતો. એમ છતાં શ્રીજીનો પ્રતાપ છાનો રહી શક્યો નહિ. એમના સંબંધમાં આવતાંની સાથે મનુષ્યો આપના સ્વરૂપમાં મોહ પામતાં અને ત્યાંથી છૂટી શકતાં નહિ. આવા પ્રભાવશાળી સ્વરૂપ ઉપરાંત શ્રીજીનો સુશીલ, ઉદાર, પરમકૃપાળુ અને ભક્તદુઃખ અસહિષ્ણુત્વના સ્વભાવને લઈ ભક્તજનોનાં વૃંદ આપની આસપાસ નિરંતર ઉમંગી રહેતાં, શ્રીજી પણ એ સર્વનો યોગ્ય સત્કાર કરી સર્વની યોગ્ય ઇચ્છાઓનો બનતો આદર કરતા. શ્રીજીના ઔદાર્યથી કેવળ ભક્તજનો જ નહિ, ભિક્ષુક, ભાટ, બંદીજન વગેરે પણ એમની પ્રત્યે આકર્ષાતા અને શ્રીજી પણ એ સર્વનું યોગ્ય સંમાન કરતા. પરિણામે અન્ય સર્વ ભાઈઓ કરતાં આપનો ખર્ચ સહેજ વિશેષ થાય એ સ્વાભાવિક હતું. આમ છતાં આવો બોજો કુટુંબને માથે ન પડે એની પણ આપશ્રી સંભાળ લેતા. આટલું છતાં જ્યારે શ્રીગિરિધરજીથી દિનપ્રતિદિન થતો શ્રીજીનો ઉત્કર્ષ સહન થઈ શક્યો નહિ ત્યારે એમણે પવા ત્રવાડી નામે શ્રીજીના કૃપાપાત્ર ભગવદીયને બોલાવી સર્વ ભાઈઓને પોતાથી જુદા થવા કહેવડાવ્યું.

શ્રીગિરિધરજીનું જુદા થવા કહેવડાવવું ને શ્રીજીનો ઉત્તર :

જ્યારે પવાભાઈએ આ સમાચાર સર્વ ભાઈઓને પહોંચાડ્યા ત્યારે અન્ય સર્વ બંધુઓ તો ચૂપ કરી રહ્યા, પણ શ્રીજી જેઓ કુટુંબના ઐક્યમાં રહેલા બળનો પ્રભાવ સમજી શકતા હતા અને તેથી જ ન્યારા થવાથી નીપજનાર દુષ્ટ પરિણામોના વિચાર કરી શક્યા. એમણે પોતાના જ્યેષ્ઠ બંધુને કહેવડાવ્યું કે ''અમને ન્યારા કરવામાં શો લાભ છે ? અમે ન્યારા કોનાથી થઈ એ ? કુટુંબનું હિત ન્યારા થવામાં નથી, પણ એકઠા રહી ઐક્યથી સ્વકાર્ય કરવામાં સમાયેલું છે. ન્યારા થતાં સર્વ નિર્બળ થઈશું અને દુષ્ટ દુશ્મનો કદાચ ફાવશે, માટે કૃપા કરી અમોને ન્યારા કરવાનો વિચાર

માંડી વાળો. અમો આપની આજ્ઞામાં રહી સર્વ કાર્યો કરીશું. ભલે બીજા બંધુઓને જો આપનાથી વિખૂટા થવું હોય તો થાય, પણ હું તો આપનાથી ન્યારો થવાનો નથી.'' પવા ત્રવાડીએ જ્યારે જઈને આ સમાચાર શ્રીગિરિધરજીને જણાવ્યા અને કહ્યું કે બીજા બંધુઓ ભલે ન્યારા થાય, પણ શ્રીવલ્લભજી તો ચોખ્ખી ના પાડે છે ત્યારે તેઓએ કહ્યું કે ''પ્રથમ તો એમણે જ ન્યારા થવું જોઈએ, ગૃહમાં લૂંટ એમની જ છે. હું પરદેશ રખડી મહા મહેનતે પૈસો એકઠો કરું છું. છતાં ઘરમાં તો કાંઈ રહેતું જ નથી. એમની પાસે જે કોઈ બ્રાહ્મણ, ભિક્ષુક આવે તે પાછો જાય જ નહિ, એમનાથી કોઈને ના કહેવાય જ નહિ. એ તો સર્વનો સત્કાર જ કરે, તો પછી ગૃહવ્યવહાર કેવી રીતે નભે ? એમને એનો વિચાર પણ નથી. વ્યવહારમાં તો કોઈને માન અપાય, તો કોઈને ઠપકો પણ અપાય, કોઈને દાન દેવાય અને કોઈને ના પણ કહેવાય. સૌ રીતે ભાતે થાય, પણ એમને તો સ્વભાવ પડ્યો એ સુધરવાનો નહિ. એવું તો થોડા દિવસનું હોય તો નભે અને અમે પણ ચલાવી લઈએ, પણ આ તો હંમેશનું લાગ્યું અને જો શરમમાં રહી બોલીએ નહિ તો માર્યા જઈએ છીએ. એમનો ખર્ચ અનહદ છે, મારાથી એને પહોંચી શકાતું નથી. વળી નિવેદનમાં પાત્રાપાત્રનો પણ વિચાર કરતા નથી, જેમ મન માને તેમ કરે છે. શ્રીઆચાર્યજી પણ પરીક્ષા જોઈ નામ-નિવેદન કરાવતા. આ સર્વ મારાથી સહન થતું નથી માટે એમણે તો અવશ્ય ન્યારા થવું. એમને મારાથી ઘરમાં રાખી શકાશે નહિ.''

શ્રીગિરિધરજીનું જાતે શ્રીજીને કહેવું :

આ વાત આટલેથી અટકી નહિ, પવા ત્રવાડી મારફત જ્યારે કામ બન્યું નહિ ત્યારે શ્રીગિરિધરજીએ જાતે પણ શ્રીજીને એ વિશે કહેવામાં બાકી રાખ્યું નહિ :

''શ્રીવલ્લભ, તુમ ન્યારે રહો, સમજો યાહી માંહે,
સબહીનકું લરિકા ભયે કો મર્યાદા રાખત નાંહે. ૪૦૨
વિના વિચારે ખર્ચ હોત હે સબ સાથ,
હોત જાત હે રણ બહુત તાતે મેરે માથ. ૪૦૩
બેર બેર પરદેશ મેં જાત હૂં દિનરાત,
તોઉ રણ છૂટત નહીં, અધિક અધિક ભયો જાત. ૪૦૪
તાતે ભિન્ન રહો સબે, એ સુણી મહા ધુરંધર,
શ્રીજી બોલ્યા તેહ સમય, જાણી એહોની હાર. ૪૯૫
દાદા તુમ બેઠે રહો સુખસેં અપને ધામ,
તુમ કછુ ચિંતા મતિ કરો, એ સબ મેરો કામ. ૪૦૬
જો કછુ કરનો હોયગો, સબ કરેંગે હમ,
જો કહો હોં કરીહૂં સોઈ, જો પ્રસન્ન હોયગે તુમ. ૪૦૭
પૈં ન્યારે કાહે હોત હેં, ન્યારેમેં કછુ નાહે.''

શ્રીગિરિધરજીનો આગ્રહ :

આટલું કહેવા છતાં શ્રીગિરિધરજીએ તો માન્યું જ નહિ, ઊલટું જાણે ઉપરથી શ્રીજી પોતાનો ખર્ચ ચલાવી શકશે નહિ માટે ના પાડે છે એવા હેતુથી એમણે શ્રીજીને કહ્યું કે તમે ન્યારા તો થાઓ જ, પણ ચિંતા કરશો નહિ. તમારે સીધું વગેરે જોઈશે તો મોકલીશ. આ માર્મિક વચનો પણ વડીલ બંધુના માનાર્થે સહન કર્યાં અને ફરી પણ નમ્રતાથી કહ્યું કે ''ભાઈ ! સીધું શાનું દેવાનું છે ? હજુ પણ માનો તો ન્યારા થવામાં માલ નથી, એથી તો આપણા કુટુંબનું બળ તૂટશે.'' છતાં શ્રીગિરિધરજીએ તો શ્રીજીનાં વચનો પર કાંઈ પણ ધ્યાન આપ્યું જ નહિ અને વળી બોલ્યા :

''શ્રીવલ્લભ, તુમ યહ સુનો જાની અપને મન. ૪૧૪
શ્રીનાથજી અરૂ નવનીતપ્રિય ન્યારે બેઠે નાહે !
તાતેં સેવાં યહાં કીજિયે, પ્રસાદ લીજિયો આંહે. ૪૧૫
અરૂ બાંટવો તો કછુ હે નહિ, રિણમેં દઉંગો કાઢ,
અરૂ નેગ ચલાઉંગો સબ, દેઉ ન કાહુ બાંટ. ૪૧૬
મેં હું બડો, મે લેઉંગો, કાહુ ન દેઉ ભાગ,
એણી પેરે કહી પ્રકટ કર્યો પોતાનો અનુરાગ. ૪૧૭

ત્યારે શ્રીજી બોલ્યા :

''તુમ પર માગત કોન હે ? મતિ દીજો કહ્યું તેહ. ૪૧૮
વે તુમારે ઘરમે પ્રસાદ લે, સેવા કરિયે સોય,
સો હમ કહા મજૂર હેં, જો એસે સેવા હોય ? ૪૧૯
સેવા જબ કરવાયગે, ઠાકુર અપને લીન,
સો તો ઉનકે હાથ હે, નહિ કાહુકે અધીન. ૪૨૦''

એ પ્રમાણે કહી પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીનાથજી(ગોકુલનાથજી)ને સોંપવાની ના પાડી. એનું નિરાકરણ તો શ્રીગુસાંઈજી પોતે જ કરી ગયા હતા.

''શ્રીજીના ઉપવીત ઉપરાંત, તે સેવા સોંપી સાર. ૪૨૨
સેવારસ અનુભવ-અર્થ, પધરાવ્યા સેવા માંહે,
ત્યારે સહુ બાલકને, પ્રથક પ્રથક યથાયોગ્ય કર્યું ત્યાંહો. ૪૨૩
સેવ્ય સ્વરૂપ પધરાવ્યાં ને ક્રમે કારણ સહિત સાજ,
તે તે સ્વરૂપના શૃંગાર ને બાંટાનાં સોંપ્યાં કાજ. ૪૨૪''

શ્રીગુસાંઈજીએ કરેલી સેવ્ય સ્વરૂપની વહેંચણી :

આવી રીતે શ્રીગુસાંઈજીએ પોતાનો શ્રીગોકુલ દૃઢ વાસ કર્યા પછી સર્વ બાળકોને પોતપોતાનાં સેવ્ય સ્વરૂપ નક્કી કરી આપ્યાં હતાં અને ત્યારથી દરેક બાળક પોતાના સેવ્ય સ્વરૂપના શૃંગારાદિ કરતા હતા. એની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવામાં આવી હતી :

	બાલક	સેવ્યસ્વરૂપ
૧	શ્રીગિરિધરજી	શ્રીમથુરેશજી

૨	શ્રીગોવિંદરાયજી	શ્રીવિઠ્ઠલનાથજી
૩	શ્રીબાલકૃષ્ણજી	શ્રીદ્વારિકાધીશજી
૪	શ્રીગોકુલનાથજી	શ્રીનાથજી (શ્રીગોકુલનાથજી)
૫	શ્રીરઘુનાથજી	શ્રીગોકુલચંદ્રમાજી
૬	શ્રીયદુનાથજી	શ્રીમદનમોહનજી — બાલકૃષ્ણ
૭	શ્રીઘનશ્યામજી	? શ્રીનવનીતપ્રિયજી? — મદનમોહનજી

આટલું છતાં શ્રીગિરિધરજીએ સર્વ બાળકોને પોતપોતાના બાંટાનાં સેવ્યસ્વરૂપ સોંપ્યા સિવાય જુદા થવા પવા ત્રવાડી દ્વારા કહેવડાવ્યું, પણ એમાં કાંઈ વળ્યું નહિ ત્યારે પાંચ સાત દિવસ પછી ફરીને જાતે શ્રીજીને કહ્યું કે :

''શ્રીવલ્લભ, તુમ ન્યારે રહો, શ્રીનાથજીકૂં લેઈ. ૫૦૯''
કહ્યું, મે શ્રીનાથજીકું લેકે, બેઠાઉં કાહે,
તુમ તો એસે કહત હો, મેં બાંટિ દેઉગોં નાહે. ૫૧૦''

શ્રીકલ્યાણરાયજીની સંભાળ :

જ્યારે શ્રીજીએ ઉપર પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો ત્યારે શ્રીગિરિધરજીએ એમના સેવ્યસ્વરૂપ શ્રીનાથજીને શ્રીગુસાંઈજીની બેઠકમાં પધરાવવા જણાવ્યું. આ પ્રમાણે શ્રીજીને શ્રીગુસાંઈજીની બેઠકનો કબજો મળ્યો એટલે વિચાર કર્યો કે હવે જુદા થયા સિવાય છૂટકો નથી, પણ શ્રીઘનશ્યામજી અને શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી, જે બંનેની ઉંમર નાની હતી તેમને જુદા રાખી શકાય નહિ તેથી એ બંનેની સંભાળ લેવાનું કામ પણ શ્રીજીને સોંપવામાં આવ્યું હતું. શ્રીઘનશ્યામજીને શ્રીગુસાંઈજીએ પધારતી વખતે સોંપ્યા હતા અને શ્રીગોવિંદરાયજીનાં વહુજીએ પણ લીલામાં પધારતી વખતે પોતાના બાલકો શ્રીજીને સોંપ્યા હતા તથા જ્યારે એઓશ્રીએ હુંકાર ભણ્યો ત્યારે જ વહુજીએ શાંત ચિત્તે ભૌતિક દેહનો ત્યાગ કર્યો, કારણ કે શ્રીગોવિંદરાયજી વૈરાગ્યવાન સ્વભાવના હતા એટલે વહુજીને પોતાના પછી પોતાના બાલકોની સંભાળ લેવાવા વિશે ઘણી ચિંતા હતી.

શ્રીજી જુદા થયા :

તેથી સં. ૧૬૪૬ ના મહા સુદિ ૫ ને રોજ શ્રીજી શ્રીઘનશ્યામજી તથા શ્રીકલ્યાણરાયજીને સાથે લઈ શ્રીનાથજી, શ્રીવિઠ્ઠલેશજી, તથા શ્રીમદનમોહનજી એ ત્રણે સેવ્ય સ્વરૂપોને પધરાવી પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રીગિરિધરજીથી પોતાની તદ્દન મરજી વિરુદ્ધ ફક્ત એમના જ અત્યાગ્રહથી જુદા થયા. એ વખતે શ્રીગિરિધરજીએ લૌકિક દ્રવ્યાદિ અગર ગૃહવ્યવસ્થામાં ખાસ જરૂરી ચીજો પણ શ્રીજીને આપી નહિ, એટલું જ નહિ, સેવ્યસ્વરૂપોનાં આસન, વસ્ત્ર, સામગ્રી કાંઈ જ આપ્યું નહિ અને શ્રીજીએ એની માગણી સરખી પણ કરી નહિ, પ્રભુની ઇચ્છા વિચારી ચૂપ કરી રહ્યા. એ વખતે પોતાની પાસે કાંઈ સાધન નહિ હોવાથી સિંહાસન પર વહુજીનાં ચીર બિછાવી એ ઉપર સેવ્ય પ્રભુને પધરાવ્યા ! વિશ્વપતિ શ્રીજીને માટે પણ કેવો સમય ! લોકવત્ પ્રાકટ્યમાં લોકવત્ લીલા હોવી જ જોઈએ અને ત્યારે જ સ્વાંગ પૂર્ણ રીતે

ભજવાય અને તેથી જ આવી પડેલું સઘળું મૂંગે મોઢે સહન કર્યું, પણ વડીલ બંધુની લાગણી કોઈ રીતે દુખાવા દીધી નહિ, આવી રીતે ''સહન સહન એ વલ્લભની વાણી છે'' એ ભગવદીયોને આપેલા પોતાના નિરંતરના ઉપદેશને અનુભવમાં મૂકી બતાવ્યો.

શ્રીજીનો સ્વરૂપપ્રતાપ ને આકર્ષણ :

જોકે શ્રીગિરિધરજીએ શ્રીજીને કાંઈ આપ્યું નહિ, પણ એમની ઇચ્છા થતાં એ વિશ્વનાયકને કઈ વસ્તુ અપ્રાપ્ય હતી ? ફક્ત ભૂતલના રમણાર્થે પ્રાકટ્ય હતું અને તેથી લીલામાં યોગ્ય હોય એમ સર્વ બનતું. જ્યાં શ્રીજી વડીલ બંધુથી ન્યારા થયા એટલે એમના સ્વરૂપબળથી આકર્ષાઈ ભંડારિયા, જલઘરિયા, ગ્વાલ, ગાડીવાન, ચોકીદાર, ચોપદાર, બાલક, વૃદ્ધ, સર્વ વૈષ્ણવ સમાજ જેમ નદીઓ સ્વાભાવિક રીતે પોતે જ સમુદ્ર તરફ વહે છે તેમ શ્રીગિરિધરજીને છોડી શ્રીજીની સેવામાં હાજર થયો. આકર્ષણ એટલું તો તીવ્ર થયું કે દાદાજીનો નિર્વાહ કેમ ચાલશે એની શ્રીજીને પણ ચિંતા થઈ અને તેથી એમણે કેટલાકને ત્યાં જવા કહ્યું, પણ જાય કોણ ? પતંગિયાં બળી મરે, પણ દીવો છોડી ક્યાં જાય ? સ્વરૂપમાં આસક્ત થયેલાં સ્વરૂપ છોડી કેમ જાય ? શ્રીજીએ ચાંપાભાઈ અધિકારીને પરીક્ષાર્થ કહ્યું કે તમે શ્રીગુસાંઈજીના અધિકારી છો ને દાદાજી એમના વડા પુત્ર છે માટે તમારે તો ખાસ એમની સેવામાં હાજર રહેવું જોઈએ. ચાંપાભાઈ આ સાંભળતાં જ રોઈ પડ્યા. આવી રીતે શ્રીગુસાંઈજીના સર્વ કૃપાપાત્ર ભગવદીયો સ્વરૂપબળથી આકર્ષાઈ શ્રીજી પાસે રહ્યા અને એમનો આપશ્રીએ યોગ્ય સત્કાર કર્યો.

કુટુંબપ્રીતિ :

શ્રીજીનાં પ્રભાવ અને ચારિત્ર્યથી આકર્ષાઈ કેવળ વૈષ્ણવસમાજ એમની સેવામાં હાજર થયો, એટલું જ નહિ, પણ શ્રીજીનાં બાંધવ બહેન વગેરે સર્વ કુટુંબીજન પણ અત્રે જ આકર્ષાયાં. શ્રીબાલકૃષ્ણજી પોતાના સેવ્ય ઠાકોર શ્રીદ્વારકાધીશજીને પધરાવી શ્રીજી સાથે રહ્યા અને શ્રીશોભાજી, શ્રીસત્યાજી બંને બહેનો તથા શ્રીયદુનાથજી પણ શ્રીજી સાથે રહ્યા અને શ્રીજીએ એ સર્વનો યોગ્ય સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યાં આ પ્રમાણે જો કે શ્રીગિરિધરજીએ સર્વ બંધુને ન્યારા કરવા ઉપાય રચ્યા, પણ પરિણામમાં એ પોતે જ સર્વથી ન્યારા થયા, બીજાં સર્વ શ્રીજીના આશ્રય નીચે સંયુક્ત થયાં. પાછળથી વહુજીના આગ્રહથી શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીયદુનાથજી જુદા થયા.

ઘનશ્યામજીએ મચાવેલી તકરાર :

આવી રીતે શ્રીગિરિધરજીએ શ્રીજી આદિ સર્વ બંધુઓને પોતાનાથી ન્યારા કર્યા, પણ એટલેથી પત્યું નહિ. આગળ જણાવ્યા પ્રમાણે શ્રીગુસાંઈજીએ પોતાના સમયથી જ શૃંગાર દ્વારા પ્રત્યેક બાળકનું સેવ્ય સ્વરૂપ નક્કી કરી આપ્યું હતું અને એ પ્રમાણે શ્રીયદુનાથજીના બાંટાંમાં શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ આવતું હતું, પણ શ્રીયદુનાથજી સેવામાં પ્રસન્ન નહોતા એટલે શ્રીગુસાંઈજી પોતે શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કરતા, અન્ય બાળકો સૌ પોતપોતાના સ્વરૂપને શૃંગાર કરતા. શ્રીગુસાંઈજીના પધાર્યા પછી શ્રીગિરિધરજી પોતાના બાંટાના ઠાકોર શ્રીમથુરેશજીને તથા શ્રીગુસાંઈજીની

વતી શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કરતા. હવે જ્યારે સર્વ ભાઈઓ ન્યારા થયા ત્યારે સર્વને પોતપોતાનાં સ્વરૂપ સોંપાયાં, પરંતુ શ્રીગિરિધરજીએ શ્રીયદુનાથજીને એમના બાંટાનું સ્વરૂપ શ્રીનવનીતપ્રિયજી સોપ્યું નહિ અને જ્યારે શ્રીયદુનાથજીનાં વહુજીએ પોતાના બાંટાના સ્વરૂપની માગણી કરી ત્યારે શ્રીગિરિધરજીએ કહ્યું કે શ્રીમથુરેશજી તો મારા બાંટામાં મળેલા છે અને શ્રીનવનીતપ્રિયજી તો મને શ્રીગુસાંઈજીએ વડીલ પુત્ર તરીકે અધકીમાં સોંપેલા છે માટે એ બંને સ્વરૂપોમાંથી એકે મળશે નહિ. આથી શ્રીગિરિધરજી અને શ્રીયદુનાથજીની વચ્ચે કલહ આરંભાયો અને એમાં શ્રીઘનશ્યામજી, જેઓ શ્રીયદુનાથજીના સાઢુ પણ થતા હતા તે શ્રીયદુનાથજીના પક્ષમાં ભળ્યા અને કલેશ વધ્યો. (શ્રીગુસાંઈજીને આગળ જણાવ્યા પ્રમાણે બે વહુજી હતાં : (૧) શ્રીરુક્મિણીજી અને (૨) શ્રીપદ્માવતીજી. એમાં શ્રીઘનશ્યામજી સિવાયના છ બાલકો શ્રીરુક્મિણીજીના હતા અને શ્રીઘનશ્યામજી શ્રીપદ્માવતીજીના હતા, આથી શ્રીઘનશ્યામજીએ કહ્યું કે શ્રીગુસાંઈજીના વારસાનો અર્ધો ભાગ હું એકલો લઈશ અને બીજો અર્ધો ભાગ બીજા છ બાળકોમાં વહેંચાશે. શ્રીઘનશ્યામજીના આ શબ્દોથી શ્રીગિરિધરજી અને એમના સેવકોને ભય લાગ્યો, કારણે કે શ્રીઘનશ્યામજી બાહુબળમાં જાણીતા હતા તેથી શ્રીગિરિધરજી અને એમના સેવકો મંદિરનાં દ્વાર બંધ કરી સેવા કરતા.

શ્રીજીએ કરેલું સમાધાન :

વડીલ બંધુથી ન્યારા થયા પછી પણ શ્રીજી શ્રીગુસાંઈજીનાં સેવ્ય સ્વરૂપમાં દર્શન નિમિત્ત તથા શ્રીગિરિધરજીની ખબર પૂછવા નિત્ય એમને ત્યાં જતા. પોતાના નિયમ પ્રમાણે જ્યારે શ્રીજી શ્રીગિરિધરજી પાસે ગયા ત્યારે એમણે શ્રીજીને સર્વ હકીકત જણાવી અને શ્રીઘનશ્યામજીને સમજાવી વર્તવા કહ્યું, કારણ કે શ્રીઘનશ્યામજી શ્રીજીનું માન ઘણું રાખતા. શ્રીજીએ વિચાર્યું કે શ્રીનવનીતપ્રિયજી-શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીના સેવ્યસ્વરૂપને શ્રીયદુનાથજી જેઓ સેવામાં પ્રપન્ન શરણે નહોતા તેમને ત્યાં પધરાવવા એ ઠીક નથી. ત્યાં આદર નહિ તો એ સ્વરૂપ કેમ પધારે ?

''જ્યાં આદર આરત સહિત ઊપજે નહિ મન્ન,
ત્યાં કોઉ પદારથ પ્રભુઅ તે કરે નહિ સંપન્ન.'' ૫૬૬

તેથી નિજ મંદિરે આવી શ્રીજીએ શ્રીઘનશ્યામજીની તપાસ કરી. એઓ એ વખતે સેવામાં રોકાયેલા હતા. સેવાથી પરવારી એઓ શ્રીજીની બેઠકે ગયા. ત્યાં શ્રીજીએ સ્નેહથી એમની બાંહ પકડી અને શ્રીઘનશ્યામજી પણ વડીલ બંધુની શરમથી નીચું જ જોઈ રહ્યા. પછી શ્રીજી જેઓ સ્વકુટુંબમાં કલેશ જોઈ શકે એમ નહોતું, તેમણે શ્રીઘનશ્યામજીને કહ્યું કે ''ભાઈ, દાદાજી સાથે તમે આ કલેશ કરો છો એ ઠીક નથી, શ્રીયદુનાથજીને સેવામાં પ્રીતિ નથી તો શ્રીનવનીતપ્રિયજી એમને ત્યાં શી રીતે પધારે ? એટલે કે પ્રભુની પોતાની પધારવાની ઇચ્છા નથી. વળી હાલ સુધી શ્રીનવનીતપ્રિયજી અને શ્રીનાથજી જુદા બેઠા નથી એ શું તમે નથી જાણતા ? છતાં હું સર્વ કેમ સમજીને બેઠો છું. ? આવાં કાર્યોમાં ભગવદિચ્છા બલવાન ગણી કલેશનો ત્યાગ કરવો એ જ આપણો સુધર્મ છે. વળી બાંટ લેવાની સંપત્તિ તો છે

જ નહિ. શ્રીગુસાંઈજીના સામું જોઈ વિચાર કરો અને શ્રીનવનીતપ્રિયજીને દાદાજીને ત્યાં જ રહેવા દો. તમારે એ બાબતમાં કલેશ કરવો એ અયોગ્ય જ છે, તો હવેથી એ કલેશ મારી ખાતર છોડી દો.'' શ્રીજીનાં આ સ્નેહ અને હિતકારી વચનામૃતોથી શ્રીઘનશ્યામજીનો ક્રોધાગ્નિ એકદમ શાંત પડી ગયો અને એમણે શ્રીજીની માફી માગી ફરીથી એવો કલેશ નહિ કરવા વચન આપ્યું.

એમને જ અનુસર્યું :

શ્રીજીના સ્વરૂપનો કેવો પ્રભાવ ! ત્યાં કલિદોષો કેમ ઊભા રહી શકે ? પ્રેમસ્વરૂપ પાસે અન્ય દુર્ગુણો કેવી રીતે ટકે ? ઉપર પ્રમાણે શ્રીગિરિધરજીના આગ્રહથી એમનો પક્ષ કરી શ્રીજીએ શ્રીઘનશ્યામજીને વાર્યા અને કુટુંબ કલેશ થતો અટકાવ્યો, પણ લૌકિક દ્રવ્યાદિકનો ભાગ તો શ્રીજીએ માગ્યો જ નહિ અને એમના બાંટનું અલૌકિક દ્રવ્ય-લીલા મધ્યવર્તી-તે તો સ્વતઃથી જ કલેશ વગર એમને જ અનુસર્યું :

''જેમ ભક્તને પ્રભુનું સ્વરૂપ ધન, તેમ પ્રભુને ભક્તનું ધન,
એ ઉભયતા પરસ્પર ભાવ, અનન્યતા મન. ૬૦૦
જે કેવલ સ્વરૂપ સંબધી, નિરવરણીય સૃષ્ટિ છે જેહ,
જેનો સ્વરૂપે વિનિયોગ છે તેને સ્વરૂપ બલે ભરે એહ. ૬૦૧
એ ધનથી પોતે વૈભવ, સકલ સંપત્તિ સિદ્ધ કરવી અહીંય,
તે માટે એણે, બાંટ તે લીધો નહીંય. ૬૦૨''

શ્રીજીને લૌકિક ધનનું શું પ્રયોજન ? પોતાના સૌભાગ્યમય ધનમાં અન્યની મનમાં સંભાવના પણ ક્યાંથી ? જ્યાં અલૌકિક સિદ્ધ છે ત્યાં લૌકિક સ્વતઃથી ચાલ્યું આવે છે પ્રભુની કૃપાથી. જો જીવને આમ છે તો પ્રભુ લૌકિક દ્રવ્યનો બાંટ માગી કલેશ શાને કરે ? માટે શ્રીજીએ સ્વરૂપબલે વૈષ્ણવોને આકર્ષ્યા અને એ (વૈષ્ણવ) અલૌકિક ધનથી લૌકિક ધનનો વધારો કરવા વૈષ્ણવનો વિસ્તાર કર્યો તથા એ દ્વારા પ્રાકટ્યની પૂર્ણતા પ્રગટ કરી, તેથી કેવળ સેવ્યસ્વરૂપ પધરાવી, આગળ જણાવ્યું એમ શ્રીજી જુદા થયા. એ દિવસે પાસે એક પૈસો નહોતો. સેવા આસન પધરાવી શ્રીહસ્તનો ફેરવો ઉતારી ચંપાશંકરભાઈને આપી કહ્યું : આની સામગ્રી લાવો. સામગ્રી આવતાં રસોઈ વગેરે તૈયાર થઈ એટલે પ્રભુને ભોગ ધરી અનોસર કર્યા અને પછી ભાઈ ભત્રીજાઓને સાથે લઈ શ્રીજીએ ભોજન કર્યું. પછી પોઢી ઉત્થાપને બિરાજ્યા એટલે સર્વ વૈષ્ણવોએ સ્થિતિ અનુસાર શ્રીજીને ભેટ ધરી અને દ્રવ્યનો ઢેર કર્યો.

ગુજરાતનો સમાજ :

એ સમયે ગુજરાતનો થોડો સમાજ શ્રીજીનાં પ્રથમ દર્શનાર્થે આવ્યો હતો એમાં રંગાભાઈ સોની, ધનાભાઈ રાજપૂતે અદ્‌ભુત કાર્યો કર્યાં હતાં. એઓ મથુરા જઈ ઘંટા, ઝાલરી ને આરતી વગેરે તરતની જરૂરી ચીજો એકદમ લઈ આવ્યા અને દેવા દેવડા નામના દ્વારપાલે તરત જ પોતાનું ઘર શ્રીજીને સમર્પ્યું-અર્પણ કર્યું અને ત્યાં શ્રીજીએ પોતાની બેઠક કરી. બીજે દિવસે આજ્ઞા લઈ ચાંપાભાઈ આગ્રે ગયા અને સેવોપયોગી ઉત્તમ સામગ્રીના સાજ લાવ્યા. એમાં શ્રીજીને માટે બે ઘોડા હતા : એક નીલો અઠાવીસ મહોરનો હતો અને બીજો લટકણ ૧૭ મહોરનો હતો. આ પ્રમાણે જોતજોતામાં શ્રીજીનો લૌકિક વૈભવ ઘણો વધી ગયો.

૧૬. ગુજરાતનો પરદેશ

ગુજરાત પધારવાની ઇચ્છા :

આ પ્રમાણે શ્રીગોકુલમાં લગભગ ૧૮ વર્ષ સુધી બિરાજી શ્રીજીએ સ્વજનોને સેવા-રસ-લીલાનો અનુભવ કરાવ્યો. અહીં શ્રીજી પોતાનો ઘણો ખરો સમય પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજી તથા શ્રીગોવર્ધનનાથજીની અનેક ભાંતે વાત્સલ્યથી સ્નેહમય સેવા કરવામાં ગાળતા અને એ દ્વારા ભક્તજનોને એઓનાં ધર્મ અને કર્તવ્યનું સૂચન કરતા. આ ઉપરાંત સેવાના અનવસરમાં માર્ગીય સિદ્ધાંતો સ્વજનો સમજી શકે એવી સહેલી અને રસિક ભાષામાં વચનામૃતો દ્વારા પ્રકટ કરતા. એવામાં શ્રીગિરિધરજીથી જુદા થયા પછી શ્રીજીને ગુજરાત પધારી ત્યાંના દૈવી જીવોને શરણે લેવાની તથા શરણસ્થોને ફલની પ્રાપ્તિ કરાવવાની ઇચ્છા થઈ.

વિનંતીપત્ર :

ઇચ્છા થતાં જ રાજનગરનથી હરિવંશભાઈએ પોતાનું પરમ ભાગ્ય માની શ્રીજીના મનની વાત જાણી આપને પધરાવવા માટે પવા ત્રવાડી તથા ચંપાશંકરભાઈની સાથે વિનંતીપત્ર લખી મોકલ્યો. આવી રીતે સ્વઇચ્છાનુસાર ભક્તજનનો પત્ર મળતાં શ્રીજી ઘણું હર્ષ પામ્યા. અત્રે કોઈ સંદેહ કરે કે પ્રભુ તો અંતર્યામી હોવાથી ભક્તના મનની વાત જાણે, પરંતુ ભક્તજન પ્રભુની ઇચ્છા શી રીતે જાણી શકે ? સર્વોત્તમસ્તોત્રમાં શ્રીગુસાંઈજી જણાવે છે એમ પ્રભુ તો નિગૂઢહૃદય એટલે જેમનું હૃદય સમજી શકાય નહિ તેવા છે.

ઉપલા સંદેહના નિવારણ અર્થ સર્વોત્તમસ્તોત્રમાંનું જ એ પછીનું નામ જ બસ છે : ''अनन्यभक्तेषु ज्ञातिपिताशयः'' :

અર્થ : પોતાના અનન્ય ભક્તોને પોતાનો આશય (હેતુ, ઇચ્છા, મનોરથ) જેણે જણાવ્યો છે તેવા, એટલે કે પ્રભુની ઇચ્છા જાણવા કોઈ પણ સ્વશક્તિથી સમર્થ નથી, પરંતુ પ્રભુ કૃપા કરી જેને જણાવે તે સહેજ જાણી શકે છે અને પોતાના અનન્ય ભક્તજનોને પોતાની ઇચ્છા જાણવાનું સામર્થ્ય આપવાનો પ્રભુનો સ્વભાવ જ છે.

ગુજરાત પરની વિશેષ પ્રીતિ :

વળી બીજે કોઈ દેશ નહિ અને ગુજરાત પધારવાની શ્રીજીની સ્વતઃ ઇચ્છા થઈ એ એ દેશ પ્રત્યેની પોતાની વિશેષ પ્રીતિ સૂચવે છે. ગુજરાત પરની આ કૃપા શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીમાં પણ આવિર્ભૂત થયેલી. દ્વારકાની યાત્રાના મિષથી ત્રણ ચાર વખત શ્રીમદ્‌વલ્લભાચાર્યજી, તથા શ્રીગુસાંઈજી તો છ વખત

ગુજરાત પધાર્યા હતા.

શ્રીગુસાંઈજીના ગુજરાત પધાર્યાની તિથિઓ

૧ અડેલથી - સંવત ૧૬૧૩
૨ અડેલથી - સંવત ૧૬૧૫
૩ ગઢેથી - ૧૬૧૯
૪ મથુરાથી - સંવત ૧૬૨૩
૫ ગોકુલથી - સંવત ૧૬૩૧
૬ ગોકુલથી - સંવત ૧૬૩૮

મુહૂર્ત તથા પ્રયાણ :

પત્ર મળતાં શ્રીજીએ ગોવિંદ ત્રવાડીની પાસે શુભ મુહૂર્ત જોવડાવી સં. ૧૬૪૬ ના ચૈત્ર સુદિ ૯ - રામનવમીના રોજ પ્રયાણ શરૂ કરવાનો નિશ્ચય કર્યો અને અધિકારી ચાંપાભાઈને પરદેશમાં ખાસ જરૂર પડે એવો સર્વ સાજ તૈયાર કરવા આજ્ઞા આપી. મુહૂર્તના દિવસે જયંતી-ઉત્સવ કરી, વાગો વસ્ત્ર પહેરી વહુ બેટીની રજા લેવા શ્રીજી ભીતર પધાર્યા. અત્રે શ્રીશોભાજી તથા શ્રીકમલાજીએ વિજય-તિલક કરી શ્રીહસ્તમાં બીડું મૂક્યું. શ્રીજી ભિતરિયા વગેરે સર્વને સાવધાનતાથી સેવા કરવાનું કહી નિજ બેઠકે પધાર્યા. એટલામાં સ્વરૂપનૈષ્ઠિક અને સ્વરૂપાસક્ત ભક્તજનોને શ્રીજીના પ્રયાણની ખબર પડતાં એ સર્વ ત્યાં ધસી આવ્યાં અને પોતાના પ્રાણપ્રભુને પરદેશ પધારતા જોઈ, શ્રીકૃષ્ણના અક્રૂરજી સાથે મથુરા પધારતી વખતે ગોપીજનોની માફક, કેવળ વિહ્વલ થઈ, હૃદયના ભાવો ઘણા પ્રયત્નથી પણ દાબી ન શકાવાથી, નિરુપાયે એઓએ નેત્રના કાજળને અસ્ખલિત અશ્રુપ્રવાહથી ધોવા માંડ્યાં. આ જોઈ શ્રીજીનું હૃદય કરુણાથી ભરાઈ આવ્યું અને એમની સામે સ્નેહદૃષ્ટિથી જોઈ, એઓનાં હૃદયમાં, શ્રીકૃષ્ણે ગોપીજન પ્રત્યે કર્યું હતું એમ, પોતાના મનને સ્થાપન કરી, એઓને ભાવાત્મક સ્વરૂપનું દાન કરી શાંતિ આપી. આ પ્રમાણે અલૌકિક શક્તિથી સ્વજનોનું સમાધાન કરી શ્રીજીએ એમને કહ્યું કે તમે લગાર પણ વિચાર કર્યા સિવાય રજા આપો તો વિજય કરું. જોકે પ્રથમ બિલકુલ નામરજી છતાં, પ્રભુની ઇચ્છા જાણી તથા એમાં એમની પ્રસન્નતા વિચારી, સૌએ ભાવ સહિત આશિષ આપી રજા આપી. પ્રિય વાચક ! ખ્યાલ કર ! કેવો પ્રેમધર્મ ! પ્રેમમૂર્તિની ઇચ્છા એ ઇચ્છા ! કેવું ઐકય ! ભિન્નત્વ અને સ્વસુખનો કેવો ઉદાર ત્યાગ ! 'ચાહવું અને સહેવું' એ મહાન સૂત્રોનું કેવું આબેહૂબ દૃષ્ટાંત !

શ્રીગોકુલથી આન્યોર :

આવી રીતે કુટુંબીજન તથા ભક્તજનોથી વિદાય થઈ ચાંપાભાઈએ તૈયાર રાખેલા અશ્વ પર સવાર થઈ, શુભ શુકન લઈ શ્રીજીએ પ્રયાણ કર્યું. શ્રીયમુનાજીના કિનારે આવી શ્રીજી નાવમાં બેસી પાર ઊતર્યા અને અધિકારીની વિનંતી પરથી કેટલોક વખત પોતે સામે પાર ખરીકમાં બિરાજ્યા તથા સર્વ સાજ અને સેવકો આવી પહોંચતાં શ્રીજીએ પ્રયાણ ચાલુ કર્યું. પ્રથમ દિવસે શ્રીજી પરાસોલી થઈ આન્યોર પધાર્યા અને ત્યાં શ્રીગોવર્ધનનાથજીને મળ્યા. ત્યાંથી આજ્ઞા માગી વિદાય થયા. એ વખતે ભિતરિયાએ શ્રીઠાકોરજીની પ્રસાદી માળા તથા બીડું આપ્યાં અને વિજય-તિલક કરી દંડવત્પ્રણામ કર્યા.

સાથેના ભક્તજન :

ગુજરાત પધારતાં શ્રીજી સાથે જે સાજ તથા એ સંભાળનાર જે ભક્તજન હતા તેમનું પ. ભ. ગોપાલદાસજીએ એમના 'ગુજરાત પ્રસંગ'માં ઘણું લાબું વર્ણન આપ્યું છે. સાથેના ભક્તજનોમાં પવો ત્રવાડી, ગોપીનાથદાસ, ઉખોજી, કૃષ્ણદાસ ખવાસ, માધવદાસ પરચારક, દેવીદાસ સજ્યા સંભાળનાર તથા પ્રભુને પાનનો શોખ હોવાથી વાંકડી સોપારી, ખેર, લવંગ, એલચી, કાતર, સૂડી વગેરે લઈને રાઘવદાસ, વૈષ્ણવોની રસોઈ માટે મહાવદાસ, ખજાનચી શ્યામદાસ, ભંડારી કહાનો મહેતો, હાંસી-ટોક માટે ખીણકરણ પુરવિયો, ઘોડાની સેવામાં નરવદન ને હરિદાસ વગેરે હતા. આ સિવાય ધોબી વગેરે પણ સાથે હતા. આન્યોરમાં સેવક સાથે ગ્વાલમંડળીની પ્રીતથી શ્રીજીએ ફલાહાર કર્યો. પછી ચંચલ નામના અશ્વ પર આરૂઢ થઈ શ્રીજી આગળ ચાલ્યા.

સીકરીથી મોડાસા :

આન્યોરથી સીકરી રાધાબાઈને ત્યાં થઈ રણથંભોર લાડબાઈને ત્યાં પ્રભુ પધાર્યા. ત્રવાડીએ ઉજ્જેનમાં નારણદાસ નામના વૈષ્ણવનું દ્રવ્ય અંગીકાર કરવાનો વિચાર કરી શ્રીજીને રામપુર પધારવા વિનંતી કરી, અહીં તપાસ કરતાં શ્રીજીને માલૂમ પડ્યું કે અવળે રસ્તે પ્રયાણ થતું હતું અને એના કારણરૂપ પવો ત્રવાડી હતો, તેથી એના પર ગુસ્સે થઈ એને અવળે રસ્તે લાવવા માટે ઠપકો આપ્યો. પછી કૂકડેશ્વર ઘાટે થઈ ઉદેપુર તળાવ પર મુકામ કર્યો. સ્થળનાં સૌંદર્ય ને સગવડ જોઈ શ્રીજીએ ત્યાં રસોઈ કરાવી અને ઉત્થાપન સુધી ત્યાં જ બિરાજ્યા. ત્યાંથી ખીરભાઈ, હરિદાસ ઝાલા, ગોવિંદ દવે વગેરેના મનોરથ સિદ્ધ કરી પ્રભુ પાનોડમાં શ્રીગુસાંઈજીના સેવક હરપાલ ભીલને ત્યાં પધાર્યા. આપના પધાર્યાની ખબર સાંભળી એ સામો આવ્યો. એના ભાવથી શ્રીજી એને ત્યાં ત્રણ દિવસ રહી એની મનોવાંછના પૂર્ણ કરી. એણે શ્રીજીને દસ હજાર રૂપિયા ભેટ કર્યા. પછી ઇડર થઈ વિજાપુરમાં ત્યાંના રાજા વીરમદેવની વિનંતી પરથી પધારી એની સોળ રાણીઓને નામ આપ્યું. વિજાપુર ડુંગર ઉપર છે, ત્યાં વૈષ્ણવોના આગ્રહથી પર્વત પર છાયામાં રસોઈ કરી. એ પર્વતના પથ્થર પાતળા ચીકણા હતા તેથી પથ્થર ઉપર રોટી વણી સામગ્રી તૈયાર થતાં ભોગ ધરી વૈષ્ણવો સાથે શ્રીજીએ પ્રસાદ લીધો. ત્યાંથી ગદાધરદાસને ત્યાં થઈ પ્રભુ દધારીએ પધાર્યા. ત્યાંનાં ધનાઈબાઈ નામે ભક્ત શ્રીગોકુલથી સાથે થયા હતા અને જ્યારે પ્રભુએ એને ત્યાં પધારવાનું વચન આપ્યું ત્યારે જ આગળ જઈ, તૈયારી કરીને પોતાના ભાઈ વીરભાઈ વસાણીને શ્રીજીને પધરાવવા સામે મોકલ્યો. એને ત્યાં પધારી પ્રભુએ ભોજનથી સેન સુધીની સેવાનો અંગીકાર કર્યો. ત્યાં એ બાઈનાં સર્વ કુટુંબીઓને નામનિવેદન કરાવ્યાં અને બાઈ તો સર્વ સમર્પી શ્રીગોકુલ ગઈ. ત્યાંથી માર્ગમાં સાતરડે કર્મદાસને ત્યાં થઈ શ્રીજી મોડાસે પધાર્યા. ત્યાંનો વૈષ્ણવ સમાજ સામો આવ્યો. ત્યાં સારંગધર વ્યાસ અને માધવદાસના મનોરથ પૂર્ણ કર્યા તથા ત્યાંનો પૂજો રાવળ નામનો રાજા શરણે આવ્યો એને નામ આપ્યું. આ વખતે રાજાએ શ્રીજીને અંતિસરડું ગામ સમર્પ્યું.

મોડાસાથી રાજનગર :

મોડાસેથી સાવલીમાં મહેતા કુંવરભાઈને શરણે લઈ એને દુષ્ટજનોની સોબતમાંથી મુક્ત કર્યો. ત્યાંથી પ્રભુ ખેરાળુ પધાર્યા. અત્રે શ્રીગુસાંઈજીના સેવકો શ્રીજીને હર્ષથી પધરાવવા સામા આવ્યા. ત્યાંથી વડનગર શ્રીગુસાંઈજીના સેવક દેવજી મહેતા(નાગર ગૃહસ્થ)ને ત્યાં પધારી, દૈવી જીવોને નામનિવેદન આપી શરણે લીધા. ત્યાંનાં રાજબાઈ નામે વૈષ્ણવની સરાહના શ્રીમુખે કરી છે. ત્યાંથી વીસનગર થઈ આસોડા વૈકુંઠ જોશીને ત્યાં પધાર્યા. પછી વસોમાં સમિયાભાઈ તથા સારંગભાઈના મનોરથ પૂર્ણ કરી ખલહેણામાં પુરુષોત્તમદાસ તથા લક્ષ્મણદાસને ત્યાં થઈ, લાંઘણ થઈ સાવજમાં દામોદરદાસ પંચોળીને ત્યાં પધાર્યા. ત્યાંથી ત્રવાડીના ગામ ભાદરડા ખિલોર પધારી ઘર પાવન કર્યું. અત્રે પવિતરા- એકાદશીનો ઉત્સવ કર્યા. પછી મોડિયામાં પધારી શ્રીગુસાંઈજીનાં કૃપાપાત્ર ગોપીબાઈને ત્યાં દ્વાદશીએ ભોજન કર્યું. અત્રેથી વધાઈ જતાં રાજનગરથી વૈષ્ણવોનો મોટો સમાજ શ્રીજીને પધરાવવા સામો આવ્યો. એ સર્વેએ ગોપીબાઈને ત્યાં શ્રીજીને પવિતરાં ધરાવ્યાં.

પછી ત્રયોદશીએ હરિવંશભાઈની આર્તિ ભરેલી વિનંતી પરથી પ્રભુ અસારવે ભાઈલા કોઠારીને ત્યાં પધાર્યા ત્યાં ભક્તજનોએ શ્રીજીને પ્રથમ મંડપમાં પધરાવી અનેક ભેટ સમર્પી. અસારવામાં પ્રભુ કૃષ્ણદાસ કોઠારીને ત્યાં ભોજન કરતા, ભાઈલા કોઠારીને ત્યાં ઉત્થાપને બિરાજતા તથા હરજી કોઠારીને ત્યાં પોઢતા અને જેતા કોઠારીને ત્યાં નામ આપતા. આ પ્રમાણે ભક્તજનોની સેવાનો યથાધિકાર વિવિધ પ્રકારે અંગીકાર કરી અનેક જીવને શ્રીજીએ શરણે લીધા, જેમાં રંગરાય, માધવદાસ તથા વૃંદાવન એ બે ઊતરતી વર્ણના હતા એઓનો અંગીકાર કરી શ્રીજીએ બતાવી આપ્યું કે એતન્માર્ગમાં ઉચ્ચ નીચ સર્વે પ્રકારના જીવોનો અંગીકાર થઈ શકે છે, વર્ણભેદ કે જાતિભેદથી વૈષ્ણવ થવામાં વાંધો આવતો નથી અને તેથી શાસ્ત્રોમાં ચાર પ્રકારના વર્ણ-બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય ને શૂદ્ર-છે એ ઉપરાંત શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ વૈષ્ણવ નામનો પાંચમો સર્વથી ન્યારો વર્ણ કાઢ્યો છે કે જેમાં ઉપરના ચારે વર્ણનો સમાવેશ થઈ શકે છે. આ જ કારણને લઈને હિંદુ, મુસલમાન, ઊતરતી વર્ણના વગેરે હરકોઈ જીવ જો દૈવી હોય તો એતન્માર્ગમાં દાખલ થઈ શકે છે અને એ આ સંપ્રદાયનું જગત-સંપ્રદાય તરીકેનું એક લક્ષણ સૂચવે છે.

વિઠલદાસને ત્યાં હિંડોળા :

ત્યાંથી શંકરપુરના વિઠલદાસની વિનંતી પરથી ભાઈલા કોઠારીની સંમતિ લઈ પ્રભુ એમને ત્યાં પધાર્યા. વિઠલદાસનું ઘર વિશાળ હતું. એમને ત્યાં સોહાસણીઓએ મંગલ કલશ લઈ આવી શ્રીજીને મોતીથી વધાવ્યા, પછી મંદિરમાં પધરાવી આરતી ઉતારી. અહીં શ્રીજીના કૃપાપાત્ર ચાચા હરિવંશજી, લખમીદાસ, ખંભાતના માધવદાસ તથા જીવાભાઈ, રાધનપુરનાં ઠાકર દાસી વગેરે અંતરંગ ભક્તો હાજર હતાં. હિંડોળાનો સમય હોવાથી, વિઠલદાસે શ્રીજી માટે હિંડાળાનો નૂતન સાજ તૈયાર કરાવી સેવાનો મનોરથ સિદ્ધ કર્યો. અહીં જન્માષ્ટમી કરી પ્રભુ આગળ પધાર્યા.

લખમીદાસને સારથિ તરીકે શ્રીજીએ સાથે લીધા અને અન્ય ભક્તજનોને દ્વારકાથી પાછા પધારતાં મળવાનું વચન આપી શાંત કર્યા. માર્ગમાં લખમીદાસ રથ હાકતાં મોં ફેરવી બેસતા અને શ્રીજી એમની ગોદમાં માથું રાખી પોઢતા. વળી એ સમયે લખમીદાસ અનેક વાર્ત્તા પ્રસંગ કાઢતા તથા પદનો ભાવ પૂછતા એ સર્વનો શ્રીજી પ્રેમપૂર્વક ખુલાસો કરતા અને એ સાંભળી, પોતાનું પરમ ભાગ્ય માની લખમીદાસ પ્રસન્ન થતા.

રાજનગરથી ડાંગદરા :

ત્યાંથી સરખેજ, સાણંદ ને ગોધાવી થઈ પ્રભુ વીરમગામ પધાર્યા. પછી ડાંગદરે જઈ મુકામ કર્યો. પાછળ રહેલો સાથ અત્રે આવી મળ્યો. અહીં રસોઈ પાણી માટે સર્વેએ કૂવા તળાવની ઘણી ખોળ કરી, પણ ક્યાંય પાણી મળ્યું નહિ અને તેથી સર્વને રસોઈ પાણી વગર ઘણી આપદા પડી. શ્રીજીને આ વાતની ખબર પડતાં એમણે કહ્યું કે પેલી બાજુમાં એક તળાવ છે ત્યાં જઈ જુઓ. ત્યારે સર્વેએ કહ્યું કે તળાવ તો છે, પણ એમાં જલ નથી. પછી પ્રભુએ પોતાનો પ્રતાપ દેખાડી આજ્ઞા કરી કે ''જાઓ, એમાં જલ છે.'' આજ્ઞા પ્રમાણે જઈ ને જોયું તો તળાવ નિર્મળ શીતલ જલથી ભરેલું જોયું. આ જોઈ સર્વને પ્રભુના પ્રતાપનો અનુભવ થયો. અન્ય માર્ગોની માફક એતન્માર્ગમાં આવા ચમત્કારો પર ખાસ લક્ષ આપવામાં આવતું નથી છતાં જો જોવાની ઈચછા થાય તો અભ્યાસીની મનોવાંછના સંપૂર્ણ રીતે પૂર્ણ થાય એવાં અસંખ્ય દૃષ્ટાંતો મળી શકે એમ છે. આવાં દૃષ્ટાંતો પ્રભુનું માહાત્મ્ય તેમ પ્રતાપ પ્રગટ કરી અશ્રદ્ધાળુઓને શ્રદ્ધાવાન તથા ભમતાં ચિત્તોને સ્થિર કરે છે અને તેથી એમને પોતાની ભાવના સ્થિર કરવામાં મદદ કરે છે, પરંતુ જે ભક્તજનોને પ્રભુના સ્વરૂપનાં પિછાન અને અનુભવ થયેલાં છે તથા જેઓના ભાવ વજ્રવત્ દઢ થયા છે તેમને તો આમાં કાંઈ જ આશ્ચર્ય લાગતું જ નથી, એમને તો તે સ્વાભાવિક જ લાગે છે. એમને તો પ્રભુ આવા ચમત્કાર બતાવે યા ન બતાવે એ એક સરખું જ છે, કારણ કે એઓ એમનો પ્રભાવ તેમ પ્રતાપ સારી રીતે જાણે છે, પરંતુ જે જીવોએ પ્રભુનાં માહાત્મ્ય અને પ્રતાપ વિશે દઢ વિશ્વાસ થયો નથી તેવા પ્રાવાહિક જીવોને માટે પ્રભુ પ્રસંગોપાત્ત ચમત્કાર બતાવી એમની ભાવના દઢ કરે છે.

ડાંગદરાથી દ્વારકા :

ત્યાર પછી સૌરાષ્ટ્ર-હાલાર વિભાગમાં પંચસર ગામ છે ત્યાં કૂકાજી નામે રાજપૂત ભક્ત હતા એમને શ્રીજીનાં દર્શન માટે ઘણી તીવ્ર આર્તિ હતી, પણ વડીલોના સંકોચને લીધે બહાર નીકળી શકાતું નહોતું, તેથી એણે સુમરાજી નામના પોતાના એક માણસને શ્રીજી પાસે મોકલી સર્વ સમાચાર કહાવ્યા. ભક્તવત્સલ શ્રીજી ભાવ સમજી એમના ગામમાં પધાર્યા ને બાગમાં મુકામ કર્યો. ત્યાંથી પોતાની અટારી પર ચઢી, કૂકાજીએ દર્શન કરી શાંતિ મેળવી. પછી પ્રભુને માટે ફલફૂલ વગેરે સામગ્રી મોકલી તથા જોડે એક ગૂંથેલી પાતર પહોંચાડી અને ગુરુજનના સંકોચને લીધે જાતે

આવી શકાયું નથી એવી પ્રભુને વિનંતી પહોંચાડી. પ્રભુએ પાતર દ્વારા સર્વ અંગીકાર કર્યું છે એવું કહેવડાવતાં એમને દર્શન માટે વધારે લાગણી થઈ અને તેથી વેશ બદલીને આવ્યા. આ વખતે શ્રીજી માટે એઓ એક કેસરી વાઘો લાવ્યા હતા. શ્રીજીએ તેને તે જ વખતે શ્રીઅંગે ધરી એમનો મનોરથ સિદ્ધ કર્યો. આ પ્રમાણે ઠામોઠામ ભક્તજનોને સુખ આપતા શ્રીજી છિકારી થઈ સં. ૧૬૪૬ ભાદરવા વદિ ૧૩ ના રોજ દ્વારકા પધાર્યા. ત્યાંના ગૂગળી બ્રાહ્મણો સામા આવ્યા. અહીં તીર્થને આવશ્યક સર્વ વેદવિહિત કર્મ કરી, વિપ્રોને દાન દક્ષિણા આપી સંતોષ આપ્યો. પછી શ્રીરણછોડજીની સેવામાં ગૂગળીઓને હાથે થયેલો ગોટાળો કાઢી, ભોગ વગેરેનો નિયત ક્રમ બાંધ્યો અને વિધિસર સેવા ચાલુ કરી. આ પ્રમાણે વ્યવસ્થા કરી, ૧૧ દિવસ દ્વારકામાં બિરાજી, એ સ્થળનો મહિમા વધારી પ્રભુએ ત્યાંથી વિજય કર્યો.

દ્વારકાથી રાજનગર :

દ્વારકાથી ખડે ખંભાળિયે વૈષ્ણવોના આગ્રહથી મુકામ કરી આગળ પ્રયાણ કર્યું. માર્ગમાં લખમીદાસ રથ હાંકતા હતા અને શ્રીજી પોઢ્યા હતા, પણ સોરઠી નદી પાસે આવતાં પ્રવાહના અવાજથી પ્રભુ જાગ્યા અને એ રસ્તો ક્યાં જાય છે એમ પૂછ્યું ત્યારે કહેવામાં આવ્યું કે શ્રીકૃષ્ણે જે સ્થળે આસુરવ્યામોહલીલા કરી હતી તે પ્રભાસપાટણ તરફ એ રસ્તો જાય છે. આ સાંભળી શ્રીજીને ખેદ થયો. ત્યાંનો સોઢણરામ જેઠવો નામનો રાજા પાછળથી આપને પધરાવવા આવ્યો, પણ પોતે એ માર્ગે ન જતાં એની વિનંતી પરથી એને નામ આપ્યું અને એણે સાજ સાથે ઘોડો સમર્પ્યો. ત્યાંથી રાજકોટ પધાર્યા અને ત્યાં વિભોજીને સંભાર્યા, પણ એ નહિ હોવાથી એમના પુત્રને માથે પ્રભુએ શ્રીહસ્ત ધર્યો અને એ દ્વારા એને નિર્ભય કર્યો. પછી નવાનગરમાં આવતાં રાજાએ ઘોડો ભેટ કર્યો તથા રણમલજીએ એક દુહો કહી સંભળાવ્યો.

દુહો : ''ઓવરણાં આ છે વલ્લભ તે અવની તણાં.
તટ જમુના તણે જહાં તું સરખા નીપજે.''

અહીં અનેક દૈવી જીવને શરણે લઈ ખંભાળિયે ભટ્ટ રાઘવદાસને ત્યાં પધાર્યા. ત્યાર પછી ધરોલા (ધ્રોળ) વાળાં અનાબાઈ, જે પ્રભુને દ્વારકા જતાં મોરબીમાં મળ્યાં હતા અને જે ત્યાંથી સાથે સાથે દ્વારકા ગયાં હતાં તેમણે પ્રભુને પોતાના ગામમાં પધરાવી પોતાનો સેવાનો મનોરથ સિદ્ધ કર્યો. ત્યાંથી સૌરાષ્ટ્રના કૈઆણ બાબરા નામે ગામમાં ભાગીરથી ફૂલબાઈને ત્યાં પ્રભુ પધાર્યા. ત્યાં સાત દિવસ સુધી બિરાજી એની સેવાનો અંગીકાર કર્યો તથા અનેક જીવને શરણે લીધા. આગળ ચાલતાં જંબોજી નામે શુદ્ધ અંતઃકરણવાળા બ્રાહ્મણની વિનંતી પરથી પ્રભુ એને ગામે કૂડે પધાર્યા. એના પર કૃપા બતાવી પ્રભુએ એની સામગ્રીનો અંગીકાર કર્યો. પછી પાટણ પાસે આવતાં મધુઓ ઠાકોર વગેરે સામા આવ્યા અને પ્રભુને શિવા ભટ્ટને ત્યાં પધરાવ્યા. ત્યાં શાસ્ત્ર રીતે પ્રભુની અર્ઘપાદ્ય પૂજા કરી અને માધવદાસ, મોહનદાસ, કલ્યાણદાસ, ગંગાબાઈ તથા માધવ મહેતાના પુત્ર લખમીદાસ વગેરેને શ્રીજીએ નામ

આપ્યાં. અત્રે એક દિવસ પ્રભુ સાળવીને ત્યાં પધાર્યા. એ પટોળાં વણતો હતો. એને પોતે પૂછ્યું કે પટોળાં કેવી રીતે વણો છો ? એ વણવાની રીત કપોલકલ્પિત છે કે કાંઈ શાસ્ત્રીય રીત છે ? પછી એ વણવાની રીતનું વર્ણન સાંભળી શ્રીજી પ્રસન્ન થયા. પાટણથી પ્રભુ સિદ્ધપુર પધાર્યા. ત્યાં સરસ્વતીમાં સ્નાન કરી એનો મહિમા વધાર્યો. ત્યાંથી મહેસાણે આવી તળાવ પર ડેરો કર્યો. ત્યાં એ વખતે માટીનાં વાસણ સારાં થતાં હતાં એ લાવી કેટલાક વૈષ્ણવોએ શ્રીજીને સમર્પ્યાં : કારીગરી જોઈ શ્રીજી પ્રસન્ન થયા. આ પ્રમાણે સૌરાષ્ટ્રમાં ઘણા રાજાઓ તથા અનેક દૈવી જીવોને શરણે લેતા તથા ઠામેઠામ શરણસ્થ અને અંગીકૃત જીવોને એમની સેવાના અંગીકાર દ્વારા અદેય ફલનું દાન કરતા શ્રીજી દંઢાવ્ય દેશમાં આવી પહોંચ્યા. અત્રેથી રાજનગર પાસે હોવાથી ચાચા હરિવંશજી, પવો ત્રવાડી, બ્રહ્મચારી હરિપત ભટ્ટ, જબોજી, જગન્નાથ, લખીબાઈ, હીરબાઈ, કાનબાઈ વગેરે જે ભક્તજન પ્રભુની સાથે હતાં તેમાંથી લખીબાઈએ ઘેર સૌને ખબર મોકલી.

રાજનગરમાં વિઠ્ઠલદાસને ત્યાં :

ખબર મળતાં રાજનગરનો વૈષ્ણવસમાજ સામો આવ્યો અને શ્રીજીને વિઠ્ઠલદાસને ત્યાં પધરાવ્યા. પ્રભુએ દિવાળી તથા અન્નકૂટના ઉત્સવ અહીં જ કર્યા. અન્નકૂટ શ્રીમદનમોહનજીના મંદિરમાં પુરાયો હતો. પછી કીકા મહેતાના આગ્રહથી શ્રીજી એને ત્યાં સૈયદપુર પધાર્યા. વિઠ્ઠલદાસ તથા બીજા વૈષ્ણવ પણ સાથે ગયા હતા. માર્ગમાં વિઠ્ઠલદાસ શ્રીજીનો રથ હાંકતા. અહીં કેવળ એની વિનંતી પરથી દયા લાવી એક ભાડભૂંજીને શરણે લીધી. એણે પ્રભુને વિનંતી કરી કે ''અહીં બિરાજો ત્યાંસુધી હું છોલા લાવું એ અંગીકાર કરજો.'' એનો ભાવ જોઈ ભક્તમનોરથપૂરક પ્રભુએ એની વિનંતી સ્વીકારી તેથી એ હમેશાં સુંદર છોલા લાવતી અને શ્રીજી એ પ્રીતિથી આરોગતા !

પ્રિય વાચક ! પુષ્ટિપ્રભુની કૃપાનો ખ્યાલ કર ! જે એમના થઈને રહે છે અને જેમને આપ પોતાના કરી માને છે તેવા જીવોને પ્રસન્ન રાખવા, એમના મનોરથ સિદ્ધ કરવા, એઓ પોતે અનેક પ્રકારનો શ્રમ વેઠે છે, એટલું જ નહિ, એમ કરવામાં આનંદ માને છે. પ્રભુ પોતે આત્મારામ અને સ્વતંત્ર છે છતાં ભક્તજનના ભાવને વશ થઈ, એમની સાથે એમની ઇચ્છા પ્રમાણે ક્રીડા કરી એમને સંતોષ આપે છે. જે પ્રભુ આપણાં સંતોષ અને સુખને અર્થે આટલો શ્રમ લઈ રહ્યા છે તેઓ પ્રત્યે આપણું શું કર્તવ્ય હોવું જોઈએ એ તો દરેક સુજ્ઞ વાચક સમજી શકશે. પ્રભુ જે જે ક્રીડા અને લીલા કરે છે તેનો કુલ હેતુ સ્વજનોને સંસારાસક્તિમાંથી છોડાવી એઓના પોતાના વિશે નિરોધ સિદ્ધ કરવો એ જ હોય છે અને તેથી જુદા જુદા ભક્તજન સાથે એમનાં સ્વભાવ અને પ્રકૃતિ પ્રમાણે પ્રભુ જુદી જુદી ક્રીડા કરે છે તથા એ દ્વારા એઓને જગતના પ્રપંચનું વિસ્મરણ કરાવી પોતામાં આસક્ત કરે છે. આ પ્રમાણે જ્યારે જીવની અહંતા મમતાનો નાશ થાય અને એનો સર્વ પ્રકારનો અહંકાર નિર્મૂળ થાય, પછી જ્યારે એ જીવ પ્રભુના સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે કૃતાર્થ થયો ગણાય

છે શ્રીમદ્-વલ્લભાચાર્યજી બાલબોધ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે,

अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ।।७।।

અર્થ :- અહંતા મમતાનો નાશ થયે સર્વ રીતે નિરહંકારી થઈ જ્યારે જીવ પ્રભુના સ્વરૂપમાં સ્થિત થાય ત્યારે એ કૃતાર્થ થયો કહેવાય છે.

રાજનગર બિરાજતાં એક વખત વિઠ્ઠલદાસે નૂતન સામગ્રી કરી શ્રીજીને ભોગ ધર્યો. એ વખતે એમણે આપને એ સામગ્રીનું નામ દેવા કહ્યું અને વિનંતી કરી કે ''આપ તો ચતુરરાય છો અને જો નામ નહિ આવડે તો હાંસી થશે.'' પ્રભુએ કહ્યું ''હાંસી થાય તો ભલે થાય, પણ હું એ સામગ્રી જાણતો નથી.'' પછી કાનમાં જઈ વિઠ્ઠલદાસે નામ કહ્યું. શ્રીજી સાંભળી પ્રસન્ન થયા. એ સમયે વિઠ્ઠલદાસે પ્રભુને એક દુહો કહ્યો :

''મારે મન તું એકલો, તારે મન સો લક્ષજી;
પીયુડો પીયુ પીયુ કરે, મેઘ ન જાણે દુઃખજી. ૬૨''

એના પ્રત્યુત્તરમાં શ્રીજીએ સામો પણ દુહો કહ્યો કે

''જીતે કીત મહુતરે, સજ્જન ચિત ચઢિયાંજી;
કીત મહુત ચિત ચઢે, જ્યોં બહુ રેન ઉતરિયાંજી.''

રાજનગરમાં વાદ :

શ્રીજી રાજનગર બિરાજતા હતા એ સમયમાં ત્યાં એકાદ વર્ષથી બાર ભટ્ટ નામે બ્રાહ્મણ આવ્યો હતો એણે એક નવીન મત પ્રકટ કરી, પોતાની પંડિતાઈ બતાવી બીજા સર્વ મતનું ખંડન કરવા માંડ્યું હતું. એ દરેક મતના અગ્રણીઓ સાથે વાદ કરતો અને એમને હરાવી પોતાનો મત સ્થાપિત કરતો, આથી ઘણા લોકો એના મતમાં ભળ્યા. એણે શ્રીજીને પધારેલા જાણી એમની સાથે વાદ કરી, એમાં એમને જીતી પોતાનો યશ વધારવા પ્રયત્ન કર્યો. શ્રીજી પાસે આવી એણે વાદ શરૂ કર્યો. પ્રથમ શ્રીજી સર્વ શાંતિથી સાંભળી રહ્યા અને પછી જ્યારે એ પોતાને કહેવાનું સઘળું કહી રહ્યો એટલે સભા જીતવામાં કુશળ પ્રભુએ વેદ, સ્મૃતિ તથા શ્રીમદ્‌ભાગવતનાં સચોટ પ્રમાણો આપી એના એકેએક પ્રશ્નને તોડી નાખ્યા. આ પ્રમાણે પ્રમાણ મળતાં શાસ્ત્રીય રીતે વધુ વાદ કરવાની હિંમત છોડી એ પંડિત શ્રીજીને દંડવત્પ્રણામ કરી ચાલ્યો ગયો.

અત્રે લખવાને દિલગીર છીએ કે આ અને બીજા અનેક શાસ્ત્રીય વાદો જે વડે શ્રીજીએ અન્યમાર્ગી અને બહિર્મુખો તરફથી થયેલા અનેક આક્ષેપોને માર્ગના સિદ્ધાંતો દ્વારા નિર્મૂળ કરી એતન્માર્ગનો વિજયધ્વજ દશે દિશ ફેલાવ્યો હતો તે સર્વ નહિ તો લગભગ ઘણાખરા પ્રાપ્ય નથી. અલબત્ત, આ વાદ વાચકને ઘણા ઉપયોગી છે, પરંતુ એ અપ્રાપ્ય હોવાથી લાચાર છીએ, પણ જો કોઈ ભગવદ્‌ભક્તને ખબર હોય અને એ અમને મોકલી આપવાની કૃપા કરશે તો અમે એને ગ્રંથની બીજી આવૃત્તિમાં આભાર સાથે બહાર પાડીશું. મહા મહેનતે શ્રીજીએ ચિદ્રૂપ સંન્યાસી સાથે

કરેલો 'માલાતિલક' વિશેનો વાદ મળી આવ્યો છે. (જુઓ શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર, ભા. ૨.)

રાજનગરથી વડોદરા ને સોજિત્રા :

રાજનગરથી ગોપીબાઈને ત્યાં પ્રભુ ઉંવારસદ પધાર્યા, ત્યાંથી ગતરાડ અને જૈરિયજી થઈ આગળ ચાલતાં હરખચંદભાઈ, નાનાભાઈ, કૃષ્ણદાસ ત્રવાડી વગેરે સામા આવી પ્રભુને કપડવંજ પધરાવી ગયા. અહીં ત્રવાડીને ત્યાં મુકામ કરી કૃષ્ણા મદન અને કૃષ્ણા શામળને નામ આપ્યાં તથા પ્રેમજી પટેલ, જીવણ પારેખ, માધવદાસ ચોકસી વગેરેને ત્યાં પધારી એમની સેવા અંગીકાર કરી, વસ્તુભાઈને નામ આપી પ્રભુએ જણાવ્યું કે તમારે ત્યાં એક લીલોપયોગી વસ્તુ પ્રગટ થશે. અત્રે રામુ મહેતાને ત્યાં પ્રભુ ભોજન માટે પધારતા. કપડવંજથી વીરપુરમાં સૂરજી રાણીની ભાવપૂર્વક સેવા અંગીકાર કરી, પ્રાગદાસ તથા કેશવ ચાંપાના મનોરથ પૂર્ણ કરી, લીંબડી થઈ પ્રભુ પ્રાગદાસને ત્યાં આંબલિયારે પધાર્યા. અત્રે ભોજન કરતાં શ્રીજીને એટલો તો સ્વાદ પડ્યો કે એ ગામનું નામ 'સાકરિયું' પાડ્યું. અહીં ગણજીભાઈને નામ આપી શરણે લીધા તથા એમને ગીતગોવિંદનો એક શ્લોક કાગળ કાપીને બનાવી આપવા કહ્યું. આંબલિયારેથી ગોધરામાં શામળદાસને ત્યાં એમની પત્નીની મોતીની આરતીનો સ્વીકાર કરી, પ્રભુ વડોદરે ગોવિંદદાસને ત્યાં થઈ મહુધામાં જીવી મહેતીને ત્યાં પધાર્યા. એના આગ્રહથી ત્યાં એકાદ દિવસ રહી, શ્રીજી નડિયાદમાં ત્રવાડી વસુરામજી તથા પટેલ કહાનજી વગેરેને દર્શન આપી સોજિત્રામાં પધાર્યા. ત્યાં રામજી પટેલના નવા ઘરમાં મુકામ કર્યો. પટેલે એ ઘર શ્રીજીને સમર્પવાનું કહ્યું ત્યારે શ્રીજીએ જણાવ્યું કે ''એમ કરવાની શી જરૂર છે ? તમારું સર્વ અમારું જ છે.'' આ વચનોથી પ્રભુએ સ્વજનોને એઓ પ્રત્યેનો પોતાનો પ્રેમ તથા દ્રવ્ય પ્રત્યેની પોતાની અનાસક્તિ સૂચિત કરી.

સોજિત્રેથી ખંભાત થઈ પાછા વડોદરે :

સોજિત્રેથી ખંભાતમાં પધારી પોતાના કૃપાપાત્ર માધવદાસ તથા જીવાભાઈના મનોરથ પૂર્ણ કર્યા. માગસર સુદિ છઠ અને સાતમનો મહાઓચ્છવ ખંભાતમાં ઘણા આનંદથી કર્યો. અત્રે ભરૂચના નારણજીભાઈને નામ આપ્યું અને પૂર્ણ કામ કીધું. એઓ બહાર આવ્યા ત્યારે હરિવંશજી મળ્યા એમણે પૂછ્યું કે તમે સમર્પણ કર્યું ? ત્યારે એઓએ કહ્યું : ના, મેં તો નામ જ લીધું છે, ત્યારે એમને ફરીથી જઈ માર્ગની રીત પ્રમાણે સમર્પણ લેવા કહ્યું, તેથી અંદર જઈ એમણે પ્રભુને હકીકત કહી સંભળાવી. એના પ્રત્યુત્તરમાં પ્રભુએ હસીને કહ્યું કે ''તેરો સમર્પણ હોઈ ચૂક્યો.'' આ પ્રમાણે ૨૧ દિવસ ખંભાતમાં બિરાજી ત્યાંના મુખ્ય ભક્ત માધવદાસ, જીવા પારેખ, સહજપાલ દોશી, કેશવદાસ ક્ષત્રી, શ્યામદાસ ચોધરી, દેવરાજ હરજીભાઈ વગેરેની વિવિધ પ્રકારની સેવાઓનો અંગીકાર કરી, સર્વને સંતોષ આપી શ્રીજી માગસર વદિ ૦)) ના રોજ પાછા વડોદરે પધાર્યા. ત્યાં માધવજીભાઈ, મોહનભાઈ નાગર વાણિયા, પુરુષોત્તમદાસ કનોજિયા, પંચોળી માલજી વગેરેને ત્યાં પધારી

એમની સેવાનો અંગીકાર કર્યો નારાયણ દેશવાળને ત્યાં પ્રભુએ બેઠક કરી.

વડોદરેથી વ્યારા :

પ્રભુ વડોદરે બિરાજતા હતા ત્યારે ભરૂચથી નાથાભાઈએ આવી વિનંતી કરી કે રાજપીપળાના રાજાએ આપને પધરાવવા વજીર મોકલ્યો છે, વળી તાપીપુરથી ગોપાલ ભાણ સારંગ મહેતાના મોકલવાથી આવ્યા હતા, તેથી પોષ સુદિ ૩ ના રોજ વડોદરેથી વિજય કર્યો. અહીંથી મહાવજીભાઈ સાથે થયા તથા અચલ ભટ્ટને વીછા ગંધર્વનું ગાન શ્રીજીને પ્રિય હોવાથી એમને પણ સાથે લીધા. એ દિવસે રાણપોર કોઠીએ મુકામ કરી વેલુગામ પધાર્યા. ત્યાં ચંદ્રગ્રહણ આવ્યું એ નિમિત્તે વિધિસર દાન કરી, નાથુભાઈને વચન આપી વિદાય કર્યા. ત્યાં માનજીભાઈએ ઘોડા તથા રથ સમર્પ્યા અને શ્રીઅંગે જરકશી વાઘો ધરાવ્યો. ત્યાંથી લિખોદરે આવી મહાવજીભાઈ, અચલ ભટ્ટ તથા વીછા ગંધર્વને સંમાન કરી વિદાય કર્યા., પછી નાથજીભાઈ સમાજ સાથે સામા આવી શ્રીજીને તબકુબરીને ઘેર પધરાવ્યા. ત્યાં હેમજી, નારાયણદાસ, જાદવજીને શરણ આપ્યાં તથા દેવજીભાઈ અને ગોપાલદાસભાઈને વરણ કર્યાં. બીજને દિવસે નાથજીભાઈએ મનોરથ માન્યો અને અનેક ભેટ પહેરામણી કરી. દામોદરદાસના પુત્ર હરિભાઈએ શીશ નામ્યું એ પર શ્રીહસ્ત ધર્યો. એવી જ રીતે લવજીભાઈના પુત્ર ત્રીકમભાઈને શિરે પણ શ્રીહસ્ત ધરી અંગીકાર કર્યો. આ પ્રમાણે ત્યાં ત્રણ દિવસ બિરાજી સર્વના મનોરથ સિદ્ધ કર્યા. ત્યાંથી વિજય કરી શ્રીજી આગળ ચાલ્યા, જેમાં અંકલેશ્વર સુધી રામજી શાહ સાથે ગયા. માર્ગમાં કેશુભાઈની વાડીમાં શ્રીજી ઊતર્યા. ત્યાં નાથજીભાઈ ખાંડપાપડીની સામગ્રી લઈને આવ્યા. એમાં જલનો સ્પર્શ નહિ હોવાથી તથા શુદ્ધ રીતે તૈયાર કરી લાવેલા હોવાથી શ્રીજીએ એનો સ્વીકાર કર્યો અને આરોગી પ્રસન્નતા જણાવી. પછી સુરતમાં મોહનને ઘેર પધાર્યા. ત્યાં માધવદાસ તથા દ્વારકાદાસ નામે બે વૈષ્ણવોએ એક હાથી ભેટ કર્યો એનું નામ ગોપાલપ્રસાદ પાડ્યું. વળી રાજનગરની માફક અત્રે પણ એક હરિકોકા નામનો નાગર બ્રાહ્મણ, જેને ભક્તિમાર્ગનું કાંઈ જ્ઞાન જ નહોતું તેણે દુષ્ટ બુદ્ધિથી શ્રીજી સાથે વાદ કર્યો. એને એક જ વચનથી નિરુત્તર કરીને મદ ઉતાર્યો, ત્યાંથી ગોપાલદાસભાઈને ત્યાં વ્યારા પધાર્યા. ત્યાં બાગમાં મુકામ કરી રસોઈ કરી તથા દેવજી મહેતો, શ્રીરાજભાઈ, ભાચો ગાંધી તથા કાશી ત્રવાડી વગેરેને શરણે લીધા.

વ્યારાથી તાપીપુર :

વ્યારામાં પ્રભુ બિરાજતા હતા એ વખતે વડગામથી સંતદાસ આપને પધરાવવા આવ્યા. એમને શ્રીજીએ કહ્યું : ‘‘તું સેવા છોડી કેમ આવ્યો ? હું મારા મનથી આવતો હતો.’’ ત્યારે એણે વિનંતી કરી કે ‘‘ઘેર ભાવનાથી આરોગો છો, પણ તેથી તાપની શાંતિ નહિ થવાથી પ્રગટ પધાર્યા તેથી દર્શન માટે આવ્યો.’’ પછી શ્રીજી ૩૫ દિવસ એમને ત્યાં બિરાજી બેઠક કરી અને એમના સેવાના સર્વ મનોરથ પૂર્ણ કર્યા. ત્યાંથી કોલંદે સવદાસને ત્યાં પાંચ રાત રહી માધવદાસને ગામ નંદરબાર પધાર્યા. અહીં

મોહોલેરના રાજા પ્રતાપસિંહે જશવંતજી સોરઠિયાને શ્રીજીને તેડવા મોકલ્યો તેથી એને ત્યાં થઈ, સંઘખેડે હરિદાસને ત્યાં થઈ તાપીપુર ગોવિંદદાસને ત્યાં સં. ૧૬૪૭ ના ફાગણ સુદિ દસમે પધાર્યા. વસંત હોવાથી પ્રભુને એણે શ્વેત વાઘો ધરાવ્યો તથા સર્વ સાજ પણ એવો કરાવ્યો. સમાજસહિત ગોવિંદદાસ વ્રજભક્તની માફક પ્રભુને વસંત ખેલાવતા. દોલોત્સવ આવતાં પૂર્ણ ઉત્સાહથી નવીન ડોલ તૈયાર કર્યો ને પ્રભુને પ્રેમપૂર્વક ઝુલાવ્યા. અત્રે બિરાજ્યા ત્યાંસુધી શ્રીજી પોઢવા માટે દેવજીભાઈ પારેખને ઘેર પધારતા.

તાપીપુરથી ઉજ્જેન :

દોલોત્સવ પછી ઉજ્જેનથી કલ્યાણ ભટ્ટ તથા ન્યાલચંદભાઈ આપને પધરાવવા આવ્યા તેથી શ્રીજીએ આગળ પ્રયાણ કર્યું. તાપીપુરથી લામગઢ રાણા વ્યાસને ત્યાં પાંચ દિવસ રહી, નાલાછાના તળાવે ડેરો કરી, ચૈત્ર સુદિ આઠમે દેવાલપુર પધારી પરમાનંદ ભટ્ટને ત્યાં રામનવમીનો ઉત્સવ કર્યો. ત્યાંથી શ્રીજીએ તરત જ આગળ ચાલવા પ્રયાસ કર્યો, પણ પરમાનંદ ભટ્ટની પત્નીના આગ્રહથી થોડા દિવસ રોકાયા. પછી ચોરનરણમાં આવતાં ત્યાંના મહેવાસી લોકો લૂંટવા માટે આવ્યા, પરંતુ શ્રીજીને જોતાં જ એ સઘળા નાસી ગયા : નાસતાં કોઈની પાઘડી, કોઈનો ઉપરણો ને કોઈનાં હથિયાર પડી ગયાં, પણ એ લેવા માટે પણ કોઈ પાછા ફર્યા નહિ. સ્વરૂપનો એ પ્રભાવ. આ મજલમાં સાથેનો એક બ્રાહ્મણ પાછળ રહી ગયો હતો એને માટે પ્રભુએ ઘોડો થોભાવ્યો અને એના આવ્યા પછી જ આગળ ચાલવા માંડ્યું. પ્રભુ જેનો સંગ પકડે તેને કેમ છોડે ? માર્ગમાં ગોપીનાથે આપને વિનંતી કરી કે રસ્તામાં ભય ઘણો છે માટે હથિયાર બાંધો. એને શ્રીજીએ કહ્યું ''એ અમારું કામ નથી.'' દ્વિજકુળમાં પ્રાકટ્ય હતું માટે પ્રભુએ એ વર્ણના ધર્મનો અંગીકાર કર્યો અને ક્ષત્રિયધર્મનો (હથિયાર વાપરવાનો) બહિષ્કાર કર્યો. એ દ્વારા શ્રીકૃષ્ણ ગીતાજીમાં આજ્ઞા કરે છે એમ શ્રીજીએ સ્વધર્મનું (બ્રાહ્મણ ધર્મનું) પાલન કર્યું. વળી એ અભયદાયક પ્રભુને ભય કોનો હોય કે હથિયાર બાંધે જેની દૃષ્ટિ માત્રથી સકળ બ્રહ્માંડ ડોલી રહે તેને હથિયારનું શું પ્રયોજન ?

ઉજ્જેનથી શ્રીગોકુલ :

ઉજ્જેન પધારી, કલ્યાણ ભટ્ટ સાથે કથા વગેરે કરી, એ દ્વારા સેવકોને સુખ આપી આગળ ચાલ્યા અને સુનેરા તળાવ પર આવી મુકામ કર્યો. ત્યાં શ્રીગોકુલથી આવતા ગુજરાતના એક વૈષ્ણવને રસોઈ કરતો જોયો. એને શ્રીજીએ શ્રીગોકુલના સમાચાર પૂછ્યા ત્યારે એણે શ્રીજીને ઓળખ્યા સિવાય કહ્યું કે ''શ્રીગિરિધરજી પૂર્વમાં પધાર્યા છે ને ગોકુલરાણો ગુજરાતમાં છે.'' એ દિવસે એકાદશી હતી તેથી શ્રીજીએ એને એ દિવસે પ્રસાદ લેવાનું કારણ પૂછતાં એણે જણાવ્યું કે માર્ગમાં એને એકાદશીની ખબર રહી નહિ. વળી સખડી કરવામાં પણ કાંઈ આચારવિચાર નહોતો તેથી શ્રીજીએ એને એ વિશે પૂછ્યું, પણ ગુજરાતની એવી રીત જાણી શ્રીજી મુસકાયા અને અંગીકૃત જીવ હતો માટે કૃતિ નહિ જોતાં એના પ્રત્યે પ્રેમ દર્શાવ્યો. પછી નામની ખબર પડતાં

એ વૈષ્ણવે શ્રીજીને દંડવત્પ્રણામ કરી ચરણમાં માથું મૂક્યું. એને માથે શ્રીહસ્ત ધરી શાંત કર્યો અને પછી પ્રભુ સોનેર થઈ સારંગપુર વિષ્ણુદાસને ત્યાં પધાર્યા. ત્યાંથી વાડનીસરે ડેરો કર્યો. ત્યાં હાથી ઘોડા રથ વગેરે જોઈ કેટલાક રહેવાસીઓ આવ્યા, પણ એમને માલૂમ પડ્યું કે એ તો શ્રીગોકુલનાથજી છે તેથી નાસી ગયા. આવી રીતે પ્રભુ સ્વરૂપ અને નામના પ્રતાપથી સંગના સેવકોનાં અનેક વિઘ્ન નિવારણ કરતા ગ્વાલિયરથી ત્રણ ગાઉ આવી મુકામ કર્યો. ત્યાં ગઢાના રાજા રાયસંગ કછુઆને ખબર પડતાં એ સામો આવ્યો અને શ્રીજીને ગઢા પધરાવી ગયો. ત્યાં રાણી વગેરેને નામ આપ્યાં. ભક્તજનની વિનંતી પરથી અત્રેથી શ્રીહસ્તપત્ર લખી શ્રીગોકુલ વધાઈ મોકલી. શ્રીજીના નિકટ પધારવાની ખબર સાંભળતાં શ્રીગોકુલમાં સર્વત્ર આનંદ થઈ રહ્યો અને કેટલાક તો શ્રીજીને પધરાવવા આગ્રા સુધી સામા ગયા. શ્રીજીએ ગઢા દ્વાદશીનાં પારણાં કરી ગોરખઘાટ તથા ધોલપુર થઈ, આગ્રે આવી રામદાસના બાગમાં મુકામ કર્યો. અત્રે શ્રીગોકુલનો સમાજ આવી પહોંચ્યો એટલે શુભ મુહૂર્ત જોઈ સં. ૧૬૪૭ના વૈશાખ સુદિ ૧ ના રોજ શ્રીજીએ વિજય કર્યો. ચંચલ ઘોડે સવાર થઈ પોતાના પ્રાણપ્રભુ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન માટે શ્રીજી શ્રીગોવર્ધન પધાર્યા. ત્યાં ગુજરાતથી લાવેલ નવીન સામગ્રી શ્રીગોવર્ધનનાથજીને અંગીકાર કરાવી તથા મુખિયા ભિતરિયા વગેરે સેવકવર્ગનું સમાધાન કરી સં. ૧૬૪૭ વૈશાખ સુદિ ૨ ના રોજ શ્રીગોકુલ પધાર્યા.

૧૭. પિતૃઋણ

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે સં. ૧૬૪૭ ના વૈશાખ સુદિ ૨ ના રોજ શ્રીજી શ્રીગોવર્ધન થઈ શ્રીગોકુલ પાછા પધાર્યા અને ગુજરાતના આ પરદેશ પછી શ્રીજીએ બીજો કોઈ પરદેશ નહિ કરવાનો નિયમ લીધો અને તેથી કરીને બીજા કોઈ દેશમાં તો શું, પણ ગુજરાતમાં પણ આપ ફરીથી પધાર્યા નથી. ગુજરાતનું એ જ પરમ ભાગ્ય કે ત્યાં એક વખત પધાર્યા પછી શ્રીજીએ આ નિયમ ગ્રહણ કર્યો.

શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીના સેવકોનું સંમાન :

ગુજરાત પધારતી વખતે શ્રીજીએ ચાંપાભાઈ અધિકારીને કહ્યું હતું કે શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીના સેવક આવે તો એમનું આદર-સંમાન કરજો તથા એઓ હરકોઈ રીતે સુખી થાય એવી રીતે વર્તજો. એમને કોઈ પણ રીતે ઓછું આવવા દેશો નહિ, પણ ભીતર પરચારકીમાં એક બાઈ હતી તેને શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીના સેવકો માટે કાંઈ કામકાજ કરવું પડે ત્યારે ઘણું બડબડતી તેથી ચાંપાભાઈએ શ્રીજીને એક વિનંતીપત્ર લખી સર્વ હકીકત જણાવી એના પ્રત્યુત્તરમાં શ્રીજીએ લખ્યું કે જે કોઈ શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીનું નામ લેઈ સેવક થઈને ઘેર આવે તેને આદરપૂર્વક રાખવો. જો એ નિષ્કિંચન, વૃદ્ધ, અપંગ હોય તો એને અન્ન, વસ્ત્ર, ઔષધ વગેરે જે જોઈએ તે આપી એનું સમાધાન કરવું. કોઈને કોઈ પ્રકારે દુઃખ પડવા દેવું નહિ. એવું ક્યાંથી કે અમારા ભંડારમાંથી વૈષ્ણવ પ્રસાદ લે ! અમારું છે તે વૈષ્ણવનું છે ને એમને માટે જ છે તેથી એ એમના જ ઉપયોગમાં આવે એનાથી વધારે શું જોઈએ ? એ બાઈ અણસમજથી ગમે તે બોલે, પણ તમારે એ ધ્યાનમાં લેવું નહિ. મારું કહેવું ધ્યાનમાં રાખવું અને ફરીથી મને એ વિશે પૂછવું નહિ.

શ્રીગુસાંઈજીનું કરજ :

શ્રીગુસાંઈજી લીલામાં પધાર્યા ત્યારે એમને માથે કેટલુંક દેવું હતું અને એમાં પાછળથી શ્રીગિરિધરજીથી વધારો થતાં જ્યારે શ્રીજી ગુજરાતથી પાછા પધાર્યા ત્યારે, એ દેવાની રકમ રૂ. ૩૨૦૦૦ ની થઈ હતી. શ્રીજી ગુજરાતથી સમૃદ્ધિ લઈ પધાર્યા ત્યારે શ્રીગિરિધરજીના બાલકોને અદેખાઈ થઈ અને તેથી એમણે આ કરજ શ્રીજી પાસે અપાવવાનું ધાર્યું, પરંતુ ખાતામાં શ્રીગિરિધરજીની સહી હતી તેથી કરજદારો શ્રીજી પાસે માગી શકે એમ નહોતું. આ વખતે શ્રીગિરિધરજી પૂર્વ દેશમાં પધાર્યા હતા તેથી એમના બાલકોએ એમને સર્વ હકીકત લખી મોકલી. એ ઉપરથી

શ્રીગિરિધરજીએ પોતાના બાલકો પર પત્ર લખ્યો : કરજદારોને કહો કે હું તો સંન્યાસી થવાનો છું, માટે જો કરજ લેવાની ગરજ હોય તો શ્રીગુસાંઈજીના બાલકો પાસે માગો. એ તો શ્રીગુસાંઈજીનું કરજ છે માટે હું એકલો કેમ આપું ? વળી શ્રીગુસાંઈજીનું સઘળું દ્રવ્ય લઈ એમનો સેવક ચાંપાભાઈ શ્રીવલ્લભજીને ઘેર ગયો છે માટે એમણે એ કરજ આપવું જ જોઈએ, માટે લેણદારોને કહો કે એમની પાસે એ કરજ માગી લે. વળી જો એઓ એ કરજ અમારી પાસે મોટા તરીકે માગતા હોય તો અમે મોટા કેવી રીતે ? મોટા તો શ્રીવલ્લભજી કે જેમને શ્રીગુસાંઈજીએ લીલામાં પધારતી વખતે પોતાના શ્રીઅંગની માલા તથા પાઘ આપ્યાં છે. ઉંમરે મોટા એ શા અર્થના ? શ્રીગુસાંઈજીએ જેમને મોટા ગણ્યા તે જ ખરા મોટા ગણાય. વળી શ્રીવલ્લભજીને કહો કે જ્યારે એઓ કરજ આપશે ત્યારે જ હું શ્રીગોકુલ આવીશ.

કરજ આપવા શ્રી ગિરિધરજીનો ઈન્કાર :

આ ઉપરથી શ્રીમુરલીધરજી વગેરે શ્રીગિરિધરજીના બાલકો મથુરામાં ગયા અને ત્યાં મોહનસ્વામી તથા બીજા કરજદારોને મળ્યા તથા એમને શ્રીગિરિધરજીનો પત્ર વંચાવી શ્રીવલ્લભજી કાકા પાસે કરજ માગવા કહ્યું, પરંતુ લેણદારોએ કહ્યું કે એ તો અન્યાય કહેવાય. ખતમાં સહી તમારા પિતાજી શ્રીગિરિધરજીની છે અને શ્રીવલ્લભજી તો રૂપિયા લેવામાં હાજર પણ નહોતા તો પછી અમે એમની પાસે કેવી રીતે માગી શકીએ ? છેવટે ઘણી રકઝક પછી લેણદારોએ કહ્યું કે અમે શ્રીવલ્લભજીને તો કહીશું નહિ, પણ શ્રીબાલકૃષ્ણ, જેઓ લેવડદેવડમાં સામેલ હતા તેમને કહીશું. છેવટે શ્રીમુરલીધરજીએ કહ્યું કે તમારે કરવું હોય અને કહેવું હોય એમ કરજો અને કહેજો, પણ એ કરજ અમારાથી અપાશે નહિ. એમ કહી એઓ પોતાને મંદિર પધાર્યા.

શ્રીબાલકૃષ્ણજીનો કરજ આપવા માટે નકાર અને તેથી લેણદારોનું શ્રીનવનીતપ્રિયજીના થાળનું રોકવું :

શ્રીમુરલીધરજીના ગયા પછી લેણદારો શ્રીબાલકૃષ્ણજી પાસે ગયા ત્યારે એઓએ પણ કરજ આપવાની ના કહી તથા જણાવ્યું કે જેણે ખતમાં સહી કરી હોય તે કરજ આપે, અમારે શું ? આ પ્રમાણે ચોતરફથી નકાર મળતાં લેણદારો ઘણા ગભરાયા અને તેથી શ્રીનવનીતપ્રિયજીના દ્વાર આગળ જઈ એઓ બેઠા તથા રાજભોગનો થાળ રોક્યો અને કહ્યું કે જો જોર કરી અમને બહાર કાઢશો તો અમે અત્રે મરીશું અને લોહી રેડીશું. પૈસા લીધા સિવાય અમે ખસવાના નથી અને થાળ પણ જવા દેવાના નથી.

શ્રીજીનું કરજ માટે અનશન વ્રત અને એ આપવા ભીષણ પ્રતિજ્ઞા :

આ વખતે શ્રીગોકુલનાથજીને તો રાજભોગ સરી ગયા હતા અને તેથી શ્રીજી ભોગ સરાવી બહાર પધાર્યા ત્યારે એમને ખબર પડી કે લેણદારોએ શ્રીનવનીતપ્રિયજીનો રાજભોગનો થાળ અટકાવ્યો છે. આ સાંભળી શ્રીજીને ઘણો ખેદ થયો અને ધર્મરક્ષક પ્રભુ ભોજને પધાર્યા નહિ. શ્રીનવનીતપ્રિયજીને થાળ જતાં પહેલાં પોતે ભોજન કેવી

રીતે પધારે ? તેથી સેવાથી પરવારી શ્રીજી ચટાઈ પર આવી બિરાજ્યા એટલે લેણદારો એમની પાસે આવ્યા અને વિનંતી કરી કહ્યું કે આપ તો લેવાદેવામાં હાજર નથી તેથી આપને એ વિશે કહેવામાં લજ્જા આવે છે, પણ એઓ આપની પાસે માગવાનું કહે છે. એમના કહેવાથી જ અમે આપની પાસે આવ્યા છીએ. ત્યારે કુલદીપક શ્રીજી બોલ્યા કે જો શ્રીગિરિધરજી મને કહેશે તો હું સર્વ કરજ ભરી આપીશ. આથી લેણદારોએ આપને શ્રીગિરિધરજીનો એમના પરનો પત્ર વંચાવ્યો. એ વાંચી ધર્મધુરંધર શ્રીજીએ મોટા ભાઈનું લખ્યું પ્રમાણ ગણી કહ્યું કે ''મેં દેઉંગો, હવે એમને કશું કહેશો નહિ. હવે તમારું ઋણ આપીશ ત્યાર પછી જ હું ભોજન કરીશ.''

વૈષ્ણવોનો કલેશ અને લાડબાઈનો સેવકધર્મ :

કરજને માટે શ્રીજી અનશન વ્રત લઈ ચટાઈ પર બિરાજ્યા છે એ વાત નગરમાં ફેલાતાં આખા ગોકુલમાં હાહાકાર થઈ રહ્યો. શ્રીજીને ભૂખ્યા જોઈ વૈષ્ણવ સમાજ વ્યાકુળ થવા લાગ્યો. શ્રીજીનાં કૃપાપાત્ર લાડબાઈને આ સમાચાર મળતાં એઓ પોતાના પ્રાણપ્રભુને ભૂખ્યા સાંભળી એકદમ ત્યાં ધાઈ આવ્યાં. ત્યાં આવી, પવા ત્રવાડી પાસેથી શ્રીજીના ઉગ્ર વ્રત તથા એના કારણ વિશે સર્વ હકીકત સાંભળી પોતાના ઇષ્ટ પ્રભુને આવી પડેલી આફતમાંથી મુક્ત કરવા વિચાર કરવા લાગ્યાં, કારણ કે સ્વપ્રભુના શ્રમનો વિચાર કરી હરદમ એ ટાળવા પ્રયત્ન કરવો એ એતન્માર્ગના અનુયાયીઓનો સર્વોત્કૃષ્ટ અને શ્રેષ્ઠ ધર્મ છે. છેવટે પવા ત્રવાડીની સલાહથી લાડબાઈએ જાણ્યું કે સ્વપ્રભુને સુખી કરવાનો ફક્ત એક જ ઉપાય છે અને એ એ કે કરજ અપાય તો જ શ્રીજી ભોજન માટે ઊઠે. આથી જો કે કરજની રકમ રૂ. ૩૨૦૦૦ જેવી મોટી હતી તોપણ આવો સ્વપ્રભુની સેવાનો અને એમની પ્રસન્નતા મેળવવાનો સમય ફરી ફરી આવતો નથી અને સમય ગયા પછી પશ્ચાત્તાપ થાય છે એ સઘળું ધ્યાનમાં લઈ સેવકધર્મ પરાયણ લાડબાઈએ કરજ આપવાનું કબૂલ કરી લેણદારોને ઉઠાડવા પવા ત્રવાડીને કહ્યું. કરજ આપવાની કબૂલાત મળતાં લેણદારો ઊઠ્યા અને એમની પાસે પવા ત્રવાડીએ સીધું આપી રસોઈ કરાવી. આ પ્રમાણે લેણદારોને શાંત કરી પવા ત્રવાડી શ્રીજી પાસે આવ્યા અને વિનંતી કરી કે લેણદારો રસોઈ કરવા ઊઠ્યા છે માટે આપ ભોજને પધારો. એના પ્રત્યુત્તરમાં શ્રીજીએ કહ્યું કે લેણદારો ઊઠ્યા, પણ મારી પ્રતિજ્ઞા તો પૈસા આપ્યા પછી જ ભોજન કરવાની છે તો એમને પૈસા આપ્યા સિવાય મારાથી ભોજન કેવી રીતે કરી શકાય ? આ સાંભળી પવા ત્રવાડીએ વિનંતી કરી કે આપનાં કૃપાપાત્ર લાડબાઈએ સઘળું કરજ આપી દેવા કબૂલાત આપી છે, ત્યારે શ્રીજીએ કહ્યું કે એ કરજ શ્રીગુસાંઈજીનું છે ને હું એમનો પુત્ર છું માટે હું આપું એ તો યોગ્ય પણ લાડબાઈને એમાં શું ? એ શાની આપે ? ત્યારે પવા ત્રવાડીએ વિનંતી કરી કે રાજ, એ તો ઠીક. લાડબાઈનું જે કાંઈ છે તે આપનું જ છે, આપની પાસે છે તે વૈષ્ણવોનું છે તેમજ વૈષ્ણવોની પાસે છે એના ખરા માલેક પણ આપ જ છો, કારણ કે નિવેદન દ્વારા એમનું સર્વસ્વ આપે અંગીકાર કર્યું છે તેથી આ કરજ આપ પોતે આપો યા તો લાડબાઈ આપે

એમાં મહત્ત્વનો ભેદ નથી, પરંતુ જો આપ એ કરજ આપશો તો શ્રીગિરિધરજી વગેરે કહેશે કે ચાંપાભાઈ શ્રીગુસાંઈજીનું જે દ્રવ્ય તમારે ત્યાં લાવ્યા હતા તેમાંથી આ કરજ આપ્યું અને એજ મુદ્દાને આધારે એઓ બીજા વધેલા દ્રવ્ય માટે પણ માગણી કરશે. આથી એક તો પૈસાના પૈસા જશે અને કુટુંબકલેશ વધશે, માટે લાંબી દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે લાડબાઈ આ કરજ આપે એ વધારે સુખકર છે.

શ્રીગુસાંઈજીના સમસ્ત કરજની શ્રીજીએ કરેલી ચુકવણી :

છેવટે શ્રીજીએ પવા ત્રવાડીની વિનંતી સ્વીકારી અને ભોજન માટે પધાર્યા. પછી રાત્રે લાડબાઈએ શ્રીજીને પોતાને ત્યાં પધરાવી રૂ. ૩૨૦૦૦ ની મહોરો અર્પણ કરી એ લઈ શ્રીજી નિજ મંદિર પધાર્યા અને તરત જ લેણદારોને બોલાવી દ્રવ્યની થેલીઓ છોડી આપી. લેણદારોએ મહોરોને બદલે રૂપિયા માગ્યા અને તેથી ચાર દિવસમાં લાડબાઈએ આગ્રે હરખાબાઈ પાસેથી મહોરો મોકલી રૂપિયા મગાવ્યા. આ દરમ્યાનમાં કેટલાક વૈષ્ણવોએ જણાવ્યું કે આપણે આપણા ભાગનું (શ્રીગુંસાઈજીનું) કરજ આપીએ. એમણે કરેલું કરજ આપણે શા માટે આપવું ? એનાં પ્રત્યુત્તરમાં કુટુંબવત્સલ શ્રીજીએ કહ્યું કે હાલ તો સઘળું કરજ હું જ આપીશ, કારણ કે એમણે કરેલું પણ શ્રીગુસાંઈજીના નામથી જ ઓળખાય છે. ભાઈ કે પિતાનું કરજ આપવું એ આપણો સ્વધર્મ છે. આથી આગ્રેથી રૂપિયા આવી પહોંચતાં એ લઈ શ્રીજી મથુરા પધાર્યા અને સર્વ લેણદારોને એકઠા કરી, વ્યાજ સાથે સર્વને પૈસા આપી શ્રીગુસાંઈજીનું દેવું પતાવ્યું તથા એ દ્વારા પિતૃધર્મનું રહસ્ય પ્રગટ કર્યું. આ વખતે શ્રીજીએ લેણદારોને જણાવ્યું કે જેનું શ્રીગુસાંઈજી પાસે જે લેણું હોય તે આ વખતે લઈ લો, પાછળથી મળશે નહિ. આ પ્રમાણે પોતાનું લેણું પતી જવાથી લેણદારો ખુશ થયા અને શ્રીજીને દરેક જણે શ્રીફલ ભેટ કર્યું.

જૂઠું ખત :

આ દેવું ચૂકવ્યા પછી કેટલાક દિવસે મથુરાના ચંદ (ચોબાએ એક રૂ. ૫૦૦)નું શ્રીગુસાંઈજીના નામનું જૂઠું ખત બતાવી શ્રીજી પાસે પૈસા માગ્યા અને કહ્યું કે આ ખતના પૈસા મળ્યા નથી. એના પ્રત્યુત્તરમાં શ્રીજીએ કહ્યું કે મેં તો સર્વ પૈસા આપ્યા છે એમ છતાં જો તારું આ લેણું વાજબી હોય તો એ પણ લઈ જા. એ દુષ્ટે હિંમતભેર પૈસા લીધા, પરંતુ અંતર્યામી પ્રભુએ એને તથા અન્યને શિક્ષા આપવા પોતાનો પ્રતાપ પ્રગટ કર્યો. રૂપિયા લઈ એ જેવો ઘેર ગયો કે એનું ઘર અગ્નિમાં બળી ગયું અને એમાં બીજાં સાચાં ખત પણ નાશ પામ્યાં. પ્રમાણે ખોટું ખત બતાવી પૈસા લેવાનું ફળ એણે ભોગવ્યું.

શંકા :

અત્રે સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે શ્રીગુસાંઈજી, જેઓ પોતે પૂર્ણ પુરુષોત્તમ છે તથા જેમના ચરણકમળમાં લક્ષ્મી નિરંતર વાસ કરે છે, જેઓ અષ્ટ સિદ્ધિ અને નવે નિધિના સ્વામી છે, જેને ત્યાં શ્રીગોકુલપતિ પુત્રરૂપે થઈ આનંદમય લીલા કરે છે અને જેમના પુત્રના પ્રાકટ્ય માત્રથી સકલ સૃષ્ટિ સમૃદ્ધિમાન થઈ તેમને કરજ કેવું ?

સમાધાન :

ઉપલી શંકા વાસ્તવિક છે. પ્રભુ જે સ્વતંત્ર અને સકલ સામર્થ્યવાન તથા લક્ષ્મીના પતિ છે તેમને ઋણ હોય જ નહિ, પરંતુ જ્યારે એ પ્રભુ મનુષ્યદેહથી પ્રગટ થાય છે ત્યારે સ્વજનોને શિક્ષાર્થ અનેક લોકવત્ ક્રીડા કરે છે અને એ દ્વારા એમનો નિરોધ સિદ્ધ કરે છે. આ ઋણની ક્રીડા દ્વારા શ્રીગોકુલેશ પ્રભુએ તદીયોને જણાવ્યું છે કે વૈષ્ણવે કદાપિ કરજ કરવું નહિ, કારણ કે કરજદારનું ચિત્ત નિરંતર વ્યાકુલ રહે છે અને સ્વપ્રભુની સેવામાં ચોંટતું નથી, સેવાના સમયમાં પણ એના જ વિચાર આવ્યા કરે છે. શ્રીઆચાર્યજી તેમના સિદ્ધાંતમુક્તાવલી નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'चेतस्तत्प्रवणं सेवा' એટલે કે સેવામાં જ ચિત્તનું પૂરેપૂરી રીતે પરોવાઈ જવું એનું નામ જ ખરી સેવા. આ પ્રમાણે કરજદારથી સેવા બની શકતી નથી અને વૈષ્ણવને માટે સેવા છૂટે એનાથી વધારે હાનિકર બીજું શું ગણી શકાય? તેથી વૈષ્ણવે કદાપિ કોઈ પણ નિમિત્તે કરજ કરવું નહિ. શ્રીગુસાંઈજીનો કરજ કરવાનો હેતુ આ પ્રમાણે સ્વજનોને શિક્ષા આપવા સિવાય બીજો કાંઈ જ નહોતો.

કરજ કરવા બાબતમાં શ્રીઆચાર્યજીનો સિદ્ધાંત :

શ્રીઆચાર્યજીના સમયમાં એક વખત જોકે વસ્તુતઃ પોતે નિઃસંકોચ હતા તોપણ દ્રવ્યનો સંકોચ બતાવી સેવ્ય સ્વરૂપને શૃંગાર કરી બેઠા હતા. એવામાં શ્રીમહાલક્ષ્મીજી પધાર્યા, એમણે વિનંતી કરી કે ભંડારમાં સામગ્રી નથી ત્યારે શ્રીઆચાર્યજીએ છોલાની કેકરી સમારી ધરવાની આજ્ઞા આપી. એ વખતે પાસે ઊભા રહેલા સેવકે વિનંતી કરી કે આજ્ઞા હોય તો બજારમાંથી ઉધાર સામગ્રી લઈ આવું. ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે ઉધાર કેમ લેવાય ? ઋણ કરીને પાછું કોણ આપે ? ત્યારે સેવકે વિનંતી કરે કે જ્યારે શ્રીઠાકોરજી આપે ત્યારે આપજો. ત્યારે આપે કહ્યું : જો શ્રીઠાકોરજીને આપવાની મરજી હોય તો હાલ કેમ ન આપે ? માટે અમારે ઋણ કરવું નથી. આ પ્રમાણે શ્રીઆચાર્યજીએ ઋણ નહિ કરવાનો ટેક જાળવ્યો તો પ્રભુઈચ્છાથી બીજે જ દિવસે કોઈ વૈષ્ણવે આવી પાંચસો સોના મહોર અર્પણ કરી એ આવ્યા પછી સામગ્રીભોગ ધરી પોતે મહાપ્રસાદ લીધો ત્યાંસુધી પોતે નિરાહાર જ રહ્યા હતા. આ રીતે સ્વજનોને સૂચના કરી કે ઋણ કદી કરવું નહિ. ધર્મનો ટેક અને સ્વપ્રભુના સામર્થ્યનો વિશ્વાસ રાખવાથી સ્વજનોનાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

શ્રીગુસાંઈજીએ શ્રીઆચાર્યજીના ઋણ સિદ્ધાંતનું ઉલ્લંઘન કેમ કર્યું :

અત્રે કોઈ કહેશે કે જો આ પ્રમાણે શ્રીમદ્-વલ્લભાચાર્યજીએ દ્રવ્યનો સંકોચ હોવા છતાં પણ કરજ કર્યું નહિ અને એઓશ્રી પોતાના ઋણ નહિ કરવાના સિદ્ધાંતને મક્કમપણે વળગી રહ્યા તો શ્રીગુસાંઈજીએ **કરજ** કરી એ સિદ્ધાંતનું ઉલ્લંઘન કેમ કર્યું ?

સમાધાન :

આ શંકાનું લગભગ ઉપલા સમાધાનમાં જ કહેવાઈ ગયું છે કે શ્રીગુસાંઈજીએ સ્વજનોને પોતાની જાતને દૃષ્ટાંત આપી અનુભવપૂર્વક સિદ્ધ કરી આપ્યું

કે કરજ કરવાથી જ્યારે એમને અને એમના બાળકો જેવાને પણ સેવામાં પ્રતિબંધ અને વિક્ષેપ થયો તો પછી અન્ય સામાન્ય વૈષ્ણવજનોને માટે તો કહેવું જ શું ?

શ્રીગુસાંઈજીનો વૈભવ :

આ સિવાય શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય હેતુ પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાનો હતો, (પરંતુ શ્રીગુસાંઈજીનો પ્રાકટ્ય હેતુ એનો પ્રકાશ કરવાનો હતો અને એને માટે શ્રીનાથજીની વૈભવપૂર્વક સેવા કરવાની એમને શ્રીઠાકોરજીની આજ્ઞા હતી. આ આજ્ઞાનુસાર એઓશ્રી વર્ત્યા છે તેથી કરીને કેટલાકોને શ્રીમદ્વલ્લભાચાર્યજીનું સાદું જીવન અને એમનો વૈરાગ્ય શ્રીગુસાંઈજી અને એમના બાલકોમાં દૃષ્ટિગોચર થતો નથી, પરંતુ જે કૃપાપાત્ર વૈષ્ણવોને શ્રીગુસાંઈજી તો શું, પરંતુ હાલ સુધીના શ્રીવલ્લભકુળના કોઈ પણ બાળકનું આંતર જીવન જોવાનો અલભ્ય અને અપૂર્વ લાભ મળ્યો છે તેઓને તો કબૂલ જ કરવું પડે છે કે શ્રીવલ્લભકુળના બાળકનો વૈભવ યા શોખ એ પતિવ્રતા સ્ત્રીની માફક પોતાના પ્રાણપ્રભુના આનંદ અને વિલાસને અર્થે જ છે અને નહિ કે સામાન્ય મનુષ્યોની માફક પોતાની ક્ષુદ્ર ઇંદ્રિયોના સંતોષને અર્થે, કારણ કે એમના બાહ્ય જીવનમાં જોકે એઓ આટલા વૈભવી દેખાય છે છતાં એમનો આંતર વૈરાગ્ય-સ્વપ્રભુના સુખ માટેની આર્તિ તેમ વિરહ-એ એવો પ્રબળ હોય છે કે એ એમના ઉપલક વૈભવને ઝાંખો પાડી દે છે, પરંતુ એઓનાં આ વૈરાગ્ય અને વિરહનો અનુભવ મેળવવાનું અહોભાગ્ય એમની કૃપા વિના ક્યાંથી ?

શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીની ભૂતલ પરની ક્રીડાઓનો ભેદ :

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીનો પ્રાકટ્ય હેતુ કેટલેક દરજ્જે ભિન્ન હોવાથી એમની ભૂતલ પરની લોકવત્ ક્રીડામાં પણ એવી જ રીતે કેટલેક ઠેકાણે ભિન્નતા માલૂમ પડે છે. વસ્તુતઃ એ બંનેમાં તો શું, પરંતુ સમસ્ત શ્રીવલ્લભકુળમાં, જેમ ભક્તવર્ય દયારામભાઈ કહે છે તેમ :

''શ્રીવલ્લભ કે વંશમે, સબ હી વલ્લભરૂપ.''

શ્રીગુસાંઈજીએ કરજ કેમ કર્યું ?

હવે આપણે તપાસીએ, શ્રીગુસાંઈજીને કેવા પ્રસંગો વચ્ચે પોતાની મરજી વિરુદ્ધ કરજ જેવા અયોગ્ય કાર્યની શરૂઆત કરવી પડી. એક સમયે શ્રીઠાકોરજીએ એમને સજ્યામંદિર સુધરાવવા આજ્ઞા કરી. એ વખતે શિલકમાં શ્રીગુસાંઈજી પાસે પૈસા નહોતા અને શ્રીઆચાર્યજીના સિદ્ધાંત પ્રમાણે કરજ તો થાય નહિ. એક તરફની ગુરુ-શ્રીમદ્વલ્લભાચાર્યજીની આજ્ઞા અને બીજી તરફની ભગવદ્-આજ્ઞા, આ બંને પરસ્પર વિરુદ્ધ આજ્ઞાઓનું પાલન કેમ કરવું એ મહાન ગંભીર સવાલ થઈ પડ્યો. છેવટે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરી છે કે,

॥ सेवाकृतिर्गुरोराज्ञाबाधनं वा हरीच्छया ॥

અર્થ : ગુરુઆજ્ઞા પ્રમાણે સેવા કરવી, પરંતુ એનાથી વિરુદ્ધ બાધકરૂપ હરિની ઇચ્છા અથવા આજ્ઞા થાય તો પ્રભુની એ વિશેષ આજ્ઞા પ્રમાણે ચાલવું.

આ આજ્ઞાને અનુસરી શ્રીગુસાંઈજીએ વિચાર કર્યો કે સામાન્ય રીતે સેવા

કરવામાં કરજ કરવું એ ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ છે, પરંતુ સજ્યામંદિર સુધરાવવા ભગવદ્-આજ્ઞા છે. હાલ શિલકમાં પૈસા નહિ હોવાથી કરજ કર્યા સિવાય એ 'વિશેષ આજ્ઞા' જે પાળવાને શ્રીમદ્વલ્લભાચાર્યજી આગ્રહ કરે છે તે, પાળી શકાય એમ નથી માટે ઉપલા ગુરુવાક્ય પ્રમાણે આ પ્રસંગે કરજ કરીને પણ સજ્યામંદિર સુધરાવવું એ જ ખરો સેવકધર્મ છે. આ પ્રમાણે વિચાર કરી શ્રીગુસાંઈજીએ નિરુપાયે કરજ કર્યું અને શ્રીઠાકોરજીનું સજ્યામંદિર સુધરાવી પ્રભુની વિશેષ આજ્ઞાનું પાલન કર્યું તથા એ દ્વારા સ્વજનોને વિશેષ આજ્ઞા અને એના પાલનના ગૂઢ રહસ્યનો અનુભવ કરાવ્યો.

શ્રીગોવર્ધનનાથજીની અયોગ્ય આજ્ઞાનું કારણ :

વળી કહેશે કે સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીએ શ્રીગુસાંઈજીને આવી કરજ કરીને પણ સજ્યામંદિર સુધરાવવાની અયોગ્ય આજ્ઞા કેમ કરી ?

આ પ્રશ્નના ઉત્તરમાં પ. ભ. ગોપાલદાસજી જણાવે છે કે શ્રીગોવર્ધનાથજીને પોતાને શ્રીગુસાંઈજીને ત્યાં શ્રીજી-રૂપે પ્રકટ થઈ પુત્રધર્મ સાંગોપાંગ કરી બતાવવાની ઈચ્છા હતી અને

''પુત્ર તે કહેવાય જે પોતાને તારે
ને રણથી મુકાવે ને ઉદ્ધારેજી. ૬૦૬''

'પુત્ર' શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ પણ એ જ છે કે પુમ્ નામના નરકમાંથી તારનાર એ પુત્ર. હવે જો શ્રીગુસાંઈજી કરજ કરે નહિ તો શ્રીજી પિતાને ઋણમાંથી મુક્ત કરવાનો પુત્રધર્મ કેવી રીતે બજાવે ? અને એ ન બજાવાય તો શ્રીજીના પુત્રધર્મમાં એટલી ખામી રહે.

શ્રીજીના પુત્રધર્મની સંપૂર્ણતા :

આ કરજ આપવા માટે શ્રીજીએ તો પ્રથમથી જ શ્રીગિરિધરજીને કહ્યું હતું, પરંતુ શ્રીગિરિધરજીએ ભાઈઓથી જુદા પડતી વખતે જણાવ્યું હતું કે હું વડો છું માટે હું જ શ્રીગોવર્ધનનાથજીનો નેક ચલાવીશ તથા હું જ પિતાજીનું લેણ-દેણ ચૂકવીશ અને એમની મિલકતનો માલેક પણ હું જ થઈશ. આટલું છતાં નિજેચ્છાથી એવું જ બન્યું કે શ્રીજીને જો કે મિલકતમાં ભાગ ન મળ્યો છતાં ઉપર જણાવ્યા પ્રમાણે પિતાનું ઋણ આપી પુત્રધર્મ બજાવવાની તક મળી અને પોતાનો મનોરથ યથાર્થ રીતે સિદ્ધ થયો.

શ્રીગિરિધરજીનું આગમન અને શ્રીજીનો કુટુંબપ્રેમ :

શ્રીજીના કરજ ચૂકવ્યાના સમાચાર મળતાં શ્રીગિરિધરજી શ્રીગોકુલ પધાર્યા. એમને તેડવા માટે શ્રીજી આગ્રા સુધી સામા ગયા ને હેતથી શ્રીગોકુલમાં પધરાવી લાવ્યા. આ વખતે શ્રીજી જે ઘોડા પર સવાર થયા હતા તેનું અલૌકિક સૌંદર્ય જોઈ શ્રીગિરિધરજીએ એનું નામ પૂછ્યું. શ્રીજીએ કહ્યું કે એનું નામ 'નયનસુખ' છે, એના નામ પ્રમાણે એ હરકોઈના નયનને સુખ કરનાર જ હતો. પછી શ્રીગિરિધરજીના પુત્ર શ્રીમુરલીધરે ઘોડા માટેની પોતાની ઈચ્છા જણાવતાં શ્રીજીએ એમને એ ઘોડો આપી દીધો. કેવો કુટુંબ પ્રત્યેનો પ્રેમ !!!

પ્રભુનાં દર્શન થતાં માત્રથી ઉમરાવ દીન થઈ ચરણમાં પડ્યો. સ્વપ્રભુનો આવો પ્રતાપ જોઈ એ વખતે ગઢવી એક દુહો બોલ્યો કે

''જેસેહી તુમ જાહો ઠાકુર તે સ્થાન કર તણે;
વેદ વિદેશીના હે સૂરજ મંત્ર સ્થલ એ હતા. ૧૦૨ ''
(તૃ. ત. માં. ૫)

પ્રાતઃકાલે ઊઠી, સ્નાન સંધ્યા વગેરે નિત્ય કર્મથી પરવારી નાના વિધનાં દાન કર્યાં. એ પછી ગોપીકાંતને બોલાવી એની જોડે શાસ્ત્રાર્થ કર્યો. દાન વગેરે કરી રહ્યા પછી ભટ્ટ વગેરેએ શ્રીજીને કંઈક માગવા કહ્યું, પણ પ્રભુએ કહ્યું કે માગવું ઉચિત નથી તેથી ભટ્ટે શાસ્ત્રનું પ્રમાણ આપી કહ્યું કે કાંઈક તો માગવું જોઈએ, ત્યારે

''ધન સામે નીકો રહે એ માગ્યું ગોકલભૂપ.'' (તૃ. ત. માં. ૯. ૧૧.)

કુરુક્ષેત્રથી હૃષીકેશ થઈ શ્રીગોકુલ :

કુરુક્ષેત્રથી પૃથોદિક તીર્થ તથા સ્થાનેશ્વર થઈ શ્રીજી હરિદ્વાર પધાર્યા. અત્રે પર્વત પાસે ગંગાજી વહે છે. પાસે કનખલ તીર્થથી ગંગાજીનું મૂળ બે માઈલ છે ત્યાં છેલ્લાં આશરે ૧૩ વર્ષથી ગંગાજીનો પ્રવાહ તૂટેલો હતો, પણ પ્રભુ-ઈચ્છાથી આ વખતે એવું બન્યું કે શ્રીજીના પધારતાંની સાથે ૧૩ વર્ષે ફરીને ગંગાજીનો પ્રવાહ શરૂ થયો ને જંઘા સુધી પાણી આવ્યું. આ સ્થળે મુકામ કરી પ્રભુ પાંચ દિવસ સુધી બિરાજ્યા. શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ પણ યાત્રા વખતે આ સ્થળે જ મુકામ કર્યો હતો. પછી શ્રીજી હૃષીકેશ પધાર્યા. ત્યાંથી આગળ જવાનો વિચાર માંડી વાળી શ્રીજી પાછા ફર્યા અને સહરાનપુર આવી વિઠ્ઠલદાસ ક્ષત્રીને ત્યાં મુકામ કર્યો. એમને ત્યાં એક દિવસ રહી આગળ ચાલ્યા અને રથયાત્રાનો ઉત્સવ નજીક આવવાથી પ્રયાણ વેગે કર્યું. માર્ગમાં લોહોદેવજ નામે ગામમાં મથુરાદાસને ત્યાં મુકામ કર્યો. એની પત્નીએ પ્રભુને વસ્ત્રાભૂષણ વગેરે સમર્પી પોતાના સકલ મનોરથ સિદ્ધ કર્યા. અત્રે શ્રીજી ત્રણ દિવસ અને ત્રણ રાત રહી મથુરાદાસ અને એની પત્નીની મનઃકામના પૂર્ણ કરી, એમને મસ્તકે શ્રીહસ્ત ધરી પ્રભુએ વિજય કર્યો. પછી અમરાવેડામાં એક દિવસ રહી કુરુક્ષેત્રમાં સંભલના વૈષ્ણવોને આપેલા વચન પ્રમાણે એઓ સામા આવતાં શ્રીજી એમને ત્યાં પધાર્યા અને શ્રીગુસાંઈજીના સેવક મુકુંદદાસને ત્યાં મુકામ કર્યો. અત્રે પ્રભુ પાંચ દિવસ સુધી બિરાજી, સર્વને આનંદદાન આપી પોતે આગળ ચાલ્યા. સંભલથી કુરુક્ષેત્ર, ઈંદ્રપ્રસ્થ તથા ઉટોલી થઈ શ્રીગોકુલ પધાર્યા. શ્રીગોપાલ વગેરે કુટુંબી જનોને ભેટી, સ્વપ્રભુને દંડવત્પ્રણામ કરી બેઠકે પધાર્યા અને ત્યાં સ્વજનોને શ્રીમુખથી માર્ગના સમાચાર કહી આનંદ આપ્યો.

શ્રીગોપાલનું લગ્ન :

કુરુક્ષેત્રની યાત્રા પછી બીજા વર્ષમાં શ્રીજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપાલનો વિવાહ સહેજાદપુરમાં પરશુરામ ભટ્ટને ત્યાં એમની પુત્રી રુક્મિણી સાથે કરવામાં આવ્યો. લગ્નનું મુહૂર્ત નક્કી થતાં સં. ૧૬૫૫ ના ચૈત્ર સુદિ ૭ ના રોજ જાન લઈ શ્રીજી સહેજાદપુર પધાર્યા. નગર પાસે આવતાં પહુઆ નામના સેવકને ખબર આપવા

આગળ મોકલ્યો. ત્યાંના રાજસી સેવક વિહારીરામ અને ગોકુલઘેરી સામા આવ્યા તથા એમને ત્યાં જાનીવાસો લીધો. એમનું ઘર ગંગાજીના કિનારા પર હતું એટલે શ્રીજીને એ યોગ્ય રીતે અનુકૂળ પડ્યું. નગરમાં પેસતી વખતે શ્રીજીએ શ્રીગોપાલને મલમલનો કેસરી વાઘો પહેરાવ્યો. ડેરે ઊતરી પોતાના કુલની રીત પ્રમાણે સર્વ કર્યું. તંબોલ ને અભ્યંગ કરી કન્યા માગી અને શાસ્ત્રની રીત પ્રમાણે શ્રીગોપાલને વસ્ત્રાભૂષણ પહેરાવી અશ્વારૂઢ કર્યા. સર્વ સાજન તૈયાર થતાં વાજતેગાજતે વરઘોડો નીકળ્યો અને સર્વ સાજન સાથે પરશુરામ ભટ્ટના ઘરના મંડપ આગળ આવ્યો. ત્યાં સાસુએ વરને પોંખીને રીત પ્રમાણે પધરાવ્યો અને અર્ધ્ય પાદ્ય કરી શાસ્ત્રની રીત પ્રમાણે લગ્ન પતાવ્યું (સં. ૧૬૫૫ના વૈશાખ વદિ ૫).

શ્રીગોકુલોત્સવજીનાં ફરી લગ્ન :

લગ્ન પતાવી શ્રીજી પોતાના જન્મસ્થાન પ્રયાગ જવા ઈચ્છા થવાથી ત્યાં પધાર્યા. ત્યાં શ્રીગોકુલમાં શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીગોકુલોત્સવજીનાં વહુજીના લીલામાં પધાર્યાના સમાચાર મળ્યા. શ્રીગોકુલોત્સવજીનાં માતાજી વીરાં વહુજી આ સમયે ભૂતલ પર બિરાજતાં નહોતાં. એઓએ પોતાના અવસાન સમયે પોતાના બાલકોને આગળ જણાવ્યા પ્રમાણે શ્રીજીની ગોદમાં મૂક્યા હતા આથી શ્રીજીએ એમનું પાલન પોષણ કરી ઉત્સાહથી ભણાવ્યા અને ભત્રીજાઓ પણ પુત્ર-ભાવથી શ્રીજીને અધીન રહેતા. આવી રીતે દિનપ્રતિદિન કાકા ભત્રીજા વચ્ચેનો પ્રેમ ગાઢ બન્યો હતો તેથી શ્રીગોકુલોત્સવસજીનાં ફરીને ત્વરાથી લગ્ન કરવા શ્રીજીએ વિચાર્યું. પછી પ્રયાગમાં ત્રણ દિવસ રહી, શરણે આવેલા જીવોનો અંગીકાર કરી ત્યાંથી પોતાના સાળા (વહુજીના પિત્રાઈભાઈ) મહાદેવ ભટ્ટને ત્યાં અકબરપુર પધાર્યા અને એની હીરા નામની કન્યાની માગણી કરી. મહાદેવ ભટ્ટે એ માગણી આનંદપૂર્વક સ્વીકારી એટલે સર્વ લગ્નોપયોગી સામગ્રી એકત્ર કરી ભત્રીજીનાં લગ્ન કર્યાં.

શ્રીગોપાલનું ફરી લગ્ન તથા શ્રીવિઠ્ઠલરાયજીનું પ્રથમ લગ્ન :

આ પ્રમાણે શ્રીગોપાલ તથા શ્રીગોકુલોત્સવજીનાં લગ્ન કરી શ્રીજી ગોકુલ પધાર્યા અને ત્યાં જ્ઞાતિના રિવાજ મુજબ ભોજનવ્યવહાર કર્યો. લગ્ન કરી આવ્યા પછી તરત જ શ્રીવિઠ્ઠલરાયજીથી છોટા લાલજીએ લીલા વિસ્તારી, થોડા દિવસમાં એક બેટીજી પણ શાંત થયાં, એવામાં શ્રીગોપાલજીનાં વહુજી પણ લીલામાં પધાર્યા અને એ પછી કુટુંબમાં કુશળ થતાં સર્વને આનંદ થયો. શ્રીગોપાલ વિધુર થયા એટલે એમનું ફરીથી લગ્ન કરવા શ્રીજીએ વિચાર્યું અને શ્રીગોકુલમાં બલભદ્ર ભટ્ટની ગોપદેવી કન્યા સાથે એમનો વિવાહ કર્યો. એ જ વર્ષમાં એટલે સંવત ૧૬૫૫ માં શ્રીજીએ પોતાના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલરાયજીનાં લગ્ન પણ કરી દીધાં.

શ્રીગોવર્ધનનાથજીનો અન્નકૂટ :

બંને પુત્રોના લગ્નથી પરવાર્યા **એટલે** શ્રીજીએ પોતાના સર્વસ્વ શ્રીગોવર્ધનનાથજીની સ્વહસ્તે સેવા કરવાની ઈચ્છા કરી અને તેથી પોતાના સેવ્ય શ્રીગોકુલનાથજી તથા સર્વ કુટુંબીઓને સાથે લઈ શ્રીગોવર્ધન જવા વિચાર કર્યો

એટલામાં શ્રીવિઠ્ઠલરાયજીનાં વહુજી લીલામાં પધાર્યાં. આમ છતાં સ્વપ્રભુવિષયક અસહ્ય આર્તિ થવાથી શ્રીજી ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ કુટુંબ, સેવ્ય પ્રભુ તથા સેવકોને લઈ અન્નકૂટના ઉત્સવના દસબાર દિવસ પહેલાં શ્રીઠાકુરદ્વાર પધાર્યા અને ત્યાં જઈ નિજેચ્છા પ્રમાણે શ્રીગોવર્ધનનાથજીની વાત્સલ્ય પ્રેમથી સેવા કરી સ્વમનોરથ સિદ્ધ કર્યો. અન્નકૂટનો ઉત્સવ શ્રીજીએ ઘણા હોંસથી લીલાયુત ઉભય પ્રકારે કર્યો અને એ દ્વારા સ્વજનોને પ્રભુસંબંધી આર્તિ અને એમની સેવાના ગૂઢ પ્રકાર પ્રગટ કરી બતાવ્યા.

શ્રીવિઠ્ઠલરાયજીનું ફરી લગ્ન તથા શ્રીગોવર્ધનનાથજીને ત્યાં મહાઓચ્છવ :

શ્રીજી સકુટુંબ ઠાકોરદ્વારા બિરાજતા હતા તેવામાં ગોવિંદમામાએ રણથંભોરમાં રાજ્યના દીક્ષિત મધુસૂદન ભટ્ટની પ્રાણમતી નામની કન્યા સાથે શ્રીવિઠ્ઠલરાયજીનો ફરીથી વિવાહ કર્યો અને લગ્નનું મુહૂર્ત નક્કી કરી શ્રીજીને પત્ર લખી એકદમ બોલાવ્યા. પત્ર મળતાં શ્રીજીએ જાન લઈ સં. ૧૬૫૮ ના કારતક સુદિ બીજે વિજય કર્યો. રણથંભોરમાં શ્રીનાથજીનાં કૃપાપાત્ર લાડબાઈનું વતન હતું ત્યાં રાજાએ સારો સત્કાર કરવાથી શ્રીજીએ કેટલાક દિવસ રહી પ્રબોધિની કરી સંવત ૧૬૫૮ના (વ્રજ) માગસર વદિ બીજના રોજ શ્રીવિઠ્ઠલરાયજીનાં ફરી લગ્ન કર્યા. ત્યાંથી (વ્રજ) માગસર વદ ૧૧ ના રોજ વિજય કરી શ્રીગોવર્ધન પધાર્યા. અડેલ, ગઢા, શ્રીગોકુલ વિગેરે સ્થલે મહાઓચ્છવ થયો હતો, પરંતુ શ્રીગોવર્ધનાથજીને એ ઉત્સવ જોવાની ઈચ્છા હોવાથી શ્રીજીએ એ સાલ ત્યાં જ રહી માગસર સુદિ ૭ ના રોજ એ ઉત્સવ સંપૂર્ણ ઉત્સાહથી કરી સ્વપ્રભુને રીઝવ્યા. એ પછી (વ્રજ) પોષ વદિ ૯ નો શ્રીગુસાંઈજીનો ઉત્સવ પણ અત્રે જ કરી પોષ સુદિમાં શ્રીજી સકુટુંબ શ્રીગોકુલ પધાર્યા.

અત્યાર સુધી શ્રીજીએ પોતાના સેવ્ય પ્રભુને માટે જુદું મંદિર તૈયાર કરાવ્યું નહોતું અને તેથી સઘળા ભાઈઓનાં સેવ્ય સ્વરૂપ એક જ મંદિરમાં બિરાજતાં.

આ સ્થળે આ પુસ્તકનો પ્રથમ ભાગ પૂર્ણ થાય છે. અને હવે પછી માલાપ્રસંગના વર્ણનથી દ્વિતીય ભાગ શરૂ થશે. દરમ્યાન વચ્ચે લગભગ ૨૦ વરસનું અંતર રહે છે. આ વરસોમાં ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ અગત્યના બનાવો બન્યા જણાતા નથી, પરંતુ કંઈ થોડી ઘણી હકીકત તો હોવી જ જોઈએ, પણ એ અમોને પ્રાપ્ત થઈ નથી તેથી લાચારીથી આટલેથી અટકી પ્રથમ ભાગ પૂર્ણ કરીએ છીએ, છતાં જો કોઈ વૈષ્ણવ બંધુ આ ઊણપ પૂરી પાડશે તો દ્વિતીય આવૃત્તિ વખતે સુધારો કરીશું.

॥ श्रीगोकुलेशो जयति ॥

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

ભાગ ૨ જો

૧. માલાના મામલાનો હેતુ

માલોદ્ધાર-લીલાનું પ્રયોજન :

પ્રિય વાચક ! આપણે ગુણ, ધર્મ અને રસના શરણ તથા આશ્રય, અખિલ ભક્તધર્મવિવર્ધક, ભક્તવત્સલ, ભક્તોદ્ધારક ભક્તધર્મરક્ષક, સ્વધર્મસ્થાપક, ભક્તધર્મવિવર્ધક, ભક્તવત્સલ, ભક્તોદ્ધારક ભક્ત-ચિંતામણિ, શોકસંતાપશોષક, જગદ્વ્યાલહરણ, સંસારસિંધુનિમગ્નતારણ, મહાપ્રચંડપ્રતાપપૂર્ણ, રસિકેશ તથા અખિલ મંડલ-ધરાને વ્રજના આનંદનો ભોગ, એવા શ્રીગોકુલેશ પ્રભુનું ભૂતલ પરનું રસમય પ્રાકટ્ય, એનો હેતુ તથા એ હેતુની સિદ્ધિ-અર્થે કરેલી એમની અલૌકિક પણ લોકવત્ દેખાતી અનેક ક્રીડાઓની યથાપ્રાપ્ય ઝાંખી કરવા યથાશક્તિ પ્રયત્ન કર્યો અને એ દ્વારા જાણ્યું કે એ પ્રભુએ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રગટ કરેલા તથા શ્રીગુસાંઈજીએ પ્રકાશિત કરેલા આપણા પુષ્ટિમાર્ગનું અનેક રીતે પોષણ કરી એને ફલરૂપ બનાવ્યો છે; એટલું જ નહિ, એ ફલના મીઠા આસ્વાદનો લાભ સ્વજનોને કેવલ સ્વરૂપના બળે જ કરાવ્યો છે. શ્રીમદ્વલ્લભાચાર્યજી ''પુષ્ટિપ્રવાહમર્યાદભેદગ્રંથ''માં જણાવે છે એમ જીવોના અનેક પ્રકાર છે અને એઓના અંગીકાર પણ જુદી જુદી રીતે છે, આથી એ સર્વનો ઉદ્ધાર કરી એમને લીલોપયોગી બનાવવા પ્રભુને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવી પડે છે, પરંતુ શ્રીગોકુલેશ પ્રભુએ પોતે ફલરૂપ હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે સ્વરૂપબલથી જીવોને મોહ ઉપજાવી પોતાને વિશે એમનો નિરોધ સિદ્ધ કર્યો છે અને તેથી એ સર્વ સ્વરૂપાસક્ત રસિક ભક્તજનો પોતાના પ્રાણપ્રભુનાં સેવા અને વિલાસમાં નિમગ્ન થતાં પ્રપંચની વિસ્મૃતિ તથા અહંતા અને મમતાનો ત્યાગ ઘણી ત્વરાથી સિદ્ધ કરી શક્યાં છે. આવી રીતે સ્વસ્વરૂપબલે અનેક દૈવી જીવોને શરણે લીધા હતા છતાં કેટલાક દૈવી જીવો જે મ્લેચ્છાદિક આસુરયોનિમાં જન્મવાથી તથા ''પ. ભ. ગોપાલદાસજી જેને અનારજ'' કહે છે તેવા પ્રદેશોમાં વસવાથી નામ અને નિવેદન પ્રાપ્ત કરી શક્યા નહોતા અને પરિણામે જેઓ ભગવત્સેવા, સત્સંગ યાતો ભગવત્સંબંધ માત્રથી વિમુખ જ રહેલા હતા એમનો અંગીકાર સિદ્ધ કરવા પરમ કૃપાળુ શ્રીગોકુલેશ પ્રભુએ ઈચ્છા કરી. જ્યારે कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थः પ્રભુ પોતે ઈચ્છા કરે ત્યારે શું અશક્ય છે ? પોતાની ઈચ્છા માત્રથી એ ચાહે એ કરી શકે એમ છે, પરંતુ એમ કરવામાં અમુક જાતના વૈદિક ધર્મની મર્યાદા પણ પોતે સાચવવાની હતી. વળી એતન્માર્ગની પ્રણાલિકા પ્રમાણે જીવ જ્યાંસુધી પ્રભુને સંમુખ થાય નહિ ત્યાંસુધી એનો અંગીકાર પણ સંભવે નહિ, તો આવા અધિકારહીન જીવોને સંમુખ કેમ કરવા એ એક ગૂઢ વિષય થઈ પડ્યો, કારણ કે એમને દીક્ષા તો આપી શકાય નહિ. છેવટે

નિ:સાધન જનોના ઉદ્ધારકર્તા શ્રીગોકુલેશ પ્રભુએ ઉપર્યુક્ત જીવોને પોતાનાં પરાક્રમ તથા સ્વરૂપથી મોહિત કરી એમનામાં માર્ગ તથા પ્રભુ માટે માન ઉત્પન્ન કરવા તથા એ દ્વારા એઓના હૃદયમાં માર્ગનો ઉત્કર્ષ સ્ફુરાવી એમને સંમુખ કરવા એક નવીન લીલા પ્રગટ કરી અને એમાં ઐશ્વર્યાદિક પોતાના સકલ ધર્મ પ્રગટ કરી, એ જીવોને આકર્ષી માર્ગસંમુખ કર્યા તથા એઓનો અંગીકાર સિદ્ધ કર્યો.

માલોદ્ધાર વિશે વૈષ્ણવોનું અજ્ઞાન :

આ નવીન લીલાવ્યવહાર 'માલોદ્ધાર'(માલાપ્રસંગ)ના નામથી સુપ્રસિદ્ધ છે. એતન્માર્ગના સામાન્ય જ્ઞાનવાળો કોઈ પણ પુરુષ જોકે ભાગ્યેજ નામથી તદ્દન અજાણ હશે, છતાં અનુભવ પરથી એટલું તો જણાય છે કે વૈષ્ણવ બંધુઓનો મોટો ભાગ એ લીલાના જોકે સંપૂર્ણ નહિ તોપણ યથાવશ્યક તથા અતિ ઉપયોગી જ્ઞાનથી તદ્દન અજાણ છે. આ ગંભીર અજ્ઞાનનું કારણ સ્વાભાવિક જ છે. અલબત્ત, આ લીલાનું વર્ણન શ્રીગોકુલેશપ્રભુના કૃપાપાત્ર પ. ભ. ગોપાલદાસજી(વ્યારાવાળા)એ એમના 'માલાપ્રસંગ' નામના ગ્રંથમાં ઘણા વિસ્તાર અને ચાતુર્યથી કર્યું છે તોપણ એ ગ્રંથ મુદ્રિત નહિ થવાથી તથા એની જે થોડી હસ્તલિખિત પત્રો ઉપલબ્ધ છે તે પણ માત્ર કેટલાક ભરૂચી વૈષ્ણવ બંધુઓ, જેઓ પોતાના ગ્રંથો પોતાના મંડળ બહારના અન્ય વૈષ્ણવ બંધુઓથી પણ છુપાવે છે, તેમના સ્વાધીનમાં હોવાથી, બીજા સઘળા ઉત્સાહી અને જિજ્ઞાસુ વૈષ્ણવ બંધુઓને પણ એ મહાન ગ્રંથનો કોઈ પણ લાભ પ્રાપ્ત થઈ શકતો નથી. પરિણામે શ્રીગોકુલેશ પ્રભુની નિ:સાધન દૈવી જીવોના ઉદ્ધારાર્થે કરેલી તથા જેનાં શ્રવણ, અભ્યાસ અને મનનથી ભક્તજનોના અનેક અભિલાષો સિદ્ધ થઈ શકે એવી આ પરમહિતકારક લીલાના યથેચ્છ જ્ઞાનથી પણ એતન્પુષ્ટિમાર્ગના ભરૂચી સિવાયના લગભગ સઘળા અનુયાયીઓ અજાણ રહ્યા છે.

આપણો હેતુ :

પરંતુ ત્યારપછી માર્ગીય કોઈ પણ વિદ્વાન સજ્જનની પ્રવૃત્તિ એ તરફ થયેલ જણાઈ નથી એ આ લીલાના ઉપયોગિત્વ તરફ નજર ફેંકતા સહેજ શોચનીય છે. વળી રા. બ. લલ્લુભાઈ તથા વૈષ્ણવ હરિદાસનાં પુસ્તકો વાંચતાં એતન્માર્ગના અભ્યાસીને એ લીલાનું બની શકે એટલું વિશેષ જ્ઞાન મેળવવા વધુ ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે, પરંતુ એ માટે હાલ સુધી કાંઈ પણ સાધન બહાર પડ્યું નથી. આવી જાતની ખોટ કેટલેક દરજ્જે પૂરી પાડવાના ઈરાદાથી અત્રે ઉપર્યુક્ત 'માલોદ્ધાર' ગ્રંથમાંથી બની શકે તેટલી સર્વ ઉપયોગી અને હિતકર હકીકત પ્રગટ કરવા પ્રયાસ કર્યો છે અને એમાં થયેલા દોષો તરફ સુજ્ઞ વાચક હંસવત્ થઈ ક્ષમાની દૃષ્ટિથી જોશે તો એમને કેટલોક અતિ ઉપયોગી બોધ મળશે અને માર્ગનાં કેટલાંક ઊંડાં રહસ્યો સ્ફુટ થશે. અલબત્ત, આ ગ્રંથ વાંચવાથી જો કે પ. ભ. ગોપાલદાસજીનો મૂળ ગ્રંથ વાંચવાની ખોટ પૂરેપૂરી રીતે પુરાશે નહિ છતાં જેઓને એ ગ્રંથ અલભ્ય છે તેઓને માટે તો આ ગ્રંથ ઘણી ખામી પૂરી કરશે એવી આશા છે. સામાન્ય રીતે કેટલા જૂજ વૈષ્ણવો આ ગ્રંથ વાંચવા માટે પણ મેળવી શકે એમ છે એ તો આપ સર્વને

નિ:સાધન જનોના ઉદ્ધારકર્તા શ્રીગોકુલેશ પ્રભુએ ઉપર્યુક્ત જીવોને પોતાનાં પરાક્રમ તથા સ્વરૂપથી મોહિત કરી એમનામાં માર્ગ તથા પ્રભુ માટે માન ઉત્પન્ન કરવા તથા એ દ્વારા એઓના હૃદયમાં માર્ગનો ઉત્કર્ષ સ્ફુરાવી એમને સંમુખ કરવા એક નવીન લીલા પ્રગટ કરી અને એમાં ઐશ્વર્યાદિક પોતાના સકલ ધર્મ પ્રગટ કરી, એ જીવોને આકર્ષી માર્ગસંમુખ કર્યા તથા એઓનો અંગીકાર સિદ્ધ કર્યો.

માલોદ્ધાર વિશે વૈષ્ણવોનું અજ્ઞાન :

આ નવીન લીલાવ્યવહાર 'માલોદ્ધાર'(માલાપ્રસંગ)ના નામથી સુપ્રસિદ્ધ છે. એતન્માર્ગના સામાન્ય જ્ઞાનવાળો કોઈ પણ પુરુષ જોકે ભાગ્યેજ નામથી તદ્દન અજાણ હશે, છતાં અનુભવ પરથી એટલું તો જણાય છે કે વૈષ્ણવ બંધુઓનો મોટો ભાગ એ લીલાના જોકે સંપૂર્ણ નહિ તોપણ યથાવશ્યક તથા અતિ ઉપયોગી જ્ઞાનથી તદ્દન અજાણ છે. આ ગંભીર અજ્ઞાનનું કારણ સ્વાભાવિક જ છે. અલબત્ત, આ લીલાનું વર્ણન શ્રીગોકુલેશપ્રભુના કૃપાપાત્ર પ. ભ. ગોપાલદાસજી(વ્યારાવાળા)એ એમના 'માલાપ્રસંગ' નામના ગ્રંથમાં ઘણા વિસ્તાર અને ચાતુર્યથી કર્યું છે તોપણ એ ગ્રંથ મુદ્રિત નહિ થવાથી તથા એની જે થોડી હસ્તલિખિત પત્રો ઉપલબ્ધ છે તે પણ માત્ર કેટલાક ભરૂચી વૈષ્ણવ બંધુઓ, જેઓ પોતાના ગ્રંથો પોતાના મંડળ બહારના અન્ય વૈષ્ણવ બંધુઓથી પણ છુપાવે છે, તેમના સ્વાધીનમાં હોવાથી, બીજા સઘળા ઉત્સાહી અને જિજ્ઞાસુ વૈષ્ણવ બંધુઓને પણ એ મહાન ગ્રંથનો કોઈ પણ લાભ પ્રાપ્ત થઈ શકતો નથી. પરિણામે શ્રીગોકુલેશ પ્રભુની નિઃસાધન દૈવી જીવોના ઉદ્ધારાર્થે કરેલી તથા જેનાં શ્રવણ, અભ્યાસ અને મનનથી ભક્તજનોના અનેક અભિલાષો સિદ્ધ થઈ શકે એવી આ પરમહિતકારક લીલાના યથેચ્છ જ્ઞાનથી પણ એતન્પુષ્ટિમાર્ગના ભરૂચી સિવાયના લગભગ સઘળા અનુયાયીઓ અજાણ રહ્યા છે.

આપણો હેતુ :

પરંતુ ત્યારપછી માર્ગીય કોઈ પણ વિદ્વાન સજ્જનની પ્રવૃત્તિ એ તરફ થયેલ જણાઈ નથી એ આ લીલાના ઉપયોગિત્વ તરફ નજર ફેંકતા સહેજ શોચનીય છે. વળી રા. બ. લલ્લુભાઈ તથા વૈષ્ણવ હરિદાસનાં પુસ્તકો વાંચતાં એતન્માર્ગના અભ્યાસીને એ લીલાનું બની શકે એટલું વિશેષ જ્ઞાન મેળવવા વધુ ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે, પરંતુ એ માટે હાલ સુધી કાંઈ પણ સાધન બહાર પડ્યું નથી. આવી જાતની ખોટ કેટલેક દરજ્જે પૂરી પાડવાના ઈરાદાથી અત્રે ઉપર્યુક્ત 'માલોદ્ધાર' ગ્રંથમાંથી બની શકે તેટલી સર્વ ઉપયોગી અને હિતકર હકીકત પ્રગટ કરવા પ્રયાસ કર્યો છે અને એમાં થયેલા દોષો તરફ સુજ્ઞ વાચક હંસવત્ થઈ ક્ષમાની દૃષ્ટિથી જોશે તો એમને કેટલોક અતિ ઉપયોગી બોધ મળશે અને માર્ગનાં કેટલાંક ઊંડાં રહસ્યો સ્ફુટ થશે. અલબત્ત, આ ગ્રંથ વાંચવાથી જો કે પ. ભ. ગોપાલદાસજીનો મૂળ ગ્રંથ વાંચવાની ખોટ પૂરેપૂરી રીતે પુરાશે નહિ છતાં જેઓને એ ગ્રંથ અલભ્ય છે તેઓને માટે તો આ ગ્રંથ ઘણી ખામી પૂરી કરશે એવી આશા છે. સામાન્ય રીતે કેટલા જૂજ વૈષ્ણવો આ ગ્રંથ વાંચવા માટે પણ મેળવી શકે એમ છે એ તો આપ સર્વને

સુવિદિત છે, તો પછી આ ગ્રંથ પ્રગટ કરવાનો પ્રયાસ સુજ્ઞ વાચકોને અયોગ્ય લાગશે નહિ એમ અમારું માનવું છે.

સ્વરૂપનું આધિક્ય તથા સ્વજનો માટે વૈદિક મર્યાદાનો ત્યાગ :

આ લીલાનાં કારણો વિશે પ. ભ. ગોપાલદાસજી કહે છે કે ભૂતલ પર પૂર્ણ પુરુષોત્તમનાં અનેક પ્રાકટ્ય થયાં છે, પણ એ સર્વેએ ભજનાનંદ તથા રસમય લીલાનું દાન વ્રજમાં રમીને જેમને માટે પ્રાકટ્ય હતું તેમને એ આપ્યું છે. બીજા દેશોને એ દાન દીધું નથી. કારણ કે વ્રજ સિવાય અન્ય દેશોને શૃંગારાત્મક ભજનાનંદનો અધિકાર નથી. સમગ્ર વ્રજ અનાદ્ય પુરુષોત્તમ શ્રીગોકુલપતિ-શ્રીગોકુલેશ પ્રભુને અધીન છે. અને એમનાથી એ કદાપિ અલગ થતું નથી. પરંતુ આદ્ય પુરુષોત્તમ વ્રજને અધીન છે અને જ્યારે તે વ્રજથી દૂર થાય છે ત્યારે ભિન્ન સ્વરૂપ થાય છે. શ્રીગોકુલેશજીના સંબંધમાં તો વ્રજ એમની સાથે સાથે ફરે છે. આ કારણથી જે પૂર્વ પ્રાકટ્ય થયાં તે દેશાંતરમાં શૃંગારાત્મક લીલા કરી શક્યાં નહિ, પણ આગળ જણાવ્યા પ્રમાણે અનાદ્ય પુરુષોત્તમ શ્રીજીની તો સાથે જ વ્રજ સકલ શૃંગાર-સહિત રહેવા લાગ્યું ને જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં ત્યાં સંગે ગયું તથા ત્યાંના અધિકારી જીવોને શૃંગારાત્મક ભજનાનંદનો લાભ મળ્યો. આ વિશે શ્રીજીનાં શ્રીમુખનાં વચનામૃત છે કે,

''જહાં હમ તહાં ગોકુલ રહે, હમ કબહુ છાંડે નહિ ઈનકુ ને ગોકુલ છાંડે ન હમકું.''

આ પ્રમાણે જ્યાં પ્રભુ ત્યાં સર્વ લીલા સિદ્ધ છે એટલે આ શ્રીગોકુલેશ પ્રભુનું સ્વરૂપ સર્વદા એક જ રૂપ પૂર્ણરસમય, પૂર્ણકામ રહ્યું. બીજાં પ્રાકટ્ય માટે વ્રજ અને દેશાંતરોનાં સ્વરૂપ એક નથી; જેમકે વ્રજ, મથુરા ને દ્વારકામાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ એક નથી, પણ જુદું જુદું છે અને તેથી જ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે 'लीलाभेदे स्वरूपभेदः' પણ એ વાક્ય શ્રીગોકુલેશ પ્રભુને લાગુ નથી, કારણ કે એ તો સદા એક રસરૂપ પ્રાકટ્ય છે અને તેથી સ્વપ્રાકટ્યની વિશેષતા પ્રગટ કરવાને શ્રીજીએ માલોદ્ધારની લીલાનો વિચાર કર્યો. એ લીલામાં ઉત્તરના અનાર્ય દેશ કે જ્યાં બ્રાહ્મણોને જવાની વેદ મના કરે છે અને જે મર્યાદાનુસાર શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજી ત્યાં જઈ શક્યા નહોતા તેવા હીનભાગી દેશના દૈવી જીવોનો પોતાના પ્રાકટ્ય-સમયમાં પણ અંગીકાર થાય નહિ એ ભક્તવત્સલ શ્રીગોકુલેશ પ્રભુ સહન કરી શક્યાં નહિ અને તેથી એ ભક્તાત્મા અને ધર્મરક્ષક પ્રભુએ સ્વઈચ્છાથી માલાનો મામલો ઊભો કરી માલાના રક્ષણ અર્થે ઉપર જણાવેલા અનાર્ય દેશોમાં પધાર્યા અને ત્યાંના દૈવી જીવોને અદેય દાન દીધું.

માલાના મામલાનું શું પ્રયોજન ?

અત્રે કોઈ કહેશે કે શ્રીજીને એ દેશોમાં પધારવા માટે માલાનો મામલો ઊભો કરવાનું શું પ્રયોજન હશે ? એ વિના સ્વતઃ ત્યાં કેમ ન પધાર્યા ? એમ કરવાથી સર્વને અને પોતાને પણ જે અનહદ સંકટ અને હેરાનગત ભોગવવાં પડ્યાં તે સર્વ દૂર રહત.

વૈદિક મર્યાદાનું ઉઘાડું ઉલ્લંઘન થતું અટકાવવા :

આ શંકાના સમાધાન અર્થે કહેવું જોઈએ કે આગળ જણાવ્યા પ્રમાણે વેદ બ્રાહ્મણોને સરસ્વતી નદી ઓળંગી આગળ જવા મનાઈ કરે છે અને એ આજ્ઞા શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ પૂર્ણ રીતે પાળી, પરંતુ શ્રીજીને એ ઓળંગ્યા સિવાય ચાલે એમ નહોતું, કારણ કે એ ન ઓળંગે તો ત્યાંના જીવોનો અંગીકાર બીજું કોણ કરી શકે ? પણ જો પ્રભુ કાંઈ પણ ખાસ કારણ ઉત્પન્ન કર્યા સિવાય એ દેશોમાં જાય તો વેદમર્યાદાનું ઉલ્લંઘન થાય અને પોતે તો વેદધર્મરક્ષક હોવાથી એ કરી શકાય નહિ, તેથી માલાના રક્ષણનું કારણ ઉત્પન્ન કર્યું, કારણ કે માલાનું રક્ષણ એ પુષ્ટિધર્મ છે અને સરસ્વતીનું ઉલ્લંઘન ન કરવું એ વૈદિક ધર્મ છે. પોતે પુષ્ટપુષ્ટ પ્રાકટ્ય હોવાથી પહેલા ઉત્તમ ધર્મને અર્થે બીજા સાધારણ ધર્મને તિલાંજલિ આપી. આવા ધર્મસંકટના પ્રસંગોમાં આ ન્યાય સુવિખ્યાત જ છે અને તેથી વૈદિક મર્યાદાના ઉલ્લંઘનનો દોષ શ્રીજીને આપી શકાતો નથી.

વળી માલા એ વૈષ્ણવનું આધિદૈવિક રહસ્ય છે અને ભક્તરક્ષક પ્રભુને માટે એના રક્ષણ સિવાય બીજો કયો ધર્મ ઉચ્ચતર ગણી શકાય ?

અંશ - કલાદિક પ્રાકટ્ય :

બીજા કારણમાં પ. ભ. ગોપાલદાસજી જણાવે છે કે ગીતાજીના ૪ થા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે કે,

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥८॥

અર્થ : હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની ઉત્પત્તિ થાય છે ત્યારે ત્યારે હું મારા આત્માને સર્જું છું. (૭) સત્પુરુષોની રક્ષા કરવા માટે, દુષ્ટ લોકોનો નાશ કરવા માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે હું દરેક યુગમાં પ્રકટ થાઉં છું. (૮)

માલાનું સ્વતઃરક્ષણ :

આ પ્રમાણે યુગે યુગે સાધુઓને દુઃખ થયું ત્યારે અંશ કલા દ્વારા દુષ્ટોને હણી ધર્મસ્થાપન કર્યું છે. અત્રે લીલાવિરોધી દુષ્ટ ચિદ્રૂપે માલાના બહાનાથી દ્રોહ કર્યો અને ભક્તજનોને દુઃખી કર્યા તેથી પોતાના સ્વરૂપબલથી જહાંગીર જેવા પ્રબળ પાદશાહે પણ પરાક્રમ બતાવી માલા અને તિલકનું રક્ષણ કર્યું.

અત્રે કોઈ કહેશે કે શ્રીજી રસાત્મક, પૂર્ણ પુરુષોત્તમ લીલાવિષ્ટ સ્વરૂપ, એમણે માલા-તિલકના રક્ષણ માટે સ્વતઃકાશ્મીર જઈ શા માટે એટલો બધો શ્રમ લીધો ? એ તો એમની ઇચ્છામાત્રથી અથવા કોઈ અવતારાદિ દ્વારા સિદ્ધ થાત. આના પ્રત્યુત્તરમાં પ. ભ. ગોપાલદાસજી કહે છે કે ભક્તજનોને રસદાન દેવું તથા માર્ગની રક્ષા કરવી એ અસાધારણ કાર્ય અવતારાદિકથી બને નહિ. અનેક ભક્તવિષયક કાર્ય

પ્રભુ ઈચ્છાથી પણ કરે જ નહિ કારણ કે શ્રીજી પોતે શુદ્ધ રસાત્મક પુરુષોત્તમ છે અને સ્વરૂપબલથી સ્વજનોનાં રક્ષાદિ કાર્ય કરવાં એ રસિકતાનો ખાસ ગુણ છે. માલાતિલક એ ભક્તના સૌભાગ્યનો શૃંગાર છે, એ સૌભાગ્યના પોતે રસિકવર તેથી એમણે પોતાના જ સામર્થ્યથી સૌભાગ્યની વૃદ્ધિ તેમ રક્ષણ કર્યાં. તુલસી પોતે પણ પ્રિય ભક્ત છે, સર્વ ભક્તોનું આધિદૈવિક સ્વરૂપ છે, તેથી પ્રેમ ધર્મ અનુસાર એની સ્વતઃ સ્વરૂપે રક્ષા કરી. અત્રે માલાની રક્ષા કરી ભક્ત માત્રની રક્ષા કરે છે એવું સૂચવ્યું અને ભવિષ્યમાં જે કોઈ એ ચરણને અનુસરશે તેનું રક્ષણ સ્વતઃ પ્રભુ કરશે અને અંતરાય નડશે નહિ તથા જે કોઈ સ્વરૂપાશ્રિત છે તેનું પ્રભુ સ્વરૂપબલે રક્ષણ કરશે એવું જણાવ્યું.

સર્વસ્વ વડે સર્વસ્વ રહે :

વળી શ્રીગોકુલપતિએ નિજેચ્છાથી શ્રીઆચાર્યજી પાસે માર્ગરૂપી નાવ તૈયાર કરાવ્યું અને એમાં એતન્માર્ગીય સર્વ સમાજ બેઠો. ત્યાં ચિદ્રૂપના ઉત્પાતરૂપ પ્રબળ વંટોળિયો આવ્યો અને એની મદદમાં ખડકરૂપ પાદશાહ જહાંગીર દાખલ થયો. આ વંટોળિયાના સપાટાથી ખડક સાથે અથડાઈ ભાગી જતા નાવને બચાવવા શ્રીજી વિના બીજું કોઈ સમર્થ નહોતું તેથી સ્વરૂપબળે ડૂબતા નાવને બચાવ્યું. માલાતિલકની રક્ષા દ્વારા માર્ગની રક્ષા કરી અને ભક્તજનોને અન્ય માર્ગનું અનુકરણ કરતાં અટકાવી માર્ગાશ્રિત રાખ્યાં, ધર્મના રક્ષણ માટે ગૃહાદિક સર્વ રિદ્ધિનો ત્યાગ કરી સોરમવાસ કર્યો અને એ દ્વારા સ્વજનોને બતાવી આપ્યું કે અલૌકિક માટે લૌકિક સર્વસ્વ છોડતાં ડરવું નહિ. અલૌકિક હિત માટે લૌકિકનો ''સદ્ય ત્યાગ કરવો,'' ''સર્વસ્વ વડે સર્વસ્વ રહે'' એ ગદ્યની ભાવના ચરિત્રમાં મૂકી.

૨. ચિદ્રૂપની શિખવણીથી જહાંગીરે કરેલો માલા ઉતારવાનો હુકમ

ચિદ્રૂપ કોણ ?

ગુજરાતમાં બહિયલ પરગણામાં હિલોલ-વાસણા નામનું ગામ છે ત્યાંના એક મોઢ બ્રાહ્મણે સંન્યાસી થયા પછી ઉજ્જેનમાં જઈ શહેરથી બહાર ક્ષિપ્રા નદી ઉપર ભર્તૃહરિની ગુફામાં પોતાનો વાસ કર્યો. એનું નામ ચિદ્રૂપ હતું. એના વિશે બોલતા પ. ભ. ગોપાલદાસજી કહે છે કે,

''એક મહાદુષ્ટ દુષ્ટાધિપતિ અને દંડધારી વેશ,
કલજુગમાં બ્રાહ્મણને રૂપે દુષ્ટ મોંહે વરેશ. ૧૮૧
અખિલ અસુરનું આધિદૈવિક રૂપનું એ ધામ,
ભક્તનો દ્રોહી સદા, ચિદ્રૂપ એવું નામ. ૧૮૨
પ્રચંડ, પાખંડી વિરૂધી, ધર્મનો દ્વેષીય,
જુગસમો ધર્મ પ્રવર્તાવવા, કલિઅંતમાં પ્રવેશીય. ૧૮૩''

આ ઉપરથી જણાય છે કે ચિદ્રૂપ ભક્તજનો અને વૈષ્ણવોનો દ્વેષ કરતો અને તેથી એણે ધર્મના કારણ વિના તિલક અને માલાનો કલેશ ઉપજાવ્યો.

ગોપાલ પંડ્યા અને મચિયો વ્યાસ :

એક સમયે શ્રીજીના સેવક ગોપાલ પંડ્યા અને મચિયો વ્યાસ પોતાના વતન વિસનગરથી કાંઈ કામ પ્રસંગે ઉજ્જેન ગયા હતા. ત્યાં દૈવયોગે ચિદ્રૂપે એમને જોયા અને એમના કંઠમાં તુલસીની માલા તથા કપાળમાં તિલક જોઈ એણે મચિયા વ્યાસને અંહકારથી પૂછ્યું કે બ્રાહ્મણ થઈ ને તેં માલા કેમ પહેરી છે ? શુદ્ધ બ્રાહ્મણ તો માલા પહેરે નહિ, તેથી મને લાગે છે કે તું બ્રાહ્મણ નહિ, પણ ગરોડો હોઈશ, એના પ્રત્યુત્તરમાં મચિયા વ્યાસે કહ્યું કે તુલસીની માલાની નિંદા કરનાર તું કોઈ ચાંડાલ જણાય છે. ખરો સંન્યાસી તો તુલસીની માલા ધારણ કરનાર વૈષ્ણવની તો શું, પણ કોઈની નિંદા કરે નહિ. વળી શ્રીમદ્-ભાગવતના સપ્તમ સ્કંધનો શ્લોક કહ્યો કે

विप्राद् द्विषड्गुणयुतादरविन्दनाभ–
पादारविन्दविमुखाच्श्वपचं वरिष्ठम् ॥
(श्रीमद्भागवत, स्कं. ७, अ. ९, श्लोक १०)

અર્થ : શાસ્ત્રમાં કહેલા બાર ધર્મ-સહિત જો બ્રાહ્મણ હોય, પણ જો એ

ભગવાનના ચરણારવિંદથી વિમુખ હોય તો એના કરતાં જો ચાંડાલ ભગવાનને ભજતો હોય તો એ શ્રેષ્ઠ છે. આ પ્રમાણે જોકે તું સંન્યાસી છે તોપણ ભગવાનને અતિપ્રિય એવી તુલસીની માલાની તું નિંદા કરે છે તેથી તું ભગવાનથી વિમુખ છે અને તેથી તારા કરતાં ભગવાનનો ભક્ત ચાંડાલ હોય એ પણ સારો. મચિયા વ્યાસનો આવો સપ્રમાણ અને તિરસ્કારયુક્ત જવાબ સાંભળી ચિદ્રૂપનો વૈષ્ણવો પ્રત્યેનો રોષ વધ્યો અને તેથી એણે કહ્યું કે જો હું તમારા જેવાઓની માલા ઉતરાવું નહિ તો મારું નામ ચિદ્રૂપ નહિ.

બાદશાહને ચિદ્રૂપે બતાવેલો ચમત્કાર

એવામાં સંવત ૧૬૭૨ (ઇ.સ. ૧૬૧૬)માં દિલ્હીનો મુઘલ બાદશાહ જહાંગીર આગ્રેથી ગુજરાત જતો હતો. દાહોદ અને ઝાલોદના વનમાં હાથીનો શિકાર કરવાની ઇચ્છાથી બાદશાહે પોતાની સાથે કેટલાક મેવાડી રાજપૂતો રાખ્યા હતા. ચિદ્રૂપ એના આસુરી મંત્રબળથી એ રાજપૂતોનું કેટલુંક કામ કરતો તેથી એમણે ચિદ્રૂપની માગણી પરથી બાદશાહની સવારી ઉજ્જેન તરફ વળી ત્યારે એને કહ્યું કે ઉજ્જેનમાં એક ગુફામાં એક પરાક્રમી સાધુ રહે છે એ ભારે ચમત્કાર કરી બતાવે છે અને એ ખરેખર મળવા લાયક છે. આ સાંભળી કુતૂહલની ઇચ્છાથી બાદશાહે ઉજ્જેનનો માર્ગ પકડ્યો અને નગર પાસે આવતાં રાજપૂતો બાદશાહને સંન્યાસીની ગુફામાં લઈ ગયા. ત્યાં સંન્યાસીએ બાદશાહનો ઊભા થઈ સારી રીતે આદરસત્કાર કર્યો. પછી બાદશાહે એની સાથે કેટલીક વાતચીત કરી એને કાંઈક ચમત્કાર દેખાડવાનું કહ્યું. એ પરથી એ સંન્યાસીએ પોતાના આસુરમંત્રોની આરાધનાના બળથી એ ગુફામાં એટલો તો પ્રકાશ દેખાડ્યો કે બાદશાહ અને એના માણસોની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. આ જોઈ જહાંગીર ઘણો ખુશ થયો અને પોતાની પ્રસન્નતા બતાવવા માટે એ સંન્યાસીને એણે કહ્યું : બાબાજી ! કાંઈ માગો, જે માગશો તે હું આપીશ. ત્યારે એણે કહ્યું કે હું ઈશ્વરના ધ્યાનમાં અનુરક્ત છું, મારે કાંઈ જોઈતું નથી, કારણ કે હું તો વિરક્ત અને સંન્યાસી છું. મને કોઈ પણ જાતનો સંસારી સ્વાર્થ નથી, પણ એક ધર્મની વાત છે, જે તમે કરો તો જ બની શકે એમ છે. એ કરવાથી ખરો લાભ પણ તમને અને તમારી પ્રજાને જ છે, માટે જો તમે હું કહું એ પ્રમાણે કરવાનું સત્ય વચન આપો તો કહું. ત્યારે જહાંગીરે એને એના કહેવા પ્રમાણે કરવાનું વચન આપ્યું. પછી એ કપટી, કુટિલ અને ધર્મદ્રોહી બોલ્યો કે,

સંન્યાસીની માગણી :

''આંહાં સર્વ કોઈ કંઠે ધરે છે તુલસીય કેરી માલ,
ઉરધ-પુંડ્ર તિલક લેઈ અને કરે છે તે ભાલ. ૨૨૦
અને સ્વરૂપની સેવા કરે છે, તે કહીં નથી કહીય,
બ્રાહ્મણને તો નિષેધ છે તે કરે છે સહુ અહીંય. ૨૨૧

પંચાયતનની પૂજા આડું ટીલું ને રુદ્રાક્ષ,
બ્રાહ્મણને એ કહ્યું છે, શાસ્ત્ર છે એની સાક્ષ. ૨૨૨
કહ્યું તે કરે નહિ એ અધર્મ છે એ મૂલ,
એથી મેહ વરસે નહિ ને પ્રજા પામે દુઃખ. ૨૨૩
અનિષ્ટ પૃથ્વીપતિયને હોએ તેહનો મર્મ,
માટે માલા તિલક મેલી પ્રવર્તાવો ધર્મ. ૨૨૪''

આ પ્રમાણે સંન્યાસીની નિરપેક્ષપણાની અને ફક્ત ધર્મની ખાતર જ માલા ઉતરાવવાની તથા ઊર્ધ્વપુંડ તિલક ન કરવાની માગણી સાંભળી આ ભોળો પાદશાહ એ દુષ્ટનું કપટ સમજી શક્યો નહિ અને તેથી એની સર્વ હકીકત સાચી માની એણે પોતાના રાજ્યના સઘળા દેશોમાં હુકમ લખી મોકલ્યો કે મારી તમામ રૈયતે તુલસીની માલા પહેરવી નહિ તથા ઊર્ધ્વપુંડ્ર (ઊભું તિલક) કરવું નહિ. આવો હુકમ કરી જહાંગીર ગુજરાત ગયો.

જહાંગીરના આ હૂકમની વાત જોતજોતામાં રાજ્યના સર્વ ભાગમાં ફેલાઈ ગઈ અને આસફખાન નામના જહાંગીરના એક મંત્રીએ શ્રીજીને પણ આ હુકમની ખબર લખી મોકલી, પણ એના પ્રત્યુત્તરમાં શ્રીજી તદ્દન મૂંગા જ રહ્યા.

માલા ઉતરાવવા ચિદ્રૂપનો ઉજ્જેનમાં ત્રાસ :

મૂળ તો જીવ અસુર અને એમાં જહાંગીર જેવા દેશાધિપતિએ માન આપ્યું તેથી કારેલી જેમ લીંબડે ચડે અને વાનર મધુપાન કરે તેમ એ સંન્યાસી ઉન્મત્ત થઈ સર્વ લોકોને અતિશય ત્રાસ આપવા લાગ્યો. ઉજ્જેનમાં એણે સર્વ લોકોની તુલસીની માલા ઉતરાવી, પરંતુ ઔદીચ્ય જ્ઞાતિના ત્રીકમ ભટ્ટ તથા દેવાભાઈ સરાણિયા, જે બે ખરા વૈષ્ણવ હતા, તેમણે માલા ઉતારી નહિ.

દેવાભાઈની કસોટી :

દેવાભાઈ સરાણિયાને વખતોવખત કામ પ્રસંગે ચિદ્રૂપની ગુફા પાસે થઈને આવ-જા કરવી પડતી અને એ સમયે જોકે ઘણી વખત એ ચિદ્રૂપને જોતા, પણ કદાપિ એને નમતા નહિ તેથી ચિદ્રૂપ ક્રોધે ભરાયો અને એક દિવસ લાગ જોઈ એણે દેવાભાઈને બોલાવ્યા તથા એમને પૂછ્યું કે તું કોણ છે ? એના ઉત્તરમાં એમણે કહ્યું કે હું જ્ઞાતે સરાણિયો છું. એ પરથી ચિદ્રૂપે એને પૂછ્યું કે શું તું વૈષ્ણવ છે માટે માલા પહેરે છે ? ત્યારે દેવાભાઈએ કહ્યું કે હા, હું શ્રીગુસાંઈજીનો સેવક છું. આ સાંભળતાં જ ચિદ્રૂપને અતિશય ક્રોધ ચડ્યો અને એ બોલ્યો કે,

''આ જુઓ, ભાઈ, આ જુઓ, ભાઈ, ક્યાંહાં કહ્યું છે આમ,
સરાણિયા, વાલંદ, મોચીને તે કેવું નામ. ૨૩૮
આ અનીતિ ક્યહું દીઠી છે, એમ કહીય બોલ્યો ગાળ,
ઉતાર રે માળા અલ્યા, તાહારે શી એ માલ. ૨૩૯''

એ સાંભળી દેવાભાઈ પણ ગુસ્સે થયા અને પોતાના પ્રાણ કરતાં પણ માર્ગને

વધારે ગણી નીડરપણે એમણે એ સંન્યાસીને કહ્યું કે,

"માલા માથા સાથે છે તે ઊતરાવે કેમ ?
માલા સામો જોઈ શકે એવો કોણ છે કહ્યું એમ. ૨૪૧"

દેવાભાઈનો આવો તિરસ્કારયુક્ત અને નીડર ઉત્તર સાંભળી ચિદ્રૂપે જાણ્યું કે હવે મારું બળ કાંઈ ચાલશે નહિ, ત્યારે એણે એ ગામના હાકેમ મહમદ તકીને બોલાવી મગાવ્યો અને એને કહ્યું કે જો, જહાંગીર બાદશાહના હુકમને તાબે થઈ અત્રેના લગભગ સર્વ લોકોએ માલા ઉતારી છે, પરંતુ દેવાભાઈ નામનો એક સરાણિયો છે એ ઉતારતો નથી માટે તમારે એને તાકીદ કરવી જોઈએ, કારણ કે બાદશાહને જો આ વાતની ખબર પહોંચશે તો તમારે એનો જવાબ આપવો કઠણ થઈ પડશે.

બાદશાહના માનીતા ચિદ્રૂપ સંન્યાસીનું આ કહેવું સાંભળી મહમદ તકી તો ઘણો જ ગભરાયો અને તેથી એણે એકદમ દેવાભાઈને બોલાવી મગાવી માલા ઉતારવાની આજ્ઞા કરી, પણ દેવાભાઈએ પ્રથમની માફક જ જવાબ આપી કહ્યું કે

"માલા કેમ ઉતારિયે જે આપી છે જગદીશ,
એ કોણ છે માલા ઉતરાવે, માલા બાંધી શીશ. ૨૪૭
શીશ જે બાંધીય છે તે શીશ સાથે જાય,
પણ હાથે કરી માલા ઉતારું એવું કેમ કરી થાય. ૨૪૮"

આવો ધીર અને અડગ પ્રત્યુત્તર સાંભળીને હાકેમને ઘણો ક્રોધ ચડ્યો અને તેથી એણે પોતાના સિપાઈઓને દેવાભાઈને હાથીના પગ તળે છૂંદી નખાવવાનો હુકમ કર્યો.

"ત્યારે દેવાભાઈએ એમ કહ્યું કાં લગાડો છો વાર ? ૨૫૦"

પ્રભુએ કરેલી દેવાભાઈની રક્ષા :

તેથી મહમદ તકીએ પોતાના મહાવતને હુકમ કર્યો કે એના પર હાથી લઈ જા. આજ્ઞાધીન મહાવતે હાથીને અંકુશ મારી ત્રણ ચાર વખત દેવાભાઈ ઉપર ચલાવવા પ્રયત્ન કર્યો, પણ હાથી એમની પાસે પણ ગયો નહિ. આથી મહમદ તકીનો ગુસ્સો વધ્યો અને એણે પોતાના મહાવતને એકદમ બીજો હાથી લાવવા હુકમ કર્યો. જોત જોતામાં ત્યાં એક બીજો મદગળતો હાથી લાવવામાં આવ્યો. આવા મદગળતા માતંગ પાસે પ્રાણ બચવાની કોણ આશા રાખી શકે ? પણ જેને "પ્રભુ રાખે તેને કોણ ચાખે ?" એ પરમ કૃપાલુ પર પૂર્ણ ભરોંસો રાખનાર કોણ નિષ્ફળ થયું છે ? ખરેખર આવો પૂર્ણ વિશ્વાસ રાખવો એ જ કઠણ છે, નહિતો સર્વ વ્યાપક પ્રભુને સ્વજનોને મદદ આપવા માટે ક્યારે વિલંબ થયો છે ? મહાવતને હુકમ મળતાં એણે એ મદોન્મત હાથીને દેવાભાઈ પર ચલાવવા એના કુંભસ્થળમાં જોરથી અંકુશનો પ્રહાર કર્યો, પરંતુ નિશ્ચિંત અને નિર્ભયતાથી ઊભા રહેલા

"તે દેવાભાઈને જોઈને નાહાઠો ને પાડી ચીસ. ૨૫૩"

હાથીના નાસવાથી આસપાસ ઊભા રહેલા ઘણા લોકો ચગદાઈ ગયા. એ

જોઈને હાકેમ ઘણો ગભરાયો અને બોલ્યો કે એની માલાનો જે ધણી છે તે સાક્ષાત્ પરમેશ્વર જ છે તેથી એ માલા ઉતારશે નહિ અને જો બાદશાહ મને એ વિશે પૂછશે તો હું એનો જવાબ આપીશ, એવું કહી એણે ચિદ્રૂપને સાધુજનોને નાહક સતાવવા માટે ઘણી ગાળો દીધી અને દેવાભાઈની ઉપર પ્રસન્ન થઈ એમને ઇનામ તરીકે એક પામરી આપી.

બ્રાહ્મણોની ઉશ્કેરણી :

આ પ્રમાણે અહીં ઇચ્છા-સામર્થ્યથી ભક્તજનની રક્ષા કરી શ્રીજીએ સ્વજનોને સૂચવ્યું કે ધર્મની ટેક રાખનારની હું સદા સર્વદા રક્ષા કરું છું. એ દ્વારા માર્ગનો પ્રભાવ પ્રગટ કર્યો તોપણ એ દુષ્ટ સંન્યાસી સમજ્યો નહિ. વળી વૈષ્ણવો તરફ યજમાન-વૃત્તિ પર આજીવિકા કરનાર કેટલાક બ્રાહ્મણો પણ દ્વેષ કરતા હતા.

''પ્રથમ બ્રાહ્મણ મળી પુકાર્યા હતા એની પાસ,
જે વૈષ્ણવ તો કાંઈ કરે નહિ, ગઈ વૃત્ત્ય અમારી આશ. ૨૬૪
ગ્રહશાંત હોમ ને વાર પર્વ ને નહિ શિવરાત;
શ્રાદ્ધ સંવત્સરી કરે નહિ કરે નહિ નવરાત. ૨૬૫
એ કેહને માને નહિ, દેવને પૂજે નહિય,
છોકરાં જીવે હમ તણાં એવું કરો તમો અહીંય. ૨૬૬''

આવું કહીને બ્રાહ્મણોએ પણ ચિદ્રૂપને ઉશ્કેર્યો હતો.

ત્રીકમભાઈ :

એવામાં એવો બનાવ બન્યો કે શ્રીદ્વારકેશજીના સેવક ત્રીકમભાઈએ શરદ પૂનમના ઉત્સવ નિમિત્તે સેવ્ય પ્રભુને ક્ષિપ્રા નદી પર પધરાવ્યા અને ત્યાં પોતાના સમાજ-સહિત ભજન કીર્તન કર્યા એમાં ચિદ્રૂપની ભાણેજ ગઈ હતી, આથી એ ઘણો ચિડાયો અને તેથી એણે ત્રીકમભાઈને બોલાવી કહ્યું કે આવું શા માટે કરે છે ? ત્યારે

''તાહારે શું ? ભલે કરું છું, એહ બોલ્યો એમ. ૨૭૧''

એ સાંભળી સંન્યાસી ગુસ્સે થયો અને કહ્યું કે

''હું તો, જો, માલા તાહરી ઉતરાવું તતકાલ,
અને જે બલે તું પહેરે છે તેની ઉતરાવું માલ. ૨૭૩''

એવું કહી ત્રીકમ ભટ્ટને રાજદ્વારે બોલાવ્યા અને ત્યાં એમને બહું દુઃખ દીધું. આ સર્વ સમાચાર વૈષ્ણવોએ શ્રીજીને લખી મોકલ્યા. એ વાંચી શ્રીજી બોલ્યા કે ''વહ ઝખ મારત હે.''

બાદશાહની શ્રીજી સાથે સીકરીની મુલાકાત :

એ પછી સંવત ૧૬૭૫ ના ફાગણ માસમાં જહાંગીર ગુજરાતથી આગ્રે પાછો ફર્યો. જહાંગીરનો પિતા મહાન અકબર શ્રીગોકુલનાથજીના પિતા શ્રીવિઠ્ઠલનાથજી

અથવા શ્રીગુસાંઈજીની સાથે સારો સંબધ રાખતો હતો. એણે શ્રીગુસાંઈજીને શ્રીગોકુલ ગામ ત્રાંબાપત્રે લખી ભેટ કરી આપ્યું હતું અને હજુ પણ શ્રીગુસાંઈજીના વંશજ શ્રીગોકુલની પેદાશ વસૂલ કરે છે. શ્રીગુસાંઈજી બાદશાહના માન- અર્થે જ્યારે જ્યારે બાદશાહ આગ્રે આવતો ત્યારે એને મળવા જતા અને શ્રીજીએ પણ બાદશાહને મળવા જવાનો પિતાનો આ રિવાજ ચાલુ રાખ્યો હતો, તેથી ગુજરાતથી પાછા ફરતાં જ્યારે જહાંગીરનો મુકામ સીકરી આવ્યો ત્યારે એને આશીર્વાદ આપવાને શ્રીજી સીકરી પધાર્યા. એ વખતે શ્રીજીનું પોતાની તરફનું વર્તન જોઈ જહાંગીરને ચિદ્રૂપને આપેલા વચન માટે સંકોચ થયો. એ સમજ્યો કે પાખંડ-વશથી પોતે વચન આપ્યું છે. મનમાં ધર્મનો મર્મ સમજ્યો ને જાણ્યું કે સંન્યાસીનું કહેવું અસત્ય છે છતાં પોતાનું આપેલું વચન મિથ્યા કરવું એ જહાંગીરને યોગ્ય લાગ્યું નહિ તેથી આશીર્વાદ દીધા પછી એણે શ્રીજીને કહ્યું કે મારે તમારી સાથે એકાંતમાં કાંઈક વાત કરવાનો વિચાર છે. શ્રીજી પોતે તરત જ બાદશાહનો ગૂઢ આશય સમજી ગયા અને પ્રસ્તાવનામાં પોતે પ્રવીણ હોવાથી બાદશાહને કહ્યું કે આપની નજરમાં આવે ત્યારે વાત સાંભળવા હું તૈયાર છું. એટલું કહી જહાંગીરની રજા માગી શ્રીજી ત્યાંથી શ્રીગોકુલ પધાર્યા.

૩. ચિદ્રૂપ અને શ્રીગોકુલેશજીની મુલાકાત તથા એમણે કરેલો માલાતિલકનો શાસ્ત્રાર્થ

બાદશાહનું કાશ્મીરનું પ્રયાણ :

ત્યાંથી બાદશાહ આગ્રે જઈ ત્યાં થોડા દિવસ રહ્યો. પછી એણે કાશ્મીર જવાનો વિચાર કર્યો. પ્રયાણનું મુહૂર્ત નક્કી થતાં સર્વત્ર વાત ફેલાઈ. ચિદ્રૂપને આ વાતની ખબર પડતાં એણે વિચાર કર્યો કે બાદશાહ કાશ્મીર જાય એ પહેલાં હું મથુરા જાઉં ને રસ્તામાં એને મળી માલાનું નક્કી કરું. આ વિચારથી એ મથુરામાં આવી રહ્યો અને જહાંગીરને મળી સર્વની માલા ઉતરાવવાનો દૃઢસંકલ્પ કર્યો.

‘‘પ્રથમ કો ગોકુલમાં પેહેરે નહિ એહેવું થાય,
તે જોઈ સર્વ ઉતારશે જે છે એહેનો સમુદાય. ૨૮૯’’

એવું ધારી ચિદ્રૂપ મથુરા ગયો એના સમાચાર ઠામે ઠામથી શ્રીજીને મળ્યા અને તેથી શ્રીગોકુલના સર્વ વૈષ્ણવ ઘણા ગભરાયા. એમને શ્રીજીએ કહ્યું કે કાંઈ ચિંતા નહિ. જેણે માર્ગ પ્રકટ કરાવ્યો છે તે એની રક્ષા કરશે.

ચિદ્રૂપની શ્રીજી સાથેની મુલાકાત :

પછી સં ૧૬૭૬ના આશ્વિન શુક્લ ૧૦ મે ચિદ્રૂપ મથુરાની નજીકમાં આવ્યો ત્યારે એક જેતલી શ્યામદાસ નામનો સારસ્વત બ્રાહ્મણ દોડતો દોડતો શ્રીજીની પાસે આવ્યો. એ વખતે શ્રીજી ભોજન કરી પોઢ્યા હતા. એ બિચારાને સ્વરૂપનું જ્ઞાન તથા સ્નેહમાર્ગની ખબર નહિ હોવાથી એણે શ્રીજીને ચોંકીને નિદ્રામાંથી જગાડ્યા ને સર્વ સમાચાર કહ્યા. એ સાંભળી શ્રીજીએ વિચાર્યું કે આપણા ગૃહસ્થના ધર્મ પ્રમાણે સંન્યાસીની સામે જઈ એનો આદરસત્કાર કરવો જોઈએ, તેથી એને ભિક્ષા લેવાનું નિમંત્રણ કરવા જવા વિચાર કર્યો અને ગોપીનાથ ત્રવાડીને સાથે લઈ, પોતે ઘોડેસવાર થઈ શ્રીજી ચિદ્રૂપ જે રસ્તે થઈ મથુરા જતો હતો તે રસ્તે ગયા. દૂરથી ગોપીનાથે ચિદ્રૂપને ઓળખાવ્યો એટલે શ્રીજી ઘોડો ચલાવી એની પાસે ગયા અને એને ઘોડેથી ઊતરી ‘‘નમો નારાયણાય’’ કરી ‘आश्रमोऽयमस्माकम्।’ કહ્યું ત્યારે સાથેના બ્રાહ્મણોએ ચિદ્રૂપને કહ્યું કે આ શ્રીગોકુલનાથજી આપને નમોનારાયણાય કહે છે ત્યારે ચિદ્રૂપે સામા ‘‘નારાયણ નારાયણ’’ કહી મર્મમાં શ્રીજીના શાસ્ત્રીય જ્ઞાનની પરીક્ષાર્થે પૂછ્યું કે અહીંની યાત્રાએ જે આવે છે તે પ્રથમ ક્યાં જાય છે ? એના જવાબમાં શ્રીજી બોલ્યા કે,

‘‘વિશ્રાંતિ ઘાટે જાએ, મુંડ મુંડાવે નાઉ પાસ,
જન્મ સ્થાને હોય કે ત્યાં કરે તીર્થ ઉપવાસ. ૩૦૭

પાસે શ્રીગોકુલ ગોવર્ધન એ લીલાસ્થળ સંપન્ન,
સર્વત્ર સબ કોઉ જાત હેં ઉહાં કરનકું દરસન. ૩૦૮''

પછી એણે શ્રીજીને કહ્યું કે શું તમે અહીં ગોકુળમાં રહો છો ? એની શ્રીજીએ હા કહી ત્યારે એ બોલ્યો કે,

''ભલું ભલું, તમો ભલા છો, શ્રેષ્ઠ છે સર્વ સમાજ,
શ્રીજીએ કહ્યું ભિક્ષાકૂં આવો અમારે ઘેર આજ. ૩૧૦।
ભિક્ષા તો મેં કરી છે, ને જાવું કેશવરાય,
ઘર જોવા આવત તમારાં, અતિકાળ હવડાં થાય. ૩૧૧
માટે આજ તો આવું નહિ અને ચાલાશો તમો મ કેમ,
અસવાર થઈ ને સાથ આવો, તેહ બોલ્યો એમ. ૩૧૨''

આ સાંભળી શ્રીજીએ કહ્યું કે અમારો તો અત્રે મુકામ છે તો અમારે તમારી સાથે આવવાનું શું પ્રયોજન ? તમે મારે ઘેર તો આવતા નથી એટલે હું તો વિદાય જ થાઉં છું. ગૃહસ્થના ધર્મ પ્રમાણે હું, તમે સંન્યાસી છો, એટલે તમારો આદરસત્કાર કરવા આવ્યો છું અને સંન્યાસી તરીકે તમારો પણ ધર્મ છે કે ગૃહસ્થને ત્યાં ભિક્ષાર્થે જવું જોઈએ, પછી તો તમારી મરજી, એમ કહી શ્રીજી ઘોડેસવાર થયા અને ચિદ્રૂપની સાથે વીસેક પગલાં ચાલ્યા. એ દરમ્યાન એણે શ્રીજીને કેટલાક સૂચક પ્રશ્ન પૂછી, ભૂલ ખવડાવી શાસ્ત્રવિરુદ્ધ બોલે તો પકડવા પ્રયત્ન કર્યો, પણ એ બિચારા અજ્ઞાનના ગાઢ અંધકારમાં ગોથાં ખાતા અને સંન્યાસીનાં વેશ તથા નામને પોતાનાં કૃત્યોથી લજાવતા મૂર્ખ-શિરોમણિને ક્યાં ખબર હતી કે જેને એ પ્રશ્ન પૂછે છે તે તો સકલ શાસ્ત્રના જ્ઞાતા, કર્તા તેમ કારણ છે.

ચિદ્રૂપનો સૂર્યકુંડ પર મુકામ :

છેવટે પોતાના સઘળા પ્રશ્નોનો સ્પષ્ટ ઉત્તર સાંભળી એનો દ્વેષ તો વધ્યો, પણ પ્રતાપ-બળથી મોઢે કાંઈ પણ કહી શકાયું નહિ. પછી મથુરા જઈ સૂર્યકુંડ ઉપર એણે મુકામ કર્યો. ત્યાં મથુરા તથા વૃંદાવનના સ્વામીઓ, બ્રાહ્મણો તથા ચોધરીઓ મળવા આવ્યા એમના સર્વના કંઠમાં માલા જોઈ તેમણે પૂછ્યું કે,

ચિદ્રૂપનો બોધ :

''માલા તમો તુલસીયની પહેરો છો તે કેમ. ૩૨૮
એહ ઉતારીય ને રુદ્રાક્ષ પહેરો માલ,
તુલસીની પહેરો રખે, આગ્યા નથી મહીપાલ. ૩૨૯
ઉઠો જાઓ ઉતારો, એમ કહી બોલ્યો રીસ,
પોતાને ધર્મ રહો, કરશે ભલું જગદીશ. ૩૩૦
સાંભળ્યું અણસાંભળ્યું કરી ઉઠીને આવ્યા ઘેર,
તેહો સાથે બોલી શક્યા નહિ કો થઈ એહવી પેર. ૩૩૧''

આ પ્રમાણે ચિદ્રૂપે એ સર્વને માલા ઉતારવાનું કહ્યું, પણ કોઈથી એનો ઉત્તર આપી શકાયો નહિ. એને જોઈને જ સર્વને ત્રાસ થયો તો પછી ઉત્તર તે શી રીતે આપે ?

પ્રથમ પ્રસંગ :

ત્યાર પછી સૂર્યકુંડ ઉપર પોતાને માટે ચિદ્રૂપે એક ગુફા તૈયાર કરાવી એમાં એ રહેવા લાગ્યો અને સર્વ સંત મહંત એને મળવા જવા લાગ્યા. કોઈ કોઈ વખતે શ્રીજી પણ વૈષ્ણવોને સાથે લઈ એને ત્યાં જતા. અન્ય સર્વ જે કોઈ આવતાં તે સંન્યાસીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરતાં, પણ શ્રીજી તો ફક્ત ''નમો નારાયણાય'' કહી પોતાનું આસન લેતા એની સંન્યાસી મનમાં ખુનસ રાખ્યા કરે, પણ પ્રતાપબળથી કાંઈ બોલી શકાતું નહિ. છેવટે એક વખતે શ્રીજી પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રીગિરિધરજી સાથે ત્યાં પધાર્યા અને '' નમો નારાયણાય'' કહી ત્યાં ચિદ્રૂપની પાસે બેઠા એટલે વઢવાના બહાનાથી એણે કહ્યું કે

''ભલા બ્રાહ્મણ છો તમે અને ગૃહસ્થ મોટા ઘણુંય,
પંચાયતન પૂજતા નથી એ કારણ શું તે તણુંય. ૩૩૯
પંચાયતન પૂજન અને રુદ્રાક્ષની જે માલ,
ગૃહસ્થને તો કહી છે એ રાખવી સહુ કાલ. ૩૪૦
તુલસી તો સંસ્કાર અડતાલીસમાં ક્યાંઈ નહીંય,
જે તમો પહેરો છો પોતે એ લખી છે કહીંય. ૩૪૧''

તુલસીકાષ્ઠમાલાની ઉત્કૃષ્ટતા અને ચિદ્રૂપ સાથે શાસ્ત્રાર્થ :

ત્યારે શ્રીજીએ પોતાનો સમય જોઈ તુલસીમાલા ધારણ કરવા માટેનાં નીચે પ્રમાણે શાસ્ત્રોનાં પ્રમાણ આપ્યાં.

ગરુડપુરાણમાં કહ્યું છે કે

तुलसीं प्राप्य यो नित्यं न करोति ममार्चनम्
तस्याहमनुगृह्णामि न पूजां शतवार्षिकीम् ॥

અર્થ : (ભગવાન કહે છે કે) જે માણસને નિત્ય તુલસી પ્રાપ્ત થઈ શકતી હોય અને એ તુલસી વડે જો એ મારું પૂજન ન [illegible] તો હું એની બીજી રીતે કરેલી સો વર્ષની પૂજા પણ ગ્રહણ ન કરું.

વળી સ્કંદપુરાણમાં કહ્યું છે કે

न वैष्णवसमं पात्रं न दानं सुरभीसमम् ।
न कालिन्दीसमं तीर्थं न पत्रं तुलसीसमम् ॥

અર્થ : વૈષ્ણવના જેવું બીજું કોઈ ઉત્તમ પાત્ર નથી અને ગોદાન જેવું બીજું કોઈ દાન નથી, કાલિંદી સમાન બીજું કોઈ તીર્થ નથી તથા તુલસી સમાન અન્ય કોઈ પત્ર નથી.

વળી પદ્મપુરાણમાં કહ્યું છે કે

मणिकाञ्चनपुष्पाणि तथा मुक्ताफलानि च ।
तुलसीपत्रदानस्य कलां नार्हन्ति षोडशीम् ॥

અર્થ : મણિ, સોનું, પુષ્પ તથા મોતી વગેરે જે ભગવાનને અર્પણ કરવામાં આવે છે તેનું ફળ જે તુલસી પત્ર એમને અર્પણ કરવામાં આવે છે તેના ફળના

સોળમા ભાગ જેટલું પણ નથી.

વળી પ્રહ્લાદસંહિતામાં વાક્ય છે કે

भक्त्यैव स्वगले मालां तुलसीकाष्ठसंभवाम् ।
वहते यो नरः भक्त्या तस्य नैवास्ति पातकम् ॥

અર્થ : જે પુરુષ ભગવાનની પ્રસાદી તુલસી કાષ્ઠની માલા ભક્તિપૂર્વક કંઠમાં પહેરે છે તેના શરીરમાં પાપ રહેતું નથી.

વળી સ્કંદપુરાણમાં કહ્યું છે કે

तुलसीकाष्ठमालां तु प्रेतराजस्य दूतकाः ।
दृष्ट्वा नश्यन्ति दूरेण वातोद्भूतं यथा रजः ॥

અર્થ : તુલસીકાષ્ઠની માલા જોઈને યમરાજાના દૂતો દૂરથી જ, જેમ વાયુથી રજ ઊડી જાય છે તેમ, નાસી જાય છે.

તથા એ જ પુરાણનું બીજું વાક્ય છે કે

तुलसीदलजां मालां ममोत्तीर्णां वहेत् तु यः
पत्रे पत्रेऽश्वमेधानां दशानां लभते फलम् ॥

અર્થ : તુલસીપત્રની મારી ઊતરેલી પ્રસાદી માલા જે કોઈ પહેરે છે તેને પાંદડે પાંદડે નિત્ય દશ અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે.

વળી પદ્મપુરાણમાં કહ્યું છે કે

ये कण्ठलग्नतुलसीनलिनाक्षमाला
ये बाहुमूलपरिशोभितशङ्खचक्राः ।
ये वा ललाटफलके लसदूर्ध्वपुण्ड्रा-
स्ते वैष्णवा भुवनमाशु पवित्रयन्ति ॥
त्रये वेदास्त्रयो देवास्तिस्त्रः संध्यास्त्रयोऽग्नयः
तुलसीकाष्ठधृग्विप्रं सदा कुर्वन्ति मङ्गलम् ॥

અર્થ : જેના કંઠમાં તુલસીની માલા તથા કમળકાકડીની માલા છે, જેના બાહુનાં મૂળ, શંખ તથા ચક્રથી શોભિત છે અને જેના લલાટને વિશે ઊભું તિલક છે તે વૈષ્ણવો પૃથ્વીને પવિત્ર કરે છે. ત્રણ વેદ, ત્રણ દેવ, ત્રણ કાળની સંધ્યા તથા ત્રણ પ્રકારનો અગ્નિ એ સર્વે જે બ્રાહ્મણે તુલસીકાષ્ઠની માલા ધારણ કરેલી હોય છે તેનું સદા મંગલ કરે છે.

વળી સ્કંદપુરાણના માર્ગશીર્ષમાહાત્મ્યમાં કહ્યું છે કે

तुलसीकाष्ठमालाभिर्भूषितः पुण्यमाचरेत् ।
पितणां देवतानां च पुण्यं कोटिगुणं कलौ ॥

અર્થઃ- કલિયુગમાં તુલસીની માળા પહેરીને જો પિતૃકાર્ય તથા દેવકાર્ય કરે તો એને કરોડગણું ફળ મળે છે તથા

धारयन्ति न ये मालां हैतुकाः पापबुद्धयः ।
नरकान्न निवर्तन्ते दग्धाः कोपाग्निना हरेः ॥

અર્થ : જે પુરુષો પાપબુદ્ધિથી તુલસીની માલા પહેરતા નથી તેઓનો નરકમાંથી છૂટકો થતો નથી અને હરિના કોપરૂપી અગ્નિમાં એઓ બળ્યા કરે છે.

બ્રહ્મવૈવર્તપુરાણના પ્રકૃતિખંડના ૧૯ મા અધ્યાયમાં કહ્યું છે કે

तुलसीकाष्ठनिर्माणमालां गृह्णाति यो नरः।
पदे पदेऽश्वमेधस्य लभते निश्चितं फलम् ॥

અર્થઃ- તુલસીકાષ્ઠની બનાવેલી માલા જે પુરુષ પહેરે છે તેને ચાલતાં એક એક ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ નિશ્ચય મળે છે.

વળી ગરુડપુરાણમાં કહ્યું છે કે

कृष्णायुधाङ्कितं विप्रं तुलसीकाष्ठभूषितम् ।
दृष्ट्वा निन्दापरो यस्तु स बौद्धो न तु वैष्णवः॥
तुलसीकाष्ठमालोक्य कण्ठे वा मस्तके करे ।
निन्दां कुर्वन्ति ये मूढा म्लेच्छजास्ते न संशयः॥

અર્થ : જે બ્રાહ્મણે શ્રીકૃષ્ણનાં આયુધ (શંખ. ચક્ર ગદા, પદ્મ) ધારણ કર્યાં હોય તથા જે તુલસીકાષ્ઠથી શોભિત હોય તેને જોઈને એની જે નિન્દા કરે છે તેને બૌદ્ધ જાણવો, પણ વૈષ્ણવ ન જાણવો. કંઠ, મસ્તક, અથવા હાથને વિશે તુલસીકાષ્ઠની માલા જોઈને એ ધારણ કરનારની જે મૂઢ લોકો નિંદા કરે છે તેમને મ્લેચ્છોથી ઉત્પન્ન થયેલા જાણવા, એમાં કાંઈ સંશય નથી.

આવી રીતે તુલસીમાલા ધારણ કરવા માટેનાં અને ઊર્ધ્વપુંડ્ર (ઊભું તિલક) તથા શંખ ચક્રાદિ છાપાં કરવા ઉપર પુરાણોનાં અનેક પ્રમાણો આપ્યા પછી શ્રીજીએ એ ઉપરની કેટલીક વેદની શ્રુતિઓ જે પુસ્તક કે ચોપાનિયામાં છાપવાની મના છે તે કહી સંભળાવી. એના પ્રત્યુત્તરમાં ચિદ્રૂપ શિવપુરાણનાં પ્રમાણ આગળ કરી કહેવા લાગ્યો કે,

विभूतिर्यस्य नो भाले नाङ्गे रुद्राक्षधारणम् ।
नापि शिवमयी वाणी तं त्यजेदन्त्यजं तथा ॥

અર્થ : જેણે કપાળમાં ભસ્મ ધારણ કરી નથી, અંગમાં રુદ્રાક્ષની માલા ધારણ નથી તથા જેની વાણીમાં ''શિવ શિવ'' એવું નામ નથી તેને ચાંડાળની માફક તજી દેવો જોઈએ.

ત્યારે શ્રીજીએ કહ્યું કે એ વચનો શિવદીક્ષાવાળાને માટે છે, કારણ કે જેને શિવની ઉપાસના કરીને શિવજીને પ્રાપ્ત થવું હોય તે જ પુરુષને એ દેવતાનાં ચિહ્ન ધારણ કરવાની જરૂર છે, કેમકે એ ચિહ્ન એ દેવતાની પ્રસન્નતા મેળવવાનાં સાધન છે. રુદ્રાક્ષ તથા ભસ્મ અને ત્રિપુંડ્ર ધારણ કરનારને માટે શિવપુરાણમાં જ શિવની પ્રાપ્તિ કહેલી છે. શિવપુરાણમાં શિવ અને કાર્તિક સ્વામીના સંવાદમાં કહ્યું છે કે

शिखायां बाहुकण्ठे च कर्णयोश्चापि यो नरः।
रुद्राक्षं धारयेद् भक्त्या शैवलोकमवाप्नुयात् ॥

અર્થ : કેશના અંબોડામાં, બાહુમાં, કંઠમાં તથા કાનમાં જે પુરુષ ભક્તિથી રુદ્રાક્ષ ધારણ કરે છે તેને શિવલોકની પ્રાપ્તિ થાય છે.

આવી રીતે જોકે રુદ્રાક્ષ ધારણ કરવાથી શિવલોકની પ્રાપ્તિ થાય છે તોપણ એનાથી ભગવાનના ધામની પ્રાપ્તિ થવાનું કહ્યું નથી. સર્વ પુરાણોમાં વૈષ્ણવને ભસ્મ, ત્રિપુંડ્ર તથા રુદ્રાક્ષ ધારણ કરવાનો દોષ કહેલો છે, પરંતુ કોઈ પણ પુરાણમાં શંખ ચક્રાદિ છાપાં, ઊભું તિલક તથા તુલસીની માલા ધારણ કરવાનો દોષ બતાવ્યો નથી. તમારા શિવપુરાણમાં પણ એ હોય અને જો તમે અમને એ વચન બતાવશો તો અમે એ માન્ય રાખીશું.

એ પ્રમાણે જ્યારે શ્રીજીએ કહ્યું ત્યારે ચિદ્રૂપ બોલ્યો કે શિવાર્કદીપિકા અને નીલકંઠ ભાષ્યના કર્તા જે તમારા દક્ષિણી છે તેમણે પણ એ ગ્રંથોમાં રુદ્રાક્ષ વિશે કહ્યું છે.

શ્રીજીએ કહ્યું એ દક્ષિણી છે એટલે શું થયું ? એનું કહેવું વેદ, ગીતા, ઉપનિષદ, તથા ભાગવતથી ઊલટું છે. એણે એ વાત શાસ્ત્રમર્મ સમજ્યા વિના કહી છે. એણે માયાને જગતની કર્તા માની છે, પરંતુ વેદ તથા ગીતાદિ સર્વ શાસ્ત્રો સર્વના મૂળરૂપ અને કર્તા પરબ્રહ્મને ગણે છે. આવા લોકોના મતને શ્રીમાન વેદવ્યાસજીએ પાખંડીમાં ગણ્યો છે, તો એવા પાખંડ મતનો અમે શા માટે સ્વીકાર કરીએ ? વળી પંચાયતનપૂજા સર્વ લોકોએ કરવી એ વિધિ શાસ્ત્રમાં ક્યાં છે એ તમે અમને બતાવો. એવું કોઈ ઠેકાણે છે જ નહિ. વળી એનાથી ઊલટું શ્રીમદ્ભાગવત સપ્તમ સ્કંધમાં નારદજીએ એક હરિનું જ પૂજન કરવું મુખ્ય કહ્યું છે :

यथा तरोर्मूलनिसिञ्चनेन तृप्यन्ति तत्स्कन्धभुजोपशाखाः
प्राणोपहाराश्च यथैन्द्रियाणां तथैव सर्वार्हणमाप्नुवन्ति ॥

અર્થ : વૃક્ષના મૂળને પાણીનું સિંચન કરવાથી જેમ એનાં થડ, ડાળાં, પાંદડાં, તૃપ્ત થાય છે તથા જેમ પ્રાણને આહાર આપવાથી ઈંદ્રિયોને પોષણ મળે છે તેવી રીતે અચ્યુત ભગવાનનું સેવન કરવાથી સર્વ દેવતા (જે એમની વિભૂતિઓ છે)નું પૂજન થઈ જાય છે.

જો આવી રીતે એક શ્રીહરિના સેવનથી સર્વ દેવોને સંતોષી શકાતું હોય તો પછી એ એક જ હરિની સેવા છોડી પંચાયતનપૂજામાં કહ્યું છે એમ શિવ, ગણપતિ, દેવી, વિષ્ણુ અને સૂર્ય એ પાંચ દેવતાઓનું પૂજન શા માટે કરવું જોઈએ ? દેવતાઓના આવા પૂજનને તો શ્રીગીતાજીમાં ભગવાને અવિધિપૂર્વક પૂજન કહ્યું છે

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥

(ગીતા અ. ૯. ૨૩)

અર્થ : હે કૌન્તેય ! જે અન્ય દેવોના ભક્ત છે અને એમનું શ્રદ્ધાપૂર્વક સેવન કરે છે તે પણ અંશ-પરંપરાએ કરી મારું જ સેવન કરે છે, એટલું જ કે એ સેવન વિધિપૂર્વક નથી.

વળી ભગવાન આગળ કહે છે કે,

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥२४॥
यान्ति देवव्रता देवान् पितृन् न्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥२५॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥

(ગીતા અ. ૯)

અર્થ : સર્વ યજ્ઞોનો ભોક્તા અને ફલ દેનાર સ્વામી હું છું, પણ એ પ્રમાણે સર્વ લોકો તત્ત્વથી મને જાણતા નથી તેથી એ અંતવાળા ફળના ભોગથી પાછા પડે છે. (૨૪) અંતઃકરણમાં દેવનો સંકલ્પ કરનારા દેવને પ્રાપ્ત થાય છે, પિતૃનો સંકલ્પ કરનારા પિતૃઓને પ્રાપ્ત થાય છે, ભૂતોનો સંકલ્પ કરનારા ભૂતોને પ્રાપ્ત થાય છે અને મારો સંકલ્પ કરી મારું યજન કરનારા મને પ્રાપ્ત થાય છે. જે મને ભક્તિથી પત્ર, પુષ્પ, ફલ અને જલ જેવી વસ્તુઓ પણ અર્પણ કરે છે તેનું હું સંતોષપૂર્વક ગ્રહણ કરું છું.

આ ઉપરથી સમજાશે કે ભગવાનના કહેવા પ્રમાણે શાસ્ત્રની ખરી વિધિ તો એ જ છે કે સાચી ભક્તિથી પરબ્રહ્મ હરિનું સાક્ષાત્ સેવન કરવું જોઈએ અને એ થાય તો અન્ય દેવતાઓના પૂજનની જરૂર જ નથી, એટલું જ નહિ, એમ કરવાથી તો અવિધિપૂર્વક પૂજન થાય છે અને એ જ કારણથી અન્ય દેવોના ઉપાસકોને પંચાયતનપૂજા કરવાનો વિધિ છે, પરંતુ ભગવાનના ભક્તોને તો શાસ્ત્રમાં એ વિધિનો નિષેધ કરેલો છે.

પછી એ ઉપર શ્રીજીએ કેટલાંક વેદનાં વચન કહી સંભળાવ્યાં અને સંન્યાસીથી એનો એક પણ ઉત્તર આપી શકાયો નહિ તેથી એ મૂંગો જ રહ્યો. છેવટે વાદમાં ઘણો સમય થઈ જવાથી શ્રીજી એ દિવસે પોતાના મુકામે પાછા પધાર્યા, પણ સંન્યાસીથી માલા ઉતારવાના સંબંધમાં એમને એક પણ વર્ણ કહી શકાયો નહિ.

વળી ફરીથી કેટલેક દિવસે શ્રીગિરિધરજી તથા શ્રીજી સંન્યાસીને ત્યાં પધાર્યા હતા. એ સમયે લાગ જોઈ સંન્યાસી બોલ્યા કે બ્રાહ્મણે તો સદા અગ્નિહોત્ર કરવું જોઈએ, પણ શ્રીગિરિધરજીએ અગ્નિહોત્ર મૂકી દીધું છે એનું શું કારણ ? સંન્યાસીના આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજી બોલ્યા કે શ્રીમદ્ભાગવત સપ્તમ સ્કંધમાં કહ્યુ છે કે

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।

અર્થ :- પોતાની શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું અને વિધર્મથી દૂર રહેવું.

તેથી કર્મમાર્ગથી આપણાથી બની શકે એટલું કરવું. જે ન બની શકે તેને માટે દોષ લાગતો નથી. આ ઉત્તર સાંભળી સંન્યાસી ચૂપ થઈ ગયો.

વળી બીજે કોઈક દિવસે લાગ મળતા ચિદ્રૂપે શ્રીજીને તૃતીય પ્રસંગે કહ્યું કે

''નામ આપીને તેહ કને તમે કરાવો છો કાજ,
એ ઉચિત નથી કરતા તમો તમને કહું છું આજ. ૩૫૩''

તમે સ્ત્રી શૂદ્રોને પણ ભગવાનની દીક્ષા આપીને તુલસીની માળા પહેરાવો છો તથા એમની પાસે તમારા ઘરનું પાણી ભરાવો છો અને બીજું કામકાજ કરાવો છો એ ઠીક કરતા નથી. ત્યારે શ્રીજીએ પ્રત્યુત્તરમાં કહ્યું કે શંખ સ્મૃતિના પ્રથમ અધ્યાયમાં લખ્યુ છે કે

ब्राह्मणः क्षत्रियो वैश्यस्त्रयो वर्णा द्विजातयः ।

અર્થ : બ્રાહ્મણ, ક્ષત્રિય અને **વૈશ્ય** (વાણિયા અને પાટીદાર) એ ત્રણ વર્ણને દ્વિજની સંજ્ઞા છે.

તેથી વાણિયા, કણબી કે ક્ષત્રિય એ કાંઈ શૂદ્ર નથી, શૂદ્ર તો મોચી, ઘાંચી, સરાણિયા, માછી, ખારવા વગેરે છે. એવા લોકો પાસે અમે ઘરનું કામ કરાવતા નથી અને ક્ષત્રિય તથા વૈશ્યને દીક્ષા આપીને પછી એની પાસે ઘરનું કામકાજ કરાવીએ છીએ. એ સંબંધમાં શ્રીમદ્‌ભાગવતના દ્વાદશ સ્કંધમાં કહ્યું છે કે,

दिक्षासंस्कारमात्मनः ।

અર્થ : દીક્ષામંત્રથી દેહને બીજો સંસ્કાર થાય છે.

બ્રાહ્મણના છોકરાને ગાયત્રી મંત્રનો સંસ્કાર થવાથી જેમ એને વૈદિક કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેમ ભગવાનના નામની દીક્ષા મળ્યા પછી એને ભગવાનનું સેવન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે અને એને ‘વૈષ્ણવ’ એવી સંજ્ઞા અપાય છે. આવા વૈષ્ણવોને માટે ગીતાજીના નવમા અધ્યાયમાં ભક્તિયોગનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितो हि सः ॥३०॥
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥३१॥
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।

અર્થ : જે મારું અનન્યપણે ભજન કરે છે તે કદાચિત્ દુરાચારી હોય તોપણ એને સાધુ પુરુષ જાણવો તથા એ સારા માર્ગમાં છે એમ જાણવું. (૩૦) હે પાર્થ ! મારો આશ્રય કરીને રહેનાર જો કે પાપયોનિમાં જન્મ્યો હોય છે (જેમકે પૂતના જેવી સ્ત્રીઓ, તુલાધારાદિક વૈશ્યો તથા વિદુરાદિક શૂદ્રો) તોપણ એઓ પરમ ગતિને પ્રાપ્ત થાય છે. (૩૨) જ્યારે એવા સાધનના અધિકાર વિનાના પણ પરમગતિ પ્રાપ્ત કરી શકે છે તો વેદોક્ત જેને સિદ્ધ છે એવા પુણ્યશાળી બ્રાહ્મણો તથા રાજર્ષિ ક્ષત્રિયો મારો આશ્રય કરીને ઉત્તમ ગતિ પામે એમાં તો કહેવું જ શું ?

વળી શ્રીમદ્‌ભાગવતના સપ્તમ સ્કંધમાં કહ્યું છે કે,

“શાસ્ત્રમાં કહેલા બાર ગુણોથી યુક્ત જો બ્રાહ્મણ હોય, પણ જો એ ભગવાનથી વિમુખ હોય તો એવા બ્રાહ્મણ કરતાં ભગવાનની ભક્તિ કરનાર ચાંડાલ પણ શ્રેષ્ઠ છે.”

શ્રીજીનો સંન્યાસીને છેલ્લો ઉત્તર :

એ પ્રમાણે શાસ્ત્રમાં જે વિધિ કહ્યો છે તે પ્રમાણે પોતાથી બને એ સર્વેએ કરવું જોઈએ અને જે કરવાનો નિષેધ કરેલો છે તે તો સર્વથા કરવું નહિ. શ્રીજીએ જ્યારે આ પ્રમાણે સર્વ શાસ્ત્રોના પ્રમાણપૂર્વક માલા ધારણ કરવાનો, સ્ત્રી શૂદ્રોને વૈષ્ણવી દીક્ષા આપવાનો વગેરે બાબતનો ચોક્કસ ખુલાસો કર્યો અને સંન્યાસીને જ્યારે ન્યાયસર બોલવાનો કાંઈ રસ્તો રહ્યો નહિ ત્યારે એણે પોતાની બાદશાહના આપેલા વચનની સત્તાનો ઉપયોગ કરવાનો છેલ્લો ઉપાય હાથમાં લીધો અને અભિમાનથી શ્રીજીને કહ્યું કે,

ચિદ્રૂપનો પ્રત્યુતર

''ત્યારે દુષ્ટતાએ ગર્વસું, મહાકુટિલ બોલ્યો એહ,
લખ્યું હું શાને જોઉં, જોનાર જોશે તેહ. ૩૫૭
જો તમારે ગોકુલ માંહે રહ્યાનું હોય કાજ,
તો હું કહું તે કરો અને કહ્યું માનો આજ. ૩૫૮
નહિતો પછી પાદશાહ તો આવે જ છે આ દેશ,
ત્યારે તમે મારું કહ્યું કરશો તે કરી વિશેષ. ૩૫૯
એણે પ્રકારે મર્મજુતસું વચન બોલ્યો અહીંય,
પણ માલાનું શ્રીજી આગલ કહી શક્યો નહિ કહીંય. ૩૬૦
શ્રીજીએ કહ્યું દેશાધિપતિ કાંઈ કરે નહિ અધર્મ,
તેહ જ કરશે ને થાશે જે ઉચિત ધર્મ. ૩૬૧
અને અમને પૂછશે જેણે પ્રકારે અહીંય,
વેદશાસ્ત્ર પ્રમાણે ઉત્તર દેઈશું તે કહીય. ૩૬૨''

ચિદ્રૂપને ત્યાં ન જવા શ્રીગિરિધરજીને જણાવેલો શ્રીજીનો અભિપ્રાય :

આ પ્રમાણે નીડરપણે સંન્યાસીને ઉત્તર આપી શ્રીજી પોતાને ઘેર પધાર્યા. આ બનાવ પછી શ્રીજીએ સંન્યાસીને ત્યાં જવું ઉચિત ધાર્યું નહિ અને તેથી શ્રીગિરિધરજીને સર્વ હકીકતથી વાકેફ કરી જણાવ્યું કે દાદાજી, હવેથી આપણને રોજ એ સંન્યાસીને મળવા જવું હિતકર નથી. ત્યારે શ્રીગિરિધરજીએ કહ્યું કે એ બાદશાહનો માનીતો છે તેથી એને ત્યાં ન જવાથી એ રિસાશે અને બાદશાહને આપણી વિરુદ્ધમાં ગમે તેમ ભરાવશે, માટે એની સાથે દેખીતું વેર કરવામાં કદાચ હાનિ આવી પડે, તેથી હાલ તો ત્યાં જતા આવતા રહેવું એ જ યોગ્ય છે. જ્યેષ્ઠ બંધુનો પ્રત્યુત્તર સાંભળી શ્રીજીએ કનિષ્ઠ બંધુ તરીકે વડીલની સૂચનાને માન આપી કહ્યું કે જો આપ પધારશો તો મારે પણ આપની સાથે આવવું પડશે તોપણ એમણે સાથે સાથે કહી દીધું કે એ સંન્યાસીને સારુ લગાડવું એ મને તો યોગ્ય લાગતું નથી. અધર્મીઓથી તો દૂર રહેવું એ જ સારું.

૪. જહાંગીર સાથે શ્રીજીની માલાના રક્ષણ માટે પ્રથમ મુલાકાત

બાદશાહની મુલાકાત :

બાદશાહની સવારી કાશ્મીર જતાં કરણાવલ પાસે આવી પહોંચી. કરણાવલ મુકામે પોતાના શિષ્ટાચાર અનુસાર શ્રીજી બાદશાહને આશીર્વાદ દેવા પધાર્યા.

આશીર્વાદ દીધા પછી જહાંગીરે શ્રીજીના કપાળમાં તિલક જોઈ ગુસ્સાથી પૂછ્યું કે કેમ, હજુ તમે બાબાજીના કહેવા પ્રમાણે તમારી માલા ઉતારી નથી કે શું ?

શાસ્ત્રાર્થ કરવાનું વચન :

બાદશાહના પશ્ન અને ગુસ્સાની જાણે કાંઈ અસર જ થઈ ન હોય એમ શ્રીજીએ સ્વસ્થપણે અને ગંભીર મુદ્રાથી કહ્યું કે વેદશાસ્ત્રના મત પ્રમાણે બાબાજી અમને જે કાંઈ કહે તે કરવા અમે તૈયાર છીએ, પરંતુ મનસ્વીપણે સ્વછંદના તોરમાં આપની કૃપાનો અયોગ્ય લાભ લઈ અમને ધર્મવિરુદ્ધ અમારી માલા ઉતારવાનું કહે એ અમારાથી શી રીતે બને ? હિંદુ ધર્મના કોઈ પણ માન્ય શાસ્ત્રમાં માલા કે તિલકના નિષેધનો એક પણ અક્ષર મને બતાવે તો એ કહે એ પ્રમાણે કરવા અમો તૈયાર છીએ, પણ જો એવા નિષેધનાં વચનો બતાવી ન શકે તો તો આપ પણ સમજી શકશો કે એમની વાત ધર્મથી વિરુદ્ધ છે, તો પછી અમે એ કેવી રીતે કરી શકીએ ? શ્રીજીનો આવો પ્રમાણસર ચોક્કસ અને નિર્ભયપણે આપેલો ઉત્તર સાંભળી બાદશાહે પૂછ્યું કે શું ત્યારે તમે બાબાજી સાથે શાસ્ત્રાનુસાર વાદ કરી શકશો ? ત્યારે શ્રીજીએ કહ્યું કે જો આપની ઈચ્છા હોય તો હું તો તૈયાર જ છું. વેદસંમત શાસ્ત્રમાં જે લખ્યું હોય તે થઈ શકે, પણ જે કાંઈ મનસ્વીપણે કહેવામાં આવે તે કેમ બને ? જહાંગીર બાદશાહ પ્રકૃતિનો એટલો તો જલદ હતો કે એના હુકમને પાછો ફેરવનાર ફાંસીની શિક્ષામાંથી ભાગ્યેજ છટકવા પામતો અને એ ઉપરથી હાલ પણ લોકોમાં કહેવત છે કે ''ભાઈ ! આ તો જહાંગીરી હુકમ છે,'' એ તો પાછો ફરે જ નહિ, પણ શ્રીજીએ આપેલા પ્રત્યુતરથી જહાંગીરે પોતાનો મિજાજ ખોયો નહિ, એ પણ એ સ્વરૂપનો પ્રતાપ. પછી શ્રીજીને મથુરા મુકામે મળવાનું કહી ત્યાંથી વિદાયગીરી આપી.

વાદની તૈયારી સાથે વગર તેડ્યે રાવણકોટે બાદશાહ પાસે શ્રીજીનું પધારવું :

ઘેર આવ્યા પછી બાદશાહનું કહેલું વચન ધ્યાનમાં રાખી, શ્રીજીએ ઘણો શ્રમ લઈ માલા અને તિલકનાં તમામ શાસ્ત્રનાં વચનો ને પ્રમાણો ભેગાં કર્યાં, એટલામાં

બાદશાહનો મુકામ મથુરા આવ્યો અને રાવણ કોટે ડેરા પડ્યા. એ દિવસે કાર્ત્તિક વદિ ૧૧ હતી તેથી ફલાહાર કરી શ્રીજી ''સારસંગ્રહ''નું પુસ્તક તથા માલા, તિલક. અને ભાગવત્પૂજન કરવા માટેનાં જેમાં વચન હતાં તે સર્વ પુસ્તકો સાથે લઈ બાદશાહને ડેરે પધાર્યા. આવી રીતે વગર તેડ્યે પોતાના હુકમ પ્રમાણે શ્રીજીને ત્યાં આવેલા જોઈ બાદશાહ પ્રસન્ન થયો અને એ મનમાં સમજ્યો કે એમનો ધર્મ સાચો હોવો જોઈએ. આ વખતે બાદશાહ સંન્યાસી પાસે જવાની તૈયારી કરતો હતો તેથી એણે શ્રીજીને પૂછ્યું કે તમે મારી સાથે બાબાજીને ત્યાં આવશો ? ત્યારે શ્રીજીએ કહ્યું : જેવી આપની ઇચ્છા.

ચિદ્રૂપ પાસે જવું અને એણે કરેલો વાદનો નકાર :

પછી બાદશાહ, શહરિયાર અને શાહ ખુરમ નામના બે સરદાર તથા શ્રીજીને સાથે લઈ ચિદ્રૂપ પાસે ગયો, ગુફા નજીક આવતાં શ્રીજી બાદશાહની સાથે અંદર ગયા નહિ, પરંતુ થોડે દૂર ઊભા રહ્યા. શહરિયાર અને શાહ ખુરમને પણ ત્યાં જ ઊભા રહેવાનું કહી બાદશાહ ગુફાના દ્વાર પાસે જોડા ઉતારી અંદર ગયો અને સંન્યાસીને માથું નમાવી, હાથ જોડી વિનંતી કરવા લાગ્યો કે આપની શી આજ્ઞા છે ? ત્યારે એણે કહ્યું કે આજ્ઞા શી ? આપ આપનું આપેલું વચન પાળો એટલે બસ. જે લોકો માલાતિલક ધારણ કરી શાસ્ત્રથી વિરુદ્ધ કાર્ય કરે છે તથા એ દ્વારા જે આપનું તેમજ સઘળી રૈયતનું અમંગળ કરે છે એમને એમ કરતા અટકાવો, દુષ્ટને તથા અધર્મીને યોગ્ય દંડ દઈ ધર્મનું રક્ષણ કરવું એ તો આપનો શ્રેષ્ઠ ધર્મ છે. ત્યારે બાદશાહે કહ્યું : શ્રીગોકુલનાથજી બહાર ઊભા છે, એમની સાથે વાતચીત કરી એમને બતાવો કે તમારું કહેવું શાસ્ત્ર અને ધર્મને અનુસાર છે. એઓ કહે છે કે જે કાંઈ વેદશાસ્ત્રમાં કહ્યું હોય તે કરવા હું તૈયાર છું.

બળથી શ્રીજીની માલા ઉતરાવવા ચિદ્રૂપની માગણી :

માટે તમે કહો તો હું એમને અંદર બોલાવું. આ સાંભળતાં જ સંન્યાસીએ વિચાર કર્યો કે શાસ્ત્રની રીતે વાદ કરીને તો એમની સાથે ફવાય એમ નથી અને નાહકનું મારું જ અજ્ઞાન બહાર પડશે, તેથી એણે કહ્યું કે ગોકુલનાથજીને અત્રે બોલાવવાની કાંઈ જરૂર નથી, તેથી તો નાહકની ધમાલ વધી પડશે. શાસ્ત્રની વાત કરવા કરાવવામાં લાભ શો ? એમાં કાંઈ ચોક્કસ નિરાકરણ આવે જ નહિ. દરેક પોતાના મતને વળગી જ રહે, માટે એ સર્વ વાત છોડી ફક્ત તમે તમારું વચન પાળો અને તમારી સત્તાના બળથી જ એમની માલા ઉતરાવો. વાદવિવાદ કરી થૂંક ઉડાડવાની કાંઈ જરૂર જ નથી. જિંદગીની અભિલાષાવાળો કયો પુરુષ તમારા હુકમનું ઉલ્લંઘન કરી શકશે ? માટે હવે આ બાબતમાં નાહકનો સમય ગુમાવવાનું છોડી દઈ આપ એમને એકદમ માલા ઉતારવાનો હુકમ કરી દો. સંન્યાસીએ જ્યારે આવી રીતે શાસ્ત્રનો વાદ કરવા ના પાડી તથા ફક્ત છડીના જોરથી જ શ્રીજીની માલા ઉતરાવવા જહાંગીરને કહ્યું ત્યારે એ શાણો બાદશાહ કાંઈક સમજ્યો કે ચિદ્રૂપની માગણી શાસ્ત્ર અને ધર્મ અનુસાર નથી, પણ પોતે વચન આપી ચૂક્યો હતો અને

એ તોડવું પોતાને યોગ્ય લાગ્યું નહિ તેથી એણે સંન્યાસીને ફરીથી પૂછ્યું કે શ્રીગોકુલનાથજી જે કરે છે તે શાસ્ત્રાનુસાર કરે છે કે પોતાની સ્વચ્છંદી ઇચ્છા પ્રમાણે કરે છે ? ત્યારે એ દુષ્ટે એ શાસ્ત્રથી અજાણ બાદશાહને કહ્યું કે શાસ્ત્રોમાં બ્રાહ્મણને માટે તો હું કહું છું એ જ કરવાનું કહ્યું છે, માટે લાંબી ટૂંકી છોડી હવે એમની માલા ઉતરાવો અને એ માલા ઉતારશે તો સર્વ કોઈ એમની પાછળ તરત જ ઉતારશે. હવેથી મારી પાસે એમને બોલાવતા નહિ.

સંન્યાસીને આપેલા વચનમાં થયેલી ભૂલની બાદશાહને પડેલી સમજણ :

જહાંગીરનાં મનમાં હતું કે શ્રીજી અને સંન્યાસી વચ્ચે શાસ્ત્રવાદ થશે અને તેથી સત્તાનો ઉપયોગ કર્યા સિવાય શાંતિથી તકરારનું નિરાકરણ આવી જશે, પણ જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે એ બની શક્યું નહિ અને સંન્યાસીએ તો એને ફક્ત સત્તાના જોરથી શ્રીજીની માલા ઉતરાવી પોતાનું વચન પાળવા કહ્યું ત્યારે બાદશાહ વિચારમાં પડ્યો કે મારા પિતા(મહાન અકબર)એ દીક્ષિતજી(શ્રીગુસાંઈજી)ને ઘણું માન આપેલું છે અને એમના વૈષ્ણવ પંથ માટે ઘણી રુચિ અને પ્રીતિ બતાવેલી છે, તો હું એ દીક્ષિતજીના પુત્ર ગોકુલનાથજી પર એમનો ધર્મ છોડાવવા કેવી રીતે જોહુકમી કરી શકું ? પરંતુ આ સંન્યાસીની જાળમાં હું ફસાયો છું. મેં એને વચન આપ્યું છે અને હું અન્યથા શી રીતે કરું ? એમ વિચારી,

"હવડાં ઉતરાવું એમ કહી ડેરે તે આવ્યો ફરીય". ૪૧૯

બાદશાહનું શ્રીજી સાથે પોતાને મુકામે પાછું ફરવું :

પછી મુકામ પર આવી બાદશાહે શ્રીજીને બોલાવી કહ્યું કે તમે બાબાજીના કહેવાનો શો વિચાર કર્યો ? એ કહે છે કે કોઈ ગ્રંથમાં માલા અને સ્વરૂપસેવા લખી નથી, ત્યારે શ્રીજીએ કહ્યું કે અમારો વૈષ્ણવ પંથ અનાદિસિદ્ધ અને વેદમૂલક છે તથા એનો મર્મ ઘણો ગૂઢ છે. એ પંથ આધુનિક કે નૂતન નથી, પણ પરંપરાથી ચાલ્યો આવે છે. જો બાબાજી એને નૂતન કહેતા હોય તો એ જૂઠું છે અને એ બાબતમાં એ કાંઈ સમજતા નથી, માટે એ બાબતમાં આપ જેવા ચતુર બાદશાહે હાથ ઘાલવો યોગ્ય નથી. આ સાંભળી બાદશાહે જરા ક્રોધયુક્ત સ્વરે કહ્યું કે શું તમે એનું કહ્યું નહિ કરો ? ત્યારે શ્રીજીએ જવાબ આપ્યો કે,

શ્રીજીની બાદશાહ સાથે રકઝક :

"જીનકો કહ્યો દેશાધિપતિ સબ કરે અપુને જાન,"
તાકો કહ્યો ઓર પ્રજા સબ વે ક્યોં ન કરે પ્રમાન. ૪૨૦
યે હમ કહત હે ધર્મ-ન્યાયે જે કુછ ઉચિત હોય,
સો કહો હમ કીજિયે જો માને સબ કોઈ. ૪૨૧
વેદશાસ્ત્ર પુરાણમાં એક અક્ષર નિકસે સોયે,
માલા તિલક નિષેધકો એ બતાવે જો કોયે. ૪૨૨"

આ પ્રમાણે હિંમત અને ધૈર્યથી શ્રીજીએ બાદશાહની આગળ વિવેકસર પોતાનો બચાવ કરી માલા તિલક સંબંધી શાસ્ત્રોનાં જે પ્રમાણો પોતાના પુસ્તકમાં ઉતારી

લાવ્યા હતા તે પુસ્તક એમણે બાદશાહને બતાવી કહ્યું કે,

''યામે જો હોયે શો કીજિયે, યહ દેખિયે ચિત ધારિયે. ૪૨૩''

અથવા આપ આપની મરજી પ્રમાણે બીજા પંથોના પુસ્તકો મગાવો અને એમાં જે કરવાનું લખ્યું હોય તે કરવાની આજ્ઞા કરો. ત્યારે

''ભૂપે કહ્યું મંગવાએ પોથી કરેંગો કહા કોયે,
મેં કરત હું ઉનકો કહ્યો તુમ કરો હમ કહે સોયે. ૪૨૫
અસુર-બચન આવેશ્યો હઠ ચઢ્યો નૃપ તેણી વાર,
શ્રીજીએ એ સમય જોઈને ન કર્યો કહીં નિરધાર. ૪૨૬''

આવી રીતે બાદશાહને હઠ પર ચડેલો જોઈ શ્રીજી સમયસૂચકતા વાપરી શાંત રહ્યા, હા કે ના કાંઈ કહ્યું નહિ અને રજા લઈ પોતાને ઘેર ગયા. આ સમયે ધાર્યું હોત તો શ્રીજીએ બાદશાહનું વચન ઉલ્લંઘન કરી, પ્રચંડ પ્રતાપ દેખાડી દિગ્વિજય કર્યો હોત, પણ કાશ્મીર પધારવાની અને અધિક પ્રતાપ બતાવવાની ઇચ્છા હોવાથી પોતે મૂંગા જ રહ્યા.

માનબાઈ :

બાદશાહ અને શ્રીજીની વચ્ચે જ્યારે ઉપલી વાતચીત થઈ ત્યારે જોડેના તંબૂમાં રાયસંગ ભૂરટિયાની દીકરી માનબાઈ હતી એણે એ વાત સાંભળી. એ રાજપુતાણી હતી, પણ બાદશાહને પરણી હતી. એમની વાતચીત પરથી માનબાઈએ જાણ્યું કે સંન્યાસીની શિખવણીથી બાદશાહ શ્રીગોકુલનાથજી સાથે તકરાર કરે છે અને હમણાં કાંઈ નવાજૂની થશે. માનબાઈ જોકે શ્રીજીની સેવક નહોતી તોપણ ભગવદિચ્છાથી એના મનમાં એકાએક શ્રીજીને માટે એવી તો લાગણી થઈ આવી કે એ એકદમ બાદશાહની મા મરિયમ જમાની પાસે કટારી લઈ દોડી પહોંચી અને એને કહેવા લાગી કે જો બાદશાહ શ્રીગોકુલનાથજીને માલા ઉતારવાનું હવે પછી કહેશે તો હું કટાર મારીને આપઘાત કરીશ.

શ્રીજીનો પ્રતાપ :

શ્રીજીનું કેવું પ્રતાપબળ ! પોતાના કાર્યની સિદ્ધિ અર્થે એ રાજપુતાણીના મનમાં પ્રેરણા કરી. આવી પ્રેરણા તથા સાક્ષાત્ પ્રતાપબળ પ્રભુ પોતાના ભક્તોને જ બતાવે છે, આસુરી જીવોને એવું કાંઈ દેખાડતા નથી, કારણ કે એમને એમાં વિશ્વાસ આવતો જ નથી. શ્રીકૃષ્ણ ભગવાને જરાસંઘને ઘણું પ્રતાપબળ દેખાડ્યું તોપણ એ ભગવાન છે એવું એ સમજી શક્યો જ નહિ. એ મનમાં એમ સમજે છે કે ભગવાન નિરંજન નિરાકાર છે અને તેથી એમનાં દર્શન થતાં નથી તથા એ પૃથ્વી પર મનુષ્યદેહથી અવતાર લેતા જ નથી. આ કારણથી ભગવાનને જયારે પોતાના ભક્તનું કાર્ય કરવું હોય ત્યારે જ એને પ્રેરણા કરી એ કાર્ય કરાવે છે. આવા ગુપ્ત રીતે બતાવેલા પ્રતાપબળને જોકે અસુર લોકો જાણી શકતા નથી તોપણ ભક્તજન તો જાણે છે કે મારું એ કાર્ય ભગવાને જ કર્યું. અત્રે ભક્તનું-માલાનું-રક્ષણ-કાર્ય કરવાનું હતું તેથી પ્રતાપબળે માનબાઈને પ્રેરણા કરી. આ ઠેકાણે કોઈ કહેશે કે શ્રીજીએ જ્યારે પ્રતાપબળ

વાપરી માનબાઈને પ્રેરણા કરી તો એ જ પ્રતાપબળથી બાદશાહને કેમ પ્રેરણા ન કરી ?

બાદશાહને પ્રેરણા કેમ ન કરી ? :

બાદશાહના મનમાં પ્રેરણા થાય તો આગળ ઉપર માલાવિષયક વધુ જુલમ થતો અટકે એટલે જે યશ જે પ્રમાણમાં પ્રગટ કરવાની ઇચ્છા હતી તે યશ થાય નહિ તથા કાશ્મીર પણ જઈ શકાય નહિ. આથી પોતાની ઇચ્છાથી જ માનબાઈને પ્રતાપબળે પ્રેરણા કરી બાદશાહને નરમ કરવાની અતર્ક્ય યુક્તિ વાપરી ! જો શ્રીજીનું પ્રતાપબળ ન હોય તો લૌકિકમાં એમનો જહાંગીર જેવા દેશાધિપતિ પાસે શો હિસાબ ? વળી એ જાતનો મ્લેચ્છ અને રાજ્યના મદમાં છાકેલો, એને શ્રીજીની શી શરમ પડે કે એ પોતાનો હુકમ તોડવા છતાં એમની સાથે આટલા વિવેકથી વાત કરે ? એ અલૌકિક પ્રતાપ નહિ તો બીજુ શું ? નાસ્તિકો એ વિશે ગમે તેમ બોલે તોપણ આસ્તિક ભક્તજનોને એમાં સ્વપ્રભુના પ્રતાપ અને પ્રભાવનું દર્શન થયા વિના કેમ રહે ?

મરિયમ જમાની :

માનબાઈના ઉપલા શબ્દો સાંભળી મરિયમ જમાની ઘણી ગભરાઈ અને તેથી નૂરમહોલ દ્વારા બાદશાહને કહેવડાવ્યું કે,

''એક જીવ દુઃખી કિયા ભલા કે દુનિયા જો પાવે દુઃખ,
જગતકું દુઃખ દે એકકી કહા હોયે રાખે રૂખ. ૪૩૬
યે માનવતી યોં કહતી હે જો હિંદવાની હમ,
જાત આપની છોરીકે તુરક કીની તુમ. ૪૩૭
હમારો કહ્યો જો પાદશાહ માનિહે નહિ આજ,
તો કુણબાસબે મીલી જબર કરી હું જીએકો કહા કાજ. ૪૩૮
શ્રીગોકુલનાથકૂ તુમ કહોગે કછુ જબ,
એહે નિશ્ચે કરિ હમારે જીવનો નહિ અબ. ૪૩૯
અરૂ એ બડે હેં આપ ઇનકી દુઆ લેની આજ,
બે દુઆ ઇનકી લીજિયે સો કહા ઇતનો કાજ. ૪૪૦''

તકરારનો અંત લાવવા આસફખાન, ઇતબારખાનનું જવું :

આ માનબાઈ દૈવી જીવ હતી, પરંતુ મ્લેચ્છને ત્યાં જવાથી એને દીક્ષાનો અધિકાર રહ્યો નહોતો તેથી શ્રીજીએ આ પ્રમાણે માલાસંબંધમાં સ્વરૂપબળે પ્રેરણા કરી એની સેવાનો અંગીકાર કર્યો. પછી બાદશાહે કહ્યું કે ગોકુલનાથજી અને બાબાજી જો એકમત થાય તો સઘળી તકરારનો અંત આવે. મારે તો ફક્ત એટલું જ જોઈએ છે કે મારું વચન રહે. છેવટે બાદશાહે ઊંડો વિચાર કરી પોતાના સરદાર આસફખાન તથા ઇતબારખાનને પોતાની પાસે તેડાવી હુકમ કર્યો કે તમે ગોકુલનાથજીને તેડી બાબાજી પાસે જાઓ અને બાબાજીનું કહેવું સાંભળી ગોકુલનાથજી પાસે એ પ્રમાણે કરાવો તથા સઘળા ઝઘડાનો અંત લાવો (''નીકે કરીકે તુમ આઇયો.'') સઘળું

પતાવી દેજો.

''ત્યારે નૂરમહોલે આસફખાનને કહ્યું તેણી વાર,
એક બેર ઉહાં લે જઈ કે તુમ ડારો બાત ઉતાર. ૪૪૬''

શ્રીજી સાથે એમનું સંન્યાસી પાસે ગમન અને ત્યાંથી બાદશાહ પાસે પાછું આવવું :

બાદશાહનો હુકમ થતાં આસફખાન તથા ઈતબારખાન શ્રીજી પાસે ગયા અને એમને સાથે લઈ સર્વે સંન્યાસીને મુકામે ગયા. ત્યાં જઈ ચિદ્રૂપને આસફખાને પૂછ્યું કે બાબાજી, તમારે શ્રીગોકુલનાથજીની બાબતમાં શી તકરાર છે અને એમાં તમારે શું કહેવાનું છે ? ત્યારે

''કુડંડી બોલ્યો જે હું કહેતો નથી કાંઈ બાત,
મારે શી પડી છે જે હું કરું કેહની બાત. ૪૪૯
પણ પાદશાહની આજ્ઞા છે તે કરો સહુ સમુદાય,
જેણે ધર્મે કરીયને બાદશાહનું ભલું થાય. ૪૫૦''
એ સાંભળી શ્રીજી બોલ્યા :
''પાદશાહ કો ભલો હોયગો, પાદશાહજીકા ધર્મ. ૪૫૧''

આસફખાનનું શ્રીજી તરફનું વલણ :

આસફખાન જહાંગીર બાદશાહની પટરાણી નૂરજહાંનો ભાઈ હતો તથા બાદશાહ પાસે એકમંત્રી તરીકે કામ કરતો હતો, એ તથા નૂરજહાં શ્રીજી માટે કાંઈક લાગણી ધરાવતાં હતાં તેથી શ્રીજી તથા આસફખાન વચ્ચે સારો સંબંધ હતો અને એઓ અરસપરસ સમાચાર મોકલાવતા. આ પ્રસંગે પણ લાગ જોઈ સંન્યાસીને દબાવવા

''આસફખાને એમ કહ્યું તું એકલો મતિ કર બાત,
કાહુસો મિલિ બાત કર, પાદશાહ કટાઈ કો પાત. ૪૫૨
તું યોં મતિ જાને પાદશાહ મેરા ભયા હે આજ,
તાતે ગોકુલનાથ સું મતિ કરે એસો કાજ. ૪૫૩'

ચિદ્રૂપનું બેવચની બોલવું :

ત્યારે સંન્યાસીએ કહ્યું કે મારે શું છે ? હું ક્યાં એમને માલા ઉતારવાનું કહું છું ? એ એમને ફાવે એમ કરે. ભલે અગિયાર અગિયાર માલા પહેરે એમાં મારું શું જવાનું છે ? મારું કહેવું તો એટલું જ છે કે શૂદ્ર લોક માલા પહેરે છે એ એમણે ઉતારવી જોઈએ. આપ સુખેથી બાદશાહને આ પ્રમાણે કહી ઘેર પધારો. આવી રીતે જ્યારે આસફખાને સંન્યાસીને ઢંગધડા વગરનું બોલતો સાંભળ્યો અને એની વાતમાં કાંઈ સાર દીઠો નહિ ત્યારે શ્રીજીને તેડી એ બાદશાહ પાસે પાછો ગયો. ત્યાં બાદશાહે પૂછ્યું કે તમે શું કરી આવ્યા ? આસફખાને કહ્યું કે બાબાજી કોઈ એકે વાત નિશ્ચય કરીને કહેતા નથી, ઘડીમાં એક અને ઘડીમાં બીજી વાત કરે છે.

શ્રીજીએ કરેલું લખાણ :

ત્યારે જહાંગીરે કહ્યું કે બાબાજી કહે એ પ્રમાણે કરવાનું ગોકુલનાથજી પાસે લખાવી લો. એ ઉપરથી આસફખાને શ્રીજીને એ પ્રમાણે લખી આપવા કીધું ત્યારે શ્રીજી બોલ્યા કે એવું તે કેમ લખી અપાય ? શું એમ કરી અમે અમારો ધર્મ છોડીશું ? ત્યારે આસફખાને કહ્યું કે હાલ તો એક વાર લખી આપો. હમણાં વધુ બોલવામાં લાભ નથી. વખત વિચારી લેવો જોઈએ. લખી આપ્યાથી કાંઈ ફિકર નથી. પછી આપ જાણતા હો એ પ્રમાણે કરજો, ત્યારે શ્રીજીએ લખી આપ્યું કે :

‘‘શાસ્ત્ર-ઉચિત કહેગો સોંઈ કરેંગે હમ.’’

આ પ્રમાણે શ્રીજી પાસે લખાવી લઈ આસફખાને એ વાત થોડા વખતને માટે વિસારે પાડી. આસફખાને એ લખાણ ઉપર બાદશાહની સહી લઈ લીધી. બાદશાહે તો જોયું પણ નહિ કે અંદર શું લખ્યું છે. લખી રહ્યા પછી બાદશાહની રજા લઈ શ્રીજી પોતાના મુકામે પાછા ગયા.

બાબાજીની સંભાળ લેવા પોતાના અમલદારોને હુકમ :

એ પછી શેરખા ફોજદારને બાબાજીની આજ્ઞા પ્રમાણે ચાલવાનો હુકમ કર્યો તથા ઈતબારખાનને પણ એના ત્યાંના (મથુરાના) શકદારને બાબાજીની મરજી પ્રમાણે ચાલવાની ભલામણ કરવાનું કહ્યું. બંને જણને બાબાજીને કાંઈ હરકત ન આવે તથા માઠું ન લાગે એ બાબતની પૂર્ણ ચોકસાઈ રાખવા ખુદ દાબીને કહ્યું. પછી ત્યાંથી મુકામ ઉઠાવી બાદશાહ કાશ્મીર તરફ રવાના થયો. પાદશાહના ગયા પછી આસફખાનને ફરીથી મળી શ્રીજી સં. ૧૬૭૬માં કાર્તિક વદિ ૩૦ ને દિવસે શ્રીગોકુલ પધાર્યા.

૫. ચિદ્રૂપે મથુરામાં વર્તાવેલો કેર તથા શ્રીજીની માલા ઉતરાવવાના ઉપાયો

ચિદ્રૂપ માટે બાદશાહનું માન :

કાશ્મીર તરફ કૂચ કરતાં અગાઉ બાદશાહે મેહેતારી તથા જનાનખાનાની બીજી સ્ત્રીઓને ચિદ્રૂપને નમસ્કાર કરવાનું કહ્યું તથા બુલાખીના માથા ઉપર બાબાજીનો હાથ મુકાવ્યો.

વળી બાદશાહે ચિદ્રૂપના કહેવાથી સુલતાન ખુશરૂને બંદીખાનેથી છૂટો કર્યો. પછી આસફખાન વગેરે સરદારોને પણ ચિદ્રૂપને આશ્રમે જઈ એને માન આપવાનો હુકમ કરવાથી એઓ સઘળાએ એને મુકામે જઈ એને માન આપ્યું. આવી રીતે જહાંગીર જેવા બાદશાહનો ખાસ પક્ષપાત હોય એ અભિમાન કેમ ન કરે અને એને જોઈ સામાન્ય પ્રજા વર્ગ ત્રાસ કેમ ન પામે ?

બાદશાહે કરેલો પક્ષપાત :

એક સમયે નૂરમહોલનો બનેવી જે ૫૦૦૦ સિપાઈઓનો સરદાર હતો તે ચિદ્રૂપની ગુફાએ ગયો. બાદશાહના હુકમથી એના રક્ષણ માટે ગુફામાં રાજ્યના સિપાઈઓ રહેતા અને એઓ ચિદ્રૂપની આજ્ઞા સિવાય કોઈને પણ અંદર જવા દેતા નહિ. જ્યારે આ હાકેમ ગુફાના દ્વાર પાસે ગયો ત્યારે સિપાઈઓએ એને રોક્યો, પણ એ એમને ખસેડી અંદર ગયો અને બાબાજીની પાસે જઈ હાથમાં મધુપાનનો પ્યાલો લઈ એણે

> ''કહ્યું બાબાજી સો તુહી હે તોહીકું કહી બોલત સબે,
> પ્યાલો લઈ આગળ ધર્યો મેરે હાથકો તું લે અબે. ૩૨
> મ્લેચ્છ સંગે સફળ થયું પાદશાહકે એ પાસનું,
> એણે અનુસારકે એ ફલ થયું સંન્યાસનું. ૩૩''

પછી એ સરદાર ત્વરાથી ચાલી દિલ્હી મુકામે બાદશાહને ભેગો થયો. ત્યાં સંન્યાસીએ બાદશાહને એ સરદારે કરેલા પોતાના અપમાન વિશે લખી મોકલ્યું. પોતાના માનીતા સંન્યાસીનું આવી રીતે અપમાન થયેલું સાંભળી બાદશાહને ઘણો ક્રોધ ચડ્યો અને તેથી એણે એ સરદારને એકદમ મારી નાખવાનો હુકમ કર્યો, પણ સુલતાન ખુશરૂએ ડહાપણ વાપરી એનો પ્રાણ બચાવવા બાદશાહને એને ચિદ્રૂપ પાસે મોકલી એને માફી માગવા હુકમ કરવાનું કહ્યું. ખુશરૂએ કહ્યું ત્યાં સર્વ સમાધાન થશે, આપણે એને શા માટે મારવો જોઈએ ? બાદશાહને પણ શાંત પડ્યા પછી

આ સલાહ યોગ્ય લાગવાથી એને એણે સખત જાપ્તાથી ચિદ્રૂપ પાસે મોકલ્યો અને એને કહેવડાવ્યું કે તમે તમારી મરજી પ્રમાણે એને શિક્ષા કરજો. આથી દુષ્ટે એનો નાશ કરાવ્યો. આવી રીતે એ પાપી બાદશાહને ભંભેરી અનેક અધમ કાર્ય કરવા લાગ્યો અને એને માટે આવાં કામોમાં પણ બાદશાહનો ઉઘાડો પક્ષપાત જોઈ સર્વ પ્રજા હાહાકાર કરવા લાગી.

મથુરામાં ચિદ્રૂપનો જુલમ :

બાદશાહના ગયા પછી ચિદ્રૂપે મથુરા તથા વૃન્દાવનના સ્વામીઓને પ્રથમ બોલાવી એમની પાસે એક વચન માત્રથી એઓની માલા ઉતરાવી. કોઈ ધૈર્ય રાખી શક્યું નહિ ! અને ધૈર્ય તથા હિંમત સિવાય ધર્મ કેમ જળવાય ? કોઈ એક શબ્દ બોલ્યું નહિ. ધર્મ કરતાં પ્રાણ વધારે વહાલો હોય તો પછી ધર્મ શી રીતે રાખી શકાય ? તેથી સર્વે સંકોચ પામી, માલા ઉતારી ઘરમાં ભરાઈ બેઠા. આટલેથી શાંત ન થતાં એ મૂઢમતિ દુષ્ટે શૂદ્ર દેવના બળથી ભક્તિમાર્ગનો જડમૂળથી નાશ કરવાનો વિચાર કરી મથુરાની જે દુકાનોમાં તુલસીની માલા વેચાતી હોય તે સઘળી દુકાનોને બાળી નખવાનો હુકમ કર્યો, જેથી કોઈને તુલસીમાલા મળી શકે જ નહિ અને કોઈ પહેરે પણ નહિ. પણ એ વખતે ત્યાંના એક શાણા ચોધરીએ એને કહ્યું કે એમ કરવાથી તો શહેરમાં આગ લાગે અને શહેર બળે, તો પછી બાદશાહને શો જવાબ આપીએ ? એ તો અમારે જ ગળે પડે, માટે એ પ્રમાણે દુકાનો બાળી નખાય નહિ. આ પ્રમાણે પોતાની એક યુક્તિમાં એ ફાવ્યો નહિ ત્યારે ચિદ્રૂપે બીજી યુક્તિ રચી એ દુકાનોનાં દ્વાર ચણી લેવડાવ્યાં ને માલાની હડતાલ કરી. કોઈ પણ માણસ એનું નામ સુધ્ધાં લઈ શકે નહિ ! મથુરામાં કોઈ પણ વેપારી તુલસીની માલા વેચી શકે નહિ, એને વેચવી હોય તો શ્રીગોકુલમાં જઈને વેચે. આ પ્રમાણે મથુરામાં એ દુષ્ટની નિરંકુશ જોહુકમી ચાલવા લાગી. એ અહંકારના મદમાં કોઈનું કહેવું ગણે નહિ ને એના ત્રાસથી શ્રીજીના સેવકો સિવાય કોઈ અન્ય માણસો માલા રાખી શક્યા નહિ. અરે, માલા તો શું પણ એને નામે કંઠમાં તુલસી પણ રાખી શકતા નહિ ! બાદશાહના સિપાઈઓ એના હુકમથી જ્યાં જ્યાં હિંદુના કંઠમાં માલા જુએ ત્યાં ત્યાં ઉતરાવે અને ના કહે તો માર મારે,. કોઈથી તિલક સરખું પણ કરી શકાય નહિ. આ પ્રમાણે સર્વત્ર ઉત્પાત થઈ રહ્યો, સર્વને ત્રાસ પડ્યો ! પણ જેને ખુદ બાદશાહનો પક્ષપાત તેના વિશેની ફરિયાદ કોણ સાંભળે ?

(આ પ્રસંગ વિશે બોલતાં એક વખત શ્રીજીએ શ્રીમુખે કહ્યું છે કે) એક વખત કોઈ સૌભાગ્યવંતી સ્ત્રી શૃંગાર અર્થે ઊભું'તિલક કરી, એમાં બિંદી દઈ જલ ભરવા જતી હતી એને ચિદ્રૂપે કહ્યું કે તેં ઊભું તિલક કેમ કર્યું છે ? એમ કહી એને એ ભૂંસી નાખવા કહ્યું એ ઉપર શ્રીજીએ કહ્યું કે,

''એસો મૂરખ ઈતનો ન જાન્યો કર્યો નાહિ ઈન ધર્મકૂં,
ઈન કર્યો હે શૃંગાર હિત સમજે નહિ એસે મર્મકૂં. ૨૨

પોતાના સેવકોને શ્રીગોકુલ જવા આજ્ઞા :

આવી રીતે માલાતિલક માટે ચિદ્રૂપે જ્યારે મથુરામાં ઘણો જ જુલમ કરવા માંડ્યો અને વૈષ્ણવોને એ સહન કરવો મુશ્કેલ પડ્યો ત્યારે જેમનાથી ન વેઠી શકાય તેમને પોતાની પાસે શ્રીગોકુલમાં આવીને રહેવાની આજ્ઞા કરી તથા ન્યાલચંદ કબા અને નાગજી ગાંધીને અહીંના સર્વ સમાચાર આસફખાનને કહેવા માટે બાદશાહની સવારીમાં મોકલ્યા. જ્યારે એઓએ ત્યાં જઈ ખાનને સર્વ બીનાથી વાકેફ કર્યા ત્યારે એણે શ્રીજીના કુશળ સમાચાર પૂછી, ધૈર્ય આપી, દુવા કહેવડાવી કહ્યું કે હું આપની સેવામાં હાજર છું. ન્યાલચંદ કબા અને નાગજી ગાંધી પછી ખાનની રજા લઈ શ્રીગોકુલ પાછા આવ્યા અને એણે આપેલો દિલાસો સર્વ બાલકોને એકાંતમાં બોલાવી કહી સંભળાવ્યો.

સ્વામીઓનો વિરોધ તથા ચિદ્રૂપનું અયોગ્ય આચરણ :

મથુરા અને વૃન્દાવનના સ્વીમીઓએ જ્યાંસુધી માલા ઉતારી નહોતી ત્યાંસુધી તો ચિદ્રૂપની વિરુદ્ધમાં હતા, પરંતુ માલા ઉતાર્યા પછી તો એઓ સમજ્યા કે એ સંન્યાસીની સાથે વિરોધ કરવામાં લાભ નથી, એની સાથે તો હળીમળીને રહેવામાં જ ઠીક છે, તેથી એ સર્વ માલા ઉતાર્યા પછી એનાં વખાણ કરી એને પ્રસન્ન કરવા લાગ્યા. એના બદલામાં એ ધૂર્ત એઓને અનેક લાલચો અને વચનો આપવા લાગ્યો. કોઈને કહ્યું કે બાદશાહ અત્રે આવ્યા પછી તને અમુક પ્રાંતનો સરદાર બનાવીશ, કોઈને કહ્યું કે તને કોટવાળી અપાવીશ તથા કોઈને કહ્યું, તને સારું ઇનામ અપાવીશ.

આવી જૂઠી લાલચોથી લોભિયા લોકો ઠગાવા લાગ્યા અને એનાં યશોગાન ગાવા લાગ્યા. લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખ્યા કેમ મરે ? લોભ જ સર્વ અનર્થનું મૂળ છે. એ જ ડાહ્યાને મૂર્ખ અને માનવને પશુસમ બનાવે છે. ધીમે ધીમે ચિદ્રૂપનો પ્રતાપ એવો જ શોખ એટલો તો વધવા લાગ્યો કે જે રસ્તે એ ભિક્ષાને માટે જવાનો હોય તે રસ્તા પર પાણી છાંટવામાં આવતું, જ્યારે શહેરના બીજા ધોરી રસ્તાઓ ઉપર ધૂળનાં વાદળ ઊડ્યા જ કરતાં. વળી જ્યારે જ્યારે એ ગુફાની બહાર નીકળતો ત્યારે ત્યારે બાદશાહી સિપાઈઓ ખાસ બાદશાહની માફક એની સેવામાં હાજર રહેતા અને એ જે રસ્તે થઈને જવાનો હોય ત્યાં થોડા વખત સુધી લોકોની આવજા પણ બંધ કરી દેવામાં આવતી. જ્યાં ભોજન લેવા બેસતો ત્યાં સ્ત્રીઓ જ એને પીરસતી, જેને ત્યાં એ ભોજન કરતો તેને ત્યાં જ એ સૂતો. ગુફામાં જ્યારે એ બેસતો ત્યારે એની આગળ વીણા વાગતી. એક સમયે એક સ્ત્રી ટૂંકા પનાની સાડી પહેરી જતી હતી એને જોઈ એણે એને પૂછ્યું કે તેં ટૂંકું વસ્ત્ર કેમ પહેર્યું છે ? ત્યારે એ સ્ત્રીએ કહ્યું કે લાંબા પનાનું મારી પાસે નથી, તેથી ચિદ્રૂપે વણકરોને બોલાવી એ સ્ત્રીને એક લાંબા પનાનું વસ્ત્ર વણી આપવા હુકમ કર્યો.

ચિદ્રૂપે શ્રીજીની માલા સંબંધી કરેલી તપાસ :

પોતાના પ્રતાપની-શ્રીગોકુલના વૈષ્ણવો તથા શ્રીજી વગેરેએ માલા ઉતારી છે

કે નહિ એની – તપાસ અર્થે થોડા દિવસ પછી ચિદ્રૂપે એક મોઢ અને એક નાગરને શ્રીગોકુલ મોકલ્યા. એઓએ ત્યાં સર્વના કંઠમાં માલા પહેરેલી જોઈ એ સમાચાર ચિદ્રૂપને કહ્યા.

શ્રીજીને સમજાવવાનો ઉપાય :

આવી રીતે જ્યારે ચિદ્રૂપે જોયું કે શ્રીગોકુલના વૈષ્ણવો શ્રીજીના આશ્રય નીચે રહી માલા ઉતારતા નથી ત્યારે પ્રથમ તો કળથી કામ કરવાનો વિચાર કરી ગિરધર, માગજી પંડ્યા, મિત મિશ્રા, હરજી મહેતો, રામદાસ અને ભૂતા પંડ્યાને શ્રીજીની પાસે સમજાવવા મોકલ્યા. આ સર્વ ગૃહસ્થોએ આવી શ્રીજીને વિનંતિ કરી કે એને બાદશાહનું માન છે તેથી એ જેમ મરજીમાં આવે એમ વરતે છે, એને અત્રે કોઈ પૂછનાર નથી. એના ત્રાસથી મથુરામાં સર્વ લોકોએ માલા ઉતારી છે, આપ ક્યાંસુધી નહિ ઉતારો ? બાદશાહના નામથી માલા નહિ ઉતારનાર પર એ ઘણો જુલમ કરશે અને આપને પણ હેરાન હેરાન કરશે, માટે સમયને માન આપી હાલ માલા ઉતારવાની એ ઠીક છે. આ સાંભળી ધર્મપાલક અને રક્ષક ધર્મી બોલ્યા કે બીજા લોકોએ માલા ઉતારી છે કે નહિ એની અમારે શી પરવા છે ? અમે કોઈના કહ્યાથી કંઈ અમારી માલા પહેરી નથી કે એ અમો કોઈના કહ્યાથી ઉતારીએ, અમે તો શ્રીભગવાનની ઇચ્છાને અધીન છીએ; માટે અમને એ હેરાન કરશે એની પણ અમને ફિકર નથી. પ્રભુની ઇચ્છા હશે એ જ થશે અને તેથી જ સર્વનું ભલું થશે.

શ્રીજીનો ચોખ્ખો નકારમાં જવાબ :

શ્રીજીનો આવો માલા નહિ ઉતારવાનો બેધડક પ્રત્યુત્તર સાંભળી સલાહ કરાવવા આવેલા ગૃહસ્થો તો સ્તબ્ધ જ થઈ ગયા અને મથુરા જઈ એમણે ચિદ્રૂપને સર્વ સમાચાર કહી સંભળાવ્યા, આથી એણે જોયું કે હવે બળ વાપર્યા સિવાય કામ બને એમ નથી.

વૈષ્ણવો સાથે શ્રીજીએ કરેલી મસલત :

સલાહકારોના ગયા પછી શ્રીજીએ થોડાક વૈષ્ણવોને પોતાની પાસે એકાંતમાં બોલાવી માલા ઉતારવા સંબંધમાં એમનો શો અભિપ્રાય છે એ જાણવા પ્રયત્ન કર્યો. ત્યાં એકઠા થયેલા વૈષ્ણવોમાં પુરુષોત્તમદાસ મહેરા નામના એક ક્ષત્રિય વૈષ્ણવ હતા એ ન્યાય અને ધર્મની બાબતમાં વધારે સમજુ હોવાથી શ્રીજીએ એમને પૂછ્યું કે ચાલતા પ્રસંગે તમારી શી સલાહ છે ? ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું કે :

પુરુષોત્તમદાસનો અભિપ્રાય :

''રાજ શ્રી સર્વજ્ઞ હો, અરૂ ધર્મ યહુ ચરણે રહે,
મેં કોન જો રાજસો કહું, શ્રીરાજ તો સર્વ લહે.
પણ રાજની ઇચ્છાથી, કરુણા બળે પૂછ્યું છે તો,
સૂઝે એવું કહું છું, રાજકીય પ્રેરણા વડે.

લલ્લુ જગધર તણી વાત, તે કહી ધર્મ વિવાદની,
અને અલૌકિક મરજાદા મારગની કહી પ્રહ્‌લાદની. ૯૪
સબ તોઉ ધર્મ આચરત હો, આજીવિકા અપની કિયે,
ઓર રાજશ્રી આચરત હો, સો જગત કે હિત કે લિયે. ૯૫
રાજ છાંડો ધર્મ કૂં, તો ધર્મ કૂં ઠોર કહાં હે,
ધર્મકે રક્ષક રાજ હો, રાજસૂં કોય કહા કહે. ૯૬''

ઉપર પ્રમાણેનો પુરુષોત્તમદાસનો પ્રત્યુત્તર સાંભળી શ્રીજી અતિ પ્રસન્ન થયા અને સ્વજનોને ધીરજ આપતા

''કુલમંડન બોલ્યા ગદ્યસું, જગદીશ જાકો જશ દિયો,
રાખનવાલા રાખત હે, વહાં ચાખન વાલા કોન હે. ૧૦૭''

હવે શ્રીજી ચિદ્રૂપ પાસે ચોથે પાંચમે દિવસે જવા લાગ્યા એ એમને સામે મોઢે માલા ઉતારવાનું કહી શકતો નહિ. પ્રતાપબળથી એનાથી મનમાં ઘણી ઇચ્છા હોવા છતાં કાંઈ કહી શકાતું નહિ. ઘણો પ્રયત્ન કરે તો આડકતરી કેટલીક વખત ફક્ત સૂચના કરતો.

ચિદ્રૂપનો ગર્વ :

એક વખત શ્રીજી એના આશ્રમે ગયેલા હતા ત્યારે ચિદ્રૂપના હાથમાં એનું વર્ષફળ હતું. એમાં જોઈ એણે શ્રીજીને કહ્યું : મારે આ વર્ષે સર્વોત્તમ ચૂડામણિનો યોગ છે. પછી એ મ્લેચ્છ ભાષામાં કાંઈક બોલ્યો અને શ્રીજીને પૂછ્યું કે તમે આ ભાષા સમજો છો ? શ્રીજીએ ના પાડતાં એણે ગર્વથી કહ્યું કે ત્રણ બાદશાહી સુધીમાં કોઈ માલા પહેરી શકે નહિ એવો મારે યોગ છે. એ પછી જ્યારે જ્યારે શ્રીજી ત્યાં પધારતા ત્યારે એ તેનું તે જ કહ્યા કરતો, તેથી શ્રીજીએ જોયું કે એને બાદશાહનો પક્ષ છે માટે એ શાસ્ત્રીય વાત સાંભળશે નહિ ને સ્વચ્છંદી રીતે ગમે એમ બકશે. એનો એવો ખાલી બકબકાટ સાંભળવા જવાનું કાંઈ પ્રયોજન નથી અને તેથી આપે એને ત્યાં જવા-આવવાનું બંધ કર્યું.

શ્રીજીને ચિદ્રૂપે સમજાવવા કરેલો યત્ન :

શ્રીજી એની પાસે જતા આવતા બંધ થયા એ ચિદ્રૂપને ગમ્યું નહિ. એ અનુભવમાં પાકટ હોવાથી બહુ સારી રીતે સમજતો હતો કે પોતાના કામમાં કેવળ બાદશાહની ઉપર સર્વ આધાર રાખવો અને જ્યારે ને ત્યારે એની મદદ માગ્યા જ કરવી એ સલાહ-ભરેલું નથી. રાજા કાનના કાચા હોય છે તથા રાજા વાજાં ને વાંદરાં એ ત્રણેનો કાંઈ વિશ્વાસ રાખી શકાય નહિ, એ ન્યાયે જો કદાચ રાજા કોઈ પણ કારણથી ફરી જાય તો પોતાની સઘળી મહેનત ધૂળધાણી થાય એવું ધારી બાદશાહને જાતે વચમાં નાખ્યા સિવાય એના ફક્ત તાપથી જ જેટલા પ્રમાણમાં ધારેલી મતલબ સિદ્ધ થઈ શકે તેટલી કરી લેવી એ વધારે ઉત્તમ છે એમ એ સમજ્યો, તેથી હજુ

પણ શ્રીજીને કળથી સમજાવી કામ સાધી લેવા માટે જે કોઈ શ્રીગોકુલથી આવતા એમને ચિદ્રૂપ આપના સમાચાર પૂછતો અને એઓ પોતાને ત્યાં આવતા નહિ એ બાબતમાં પોતાની દિલગીરી જાહેર કરતો, એટલું જ નહિ, પણ એમને સમજાવી બોલાવી લાવવા પણ કહેતો. આ લોકો જોકે શ્રીગોકુલમાં જઈ આ સર્વ સમાચાર શ્રીજીને કહેતા અને આપને ત્યાં જવા સમજાવતા તોપણ પોતે એ દુષ્ટનાં કપટી તથા માર્મિક વચનોનો ઊંડો ભેદ સમજવાથી ત્યાં જવાની ના જ પાડતા.

આ પ્રમાણે શ્રીજીને બોલાવવાના પોતાના પ્રયત્નોમાં સંન્યાસી ફાવ્યો નહિ ત્યારે રાજકીય બળ વાપરીને પણ શ્રીજીને પોતાની પાસે બોલાવવા વિચાર કર્યો.એવામાં આગ્રાના ફોજદારની બદલી થઈ અને એની જગાએ વંશગોપાલ નામના એક ઉગ્ર સ્વભાવના ક્ષત્રિયને મોકલવામાં આવ્યો. મથુરામાં આવી એ સંન્યાસીને મળવા ગયો એ વખતે ચિદ્રૂપે એને કહ્યું કે કોઈ પણ યુક્તિથી તું એક વખત ગોકુલનાથજીને અત્રે લઈ આવ. સંન્યાસીનું બાદશાહ પાસે સારું માન હોવાથી તથા એનો બોલ પાલવા બાદશાહ બનતું કરતો હોવાથી એ સંન્યાસીને પ્રસન્ન કરી, એના દ્વારા બાદશાહ પાસે પોતાની નોકરી સંબંધમાં બનતો લાભ સાધી લેવાનો આ ઠીક લાગ મળ્યો છે એવો વિચાર કરી વંશગોપાલે ચિદ્રૂપની આજ્ઞાને અધીન થતાં કહ્યું કે એમને જરૂર લઈ આવું છું. આપ ફિકર કરશો નહિ.

વંશગોપાલ ને ગદાધાર :

પછી એ શ્રીગોકુલમાં ગયો, પણ ત્યાં શ્રીજીએ એની આંતર ઈચ્છા જાણી એનો કાંઈ સત્કાર કર્યો નહિ તેથી એને માઠું લાગ્યું અને મનમાં શ્રીજીને પોતાની સત્તાના બળથી હેરાન કરવાના અનેક કુતર્ક કરતો એ મહાવનમાં ગયો. ત્યાં એણે લશ્કરની મદદથી શ્રીગોકુલને ઘેરી, શ્રીજીને પકડી ચિદ્રૂપ પાસે લઈ જવાનો વિચાર કર્યો, તેથી એણે લશ્કરને તૈયાર કરવા માંડ્યું, પરંતુ એમાં ત્યાંના લશ્કરના સરદાર ગદાધરે વાંધો લીધો કે અત્રેના લશ્કરનો સરદાર તો હું છું અને મારી રજા સિવાય તમે કેમ લશ્કર તૈયાર કરવા માંડ્યું છે ? તમારે લશ્કર જોઈતું હોય તો મને કહેવું જોઈએ, પરંતુ ચાલુ પ્રસંગમાં તો તમારી માગણી અયોગ્ય જ છે, કેમકે શ્રીગોકુલનાથજી જો એમની ખુશી હોય તો માત્ર એક સંદેશો મોકલવાથી આવે છે, પરંતુ જો આવવા માગતા ન હોય તો એક લાખ ઘોડેસવારોનું લશ્કર પણ એમને લાવી શકે એમ નથી. તમે તો શું, પણ જ્યારે માલાના સંબંધમાં ખુદ બાદશાહ જોડે એમને વાતચીત થઈ ત્યારે એ પણ એમના પ્રતાપબળથી એવો તો અંજાઈ ગયો કે એનાથી એમને કાંઈ કહી શકાયું નહિ, તો પછી આ તમારું લશ્કર અને તમે એમને શું કરવાના છો ?

વંશગોપાલનું પાછું ફરવું :

સેનાપતિ ગદાધરદાસનું આવું બોલવું સાંભળી વંશગોપાલે શ્રીજીને પકડી

જવાનો ઈરાદો છોડી દીધો, એટલું જ નહિ, બીજે દિવસે એ પંડે એકલો શ્રીજીની બેઠકમાં જઈને બેઠો, એ સમયે શ્રીજી ભીતર હતા. વંશગોપાલના આવવાના ખબર મળતાં શ્રીજી બહાર આવ્યા અને એનો સત્કાર કરી આવવાનું પ્રયોજન પૂછ્યું ત્યારે એણે પણ સત્ય વાત કહી દીધી કે સંન્યાસી આપને મળવા માગે છે માટે-

> ''એક બેર ચાલો ઉહાં, બડાઈ દીજે હમકૂં. ૧૪૯''

ત્યારે શ્રીજીએ કહ્યું કે હાલ અમારે ત્યાં આવવાનું શું પ્રયોજન છે ? જરૂર પડ્યે વગર તેડ્યે જ આવીશું. વંશગોપાલના કાલાવાલા ન ગણકારતાં એને પ્રસાદ વગેરે આપી વિદાય કર્યો. જતી વખતે એના મનમાં શ્રીજીને માટે માન ઉત્પન્ન થયું. કેવો સ્વરૂપપ્રભાવ ! ફોજદાર થઈ પકડવા આવ્યો એ દીન થઈ યશ ગાવા લાગ્યો ! એણે સંન્યાસીની પાસે જઈને કહ્યું કે શ્રીગોકુલનાથજી જેવા પવિત્ર અને વેદમાર્ગ પ્રમાણે વર્તનાર મહાત્માને મારાથી કાંઈ પણ કેમ કહી શકાય ? એ સાંભળી ચિદ્રૂપ ક્રોધે ભરાયો અને

> '' તે બીજી ગાળ દઈય, અવગણના તે કીધી એહની
> મહાબલ લૈ આવ્યો નહિ અને વળી સ્તુતિ કરે છે તેહની. ૧૫૪
> જા ભલો ખપ કરે તો લઈ આવ્ય તેહને લહિ મને. ૧૫૫''

આ ઉપરથી વંશગોપાલ ફરીને ત્રીજે દિવસે શ્રીજી પાસે આવ્યો અને અત્યંત આજીજી કરી આપને ત્યાં પધારવા વિનંતી કરી. આપે ચોખ્ખી ના પાડી છતાં જ્યારે એણે કેડો મૂક્યો નહિ ત્યારે આપે એને તરછોડી કહ્યું કે :

શ્રીજીએ વંશગોપાલને ફરી પાડેલી ના :

> ''તું કોણ લે જાએ ઓર મેં આઉં ક્યોં તેરે લિયે,
> હમારો પ્રયોજન કહા એ વિચાર તું અપને જિયે. ૧૫૮
> ઉહાં આયકે કરિયે કહા, હમ કોને કાજકો આઈયે,
> ઈનસુ કછુ બાંટણો નહિ, જા કહે, હમ નહિ આઈયે. ૧૫૯''

વંશગોપાલનો આસુરાવેશ :

આવી રીતે જ્યારે એણે શ્રીજીનો ચોખ્ખો ઉત્તર સાંભળ્યો અને જોયું કે લઈ જવાય નહિ તો સંન્યાસીનો રોષ વધે ત્યારે એ અસુર પોતાના મૂળ સ્વભાવ પર ગયો અને એણે રીસથી શ્રીજીને કહ્યું કે તમે મારું કહેવું માન્ય રાખ્યું નથી, પણ એનાં ફળ કેવાં નીપજે છે એ હવે જોશો. આ સાંભળી આસપાસ ઊભા રહેલા સર્વ લોક ઘણા ગભરાયા અને એ સર્વે શ્રીજીને વિનંતી કરવા લાગ્યા કે

> ''મહારાજ, ત્યાં પધારીએ એક બાર જો એવું કરો,
> શ્રીજીએ કહ્યું ઉકતાત ક્યોં, તુમ શોચ કછુએ મતિ ધરો.
> એહ હમારો કહા કરેગો, કહીયને ખીજ્યા ઘણું. ૧૬૨''

સ્વજનોની વિનંતી તેમ વાત્સલ્ય :

સ્વપ્રભુને હઠ પર ચડેલા જોઈ વાત્સલ્યભાવથી જેમનાં હૃદય ઊભરાઈ જતાં હતાં તેવા નિજ જનોએ વિચાર્યું કે ગોકુલદાસ ભિતરિયાનું શ્રીજી માન રાખે છે તેથી એમની પાસે આપણે બે બોલ કહેવડાવીએ. આ ઉપરથી ગોકુલદાસને જઈને એઓએ ઉપર્યુક્ત સર્વ હકીકત કહી એમને શ્રીજી પાસે મોકલ્યા, પણ જ્યારે એમણે આપને સંન્યાસી પાસે પધારવા વિનંતી કરી ત્યારે પોતે કહ્યું કે જો બાદશાહ મને આ વિશે બોલાવશે તો જ હું એની પાસે જઈશ, મારે એ સંન્યાસી પાસે જવાનું કશું કારણ નથી. સ્વપ્રભુનો આ આગ્રહ જોઈ નિજ જનોને ભય લાગ્યો કે ગુસ્સે થયેલો વંશગોપાલ લશ્કર લઈ આપને પકડવા આવશે તેથી બધા આખી રાત આપની બેઠકમાં બેસી જ રહ્યા ! કેવું વાત્સલ્ય!

પણ નિજેચ્છા જાણવા કોણ સમર્થ છે ? પ્રભુનું સામર્થ્ય શું નથી કરી શકતું ? એમને માટે શું અશક્ય છે ? એમને ચિંતા શાની હોય ? આગ્રાના હાકેમ લશ્કરખાનની બુદ્ધિ ફરી, એને શ્રીજી માટે લાગણી થઇ અને જ્યારે એણે સાંભળ્યું કે વંશગોપાલ સંન્યાસીની ખટપટમાં પડી શ્રીજીને હેરાન કરે છે ત્યારે એણે એને પત્ર લખી આગ્રે બોલાવ્યો અને હુકમ કર્યો કે જો તમારે નોકરી કરવી હોય તો તાબડતોબ અત્રે હાજર થવું. હવે એ બિચારો શું કરે ? શ્રીજીને શી રીતે પકડે ? ઉપરીનો હુકમ થતાં એને એકદમ આગ્રે જવું પડ્યું અને સંન્યાસી ગુફામાં જ રહ્યો !

૬. સંપ્રદાયમાં માલાતિલકનું સ્થાન

ચિદ્રૂપના ગર્વનું કારણ :

વંશગોપાલના આગ્રે જવાથી શ્રીજીની માલા ઉતરાવવાનો ચિદ્રૂપનો યત્ન સહેજ નરમ પડ્યો, પણ તેથી કાંઈ એ હિંમત હારે એમ નહોતું. બાદશાહનું પોતાને બાબાજીના નામથી સંબોધન, પોતાની ઇચ્છા પ્રમાણે જ એણે માલા ઉતરાવવા માટે કરેલો હુકમ અને એના હુકમને અધીન થઈ રાજ્યના નાના મોટા સર્વ અમલદારોએ આપેલું માન, આ સઘળો અલભ્ય અને અતકર્ય વૈભવ યા સત્તા, આ એકદમ મળતાં ભલભલા માણસો મદાંધ બને તો પછી બીચારો ચિદ્રૂપ જેવો જગતનાં જૂઠાં માન, સત્તા અને બડાઈનો લોભી પુરુષ ફુલાઈને ફાળકો બને એમાં શી નવાઈ ? દોઢ રૂપિયાના મહિનાની સરકારી હવાલદારી મળતાં સિપાઈભાઈ સત્તાના તોરમાં લક્ષાધિપતિ શેઠિયાનું અપમાન કરતાં પાછા હઠે નહિ તો જહાંગીર જેવો મુઘલ બાદશાહ પણ જેની આજ્ઞાને અધીન થવા હરદમ તૈયાર રહેતો હોય તે માણસને પોતાની સત્તાનો મદ કેમ ન આવે ? વળી અધૂરામાં પૂરું પોતાના વર્ષફળમાં એણે ચૂડામણિનો યોગ જોયો અને અનુમાન કર્યું કે ત્રણ બાદશાહી સુધી કોઈ માલા ધારણ કરી શકશે નહિ. આ પ્રમાણે પોતાની આ પ્રબળ સત્તા ત્રણ પાદશાહી જેટલા લાંબા સમય સુધી ટકવાની આશા આવતાં નશામાં ચકચૂર થયેલાને શરાબના શોખી તરફથી એક વધુ નૂતન પ્યાલો મળ્યો. આ નૂતન પ્યાલાની એ સત્તાના નશામાં ઘૂમતા સંન્યાસી પર શી અસર થઈ ? નશાનો સ્વભાવ છે કે જે તરફ એ માણસ દોરાય તે કામમાં એ પોતાનું અસાધારણ સામર્થ્ય બતાવી આપે. આપણો સંન્યાસી એના નશાના ઘેનમાં વૈષ્ણવોની માલા ઉતરાવી એ ધર્મનો જડમૂળથી વિનાશ કરવા મંડ્યો અને એ વખતના પોલા રાજ્યકારભારે એના જેવા મર્કટને મદિરા પાઈ.

ચિદ્રૂપ ને અમલદારો :

બાદશાહ પાસે ચિદ્રૂપનું સારું વજન પડે છે એ વાત જેમ જેમ અમલદારોમાં ફેલાતી ગઈ તેમ તેમ એ લોકો કેવળ હુકમથી નહિ, પણ લોભને અર્થે પણ એની ખુશામત કરવા લાગ્યા. ખુશામત કોને ન ગમે ? એ તો ખુદાને પણ વહાલી છે ! આ પ્રમાણે રાજ્યના અમલદારો ચિદ્રૂપના હુકમોનો માનપૂર્વક અમલ કરવા લાગ્યા એટલે એ પણ રાજ્યનો મોટો અધિકારી હોય એમ વર્તવા લાગ્યો.

ચિદ્રૂપનું વૈષ્ણવમાર્ગ-વિષયક અજ્ઞાન :

શ્રીજી સાથે થયેલા શાસ્ત્રાર્થ પરથી એટલું તો સહેજ રીતે જણાઈ જાય છે

કે ચિદ્રૂપને શિવ અથવા તો વૈષ્ણવ માર્ગની ઊંડી માહિતી નહોતી, એટલું જ નહિ મોહવશ થયેલું મન વસ્તુનું યથાર્થ દર્શન કરી શકતું નથી તેથી અનેક દેવદેવીઓની પૂજા કરવાથી ચિત્ત ભ્રમિત થાય છે અને શ્રદ્ધા સ્ખલિત થાય છે એ પણ એનાથી સમજી શકાયું નહિ. કોઈ પણ સંપ્રદાયનું ખરું રહસ્ય એની બાહ્ય કૃતિઓમાં નહિ, પણ એના સિદ્ધાંતોમાં જ રહેલું છે એ વાત એને શી રીતે સૂજે ? વળી સંપ્રદાયની ભૂમિકા જે પ્રમાણમાં ઊંચી હોય છે તેટલા જ પ્રમાણમાં એના સિદ્ધાંતો ગૂઢ અને ઊંડા હોય છે. પરિણામે એ સિદ્ધાંતોનો ભેદ નહિ સમજાતાં અનેક સામાન્ય બુદ્ધિના મનુષ્યો એ માર્ગની કેટલીક ઉપલક ક્રિયાઓ જોઈ યા સાંભળી એ ઉપર અનેક આક્ષેપ કરે છે, પણ તેથી તો એઓ પોતાનું જ અજ્ઞાન પ્રકટ કરે છે. આવી જ રીતે ચિદ્રૂપે જાણ્યું કે વૈષ્ણવ માર્ગોનું કુલ રહસ્ય યા તત્ત્વ ફક્ત તુલસી કાષ્ઠની માલા અને ઊર્ધ્વપુંડ્ર તિલકરૂપ બાહ્ય ચિહ્નોમાં જ સમાયેલું છે.

બાહ્ય ચિહ્ન કુલ રહસ્ય હોઈ શકે નહિ :

જેમ દૂરથી દેખાતા કોઈ લશ્કરી વાવટાને એ લશ્કરનું રહસ્ય સમજવું એ જેટલું ભૂલ ભરેલું છે તેટલું જ વૈષ્ણવ માર્ગોના માલાતિલકરૂપ વાવટાને એનું કુલ રહસ્ય સમજવું એ ભૂલભરેલું છે. અત્રે કોઈ કહેશે કે જો માલાતિલક એક ફક્ત વૈષ્ણવ-માર્ગનું બાહ્ય ચિહ્ન છે તો એના રક્ષણ માટે શ્રીજી અને એમના પ્રભાવશાળી ભક્તજનોએ જહાંગીર જેવા પ્રતાપી બાદશાહ સામો આટલો ઝઘડો શા માટે કર્યો ? અરે, એટલું જ નહિ, એ ઝઘડામાં એઓ પોતાનાં તન મન અને ધન સુધ્ધાં અર્પણ કરી જરૂર પડે તો જીવ સુધ્ધાં આપવા તૈયાર થયા, પરંતુ માલા અને તિલક ઉતારવા ના જ પાડી એનું શું કારણ ?

વૈષ્ણવમાર્ગમાં માલા :

પ્રિય વાચક ! સબૂર ! પ્રશ્ન જેટલો યોગ્ય છે તેટલો જ ઉપયોગી છે, એ જેટલો વાસ્તવિક છે તેટલો જ મહત્ત્વનો છે અને એનો પ્રત્યુત્તર પણ યોગ્ય રીતે થવો જોઈએ. વળી આ પ્રશ્નની અગત્યમાં હાલ ખાસ વધારો થયેલો છે, કારણ કે અન્યમાર્ગીય આ પ્રશ્ન કરે એ તો ઠીક જ છે, પરંતુ આજકાલ તો વૈષ્ણવી દીક્ષા લીધેલા કિંતુ ભગવદિચ્છાથી અને કર્મબળે કાંઈક દુ:સંગ લાગવાથી સ્વમાર્ગીય સિદ્ધાંતોના જ્ઞાનથી તદ્દન અજાણ રહેલા એવા અનેક વૈષ્ણવ ભાઈઓ પણ માલાતિલકની જરૂરિયાત વિશે અનેક કુતર્ક ઉઠાવે છે અને એતન્માર્ગના સિદ્ધાંતોથી અજાણ એવા કેટલાક મનુષ્યોનાં વચનોને અનુસરી માલા તિલકને બાહ્ય ચિહ્નના બહાના નીચે દૂર કરે છે. એઓ કહે છે કે કપાળમાં તિલક અને કંઠમાં માલા ન પહેરે એ શું વૈષ્ણવ નથી ? શું માલા અને તિલક ધારણ કરવાથી જ વૈષ્ણવતા પ્રાપ્ત થાય છે ? જો એમ જ હોય એટલે કે વૈષ્ણવમાર્ગનું કુલ રહસ્ય માલાતિલક ધારણ કરવામાં જ હોય તો પછી એ માર્ગનું ગૂઢત્વ તેમ મર્મ અને વિશેષતા ક્યાં ? અને જો માલાતિલક ફક્ત બાહ્ય ચિહ્ન હોય તો એ કોઈ ધારણ કરે યા ન કરે એનાથી શું ?

આ પ્રમાણે વૈષ્ણવમાર્ગના ખરા અને ઊંડા સિદ્ધાંતોનું જ્ઞાન પોતાને છે અને

માલાતિલક એ કેવળ નકામાં નહિ, તો ફક્ત અજ્ઞાન મનુષ્યો માટે જ માર્ગનાં બાહ્ય ચિહ્ન છે એવો ડોળ કરી આજકાલના પોતાને સમજુ અને સુધરેલા કહેવડાવતા અનેક વૈષ્ણવ ભાઈઓ પોતાના જ હાથે માલાતિલક દૂર કરે છે, જ્યારે આગળ જોયું એમ માલાપ્રસંગ વખતે વૈષ્ણવો એને જ માટે પોતાના પ્રાણ સુધ્ધાં અર્પવા તૈયાર હતા. આનું કારણ શું અને એમાં વાજબી અથવા સમજુ કોણ ?

માલાતિલક ધારણ કરવામાં શરમ :

ખરું જોઈએ તો હાલ જેઓ બાહ્ય ચિહ્નના બહાના નીચે માલાતિલક ધારણ કરતા નથી તેઓ એ ધારણ કરતાં શરમાય છે, ખોટી રીતે શરમાય છે, પણ એઓ શરમાય એમાં નવાઈ શી ? નાનપણથી જ વિદ્યાર્થી-અવસ્થા પ્રાપ્ત થતાં દુઃસંગ, અન્યસંબંધ અને અયોગ્ય વસ્તુઓનું ખાનપાન શરૂ થાય છે તથા આમાંનું પ્રત્યેક, શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે એમ, હજારો વર્ષના સત્સંગ અને શુભ સંસ્કારોનો ઘડીભરમાં નાશ કરે એવું પ્રબળ છે તો પછી જ્યાં સંસ્કાર મળે જ નહિ, સત્સંગનું નામ માત્ર હોય નહિ અને જ્યાં એ સઘળાં સાથેલગાં આવી મળે વા પછી આપણાં વૈષ્ણવ બાળકોનાં વિદ્યાર્થી-અવસ્થાનાં કૂમળાં મગજ પર એમની કેટલી અને કેવી અસર થાય એનો વિચાર અમારા સુજ્ઞ વાચકોને જ સોંપીશું.

શાળાઓ માર્ગીય જ્ઞાન આપતી નથી :

આપણાં આ બાળકોને એમની સમજશક્તિ આવતાની સાથે જ અને એ પૂર્ણ રીતે ખીલી રહે ત્યાંસુધી આપણે એતન્માર્ગના સંસ્કાર અને જ્ઞાનથી રહિત શિક્ષકોના હાથમાં સોંપીએ છીએ. અલબત્ત, ચાલુ જમાનામાં વિદ્યાની પ્રાપ્તિ અર્થે એમ કર્યા સિવાય છૂટકો નથી, પણ ત્યાં એ બાળકોની માર્ગીય લાગણીઓનું શું થાય છે એ તપાસવાની એમનાં વડીલ અને માતાપિતા તરીકે આપણી પહેલી ફરજ છે. જે શિક્ષકોને આપણે આપણાં બાળકો સોંપીએ છીએ તેઓ તરફથી આપણાં બાળકોમાં વૈષ્ણવમાર્ગના કાંઈ પણ ઉત્તમ સંસ્કાર રોપવાની આશા રાખવી એ તો ગગનકુસુમવત્ છે, એ તો શિક્ષકો પોતે ઇચ્છે તોપણ બની શકે એમ નથી, કારણ કે આપણી સરકાર દેશમાં ચાલતા અનેક માર્ગોને લઈ કેળવણીની બાબતમાં તે તે માર્ગનું તટસ્થપણું જાળવવા માગે છે અને તેથી શાળાઓમાં માર્ગીય કેળવણીનો વિષય રાખ્યો જ નથી. આટલું છતાં માર્ગીય કેળવણી સિવાયની કેળવણી અપૂર્ણ છે એ સૂત્ર સર્વમાન્ય હોવાથી હાલમાં સરકારે નીતિશિક્ષણનો વિષય શાળાઓમાં દાખલ કર્યો છે અને એ દ્વારા માર્ગીય કેળવણીની ખોટ કેટલેક દરજ્જે પૂરી પાડવા માગે છે, પણ એમાં કોઈ પણ તે તે માર્ગ ઉપર અંગત હુમલા કરવાની યા કોઈની ખાસ પ્રસંશા કરવાની શિક્ષકોને ખાસ મનાઈ છે. ટૂંકમાં, માર્ગીય પ્રશ્નોમાં શિક્ષકોને મૂંગા રહેવાનો આદેશ છે તો પછી આપણાં બાળકો માર્ગીય સંસ્કાર પ્રાપ્ત કરશે એની શી આશા ?

બાળકોને માર્ગીય જ્ઞાનની જરૂર :

વારુ, તો હવે આપણાં બાળકોને આ સંસ્કારો પ્રાપ્ત કરવાનાં શું બીજાં કોઈ સાધન છે અને એ ન હોય તો એમાં દોષપાત્ર કોણ ? અલબત્ત, આપણે પોતે જ

એમનાં વડીલો ! પિતાઓ ! યા હિતચિંતકો ! આપણે એમનું હિત ક્યાં જોઈએ છીએ, એમને જોઈતાં સાધનો ક્યારે પૂરાં પાડીએ છીએ ? આવી સ્થિતિમાં નૈતિક અને માર્ગીય સંસ્કારોની અંધ દશામાં એમના કુમળાં મગજ પર જો એક વખત અન્ય માર્ગના અથવા અનીતિના સંસ્કારોની છાપ પડી તો પછી એ જન્માંતરે પણ કેમ ભૂંસાય અને ખરી વાત પણ શી રીતે સમજાય ? વળી શાળાઓ અને કૉલેજોમાં શિક્ષકો જાણ્યે અજાણ્યે એમનાં વ્યાખ્યાનોમાં એમના એતન્માર્ગીય સિદ્ધાંતોના અજ્ઞાનને લીધે એતન્માર્ગ ઉપર અનેક આક્ષેપો સામે પ્રત્યુત્તર આપવાનું જ્ઞાન પોતાને નહિ હોવાથી બાળકો એ આક્ષેપોને વાસ્તવિક ગણે એ પણ યોગ્ય જ છે. પરિણામે ધીમે ધીમે એતન્માર્ગ અને એના સિદ્ધાંતોનું ગૌરવ એમના મગજમાંથી ઘટી જાય એમાં નવાઈ શી ? આવા સંજોગોમાં આપણાં એ બાળકો તિલક અને માલા ધારણ કરતાં શરમાય એમાં શું આશ્ચર્ય ? જે શિક્ષકોને એઓ વધારે સમજુ અને વધારે જ્ઞાનવાન સમજે છે તથા જેમને માટે એમને પ્રેમ નહિ, તો માન તો છે જ, એમના મુખમાંથી માલા-તિલક એ નકામાં છે, ભારરૂપ છે, એ શોભામાં ઘટાડો કરે છે તથા એ તો મૂર્ખ માણસોને માટે જ છે વગેરે સાંભળે તો પછી એનો ત્યાગ કેમ ન કરે અથવા એ ધારણ કરતાં કેમ ન શરમાય ?

અને એક વખત જ્યાં કૂમળા મગજમાં આવા સંસ્કાર પડ્યા તો પછી એ નીકળે પણ કેમ અને કાઢે પણ કોણ ? આવી રીતે ઊછરેલા વૈષ્ણવો, યુવકો માર્ગને ન માને, વડીલોની માર્ગીય ક્રિયાઓની હાંસી કરે તથા શ્રીવલ્લભકુળના બાળકો તરફ માન તથા પ્રેમથી ન જોઈ શકે તો એમાં દોષપાત્ર કોણ ? અલબત્ત, આપણે જ. શરૂઆતથી જ આપણાં બાળકોમાં માર્ગીય સંસ્કાર પાડવાની દરકાર આપણે રાખી જ નથી અને દુઃસંગ, અન્યસંબંધ તથા અભક્ષ્ય ભોજનના મધ્યમાં એમને છોડ્યાં છે, તો પછી એઓ અવૈષ્ણવ યા તો વિમુખ બને એમાં આપણે કહેવું કોને ?

ઉપાય :

તો હવે આનો ઉપાય શો ? અલબત્ત, ઉપાય છે. દોષને માટે પશ્ચાત્તાપ જરૂરનો છે, પણ કેવળ પશ્ચાત્તાપ જ હિતકર નથી, એ દોષ સુધારી ભવિષ્યમાં થતી હાનિ અટકાવવી એ પ્રાપ્ત ધર્મ-ફરજ છે. આપણે કંઈ બાળકોને શાળાના, કૉલેજોના કે ઈતર જમાનાના બાહ્ય સંસ્કારોથી દૂર રાખી શકીએ એમ નથી, એટલું જ નહિ, એમ કરવું એ તો એક રીતે હાનિકારક જ છે. આપણે તો ફક્ત એમનો અવૈષ્ણવી સંસ્કારમાંથી બચાવ જ કરવાનો છે અને એ બચાવનું કામ પણ એઓ જાતે જ કરી શકે એવાં સાધનો એમને પૂરાં પાડવાનાં છે. આ સાધનો શી રીતે પૂરાં પાડી શકાય ? એમની બુદ્ધિનો વિકાસ થતાંની સાથે જ વ્યાવહારિક કેળવણીની સાથે સાથે જો એમને વૈષ્ણવમાર્ગના સિદ્ધાંતોનું જ્ઞાન એમની શક્તિના પ્રમાણમાં આપવામાં આવે એટલે કે જો એઓને માર્ગીય કેળવણી પૂરી પાડવામાં આવે તો માર્ગીય શુદ્ધ સિદ્ધાંતો સમજાતાં ઈતર વિરુદ્ધ સિદ્ધાંતો મગજમાં પેસશે નહિ અને આક્ષેપો સામે ઉત્તર આપવાની શક્તિ મળતાં એઓ અવૈષ્ણવ નહિ, પણ ચુસ્ત વૈષ્ણવ નીવડશે અને

પોતાના અન્ય અજ્ઞાની વૈષ્ણવ બંધુઓના રક્ષણનું કામ કરશે, એટલે કે હાલ કેળવાયેલા વૈષ્ણવ યુવકો જેમ પોતે જ અન્ય અજ્ઞાની, પણ શ્રદ્ધાળુ વૈષ્ણવો સામે પોતાના બુદ્ધિબળથી અનેક કુતર્કો ઊભા કરી એમની શ્રદ્ધાને ખંડિત કરવા તથા એમની નાની ભૂલોને પણ મોટા રૂપમાં દેખાડી એમના માર્ગીય જીવનમાં અનેક આક્ષેપો મૂકી એમની જગતમાં હાંસી કરવા જે અનેક પ્રયત્નો કરે છે તેને બદલે માર્ગીય કેળવણી પ્રાપ્ત કરેલા કેળવાયેલા યુવકો પોતાથી ઓછા જ્ઞાનવાળા વૈષ્ણવ બંધુઓની અંધશ્રદ્ધાનું ખંડન ન કરતાં એમને પોતાના જ્ઞાનનો પ્રકાશ આપી એમની ભાવનાઓને વધારે મજબૂત અને તેજસ્વી બનાવશે તથા એમની નાની ભૂલોને સુધરાવી એમના ઉચ્ચ માર્ગીય જીવનોને આગળ કરી જગતમાં એઓનું માન વધારવા સચોટ પ્રયત્ન કરશે. કેવો અજબ ફેરફાર! અવૈષ્ણવને બદલે ચુસ્ત કેળવાયેલા વૈષ્ણવો, દુશ્મનોને બદલે મિત્રો-સહાયકો-રક્ષકો !

કેળવાયેલા યુવક વૈષ્ણવો શું કરી શકે ? :

આવી રીતે માર્ગીય કેળવણી પૂરી પાડવાથી આપણો કેળવાયેલો વૈષ્ણવ જુવાનવર્ગ પોતાના વડીલોની તરફ માનની દૃષ્ટિથી જોશે, એટલું જ નહિ, એઓ પોતાના જીવનથી માર્ગનું ગૌરવ એની યથાસ્થિતિમાં લાવવા પ્રયત્ન કરશે અને અન્ય જ્ઞાનરહિત બંધુઓને એમના માર્ગમાં લુટારા થવાને બદલે એમના ઉદાર ભોમિયા તરીકે એમને સુરક્ષિત માર્ગે દોરશે.

માર્ગીય શાળાઓ ઉપરાંત ગૃહની માર્ગીય કેળવણી :

તો હવે પ્રશ્ન એટલો જ છે કે આપણાં બાળકોને માર્ગીય કેળવણી પૂરી પાડવા આપણે શું કરવું ? અલબત્ત, માર્ગીય શાળાઓ ખોલી, એમાં માર્ગના સિદ્ધાંતોનું યોગ્ય જ્ઞાન ધરાવનાર શાસ્ત્રીઓને રાખી આપણાં બાળકોને જ્ઞાન આપવું, પરંતુ શાસ્ત્રીઓની પસંદગીમાં જેમ બને તેમ કેવળ માર્ગીય સિદ્ધાંતોના જ્ઞાન તરફ જ દૃષ્ટિ ન રાખતાં એમની એ સિદ્ધાંતોની માન્યતા તેમ ભાવ તરફ વધારે લક્ષ આપવું જોઈએ. આવી રીતે આપણાં બાળકોને વૈષ્ણવી સિદ્ધાંતો સમજાય એટલું જ બસ નથી, પરંતુ ઘર આગળ પણ એમને આપણા સેવા વગેરેના નિત્ય નિયમોમાં ધીમે ધીમે દાખલ કરી એમને ઊઠતી શંકાઓનું યોગ્ય સમાધાન કરી એમનામાં શીખેલા સિદ્ધાંતોનો ભાવ દૃઢ કરવા બનતો પ્રયત્ન કરવો જોઈએ અને સેવાદિનો તો એવો અદ્‌ભુત ચમત્કાર જ છે કે એમાં સર્વને અને ખાસ કરીને નિર્દોષ બાળકોને જોતજોતામાં ભાવ ઉત્પન્ન થાય છે અને પછી એ સેવાનો અંગીકાર કરનાર પ્રભુ એ ભાવનું પોતાના સર્વ સામર્થ્યથી રક્ષણ કરે છે. વળી રાત્રે ભગવદ્વાર્ત્તા યા મંડળીમાં પણ એમને સામેલ કરી એ દ્વારા પણ એઓના ભાવનું સિંચન તેમ રક્ષણ કરવું. આ પ્રમાણે જો આપણે આપણાં બાળકોને માટે સાવધ રહીશું તો શાળા તથા અન્ય સંબંધના ઇતર સંસ્કારનું બળ ચાલશે નહિ. જો દુશ્મનનો હુમલો આવતાં પહેલાં આપણે એમને એમના રક્ષણ માટે માર્ગના સિદ્ધાંતોનું જ્ઞાન, સેવાનો ભાવ, તથા સ્વપ્રભુના આશ્રયરૂપ યોગ્ય હથિયારો પૂરાં પાડીશું અને એનો ઉપયોગ કરતાં

શીખવીશું તો આપણા એ બહાદુર યોદ્ધાઓ દુશ્મનોના ઇતર સિદ્ધાંતોનું ખંડન કરી સ્વમાર્ગનો વિજયધ્વજ દસે દિશ ઉડાવતા નિશ્ચિતપણે ચોમેર ઘુમશે. પછી કોની તાકાત છે કે આપણા એ એક નિષ્ઠાવાન પરાક્રમી વીરોને ઇતર સિદ્ધાંતોથી ભરમાવી અવૈષ્ણવ યા વિમુખ કરવા પ્રયત્ન સરખો પણ કરે ? અસ્તુ !

અત્યાર સુધી આપણે મુખ્ય પ્રશ્નને છોડી ઉપપ્રશ્નના સમાધાન અર્થે ફર્યા અને ભવિષ્યના ફાયદાનો વિચાર કર્યો, પરંતુ હવે આપણે આપણા મુખ્ય પ્રશ્ન પર આવીએ. પ્રશ્ન એ છે કે માલાતિલક જેવા માર્ગીય બાહ્ય ચિહ્ન માટે આટલો વિગ્રહ ઊભો કરવાનું શું પ્રયોજન ?

માલાતિલક સારુ ઝઘડો શા માટે ?

અલબત્ત, માલા ને તિલક એ એતન્માર્ગનાં બાહ્ય ચિહ્ન છે, એ એની વિજયપતાકા છે અથવા વૈષ્ણવનો એ ટ્રેડમાર્ક છે કે વૈષ્ણવી સિપાઈની એના સરકારે આપેલી ચપરાશ છે, પરંતુ આ શબ્દોથી એનું ગૌરવ ઘટતું નથી, અરે; ઊલટું વધે છે. ક્યા રણવિજયી યોદ્ધાને પોતાના લશ્કરી વાવટા માટે માન નહિ હોય ? ક્યો વીર પોતાના વાવટા માટે પ્રાણ આપતાં પાછી પાની કરશે ? ઇતિહાસના અભ્યાસીઓ ! તમારા ઇતિહાસનાં પાનાં ફેરવો અને તપાસો કે નેલ્સન, નેપોલિયન, શિવાજી; પ્રતાપ, વુલ્ફ વગેરે વીર નરોએ પોતાના વાવટાના રક્ષણ અર્થે કેવા ભગીરથ પ્રયત્નો કર્યા છે અને કેટલાય શૂરાઓએ એ માટે પોતાના દેહનું બલિદાન આપ્યું છે ! તો પછી વૈષ્ણવમાર્ગના વીરો એ માર્ગના વાવટાના રક્ષણ અર્થે માલાપ્રસંગનો ઝઘડો ઉઠાવે, પોતાના દેહ સુધ્ધાં આપવા તૈયાર થાય એમાં નવાઈ શી ? વાવટાનું રક્ષણ યા નાશ એ જ લશ્કરનું યા માર્ગનું જ રક્ષણ યા નાશ છે. લૌકિક વાવટા માટે પ્રાણ અપાય અને આપનારનાં નામ અમર થાય તો પછી માર્ગીય સિપાઈઓ સ્વમાર્ગના વાવટા માટે સર્વસ્વ અર્પણ કરે અને ઝઘડો મચાવે એમાં આશ્ચર્ય શું ?

માલા વૈષ્ણવનું જીવન છે :

વાવટો લશ્કરનું રહસ્ય નથી, એક લૂગડાનો કકડો છે, પણ ક્યો વીર યોદ્ધો એને લશ્કરના વિજય માટે નકામો યા ભારરૂપ ગણશે ? તો વૈષ્ણવમાર્ગના વાવટાને ક્યો વૈષ્ણવ બિનજરૂરી ગણી પોતાની પાસેથી દૂર કરવા ચાહશે ? લશ્કરનો વાવટો પકડવાનો અધિકાર પ્રાપ્ત થતાં વીર પોતાને ભાગ્યશાળી માને છે, તો વૈષ્ણવ માલાતિલક ધારણ કરવાનો અધિકાર પ્રાપ્ત થતાં પોતાનું અહોભાગ્ય માને અને એનું જીવની પેઠે રક્ષણ કરે એમાં શી નવાઈ ? વાવટાને ઊંચકનાર યોદ્ધો એ વાવટાને તિરસ્કારથી ફેંકી દે એની તરફ એ લશ્કરનો સરદાર અને અન્ય યોદ્ધાઓ રોષ કરે એમાં શક ખરો કે ? તો પછી વૈષ્ણવમાર્ગની જયપતાકારૂપ માલાતિલક દૂર કરનાર વૈષ્ણવ તરફ એ માર્ગનો નાયક-પ્રભુ ગુસ્સે થાય એમાં શો શક ? અલબત્ત, શુષ્ક ફિલસૂફ યાતો ભીરુ નામર્દને માટે જેમ લશ્કરી વાવટો લૂગડાનો કકડો છે, પરંતુ વીર યોદ્ધાને માટે તો એ એનું જીવન છે તેવી જ રીતે ચુસ્ત વૈષ્ણવ માટે માલાતિલક કાંઈ અવૈષ્ણવોની માફક કેવળ કુંકુમ અને તુલસીકાષ્ઠ નથી, પણ એનું જીવન છે,

પ્રાણ છે, સર્વસ્વ છે. શ્રીજી આજ્ઞા કરે છે એમ સર્વસ્વનું રક્ષણ સર્વસ્વથી થવું જોઈએ અને માલાપ્રસંગમાં તો એ પ્રભુએ પોતાની જાતે જ કરી બતાવ્યું.

નીતિમૂલક માર્ગીય શુદ્ધ આચરણમાં પણ યુદ્ધની માફક શૌર્યની અને હિંમતની ખાસ જરૂર છે. એમાં તો વીર અને શૂરાઓનું જ કામ છે કે

ટ્રેડમાર્ક :

''એ મારગ તો શૂરાનો, નહિ કાયરનું કામ જોને.'

વળી ઉત્તમ ધંધેદાર યા કારીગરને પોતાની બનાવટને માટે ટ્રેડમાર્કની કેટલીક **જરૂર** છે એ તો વીસમી સદીની કૂદકે અને ભૂસકે વધતી જતી નવી નવી શોધો અને બનાવટોના શોધકોને પૂર્ણ રીતે વિદિત જ છે. અલબત્ત, ટ્રેડમાર્ક એ કાંઈ એમની બનાવટોનું રહસ્ય નથી, છતાં એકનો ટ્રેડમાર્ક બીજો વાપરી શકતો નથી અને વગર રજાએ વાપરે તો કાયદાની રૂએ એને ગુનેગાર ઠરાવી સામો માણસ કોર્ટમાં એની સામે લડે છે અને સરકાર પણ આ લડતને વાજબી ગણે છે, તો પછી માર્ગીય ટ્રેડમાર્ક માટે વૈષ્ણવો જહાંગીર બાદશાહ સામો ઝઘડો કેમ ન મચાવે ?

ચપરાશ :

જો માલા તિલક એ વૈષ્ણવની એના સરકારે આપેલી ચપરાશ હોય તોપણ શું ? આપણી સુધારાની ટોચે પહોંચેલી સરકાર અને દુનિયા પરની સર્વ સરકારો પોતાના યોદ્ધાઓ યા સિપાઈઓ માટે ચપરાશની કેટલી અગત્ય ગણે છે ? શું કોઈ પણ અધિકારી પોતાના સિપાઈને ચપરાશ વિના કાંઈ પણ મહત્ત્વનું કાર્ય કરવા મોકલશે ? એક ત્રણ રૂપિયાના હવાલદારના બોલાવવાથી લાખોપતિ શેઠિયો મૂંગે મોઢે પોતાનું સર્વ કામ છોડી મૅજિસ્ટ્રેટની કોર્ટમાં હાજર થાય છે, પણ એ શાને લીધે ? શું એ શેઠિયો એ સિપાઈને કે એના શબ્દોને માન આપે છે ? એમ તો હોય જ નહિ. એને પોતાને ઘેર નોકર તરીકે એવા તો સેંકડો સિપાઈઓ હોય છે, પરંતુ એ એણે ધારણ કરેલી ચપરાશને તાબે થાય છે અને એને જ માન આપે છે, કારણ કે એ ચપરાશની માલેક ખુદ સરકાર પોતે જ છે, એટલે કે ચપરાશ ધારણ કરેલા સિપાઈનું કહેવું એ એનું પોતાનું નથી, પણ જેણે એને ચપરાશ આપી છે તેનું જ છે અને એ કહેવું જો માનવામાં ન આવે તો સરકાર પોતાના હુકમનો ભંગ થયેલો ગણે છે. આથી સિપાઈના હુકમને તાબે થવામાં શેઠિયો ખુદ સરકારના હુકમને તાબે થાય છે. આપણે સર્વ સરકારની ચપરાશવાળા સિપાઈના હુકમને તાબે થવા કાયદેસર બંધાયા છીએ. દાખલા તરીકે આપણે અમુક કામ કરીએ છીએ અને એ કાયદેસર છે, પરંતુ કોઈ મૅજિસ્ટ્રેટ જો આપણને એ કામ કરતાં રોકે તો એક વખત તો આપણે એને તાબે થવું જ પડશે, પછી ભલે કોર્ટમાં આપણે છુટી જઈએ, પરંતુ આપણને હુકમ કરનાર હવાલદાર યા અમલદાર જો એને આવશ્યક ડ્રેસ યા ચપરાશ સાથે ન હોય તો આપણે કાયદા પ્રમાણે એના હુકમને પાળવા બંધાયા નથી, કારણ કે ચપરાશનું જ માન છે, નહિ કે તે હુકમ કરનારનું પોતાની જાતનું !

ચપરાશની જરૂર :

તો હવે ચપરાશની સરકારને પોતાને તેમજ એના નોકરોને કેટલી જરૂર છે એ સમજવું ભારે નહિ પડે. શું કોઈ પણ પ્રતાપી સરકાર પોતાની આપેલી ચપરાશનું (અને એ દ્વારા પોતાનું) અપમાન થવા દેશે ? એમ બને જ કેમ અને બને તો એ સરકારનો અમલ પણ ચાલે જ કેમ ? વળી કયો સમજુ નિમકહલાલ અમલદાર એવું સ્વપ્નમાં પણ ધારી શકશે કે સરકારની આપેલી ચપરાશની જરૂર જ નથી અને એ સિવાય પણ હું તો મારાં સઘળાં સરકારી કામ મારી જ શક્તિથી યોગ્ય રીતે બજાવી શકીશ ? ચપરાશ માટે શું એને અભિમાન નહિ રહે ? શું એનું અપમાન એ પોતાના માલેકનું અપમાન નહિ સમજે અને એના રક્ષણ માટે શું એ પોતે પ્રાણ આપવામાં પાછો પડશે ? અલબત્ત, એની સ્વામી-ભક્તિમાં જેટલી કચાશ હશે તેટલી ભીરૂતા એનામાં પોતાની ચપરાશનું રક્ષણ કરવામાં આવશે તો પછી શ્રીજી (વૈષ્ણવોના સરકાર) પોતાની આપેલી ચપરાશનું શું અપમાન થવા દે કે અને શું વૈષ્ણવો પોતાના પ્રાણમાં પ્રાણ છતાં એને દૂર કરી પોતાના સ્વામીનું અપમાન થતું જોઈ શકે કે ? એવાઓ તો પછી વૈષ્ણવના નામને કલંકરૂપ જ ગણાય.

સૌભાગ્ય-ચિહ્ન :

વળી કેવળ પુષ્ટિભક્તિની દષ્ટિએ જોતાં માલા તિલક એ ભક્તજનોનાં સૌભાગ્ય-ચિહ્ન છે. કઈ સાધ્વી સ્ત્રી પ્રાણને વહાલો કરી પોતાનાં સૌભાગ્ય-ચિહ્નોને દૂર કરવાની વાત સરખી પણ સાંભળી શકશે અને કયો રસિક પતિ પોતાની પ્રાણપ્રિયાના સૌભાગ્ય-શૃંગારને દુષ્ટોના હાથે અપમાન થતો જોઈ શકશે ? તો રસિકેશ પ્રભુ જેણે પતિવ્રતાના પતિ એવું નામ ધારણ કર્યું છે તે સ્વજનોના શૃંગારના રક્ષણ અર્થે આ ઝઘડો મચાવે એમાં શક શો ? એ કરતાં કયું બીજું કાર્ય એવા રસિક પ્રભુ માટે વધારે મહત્ત્વનું ગણી શકાય ?

ઝઘડાની આવશ્યક્તા :

અમારા સુજ્ઞ વાંચકોને સમજાયું હશે કે માલાતિલક એ જોકે વૈષ્ણવ માર્ગનાં બાહ્ય ચિહ્ન દેખાય છે, એ માર્ગની વિજયપતાકા છે યા તો એમના સરકારની આપેલી ચપરાશ છે, આમ છતાં શ્રીજી અને એમના વૈષ્ણવો માટે તો એ એઓનું જીવન અને સર્વસ્વ હતાં તથા વૈષ્ણવ માત્રે એને એ પ્રમાણે ગણવાં જોઈએ, તો પછી હવે અમે ધારતા નથી કે કોઈ પણ સમજુ મનુષ્ય શ્રીજી અને એમના મહાનુભાવી ભક્તજનોએ માલાતિલક માટે જે ઝઘડો મચાવ્યો હતો તે કોઈ પણ રીતે અયોગ્ય, અનાવશ્યક, બિનજરૂરી કે અન્યાયી હતો એમ કહેવાની હિંમત કરશે. લશ્કરી વાવટાના રક્ષણ અર્થે યુદ્ધની, ટ્રેડમાર્કના રક્ષણ માટે કોર્ટમાં જવાની અને ચપરાશના રક્ષણ અર્થે ખોટો હુકમ પણ માન્ય કરાવવાની જેટલી જરૂર છે તેટલી જ અને કદાચ એનાથી વધારે, વૈષ્ણવમાર્ગના રક્ષણ અર્થે, એ ઝઘડાની જરૂર હતી.

ચુસ્ત ભક્તોનો ટેકો :

આગળ જણાવ્યા પ્રમાણે માલાતિલકને વૈષ્ણવ માર્ગનું કુલ રહસ્ય સમજી ચિદ્રૂપે

પોતાની પાસે આવતા અમલદારોને વૈષ્ણવોનાં માલાતિલક ઉતરાવવા આગ્રહ કરવા માંડ્યો અને એની ખુશામતના લોભી અમલદારો એની આજ્ઞાનું પાલન પણ કરવા લાગ્યા, આથી જેઓ વૈષ્ણવ નહોતા અથવા જેઓ માલાતિલકનું ખરું સ્વરૂપ સમજતા નહોતા અને જેઓ બાદશાહના અમલદારોની પજવણી સહન કરી શક્યા નહિ તે સર્વેએ માલા ઉતારી તિલક કરવાનું બંધ કર્યું, પરંતુ જે ઘણા શ્રદ્ધાળુ અને ભાવિક વૈષ્ણવો હતા તેમને ત્રાસ પડવા માંડ્યો એમ છતાં પ્રાણ જતાં સુધી સ્વહસ્તે માલાતિલક દૂર નહિ કરવાનું કઠણ વ્રત એઓએ ગ્રહણ કર્યું અને માર્ગના રક્ષણ અર્થે આવી પડે એ સર્વ સંકટ સહન કરવા કટિબદ્ધ થયા. પ. ભ. ગોપાલદાસજી લખે છે કે ઘણો જુલમ થતાં માર્ગ પંડે ત્રાસ પામ્યો અને નાશમાંથી બચવા માટે શ્રીજીને શરણે જઈ બોલવા લાગ્યો કે,

માર્ગીયોનો પોકાર :

''હાય, નાથ, હવે ઉગારિયે, એમ વિનતી કીધી ઘણી. ૨૧૯
શ્રીઆચાર્યજીની આજ્ઞા થકી, હું પ્રવર્ત્યો પૃથ્વીતલે,
સેવા અર્થ સાંપ્રત્ય થઈ, વિચર્યો તે રાજ તણે બલે. ૨૨૦
કલિયુગ તણાં કૌતક જોઈ હું ભય પામ્યો છું અહીં,
સામર્થ્ય મુજને રાખવાનું કોઈ માંહે દીઠું નહીં. ૨૨૧
ધર્મધુરંધર ઘર થકી, ધર્મના રક્ષક લહી,
હે નાથ ! ઉગારિયે, હું શરણ આવ્યો છું અહીં. ૨૨૨''

શ્રીજીએ માર્ગને આપેલું આશ્વાસન :

આ પ્રમાણે ક્યાંય આશ્રય નહિ મળવાથી શરણે આવેલા દીન અને દુઃખથી મરણતોલ થયેલા માર્ગને અંગીકૃત ગણી એનો આદર કર્યો અને આશ્વાસન આપી અભયવચન આપતાં શ્રીજી બોલ્યા :

''તું નીડર થઈ નિઃશંક રહેરે, તુને ચિંતા શી ઈહાં,
ઈહ, લોકમાં કો કહી શકે, તું વિચર ચૌદે લોક મહાં. ૨૨૫
અભયપદ એને આપીયું, ધૈર્ય દીધું અતિ ઘણું,
નિર્ભય થઈ નિઃશંક રહે રે, કોણ માત્ર છે એહ તણું. ૨૨૬''

ઉપર પ્રમાણે માર્ગને શાંત કરી બીજે દિવસે શ્રીજી શ્રીગિરિરાજ પધાર્યા. જતી વખતે પોતે ભક્તજનોને કહ્યું કે કછું ભય રાખનો નહિ :

''કોઉ ભાંતિકી ચિંતા નહિ, મેં કાલ ફિરીકે આઊંગો,
તુમ કોઉ માલા મતિ ઉતારો, સબકૂં મેં સમજાઊંગો. ૨૨૮''

૭. શ્રીજીનું મથુરાગમન અને માલા નહિ ઉતારવાનો દૃઢ સંકલ્પ

અશાંતિમાં ચાલતી વાયકાઓ :

જ્યારે જ્યારે દેશમાં રાજ્ય સંબંધી, ધર્મ અને માર્ગ સંબંધી અથવા નાત સંબંધી મોટી હિલચાલ જાગે છે ત્યારે એ વિશે અનેક વાયકાઓ ચાલે છે; જોકે આ વાયકાઓ તદ્દન પાયા વિનાની હોય છે તોપણ એને સાચી માની ભોળા માણસો અનેક સંકલ્પ-વિકલ્પ કરે છે અને એ ઉપરથી ભવિષ્યની સ્થિતિ માટે અનેક ભય કલ્પે છે. જે પ્રમાણમાં પ્રજા અજ્ઞાન અને ઓછી બુદ્ધિની છે તે પ્રમાણમાં આવા ગપાટા વિશેષ ફેલાય છે અને લોકો વધુ ભય પામે છે. ઇતિહાસના અભ્યાસીઓને તો સુવિદિત જ છે કે એ વખતે પ્રજાવર્ગનો ઘણો મોટો ભાગ તદ્દન અભણ હતો અને તેથી આવા બનાવો વારંવાર બને એ સ્વાભાવિક છે.

શ્રીજીના ગિરિરાજગમન વિશે વાયકાઓ :

શ્રીજી જોકે ફક્ત દર્શનાર્થે શ્રીગિરિરાજ પધાર્યા હતા, પરંતુ લોકો એ વિશે કાંઈ કાંઈ તર્ક બાંધતાં હતાં. કોઈ કહેતાં કે એ સંન્યાસીને મળવા ગયા છે, તો કોઈ કહેતાં કે એ બાદશાહનો માલા ઉતારવા સખ્ત હુકમ આવ્યો છે એ વિશે શું કરવું એની સલાહ લેવા માટે ગયા છે. વળી કોઈ તો એટલે સુધી કહેતાં કે બાદશાહના માણસોની બીક લાગવાથી પોતે શ્રીગોકુલ છોડી શ્રીગિરિરાજ પધાર્યા છે. આવા પાયા વિનાના તર્ક પર રચાયેલી અફવાઓથી ભોળા હૃદયનાં ઘણાં વૈષ્ણવોને ભય લાગ્યો કે પ્રભુની ગેરહાજરીમાં સંન્યાસીનાં માણસો આપણી માલા જબરાઈથી ઉતરાવશે તો આપણે શું કરીશું ? સર્વના મનનો ભય દૂર કરવા અને એમને પૂરી હિંમત આપવા એક સમજુ વૈષ્ણવે એમને શ્રીજીએ પધારતી વખતે કહેલાં વચન ફરીથી કહી સંભળાવ્યાં (''કાઉ ભાંતિકી ચિંતા નહીં......સબકૂં મેં સમજાઊંગો'' અને સર્વને શાંત પાડ્યાં, પણ સાંજે જ્યાં સુધી શ્રીજી પાછા પધાર્યા નહોતા ત્યાંસુધી સર્વના જીવ અધ્ધર હતા.

મસલતિયાઓનું શ્રીજી પાસે જવું :

શ્રીજી હજુ પણ માલા ઉતારતા નથી એ વાત જ્યારે ચિદ્રૂપે જાણી ત્યારે એ ઘણો ક્રોધે ભરાયો અને તેથી શેરખાન ફોજદાર, રોહિલા દાદુકા કોટવાલ, શકદાર કમરુદીન, રાજમલ કાનૂગા, ચતુર્ભુજ ચોધરી અને જેચંદ ચોબા વગેરે અધિકારી તથા શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોને આગ્રહપૂર્વક બોલાવ્યા. આવેલા સદ્‌ગૃહસ્થોને બાદશાહનું

નામ આપી સંન્યાસીએ કહ્યું કે બાદશાહના હુકમને માન આપી જોકે સર્વ લોકોએ માલા ઉતારી છે, પરંતુ એક ગોકુલનાથજી માલા ઉતારતા નથી માટે તમે એમને સમજાવીને માલા ઉતરાવો. અત્યાર સુધી મેં સઘળું સહન કર્યું છે, પણ હવે તો જો એઓ માનશે નહિ તો પછી મારે એમની સામે સખ્ત પગલાં લેવાં પડશે. આ ઉપરથી આવેલા ગૃહસ્થો પૈકી શકદાર અને કોટવાલ સિવાય સઘળા શ્રીજી પાસે શ્રીગોકુલ ગયા. ત્યાં શ્રીજીને નમન કરી સર્વ બેઠા અને શ્રીજીએ પણ સર્વનો આદરસત્કાર કર્યો. પછી એ ગૃહસ્થોએ શ્રીજીને વિનંતિ કરી કે આપ તો સમજુ છો, અમે આપને શું કહીએ ? પણ સંન્યાસી બાદશાહનો માનીતો છે અને એ હઠ પર ચડ્યો છે, માટે આપ એક વખત માલા ઉતારી એને માન આપો, પછી આપને પહેરવી હોય તો પહેરજો.

તેમને ઉત્તર આપતાં શ્રીજી બોલ્યા કે,

શ્રીજીનો ઉત્તર :

''યાકો હઠસો કહા કેસો કિન ભાંતિકો જાનિયે,
એ તો આપ વિકલ ભયો હે, ઈનકો કહ્યો કહા માનિયે. ૨૪૩
આજ માલાકો કહત હેં, કાલિ કહેગો જનેઉકો,
ધર્મ અપનેકે લિયે કહ્યો, કયોં કરે યાહિકો. ૨૪૪
હમારે ઈનકો કહ્યો કર્તવ્ય, નહીંએ કછુએ કરી.''

વૈષ્ણવો પર વિશેષ જુલમ :

આ પ્રમાણે આવેલા ગૃહસ્થોએ સાંભળ્યું. એઓ સમજ્યા કે શ્રીજી કોઈ પણ ઉપાયે માલા ઉતારવાના નથી તેથી એઓએ સંન્યાસી પાસે મથુરામાં જઈ એને સર્વ સમાચાર કહ્યા. આથી ચિદ્રૂપના ગુસ્સાનો પાર રહ્યો નહિ અને એણે ક્રોધાવેશમાં રાજ્યના સર્વ અમલદારોને વૈષ્ણવો પર જોર-જુલમ કરીને પણ એમની માલા ઉતરાવવા હુકમ કર્યો, આથી ચિદ્રૂપના હાથે પોતાનું બહેતર થશે એમ સમજી અમલદારો અને એમના તાબાના માણસો એની મહેરબાની મેળવવા માટે વૈષ્ણવોને અનેક રીતે પજવવા લાગ્યા, એટલું જ નહિ, પણ જેઓ માલા ઉતારવા આનાકાની કરતાં તેઓની માલાઓ જબરાઈથી તોડી નાખવા લાગ્યા.

શ્રીજીની સહનતા :

વળી બાદશાહનાં જૂઠાં ફરમાન દેખાડી એઓ કહેવા લાગ્યા કે ગોકુળ ગામને ઘેરો નખાશે અને અત્રે કોઈ રહી શકશે નહિ. આવી રીતે અનહદ જુલમ થવા લાગ્યો તોપણ શ્રીજી કાંઈ બોલ્યા સિવાય સર્વ સહન કરતા, કારણ કે પાપીઓનાં પાપનો ઘડો પૂરો ભરાવાની રાહ જોવાવી જ જોઈએ. પાંડવોની સભામાં શિશુપાલ શ્રીકૃષ્ણને ગાળો દેતો હતો. એણે જ્યાંસુધી સો ગાળો દીધી ત્યાં સુધી પ્રભુ મૂંગા જ રહ્યા, પણ જ્યાં એ એનાથી આગળ વધ્યો-એટલે કે એનો પાપનો ઘડો ભરાયો-એટલે પ્રભુએ એનો તૃણવત્ નાશ કર્યો. એવી જ રીતે અત્રે પણ શ્રીજી ધૈર્યથી વાટ જોતા હતા અને એ દ્વારા સ્વજનોને શિક્ષા આપતા હતા કે માર્ગના રક્ષણ અર્થે જે કાંઈ દુઃખ પડે તે સઘળું સહન કરવું, પણ દેહાંત સુધી માર્ગ છોડવો નહિ.માર્ગને માટે

પણ સત્યાગ્રહ જ રાખવો, એટલે માર્ગના રક્ષણ અર્થે બંડ વગેરે નિંદક ઉપાયો ન યોજતાં પોતાની જાતે સર્વ સહન કરવાનો આગ્રહ રાખવો. આમ થાય તો અંતે પ્રભુ રક્ષણ કરશે. આ ઉપરથી સમજાશે કે આજકાલ દેશના ઉદય માટે શ્રી મોહનલાલ કરમચંદ ગાંધી જે સત્યાગ્રહની લડાઈ ચલાવવા માગે છે તે સત્યાગ્રહનું જ તત્ત્વ શ્રીજીએ પોતાના ભક્તોને માર્ગના રક્ષણ અર્થે સૂચવ્યું હતું.

શ્રીજીને પકડવાનો વિચાર :

એવામાં એક વખત શ્રીજી શ્રીગિરિરાજ પધાર્યા. એ સાંભળી સંન્યાસીના માણસોએ એઓ ગિરિરાજથી પાછા ફરે એ વખતે રસ્તામાં બાદશાહના હુકમનું બહાનું કાઢી એમની માલા બળથી ઉતરાવવાનો વિચાર કર્યો.

આ વાત મથુરામાં જાદવરાય નામનો એક વૈષ્ણવ રાજ્યદ્વારમાં નોકર હતો એના સાંભળવામાં આવી ત્યારે એણે એક વૈષ્ણવ સાથે એ સમાચાર શ્રીગોકુલ મોકલ્યા. એ વૈષ્ણવે આવી શ્રીગોપાલને સર્વ સમાચાર કહ્યા એટલે શ્રીગોપાલે એક પત્રમાં સર્વ હકીકત લખી એ પત્ર શ્રીજીને મોકલ્યો, પરંતુ શ્રીજી સર્વ ભેદ જાણતા હોવાથી એ પત્રથી યત્કિંચિત્ પણ ડર્યા સિવાય ગિરિરાજથી પાછા ફરતાં મથુરામાં થઈ શ્રીગોકુલ આવ્યા તોપણ કોઈએ આપની સામે દૃષ્ટિ સરખી પણ કરી નહિ.

માલા નહિ ઉતારવાનો કરેલો નિશ્ચય :

આટલું છતાં દિવસે દિવસે ત્રાસ અને ભય એટલાં વધવા લાગ્યાં કે સ્ત્રી પુરુષ સર્વ વૈષ્ણવ જન શ્રીજીને માલા ઉતારવાનો આગ્રહ કરવા લાગ્યાં. એના જવાબમાં શ્રીજીએ ગુસ્સાથી કહ્યું કે ચિદ્રૂપ તો શું, પણ કદાચ બાદશાહ જાતે કહેશે તોપણ

“માલા કબહું ન ઉતારિ હું, સુનિ યહવ્રત હમ દૃઢ ગ્રહ્યો. ૨૭૪”

કાંકરો ઊડે, પણ પર્વત ન ઊડે :

એવામાં કોઈ એક વૈષ્ણવે શ્રીજીને કહ્યું : મહારાજ ! શું થશે ? કાલ વિપરીત આવ્યો છે. ત્યારે શ્રીજીએ કહ્યું : કહા હોયગી ? જો હોઇગી સો શીર્ષ પે. એણે કહ્યું કે આજકાલ તો વા વાય છે ત્યારે કાંકરા પણ ઊડે છે ત્યારે શ્રીજીએ કહ્યું કે “કાંકરા ઊડે, પણ પર્વત તો કબહુ ઊડે નાહીં.” એવામાં ગોપાલભાઈ સુતારે આવી શ્રીજીને નાહવાની ગરુડાસનની ચોકી સમર્પી. એ ઉપર બેસી શ્રીજી સ્નાન કરવા લાગ્યા ત્યારે કોઈએ કહ્યું કે હમણાં એ ચોકી રાખી મૂકો, કારણ કે સંન્યાસી આવી વૈભવની વાતો જાણશે તો નવી ઉપાધિ ઉઠાવશે. ત્યારે શ્રીજીએ કહ્યું કે કોઈ બીજો ઉપાધિ શું કરશે ? ને હોય તો ભલે હોય.

વળી જ્યારે શ્રીજી ગુજરાત પધાર્યા તે વખતે મહાનુભાવી વડા માધવદાસે અનુભવબળથી ત્યાંના વૈષ્ણવોને કહ્યું હતું કે,

માલા પ્રસંગ વિશે ભવિષ્ય :

“માલાનો એક મામલો મોટો, તે પડશે આવીને,
તે શ્રીવલ્લભજી થોભશે, જીવો તે જોજો ભાવીને. ૨૯૧”

તથા શ્રીગુસાંઈજીના સેવક મુકુંદદાસે પણ કહ્યું હતું કે,
''ઊઠશે ઉત્પાત માલા સંબંધી એક અતિ ઘણો,
રાખશે શ્રીગોકુલનાથજી એ કુંવર વિઠ્ઠલજી તણો. ૨૯૩''

સંન્યાસીનો નાશ કરવા વૈષ્ણવોની તીવ્ર લાગણી તથા શ્રીજીનો અટકાવ :

સંન્યાસીના ત્રાસથી વૈષ્ણવો એટલા તો હેરાન થયા હતા કે એઓ કોઈ પણ ઉપાયે એનો ઘાટ ઘડવા તૈયાર થઈ ગયા. આવા અધર્મી દુષ્ટને કોઈ પણ રીતે હણવો જોઈએ એમ એઓને લાગ્યું અને એમ કરવામાં પાપ નથી એ પણ સત્ય જ છે છતાં શ્રીજી માર્ગરક્ષક અને પ્રાણી માત્રના પાલક એમને એવાં કામોમાંથી રોકતા. એક સમય જ્યારે શ્રીજીની બેઠકમાં સર્વ સમાજ મળ્યો હતો તે વખતે સંન્યાસીના અનહદ જુલમની વાત નીકળતાં સઘળા કકળવા લાગ્યા અને દુઃખાવેશમાં એ સંન્યાસીનો નાશ કરવાની જુદી જુદી યુક્તિ બતાવવા લાગ્યા. કાવીઠાના (ધોળકા પાસે) પ્રાગદાસે કહ્યું કે કહો તો હું એના શિરનું છેદન કરું. એક પહોરુએ કહ્યું કે એક પહોર સુધી હું જલમાં રહી શકું છું અને તેથી જ્યારે એ દુષ્ટ નાહવા આવે એટલે એને ઊંડા પાણીમાં ખેંચી જઈ ડુબાડી દઉં. આ આવેશ-ભરેલી વાતચીત જ્યારે શ્રીજીએ ભીતરથી સાંભળી ત્યારે પોતે એકદમ બહાર પધાર્યા અને સર્વ વૈષ્ણવોને આજ્ઞા કરી કે તમારે કોઈએ કદી આવા વિચાર કરવા નહિ. જો તમે મને ચાહતા હો તો હું જે પ્રમાણે સહન કરું છું તેમ તમે પણ જે જે દુઃખ દે તે સર્વ સહન કરો. જ્યારે એના પાપનો ઘડો ભરાશે ત્યારે પ્રભુ સ્વતઃ એને શિક્ષા કરશે, માટે હવેથી કાંઈ બબડ્યા સિવાય સર્વ સહન કરો. પ. ભ. ગોપાલદાસજી યોગ્ય કહે છે કે :

'સહન સહન એ વલ્લભની વાણી છે.'

વળી જો મથુરાવાસી વૈષ્ણવોને અતિશય પીડા હોય તો એમણે શ્રીગોકુલમાં આવી રહેવું. આજ્ઞાધીન સેવકોને પ્રભુનો હુકમ થયો પછી પૂછવું શું ? સર્વેએ સર્વ કુતર્ક છોડી દીધા.

સારંગપાણી તથા ઉદેરામને ચિદ્રૂપની ધમકી :

માલાતિલકની આ રકઝકમાં લગભગ ચાર માસ વીતી ગયા અને સં. ૧૬૭૭ ના મહા સુદિ ૫. (વસંતપંચમી) ગઈ તોપણ શ્રીજીએ તો માલા ઉતારી નહિ, તેથી સંન્યાસીએ મથુરાના શકદાર સારંગપાણી તથા કોટવાલ ઉદેરામને બોલાવી એમને કહ્યું કે આજકાલ કરતાં ચાર માસ થઈ ગયા તોપણ ગોકુલનાથજીની તમે માલા ઉતરાવતા નથી તો પછી બાદશાહને તમે એ વિશે શો જવાબ આપશો ? તમારો હુકમ ગોકુલનાથજી માને નહિ તો પછી તમો હાકેમ શાના ? હૂકમ ન માને તો બળથી ઉતરાવો. સંન્યાસીનાં આ વચન સાંભળી ભયથી ધ્રૂજતા એ બંને અમલદારો સવારોને સાથે લઈ શ્રીગોકુલ ગયા.

એઓનું શ્રીજી પાસે જવું :

પ્રથમ કોટવાલ શ્રીજી પાસે ગયો. એને શ્રીજીએ આવવાનું પ્રયોજન પૂછ્યું ત્યારે એ દુષ્ટ કપટ કરી જૂઠું બોલ્યો કે હું કામ પ્રસંગે મહાવન આવ્યો હતો અને ત્યાંથી સહેજ અત્રે આવ્યો છું, પરંતુ સત્યરૂપ, સત્યાત્મા, અંતર્યામી પ્રભુ પાસે એનું

જુઠું કેટલો વખત નભે ? જ્યારે એ મૂઢે કહ્યું કે હું તો ફક્ત ગોકુલના તમાસા જોવા આવ્યો છું, ત્યારે શ્રીજીએ માર્મિક શબ્દોમાં કહ્યું કે,

“તમાસા મથુરામેં, કેશવરાયકે ઉહાં દેખિયે,
ઇહાં તો હે ઘર હમારો, તમાસો કહા પેખિયે. ૩૩૪”

છેવટે કોટવાલે કહ્યું કે બાદશાહની મનાઈ છે છતાં આપ માલા કેમ પહેરો છો ? જો તમને બાદશાહે માલા પહેરવાની રજાનો લેખ કરી આપ્યો હોય તો એ બતાવો.

“ત્યારે ઉગ્ર પ્રતાપે બોલ્યા, હમ તો પહેરતહેં સદા. ૩૩૮
સાત શાખા ભઈ હમારે, આદિ તેં ચલી આઈ હેં,
લિખે પર પહેરતે નહિ, જો લિખ્યો આની દિખાઈયે. ૩૩૯”

લેખી હુકમની માગણી :

વળી શ્રીજીએ કહ્યું કે માલા ન પહેરવાનો બાદશાહનો લેખી હુકમ થયો છે જ ક્યાં ? જો તમારી પાસે હોય તો બતાવો. અમારે કેવળ માલાની તકરાર નથી, પંચાયતની પૂજાની તકરાર છે અને એ અમારે દેશાધિપતિ સાથે વાતચીત થઈ ચૂકી છે.

પ્યાદાનો ફિટકાર :

શ્રીજી અને કોટવાલ વચ્ચે આ રકઝક થઈ : હતી એવામાં એક પ્યાદાએ પાસે બેઠેલા દામોદર ભટ્ટના કંઠની માલા પર હાથ નાખ્યો, પણ માલા હાથમાં આવી નહિ અને દામોદર ભટ્ટ ત્યાંથી અટારી પર નાસી ગયા. એ વખતે ત્યાં ઘણો શોરબકોર થઈ રહ્યો ત્યારે શ્રીજીએ સર્વને શાંત કરી કોટવાલ અને એના માણસો સામે ક્રોધયુક્ત નજર કરી એમને કહ્યું કે ભીરુઓની માફક તમે એ વૈષ્ણવોને શા માટે પજવો છો ? પોતાની માલા બહાર લાવી શ્રીજીએ કહ્યું કે આ મારા કંઠમાં માલા છે, તમારે જે કહેવું હોય તે મને કહો, વૈષ્ણવોને શા માટે હેરાન કરો છો ? ત્યારે કોટવાલે કહ્યું કે જો આપ ભલું ઇચ્છતા હો તો સંન્યાસીના કહેવા પ્રમાણે કરો.

“શ્રીજીએ કહ્યું, સંન્યાસીકો કહ્યો હમ કબહું ના કરે.”

શકદારનો બોધ :

એ ઉપરથી કોટવાળે શ્રીજીને કહ્યું કે જો એમ જ છે તો શકદાર આવ્યા છે તેમને મુકામે આપ પધારો, તેથી શ્રીજી ત્યાં પધાર્યા. ત્યારે શકદારે કહ્યું કે આપ જેવા શાણા માણસોએ જહાંગીર જેવા હઠીલા અને ક્રોધી બાદશાહ સામે હઠ કરવી એ સારું નથી. બાદશાહ સંન્યાસીના કહેવા પ્રમાણે અક્ષરે અક્ષર કરે છે અને જહાંગીરના રાજ્યનો વિસ્તાર પણ સમુદ્ર પર્યંત છે તો એનું રાજ્ય છોડીને પણ તમે ક્યાં જશો ? માટે ડહાપણ વાપરી, માલા ઉતારવાનો વિચાર કરી મારી સાથે સંન્યાસી પાસે ચાલો.

શ્રીજીનો પ્રત્યુત્તર :

ત્યારે શ્રીજીએ કહ્યું : મારે એની પાસે આવવાનું શું પ્રયોજન છે ? હું ત્યાં આવીને શું કરીશ ? શાસ્ત્ર પ્રમાણે વાતચીત કરવા તો એ ઇચ્છતો જ નથી, એમ છતાં જો એ શાસ્ત્રાર્થ કરવા માગતો હોય તો વિષય અને દિવસ નક્કી કરી મને ખબર આપો એટલે હું ખુશીથી ત્યાં આવીશ, પરંતુ સત્ય વાત તો એટલી જ છે કે એને શાસ્ત્રાર્થ કરવો જ નથી, કેમ કે એને એ વિશેનો અનુભવ સુધ્ધાં પણ થઈ ગયો છે કે એમાં પોતે ફાવી શકે એમ નથી. અમારા પિતામહ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ એના માયાવાદનું સંપૂર્ણ રીતે અનેક પ્રસંગે ખંડન કર્યું છે અને પોતાનો અખંડ બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત મત) શુદ્ધ રીતે પ્રતિપાદિત કર્યો છે તેથી શાસ્ત્રોના આધારે ધર્મયુદ્ધ કરવા એ ઇચ્છતો નથી. વળી બાદશાહે જો કે એના આસુરી મંત્રપ્રભાવથી અંજાઈ જઈ એક વખત એને વચન આપ્યું છે અને એ વચનના બળે એ સર્વ કોઈની માલા ઉતરાવવા માગે છે તોપણ જ્યારે બાદશાહને પોતાની ભૂલ સમજાશે ત્યારે એ પોતાના વચનને વળગી રહેશે એવું ભાગ્યેજ માની શકાય. પ્રભુની કૃપાથી ઘણા ભાગે હું બાદશાહને મોહમાંથી દૂર કરી એની ભૂલ એ સમજી શકે તથા સંન્યાસીનું ખરું ચારિત્ર્ય બહાર પડે એવી કોશિશ કરી શકીશ, તેથી એ બાબતમાં મને કાંઈ ચિંતા નથી. ધર્મમૂલકમાર્ગનું પાલન એ જ મનુષ્યજીવનનનો હેતુ છે અને આ અનિશ્ચિત જગતમાં જ્યારે વસ્તુ અને નામ માત્રનો નાશ થાય છે ત્યારે કેવળ ધર્મમૂલક માર્ગ જ અચલ છે, તો આવા અચલ ધર્મમૂલકમાર્ગને કયો સમજુ પુરુષ ડર ધમકી અથવા તો લૌકિક હાનિ કે લાભ અલાભના ભયથી તજી દેશે ? ધર્મ ગયા પછીનું જીવન જ વ્યર્થ છે તો પછી જીવવાની ખાતર પણ ધર્મમૂલક માર્ગ છોડવો એ કેવળ મૂર્ખાઈ અથવા ભીરુતા છે. જ્ઞાની માણસોનો ધર્મમૂલક માર્ગ તો એમના જીવનની સાથે એવો તો ઓતપ્રોત થઈ ગયેલો હોય છે કે એને એમના પ્રાણથી જુદો પાડી શકાય જ નહિ. વળી ધર્મમૂલક માર્ગના ઉત્પાદક નિયંતા અને રક્ષણકર્તા, સર્વ બાદશાહોના બાદશાહ, પ્રભુ પોતે છે તો એમણે બતાવેલા માર્ગને એક ક્ષુદ્ર અને ક્ષણભંગુર દેહવાન બાદશાહના ડરથી તજવો એ કેવળ અનુચિત જ છે, તેથી ઘણો ઊંડો વિચાર કરી મેં ચોક્કસ નિર્ણય કર્યો છે કે પ્રાણાંતે પણ હું મારો માર્ગ છોડીશ નહિ અને એ સંન્યાસી પાસે પણ હાલ આવીશ નહિ.

બાદશાહ પાસે જવાની હા :

જ્યારે શ્રીજીએ ચિદ્રૂપ પાસે જવાની શકદારને ચોખ્ખી ના પાડી ત્યારે એણે આપને બાદશાહ પાસે જવા કહ્યું. શ્રીજીએ એ વાત કબૂલ કરી એટલે શકદારે એમને તરત સાથે થવા કહ્યું. ત્યારે શ્રીજી બોલ્યા કે હું કાંઈ યોગી વેરાગી નથી કે તરત આવી શકું, મારે તો તમારી સાથે આવવા માટે કેટલીક તૈયારી કરવી પડશે અને એને માટે મારે ઓછામાં ઓછા ૨૦ દિવસ જોઈશે. આથી શકદાર ગભરાયો અને એણે કહ્યું કે તમે શું કરવા માગો છો ? ચિદ્રૂપની પાસે આવવાની ના કહો છો અને બાદશાહ પાસે આવવા માટે દિવસ તૈયારીના જોઈએ છે ત્યારે તમારે તો

બાદશાહ પાસે અમારો જ ઘાટ ઘડાવવો છે ? જો તમે માલા ઉતારી નથી એવી ફરિયાદ સંન્યાસી બાદશાહને કરશે તો એ અમારો જ કૂચો કાઢી નાખશે, માટે એક વખત અમારી ખાતર પણ સંન્યાસી પાસે ચાલો, કારણ કે બાદશાહ પાસે જવામાં તો ઘણો વખત જોઈશે.

શકદારની માગણીનો સ્વીકાર :

આ પ્રમાણે શકદારનો વિવેકભર્યો આગ્રહ જોઈ શ્રીજીએ સંન્યાસી પાસે જવાનું કબૂલ કર્યું અને શકદારને કહ્યું કે ચાલો, હું ઘેર જઈ, વસ્ત્ર પહેરી ચિદ્રૂપ પાસે આવું છું અને મારે જે કહેવું હશે તે એને જ કહીશ.

શ્રીજીને બારોબાર મથુરા લઈ જવાની યુક્તિ :

પરંતુ આ સાંભળી કોટવાલે વિચાર કર્યો કે હું લશ્કરની જાગીરમાંથી સર્વ હિંદુઓના મુકુટમણિ અને વૈષ્ણવોના પ્રાણરૂપ ગોકુલનાથજીને લઈ જવા માગું છું, પરંતુ જો એમાં વાર થશે અને વખતે આસપાસના મેવાસીઓને ખબર આપી બોલાવવામાં આવશે તો પછી મારું જ કાટલું નીકળી જશે અને હું ફજેત થઈશ, તેથી ગોકુલનાથજી ઘેર ગયા સિવાય જ પરભાર્યા ચિદ્રૂપ પાસે આવે એવી યુક્તિ કરવી જોઈએ, તેથી નમ્રતાપૂર્વક શ્રીજીને એ વિશેની વિનંતી કરી. શ્રીજીએ પણ ઈચ્છાનુસાર એ કબૂલ રાખી અને બારોબાર ચિદ્રૂપ પાસે જવા તૈયાર થયા.

મોટાભાઈ :

શ્રીજી કોટવાલ તથા શકદાર સાથે શ્રીઠકરાણી ઘાટે પધાર્યા. ત્યાં એક મોટાભાઈ નામના ગરાસિયા વૈષ્ણવે આપને જોયા. એણે ધાર્યું કે શકદાર, કોટવાલ અને એમનાં માણસો શ્રીજીને હેરાન કરતા હશે અને માટે એમને તો મારી આ લટકતી તલવારથી પૂરા જ કરું.

''એકએકને જીવતા જાવા આજ હું દેઉં નહિ,
અંત આણું એહનો એમ વિચાર્યું મનમાં અહીં. ૩૬
રજપૂત શાનો આજ હું, કાજ નહિ આવું એહ સમે,
હું ઊભે લઈ જાય તો, જગદીશને કેમ ગમે. ૩૬૯''

આવા વિચારોમાં લીન થયેલા મોટાભાઈએ મૂછ પર હાથ નાખી પોતાનું વીરત્વ સૂચવ્યું એટલામાં શ્રીજીની નજર એના ઉપર પડી અને જોયું તો આંખમાં અત્યંત ક્રોધ જણાયો.

''ત્યારે સેન કરી સમજાવિયા, એસી કરત હો કાયકો,
વૈષ્ણવને તેડી કહ્યું : લેઈ જાવો ઘેર તુમ યાહીકો. ૩૭૦''

શ્રીજીને કોટવાલ તથા શકદાર મથુરા લઈ જાય છે એવા સમાચાર સર્વ નગરમાં જોતજોતામાં ફેલાઈ ગયા અને તેથી પહોરુવા વગેરે હથિયાર સજી શ્રીજીને છોડાવવા માટે આવી પહોંચ્યા, પરંતુ શ્રીજીએ એ સર્વેને સમજાવી પાછા મોકલ્યા અને પોતાના સર્વ બાલકોને પણ કહેવડાવ્યું કે કોઈ ત્યાં આવે નહિ.

ઠાકુરાણી ઘાટ :

ઠકુરાણી ઘાટે નાવ આવતાં વાર લાગી તેથી શકદાર વગેરેએ જે ઘાટે નાવ ઊભું હતું ત્યાં જવા વિચાર કર્યો અને શ્રીજીને પણ ત્યાં પધારવા વિનંતી કરી. શ્રીજી પાસે વાહન નહિ હોવાથી શકદારે પોતે પગે ચાલી એમને પોતાનો ઘોડો આપવા કહ્યું ત્યારે શ્રીજીએ જણાવ્યું કે અમારે ઘોડાની જરૂર નથી, અમને ચાલવાનો અભ્યાસ છે, પણ આપ ચાલો તેથી અમારું ખોટું દેખાય, એમ કહી આગ્રહથી શકદારે શ્રીજીને પોતાનો ઘોડો આપ્યો. શ્રીજી સાથે આ વખતે એમના લઘુ બંધુ શ્રીઘનશ્યામજી (શ્રીગુસાંઈજીના સાતમા લાલજી) પણ હતા. એમને કોટવાલે પોતાનો ઘોડો આપ્યો. આ પ્રમાણે શ્રીજી તથા શ્રીઘનશ્યામજી શકદાર અને કોટવાલના ઘોડાઓ પર સવાર થઈ નાવ પાસે ગયા અને શકદાર, કોટવાલ તથા એમના માણસો એમની પાછળ પગે ચાલતા ગયા.

શ્રીજીની સાથે જવા વૈષ્ણવોનો આગ્રહ અને સહનતા :

આ દરમ્યાનમાં જે જે વૈષ્ણવોને આ બીનાની ખબર પડી હતી તે સઘળા ત્યાં આવી પહોંચ્યા હતા અને જોકે શ્રીજી ઘણાઓને સમજાવી પાછા વાળતા હતા તોપણ એઓ જતા નહિ અને વળી વળીને સાથે થતા નાવ પાસે આવતાં હાકેમના સિપાઈઓ સર્વ વૈષ્ણવોને દૂર કરવા લાગ્યા અને જે લોકો વાળવા છતાં પણ ગયા એમને પોતાની છડીઓનો સ્વાદ પણ ચખાડવા લાગ્યા. આવી રીતે માર પડવા છતાં પણ કેટલાક વૈષ્ણવો નાવ સુધી પહોંચ્યા, પરંતુ કોઈને નાવ ઉપર ચડવા દીધા નહિ. છેવટે દામોદરદાસ તથા વિશ્રામ કારડિયો રાજપૂત કાંઈ યુક્તિ પ્રયુક્તિ કરી શ્રીજી પાસે જઈ પહોંચ્યા. એમના સિવાય એ વખતે શ્રીજી પાસે બીજો કોઈ વૈષ્ણવ હતો નહિ, એ છતાં થોડી વારમાં જ્યાં શકદારના માણસોને ખબર પડી કે તરત જ એમણે એ બે જણને સખત માર મારી નાવમાંથી ઉતારી મૂક્યા. દામોદરદાસ તો માર ખાતા ખાતા નાવમાંથી નીચે પાણીમાં પડ્યા તોપણ નાવ છોડ્યું નહિ અને લાગ મળતાં ફરીથી ઉપર ચડી ગયા. વિશ્રામના હસ્તમાંથી નાવ છૂટી ગયું, પણ એ તો તરીને નાવની સાથે સાથે ગયા. આ વખતે દામોદરદાસના હાથમાં શ્રીજીને આરોગવાના જલનો ગડુઓ હતો એનું એણે જીવની પેઠે જતન કર્યું અને આટલો માર ખાતા છતાં શ્રીજી પાસેથી એક ક્ષણ પણ દૂર થયા નહિ.

દામોદરદાસનો સેવકધર્મ અને સહનતા :

પ્રિય વાચક ! પુષ્ટિસેવકોને સેવક-ધર્મ જો પોતાનો પ્રાણ જાય તો ભલે, પરંતુ પોતાના પ્રાણપ્રભુને જલ આરોગવામાં કાંઈ પણ વિલંબ થવો જોઈએ નહિ ! પ્રભુને કાંઈ પણ શ્રમ ન પડે એ માટે પુષ્ટિભક્તો કેવા પ્રયત્ન કરે છે એનું આ એક દૃષ્ટાંત છે. જેમની કૃતિ માત્ર સ્વપ્રભુના સુખાર્થે છે તેવા વિરલા પુષ્ટિસેવકોને વિશે મારા જેવો ક્ષુદ્ર જીવ શું બોલી શકે એમ છે ? આટલું છતાં દામોદરદાસ તથા વિશ્રામદાસે સ્વપ્રભુની સેવાર્થે જે અસહ્ય માર વેઠ્યો છે તે દ્વારા એઓ સૂચવે છે કે સેવામાં અનેક પ્રતિબંધો નડે છે અને ભક્તજને એ સર્વને મૂંગે મોઢે ધૈર્યથી સહન કરવાં

જોઈએ. પોતાને ગમે તેટલાં અને ગમે તેવાં વિઘ્ન આવી પડે તોપણ જ્યાં સુધી પ્રાણમાં પ્રાણ હોય ત્યાંસુધી પુષ્ટિભક્તોએ સ્વપ્રભુની સેવાનો ત્યાગ કરવો નહિ. વળી વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પણ આજ્ઞા કરે છે કે

त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।
तक्रवद् देहवद् भाव्यं जडवद् गोपभार्यवत् ।।६।।
प्रतीकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।।
भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ।।७।।

અર્થ : હમેશાં સર્વ સ્થળેથી આવતાં ત્રણે (આધિ, વ્યાધિ, ઉપાધિ) પ્રકારનાં દુઃખ સહન કરવાં એનું નામ ધૈર્ય છે.

જો ઈચ્છા હોય તો દુઃખ ટાળવા પ્રયત્ન કરવો, પણ એની સિદ્ધિ અસિદ્ધિમાં આગ્રહ કરવો નહિ. સ્ત્રી (પુત્રો) તથા બીજા દુષ્ટ લોકો તરફથી પણ જે કાંઈ પીડા આવી પડે તે સહન કરવી જોઈએ.

દામોદરદાસને પ્રભુની સાંનિધ્યમાં માર કેમ પડે ? :

અત્રે કોઈ પ્રશ્ન કરે કે દામોદરદાસ તથા વિશ્રામે એ પોતાનો ધર્મ ઉત્તમ રીતે બજાવ્યો ત્યારે પરમકૃપાળુ દયાનિધિ ભક્તવત્સલ શ્રીજીએ પોતાના આવા પરમ ભક્તજનોને પોતાના જ સાંનિધ્યમાં મ્લેચ્છોને હાથે માર ખાતા કેમ સહન કરી શક્યા ? જે પ્રભુ સ્વજનોની સાચી આર્તિ એક ક્ષણભર સહન કરી શકતા નથી તેમણે આવી રીતે કેમ થવા દીધું ?

ભક્તની કસોટીને અધિક દાન :

ઉપલી શંકાના સમાધાન અર્થે કહેવું જોઈએ કે પુષ્ટિજનોને જે કાંઈ દંડ-શિક્ષા યા ફળ મળે છે તે સ્વતઃ પુષ્ટિપ્રભુ જાતે જ આપે છે, એમાં અન્ય કોઈને અધિકાર નથી અને આ દંડનું કારણ સ્વપ્રભુની ઈચ્છા, સ્વજનોને શિક્ષા, રમણ-ઉપયોગી લીલા તથા અધિક કૃપા અને અધિક દાન દેવાનું નિમિત્ત વગેરે ગમે એ એક અથવા વધુ હોય છે. અત્રે દામોદરદાસ તથા વિશ્રામભાઈના સંબંધમાં સ્વજનોને શિક્ષા તથા એમને અધિક દાન આપવાનું હતું અને એ અર્થે એમના ધૈર્યની પરીક્ષા કરવાની હતી. સાધુ પુરુષોની આવી કસોટી અસાધારણ નથી અને આવી કસોટી કરવાથી કાંઈ ભક્ત તરફનો વાત્સલ્યભાવ ઘટતો નથી, પણ વધે છે. પોતાના ભક્તને આ પ્રમાણે કસોટીમાંથી સહી-સલામત પાર નીકળેલો જુએ છે ત્યારે એ ભક્તાત્મા પ્રભુને અત્યાનંદ થાય છે.

દામોદરની આ સેવાનો બદલો વાળવાનું શ્રીજી ચૂક્યા નથી. એમણે એમનો અનેક પ્રસંગે આભાર પ્રદર્શિત કર્યો છે, એટલું જ નહિ,

"જ્યારે દામોદરદાસને હવું અશ્વાસ અતિશે જેહ સમે,
ત્યારે કૃતજ્ઞશિરોમણિ ફિરી ફિરી પૂછે તેહ સમે. ૩૯
દામોદર કેસૌ હે ભાઈ, યમુનાદાસ જાણિયું ?

આ તો કાંઈ વિલક્ષણ દયાકો કારણ મનમાં આણિયું. ૩૯૨''

ત્યારે એણે વિનંતી કરી કે આજ્ઞા હોય તો જઈને જોઉં. ત્યારે શ્રીજીએ કહ્યું :

''હાં હાં તું એક બેર દેખિકે આવે તો ભલી કરી. ૩૯૩''

દામોદરદાસનું અવસાન :

પછી દામોદરદાસ સૂતા હતા ત્યાં યમુનાદાસ આવ્યા. એમણે શ્રીસ્મરણ કરી દામોદરદાસને પૂછ્યું ભાઈ, હવે આપને કેમ છે ? મને શ્રીજીએ તમારા સમાચાર પૂછવાને મોકલ્યો છે. એ સૌભાગ્યના આનંદમાં બોલી ઊઠ્યા : કોણ ? શું મારા શ્રીજી ? શું મારા પ્રાણ ? હા શું આપ હજુ પણ મારે માટે આટલો શ્રમ લઈ રહ્યા છે ? આટલું કહેતાં એઓ શાંત થયા અને ફક્ત એમનો સ્થૂલ દેહ જ ભૂતલ પર રહ્યો. એમનો અંતરાત્મા તો પોતાના પ્રાણનાથના ચરણકમલમાં કયારનોએ પહોંચી ગયો.

ખરિકમાં શ્રીજી :

ઉપર જણાવ્યા પ્રમાણે નદીની સામી બાજુએ પહોંચતાં સુધી દામોદરદાસ તથા વિશ્રામભાઈએ અનેક દુઃખ સહન કરી પોતાનાં અડગ ધૈર્ય અને સ્વામિભક્તિની પરીક્ષા આપી અને એમાં વિજય મેળવ્યો. નાવ સામે પાર આવ્યું એટલે શ્રીજી વાહિનીની (ગાડીની) રાહ જોતા ખરિકમાં (ગોશાળામાં) બિરાજ્યા. પાસેના ગામમાં વાગતાં વાજિંત્રોનો ધ્વનિ સાંભળી શકદારે શ્રીજીને કહ્યું કે આપને તો ઘણાં શુભ શુકન થાય છે. ત્યારે શ્રીજીએ કહ્યું કે મારે તો સદા સર્વદા શુકન સારાં જ છે. અત્રે શ્રીજી થોડી વાર થોભ્યા એટલામાં સામે પાર જે લોકોને આવતા રોક્યા હતા તેમાંના કેટલાક ત્યાં આવી પહોંચ્યા.

રાય ગદાધરદાસ :

શ્રીજી માટે ગાડી લાવવા આસપાસના કેટલાક વૈષ્ણવો ખરિકમાં ગયા. પાછળથી આવેલ વૈષ્ણવોમાં સોમજી સુતાર હતા અને એમના મિત્ર ન્યાલચંદ તથા કંબો રામશાહ તો ત્યાં ન આવતાં મહાવન ગયા અને ત્યાં જઈ રાય ગદાધરદાસને ખબર આપી કે કોટવાલ તથા શકદાર અને એમનાં માણસો શ્રીજીને લઈ જાય છે. આ સાંભળતાં જ એને ક્રોધ ચડ્યો અને મારી જાગીરમાંથી હું હયાત છતાં મારી રજા સિવાય એઓ કેમ લઈ જઈ શકે એમ કહી એણે ડંકો વગડાવી લશ્કર ભેગું કર્યું. લશ્કર તૈયાર થતાં એને લઈ એ એકદમ શ્રીજીને છોડાવવા ચડ્યો. એ વખતે મહાવનના ચોધરીઓ જે ઘણા શૂરા હતા અને જેઓ શ્રીજીના સેવક હતા તે સઘળા પણ પોતાની સાથે ઘણા શૂરવીરો લઈ યમુનાજીના કિનારા પર દોડી આવ્યા. ત્યાં આવતાં એઓ સર્વેને ખબર પડી કે શ્રીજીને ત્યાંથી લઈ ગયા ત્યારે એમણે ખબર લાવનારાઓને મોડી ખબર આપવા માટે ઠપકો આપ્યો : તમે પ્રથમથી કેમ ખબર ન આપી ? એના જવાબમાં એક પહોરુઆએ કહ્યું કે કાંઈ પણ ઉપાધિ કરવાની શ્રીજીની મનાઈ છે. શ્રીયમુનાજી સામે કિનારેથી શકદારે તથા કોટવાલે આ બાજુએ એકઠું થયેલું મહાવનનું મોટું લશ્કર જોયું અને તેથી એમણે વિચાર્યું કે જો એઓ

નાવે ચડી અત્રે આવશે તો ભારે ઝપાઝપી થશે અને આપણું તો મોત જ આવ્યું માટે એઓના આવી પહોંચતાં પહેલાં ત્વરાથી અહીંથી પલાયન કરવું એ જ ઉચિત છે, પરંતુ સવારીના ઘોડા આવી પહોંચ્યા નહોતા એટલે એમને સઘળી ઉતાવળ અને ગભરાટ વ્યર્થ હતાં. એટલામાં એક ઘરની વહેલ આવી પહોંચી એમાં શ્રીજીને બેસાડી પ્રયાણ શરૂ કર્યું. એ વહેલ એક ભોજાભાઈ નામનો ખેડૂત હાંકતો હતો, પણ એને ધીમો હાંકતો જોઈ શકદારે એને ઉઠાડી એક મુઘલને બેસાડ્યો અને વહેલને બનતી ઝડપથી હાંકવા હુકમ આપ્યો. આ વખતે શ્રીજી પાસે દામોદરદાસ સિવાય અન્ય કોઈને રહેવા દીધા નહિ. એવામાં વાવડી પાસે આવતાં શકદારે એક (વટેમાર્ગુ) સવારને દૂરથી આવતો જોયો અને તેથી એ મનમાં ડર્યો કે નક્કી મહાવનના સવાર આવી પહોંચ્યા, તેથી એણે પોતાના માણસોને ત્યાંથી ઉઘાડી તલવારે ચાલવા હુકમ કર્યો.

''વેગલેથી વિસરામ બોલ્યો સાંભરેલ મિયાં કહી,
એ કોય નહિ અમારું એ બટાઉ છે, ચિંતા નહિ. ૪૨૩''

શકદારને શ્રીજીએ આપેલી શાંતિ :

શકદાર તથા કોટવાલને આ પ્રમાણે ભય પામતા જોઈ શ્રીજીએ એમને કહ્યું કે તમે શા માટે ડરો છો ? મેં ગદાધરદાસને કહેવડાવી મોકલ્યું છે કે તમે કોઈ અત્રે આવતા નહિ, કેમ કે તમારા આવ્યાથી કલેશ વધશે.

જેદેવજી :

શ્રીજીને મથુરા લઈ ગયાના સમાચાર સાંભળી શ્રીગોકુલમાં સર્વને હાહાકાર થઈ રહ્યો. કોઈને કાંઈ સૂઝતું નહોતું. જેદેવજી સૂતા હતા એ ઊઠ્યા ને કહ્યું કે આ ગભરાટ શાનો છે ? ત્યારે આસપાસ ઊભા રહેલા બીજા વૈષ્ણવોએ કહ્યું કે શ્રીવલ્લભને મથુરા લઈ ગયા ને તમને ઊંઘ કેમ આવે છે ? એ સાંભળી એ એકદમ તૈયાર થઈ આગ્રે લશ્કરખાન પાસે ગયા. શ્રીગોપાલ તો દિઙ્મૂઢ થઈ તિબારીમાં આવી બેઠા, પણ જવાની આજ્ઞા નહોતી એટલે લાચાર ! એ વખતે સર્વ ભક્ત શ્રીગોપાલની પાસે આવી આમતેમ વાતો કરવા લાગ્યા. એ જોઈ પોલિયો ધર્મદાસ રાજપૂત, જે ત્યાં હાજર હતો, તેણે કહ્યું : અહીં ખાલી વાતો કરવાથી શો દહાડો વળે ? ત્યાં જાઓ, નહિ તો આ પહેરેલી જનોઈ કાઢી નાખો. જો રાજપુતાઈનાં (લડવાનાં) કામ હોય તો અમે કરીએ, પણ આ તો તમારું (માર્ગના રક્ષણનું) છે, માટે ઊઠો, મથુરા જાઓ, અત્રે બેસી શું રહ્યો છો ? પછી એ સર્વ મથુરા ગયા અને એમની પાછળ હજારો વૈષ્ણવો ત્યાં જઈ પહોંચ્યા. રસ્તામાં એમને કોઈએ પૂછ્યું કે તમે સર્વ ક્યાં જાઓ છો ? ત્યારે એમનામાંથી વિઠ્ઠલ ભટ્ટે કહ્યું કે ''જ્યાં ધર્મમૂલક માર્ગ છે ત્યાં અમે જઈએ છીએ.''

શ્રીજીનું મથુરામાં આગમન અને વૈષ્ણવોને આપેલી નવી માલાઓ :

આ પ્રમાણે સંવત ૧૬૭૬ ના ફાગણ વદિ ૧૪ ના રોજ શ્રીગોકુલથી વૈષ્ણવોનાં ટોળે ટોળાં મથુરામાં આવવા લાગ્યાં. કેટલાક લોક તો એટલી ઝડપથી ચાલ્યા કે શ્રીજીના પણ આવતાં પહેલાં એઓ મથુરા આવી પહોંચ્યા અને કેશવ મારુના બાગ

સુધી આપની સામે આવ્યા. મથુરા આવ્યા પછી શ્રીજી સૂર્યકુંડ પર જઈ બાગમાં બિરાજ્યા અને ત્યાં મથુરાના હજારો વૈષ્ણવો દર્શનાર્થે આવવા લાગ્યા. અત્રે પધાર્યા ત્યારે શ્રીજીને શ્રમ તથા ગરમીને લીધે તરસ લાગી હતી, પણ મ્લેચ્છાદિનો સ્પર્શ થવાથી સ્નાન કર્યા સિવાય જલ લીધું નહિ, એમ છતાં દામોદરદાસને માટે જળ મગાવ્યું, પણ એણે પણ લીધું નહિ. દર્શનાર્થે આવેલા વૈષ્ણવોમાંથી કેટલાકના ગળામાં શ્રીજીએ માલા જોઈ નહિ ત્યારે પોતે પાસે ઊભા રહેલા બીજા વૈષ્ણવોને થોડી માલા લાવી આપવા કહ્યું. શ્રીજીની આજ્ઞાથી વૈષ્ણવ મથુરામાં માલા લેવા ગયા, પણ એમણે એ મળી શકી નહિ, કેમ કે ત્યાં જો કોઈ માલા વેચે છે એવી ખબર પડતી તો એનાં ઘરબાર લૂંટી લેવામાં આવતાં. એવામાં એક ગોડિયા પાસે માલાઓ હતી એ એણે એવી શરતે આપી કે મારું નામ કોઈને બતાવવું નહિ, કેમકે મારું નામ હાકેમના જાણવામાં આવશે તો મારું મોત જ આવ્યું. પછી એ માલાઓ લઈ શ્રીજીએ જેમણે માલા ઉતારી નાખી હતી તેમને ફરીથી પહેરાવી અને નિર્ભય વચન આપી શ્રીજીએ કહ્યું કે તમે કોઈનો કાંઈ પણ ડર રાખ્યા સિવાય નિશ્ચિંત રીતે માલાઓ પહેરો. ચિદ્રૂપને કાને જ્યારે આ સર્વ સમાચાર પહોંચ્યા ત્યારે એના ધૂંધવાતા ક્રોધાગ્નિનો ભડકો થવા લાગ્યો અને એની તીવ્ર ઝાળમાં એ પોતે જ બળવા લાગ્યો. જ્યારે એ ભિક્ષા કરીને પોતાને મઠ આવ્યો ત્યારે કોટવાલે શ્રીજીને કહ્યું કે ચાલો, આપણે એની પાસે જઈએ. ત્યારે શ્રીજીએ કહ્યું, મારે એની પાસે આવવાની કાંઈ જરૂર નથી.

શ્રીજીને લાવવા માટે ચિદ્રૂપનો કોટવાલને ઠપકો :

આ ઉપરથી કોટવાલ પોતે સંન્યાસી પાસે ગયો અને શ્રીજીને લાવ્યાના સર્વ સમાચાર કહી સંભળાવ્યા. એ સાંભળી ચિદ્રૂપ રીસ કરી બોલ્યો કે મેં તમને એમને અત્રે લાવવાનું ક્યારે કહ્યું હતું ? મેં તો એમને માલા ઉતારવા વિશે સમજાવવાનું કહ્યું હતું. ત્યાં જ એમની માલા કેમ ન ઉતરાવી ? માટે જાઓ, હજુ પણ એમને સમજાવો અને કોઈ પણ રીતે એમની માલા ઉતરાવો. ચિદ્રૂપના મનમાં હતું કે શકદાર તથા કોટવાલના ભયથી શ્રીજી જાતે પોતની માલા ઉતારશે, તેથી એણે કોટવાલને ઉપર પ્રમાણે હુકમ કર્યો, પણ એ સાંભળી કોટવાલને સઘળો બોજો પોતાના પર નાખેલો જોઈ સંન્યાસી પર ઘણો ક્રોધ ચડ્યો અને એણે એ ક્રોધમાં એને ખોટું લાગે એવી રીતે કહ્યું કે

''ઈનકી હમ માલા ઉતરાવે હમારી કુદરત નહિ,
હમ કોન જો દેખિયે પુરુષ કે સામું ચહિ. ૪૭૫''

વળી કહ્યું કે મારા કહેવાથી એઓ માલા ઉતારતા નથી તો તમે શા માટે એમને એ વિશે કાંઈ કહેતા નથી ? આ સાંભળી સંન્યાસી ચૂપ થઈ ગયો.

કોટવાલ અને જાદવરાયનું શ્રીજી પાસે જવું :

આટલું કહ્યા છતાં પણ કોટવાલને મનમાં ભય લાગ્યો કે રખેને સંન્યાસી એના પર ગુસ્સે થાય અનેબાદશાહને આડુંઅવળું ભંભેરી એનો ઘાટ ઘડાવે, તેથી પોતાની

સાથે જાદવરાય કંબે, જે પણ તેની સાથે બાદશાહના હુકમથી સંન્યાસીની ચોકી કરતો હતો, તેને લઈ શ્રીજી પાસે આવ્યો.

શ્રીજીએ માલા ઉતારવાની ના જ પાડી :

ત્યાં આવી જાદવરાયે શ્રીજીને માલા ઉતારવાનું કહ્યું કે શ્રીજીએ એને સર્વની સમક્ષમાં એવો તો દમ દીધો કે એ બિચારો પાણીથી પાતળો થઈ ગયો અને ફરીથી ઊંચી નજર પણ કરી શક્યો નહિ. આવી રીતે કોટવાલે જોયું કે પોતે પોતાના પ્રયત્નમાં કોઈ પણ રીતે ફાવી શકે એમ નથી તેથી એણે નમ્ર સ્વરે શ્રીજીને એક વાર સંન્યાસી પાસે પધારવા વિનંતી કરી ત્યારે શ્રીજીએ એને કહ્યું કે હું કાંઈ તારી પેઠે પરગણું કમાયો નથી કે ચોધરી નથી તેમજ મારે કાંઈ રાજ્યની જમીન-જાગીર નથી કે હું સંન્યાસીનો દબાયેલો રહું અને એનો મને ડર લાગે. એ કોણ છે કે એની પાસે મારે મારી મરજી વિરુદ્ધ જવું પડે ? હું તો આટલે સુધી આવ્યો એ પણ ફક્ત તમારી આબરૂની જ ખાતર અને નહિ કે એના ભયથી. એ ત્યાગી છે અને હું ગૃહસ્થ છું તો મારે એની પાસે જવાનું શું પ્રયોજન છે ? જો કદાપિ આ સંબંધમાં બાદશાહ મને બોલાવશે તો હું એમની પાસે ખુશીથી જઈશ, કારણ કે એ મારા રાજા છે અને હું એમની પ્રજા છું, પણ સંન્યાસી સાથે મારે શી નિસ્બત છે ?

વળી બાદશાહ આ સંબંધમાં પૂછશે તો એને મને યોગ્ય લાગશે એ પ્રત્યુત્તર હું આપીશ, પણ માલા ઉતારવાનું કહેવાનો એ સંન્યાસીને શો અધિકાર છે ? એ કાંઈ અમારો ધણી નથી, એ કાંઈ અમારું રક્ષણ કે પોષણ કરતો નથી.

શ્રીજીનાં આ વચન સાંભળી આસપાસના વૈષ્ણવો પણ બોલી ઊઠ્યા કે સત્ય છે, સંન્યાસી એ કોણ, જે સર્વને માલા ઉતરાવવાનું કહે છે ?

જ્યારે કોટવાલ અને શ્રીજીની વચ્ચે ઉપલી વાતચીત થતી હતી ત્યારે સંન્યાસી પોતાની ગુફા, જે ઘણી નજીક હતી ત્યાંથી, એ સઘળું આતુરતાથી સાંભળતો હતો અને તેથી એ સમજ્યો કે શ્રીજી આગળ મારું કાંઈ ચાલી શકે એમ નથી.

શ્રીજીનો ડેરો :

એટલામાં મધ્યસ્થોએ (શ્રીજીને બોલાવી લાવનારાઓએ) સંન્યાસીને કહ્યું કે હાલ ગોકુલનાથજી કાંઈ માને એમ નથી અને સંધ્યાકાલ પણ થવા આવ્યો છે માટે એમને અહીં ડેરા કરી રહેવાનું કહેવું કે કેમ ? આ સાંભળી ગભરાયેલા ચહેરે સંન્યાસી બોલ્યો : ડેરાબેરાની વાત હું શું જાણું ? જે તેમને અત્રે લાવ્યો હોય તે જાણે, મેં ક્યારે એમને અત્રે બોલાવવાનું કહ્યું હતું ? ત્યારે ચતુર્ભુજ ચોબાએ કહ્યું : શું લાવનારે જખ મારી કે તમારા હુકમને માન આપી ત્યાં ગયા અને મહામહેનતે એમને બોલાવી લાવ્યા ? પણ હરકત નહિ તમે ડેરાનો બંદોબસ્ત નહિ કરો તો આજે હું એમને મારે ત્યાં મુકામ આપીશ. ત્યારે સંન્યાસીએ શકદારને કહ્યું કે એમને રાજ્યની રીત પ્રમાણે મુકામ આપો. શકદાર કાંઈ બોલ્યો જ નહિ. પછી ચતુર્ભુજ ચોબાએ શ્રીજીને વિનંતી કરી પોતાને ઘેર પધરાવ્યા ત્યારે કોટવાલના સિપાઈઓ ચતુર્ભુજ ચોબાને ત્યાં કાંઈ માગવાનું મિષ કરી આવ્યા. ચોબો એમનું આવવાનું હાર્દ સમજી ગયો

અને તેથી એણે એમને કહ્યું કે તમારું અત્રે કાંઈ કામ નથી, માટે તમે સર્વ તમારે ઘેર જઈ સૂઈ જાઓ, પણ એઓએ માન્યું નહિ અને ત્યાં જ ઊભા રહ્યા. એટલામાં લોકનાં ટોળેટોળાં શ્રીજીનાં દર્શનાર્થે ચોબાને ત્યાં આવવા લાગ્યાં, એમણે એ સિપાઈઓને એવા તો ધક્કે ચડાવ્યા કે છેવટે એ બિચારાઓને ત્યાંથી પલાયન કર્યા સિવાય છૂટકો થયો જ નહિ.

કોરું વસ્ત્ર :

પછી શ્રીજીએ ચતુર્ભુજને ત્યાં મુકામ કરી, સ્નાન કરી જળ લીધું. શ્રીગોકુલ છોડ્યા પછી પોતે બિલકુલ જળ લીધું નહોતું, શ્રીજીને એવો નિયમ હતો કે દરરોજ સ્નાન કર્યા પછી કોરું વસ્ત્ર પહેરતા. મથુરામાં તપાસ કરતાં એ દિવસે કોરું વસ્ત્ર મળ્યું નહિ, પરંતુ એટલામાં અચાનક એક વૈષ્ણવ એક તાકો લઈ ત્યાં આવી પહોંચ્યો. એ મળતાં શ્રીજીનાં ધોતી ઉપરણા તથા અંગવસ્ત્ર તૈયાર કરવામાં આવ્યાં, એ વખતે શ્રીજીને માટે પદમશાહ પાઘ બાંધવા લાવ્યા ત્યારે શ્રીજીએ ના પાડી અને કહ્યું કે પાઘ

'જબ જઈહોં પૃથ્વી અતિપેં, તબ બાંધીહોં કહ્યું રીસ કરી,
આગ્રહ ઘણો એક કરિયને, બંધાવી પાઘ વિનય કરી. ૫૦૭''

એટલામાં શ્રીગોકુલથી ઘણા ભટ્ટ અને વૈષ્ણવો આવી પહોંચ્યા એ સર્વનું સંમાન કર્યું. ભટ્ટ લોકોને પેંડા વહેંચ્યા અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો. પછી સર્વને યોગ્ય સ્થળે સૂવાડવામાં આવ્યા.

ગોકુલ સમાચાર મોકલ્યા :

શ્રીગોકુલમાં રાત્રે કોઈ વૈષ્ણવ સુખે ઊંઘ્યાં નહિ અને શ્રીજીને જોવા માટે એટલાં તો અધીરાં બની ગયાં કે જેઓ રાત્રે આવી શક્યાં નહિ તેઓ સવારે આવ્યાં. પ્રાતઃકાલમાં ઊઠીને શ્રીજીએ સર્વ અથ-ઈતિ સમાચાર શ્રીગોકુલ લખી મોકલ્યા. પછી બાગમાં જઇ દંતધાવન કરવાનો વિચાર જણાવ્યો અને સેવકોને જલનો ગડુઓ વગેરે સાથે લેવા કહ્યું. એ વખતે કેટલાક વૈષ્ણવોએ કહ્યું રાજ, કદાચ એ સંન્યાસી કાંઈ ઉપાધિ જગાવશે, ત્યારે શ્રીજીએ કહ્યું :

''એહ હમારો કહા કરેગો, વે જખ મારત હે કહી. ૫૧૮''

એમ કહી પોતે બાગમાં પધાર્યા અને દંતધાવનાદિક દેહકૃત્ય કરી મુકામ પર પધાર્યા. એ વખતે સંન્યાસીના મોકલવાથી કાનૂગો, ચોધરી, અને મિત મિશ્ર એ ત્રણે જણ શ્રીજી પાસે આવ્યા. એઓએ કહ્યું : આપ શા માટે હઠ કરો છો ને માલા ઉતારતા નથી ? આપ એક વખત અત્રે માલા ઉતારો અને પછી જોઈએ તો શ્રીગોકુલ જઈ ફરીથી પહેરજો. ત્યારે શ્રીજીએ કહ્યું :

''ભઈ, હે એસી કબહુ, જો આજ હમ એસી કરે,
કપટ ધર્મ નહિ હમારે, યથારથ હમ આચરે. ૫૨૮
જો અતિ અંગીકૃત કરી, કેસે કબી ઉતારીએ,
એમ બોલિયા સત્ય સંકલ્પ, જે ગ્રહી ટેક ન ટારીએ. ૫૨૯''

વિષ્ટિકારોનો આગ્રહ :

શ્રીજીનો આ પ્રત્યુત્તર સાંભળી વિષ્ટિ કરવા આવેલાઓએ ગર્વિતપણે કહ્યું કે તમે તમારા મનમાં માલા નહિ ઉતારવાનો નિશ્ચય કર્યો છે, પણ તેથી તમારાં બાલ બચ્ચાં તથા સઘળું કુંટુબ ઘણાં દુ:ખી થશે, ત્યારે ધૈર્યાધિપતિ શ્રીગોકુલેશ પ્રભુ બોલ્યા કે ભગવદ્-ઈચ્છા પ્રમાણે જો હોનેગી હોયગી સો તો ખચિત હોયગી, પણ તમારા કહેવા પ્રમાણે હું મારી માલા તો કદાપિ ઉતારીશ નહિ. શ્રીજીનો આવો ચોક્કસ જવાબ મળવા છતાં પણ એ લોકોએ ત્રીજી વખત પણ આગ્રહ કરવા માંડ્યો અને કહ્યું કે બાદશાહનો હુકમ છે અને સંન્યાસી હઠે ચડ્યા છે માટે આપ સમજુ થઈ હઠ છોડો ને એક વખત માલા ઉતારો. આથી શ્રીજી ઘણા અકળાયા અને એઓનો તિરસ્કાર કરી કહ્યું કે હવે તમે મારો કેડો છોડો, મને વારંવાર સતાવશો નહિ. હવે હું અત્રે નિરંતરની જંજાળમાં રહેવા ઇચ્છતો નથી, હું તો જાતે બાદશાહ પાસે જઈશ અને સર્વ વાતનો નિવેડો લાવીશ.

''માલા હમારે શરીરસ્યું હે, છાંડી છૂટે નહિ કબે,
હમ આદિતેં અંગીકરી, સો છાંડિયે કેસે અબે. ૫૩૬''

ભાણેજને ઠપકો :

આ રકઝકમાં મધ્યાહ્ન થયો અને આવેલા ભાંજઘડિયા થાકીને પાછા ફર્યા. એમના ગયા પછી શ્રીજીના ભાણેજે કહ્યું કે હવે મામલો ગંભીર બન્યો છે અને વાત વિચારવા જેવી છે, ત્યારે શ્રીજીએ કહ્યું તમારો વિચાર શો છો ? શું તમને ડર લાગે છે ? તમને તથા જેને જેને કાંઈ પણ ડર લાગતો હોય તેમણે અહીં રહેવું નહિ. સૌ સૌને ઘેર જાઓ, અમે તો પ્રાણાંતે પણ માલા ઉતારીશું નહિ.

ગુણસાગર ને અનંતદાસ :

શ્રીજીનાં ઉપર્યુક્ત વચનો સાંભળી ગુણસાગર નામનો ભાટ મનમાં ઘણો ડર્યો અને એણે પોતાના ગદાધર નામના પુત્રને કહ્યું કે તું ઘેર જા, તારે અત્રે રહેવાની કાંઈ જરૂર નથી. આ સાંભળી પાસે ઊભા રહેલા અનંતદાસે એને ટોકતાં કહ્યું કે શું બેટાને ઘેર મોકલી તારો વંશ રાખવા-સાંચવવા માગે છે ? જો તારી મરજી એમ હોય તો અમે પણ અમારા રાયગોપાલનો બેટો જે અત્રે છે તેને પણ વંશ રાખવાને ઘેર મોકલી દઈએ. એ પ્રમાણેનાં વચન સાંભળી બિચારો ગુણસાગર શરમાઈ ગયો અને ચૂપ થઈ ગયો. પછી એના પુત્ર ગદાધરદાસે કહ્યું કે અનંતદાસ ભલે મશ્કરી કરે, પણ હું ક્યાં ઘેર પાછો જાઉં છું ?

પછી ગુજરાતના ભગવદીય કૃષ્ણદાસે પણ અંત સુધી શ્રીજીની સાથે રહેવાનો નિશ્ચય કર્યો અને

વૈષ્ણવોની અધીરાઈ :

''સ્ત્રી પુરુષ સમુદાય સહુકો મરણ માંડીને રહ્યાં. ૫૪૮
પાલી કેના હાથમાં, કો કટારી હાથે લઈ,

કોના હાથમાં તરવાર કાંતિ, એમ સર્વ આવ્યું સિદ્ધ થઈ. ૫૪૯''
એ પ્રમાણે તૈયાર થઈ, સર્વત્ર સંમુખ થઈ ને સંગત કરે નિદાનના. ૫૫૨''

સર્વને ઉપર પ્રમાણે વાતચીત કરતા અટારીમાંથી સાંભળી શ્રીજી નીચે પધાર્યા અને સર્વને કહ્યું કે,

શ્રીજીએ આપેલું આશ્વાસન :

''અરે તુમ આગેથી અકુલાત કાહેકું અબે,
મોંહેસુ કોઉ કહે જાનિયો સો કીજિયો તબે. ૫૫૭
દેખો જો ઇચ્છા કેસી હે, ચિંતા નહિ, ધીરજ ધરો,
તુમ તાંહાંલો બોલિયો મત, અરુ ધર્મ થકો મતિ ડરો. ૫૫૮''

આટલું કહી શ્રીજી પાછા પધારતા હતા એવામાં શ્યામદાસે કહ્યું :

''સમય આવ્યા પ્રલયકાલ, મહારાજ, મનમાં કહા ધરી. ૫૬૦''

ત્યારે શ્રીજીએ કહ્યું કે તું કહેને કે તારા મનમાં શું છે. તારે ઘેર પાછા જવું હોય તો જા, તને કોણ રોકે છે ? ત્યારે એ ભટ્ટ પાસે ગયો અને ભટ્ટને કહ્યું કે શ્રીજી માલા ઉતારે તો સારું. ભટ્ટે કહ્યું કે જો આપણે એમને એ વિશે કહીએ તો એ આપણને ઘેર જવાનું જ કહે, માટે હાલ તો કાંઈ બોલવું ઉચિત નથી. પછી શ્યામદાસ ત્યાંથી શ્રીગોકુલ ગયા અને ત્યાં જઈ શ્રીગોપાલને કહ્યું કે મથુરામાં તો વૈષ્ણવો અને ભટ્ટે મળી સઘળી બાજી બગાડી નાખી છે અને ત્યાં તો મહાપ્રલય થઈ રહ્યો છે તેથી ત્યાં કોઈ રહી શકતું પણ નથી. આવું કહી સર્વ બાલકો અને વહુ બેટીઓના મનમાં વિના કારણ ઉદ્વેગ ઉત્પન્ન કર્યો. આ ઉપરથી શ્રીગોપાલે વાસ્તવિક ખરી ખબર લાવવા તાબડતોબ મથુરા માણસો મોકલ્યા અને જ્યારે એ કુશળ-સમાચાર લઈને આવ્યા ત્યારે સર્વના જીવ નીચા બેઠા.

શ્રીપુરુષોત્તમજી :

જેતલીએ કહેલા સમાચાર સાંભળી શ્રીબાલકૃષ્ણજી(શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી)ના પાંચમા પુત્ર શ્રીપુરુષોત્તમજી મથુરામાં આવ્યા અને શ્રીજીને પુછાવ્યું કે આપની આજ્ઞા હોય તો હું આપની પાસે આવું ત્યારે એમને આવવાની ના પાડી અને ઘેર પાછા જવા કહ્યું.

ચિદ્રૂપનો આગ્રહ :

ભાંજઘડિયાઓ પોતાના કામમાં નિષ્ફળ થવાથી સંન્યાસી પાસે ગયા અને શ્રીજીનો માલા નહિ ઉતારવાનો દઢ સંકલ્પ એને કહી સંભળાવ્યો તથા કહ્યું કે અમે તો ઘણો પ્રયત્ન કર્યો, પણ એ અમારું કહેવું માનતા નથી. આ સાંભળી પ્રથમ તો એ ઘણો ક્રોધે ભરાયો, પણ પાછો શાંત પડ્યો અને એમને કહ્યું કે હજુ ફરીથી તમે એક વખત એમની પાસે જાઓ અને માલા ઉતારવાનું કહો, એ મારું માન રાખશે તો હું પાદશાહને લખી એમનું ભલું કરાવીશ અને ફરમાન મગાવી આપીશ. એમ છતાં એ નહિ માને તો પછી મારે હાકેમને કહેવું પડશે અને બળ કરીને એમની માલા ઉતારાવશે. આવું કહી સંન્યાસી ભિક્ષા માટે ગયો. પછી એના મોકલેલા

ભાંજઘડિયાઓ શ્રીજીના મુકામ પર આવ્યા અને એના કહ્યા પ્રમાણે વૈષ્ણવોને કહ્યું એ સાંભળી સર્વ વૈષ્ણવો બોલી ઊઠ્યા કે જો એ દુષ્ટ સંન્યાસી શ્રીજીની માલા ઉતરાવવા બળ કરશે તો આપણે સઘળા એની ઉપર મરીશું. જ્યાંસુધી આપણા પ્રાણમાં પ્રાણ છે ત્યાંસુધી પ્રભુના સામું પણ જોવાની કોની તાકાત છે ? પછી સલાહકારો શ્રીજી પાસે ગયા અને આપને કહ્યું કે સંન્યાસી ફક્ત પોતાનું માન રાખવા માગે છે, તેથી આપ એનું માન જાળવવા માટે એક વાર માત્ર એટલું જ કહી દો કે હું માલા નહિ પહેરું. ત્યારે નીચે ઊભા રહેલા માધવદાસ ખવાસ, જે આ સર્વ વાતચીત સાંભળતા હતા તે, બોલી ઊઠ્યા કે,

માધવદાસ ખવાસ :

''ભાંજગઢ એહ સાથે કરવી એવડી શા કાજને,
ધીરજ ધરજો, પોચા મા થાસ્યો, કરજ્યો જે ઉચિત રાજનૂ.''

પછી શ્રીજીએ પોતાના વૈષ્ણવોની પરીક્ષાર્થે આવેલા સલાહકારોને કહ્યું કે ઠીક છે, એ વિશે મને શ્રીઘનશ્યામજી(શ્રીગુસાંઈજીના સાતમા લાલજી)ને પૂછવા દો એમની સલાહ પ્રમાણે સર્વ કરીશું. આ પ્રમાણે માલા નહિ ઊતારવાના આગ્રહમાં શ્રીજીને સહેજ ઢીલા થયેલા જોઈ હરિદાસ જલધરિયાએ કહ્યું કે,

હરિદાસ :

''રાજ તો ઈશ્વર છો, એમાં રાજનું તે શું ગયું,
માલા પહેરી તો ભલે અને ન પેહેરી તો શું થયું. ૫૯૩
પણ, રાજ, જો એ વિચાર કરશો તો હમારો વાંક નહીં,
સર્વકો અમે મલીને વિચાર કીધો છે અહીં. ૫૯૪
પ્રથમ સંન્યાસી ઉપર મરતા હતા અમો મલીયને,
અબ તો તુમ પર મરશું અમો સહુકો મલીયને. ૫૯૫''

માલા ન ઉતારવાનો વૈષ્ણવોનો દઢ નિશ્ચય :

આ પ્રમાણે શ્રીજીએ યુક્તિથી સલાહકારોને ત્યાં મળેલા વૈષ્ણવોનો અભિપ્રાય બતાવીને કહ્યું કે હવે તમારે આ સંબંધમાં મારી જોડે કાંઈ પણ વાતચીત કરવી નહિ. સંન્યાસીનું માન જાળવવા હું કાંઇ મારો માર્ગ છોડીશ નહિ અને મારા આવા માર્ગપ્રિય વૈષ્ણવોને મરવા દઈશ નહિ. હું કદી માલા ઉતારવાનો નથી. પછી સલાહકારોની સમક્ષમાં શ્રીજીએ શ્રીઘનશ્યામજીને પૂછ્યું કે આ વિશે આપનો શો અભિપ્રાય છે ? ત્યારે એમણે પણ મક્કમપણે જણાવ્યું કે એમાં વળી પૂછવાનું શું છે ? જે આપ કહો છો તે જ સત્ય છે અને સઘળાઓનો પણ માલા નહિ ઉતારવાનો દઢાગ્રહ છે. આપના મનમાં જે યથાર્થ લાગે તે સર્વને પ્રમાણરૂપ છે, માટે હવે એ લોકોની સાથે નાહકની માથાકૂટ કરવાનું શું પ્રયોજન છે ?

આ સર્વ સાંભળી શ્રીજી, શ્રીઘનશ્યામજી તથા સર્વ વૈષ્ણવોને માલા નહિ ઉતારવાના દઢ નિશ્ચયવાળા જોઈ વિષ્ટિ કરવા આવેલા કાંઈ બોલી શક્યા નહિ અને તેથી મૂંગે મોઢે ત્યાંથી ચાલ્યા ગયા તથા ચિદ્રૂપને સર્વ સમાચાર કહી સંભળાવ્યા.

સંન્યાસીનો નગરવાસીઓએ કરેલો ફિટકાર :

સલાહકારો પાછા ગયા એ વખતે ત્રીજો પહોર થયો અને શ્રીજીએ આ ગડમથલમાં ગૂંચવાઈ પડવાથી હજુ સુધી જલપાન સુધ્ધાં કર્યું નહોતું અને તેથી મથુરામાં ફક્ત વૈષ્ણવોએ નહિ, પરંતુ મ્લેચ્છો સુધ્ધાંએ એ દિવસે જલપાન કર્યું નહોતું, એમ કસાઈ અને ભઠિયારા જેવી હલકી કોમના લોકોએ પણ પોતાના ચૂલા સળગાવ્યા નહોતા. આવી રીતે લગભગ આખું શહેર શ્રીજીને માટે ભૂખ્યું અને તરસ્યું રહ્યું હતું તથા એ દ્વારા શ્રીજી માટેની પોતાની લાગણીઓ પ્રગટ કરી હતી, એમ છતાં એ દુષ્ટ સંન્યાસીને કાંઈ પણ લાગણી થઈ નહિ અને પોતે પોતાનું પેટ ભરવા માટે ગયો. એ જ્યારે ભિક્ષા લઈ ખાઈને પાછો મુકામે જતો હતો ત્યારે લોકોએ એનો ઘણો ફિટકાર કર્યો અને કહ્યું કે ધિક્કાર છે તારા જેવા દુષ્ટ પેટભરા નીચને કે જ્યારે આખું શહેર ભૂખ્યું તરસ્યું બેસી રહ્યું છે અને સર્વત્ર હાહાકાર થઈ રહ્યો છે ત્યારે તેં તારું પેટ નિશ્ચિતપણે ભર્યું !

ચિદ્રૂપનું બદલાયેલું વલણ :

ચિદ્રૂપ ભિક્ષા કરી આવીને મુકામે આવ્યો કે તરત જ એણે પોતાના મોકલેલા સલાહકારોને બોલાવ્યા અને એમને સર્વ સમાચાર પૂછ્યા ત્યારે એઓએ ભયભીતપણે કહ્યું કે માર્ગના ટેક અને રક્ષણને અર્થે ગોકુલનાથજીને મુકામે ઘણા વૈષ્ણવ, વેરાગી ભટ્ટ વગેરે ભેગા થયા છે અને એ સર્વ હથિયાર લઈ મરણિયા થઈ લડવા માટે સજ્જ થઈ રહ્યા છે. તેથી જો ગોકુલનાથજીની માલા ઉતરાવવા તમે કાંઈ પણ અયોગ્ય હુકમ કરશો તો એ વખતે હજારો માણસોનાં ખૂન થશે અને એ વિશે દેશાધિપતિ તમને પૂછશે તો શો જવાબ આપશો ? આ સર્વ હકીકત સાંભળી ચિદ્રૂપ તો ઘણો જ ડરી ગયો અને નારાયણ ! નારાયણ ! કહીને બોલ્યો કે હું તો કાંઈ કહેતો નથી, પણ ગમે તે પ્રકારે સમજાવીને તમે ગોકુલનાથજીને મારી પાસે તેડી લાવો. હું એમના મનનું સમાધાન કરીશ અને પ્રસન્ન કરીશ. આ પ્રમાણે સંન્યાસીનું વલણ પલટાયેલું જોઈ જેમણે પ્રથમ માલા ઉતારી હતી તે બોલ્યા કે આ તો ફક્ત ડરાવવાની જ વાત છે ! મરવાને માટે તો કોણ તૈયાર થાય એમ છે ? પ્રાણ તો સર્વને પ્રિય છે.

૮. સંન્યાસીની ગુફાએ શ્રીજીનું પધારવું

સલાહકારોનું શ્રીજી પાસે છેલ્લું ગમન :

સંન્યાસીના બદલાયેલા વલણથી તથા એના આગ્રહથી સલાહકારો ફરીને શ્રીજી પાસે આવ્યા અને કહ્યું કે આપ ભલે ગોકુલ જાઓ, પરંતુ એ પહેલાં જો આપ સંન્યાસીની ગુફા પાસે સહેજ આવી જાઓ તો એનું વલણ પલટાયું છે. આપની માલા સામે એ જોઈ શકે એમ નથી. ત્યારે શ્રીજીએ કહ્યું કે પ્રથમ તો જ્યારે જ્યારે હું મથુરા આવતો ત્યારે ત્યારે એને મળવા જતો, પણ હવે મને ત્યાં જવું ઉચિત લાગતું નથી તો હું શા માટે ત્યાં આવું ?

સલાહકારોનો અત્યાગ્રહ :

આ સાંભળી સલાહકારોએ કહ્યું કે ગમે એમ કરી અમારી આ એક છેલ્લી વિનંતી સ્વીકારો અને અમારી ખાતર ત્યાં પધારો. પછી એઓનો અત્યાગ્રહ જોઈ શ્રીજીએ ચિદ્રૂપની ગુફાએ જવાનું કબૂલ કર્યું. એ વખતે ત્યાં ઊભા રહેલા વૈષ્ણવોમાંથી અનંતદાસ બોલ્યા કે તમે અમારા પ્રાણપ્રભુને ત્યાં લઈ તો જાઓ છો, પણ એમનાં આબરૂ અને જોખમને માટે તમે જવાબદારો છો ! વળી ચતુર્ભુજ ચોબાએ કહ્યું કે તમે મારે ઘેરથી શ્રીજીને લઈ જાઓ છો, પણ જો એમને કાંઈ પણ થશે તો અમારા મથુરિયા ચોબાનાં અત્રે ૪૦૦૦ ઘર છે એ બધ જીવ આપશે અને એ સર્વ હત્યા તમને લાગશે. આ સાંભળી આવેલા સલાહકારોએ સર્વ વૈષ્ણવોને શાંતિ આપવા કહ્યું કે તમે કોઈ પણ ચિંતા કરશો નહિ. સંન્યાસી કે એના માણસોની દેન નથી કે શ્રીજીની સામે જોઈ શકે ! એમના તો પ્રભાવ તેમ પ્રતાપ જ કાંઈ ઓર છે. એમના મુખારવિંદ સામું જોતાં જ સર્વ સ્તબ્ધ થઈ જાય છે, તો પછી એમને હેરાન તે શી રીતે કરી શકાય ? માટે તમે સર્વ નિશ્ચિત રહો. એમનો એક વાળ પણ વાંકો થશે નહિ.

શ્રીજીનું સંન્યાસી પાસે જવું :

પછી શ્રીજી સંન્યાસીને આશ્રમે જવા તૈયાર થઈ નીકળ્યા એટલામાં ગંધાક્ષતની થાળી લઈ એક સૌભાગ્યવતી મળી. આ શુભ શુકન જોઈ સર્વને આનંદ થયો. સલાહકારોએ જોકે શાંતિ અને અભયનાં વચન આપ્યાં હતાં તોપણ વાત્સલ્યભાવથી જેમનાં હૃદયકમલ છલકાઈ રહ્યાં હતાં એવા ભક્તજનો ધૈર્ય ધરી શક્યા નહિ, અને તેથી એ વખતે શ્રીજીની સાથે હજારો મનુષ્યો હથિયાર લઈને ગયા. રસ્તામાં એટલી તો ભીડ મચી રહી હતી કે પગે ચાલવું પણ મુશ્કેલ થઈ પડ્યું હતું. આ પ્રસંગનું

વર્ણન કરતાં પ. ભ. ગોપાલદાસજી કહે છે કે

"તેટલા વૈષ્ણવ અને ભટ બ્રાહ્મણ સહુ હથિયાર લઈ,
તેટલા વેરાગી અને આસ્તિક સહુ ચિત્ત થઈ. ૬૩૦
તેટલા રાજસી ને જે નગરના વાસી બહુ,
મ્લેચ્છ પરજંત તે ત્યાંહાં પ્રભુ સાથે તેઓ આવ્યા સહુ. ૬૩૧"

ગુફામાં તોફાન :

આવી રીતે લગભગ દસબાર હજાર માણસો સાથે શ્રીજી ચિદ્રૂપને આશ્રમે પધાર્યા અને ગુફા પાસે આવી ઊભા રહ્યા. શ્રીજીને આવેલા જાણી ચિદ્રૂપે જાદવરાય મારફતે એમને કહેવડાવ્યું કે એકલા અંદર આવો અને આપના વૈષ્ણવોને થોડી વાર ધીરજ ધરવાનું કહો. શ્રીજીએ જોકે વૈષ્ણવોને ધીરજ રાખવા કહ્યું, પણ એઓ ધીરજ રાખી શકે કેમ ? એ દુષ્ટ સંન્યાસીના ચારિત્ર્યથી એઓ સંપૂર્ણ રીતે વાકેફ હતા તેથી એઓ સર્વેએ શ્રીજીની સાથે ગુફામાં પેસવા માંડ્યું. જાદવરાયે એ વિશે શ્રીજીને ફરીથી કહ્યું ત્યારે પોતે બોલ્યા કે મારા રોક્યા એ રહેતા નથી, તમારાથી બને તો તમે એમને રોકો. એઓ મને એકલાને અંદર આવવા દેશે નહિ. એટલું કહી શ્રીજી આગળ ચાલ્યા એટલે વૈષ્ણવો પણ એમની સાથે ગુફાના કમ્પાઉન્ડમાં દાખલ થવા લાગ્યા. એમને ચિદ્રૂપના સિપાઈઓ રોકવા લાગ્યા, પણ સિપાઈઓને ધક્કા મારી કેટલાક તો શ્રીજીની પાછળ ગયા. વળી મોટાભાઈ વગેરે ગરાસિયા વૈષ્ણવો તો બીજી બાજુએ તુવેરની વાડ હતી એ કાપી નાખીને રસ્તો કરી શ્રીજીની સાથે ગુફામાં ગયા અને બીજા વૈષ્ણવો પણ એમનું અનુકરણ કરી, વાડ કાપી ઢાલ તલવાર વગેરે હથિયાર સાથે અંદર ગયા. એક સિપાઈએ એક માણસને રોક્યો ત્યારે ગોપાલ પંડ્યાએ એની જ તલવાર લઈ તે સિપાઈને મારવા લાગ્યા તેથી ત્યાં ઘણો ઘોંઘાટ થઈ રહ્યો અને બંને પક્ષ વચ્ચે તલવારો ઊડવા લાગી. આ શોરબકોર સાંભળી સંન્યાસી ગભરાયો અને પૂછ્યું કે આ કોલાહલ શાનો છે ? ત્યારે હરિદાસ નામના એક માણસે કહ્યું કે અરે મૂઢ ! તું પૂછે છે શું ? તું તો ગુફામાં બેસી રહ્યો છે, પણ બહાર તો માણસોનાં ધડ ને માથાં જુદાં થઈ રહ્યાં છે. આ સાંભળી સંન્યાસી ગભરાતો ગભરાતો શ્રીજીનો હાથ પકડી બહાર આવ્યો અને મોટે સ્વરે શ્રીજીને કહેવા લાગ્યો કે મેં તો તમને તેડાવ્યા નથી, અત્રે તમે શા માટે આવ્યા છો ? મૂર્ખ શકદાર આપને અહીં નકામો તેડી લાવ્યો છે એમ કહી સાક્ષી તરીકે ઉદેરામ નામના પોતાના માણસને ત્યાં બોલાવ્યો અને એણે ચિદ્રૂપના સમ ખાઈને કહ્યું કે મેં આપને લાવવાનું કહ્યું નહોતું.

ચિદ્રૂપનું જૂઠાણું :

જેને જૂઠું બોલતાં કાંઈ પણ વિચાર જ કરવો પડતો નથી તેવા દુષ્ટોને ફરી જતાં કેટલી વાર ! આગ્રહ કરીને સલાહકારોને શ્રીજીને બોલાવા મોકલેલા અને એમ છતાં અત્યારે કહે છે કે મેં તો બોલાવ્યા નથી. એ દુષ્ટનું આ હડહડતું જૂઠું સાંભળી વિઠ્ઠલ ભટ્ટ બોલ્યા કે જો તમે ન બોલાવ્યા હોય તો એમને અહીં આવવાનું

શું પ્રયોજન હતું ? બપોરના ત્રણચાર વાગી ગયા છે અને હજુ સુધી જલપાન સરખું પણ એઓએ કર્યું નથી તો પછી વગર બોલાવ્યે એઓ તમારી પાસે શા માટે આવે ? આ સાંભળી પોતાનું જૂઠાણું પકડાયેલું જાણી ચિદ્રૂપ શરમાઈ ગયો અને ઝંખવાણો પડ્યો, પણ હિંમત રાખી વાત ફેરવી એણે પૂછ્યું કે એઓ કેવા બ્રાહ્મણ છે ? પછી શ્રીજીનાં વખાણ કરતો એ બોલ્યો કે,

‘‘તમ ભલા બ્રાહ્મણ છો અને સર્વને આપો છો ઘણું. ૬૫૪
સારવાર તમારી કરે નહિ કો તે આ તે જાણ્યું નહિ,
હું જાણું તો એમ કેમ કરું, અને તેડાવું શાને અહિં. ૬૫૫’’

આવી રીતે એણે કપટથી કહ્યું કે તમે તો એક ભલા દિલના બ્રાહ્મણ છો, લોકોને ઘણું આપો છો. આપને અહીં બોલાવ્યાની મને તો ખબર પણ નથી, નહિ તો આપની આગતા-સ્વાગતા કર્યા વિના રહું કે ? ત્યારે શ્રીજીએ કહ્યું કે તમારા જેવા વિરક્ત પુરુષ કે જેણે સંસાર છોડ્યો છે તેને બીજાની ભલીબૂરી કરવાનું શું પ્રયોજન છે ?

ત્યારે સંન્યાસીએ કહ્યું :

‘‘વળી કુદંડી કપટે કરી એમ બોલિયો તેણે સમે,
માલા પહેરો કે ન પહેરો, જે મનને ગમે. ૬૫૮
બાદશાહ જાણે તમો જાણો, બોલ એ તેણે કહ્યો,
શ્રીજીએ કહ્યું, હમ હી જાને ભયો એહૂ મનકો ચહ્યો. ૬૫૯’’

શ્રીજીનું પાછું ફરવું :

પછી અનેક વચન કહી શ્રીજીએ એને પાણીથી પાતળો કરી નાખ્યો અને ત્યાંથી પાછા ફરવા તૈયાર થયા એટલે આસપાસ એકઠા થયેલા સર્વ લોકોએ આપની જે બોલાવી, જે જોઈ સંન્યાસીનું મોં ઊતરી ગયું અને એ શોકસાગરમાં ડૂબી ગયો. બાદશાહનો આટલો પક્ષપાત હોવા છતાં પણ શ્રીજી આગળ પોતાનું કાંઈ નહિ ચાલવાથી એ બિચારો ઝંખવાણો પડી ગયો.

ખેતરવાળાઓને નુકસાની અપાવી :

શ્રીજી પછી ગુફામાંથી બહાર નીકળ્યા અને સર્વ લોકોને પ્રેમયુક્ત શબ્દોમાં કહેવા લાગ્યા : તમે સર્વએ મારે માટે ઘણું કષ્ટ વેઠ્યું છે. અત્યાર સુધી તમે સર્વ ભૂખ્યા અને તરસ્યા છો માટે હવે તમે સૌ પોતપોતાના ઘેર જાઓ અને શાંતિથી પ્રસાદ લો. આ પ્રમાણે સર્વેને વિદાય કરી શ્રીજી પોતાને મુકામે પધારતા હતા એવામાં ગુફાની આસપાસના કેટલાક ખેડૂત લોકોએ આવીને આપને ફરિયાદ કરી કે આજે આપની જોડે આવેલા માણસોએ અમારો પાક ચગદી નાખ્યો છે અને તેથી અમને ભારે નુકસાન થયું છે. ધર્મધુરંધર શ્રીજી સમજ્યા કે એ બિચારા ગરીબ ખેડૂતોને વિના કારણ નુકસાન ખમવું પડ્યું છે તેથી શ્રીજીએ એમને થયેલી નુકસાની ભરી આપવા પોતાના અધિકારીને હુકમ કર્યો.

સંન્યાસીના આશ્રમેથી પાછા આવ્યા કે તરત જ હજારો મનુષ્યો વધાઈ લઈ

શ્રીગોકુલ ગયા અને ત્યાં શ્રીગોપાલ વગેરેને શ્રીજીના વિજયના શુભ સમાચાર કહ્યા, જે સાંભળી સર્વ આનંદ પામ્યા.

શ્રીગોકુલગમન :

શ્રીજી પોતાનું કામ આ પ્રમાણે પુરું થતાં તરત જ મથુરાથી શ્રીગોકુલ જવા નીકળ્યા અને રાત્રે દીવીઓ-મશાલોના પ્રકાશ સાથે નાવમાં બેસી શ્રીયમુનાજીના ઘાટ ઉપર આવ્યા. આ વખતે શ્રીજીની સાથે એટલા તો વૈષ્ણવો હતા કે મથુરા અને શ્રીગોકુલ એક થઈ ગયાં હતાં. શ્રીજીએ નાવમાંથી ઊતરી જશોદા-ઘાટે ઘોડો ચલાવ્યો ત્યારે સર્વ ભટ્ટ અને વૈષ્ણવો ઘોડાના ચોકડે વળગ્યા અને ત્યાંથી ઘોડો ફેરવી ઠકુરાણી-ઘાટે લાવ્યા, ત્યાંથી શ્રીજીને એમના મંદિરમાં પધરાવ્યા. શ્રીજીએ આવી સેવ્ય પ્રભુની ઝાંખી કરી અને સાથેના તમામ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાની આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ વહુ બેટીઓએ સખડી તૈયાર કરી દીધી અને ભંડારમાંથી પ્રસાદ મગાવી સર્વને પ્રસાદ લેવડાવવાની તૈયારી કરી.

એટલામાં શ્રીજી મથુરાથી પધાર્યા એ વખતે જેદેવજી આગ્રે ગયા હતા એઓ પણ ત્યાંથી મથુરાના હાકેમ ઉપર લશ્કરખાનનો પત્ર લખાવીને આવ્યા, જેમાં લશ્કરખાને લખ્યું હતું કે,

જેદેવજીને લશ્કરખાનનો પત્ર :

''એ બડે હૈં, તુમ સમઝી ચલિયો, અપનો જો ભલો ચહે,
ઈનકૂં કછુ એ મતિ કહો, તુમ સંન્યાસીકે કહે. ૬૮૧''

આ વાંચી શ્રીજી જેદેવજી ઉપર ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીજીએ જે સર્વ વૈષ્ણવ મથુરા ગયા હતા તે સર્વને બોલાવવા દામોદર ભટ્ટને મોકલ્યા અને પોતે પણ સ્નાન સંધ્યા કરી સર્વને પ્રસાદ લેવાની આજ્ઞા કરી તથા એ સમયે એ સર્વ વૈષ્ણવોને શ્રીજીએ પૂછ્યું : હવે તમારા મનમાં કાંઈ પણ શંકા રહી છે ? એઓએ જ્યારે કહ્યું કે અમને કાંઈ શંકા રહી નથી અને અમે પ્રસાદ લઈએ છીએ ત્યારે જ શ્રીજી પણ કુટુંબ-સહિત પ્રસાદ લેવા પધાર્યા. શ્રીજીના મથુરા પધાર્યા પછી અત્યાર સુધી આખા શ્રીગોકુલમાં કોઈ પણ વૈષ્ણવે જલપાન સરખું કર્યું નહોતું અને શ્રીજીના કુટુંબમાં તો ઘરનાં નાનાં બાળકોએ પણ ભોજન વગેરેનો ત્યાગ કર્યો હતો ! એ પ્રભુ અને એમનાં જનોનો પરસ્પર કેવો ઉચ્ચ પ્રેમ !

શ્રીજીના શ્રીગોકુલ પાછા ગયા પછી સંન્યાસીએ મથુરામાં શેરખાન તથા શકદારને બોલાવી કહ્યું કે તમારાથી ગોકુલનાથજી સામે કાંઈ બોલી શકાયું નહિ ! ત્યારે એઓએ કહ્યું : અમે જાણી જોઈને અન્યાય શી રીતે કરી શકીએ ? અમે જાણીએ છીએ : એમની વાત શાસ્ત્રને અનુમત છે. વળી એમના પર સઘળી પ્રજાનો પણ પ્રેમ છે એ તો તમે જાતે જ જોયું, તો પછી વિના કારણ એમને કાંઈ કહી પ્રજાનાં મન દૂભવવાં અને રાજ્યોમાં બખેડો ઊભો કરવો એ તો મૂર્ખાઈ જ કહેવાય તથા બાદશાહ પણ એ વિશે પૂછે તો જંવાબ આપવો ભારે પડે. ત્યારે સંન્યાસીએ કહ્યું : તમારાથી ગોકુલનાથજીની માલા ઉતરાવી શકાતી નથી એવું હું બાદશાહને લખું ?

આ સાંભળી એ સર્વ મૂંગા રહ્યા.

એ પછી કેટલાક દિવસે સંન્યાસીએ પંચને તેડાવી મેઝર તૈયાર કરાવી અને એમાં લખ્યું કે અત્રેના તમામ સ્વામીઓએ તથા એમના સેવકોએ પોતાની માલા ઉતારી છે.

મેઝર :

ગોકુલનાથ ગુસાંઈજી પોતે માલા ઉતારે નહિ. ૭૧૯
એ ઘણું જોરાવર અને કહ્યું માનતા કેહનું નથી.''

પછી એ મેઝર ઉપર જેઓએ માલા ઉતારી હતી તેમની સહી કરાવી. મેઝર તૈયાર થયું એટલે ચિદ્રૂપે એ ઉપર કાજીને મહોર છાપ કરવાનું કહ્યું ત્યારે કાજી મનમાં સંકોચાયો અને એણે શ્રીજીને મથુરા મળવા બોલાવ્યા. ત્યાં એણે કહ્યું કે,

''મોહોર મેઝર ઉપર કરાવે છે મુને કહી,
જગ-ઉજાગર બોલિયા, તુમ સુખે કાહે કરત નહીં. ૭૨૪
ઈનમેં અનુચિત કહાં હે : ઈહાં લીખી હે જેસી દેખી,
જીને ઉતારી સો લિખી, હમ નહિ ઉતારી ન લિખી. ૭૨૫''

એમ કહી શ્રીજીએ કાજીને મેઝર ઉપર સહી કરવાનું કહ્યું એટલે એણે મહોરછાપ કરી આપી. પછી ચિદ્રૂપે એ મેઝર વૈશાખ વદિ ૧૩ ના રોજ બાદશાહને મોકલી આપી અને એ પછી શ્રીજી શ્રીગોકુલ પાછા આવ્યા.

પ્રભુનો સત્ય ન્યાય :

મેઝર મોકલી એની સાથે ખાનગી પત્રમાં ચિદ્રૂપે સદ્ભાગ્યે બાદશાહને લખ્યું હતું કે જો ગોકુલનાથજી માલા ઉતારવાની ના પાડે તો એમને ઘરબાર છોડી ગોકુલમાંથી નીકળવાની ફરજ પાડવી જોઈએ. એ દુષ્ટ અને લોભી સંન્યાસીના મનમાં હતું કે શ્રીજીને ઘરબાર ગાયો વગેરે ઘણો વૈભવ છે એ એઓ છોડશે નહિ અને તેથી બાદશાહ એમને માલા ઉતારવાની ફરજ પાડશે , તેથી મારી ધારેલી ઉમેદ સત્વર પાર પડશે, પણ એ સંન્યાસીની આ કલ્પના તદ્દન ભૂલભરેલી હતી, એ આવી ભૂલ કરે એ પણ સ્વાભાવિક હતું. એ બિચારાને શ્રીજી, એમના ભક્તો અને એમનો પંથ એના યથાર્થ સ્વરૂપનું શું જ્ઞાન હોઈ શકે ? જે પુષ્ટિભકતો અને આચાર્યોએ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કર્યું છે અને જેઓ નિષ્કામપણે સ્વપ્રભુના સાચા સેવક બની ફક્ત એની અલૌકિક લીલાના વિસ્તાર અર્થે જ જગત પરનાં સર્વ કાર્યો કરી રહ્યા છે, પણ જેમાં એમને યત્કિંચિત્ સ્વાર્થ કે આસક્તિ નથી તેવાઓને આ જગતના પ્રપંચ અને વૈભવની શી દરકાર હોય ? જેઓ મનુષ્યદેહથી જગતમાં વિચરે છે અને આસક્તિરહિત થઈ કેવળ પ્રભુપ્રીત્યર્થે લૌકિક અલૌકિક સર્વ કાર્યો કરી રહ્યા છે તેવા નિષ્કામ ભક્તો પણ જગતના વૈભવોને તુચ્છ ગણી કેવળ પોતાના પંથનું રક્ષણ કરે છે તો પછી એવા નિષ્કામ ભક્તોના આચાર્ય અને પ્રભુ પોતે શું એવા તુચ્છ વૈભવોને માટે પોતાનો પંથ છોડે ખરા કે ? એ લોકોનું જીવન કેવળ પંથનાં પ્રસાર, પોષણ અને રક્ષણને માટે જ હોય છે. પ્રભુમાં નિરંતર ચિત્ત રાખનારને જે સ્થિતિમાં

પ્રભુ રાખે તેમાં એઓ સુખ અને આનંદથી રહી શકે છે. એના મનથી રાજાનો મહેલ અને ગરીબની ઝૂંપડી એકસરખાં જ છે. જે પદાર્થોમાં જેને મોહ કે આસક્તિ નથી તે તજવામાં તેને કેટલી વાર ! પંથ ઉપર દૃષ્ટિ રાખનારા ક્ષણિક લૌકિક સુખદુઃખની પરવા કરતા નથી. એઓ જાણે છે કે એ સુખ નાશવંત છે. એમને તો પોતાના પંથ પ્રમાણે ચાલવું એ જ મુખ્ય કર્તવ્ય હોય છે. જો ચિદ્રૂપને આટલું જ્ઞાન હોત તો એણે બાદશાહને શ્રીજીને ઘરબાર તજાવવાનું લખ્યું ન હોત, એનાથી બાદશાહ ઘણી મુશ્કેલીમાં આવી પડત અને પોતાનું વચન પાળવાના અભિમાનને લઈ કદાચ એ શ્રીજીની માલા ઉતરાવવા જોરજુલમ પણ કરવાનો વિચાર કરત, પણ પ્રભુએ જ એને ભુલાવ્યો અને સંન્યાસીના હાથે જ બાદશાહને પોતાના અવિચારી વચનમાંથી છૂટા થવાનો માર્ગ કરાવી આપ્યો. પ્રભુની આ અતર્ક્ય ઘટનાનો ભેદ પામર પ્રાણી શી રીતે જાણી શકે ? એનો વિશુદ્ધ ન્યાય ખરા ગુનેગારને શિક્ષા કર્યા વિના કેમ છોડે ? વળી, એ શિક્ષા કરવાની રીત પણ કેવી અજબ ! ગુનેગાર પોતાના હાથે જ પોતાની કુહાડી આંધળો થઈ પોતાના પગ પર મારે ! વાહ પ્રભુ ! કેવી કુશળતા ! ગુનેગારને શિક્ષા અને એ પણ સ્વહસ્તે ! એ બિચારો દોષારોપણ પણ કોના પર કરે ?

ઉપર જણાવ્યા પ્રમાણે પ્રભુએ નિજેચ્છાથી ચિદ્રૂપને હાથે જ મેઝર અને કાગળ લખાવી બાદશાહને મુશ્કેલીમાંથી મુક્ત કર્યો.

"પછી મહેજર મારગમાંહે ચાલ્યું ગયું આસફખાન જાંહાં,
ખાને જોઈ માથું ધુણાવી કહ્યું અબ બિગડી જિયાં,
ખાનને ચિંતા થઈ કહે કહા હુએ હોયગી અબે."

આસફખાન :

વાચકોને એ તો સુવિદિત જ છે કે આસફખાન શ્રીજીને ચાહતો હતો અને એ ધારતો હતો કે સંન્યાસી ઢોંગી અને તોફાની છે તથા વિના કારણ એ આ સાંપ્રદાયિક કલેશ ઉત્પન્ન કરી સર્વને હેરાન કરે છે. બાદશાહે ભોળપણમાં આપેલા વચનનો એ દુષ્ટ અયોગ્ય લાભ લેવા માગે છે, પણ એ એને મળવો જોઈએ નહિ. એમ વિચારી આસફખાન ચિંતામાં પડ્યો. પછી બુલાખી જોડે જોઈતી મસલત કરી, એની સલાહ લઈ આવેલું મેઝર બાદશાહને ન બતાવતાં દાબી રાખ્યું અને કોઈક વખતે બાદશાહની રૂખ જોઈ બતાવવાનો નિશ્ચય કર્યો.

મેઝરની માગણી :

એમ કરતાં કેટલોક સમય ગયો, પછી બાદશાહે એક વખત બુલાખીને કહ્યું કે કાશ્મીર આવ્યો ઘણા દિવસ થયા, પણ મથુરાથી બાબાજીની કાંઈ ખબર આવી નથી, ત્યારે એણે કહ્યું કે સમાચાર તો ઘણા દિવસથી આવ્યા છે, પણ મામુજીએ (આસફખાને) આપને બતાવ્યા નથી. દેશાધિપતિએ આસફખાનને એ વિશે પૂછ્યું ત્યારે એણે કહ્યું કે આપ પ્રસન્નતામાં નહોતા એટલે આપને બતાવી આપની બેચેની વધારવાનું ઉચિત લાગ્યું નહોતું. પછી બાદશાહે કહ્યું : ઠીક છે, હવે તો હું પ્રસન્ન

છું માટે એ લાવો ત્યારે આસફખાને ઈતબારખાનને કહ્યું : એ મેઝર લઈ બાદશાહને સમજાવો. એમ કહી ઈતબારખાનના હસ્તમાં એ મેઝર મૂકી. ઈતબારખાને એ લઈ જઈ બાદશાહને દેખાડી અને કહ્યું કે એ આવી ત્યારે આપ ખુશમિજાજમાં નહોતા તેથી એ બતાવી નહોતી. એ સાંભળી બાદશાહે એને વાંચવા કહ્યું. વંચાઈ રહ્યા પછી બાદશાહે કહ્યું : જ્યારે સર્વ લોકોએ માલા ઉતારી છે તો ગોકુલનાથજી કેમ ઉતારતા નથી ? એમની પાસે માણસો મોકલી એમને અત્રે બોલાવો. ત્યારે આસફખાને કહ્યું કે એમને માણસ મોકલવાની જરૂર નથી, એ ઘણા સૂધા છે તેથી આપનું માત્ર ફરમાન જશે કે તરત આવશે, માટે ફક્ત ફરમાન લખી મોકલવાનો હુકમ થવો જોઈએ, એ ઉપરથી બાદશાહે આગ્રાના હાકેમ દ્વારા પત્ર લખી મોકલવાનો હુકમ કર્યો તેથી આસફખાને આગ્રાના હાકેમ પર પત્ર લખાવ્યો અને પોતે પણ એક ખાનગી પત્ર સર્વ હકીકત લખી શ્રીજીને કાશ્મીર પધારવાનો આગ્રહ કર્યો. થોડા દિવસમાં એટલે શ્રાવણ વદિ ૮ ના રોજ એ બે પત્ર શ્રીજીને પહોંચ્યા. પત્ર વાંચીને શ્રીજી પોતાની બેઠકમાં પધાર્યા અને ત્યાં એકઠા મળેલા સર્વ વૈષ્ણવોને સર્વ હકીકતથી વાકેફ કરી એ વિશે એમનો અભિપ્રાય પૂછ્યો.

અબ ડર કોનકો :

આ વખતે મંદિરમાં ઉત્થાપનનો સમય હતો અને શ્રીજીએ જેવો ઉપરનો પ્રશ્ન પૂછ્યો કે તરત જ જગમોહન ચોકમાંથી ''अब डर कोनको रे भैया'' એ પદ ગવાતું કર્ણે પડ્યું. એ જ વખતે શ્રીજીએ ઉપરણે ગાંઠ વાળી પોતે કહ્યું કે ભગવદિચ્છાથી આપણા પ્રશ્નનો આ ઉત્તર સૂચિત થયો છે, માટે કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા સિવાય તાકીદે જવું જોઈએ. એમ કહી તરત જ જોશીને બોલાવ્યો અને મુહૂર્ત પૂછ્યું. તપાસ કરતાં મુહૂર્ત ઘણું મોડું આવવા માંડ્યું ત્યારે શ્રીજીએ કહ્યું એ મુહૂર્તને દિવસે નીકળીએ તો ઘણું મોડું થાય માટે જોશીને सिवा लिखित अमृत ઘટી જોઈ કાઢવા કહ્યું ત્યારે જોશીએ કહ્યું કે નવમીને દિવસે પાછલો ત્રણ ઘડી દિવસ રહે એ વખતે અમૃત ચોઘડિયું છે તેથી એ ચોઘડિયામાં કાશ્મીરનું પ્રયાણ કરવાનું નક્કી કર્યું. (અહીં માંગલ્ય બીજું સંપૂર્ણ થાય છે.)

૯. ભક્તોનો વિરહાનલ

શ્રીજીના પ્રયાણની પડેલી ખબર :

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શ્રીજીને કાશ્મીર પધારવાનું નક્કી થતાં એ વાત વિદ્યુત જેટલી ત્વરાથી સર્વત્ર ફેલાઈ ગઈ અને જેવી એ વૈષ્ણવોના શ્રવણે પડી કે એઓને ભારે ચિંતા થવા લાગી. શ્રીજીનાં ભક્તજનો એમના સ્વરૂપમાં જ આસક્ત હતાં. એ સ્વરૂપાસક્ત રસિક જનો શ્રીજીનો વિયોગ સહન કરી શકતાં નહિ. આ વિશે શ્રીજી ગુજરાત પધાર્યા એ વખતે ગોકુલસ્થ જનોની કેવી સ્થિતિ થઈ હતી અને એમને શ્રીજીએ કેવી રીતે શાંત કર્યાં હતાં એનું કેટલુંક દિગ્દર્શન અમારા વાચકોને અમે આગળ એ પ્રસંગે કરાવ્યું છે અત્રે ફરીને એવો જ પ્રસંગ ઉપસ્થિત થયો છે અને તેથી અમારા વાચકોને શ્રીજી અને એમનાં ભક્તજનો, એમનો અરસપરસનો વિશુદ્ધ પ્રેમ-અને પુષ્ટિભક્તિના ગૂઢ સ્વરૂપનું કાંઈક જ્ઞાન મેળવવાનો લાભ મળશે. વળી જો એઓ સાથે સાથે શ્રીકૃષ્ણ અને વ્રજભક્તોની અરસપરસની ભાવના અને સેવાનો પ્રસંગ ધ્યાનમાં રાખશે તો શ્રીજી અને એમનાં ભક્તજનોનો પ્રેમસંબંધ કેવળ વિશુદ્ધ અને અલૌકિક માલૂમ પડશે, એટલું જ નહિ, પ્રેમના અભ્યાસીઓને તો એ વાંચતાં કાંઈ અવનવા આનંદનો અનુભવ થશે અને પ્રેમસ્વરૂપ પરમાત્માના મીઠા અને મધુર સાક્ષાત્કારનો (અનુભવનો) લાભ પણ ભાગ્યવશાત્ પ્રાપ્ત થશે.

વાત્સલ્ય-ભાવથી જેમનાં હૃદયકમલ છલોછલ ભરાઈ ગયાં છે તેવાં નિજ જનોને ઉપલા સમાચારથી ખૂબ ભય લાગવા મંડ્યો અને એ સર્વ એ સંબંધી વિચારોમાં એવાં તો લીન થઈ ગયાં કે એ રાત્રે કોઈને પ્રસાદ લેવો ભાવ્યો નહિ અને કોઈને ઊંઘ પણ આવી નહિ. અરે ! કેટલાંક તો શ્રીજીના પ્રયાણની વાત માત્ર સાંભળતાં જ બેશુદ્ધ થઈ જમીન પર ઢળી પડ્યાં. ક્ષણે ક્ષણે સર્વની નજીકમાં થવાના સ્વપ્રભુના વિયોગ સંબંધી વિરહવેદના વધતી ચાલી અને આખા શ્રીગોકુલમાં સર્વત્ર પ્રબળ આક્રંદ અને રડારોળ થઈ રહ્યાં. આ અસહ્ય વિરહ-વેદનામાં એ સર્વ દેહાનુસંધાન-રહિત થયાં. આ પ્રસંગનું વર્ણન પ. ભ. ગોપાલદાસજીએ એમના અનુભવ-બળે ઘણું સચોટ રીતે કર્યું છે અને એ દ્વારા પુષ્ટિભક્તોને સેવ્ય પ્રભુ માટે કેવો પ્રેમ જોઈએ એનું યથાશક્ય દર્શન કરાવ્યું છે. અત્રે અમે પણ એમનાં કેટલાંક અત્યુપયોગી વચનો ટાંકી અમારા સૂજ્ઞ વાચકોની જિજ્ઞાસા પૂરી પાડવા પ્રયત્ન કરીશું.

ભક્તજનોની થયેલી સ્થિતિ :

''તેહ થકી અબલાઓને અંગ અંગ પ્રબળ પરિતાપ,
પ્રગટ્યો પ્રલય-સમાન થઈ પંજર પ્રજલાતે આપ. ૩૫

વિરહાગમ દાવાનલે દસો દિશ પ્રસરી રે જાલ,
અંતર દાઝે આકુલ થઈ, વ્યાકુલ થઈ તે બાલ. ૩૬
જાણું આવ્યો મહા પ્રલય, શો કરીએ ઉપાય,
વૃથા સંતાપ વાધ્યો ઘણું, કાલ જ માંહે કપાય. ૩૭
અવસ્તા એકો રહી નહિ પ્રિતમને તે પ્રસ્તાન,
દેહદશા વિપરીત થઈ, દુઃખનું નહિ કાંઈ ભાન. ૩૮
બાલક એમ જ રોતાં રહે, કરાવે નહિ સ્તનપાન,
તેહને તરછોડે ખેદે કરી, રુચે નહિ કાંઈ આન. ૪૪
ક્ષિણુ માંહે તે ચેતન થઈ, ક્ષિણુ માંહે અચેતન,
કોણ સંભાળે એ દેહને, વિવશ થઈ ગયું મન. ૫૩''

વળી પ્રેમાવેશમાં અને વિરહના અતિશય દુઃખમાં જે નિષ્કામ ભક્તજનો કોઈને પણ કટુ વચન કહી એની લાગણી દૂભવે નહિ તેઓ પણ પોતાની બેભાન સ્થિતિમાં પોતાના સર્વ દુઃખના કારણરૂપ ચિદ્રૂપને અપશબ્દો કહેવા લાગ્યાં :

''દુષ્ટ કસાઈ એ આપણા હરવા આવ્યો છે પ્રાણ,
એમ કહી કહી શ્રાપ દે, ભાવે થઈ અજાણ. ૭૪
પેર અમારી હવે શી થશે, કેમ રહીશું અમો યહાં,
રાજ પધારે અમો શું કરું, ક્યાં રહીએ, જઈશું કહાં. ૭૮
કયાંહાં ક્યાંહાંથી આવી રહ્યાં રે, એક અમો જોવાને રાજ,
નહિ તો અમારે રહ્યા તણું, શુંય રહ્યું હતું કાજ. ૭૯
તે સ્થલને અમો શું કરૂં, રાજ બિરાજો ન જ્યાંહ.
સર્વ અમારે શા કાજનું, સર્વસ રાજ હો ત્યાંહાં. ૮૦
રૂપ જોઈ અમો જીવીએ, અમારે એ જ ધન,
ધન્ય અનેક પ્રકારનું, આવે નહિ કાંઈ મન. ૮૧
અન્ય તો મનમાં આવે નહિ ને દરશન જ્યારે નવ થાય,
એ દુઃખ દારુણ અંતર તણું, વચન કેમ કહેવાય. ૮૨
દુઃખ અમારે આપથી ચોટ્યું છેરે લલાટ,
તે સહું અમો સર્વદા મારા વહાલાજી માટ. ૮૩''

લીલાઓનું સ્મરણ :

વળી ભક્તજનો એમના પ્રાણપ્રભુની વિવિધ પ્રકારની અનેક લીલાઓ અને એ દ્વારા મળતાં સુખ તથા આનંદને યાદ કરી કરી પશ્ચાત્તાપ કરવા લાગ્યાં કે એ અતર્ક્ય અને અલભ્ય સુખનો લહાવો ફરીને ક્યારે પ્રાપ્ત થશે ? વળી ભાવ સંબંધથી એક ભક્તજને કહ્યું કે કાલ કૃતાંત અસુર બાદશાહ પાસે જઈ મારો નિપટ, મૃદુલ, કોમલ અને અતિસુકુમાર વહાલમો કેવી રીતે જવાબ આપશે ? એ પોતે કેમ પધારે છે એ પણ આપણને જણાવ્યું પણ નથી. આ સાંભળી એક ભક્તજન જેને શ્રીજીના મોહક સ્વરૂપ અને પ્રતાપનો અનુભવ હતો તે બોલ્યો :

''એક કહે, બાઈ એહનું સ્વરૂપ સલૂણ અપાર,
વિશ્વમોહક ને મોહામણું, તેજ તણો રે ભંડાર. ૨૩૮
એવું જોઈ પૃથ્વીપતિ, જાશે રે પાણી થઈ,
સંન્યાસી જખ મારતો રે રેહેશે મોઢું લઈ. ૨૩૯''

વળી કોઈ એક ભક્તજન કહેવા લાગ્યો કે પ્રભુએ આપણને અબળા બનાવી પરતંત્ર બનાવ્યાં એટલે આપણે કોઈ રીતે આપની સંગે પણ જઈ શકીશું નહિ, પુરુષરૂપે હોત તો આપણને આ વિરહવેદના ભોગવવી પડત નહિ. આવી રીતે ભક્તજનો અનેક વિલાપ કરવા લાગ્યાં અને દેહાનુસંધાનરહિત થઈ પોતાની સકલ ઈંદ્રિયો તથા મનને પ્રાણપ્રભુના જ વિચારોમાં રોકી તન્મયતાની પ્રાપ્તિ કરવા લાગ્યાં. ધીમે ધીમે એમની વિરહવ્યથા એટલી તો વધી પડી કે શ્રીજીથી એ સહન થઈ શકી નહિ, એમને શાંત કરવા એઓમાંથી એકને પોતાની પાસે બોલાવી શ્રીજીએ કહ્યું કે

શ્રીજીનું આશ્વાસન :

''કહ્યું અપનો સુધર્મ હે, રાખ્યો ચહીએ અવશ્ય,
કો રાખે કહો યાહીકૂં, કાહુ કે ન વશ્ય. ૩૧૦
કછુ ચિંતા મતિ કીજિયો, એહે કેતીક વાત,
હમારો વે કરીહે કહા, ઉત્તર દેઉંગો નાત. ૩૧૧
કેહેની વાત હે, એક દો, સો કહી આઉંગો સદ્ય,
તુમ ચિંતા કછુ મતિ કરો, એવું જણાવ્યું તે ગદ્ય. ૩૧૨
જાનો માત્રહેં ઉહાંઈ લોં, મેં ફીરી આઉંગો વેગી,
હિતભર ઉગ્ર પ્રતાપનાં વચન કહ્યાં ત્યાં ભેગી. ૩૧૩''

દસમી અવસ્થામાંથી રક્ષણ :

ઉપર પ્રમાણે આશ્વાસન અને શાંતિના વચન કહી શ્રીજીએ પોતાનાં ભક્તજનોને વિરહની દસમી સ્થિતિમાં જતાં અટકાવ્યાં અને એઓના પ્રાણનું રક્ષણ કર્યું. જો શ્રીજીએ એમને સાવધાન કરી આ પ્રમાણે એમની રક્ષા કરી નહોત તો એઓ પોતાના પ્રાણ ટકાવી શકત નહિ, વિરહાગ્નિનું દુઃખ એમને પ્રલય સમાન થાત. પ. ભ. ગોપાલદાસજી કહે છે કે આ ભક્તજનોને પોતાના પધારવાથી અસહ્ય દુઃખ થશે અને એઓ એમાં પોતાના પ્રાણ ખોશે એવું જ્યારે શ્રીજીએ જાણ્યું ત્યારે વિચાર કર્યો કે લીલામાં એમના ભૌતિક દેહની પણ જરૂર છે માટે કોઈ પણ પ્રકારે એમના પ્રાણનો નિભાવ કરવો જોઈએ, પણ એ બને કેમ ? એમને માટે તો સ્વસ્વરૂપ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી અને પોતાને પધાર્યા વિના છૂટકો પણ નથી. પછી પ્રભુએ પોતાના અતર્ક્ય બળે પોતાનાં યશ તથા પ્રતાપને એ ભક્તજનોના હૃદયમાં પ્રવેશ કરાવી, ત્યાં રહેલો કલેશ દૂર કરી એમને ત્યાં રહેવા આજ્ઞા કરી, તેથી એ ભક્તજનોના હૃદયમાં શ્રીજીનાં યશ અને પ્રતાપ વસ્યાં અને સ્વરૂપસંબંધી કલેશ દૂર થયો. યશ અને પ્રતાપે ત્યાં ગયાં તો ખરાં, પણ હૃદયમાં મન જોયું નહિ, એ તો શ્રીજીનાં ચરણકમળમાં ક્યારનુંએ પહોંચી ગયું હતું. જ્યાંસુધી હૃદયમાં આવે

નહિ ત્યાંસુધી ઈંદ્રિયોના વહેવાર અને પ્રાણોનું રક્ષણ થઈ શકે નહિ તેથી યશ અને પ્રતાપે મહા પ્રયત્ને મનને હૃદયમાં લાવ્યા અને મન હૃદયમાં આવતાં યશ અને પ્રતાપે એને પોતાની પ્રત્યે આકર્ષ્યું, જેથી હૃદયનું સર્વ સુકાન ફર્યું. સ્વરૂપસંબંધી આસક્તિ યશપ્રતાપ પ્રત્યે પલટાઈ અને એ હૃદયમાં હાજર હોવાથી વિરહાગ્નિ શાંત પડ્યો. ટૂંકામાં, ભક્તજનોની આસક્તિ સ્વરૂપમાંથી ખેંચી શ્રીજીએ યશ અને પ્રતાપમાં લગાડી તથા પ્રાણની રક્ષા કરી. જેઓના ભાવ કેવલ સ્વરૂપમાં જ લુબ્ધ હતા તેઓના એ ભાવને નિજેચ્છાથી કાર્ય-કારણાર્થે ફેરવ્યા. આમ ન હોત તો એ સ્નેહવિરહી સમાજના ભાવ કોણ ફેરવી શકે ? જેમ પ્રભુ મરણમાં પણ રક્ષા કરે છે અને રસમાં મગ્ન થવા દેતા નથી તેમ પ્રભુએ અહીં પણ રક્ષા કરી વિરહી જનોના પ્રાણ બચાવ્યા. આ પ્રમાણે નિરંતર પ્રભુની કૃપા સ્વજનોના સ્નેહનું રક્ષણ કર્યા કરે છે. પ્રભુની કૃપા વિવિધ રસદાન કરવાના હેતુથી ભક્તજનને કોઈ અમુક રસમાં મગ્ન થવા દેતી નથી, કારણ કે એનાથી રસનો વિસ્તાર થાય નહિ. અત્રે પણ રસના વિસ્તાર અર્થે શ્રીજીએ પોતાના વિરહી સમાજની યશપ્રતાપ દ્વારા રક્ષા કરી અને એમને નિજેચ્છાથી સ્નેહમાંથી માહાત્મ્યમાં દોર્યાં. આટલું છતાં પણ જે વિરલ ભાગ્યવાનો કેવળ રસાશ્રિત અને રસના પાત્ર હતા તેમનું સમાધાન યશ અને પ્રતાપ દ્વારા થઈ શક્યું નહિ ત્યારે શ્રીજીએ એમના હૃદયમાં જ્યાં સ્વરૂપ-વિષયક કલેશ હતો ત્યાં સ્વરૂપાત્મકભાવે કરી સ્વરૂપથી સંવલિત થઈ પરમાનંદાત્મકસ્વરૂપે બિરાજ્યા અને એમના તાપ સમાવ્યા :

''પરમ પ્રબલ મહા પ્રૌઢ, તે એ ભાવ આનંદદાયે,
તે ક્ષણ હૃદયે પ્રવિષ્ટ થઈ, તાપ સમાવ્યો સહુ કોયે. ૩૯૦
એ આનંદાત્મક ભાવથી, આનંદિત થયાં તેણી વાર,
એણે પ્રકારે અંતરંગની રક્ષા કરીય આધાર. ૩૯૧''

આવી રીતે સર્વને શાંત પાડી, નિર્માણ કરેલે દિવસે એટલે સં. ૧૬૭૭ ના આષાઢ વદિ ૯ ના રોજ ઉત્થાપનમાં સ્નાન કરી શ્રીજી ભીતર પધાર્યા. પછી સેવ્ય પ્રભુને હિંડોળે ઝુલાવી, સેન-આરતી કરી વિદાયગિરિ લીધી અને પછી શાલિગ્રામનો સંપુટ લઈ શ્રીજી બહાર પધાર્યા. પછી ભોજનાર્થે ભોજનગૃહમાં પધાર્યા અને ત્યાં

વહુજીને બોધ :

''કહે છે એ સમે વહાલો વહુજીને,
વિનયશું અતિ ભરી પ્રીત,
સેવા સબ કરનો ધૈર્યશું, સમય સમય જેહે રીત. ૩૩૦
અરુ અપને વૈષ્ણવ જે ઇહાં, તિનકો નિત્ય સંમાન,
અરુ આવેંગે પરદેશ તે, સબકો કરનો સમાધાન. ૩૩૧
યાકી તુમસો કહેની કહા, તુમ તો કરોંગી તેસેહી,
તુમ હો તો મેં હું સર્વદા, યહ નિરધાર એસેહી. ૩૩૨
તથાપિ કહિયત હે યાહિતે, પ્રગટ મર્યાદા જેસીય,
નાતર હમ તુમ ન્યારે, છીનુ રહે ન ભઈ એસીય. ૩૩૩

પેં ઇચ્છાતે વેગી આઉંગો, ચિંતા કરની ન કોઉ,
સર્વથા ચિંતા જીન કીજિયો, લૌકિક અલૌકિક દોઉ. ૩૩૪''

તમારા મનમાં જે બીક છે તે તો ભગવદિચ્છાથી થશે નહિ, એ પ્રમાણે ભીતર વહુજી વગેરે સર્વનું સમાધાન કરી શ્રીજી નિજ બેઠકમાં પધાર્યા. ત્યાં

''ભાઈ ભત્રીજા વહુ બેટી ને પુત્રાદિક પરિવાર,
લોક ન્યાત વરગ સહુ આવીય, ભીડ થઈ તેણી વાર.
સમાધાન તેહોનાં કર્યાં, સંતોષણ બહુ પેર.
ધર્મવીરે શૂરવીર થઈ વાઘા પેહેર્યા સ્વ-ઘેર.
શાલિગ્રામ-સંપુટ લેઈ કટિબંધશું બાંધ્યો તેહ.''

ભક્તજનોનું સમાધાન :

શ્રીજી વસ્ત્રાદિક ધારણ કરી પ્રયાણને માટે સજ્જ થયા એટલે ભક્તજનોએ એમને વિજય તિલકાદિક કરી શુભ શુકન આપ્યાં અને પછી કુટુંબવર્ગ તથા જનોની સાથે એઓ શ્રીયશોદા-ઘાટે પધાર્યા. પછી નાવ આવી પહોંચતા જ આગળ જણાવ્યા પ્રમાણે શ્રીજીએ દૃષ્ટિ દ્વારા પોતાના વિરહી સમાજના હૃદયમાં પોતાનું સ્વરૂપ સ્થિત કર્યું અને એમનાં સ્વરૂપોને પોતાના હૃદયમાં સ્થાપન કર્યાં, કારણ કે

''ભક્ત વિના પ્રભુ રહે નહિ, પ્રભુ વિન ભક્ત રહે નહીંય,
પરસ્પરે ચિત્ત અર્પીઆં, વિલંબ નહિ તે અહીંય. ૩૯૮
અનિરવચનીય વ્યક્ત, એમ ઉભય થઈ હૃદયારૂઢ,
લેહેવા કોઈ તે શક્યા નહિ, એહોનો ભાવ જે ગૂઢ. ૩૯૯
ત્યાં ચક્રવાકી ચક્રવાકને, નિશા થયે થયો વિયોગ,
વિરહ-ભર્યા વ્યાપારથી, બોલે વ્યાપાર-સંયોગ. ૪૦૦
તેઓના શબ્દ સુની સુની, સંજોગી એ સમાજ,
નિઃશ્વાસ નાખી નાખી કહે, અમને એ સમો આવ્યો આજ. ૪૦૧''

નાવમાં શ્રીજી :

આ પ્રમાણે બોલતાં એઓ લગભગ દસમી અવસ્થા સુધી પહોંચ્યા, પણ શ્રીજીએ સ્વરૂપથી તેમના હૃદયમાં સ્થિત થઈ એઓના પ્રાણ બચાવ્યા. છેવટે સંગે જનાર ભક્તજનોને પોતાના પ્રાણનાથને માર્ગમાં હરકત ન આવે એ માટે યોગ્ય સંભાળ રાખવા સૂચના કરી. પછી નાવ આવી પહોંચતાં માર્ગોપયોગી સર્વસાજ એમાં ચડાવી શ્રીજીને અંદર પધરાવ્યા. નાવમાં ચડતી વખતે શ્રીજીએ શ્રીગોપાલને બોલાવ્યા ને ત્યાંથી પાછા વળવા કહ્યું ત્યારે એમણે સામે પાર જવા આગ્રહ કર્યો, તેથી શ્રીજીએ સ્નેહપ્રકાર કરીને કહ્યું કે,

''પ્રિય ચલત પરદેશકૂં, નિકટ વિદ વ્હેકે રહિયે,
અરુ આવે તબ લેનકૂં, આગેં દૂરહી લોં જઈયે. ૪૨૧''

એવું કહી સમાધાન કર્યું અને તેથી શ્રીગોપાલ વગેરે કુટુંબીજનો ત્યાંથી દંડવત-પ્રણામ કરી પાછા ફર્યાં. વળાવવા આવેલા ભક્તજન જાંઘ લગી જલમાં પેસી નાવ

કને ગયાં અને વળી કેટલાંક તો નાવમાં ચડી પાર ગયાં. જે ચડી ન શક્યાં તે પાર ઊભા રહી ટગર ટગર જોવા લાગ્યાં.

રાજબાઈ :

એવામાં ગુજરાતથી ગોધરાનાં રાજબાઈ દેસાઈ શ્રીજીના દર્શનાર્થે શ્રીગોકુલ આવ્યાં અને એ શ્રીજીને મળ્યાં. શ્રીફલ ભેટ ચરણકમલમાં ધરી, શ્રીકરે મુદ્રિકા પહેરાવી. એ વખતે પ્રાણનાથનું પ્રયાણ સાંભળી એઓ ઘણાં વ્યાકુળ થયાં અને ગદગદ કંઠે શ્રીજીને કહેવા લાગ્યાં કે હું આપના દર્શનની લાલસાથી આવી છું, મને નિવેદન કરાવો. ત્યારે શ્રીજીએ કહ્યું કે ''તુમકૂ નિવેદન કરાઊંગો જબ આઊંગો ફરીય.'' – કાશ્મીરથી આવીને નિવેદન કરાવીશ, હાલ બની શકે તેમ નથી, નહિ તો પાછળથી ત્યાં આવજો. હાલ શ્રમિત છો માટે અત્રે રહો, પણ એ તો સાથે જ રહ્યાં.

ભક્તજનોનું પાછું ફરવું :

પછી યશોદાઘાટથી નાવ ઊપડી સામે કાંઠે ખરિક પાસે આવ્યું એટલે શ્રીજી નાવમાંથી ઊતરી ખરિકમાં પધાર્યા અને આગળ પ્રયાણની તૈયારી થઈ ત્યાં સુધી ત્યાં બિરાજ્યા. સાથે આવનાર ભક્તજનો સાથે થયાં અને વળાવવા આવેલાંઓનું અનેક વચનો દ્વારા સમાધાન કરી શ્રીજીએ કાશ્મીરનું પ્રયાણ શરૂ કર્યું. પાછાં વળનારાંએ દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી શ્રીજી તરફ જોયા જ કર્યું અને પછી ઘણો વિલાપ કરતાં પાછાં ફર્યાં. એઓ થોડા વખત ખારિકમાં વિશ્રામ લઈ, નાવમાં બેસી સામે પાર ગયાં. ત્યાં જઈને જુએ છે તો જે ભક્તજનો નાવમાં નહિ ચડી શકવાથી ત્યાં જ રહ્યાં હતાં તેઓ હજુ પણ ત્યાં હાજર હતાં. સર્વ એકબીજાંને મળ્યાં અને લગભગ અર્ધ રાત્રિ સુધી શ્રીયમુનાજીના કિનારા પર જ રહ્યાં. છેવટે થાકી નિઃશ્વાસ નાખતાં પોતપોતાને ઘેર ગયાં.

૧૦. કાશ્મીરનો પ્રવાસ

કાશ્મીરની મુસાફરી :

શ્રીજી નોમને દિવસે પ્રયાણ કરી ૯૧ દિવસમાં કાશ્મીર જઈ ગોકુલ પાછા પધાર્યા. એમાં ૬૭ મજલમાં ૨૨ મુકામ કર્યા. કુલ ૯૧ દિવસમાંથી ૩૯ દિવસ શ્રીગોકુલથી કાશ્મીર સુધીની મજલના, ૮ દિવસ મુકામના, અને ૧ દિવસ પ્રસ્થાનનો એમ ૪૯ દિવસે શ્રીજી શ્રીગોકુલથી કાશ્મીર પહોંચ્યા. ત્યાં ૧૧ દિવસ રહ્યા અને પછી ૨૮ દિવસ વળતી મજલના, ૨ દિવસ મુકામના અને ૧ દિવસ પ્રસ્થાનનો એમ ૩૧ દિવસમાં એઓશ્રી કાશ્મીરથી શ્રીગોકુલ પાછા પધાર્યા. આ ૯૧ દિવસનો વિરહી સમાજને વિરહ કરાવી એ દ્વારા દશવિધ ભક્તિ અને ૮૧ ભાવ જણાવ્યા.

શ્રીગોકુલથી કાશ્મીર સુધીનો કુલ પ્રવાસ ૪૪૪ કોશનો હતો એની ગણતરી પ. ભ. ગોપાલદાસજી નીચે પ્રમાણે કરે છે.

શ્રીગોકુલથી ૧૮ આગ્રા, ૨૨ આમલગેડુ, ૯ જલસેર, ૬ જરા, ૮ અકબરાબાદ, ૮ કોર, ૮ ચંડોસ, ૧૫ ઈદલપુર, ૮ સુરજપુર, ૮ દિલ્હી, ૫ બાદલીબલી, ૭ નરેલા, ૮ સોનહુર, ૮ ગુનોર, ૫ પાણીપત, ૭ સંભલકછ, ૭ ઘણોદા, ૭ કરનાલક, ૭ તલાવડી, ૮ સ્થાનેશ્વર, ૧૦, શાહબાદકોશ, ૬ કછવાનો કોટ, ૫ અંબાલા, ૬ ઘરઘર, ૭ અલઉઆ, ૭ સીંહરદ, ૬ ખન્ના, ૩ રાયરાયા, ૩ રાજાની સરાહ, ૪ દુરહાસ્થા, ૮ લુધિયાના, ૪ કુલોર, ૮ નૂરમોહલની સરાહ, ૧ ઉપ્પલ, ૪ નીકોદર, ૮ સસતેખાન, ૨ સુલતાનપુર, ૬ ગોવિંદબાલ, ૯ પટીવાર, ૧૬ લાહોર, ૭ ફૈજાબાદ, ૧૩ એમદાવાદ, ૬ ચિમા, ૬ ચાનાબનદી, ૪ છોટી ગુજરાત, ૧૨ ભિન્નરવાર, ૫ ઘાટી, ૧૬ ચિગસ, ૭ રાજોર, ૮ થાના, ૮ રતન પંજાલ, ૬ કોસાણું, ૧૬ મહમદકુલીની લટી, ૭ હીરપોર, ૧૦ સરાહ, ૧૦ કાશ્મીર.

આ પ્રમાણે ૫૫ ગામ તથા ૪૪૪ કોશનો ઘણો વિકટ અને પહાડી પ્રવાસ ચોમાસાના ભર વરસાદમાં સિત્તેર વર્ષની વૃદ્ધાવસ્થાએ કરી શ્રીજી સંપ્રદાયના રક્ષણ અર્થે કાશ્મીર પધાર્યા.

લશ્કરખાન :

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે નવમીને ગુરુવારે શુભ નક્ષત્રમાં શ્રીજીએ કાશ્મીરનો પ્રવાસ શરૂ કર્યો.

ખરીકમાં પધાર્યા પછી પ્રવાસના માર્ગ વિશે જેદેવજી સાથે વિચાર કરતાં શ્રીજીએ એમને કહ્યું કે બાદશાહે લશ્કરખાનને અત્રેનો અધિષ્ઠાતા બનાવ્યો છે અને

એ આગ્રામાં રહે છે, એને આપણે કાશ્મીર જતાં પહેલાં મળવું જોઈએ, કેમકે ન મળવાથી એને ખોટું લાગશે. જેદેવજીને એ વિશે સંમતિ મળતાં શ્રીજીએ પ્રથમ આગ્રે જઈ, લશ્કરખાનને મળી પછી કાશ્મીર જવાનો નિશ્ચય કર્યો, તેથી શ્રીજીએ ગોવર્ધનદાસ અધિકારીને બોલાવ્યા અને એમને પ્રવાસનો સર્વ સાજ તૈયાર રાખવા તથા જ્યાં પોતે મગાવે ત્યાં મોકલી આપવા આજ્ઞા કરી.

વિશ્રામ જલધરિયો :

પ્રયાણ વખતે વિશ્રામ જલધરિયો દીવી લઈ આગળ થયો એને શ્રીજીએ વરજ્યો અને કહ્યું કે તું અહીં રહી સેવા કર. અત્રે કોઈ કહેશે કે અન્ય કોઈને વરજ્યા નહિ તો વિશ્રામને શા માટે રોક્યો ?

વરણ :

એતન્માર્ગમાં જીવોનો અંગીકાર અને વરણ અનેક રીતે છે અને તેથી જે જીવનું જેવી રીતે વરણ હોય છે તેવાં જ કાર્યોમાં પ્રભુ તેને આસક્તિ ઉત્પન્ન કરે છે અને એનાથી વિરુદ્ધ જતાં એને રોકે છે, કારણ કે એમાં એનું અહિત જ છે. અત્રે વિશ્રામ માર્ગપ્રણીત જીવ હતો અને તેથી એને સેવામાં આસક્ત કરવાનો હતો, તેથી શ્રીજીએ સ્વરૂપાસક્તની માફક એને સાથે ન રાખતાં પાછો કાઢ્યો અને શ્રીગોકુલમાં રહી શ્રીઠાકોરજીની સેવા કરવા આજ્ઞા કરી તથા એ દ્વારા સ્વકીયોને જણાવ્યું કે જેને માથે સેવા હતી તેનો શ્રીજીએ પોતાને વિશે નિરોધ થવા દીધો નહિ.

આગ્રામાં શ્રીજી :

અજવાળું થતાં શ્રીજીની આજ્ઞા થવાથી વિશ્રામ પાછો ફર્યો. સૂર્ય ઊગતાં શ્રીજી રેણુકા પહોંચ્યા, ત્યાં દંતધાવન કરી આગ્રે પધાર્યા અને શહેર બહાર રાયમુકુંદદાસના બાગમાં મુકામ કર્યો. રાત્રે ત્યાં જ ભોજન વગેરે કરી દશમીના સવારમાં ભદ્રા વીત્યા પછી નગરમાં પ્રવેશ કર્યો અને પ્રેમરાજની હવેલીમાં શ્રીજીએ મુકામ કર્યો. બીજે દિવસે એટલે એકાદશીના સવારમાં પ્રભુએ લશ્કરખાનને મળી વાતચીત કરી અને એને કહ્યું કે હું બાદશાહની પાસે જાઉં છું એની ખબર આપવા અને તમને મળવા માટે અત્રે આવ્યો છું. ત્યારે લશ્કરખાને કહ્યું કે : તમે ત્યાં જશો તોપણ બાદશાહ તમારા સંબંધી દરેક હુકમ મારી મારફતે જ કરશે, માટે એટલે દૂર શા માટે જાઓ છો ? માર્ગમાં આપને ઘણી અડચણો વેઠવી પડશે. બાદશાહ તો મને લખશે. એનો યોગ્ય ઉત્તર હું આપીશ. એ પછી તમારે જવું હોય તો જજો, પણ હાલ જવાની જરૂર નથી, માટે બાદશાહનું લખાણ આવતાં સુધી તમે સુખેથી ગોકુલમાં રહો, પણ શ્રીજી સ્વતંત્રપણે બોલ્યા : જોકે તમારું કહેવું યોગ્ય છે, પરંતુ અમારે તો ત્યાં જવું જ જોઈએ. આવાં કામોમાં રાહ જોઈ બેસી રહેવું ઉચિત નથી. તમારા ઉપર હુકમ આવે ત્યારે ઝડપથી જવાનું થાય એ કરતાં હાલ નિરાંતે જવું એ વધારે શ્રેયસ્કર છે. ત્યારે ખાને કહ્યું : જેવી આપની ઇચ્છા. પછી એણે કહ્યું કે,

"પે ભલી ભઈ ભયા કલેશ, તુમ પાઉધારે, ગોકુલેશ. ૧૩૧
કછુ બહોતે ભાગ્ય હમારાં, પાયા દીદારા તુમારાં. ૧૩૨

નાતર હમકૂં દરશન એસે, બેર બેર પાવતે કેસે. ૧૩૩''

બાદશાહનો હુકમ :

શ્રીજી ત્યાંથી વિદાય થયા પછી બાદશાહનો તરત જ શ્રીજીને મોકલવાનો હુકમ લશ્કરખાન પર આવ્યો, આ જોઈ એ વિશે કહેલું શ્રીજીનું ભવિષ્ય સાચું પડેલું ખાને જોયું અને તેથી એના મનમાં આપને વિશે ઘણું માન ઉત્પન્ન થયું.

ચિદ્રૂપનો પ્રયત્ન :

શ્રીજીના કાશ્મીર પધારવાના સમાચાર ચિદ્રૂપને કાને આવ્યા કે તરત જ એણે શેરખાનને કહ્યું કે

''જો ગોકુલનાથ ગોસાંઈ, પાઉધારે છે મન-ભાઈ. ૧૪૦
એહોને રોકી મારગ માંહે, રાજ-રીતે પઠાવો ત્યાંહે. ૧૪૧''

આગ્રાથી આમલખેડા જલેસર થઈ અકબસબાદ :

મથુરાના વૈષ્ણવોએ આ સમાચાર શ્રીજીને આગ્રે પહોંચાડ્યા. એ પરથી જોકે શ્રીજીને કાંઈ ભય થયો નહતો છતાં વૈષ્ણવોને શાંત કરવા પોતે મથુરાનો રસ્તો છોડી જલેસરને રસ્તે પધાર્યા. સ્વતંત્ર પ્રભુ ભક્તાધીન છે અને તેથી પોતાની સ્વતંત્રતાનો ભક્તને અર્થે ભોગ આપે છે. ત્યાંથી શ્રીગોકુલ સમાચાર મોકલ્યા અને પ્રવાસનો સર્વ સાજ જલેસર મગાવ્યો. અત્રેથી જેદેવજીને પણ અનેક શાંતિનાં વચનો કહી વિદાય કર્યા. પછી શ્રીયમુનાજી ઊતરી ઉતાવળના કારણથી નાહ્યા ધોયા સિવાય જ આગળ પ્રયાણ શરૂ કર્યું. વચ્ચે પુરુષોત્તમદાસે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનાર્થે પધારવા વિનંતી કરી ત્યારે પ્રભુએ કહ્યું કે વળતાં આવીને નિરાંતે દર્શન કરીશ, હાલ વિલંબ થવો જોઈએ નહિ. પછી આગળ ચાલતાં નાવમાં બેસી શ્રીયમુનાજી ફરી ઊતર્યા. પછી કૂવાના જલથી સ્નાન-સંધ્યા કરી, વૈષ્ણવો સાથે એકાદશી હોવાથી ફલાહાર કરી, રાત્રે આમલખેડે જઈ મુકામ કર્યો. ત્યાંથી સવારે નાહીધોઈ આગળ ચાલ્યા. માર્ગમાં ગઢવી વિક્રમદાસ સાથે હતો એ અનેક કવિત્ત અને પ્રસંગો કહી સર્વને રીઝવતો. એમ કરતાં બારસે શ્રીજી જલેસર પહોંચ્યા. ત્યાંના ગામલોકો સામગ્રી લાવ્યા એ નહિ લેતાં શ્રીજીએ પોતાના ભંડારમાંથી સામગ્રી મગાવી પોતે શ્રીહસ્તે પોતાની રસોઈ કરી અને સર્વ વૈષ્ણવોની પાસે પણ રસોઈ કરાવી. એ દિવસે શ્રીજીએ રસોઈમાં મગ, ભાત, રોટી, શાક તથા મિરચની કઢી કરી હતી. પાક તૈયાર થતાં વૈષ્ણવો સાથે પ્રસાદ લીધો. રાત્રે ત્યાં જ મુકામ કર્યો અને ચોધરીએ સર્વની ચોકી કરી. તેરસે શ્રીગોકુલથી મગાવેલો સર્વ સામાન લઈ અધિકારી ગોવર્ધનદાસ તથા રાજબાઈ દેસાણ આવી પહોંચ્યા ત્યાં એમને નિવેદન કરાવ્યું અને રાત્રે મહાપ્રસાદ લેવરાવ્યો ત્યાં તેમણે

''આરત-જ્યુત અંગ અંગ અરપ્યું., સુખ સાંપ્રત્ય સર્વ સમર્પ્યું. ૨૩૨''

અહીં બીજે દિવસે એટલે ચૌદશે ભોજન કર્યા પછી શ્રીજીએ મુસાફરીમાં જોડે લેવાનો સાજ જુદો કરી બાકીનો અધિકારીને સોંપ્યો. એ વખતે શ્રીજીએ સાથે ૪ વાહિની, ૧ છકડો, ૪ ઘોડા, ડેરા, તંબુ, રાવટી, કિનાત, રસોઈયા, ભંડારી,

પહોરુવા વગેરે રાખ્યું હતું. સર્વ સાજની યોગ્ય ગોઠવણ થતાં શ્રીજીએ અધિકારીને વિદાય કર્યા અને પોતે પણ ચાલ્યા. એ વખતે શ્રીજીને વિનંતી કરી કે આપની સાથે જે આવે છે તેમાંથી મારે અત્રે સેવાર્થે કેટલાકનું કામ છે માટે ગોપાલ, મહાવજી ભટ્ટ, ગિરધરો દરજી અને જેસો રાજપૂત વગેરેને સાથે લેતા નહિ. એમને શ્રીજીએ કહ્યું, પણ કોઈએ માન્યું નહિ. મહાવજી ભટ્ટ તો લાગ જોઈ આડે પાસે ચાલ્યા. શ્રીજીએ ઘોડા ચલાવી એને કહ્યું કે તું આગે આગે કેમ જાય છે ? અહીં મારું સર્વસ્વ (શ્રી ઠાકોરજી) બિરાજે છે ને ધોતીની સેવા તારી છે એ કોણ કરશે ? ત્યારે મહાવજીભાઈએ કહ્યું કે રાજશ્રીનું સર્વસ્વ અત્રે રહે છે, પણ મારું સર્વસ્વ જાય છે. પછી એઓ બોલ્યા કે

''મારું સર્વસ્વ તો આ શરણ, એમ કહી દેખાડ્યા ચરણ. ૨૫૬
માન્યું ન પ્રભુનું વચન; એવાં ભાયગવાન પ્રપન્ન. ૨૫૭
ભાવે પૂરિત સ્વરૂપરસસ્વાદી, રૂપવેધી ન હોય પ્રમાંદી. ૨૫૮
અંગદ અંગીકૃત સૃષ્ટિમાં હતો, એને ભાવ પ્રગટ થયો ત્યાં હતો. ૨૫૯''

આથી શ્રીજીએ એમનો આગ્રહ જોઈ એમને સાથે લીધા. એવી જ રીતે બીજા ચાર ભાવિકોને પણ લીધા. એવામાં દેવજી ધાવતિયો જે જાતે ઔદીચ્ય બ્રાહ્મણ હતો તથા સ્વાર્થી હતો તેને પ્રભુએ આગ્રહથી પાછો કાઢ્યો. આ પ્રમાણે ભાવિકોને સાથે લઈ, અન્યને પાછા કાઢી શ્રીજીએ પ્રયાણ શરૂ કર્યું અને રાત્રે મોડા જરેસર પહોંચ્યા. ત્યાંથી સવારે નીકળી અકબરાબાદ આવ્યા.

અકબરાબાદથી કોરા :

ત્યાં તળાવની પાર ઉપર જઈ પીપળાના ઝાડ નીચે શ્રીજી પીઠ દઈ બિરાજ્યા. ત્યાંથી આગળ પ્રયાણ ચાલુ રાખવા સૌએ કહ્યું, પણ રામશાહે ના કહી ત્યારે શ્રીજીએ કહ્યું કે દિલ્હી પહોંચ્યા પછી તારું કહેવું કરીશું, ત્યાં ઘણા ભક્તો આર્તિપૂર્વક આગમનની વાટ જુએ છે. પછી અમાસને બુધવારે પાંચમી મજલ કરી શ્રીજી કોર પધાર્યા. અત્રે શ્રીદ્વારથી હીરાભાઈ ને પરમાનંદ આવી પહોંચ્યા એમને શ્રીજીએ શ્રીગોકુલ ગોવર્ધનના સમાચાર પૂછ્યા. ત્યાંનાં કુશળ સમાચાર કહી એઓએ પ્રભુને રીઝવ્યા, પરંતુ અત્રેના સમાચાર લઈ એઓને પાછા શ્રીગોકુલ પાછું જવાનું હતું તેથી હીરાભાઈ તો રોવા જ મંડ્યા. એમને શ્રીજીએ છાતી સરસા દાબી શાંત કર્યા અને ધીરજ આપી વિદાય કર્યા.

કોરેથી દિલ્હી :

કોરેથી વિજય કરી આગળ ચાલતાં વનમાં એક વિરક્ત સેવક મળ્યો. એ ઘાસનાં વસ્ત્ર પહેરતો, એણે શ્રીજી પાસે આવી દંડવત્પ્રણામ કર્યા અને શ્રીજીએ પણ ઘોડો ઊભો રાખી એનો સત્કાર કર્યો. એણે આપને 'યજ્ઞપુરુષ' કહી સંબોધ્યા અને એ સાંભળી શ્રીજી મુસકાયા. એક સમે જ્યારે એ શ્રીગોકુલ આવ્યો હતો ત્યારે શ્રીજીના પગ ઘૂંટણ સુધી ધોઈ પોતાના પાત્રમાં જલ લીધું હતું.

છઠ્ઠી મજલે ચંડોસ આવ્યા ત્યાં તળાવ પર ડેરા કરી શ્રીજીએ સાથેના

પહોરુઆઓને પરીક્ષાર્થે તીર ચલાવવા કહ્યું. એમાં ગાંગુ પહોરુએ નિશાન બરોબર મારી શ્રીજીને રીઝવ્યા. આગળ ચાલતાં એદલપુરમાં સાંભળ્યું કે શિકારપુરનો ભોગી દર્શને આવે છે તેથી એને દર્શન આપવા શ્રીજી ત્યાં થોડો વખત ઠેર્યા. પછી સૂરજપુર થઈ દિલ્હી પધાર્યા.

દિલ્હીમાં શ્રીજી :

દિલ્હી આવતાં શહેર બહાર કાયસ્થ **કેશવદાસ**ના બાગમાં મુકામ કર્યો. આ બાગ શહેરથી એક ગાઉ છેટે શ્રીયમુનાજીના કિનારા પર રાજઘાટે આવેલો છે. કૃષ્ણદાસ, ગોવિંદદાસ વગેરે જે સાથે હતા તેઓ પોતાને ઘેર જઈ શ્રીજી માટે સામગ્રી લઈ આવ્યા. એમને શ્રીજીએ કહ્યું : તમે તો અમારી સાથે આવ્યા છો તો તમારી સામગ્રી કેવી ? ત્યારે એઓએ કહ્યું કે આ અમારું ગામ છે માટે આપની પરોણા-ચાકરી કરવી જોઈએ. પછી પાક કરી સર્વેએ પ્રસાદ લીધો. ગામમાં સમાચાર જતાં કૃષ્ણદાસ પંડિત, ગંગારામ, મુકુંદદાસ, કોછડ જેવલી, ગોવિંદદાસ વગેરે દિલ્હીના વૈષ્ણવો વાજિંત્ર સાથે શ્રીજીને શહેરમાં પધરાવી આવ્યા. એમના આગ્રહથી શ્રીજી પ્રસાદ લીધા પછી શહેરમાં ગયા અને ભાવિક વૈષ્ણવોને ઘેર પધારી એમની મનઃકામના પૂર્ણ કરી.

દિલ્હીથી ગનોર :

ત્યાંથી વિજય કરી રાત્રે બાદલીબલી આવ્યાં. અત્રે સર્વ હથિયાર સાજ સમરાવ્યો તથા ચોમાસાની ખૂટતી અને જરૂરી સામગ્રી લેવડાવી. એવી રીતે આઠ મજલ કરી (૯૮ કોશ આવ્યા) નવમી મજલે નરોલે આવ્યા અને ત્યાંથી ગાગુને આગળ મોકલી કાશ્મીરમાં આસફખાન તથા રાય મુકુંદદાસને ખબર કહેવડાવી. નરોલાથી વિજય કરી પાંચમે ગુનોર પધાર્યાં. ત્યાં ભોજન કરી શ્રીજી વાહિનીમાં પોઢ્યા. એટલામાં કૃષ્ણ પારેખ, નાથાભાઈ વગેરે ૧૨ વૈષ્ણવો આવી મળ્યા. એઓ શ્રીજીના નીકળ્યા પછી શ્રીગોકુલથી નીકળ્યા હતા, એમને દિલ્હીના રસ્તે જવા વિચાર કર્યો અને એક કોશ ચાલ્યા એવામાં ભક્તરાજ જગન્નાથભાઈ સામા મળ્યા એમણે કહ્યું : તમોએ કેમ રસ્તો બદલ્યો ? ત્યારે એઓએ કહ્યું કે દિલ્હીને રસ્તે આગળ જઈ શ્રીજીને મળીશું. ત્યારે જગન્નાથભાઈએ એમને શ્રીજીના જ રસ્તે જવા શિખામણ દીધી. એમણે કહ્યું કે પ્રભુના ડેરાનાં સ્થળ જોતા જાઓ અને જ્યાં આપ રહ્યા હોય ત્યાં રહો, અન્ય માર્ગે જવું એ ઉચિત નથી, સર્વને આ શિખામણ યોગ્ય લાગવાથી એને અનુસર્યા અને અત્રે ગુનોરમાં આવી શ્રીજીને મળ્યા. આ વખતે વિશ્રામ જતો હતો એણે એમને ઓળખી બૂમ પાડી કે વૈષ્ણવ આવ્યા અને તેથી શ્રીજી જાગી ઊઠ્યા. શ્રીજીએ વાહિનીના પડદા સ્વહસ્તે ખસેડ્યાં અને આતુરતાથી પૂછ્યું કે ''કોન કોન આયે ?'' ત્યારે કહ્યું ''રાજ, આપુને વૈષ્ણવ આયે.'' ત્યારે શ્રીજીએ શ્રીગુસાંઈજીની વાત કહી કહ્યું કે એક વખત ડુંગરપુરમાં શ્રીગુસાંઈજીનો મુકામ થયો ત્યારે પણ સમાચાર સાંભળી આ પ્રમાણે વૈષ્ણવો ધાઈ આવ્યા હતા. પછી એમનાં સમાધાન કરી શ્રીજીએ સર્વને કુશળ સમાચાર પૂછ્યા તથા કહ્યું કે તમે સર્વ તમારો વ્યવહાર

તેમ કુટુંબ, પરિવાર છોડી બહુ શ્રમ લઈ અત્રે આવ્યા છો. તમે ભૂખ્યા હશો માટે સર્વ રસોઈ કરો અને પ્રસાદ લો. આ પ્રમાણે કહી પરચારકને એમને રસોઈ કરાવવા અને ગગરા સામગ્રી અપાવવા આજ્ઞા કરી ત્યારે વૈષ્ણવોએ કહ્યું-

''અમો લાવ્યા છું સહુ સાજ. ૪૯૫
સામગ્રી રાજકૃપાર્થે, ઘણીય છે સાથ. ૪૯૬
કરિયે છિયે અમે રસોઈ, અમારે જોઈએ નહિ કાંઈ. ૪૯૭''

પછી રસોઈ કરી સર્વેએ પ્રભુને ધરાવ્યા પછી પ્રસાદ લીધો અને શ્રીજી પોઢ્યા એ: સર્વેએ પણ આરામ લીધો. પાછલી રાત્રે નિદ્રા કરી શ્રીજી ઊઠ્યા અને વૈષ્ણવોને શિક્ષાર્થે કહ્યું કે,

''કાજ કુબડી રાતકો ઉડણો, અરુ બાલપનેકો પઢનો, ૫૦૪
મુખ આરંભે ઊપજે દુઃખ, પછી પરિણામે અતિસુખ. ૫૦૫''

શ્રીજીનાં આ બોધવચન સાંભળી પુરુષોત્તમદાસે એ સ્પષ્ટ સમજાવવા વિનંતિ કરી ત્યારે શ્રીજીએ કહ્યું કે સવારે વહેલા ઊઠીને ચાલવાથી પ્રવાસમાં વખતસર મુકામ થાય અને ખાવાનું મળે. એવી જ રીતે બાલપણમાં ધ્યાનથી ભણીએ તો સારી વિદ્યા પ્રાપ્ત કરી શકાય. માટે પ્રવાસમાં થોડી રાત બાકી **રહે** કે પ્રયાણ શરૂ કરવું જોઈએ. એ પ્રમાણે એ દિવસથી સર્વ કરવા લાગ્યા.

સાથેનાં ભક્તજનો :

શ્રીજીના પ્રવાસમાં જે સ્વરૂપાસક્ત ભગવદીયો આપની સંગે જવા ભાગ્યશાળી થયા હતા તેમાનાં મુખ્યનાં નામ પ. ભ. ગોપાલદાસજી નીચે પ્રમાણે આપે છે :

''કૃષ્ણ પારેખ જે કપડવણજી અને કેશવદાસ નારાયણજી. ૫૨૧
નાથાભાઈ ભાયગ કેરી રાશ, કૃષ્ણદાસ ને ગોવિંદદાસ. ૫૨૨
નિહાલચંદ કંબો રસભરિયા, સાથે તારાચંદ પરવરિયા. ૫૨૩
પ્રાગદાસ જે મોટાભાઈ, કાબીડાના મહા સુખદાઈ. ૫૨૪
માવજીભાઈ ને જગન્નાથ, ક્ષત્રી જગન્નાથભાઈ સાથ. ૫૨૫
ભલા ક્ષત્રી સુંદરદાસ, જેનો સુલતાનપુરમાં વાસ. ૫૨૬
જીવરામ ગાંધી, ગાંધી જેરામ, મોહનદાસ મેઘજી નામ. ૫૨૭
રહજીભાઈ ભાઈભવાન, કોને કરિયે એહો સમાન. ૫૨૮
હરિદાસ ભરૂચી ક્ષત્રી, કરે સેવાસુખદ બહુ મિત્રી. ૫૨૯
રતનજી વહોરો સાથ, બહુ કાજ એહોને હાથ. ૫૩૦
મેઘોડુ ને સંઘજી વહોરો, પુરુષોત્તમદાસ જે મહેરો. ૫૩૧
હરદાસ જલભરો પાસ, અને ગઢવી જે વિક્રમદાસ. ૫૩૩
વળી લક્ષ્મીદાસ ભંડારી, સાથે સેવા કરે તે ભારી. ૫૩૪
સુતાર ગોવાલભાઈ બેય, વહાલો ને સામજી છે ય. ૫૩૫
ખીમો પુરબીડ જે વીરપુરિયો, દેવદાસ રજપૂત સાંચરિયો. ૫૩૬
સંઘજી વોરિયો, કીકો જોશી, જેસો રજપૂત અતિ સંતોષી. ૫૩૭
કડુઓ કપડવણજી જેહ, વિષ્ણુજીભાઈનો તે નેહ. ૫૩૮

માંડણભાઈ ગિરધરો દરજી, વીરપાલભાઈ ઊલટ ભલજી. ૫૩૯
ગોપાલદાસ ગાંધી કૃષ્ણદાસ, નાગજી ગાંધી એહો પાસ. ૫૪૦
વળી ગોપાલદાસ ખવાસ, ભિતરિયો ભગવાનદાસ. ૫૪૧
વળી ઉદ્ધવ ત્રવાડી ઘણું જાણ, માંજરો પંડ્યો કલ્યાણ. ૫૪૨
મથુરાદાસ વહોરો જેહ, પરમાનંદ તે બીજો તેહ. ૫૪૪
પરમાનંદ નૈયડ પ્રસન્ન, એ ઉત્તમાદિ ભગવદિ બાવન. ૫૪૫
સુરસારથી જે ધનુર્ધારી, તેનાં નામ કહું વિસ્તારી. ૪૪૬
એમ શાહ ભેગો ગાંગુ તુલસિયો, નમસૂરો ને બીજો તુલસિયો. ૫૪૭
જેતો ગણેશો ખીમ ખભલિયો, દ્વારિકો પદિયો અને રૈઓ. ૫૪૮
મુગડો સીલો ને રામદાસ, ભોજો બૂજો એ રહે સહુ પાસ. ૪૫૯
ઓમદાસ ગોવિંદ સાથ, અશ્વ-સેવા એહોને હાથ. ૫૫૦
ગડુઓ મહેરાતો નેહ, સાતમની સવલી અલા તેહ. ૫૫૧
જોયે લાવે પત્ર સમાચાર, તેનો ક્યાં લગી કહું વિસ્તાર. ૫૫૨
નાગો ચતુરો વેરાગી અઢાર, આવ્યો સાથ લઈ તેણી વાર. ૫૫૩''

સાજ :

આ સિવાય શ્રીજીની સાથે જ સાજ હતો એ :
''ચારે વાહિની છકડો એક, ચૌદ ઘોડાનો કહું વિવેક. ૫૫૪
ચાર ઘોડા સુંદર સાર, નિત પોતે થાય અસવાર. ૫૫૫
દશ ઘોડા કરી બહુ સાજ, બીજાઓને આવે કાજ. ૫૫૬
એમ સાથે અનેક સમાજ, પાઉધારે છે મહારાજ. ૫૫૭''

હવે માર્ગમાં કોને માથે કઈ સેવા હતી તે પ. ભ. ગોપાલદાસજીના કહેવા પ્રમાણે નીચે પ્રમાણે છે

સેવા :

ભગવદીયનું	સેવા
કૃષ્ણદાસ	મજલસી
મધુસૂદન ભાણેજ	ખાસ રસોઈ
ગિરધર, ગોપાલ ને વિસરામ	
રતનજી વહોરો તથા લક્ષ્મીદાસ	સર્વ વસાણું લાવનાર
મહેરો પુરુષોત્તમદાસ ને કલ્યાણજી શાહ	વકીલ સર્વ વૈષ્ણવની વાત પહોંચાડનાર
પ્રાગદાસ કબીઠાના	શ્રીજી પોઢે ત્યારે ચોકીપેરો ભરે.
ભગવાનદાસ ભિતરિયો	પ્રસાદી રસોઈ
હરજીભાઈ	માર્ગમાં વૈષ્ણવને જલ પહોંચાડે
માંડણભાઈ	ભંડારી
કડુઓ	ન્યારી ટહેલ

નાથાભાઈ, ગોપાલદાસને દેવદાસ	ખવાસ
ગોપાલ સુતાર	દહેડી લઈ ચાલે
જેસો રાજપૂત	સજ્યા લઈ ચાલે
ગઢવી વિક્રમદાસ	ઘોડેશાલ પર
ખીમો	પાનની પેટી
ગોકુલદાસ	બીડાં લઈ ચાલે
કલ્યાણ પંડ્યો	પાઠની પોથી ઉઠાવે

ખાનપાનનો ભેદ :

શ્રીગોકુલનાથજીના હાલના ભગવદીયોમાં પણ ખાનપાન સંબંધમાં જે અતિશય ભેદાભેદ જોવામાં આવે છે તે હાલનો નવો નથી, પરંતુ શ્રીજીના સમયથી ચાલ્યો આવ્યો છે. આ પ્રવાસમાં પણ જે ભગવદીયો સાથે હતા તે સર્વ મુસાફરીની અસહ્ય અડચણો હોવા છતાં પોતપોતાની રસોઈ ન્યારી ન્યારી કરતા. એના કારણમાં એમ જણાવવામાં આવે છે કે પ્રભુ સંબંધી ભાવ સંપૂર્ણ રીતે એક ન હોય તેવા કોઈ પણ (ભગવદીય) સાથે ખાનપાન કરવું નહિ. ફક્ત સુજાતિ ભાવના હોય તેમની જોડે જ ખાનપાનનો વહેવાર રાખવો અને તેથી આ પ્રવાસમાં પણ જેમના ભાવ એક હતા તેઓ ભાવથી ભેગી રસોઈ કરતા અને જેઓને ભાવ સંબંધી કોઈ ન હોય તેઓ પોતાની ન્યારી રસોઈ કરતા.

રસોઈ પર શ્રીજી :

દરેક મુકામે શ્રીજી ભોજન કરી, ચરણકમલમાં પાદુકા પહેરી, મુખમાં તાંબુલ લઈ ભક્તજનો જ્યાં રસોઈ કરતા ત્યાં પધારતા અને દરેકને એણે જે રસોઈ કરી હોય તે કહેવાનું કહેતા તેથી, જેણે જે દિવસે જે ખીચડી, લીટી વગેરે કર્યું હોય તે કહેતા. એક વખત નાથાભાઈએ શાક કર્યું નહોતું, એમને શ્રીજીએ પૂછ્યું કે ''અરૂ કહા કીનો હે શાક ?'' ત્યારે એમણે કહ્યું કે

''શાક જાણો છો પેંડા તણુંય, એક વાનો થાય તો ઘણુંય. ૬૧૦''

ત્યારે શ્રીજીએ સ્વજનોને શિક્ષા અને હિતાર્થે એમને કહ્યું કે

''શાક વિના મેં ક્યોં આરોગૂંગો એસે;
તુમ શાક કિયો નહિ કેસે ? ૬૧૧''

સેવામાં સાવધાનપણું :

આ દ્વારા શ્રીજીએ સ્વજનોને સૂચવ્યું કે મારો ભક્ત ભાવપૂર્વક જે કાંઈ, જેવી રીતે , જે ઠેકાણે મને સમર્પે છે તેનો હું અંગીકાર અવશ્ય કરું છું અને તેથી વૈષ્ણવોએ રસોઈ વગેરે સામગ્રી તૈયાર કરવામાં સાવધાન રહેવું.

પ્રભુનો વિયોગ :

સાધારણ રીતે જ્યારે વૈષ્ણવો પોતાના સેવ્ય સ્વરૂપથી પ્રકટ રીતે દૂર હોય છે અને જ્યાં સાક્ષાત્ ભોગ ધરી શકતા નથી તેવે પ્રસંગે રસોઈનો ઉદ્દેશ પોતાના ઉદરપોષણનો હોય છે અને તેથી, જોકે ભાવના કરે છે છતાં, એ રસોઈ તૈયાર

કરવામાં જોઈતી ચોકસાઈ અને ઉત્સાહ એઓ રાખતા નથી. અલબત્ત, આમાં પણ એઓનો વિચાર એવો હોય છે કે પ્રભુના વિયોગમાં શોખ માત્રને દૂર કરી કેવળ દેહના અર્થે જરૂરી ઉદરપોષણ કરવું. આ ઉદ્દેશને લીધે ઉપર્યુક્ત પ્રસંગે એઓ જોઈતી ચોકસાઈ રાખી શકતા નથી, કારણ કે એઓ પોતાના પ્રાણપ્રભુના વિયોગના સમયમાં પોતાની જાતને નિરર્થક અને દુઃખરૂપ ગણે છે અને તેથી દેહ સંબંધી કામકાજમાં જોઈતી ચોકસાઈ રાખી શકતા નથી. અલબત્ત, સ્નેહની અમુક સ્થિતિમાં આ સ્થિતિ આવશ્યક હોય છે અથવા સ્વાભાવિક રીતે ઉદ્ભવ પામે છે, કિંતુ આ સ્થિતિનો કુલ ઉદ્દેશ વિરહની ભાવના ખીલવવાનો છે, પણ જે ભક્તોની વિરહભાવના યોગ્ય રીતે વિકાસ પામી છે તથા જેમનાં મન વાણી અને ઈંદ્રિયો સદા સર્વદા સ્વપ્રભુને વિશે જ નિમગ્ન થયેલાં છે તેમને માટે વિરહ અને વળી એ સમયમાં દેહસંબંધી કાર્યોનો અભાવ હોય છે. એક તો એમને વિયોગ થતો જ નથી અને વળી ભગવદ્-ઈચ્છાથી કોઈ ઉદ્દેશને અનુસરી બને તો એઓને એ વખતે દેહદશાનું ભાન પણ રહેતું નથી, તો પછી એમને દેહસંબંધી કાર્યો પણ શાં કરવાનાં હોય ? આવા ઉચ્ચતમ રસવિલાસી ભગવદીયો સદાસર્વદા પોતાના હૃદયાકાશમાં સ્વપ્રભુને પધરાવી અખંડ રસ ભોગવે છે. એમનાથી પ્રભુ એક ક્ષણભર પણ દૂર રહી શકતા નથી.' વ્રજ તજી અનત ન જાઊં'' પ્રભુના આ શબ્દો શું બતાવે છે ? ભક્તજનોના હૃદયરૂપી આધિદૈવિક વ્રજમાંથી પ્રભુ બીજી કોઈ પણ જંગાએ જતા નથી. જો પ્રભુની આવી ભીષણ પ્રતિજ્ઞા છે તો પછી એ ભક્તોને વિયોગ કેવો ? અલબત્ત, એઓ તો સદા સર્વદા પોતાના પ્રભુના રસમાં જ વિલસે છે, પછી એ પ્રગટ હોય કે અપ્રગટ અને આ કારણને લીધે એઓ બાહ્ય દૃષ્ટિએ જનારને પણ નિરંતર ચિંતા-રહિત તથા આનંદી લાગે છે. આવું લાગે એમાં નવાઈ શી ? જેના હૃદયમાં પરમાનન્દ પ્રભુ બિરાજે છે તે આનંદી કેમ ન દેખાય ? અલબત, એવા ભાગ્યવાનોનાં તો વાન અને વપુ સર્વ આનંદના અલૌકિક તેજથી અતિ શોભાયમાન અને તેજસ્વી બને છે.

રસમગ્ન ભગવદ્ભક્તોની પરીક્ષા :

આવા વિરલ ભગવદીયોનાં ચારિત્ર્ય પણ અવનવાં હોય છે અને જેમને એમનો યોગ્ય અનુભવ હોતો નથી તેમની પરીક્ષા કરવામાં પણ ઘણી વખત મોટી ભૂલ થાય છે. આવા ભક્તજનો જોકે દેખીતી રીતે કેટલીક વખત સ્વપ્રભુથી દૂર હોય છે અને તેથી સામાન્યજનો એમને વિરહની સ્થિતિમાં જોવા ઈચ્છે છે, છતાં એમની મોટી અજાયબી વચ્ચે એઓને માલૂમ પડે છે કે એઓ તો જાણે પોતાના પ્રભુ પોતાની પાસે જ હોય એવી રીતે જ વર્તે છે અને એમના ચારિત્ર્યનો ઊંડો ભેદ નહિ સમજતાં કેટલીક વખત તો એટલે સુધી પણ કહેવામાં આવે છે કે એઓ પોતાના દેહનાં સુખ અને શોખ તજી શકતા નથી. હા ! પ્રભુ, કેવી ગંભીર ભૂલ ! પણ આવી ભૂલ કોણ ન કરે ? શ્રીજીએ પોતે આજ્ઞા કરી છે કે ભક્તજનોનું સ્વરૂપ ઘણું ગુપ્ત અને ગૂઢ છે. એનો પાર પામવા કોઈ સમર્થ નથી તો પછી સામાન્ય જીવ એમાં ભૂલ ખાય એમાં શી નવાઈ ? આ દોષમાંથી બચવાનો જો કાંઈ પણ ઉપાય હોય તો

એ એટલો જ છે કે કોઈ ભગવદીયના કાર્ય વિશે અભિપ્રાય બાંધતાં પહેલાં તથા એના ઉપર કાંઈ પણ દોષારોપણ કરતાં પહેલાં એનાં સ્વરૂપ અને ચારિત્ર્યની પૂર્ણ માહિતી મેળવવી જોઈએ અને તે જ્યાં સુધી ન મેળવી શકાય ત્યાં સુધી એ સંબંધમાં મૌન ગ્રહણ કરવું એ સર્વોત્તમ પક્ષ છે. કોઈ પણ એકાદ બાહ્ય કાર્ય ઉપરથી એના જીવન પર દોષારોપણ કરવું એ મહા ગંભીર દોષ છે.

સામાન્ય વૈષ્ણવોનું કર્તવ્ય :

ઉપર ઉત્તમોત્તમ ભગવદીયનો સ્વપ્રભુ સંબંધી અને તદ્‌વિરહ સંબંધી કેટલુંક વિવેચન કર્યું, પણ એ કોઈ પણ સામાન્ય જીવે પોતાના માટે લાગુ કરવું ઉચિત નથી. જ્યાં સુધી પ્રભુનો નિત્ય સંબંધ અનુભવ દ્વારા પ્રાપ્ત કરી શકાયો નથી ત્યાંસુધી એ કૃતિ કેવળ અશક્ય જ છે. એવાઓને માટે તો સ્વપ્રભુથી(સેવ્ય સ્વરૂપથી) જ્યારે જ્યારે દૂર થવાનું આવે ત્યારે વિરહભાવના ખીલવવા માટે, આગળ જણાવ્યું છે એમ, દેહસંબંધી સર્વ કાર્યોમાં ઉદાસીન વૃત્તિ ધારણ કરી જેમ બને તેમ સકલ ઈંદ્રિયોને મન દ્વારા પ્રભુના વિચારોમાં જ રોકવી. અત્રે કોઈ કહેશે કે જો આમ છે તો શ્રીજીએ નાથાભાઈ જેને માર્ગમાં (જ્યાં કેવળ ઉદરપોષણનો જ હેતુ હતો ત્યાં) પણ શાક ન કરવા શા માટે ઠપકો આપ્યો ? એમને ક્યાં સાક્ષાત્ ભોગ ધરવાનો હતો ? અને વળી અન્યને માટે પણ એવી જ શિક્ષા આપી એનું શું કારણ ? અહીં પ્રસંગ જુદો છે. નાથાભાઈ જો કે દેખીતી રીતે એમના હસ્તથી પોતાના પ્રભુ શ્રીજીને ભોગ ધરી લેવડાવી શક્તા નહોતા છતાં એ દયાળુ પ્રભુ ભક્તોના ભાવનો અંગીકાર કરી એમની રસોઈનો સ્વબળે અંગીકાર કરતા. વળી નાથાભાઈને એમના પ્રભુનો વિયોગ પણ ન હતો. આ પ્રમાણે જ્યારે પુષ્ટિપ્રભુ સ્વબળે ભક્તની સામગ્રીનો ઉપભોગ કરે તો પછી એ પ્રભુ જ્યારે ભક્તની સાથે પ્રગટ બિરાજતા હોય ત્યારે એણે સંયોગરસના ધર્મમાં શા માટે ગાફેલ રહેવું ? અને આવી ગફલત નાથાભાઈએ કરી એટલે કે શ્રીજી પેંડામાં જોડે હોવા છતાં જાણે દૂર હોય એમ એઓ રસોઈમાં ગાફેલ રહ્યા તો પ્રભુએ એમને ઠપકો આપી એ દ્વારા અન્યને બોધ આપ્યો.

મેઝર :

આ પ્રમાણે સાથેના ભક્ત જનોને અનેક પ્રકારના બોધ અને આનંદનું સુખ આપતા શ્રીજી પ્રવાસનો રસ્તો કાપ્યે જતા હતા. એવામાં શ્રીગોકુલમાં કોઈ દુશ્મને અદેખાઈથી એક ક્ષત્રિયને સંન્યાસી પાસે મોકલ્યો અને એને કહેવડાવ્યું કે ગોકુલનાથજી તબીસામાં પધાર્યા હતા અને ત્યાંના ચોર લોકોને તમને મારવા માટે રૂપિયા આપી પોતે ત્યાંથી વિદાય થયા. આ વાતની સંન્યાસીને ખાત્રી કરી આપવા એ ક્ષત્રિય પાસે એના જ હથિયારબંધ માણસો સૂરજકુંડની સામે પાર ઊભા રખાવ્યા. ચિદ્રૂપે આ વાત સાચી માની હાકેમ વગેરેને બોલાવ્યા અને કહ્યું કે મને મારવા માટે ગોકુલનાથજીએ આ ચોર લોકોને તૈયાર રાખ્યા છે માટે હવે એનું મેઝર (પંચાતનામું) કરો તેથી એઓએ મેઝર કર્યું અને એ ઉપર ત્યાં હાજર રહેલા સર્વની સાક્ષી લીધી. ફક્ત એક શકદારે એના પર મહોરછાપ ન કરી. એણે કહ્યું

''મેં વિનુ સમજે એસેં, સાહી કરૂં એસો કેસેં. ૬૫૦''
ત્યારે ચિદ્રૂપે કહ્યું :
''ગોકુલનાથ ગોસાંઈ તુને પણ દ્રવ્ય આપી ગયા કાંઈ. ૬૫૨
હું તો જો તારી શકદારી, નિરાધાર કરાવું ન્યારી. ૬૫૩''
ત્યારે એણે પણ ભગવદિચ્છાથી ડર્યા સિવાય કહ્યું કે,
'' ... ... તું હાથી તરે ડરવૈયો.'' ૬૫૪
પેં જૂઠી સાક્ષ કેસે કરી કીજે, જગદીશકૂં હા કહા ઉત્તર દીજે ॥૬૫૫॥''

જૂઠ :

પછી બાદશાહને લખી ચિદ્રૂપે એની શકદારી ખોવડાવી અને તૈયાર થયેલું મેઝર શકદારની સહી વિના બાદશાહને મોકલી આપ્યું, પણ જેવું એ બાદશાહને ઇતબારખાને આપ્યું અને એણે વાંચ્યું કે તરત જ એનું સંન્યાસી પ્રત્યેનું વલણ બદલાયું અને એ બોલ્યો કે

''... ... ... જૂઠું છે હું જોતે. ૬૫૯
વે તો ચેટીકૂં દુઃખ દેત નહિ;
તે સંન્યાસીકૂ એસી ક્યોં ચહી. ૬૬૦''

આ પ્રસંગનો લાભ લઈ ઇતબારખાને કહ્યું; જહાંપનાહ ! એમાં આપના શકદારની પણ સહી નથી. પછી બાદશાહે આમ ખાસમાં જઈ આસફખાનને એ મેઝર દેખાડ્યું ત્યારે એણે કહ્યું : જહાંપનાહ ! એવું કદી બન્યું છે ?

''વે મુરિદકત હે તિનકૂં, આપ શિક્ષા દેત જીનકૂં. ૬૬૬''

એમ કહી એણે કહ્યું કે ગોકુલનાથજી આવે છે, તેથી બાદશાહે પૂછ્યું : એઓ ક્યાં છે ? ત્યારે આસફખાને કહ્યું કે એઓ લાહોર સુધી આવી પહોંચ્યા છે. આ વખતે પહેલી વાર બાદશાહના મનમાં સંન્યાસી જૂઠો પડ્યો અને શ્રીજીના વિજયનો આરંભ થયો. માર્ગમાં શ્રીજીને શ્રીગોકુલથી મોકલેલા મેઝરના સમાચાર મળ્યા.

પાણીપતથી સ્થાનેશ્વર :

ગનોરથી છઠ્ઠે વિજય કરી અગિયારમી મજલે પાણીપત પધાર્યા. માર્ગમાં મેઝર વિશે વાત નીકળતાં પ્રભુએ કહ્યું :

''જે મેહેજર આગે કહા ગયો છે તો
કહા કહેગો રે કોઉ પ્રકારે, અરૂ કહેનો હે કહા હમારે. ૬૮૩''

પછી કરણાલકની મજલમાં શ્રીયમુનાજીનો વહેળો છે ત્યાં શ્રીજી સ્નાન કરવા પધાર્યા. ત્યાં શ્રીગોપાલનો પત્ર લઈ ઉદ્ધવ ત્રવાડી આવ્યા. કરણાલકથી સ્થાનેશ્વર જતાં માર્ગમાં પુરુષોત્તમદાસ મહેરો અને મથુરો વહોરો જે વાહિનીમાં બેઠા હતા એ ઊંધી વળી અને એઓ બંને કાદવમાં ગબડ્યા. એ જોઈ ટોડુઓ હસતો હસતો આવ્યો અને કહેવા લાગ્યો કે,

પુરુષોત્તમદાસ મહેરો :

''બલિ જાઉં બધાઈ બધાઈ, દધિ કાદવ ભર્યો ઉહાંઈ. ૭૦૪''

ત્યારે શ્રીજીએ કહ્યું :

''કહારે કેસીહે બધાઈ ? ૭૦૫
દધી કાદવ ભયો સો કહા ?''

ત્યારે ટોડુએ કહ્યું કે પુરુષોત્તમદાસ ખેલ ખેલીને અપને મેલે ગીરે. તે સીધુ બોલ્યો નહિ ત્યારે અન્ય વૈષ્ણવોએ સર્વ હકીકત કહી કહ્યું કે એ પુરુષોત્તમદાસની હાંસી કરે છે ત્યારે જગત-શિક્ષકે કહ્યું :

''ઠાકુરકી વસ્તુ ભોગવે જો તે,
તબહી ગિરાય દેતા પોતે. ૭૧૨''

આ સાંભળી ન્યાલચંદભાઈએ કહ્યું કે રાજ, એ તો સેવક છે તો કેમ ન વાપરે ? ત્યારે શ્રીજીએ કહ્યું :

''... ... ... સેવક હે તાતેં. ૭૧૪
જીતની પુષ્પ થેં બાસ જાવે, તિતની અપ્રયોજક્તા આવે. ૭૧૫
પુષ્પમાંથી બાસ ગઈ જહાં, તબ ડારિયે કુંડમાંહ. ૭૧૬''

એટલામાં કાદવથી ખરડાયેલા પુરુષોત્તમદાસે શ્રીજીની સામે આવી પોતાની થયેલી ભૂલ માટે પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો.

આવી રીતે એ ટેડુઓ માર્ગમાં સર્વની હાંસી કરતો. એક વખત એને પુરુષોત્તમદાસે જલ લઈ આવવા કહ્યું એ ઉપરથી એણે એકદમ ઝડપથી ઊઠીને ચાલવા માંડ્યું. એ જોઈ પુરુષોત્તમદાસે કહ્યું : તું ગડુઓ કેમ લેતો નથી ? ત્યારે એણે કહ્યું :

''પહેલે કુઆ પર જાઉં, જાઉં અરૂ દેખીકે આઉં ૭૨૪''

આ સાંભળી પુરુષોત્તમદાસે કહ્યું કે એમાં શું દેખીશ ? ત્યારે એણે કહ્યું : કેમ ન દેખું ? શું દેખ્યા વિના એ કાંઈ કામ થતું હશે ?

સ્થાનેશ્વર પહોંચતા ત્યાંના શાલિવાહન, સૂરદાસ, ગિરધરદાસ ને વિદરીદાસ વગેરે વૈષ્ણવો શ્રીજીને પધરાવવા સામા આવ્યા અને એમના આગ્રહથી શ્રીજી ગિરધરદાસને ત્યાં પધાર્યા. અહીં કુરુક્ષેત્રમાં નાહ્યા. એ રાત્રે ગામના પાદરમાં મુકામ કર્યો. થોડી રાત ગઈ એવામાં વરસાદ પડ્યો તેથી ઘણાઓ હેરાન થવા લાગ્યા. આ વખતે સ્વામી-સેવકનો ભાવ છોડી જેઓ વરસાદમાં પલળતા હતા તેમને શ્રીજીએ પોતાના તંબુમાં બોલાવી પોતાની સેજ પાસે સુવાડ્યા. વળી અહીંથી એક પહોરુવાને પત્ર આપી શ્રીગોકુલ મોકલ્યો.

સરસ્વતી-ઉલ્લંઘન :

અત્રે 'બ્રાહ્મણે સરસ્વતી ઉલ્લંઘવાં નહિ' એ શાસ્ત્રવચનને માન આપી શ્રીમદ્-વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ એ ઉલ્લંઘી નહોતી તેમજ કુરુક્ષેત્રની યાત્રા વખતે શ્રીજીએ પણ વચન માન્ય રાખ્યું હતું અને ઉલ્લંઘન કર્યું નહોતું, પણ હવે એ ઉલ્લંઘ્યા સિવાય છૂટકો જ નહોતો, તેથી માલાના પતિ માલાનો ધર્મ રાખવા સરસ્વતી ઓળંગ્યા, કારણ કે પોતે શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે તેમ ''પતિવ્રતાના પતિ'' છે. પછી સરસ્વતી ઓળંગી કોટછબાની મજલે આવ્યા. કોટથી અંબાલે અને ઘર ઘર

થઈ અલુએ પહોંચ્યાં. અલુઆના તળાવ ઉપર મુકામ કરી શ્રાવણ સુદિ ૧૧ ના રોજ સોળમી મજલ કરી, ૧૮ દિવસે સિરહદ પધાર્યા. ત્યાંના વૈષ્ણવોને ખબર પડતાં એઓ ૩ કોશ સુધી વાજિંત્ર સાથે સામાં આવ્યા. ત્યાં મહમદ તકી આવવાનો હતો તેથી ધ્વજા-પતાકાથી ગામ શણગારવામાં આવ્યું હતું, પણ એ ઉમરાવ આવ્યો નહિ એટલે પ્રભુએ એનો ઉપભોગ કર્યો :

‘‘વસ્તુ અખિલ બ્રહ્માંડની જેહ,
લૌકિક અલૌકિક સહુ તેહ. ૮૪૯’’

વસ્તુ માત્રના પતિ પ્રભુ છે :

‘‘ઈશ્વરેચ્છા ભેર, ભોક્તાએ કેહેની પેર. ૮૧૦
જેમ નરકાસુરે કન્યા ઘેર, સ્વારથે સંચિત બહુ પેર ॥૭૧૧॥
તે આવી ભગવદ્‌ભોગ એવો એવો સંયોગ. ૮૧૨
સર્વેશ્વર સર્વાત્મા જેહ, નિજેચ્છાતઃ કરિષ્યતિ તેહ. ૮૧૩’’

પછી શ્યામદાસ વગેરેને ઘેર પધારી એઓના મનોરથ સિદ્ધ કર્યા.

બીજે દિવસે દ્વાદશી હોવાથી ભક્તજનોએ પવિત્રાં પહેરાવ્યા. ત્યાંથી તેરસે દુરાહ પધાર્યા. ત્યાં મુકામ કરી રસોઈ આરંભી. શ્રીજી શ્રીહસ્તે શાકસામગ્રી સિદ્ધ કરતા હતા એ વખતે માંજરો પંડ્યો ખોળો ભરીને ઈંદ્રવરણાં લઈ આવ્યો અને કહેવા લાગ્યો કે,

ઈંદ્રવરણાં :

‘‘સુણીએ, શ્રીમહારાજ, શાક સુંદર લાવ્યો છું આજ. ૮૩૪’’

ત્યારે શ્રીજીએ પૂછ્યું શું લાવ્યા છો ? એ ઉપરથી એણે એ આપની આગળ હર્ષથી ધર્યું. એ જોતાં શ્રીજી બોલ્યા કે :

‘‘અરે એસો શાક કોઉ લાવે, મર જાવે જો યાકૂં ખાવે. ૮૩૬’’

પછી શ્રીજીએ કોઈ પશુપક્ષીના ખાધામાં એ જાય નહિ તેથી એને ખાડો ખોદાવી દાટી દેવડાવ્યું. એ દિવસે મોડું થવાથી વૈષ્ણવોએ રસોઈ કરવાનો વિચાર માંડી વાળ્યો, પણ શ્રીજીએ એમને આગ્રહથી રસોઈ કરવા આજ્ઞા કરી. એ દિવસે પણ હમેશના રિવાજ મુજબ શ્રીજી પોતે ભોજન કરી સર્વની રસોઈ જોવા નીકળ્યા એ સમયે જેસાની પાતર ખૂબ ભરેલી જોઈ તેથી શિક્ષાર્થે બોલ્યા :

બહુ પ્રસાદ નહિ લેવા માટે બોધ :

‘‘અરે ભગવાનદાસ, એ રહેત હે તેરે પાસ. ૮૫૭
તૂં બહોત પરોસત તિનકૂં, અસ્વાસ્ત હોઈ ગો ઈનકૂં. ૮૫૮
ઘી ખાંડ પરોસ જેતો ભાવે, તાતે અન્ન કછુ થોડો ખાવે. ૮૫૯
જો તૂં તીબેર કરીકે લેવાવે, તે બહોત ભલો સુખ પાવે. ૮૬૦’’

અવજ્ઞા ને શિક્ષા :

શ્રીજીએ જોકે આ પ્રમાણે વ્યંગ-વચન કહી પ્રસાદ ઓછો લેવા જણાવ્યું, પણ

એમને તો લીધા વિના ચાલે નહિ ત્યારે વિસરામ ગોપાલિયાએ વિચાર કર્યો કે

"જે આપણ એવું કરિયે, પતલી તળે રોટી ધરિયે. ૮૬૫
એકેકી કાઢી લીજે, શ્રીજી દેખે નહિ એવું કીજે. ૮૬૬"

શ્રીજીએ એમનું આ કપટ જાણ્યું, પણ પોતે બોલ્યા નહિ. પોતે વિચાર્યું કે જ્યારે એક વખત માંદા પડશે ત્યારે જ એમને શિક્ષા આવશે. બીજે દિવસે મજલ લાંબી થઈ અને તેથી જે સર્વ અધિક પ્રસાદ લેતા હતા તે સર્વ માંદા પડ્યા. મુકામ પર આવતાં સુંદરદાસ સુલતાનપુરી તો ઘોડાને દાણો લઈ તોબરો પણ ઉતારી શક્યા નહિ. રાત્રે અચાનક શ્રીજી બહાર પધાર્યા તો ઘોડાના મોં ઉપર તોબરો જોયો, એ એમણે શ્રીહસ્તે ઉતારી લીધો. બે જણ તો રસ્તામાં જ રહ્યા એ મોડી રાત્રે આવ્યા. આ પ્રમાણે પ્રભુના વચનનું ઉલ્લંઘન કરવાનું ફળ દરેકને મળ્યું એટલે એઓ સર્વ પોતાની ભૂલ સમજ્યા અને પછીથી પ્રસાદ લેવામાં ઘણા ચોક્કસ અને નિયમિત થયા.

ફુલોર :

દુરાહથી ફુલોર પધાર્યા. અત્રે સતનદ નદીમાં સ્નાન કર્યું. અહીં રહિએ પહોરુવાએ વિના કારણ ગિરધર દરજીને માર્યો તેથી શ્રીજીને ઘણો ક્રોધ થયો અને તેથી પોતે ભંડારીને કહ્યું કે ઘેર ગયા પછી એને નોકરીમાં રાખશો નહિ. આથી શ્રીગોકુલ પાછા ગયા કે તરત જ એને કાઢી મૂક્યો. આ પ્રમાણે શ્રીજી સેવકોનો દોષ થતાં એમને યોગ્ય શિક્ષા કરવાનું ચૂકતા નહોતા. એવામાં ત્યાં ચતુરા નાગા નામનો વેરાગી ૧૮ બીજા વેરાગીને સાથે લઈને આપની પાસે આવ્યો ત્યારે શ્રીજીએ કહ્યું : તમે કેમ આવ્યા છો ? ત્યારે એઓએ કહ્યું; મહારાજ, અમે કોની પાસે જઈએ ?

"જ્યાં ધર્મ ત્યાંહાં હમ આયે, તુમકૂં દેખે સુખ પાયે. ૯૧૨"

એ સાંભળી શ્રીજી પ્રસન્ન થયા અને એમનો સત્કાર કર્યો. એઓને શ્રીજીએ હમેશાં ૧૦ શેર ચોખા, ૫ શેર દાળ, ૧૦ શેર આટો, ૫ શેર ઘી, ૧ શેર તેલ વગેરેના પાકા સીધાનો નેગ બાંધી આપ્યો અને એઓ પણ આપશ્રીની સાથે સાથે ચાલવા લાગ્યા.

વેરાગી :

આવી રીતે પોતાની મનઃકામના પૂર્ણ થતાં વૈરાગીઓ શ્રીજીના આગળ એમનો જયજયકાર બોલાવતા આનંદમાં ચાલતા અને શ્રીજી એમની પાછળ ઘોડા પર સવાર થઈ ચાલતા. આપશ્રીની પાછળ ગઢવી પણ ઘોડા પર સવાર થઈ ચાલતા અને અનેક વાર્તા કહી તથા કવિતા ગાઈ શ્રીજી અને સાથેના સર્વને ઘણો આનંદ આપતા હતા. આવી રીતે આનંદમાં મજલ કરતાં શ્રીજી શ્રાવણ સુદિ ૧૫ મે ઉપ્પલ પધાર્યા. ત્યાં મુકુંદદાસે આપને પોતાને ત્યાં પધરાવ્યા. અત્રે મુકુંદદાસની વિનંતી પરથી ખાસ આગ્રહ કરી સાથેના વૈષ્ણવોને એમનું દહીં લેવા કહ્યું. પછી બીજે દિવસે સિધાર, સુલતાનપુર અને રસાલ વદિ ૨ ના રોજ ગોવિંદબાલ

ગોવિંદબાલ :

ત્યાં કેશરદેએ વધાઈ સાંભળતાં જ પોતાના ધર્મપુત્ર મોરલીને શ્રીજીને પધરાવી લાવવા નગારાં તથા સવાર આપી સામો મોકલ્યો. એણે વાજતે ગાજતે શ્રીજીને શહેરમાં પધરાવ્યા. કેશરદેએ ત્વરાથી સેવાના સાજ તૈયાર કરાવ્યા અને મંડપ તોરણ ધ્વજા પતાકા વગેરેથી સારો આદરસત્કાર કર્યો. શ્રીજી પધારતાં ઈંડીપીંડી કરી આપને સોનાના ફૂલે વધાવ્યા ને મંડપમાં ગાદી-મૂઠે પધરાવ્યા. ભોગ બીડાં લઈ આગળ ધર્યાં અને હાથ જોડી સ્વપ્રભુ પાસે ઊભા તથા ઉત્સાહથી ચિદ્રૂપ કે જેને લીધે એમને આ અલભ્ય લાભ મળ્યો તેની પ્રશંસા કરી ઉપકાર માન્યો. કેશરદેએ ગુજરાતી વૈષ્ણવોને સામગ્રી લેવા વિનંતી કરી ત્યારે શ્રીજીએ કહ્યું : એઓ લેશે નહિ. જો કદાચ લે તો દહીં લે. પછી કૃષ્ણ પારેખ તથા નાનાભાઈને બોલાવી શ્રીજીએ દહીં લેવા કહ્યું એ એમણે લીધું. વૈષ્ણવોએ બાદશાહના બાગમાં રસોઈ કરી. અત્રે લાહોરથી ભગવાનદાસને તેડાવ્યા, એઓ બીજે દિવસે આવી પહોંચ્યા. એમણે ગામમાં દરેક દુકાનદાર તથા લુહાર સુતાર વગેરે તમામ કારીગરોને પણ હુકમ કર્યો કે આવેલા વૈષ્ણવોમાંથી જે કાંઈ જે માગે તેને તે આપજો, પૈસાની કે હુકમની વાટ જોશો નહિ. તેમના આગ્રહથી શ્રીજીએ ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ઉત્સવ પર આસપાસના ગામોમાંથી ઘણા વૈષ્ણવો ત્યાં આવ્યા અને એ સર્વને શ્રીજીએ ઉત્સવના ખરા સ્વરૂપમાં ઘણો આનંદ આપ્યો. આનંદમાં જ રાત્રિ વીતી ગઈ એ પણ જણાઈ નહિ. નવમીએ ભોજન કર્યા પછી ભગવાનદાસે પ્રભુને અનેક પ્રકારની પહેરામણી કરી અને એ ઉઠાવવાને ઊંટ વગેરે પણ પૂરાં પાડ્યાં.

ભક્તજનોની કસોટી :

અત્રેથી રસિકો અને ગોકુલદાસ મહેરો પાછા ફર્યા ત્યારે કોઈ એ કહ્યું: આવ્યા શું અને જાઓ છો શું ? એ વખતે શ્રીજીએ પણ ટોક કરી કે એ તો અમને પેંડો-રસ્તો (માર્ગ) દેખાડવા આવ્યા હતા. આ લોકોને શ્રીજીએ પ્રથમથી સાથે આવવાની ના પાડી હતી છતાં એઓએ માન્યું નહિ, પણ પાછળથી માર્ગમાં વેઠવી પડતી અતિશય ઠંડી અને સંકટ જોઈ એઓનું ધૈર્ય રહ્યું નહિ. વળી એવામાં કૃષ્ણદાસ ગાંધી, વીરપાલભાઈ ને નાગજીભાઈને જ્વર આવ્યો તેથી એઓ ગોવિંદબાલાથી પાછા ફર્યા. શ્રીજીએ કૌતક અર્થે જ આવી વિચિત્રતા કરી, નહિ તો જ્યાં આપ પ્રગટ બિરાજે ત્યાં કોઈનો પણ વાળ વાંકો કેમ થાય ? તાતો વા સરખો લાગે નહિ તો જ્વરની તો શી વાત ? આ સંબંધમાં કોઈએ શ્રીજીને પ્રશ્ન કર્યો ત્યારે આપે કહ્યું કે ''લોકવત્ કર્મભોગનો ન્યાય દેખાય છે, પરંતુ એમાં ભગવદ્-ઈચ્છા છે. જે દિવસથી જીવને ભગવત્-શરણ પ્રાપ્ત થયું તે દિવસથી મરણ પર્યંત એને જે કાંઈ થાય છે તે ભગવદિચ્છાથી જ થાય છે. પછી તાવવાળાઓની સંભાળ માટે શ્રીજીએ જીવરામને એમની સાથે રાખ્યો અને જલદીથી આરામ થશે એમ કહી પોતે આગળ ચાલ્યા. ત્યાંથી નોસરે ગયા ત્યાં રાત્રે સેન કર્યા પછી ભવાનભાઈને પેટમાં દુખવા આવ્યું એમને પણ ત્યાં જ છોડ્યા અને દસમે દિવસે પોતે લાહોર પધાર્યા. અત્રે પાછળ રહેલા સર્વ ભગવદીયો આવી પહોંચ્યા.

લાહોર :

ગામથી બહાર એક કોશ પર બાગમાં મુકામ કર્યો અને ગામમાં કોઈને ખબર આપવાની મનાઈ કરી. એ બાગનું જલ વખાણ્યું, પણ પાછળથી બીજે સવારે વૈષ્ણવોને ખબર પડી એટલે પોતે સામા આવી શક્યા નહિ, એને માટે સર્વને પશ્ચાત્તાપ થયો. પછી ઘનશ્યામદાસ, નારાયણદાસ, ભગવાનદાસ વગેરે ઘણા વૈષ્ણવો આવ્યા અને ભેટ તરીકે સર્વ અનાર (દાડમ) લેતા આવ્યા. અત્રે વૈષ્ણવો સાથે શ્રીજીએ એકાદશી હોવાથી ફલાહાર કર્યો. ઘનશ્યામદાસે મેવા, મીઠાઈ તથા સિંગોડાની સામગ્રી કરી સર્વને લેવરાવી. રાત્રે ઘનશ્યામદાસની વિનંતી પરથી શ્રીજી ભગવાનદાસને ત્યાં પધાર્યા. પછી ભગવાનદાસે પહેરામણી કરી પ્રભુને નીલો રેવાલ ઘોડો સમર્પ્યો તથા ઘનશ્યામદાસે સુખાસન સમર્પ્યું. એ વખતે શ્રીજીએ કહ્યું કે જો હિંદુ ઉઠાવે તો હું બેસું, મ્લેચ્છ કામ નહિ આવે. શ્રીજીના શ્રીમુખમાંથી આ વચન નીકળતાં ગામમાંથી ૭૦૦૦ હિંદુ સેવા માટે તૈયાર થયા. ધન્ય છે એ સેવકોને ! પછી વિજય કરી, રાબેર નદી ઊતરી વિચાસુલતાનના બાગમાં જલ આરોગ્યા અને રાતે ફૈઝાબાદ પધાર્યા. ત્યાંથી તેરસે વિજય કરી છવીસમી મજલે અમદાવાદ પધાર્યા. ત્યાં પરમાનંદ સોનીની જ્ઞાતિનો ગોપાલદાસ વૈષ્ણવ સામો આવ્યો.

અમદાવાદ :

અત્રે બાગમાં ડેરા કર્યા. અહીં જે કોઈ દર્શને આવે તે સાથે ૪ અનાર લાવે. હવે પછીનો માર્ગ પહાડી હોવાથી શ્રીજીએ છકડા વાહિની વગેરે અત્રે જ રાખ્યાં, કારણ કે ત્યાં એ વાહન નકામાં હતાં. અત્રે ઘનશ્યામદાસનો સુખપાલનો સાજ આવી પહોંચ્યો એટલે શ્રીજી એ સુખપાલમાં બિરાજ્યા. ગોપાલદાસનો ભાવ જોઈ શ્રીજીએ એની ખાસા રસોઈના સીધાનો અંગીકાર કર્યો. પછી ત્યાં રાખેલા માણસો તથા સાજની સંભાળ રાખવાનું કામ ગોપાલદાસને સોંપી શ્રીજી આગળ પધાર્યા. ગોપાલદાસે ત્યાં રહેલા સર્વનું ખર્ચ પોતાને માથે લીધું અને જ્યાંસુધી શ્રીજી પાછા ફર્યા ત્યાંસુધી એમણે એ સેવા બજાવી.

ચિમાખડક :

અમદાવાદથી ચિમાખડક પધાર્યા. અત્રે જલનો ઘણો સંકોચ હતો, ફક્ત એક છોટી પોખર હતી એનું જલ એવું ખરાબ હતું કે વૈષ્ણવોને ગ્લાનિ આવવાથી એ લે નહિ. આ પ્રમાણે સર્વને જલનું અતિ કષ્ટ પડતું જોઈ શ્રીજી પોતે પોખર પર પધાર્યા. (દૃષ્ટિ માત્રથી જલ બદલાયું) એમાં સ્નાન કર્યું, પછી એ જલ સર્વેએ લીધું અને રસોઈ થઈ.

બ્રાહ્મણ સેવક :

ત્યાં એક બ્રાહ્મણે આવીને કહ્યું કે હું આપનો સેવક છું. જ્યારે હું ગયાથી પાછો આવતો હતો ત્યારે આપે મને નામ આપ્યું હતું. શ્રીજીએ કહ્યું હા ! હા ! મને યાદ આવ્યું. એણે એ વખતે ચાર પૈસાભાર મિસરી અને ત્રણ ટંકની રોજી

ભેટ કરી. એની સામગ્રી ને ભેટ આવી એ કૃષ્ણદાસભાઈ પાસે આપે ન્યારી રખાવી અને કહ્યું કે હું માગું ત્યારે આપજો. પછી અમાસે ગુજરાત પધાર્યા.

ગુજરાત :

માર્ગમાં ચિનાબ નદી ઊતરતાં ગોપાલભાઈ પડી ગયા, પણ દહીંનું મટકું સાચવ્યું. ગુજરાત આવી ભોજન કર્યા પછી શ્રીજીએ કહ્યું કે

''નામ ગુજરાત પેં ગુજરાતસી હે નાહીજી. ૨૩૯''

ત્યારે ન્યાલચંદભાઈએ કહ્યું કે નામ છે તો કાંઈ ગુણ પણ હશે. એટલામાં કેટલાંક વૈષ્ણવજનો દર્શનાર્થે આવ્યાં અને એમાંથી એક જણે ન્યાલચંદભાઈનો બોલ સાચો પાડ્યો.

કાશ્મીરનું અન્ન :

કાશ્મીરમાં અન્ન વગેરે સારું મળતું નહિ હોવાથી (ત્યાંના ઘઉંની રોટી ઉપર ફૂલે ને અંદર કાચી રહે. કોઈ પણ અન્ન અગ્નિ ગમે તેટલો બળે તોપણ પૂરું ચડે નહિ. દાળ માટે સાત કૂવાનાં જલ લાવે તોપણ ચડે જ નહિ.) સર્વ સીધું અત્રેથી લીધું અને ઓગણત્રીસમી મજલ કરી ભાદરવા સુદિ એકમે ભંભેર પધાર્યા.

ભંભેર ને ગઢવી :

અહીં બાદશાહની ચોકી બેઠી હતી તેથી ખાસ કામ વગર કોઈને આગળ જવા મળતું નહિ. શ્રીજીએ રતનજી વહોરા અને કૃષ્ણદાસભાઈને ચોકીવાળાના અમલદાર પાસે મોકલ્યા. એઓએ એમને સર્વ હકીકત કહી ત્યારે મહા મુસિબતે ૫૦ માણસોને જવાની રજા મળી, તેથી સાથેના બીજા માણસોને ત્યાં છોડી શ્રીજી ૫૦ માણસો સાથે આગળ પધાર્યા. થોડા માણસને માટે જવાની રજા મેળવી એનું મુખ્ય કારણ પ્રભુને એમનાં ધૈર્ય અને ટેકની પરીક્ષા કરવી હતી અને તેથી આ પ્રતિબંધ ઉત્પન્ન કર્યો. આ પ્રમાણે જે વૈષ્ણવો અત્રે રોકાયા તેમને ઘણો કલેશ થયો અને એઓએ પ્રભુ પાસે જવા વિવિધ પ્રયત્ન કર્યા. કેટલાકે કહ્યું પૈસા આપી જવું. મૂળ તો રાત અંધારી છે અને કદાચ પ્રભુપ્રતાપથી કોઈ મળશે પણ નહિ. વાસ્તવિક રીતે બન્યું પણ એમ જ. જેઓની સાચી લાગણી હતી તે સર્વ કોઈ ને કોઈ ઉપાયે જઈ પ્રભુને મળ્યા. આ પ્રમાણે જે પાછળથી શ્રીજીને જઈ મળ્યા તેમાં મોટાભાઈ ક્ષત્રિય પણ હતા. આવી રીતે પાછળ રહેલાઓમાંથી ઘણાઓના મનોરથ સિદ્ધ થયા, પણ વિષ્ણુદાસ ગઢવી વગેરે થોડા રહી ગયા. ગઢવીએ જવા માટે પ્રયત્ન ઘણા કર્યા, પણ પાસે ઘોડો હોવાથી ફાવ્યા નહિ. છેવટે એમણે ઘોડા પર માટી ભરીને કહ્યું કે એમાં બાદશાહનો સામાન છે અને મારે તરત જવું છે, તોપણ ચોકીવાળાઓએ એમને જવા દીધા નહીં તેથી અકળાઈને ત્યાં જ રહ્યા.

મેઝર જૂઠું પડ્યાની ખબર :

ભંભેર પછીનો માર્ગ નદી, પહાડો અને કોતરથી ભરપૂર હતો અને એમાં પડતા ધોધમાર વરસાદથી સર્વ ઘણા હેરાન થયા. ચોથે દિવસે આઢિઢંકની ઘાટી ઊતર્યા. ત્યાંથી આરનો ચડાવ ૩ કોશ અને ઢોળાવ ૨ કોશ તળે સંદોહાહટી થઈને

માર્ગ નીકળ્યો. છેવટે જોગી હટીએ જઈ પાક કર્યો. પછી ત્રીસમી મજલ કરી કમાદગલ થઈ પાંચમે ચિગસ પધાર્યા. ત્યાંથી બિચનોસર આવ્યા. અત્રે કાશ્મીરથી આસફખાન તથા રાયના સમાચાર લઈ ગાંગુ પાછો આવ્યો. બિચનોસરથી છઠના બપોરે રાજોર પધાર્યા. અત્રે એક ઉમરાવે આવી ચિદ્રૂપે મોકલેલું મેઝર જૂઠું પડ્યાના સમાચાર આપને કહ્યા :

''ગુસાંઈજી, જાત હો તો ભલે આપજી,
પેં હે તુમારો બડો પ્રતાપજી. ૩૦૭
ઉન પહેલે કાજ કરી રાખ્યો ધરીયજી,
સંન્યાસીકૂં જૂઠા કરીયજી. ૩૦૮
પાદશાહે જૂઠા કહ્યા તબહીજી, મેહેઝર દેખ્યા જબહીજી. ૩૦૯
તુમારોહે એસો પ્રતાપજી,
આગળથી કરી રહેત હેં આપજી. ૩૧૦''

થાના

પછી તેત્રીસમી મજલે શ્રીજી થાના પધાર્યા. અહીં વરસાદ ઘણો હતો અને
''ઉહાં એક દિનમાં તિન રિતુ માનજી,
સવારે જાડો અરૂ મધ્યાને ઘામજી. ૩૧૩
પિછલે પહોર તો વરસે મેહજી,
ઉહાં પ્રકાર હોવે સદા એહજી. ૩૧૪''

રત્નપંજાલ :

ત્યાંથી રત્નપંજાલ થઈ બ્રહ્મમલે પધાર્યા. અહીં દેશાધિપતિનો મહેલ હતો. બરફ અતિશય પડવાથી ત્યાંના લોકો પ્રાતઃકાલમાં એક પહોર સુધી તો ગુફામાં જ રહેતા, બહાર નીકળી શકાતું નહિ. પછી સૂર્યના તાપથી બરફ ઓગળવા માંડે ત્યારે બહાર નીકળી શકતા.

''બરફ મેહ ને અતિશય સીતજી,
ત્યાંના લોકને ઘણીય વિપતજી'' ૩૨૦''

પીરપંજાલ :

પછી પાંત્રીસમી મજલ કરી શ્રીજી પોસાને પધાર્યા ત્યાં મહેલમાં રહ્યા અને દસમે પીરપંજાલની મહા ભયંકર ઘાટી ઊતરી મહમદ કુલીની લઢીએ પધાર્યા. આ લઢીમાં એક મુઘલ રહેતો હતો એણે શ્રીજીનો આદરસત્કાર સારો કર્યો અને અનાર વગેરે લઈ આવ્યો તથા લઢીમાં પધારવા આપને વિનંતી કરી ત્યારે શ્રીજીએ કહ્યું કે મારે તો રાવટી છે, પણ વેરાગી વૈષ્ણવો આવે તો લઈ જાઓ, તેથી કેટલાક ત્યાં ગયા. પછી ભેટ પાછી આપી, બીડું આપી એ મુઘલનું સમાધાન કર્યું અને કહ્યું કે બાદશાહને મળ્યા સિવાય કોઈનું લેવાય નહિ. ભક્ત સિવાય એ પ્રભુ અન્યનું ગ્રહણ કેમ કરે ? ત્યાંથી અરાડીભરાડી થઈ એકાદશીએ હીરપોર પધાર્યા. બીજે દિવસે રામની સરાહે પારણું કર્યું. ત્યાંથી કાશ્મીર ૧૦ કોશ હતું તેથી સર્વને આનંદ થયો.

વધાઈ :

કાશ્મીરમાં શ્રીજીના પધાર્યાની વધાઈ પહોંચી એટલે અનંતદાસ, ગોધનુ, જેરામ શેઠ, ચતુર્ભુજદાસ, પ્રહ્લાદદાસ, ભગવાનદાસ વગેરે ત્યાંના ઘણા વૈષ્ણવો સામા આવ્યા એ સર્વનું સમાધાન કરી, ઓગણચાળીસમી મજલ કરી શ્રીજી કાશ્મીર પધાર્યા. માર્ગમાં એક એવી ઊભી ડુંગરી આવી કે જેના પર પાલખી ઊંચકનાર ભોઈના પગ પણ ટકી શકતા નહિ. એ વખતે સાથેના વેરાગીઓએ પોતાના હાથને એવી રીતે ગોઠવ્યા કે ભોઈઓ એ ઉપર પગ મૂકી ચાલ્યા અને શ્રીજીને કાંઈ પણ હરકત આવવા દીધી નહિ. ધન્ય છે એ વેરાગીઓને કે જેમણે પોતાના અન્નદાતાની અણી વખતે આવી ઉત્તમ રીતે સેવા બજાવી પોતાની નિમકહલાલી સાબિત કરી.

સામૈયું :

કાશ્મીર નજીક આવતાં ધ્યાનદાસ સારંગી લઈ સામા આવ્યા અને શ્રીજીને જોતાં ઘોડા પરથી નીચે ઊતર્યા. પછી પ્રભુએ એમને કુશલ સમાચાર પૂછ્યા અને એઓ સુખાસનની સાથે સાથે ચાલવા લાગ્યા. એવામાં દિલ્હીના હરિદાસ એ વખતે ઘણા રાજપૂતો સાથે સામા આવ્યા અને કીચડમાં પડી દંડવત્પ્રણામ કર્યા તથા રાજનગરી ઉદ્ધવદાસ અને મુકુંદદાસે (પિતા-પુત્રે) આવી આપને એક મખમલની ગાદી ભેટ કરી. પછી રાયને ખબર પડતાં આપને પધરાવી લાવવા જેરામ તથા માથુર કાયસ્થને મોકલ્યા અને પોતાના બાગમાં મુકામ કરાવવા કહ્યું. પછી રાયે ખાનને સમાચાર કહેવડાવ્યા કે શ્રીજી પધાર્યા છે. એ સાંભળી ખાને કહ્યું કે ભલું થયું : એમણે મારું નાક રાખ્યું. એમને માટે મુકામનો યોગ્ય બંદોબસ્ત કરો. ત્યારે રાયે કહ્યું કે મેં મારા બાગમાં મુકામ તૈયાર કર્યો છે. આ પ્રમાણે યોગ્ય વ્યવસ્થા થતાં રામરાય અને દ્વારકાદાસ વગેરે વૈષ્ણવો સમાજ સાથે સામા આવ્યા અને સં. ૧૬૭૭ ના ભાદરવા સુદિ ૧૩ ને બુધવારે સૂર્યાસ્ત ચાર ઘડી બાકી રહ્યે શ્રીજીએ ૪૯ મે દિવસે ૪૪૪ કોશની લાંબી અને વિકટ મુસાફરી કરી કાશ્મીર નગરમાં પ્રવેશ કર્યો તથા સંગી દરવાજે થઈ રામરાયના બાગમાં પધાર્યા.

રામરાયના બાગમાં શ્રીજી :

રામરાય અને એમના ભાઈ કમલાપતિદાસના હર્ષનો પાર રહ્યો નહિ. એઓ ત્વરાથી સામગ્રી વગેરે લાવ્યા અને શ્રીજી તથા વૈષ્ણવોની પાસે સામગ્રી સિદ્ધ કરાવી. પછી માર્ગમાં શ્રમિત થયેલા હોવાથી સર્વેએ આરામ કર્યો. બીજે દિવસે શ્રીજી પ્રાતઃકાલે ઊઠી સ્નાનાદિ નિત્યકર્મ કરી ગાદી-મૂઠે આવી બિરાજ્યા, એ વખતે ત્યાંના હાકેમ દિલાવરખાનનો દીવાન રાઘવદાસ કાયસ્થ દર્શને આવ્યો અને શરણે થયો. પછી એની સલાહથી શ્રીજી દિલાવરખાનને મળ્યા. એ પછી રાય મુકુંદદાસને મળતાં ખબર પડી કે બાદશાહ એક માસનો વાયદો કરી શિકારે ગયો છે. એ સાંભળી સાથેના વૈષ્ણવોને ભારે ચિંતા થઈ ત્યારે આપે કહ્યું કે ચિંતા કરવાનું કાંઈ કારણ નથી. ભગવદિચ્છાથી બાદશાહ કાલે અત્રે આવશે અને થયું પણ એમ જ. બીજે દિવસે બાદશાહ શિકારેથી પાછો આવ્યો.

ઈતબારખાન :

પછી શ્રીજી ઈતબારખાનને મળવા પધાર્યા. એણે આપનું સારું સંમાન કરી પૂછ્યું : સંન્યાસી સાથે તમે શા માટે રીસ કરો છો ? એનો જવાબમાં શ્રીજીએ કહ્યું કે અમને કદી રીસ હોય જ નહિ અને અમારે મુખેથી અનુચિત ભાષણ નીકળે જ નહિ.

આસફખાન :

ત્રીજે દિવસે શ્રીજી આસફખાનને મળવા પધાર્યા. આસફખાને પણ આપનો સારો સત્કાર કર્યો : ''કહ્યું : નાથજી, જે ક્રિસન્નજી,
એમ કહીને થયો ઘણું પ્રસન્નજી. ૪૬૦''

પછી ખાને વિચાર્યું કે શ્રીજી ધર્મથી ચળશે નહિ ને બાદશાહ સંન્યાસીનું કહેવું માને છે માટે શું થશે એનો વિચાર કરવા લાગ્યો. શ્રીજી તો અચલ વ્રતધારી છે અને વળી બાદશાહની રમૂજ પણ ઓર છે તેથી ખાને આપનું હિત વિચારી કહ્યું કે,

''નાથજી, એક બેર અબ તુમ સહિયોજી;
પાદશાહ જો કહે તાકી હા કહિયોજી. ૪૭૫

x x x

તુમ ઉત્તર કછુ કરિયો મત્યજી;
બેર બેર ઉનકી પ્રશંસા કરતજી;
સમાચાર પુછી કે મનમાં ધરતહીજી. ૪૭૭
ઉનકો કહ્યો ન માનો તુમ જબહીજી;
એ પાદશાહ બૂરો માને તબહીજી. ૪૭૮
તાતે મેં તુમસૂં કહત હે બેર બેરજી;
કછુ ઉત્તર મતિ દીજો ફેરજી. ૪૭૯''

ત્યારે શ્રીજીએ કહ્યું :

''હાં હાં વે બિરિયાં બોલૂંગો ઓઈજી;
ઇચ્છામેં યે ઉપજેગો સોઈજી. ૪૨૮''

ત્યારે ખાને જાણ્યું કે એ મારું કહેવું માનનાર નથી, છતાં ફરીથી એણે કહ્યું: હું કેવળ આપના સુખને માટે કહું છું, તેથી બાદશાહ જે કાંઈ કહે તે સર્વ તમે કબૂલ રાખો, ત્યારે આપશ્રીએ કહ્યું કે

''હમારો ભલો તો તબ જબ રહે ધર્મજી. ૪૮૬
ધર્મ રહે દુ:ખ હોય તો સો ભાવેજી;
ધર્મ ગયો સુખ કાજ ન આવેજી. ૪૮૭
ધર્મ છાંડિયે સુખકે લિયે આજજી,
વે સુખ આવે કોન કાજજી. ૪૮૮''

એ પ્રમાણેનો ઉત્તર સાંભળી ખાને વિચાર્યું કે એ મારું માનશે નહિ.

ખાનની યુક્તિ :

‘‘પછી એક કહી દેખાડી જુકતજી,
સુનો એક વાત, કહું મેરી ઉકતજી. ૪૮૯
એ પાદશાહને કરી અનહોતીજી;
કાન છેદાય હમકૂં પહેરાયે મોતીજી. ૪૯૦’’

આ પ્રમાણે કહી ખાને કહ્યું કે બાદશાહના કહેવાથી અમે કાન વીંધાવ્યા અને મોતી પહેર્યાં એટલે શું અમે હિંદુ થઈ ગયા ? શું અમારા છોકરાં મોતી પહેરશે ? માટે સમજુ મનુષ્યે વખત જોઈ વાત કરવી અને સમય પ્રમાણે વર્તવું, ત્યારે શ્રીજીએ કહ્યું : એ ગમે એમ હોય, પણ આપની માફક ધર્મની બાબતમાં અમારાથી બની શકે નહિ :

‘‘હમારે ધર્મ ઘટે નેક જબહુજી,
સો હમારે ક્યોંહુ ન બને કબહુજી. ૪૯૭
ત્યારે ખાને કહ્યું : તમારે તો મુખ્ય હે જનોઈજી;
માલા તો મુખ્યમાં નહિ કછુ સોઈજી. ૪૯૮’’

ત્યારે શ્રીજી બોલ્યા :

માલાનું પ્રાધાન્ય :

‘‘હમારે તો મુખ્ય માલા પાછે જનોઈજી,
જનોઈ તો જબ લરિકા હોવે કોઈજી. ૫૦૦
વરસ આઠ સાત કો હોવે જબહીજી,
તાકો જનોઈ કરત હેં તબહીજી. ૫૦૧
માલા તો દિવસ અગિયાર માંહીજી;
પ્રસૂતા જબ હી ઉઠત હે નાહીજી. ૫૦૨
તા દિન નહવરાવત વે બાલજી,
તા સમે પ્રથમ પહેરાવત માલજી. ૫૦૩
તા પાછે કરિયત હે નામકરણજી,
માલા કહી હે નિત્યત્વે ધરણજી. ૫૦૪
જનેઉકો ત્યાગ હે સંન્યાસ માંહીજી,
માલાકો ત્યાગ કબહુએ નાહીંજી. ૫૦૫
માલા દેહકે સંગ આદ્ય અરુ અંતજી,
રહત હેં અવસાના પરજંતજી. ૫૦૬
માલાકો કબહુ ત્યાગ નહિ કરિયેજી,
માલા આદ્યથી ધરીય તો ધરિયેજી. ૫૦૭
ત્યારે ખાને કહ્યું : હાં તુમારે હે એસેજી,

હમ તો એ આજ સુની કહી તેસેજી. ૫૦૮''

આ પ્રમાણે શ્રીજીએ જ્યારે જનોઈ કરતાં માલાનું આધિક્ય બતાવ્યું ત્યારે ખાને કહ્યું કે એ સંન્યાસી ઊલટું કેમ કહે છે ? ત્યારે શ્રીજી બોલ્યા કે,

''સંન્યાસી તો મૂર્ખ હેં, કછુ ન લહતહેજી. ૫૧૧''

એ પછી કેટલીક સિદ્ધાંત પર વાત થઈ એ સાંભળી આસફખાન

''ઘણું પ્રસન્ન થયા તે થકીયજી,
તે પોતે હાથે રાખ્યા લખીયજી. ૫૧૩''

પછી અરસપરસ એકબીજાનું સંમાન કરી શ્રીજી બાદશાહને મળવા માટે ત્યાંથી વિદાય થયા. એ વખતે શ્રીજીએ ખાનને પૂછ્યું : નૂરમહોલને મળવું આવશ્યક છે ? એ વિશે એણે ના પાડવાથી પ્રભુ મુકામ પર પાછા પધાર્યા અને બાદશાહને મળવા જવાની તૈયારી કરવા આજ્ઞા કરી.

૧૧. બાહશાહની મુલાકાત

બાદશાહ પાસે જવાની તૈયારી :

સં. ૧૬૭૭ના આસો વદિ ૨ ને રવિવારે સૂર્યાસ્ત પહેલાં છ ઘડી ઉપર શ્રીજી બાદશાહ પાસે જવા તૈયાર થયા. એ સમયે વાત્સલ્યભાવથી ભક્તજનો બાદશાહ સાથે કેમ બોલવું એ શીખવવા લાગ્યા, પણ શ્રીજીએ કહ્યું: શીખવેલું શું કામ આવે ? ઉત્તર પ્રત્યુત્તર કાંઈ પ્રથમથી નક્કી થઈ શકે નહિ, માટે તમારો પ્રયત્ન વ્યર્થ છે. એ તો જેવો પ્રશ્ન તેવો ઉત્તર આપવો જોઈએ.

સાથેના વૈષ્ણવો :

પછી આપની સાથે આવેલા વૈષ્ણવોમાંથી કેટલાક વૈષ્ણવો તથા ધ્યાનદાસ, હરિદાસ વગેરે રાજસી રાજપૂતો- એઓ જોકે બાદશાહી અમલદારો હતા તોપણ ધર્મની ખાતર શ્રીજીની સાથે ચાલ્યા. એ વખતે શ્રીજીનાં દર્શન કરતાં સ્નેહમાર્ગીઓને સંતાપ થયો તથા માહાત્મ્ય-ભાવવાળાઓને પ્રતાપ જણાયો. ડેરેથી નીકળી શ્રીજી ગુસલખાનાની ડોઢી પાસે બેઠા :

''નિર્ભય નિડર સંકોચ રહિત બેઠા છે દરબાર. ૭૪''

એમના પરમ અદ્‌ભુત અને વિશ્વમોહક સ્વરૂપના દર્શન કરવા ત્યાં લોકોની ઠઠ જામી.

હરિદાસ તુંવાર :

આ વખતે હરિદાસ તુંવાર બાદશાહનો ખડગધારી હતો એણે નિશ્ચય કર્યો કે જો બાદશાહ આ સમયે શ્રીજીને કાંઈ કહે તો મારે મન ગમતું કરી મરવું, તેથી એણે પોતાના અશ્વપાલકને કહ્યું કે મારી પાસે જો કે દ્રવ્ય તો નથી તોપણ જો તારાથી ઘોડશાળમાંથી ઘોડા લેવાય તો લઈ જજે અને એનું દ્રવ્ય ઉપજાવી મારા મરણ પાછળ વૈષ્ણવોને તેડી ઉત્સવ કરજે. મારે તો મારા જીવથી આવી બની છે.

''હું તો જો બાદશાહ ગોકુલનાથજીને આજ,
કાંઈ કહે તો તલવાર એહની આણીશ એહને ૮૬
''જોઈયે શું થાય છે. માટે સાવધાન **રહેજે**.''

કેવા શ્રીજીના સ્વરૂપનો પ્રભાવ ! આ જ એનું મોહકપણું ! એને વિશે ભગવદીયપણું સ્થાપન કર્યું હતું.

એના ભાવ વિશે પ. ભ. ગોપાલદાસજી એક બીજો પ્રસંગ કહે છે કે એક વખત શ્રીજી રાજ-કાજે આગ્રે પધાર્યા. ત્યાં મહોબતખાનની હવેલીએ સમાજ સાથે

બિરાજ્યા હતા. એવામાં વરસાદ આવ્યો. વૈષ્ણવોએ શ્રીજી પર છત્ર ધર્યું ત્યારે હરિદાસ તુંવારે કહ્યું :

''શ્રીગોવર્ધન-ઉદ્ધરણ સમે નથી ચાલ્યું તેણે ત્યાંહાં,
તે આજ મેહ આવીયને શું શકશે કરી યાંહાં. ૯૧''

એટલે કે તુંવાર શ્રીજીને સાક્ષાત્ શ્રીગોવર્ધન ધરણના ભાવથી જાણતો હતો. એતન્માર્ગમાં તો ભાવ જ મુખ્ય છે અને એ જ સિદ્ધ થાય છે, જેને જેવો ભાવ તેને તેવું દાન.

ભાવનું સ્વરૂપ

''જે ભક્તને વિશે જેણે રસે હોય હૃદયારૂઢ,
તે રસ જ્યુ તે ધર્મ-આચરણ સ્ફુરે અતિશે ગૂઢ. ૯૭
તેહનું પ્રભુ પાલન કરે, પ્રભુભાવ ગ્રાહી છે સાર,
ભાવ ક્યાંહુંથી હોય, ત્યાંહથી કરે અંગીકાર. ૯૮
ઉત્તમ મધ્યમ હીનતા સો ભાવથી સિદ્ધ થાય,
સર્વનું તારતમ્ય; તે ભાવથી જણાય. ૯૯
જે ભાવે કરી સન્મુખ થયો, તેને અન્ય કર્તવ્ય નાહીં,
સર્વ ધર્મનું મૂલ ભાવ, તે ભાવ ન્યામક નાહીં. ૧૦૦
એ મારગે ભાવ ન્યામક, ભાવે ભગવદીયત્વ,
અંતરંગતા બહિરંગતા, મૂલ ભાવ તે સત્ત્વ. ૧૦૧
મનોરથ ભાવાત્મક છે, ભાવ સ્વરૂપાત્મક છે સાર,
ભાવહું સંબંધ સ્વરૂપશું, જણાવ્યો નિરધાર. ૧૦૨''

હરિદાસ અને સારંગદેવ :

હરિદાસનો ભાવ એવો તો રૂઢ થયો હતો કે જોકે એના ગુરુ વૃંદાવની જેની છાપ હરિબંસી છે તેણે માલા ઉતારી, પણ હરિદાસે ઉતારી નહિ, એ ભાવનો પ્રતાપ. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં જ્યાં ભાવ સિદ્ધ થયો પછી બાકી શું રહ્યું ? એને કોઈ માલાતિલક વિશે પૂછતું તો એ કહેતો : અમે અમારા શ્રીજીની પાછળ છીએ અને એ શ્રીજીના વિશ્વાસથી નિરંતર માલાતિલક ધારણ કરતો. એની ઉપર કનાર બાબરપોરનો રાજા સારંગદેવ બાદશાહનો ખવાસ હતો એ ઘણું ખુન્નસ રાખતો. એક દિવસ સારંગદેવે દ્વારપાળને રીસ ચઢાવી કહ્યું કે તું હરિદાસને અંદર આવવા દઈશ નહિ અને વધુ પૂછે તો કહેજે કે માલા પેહેરીને અંદર આવવાની બાદશાહની મનાઈ છે, માટે માલા ઉતારીને અંદર જવું હોય તો જાઓ. તેથી જ્યારે એ દિવસે હરિદાસ આવ્યા ત્યારે એમને દ્વારપાળે દ્વાર આગળ રોક્યા; અને માલા ઉતારી અંદર જવા કહ્યું ત્યારે એમણે કહ્યું:

માલાનો ટેક

''મુડ કાટો પછે ઉતરશે એહ. ૧૧૬
પાદશાહે મોકલે છે જ્યારે કામે,
કાજ કરીએ છીએ કે હાંસી. ૧૧૭

એક શેર ચુનને કાજ, ઘુછું અમારું શીષ;
એ તો અમારું સર્વસ્વ છે, એમ કહ્યું કરીયને રીશ. ૧૧૮''

પછી મૂછ પર હાથ ફેરવી એ અંદર ગયા. દ્વારપાળો જોઈ રહ્યા, પણ કોઈથી કાંઈ બોલી શકાયું નહિ. અંદર બાદશાહ પાસે સારંગદેવ ઊભો હતો એણે બાદશાહને કહ્યું કે આપના હુકમથી સર્વ લોકોએ માલા ઉતારી છે, કેવળ આ હરિદાસ ઉતારતા નથી અને વળી આપની સાંનિધ્યમાં તિલક માલા ધારણ કરીને આવે છે. એ સાંભળી બાદશાહે કહ્યું : હરિદાસ શું કહે છે ? ત્યારે સારંગદેવે કહ્યું કે એ કહે છે કે શેર ચૂનને માટે માથું આપીએ છીએ તો પછી આ તો અમારો ધર્મ છે એને માટે માથું કેમ ન આપીએ ? માટે બાદશાહ તો પ્રથમ માથું કાપો અને પછી માલા ઊતરશે. ત્યારે બાદશાહે કહ્યું :

બાદશાહનો ઉત્તર :

''એસે મનુષ્યકૂં ચહાયા કરૂં, મેરે માલાસૂં કહા કામ. ૧૨૪
બાબાજી કે કહે ઈતની કરત હૂ એ નિદાન;
પેં દેખો ઈનકી બાતપેં મેં હોત હું હેરાન. ૧૨૫
એક દમડીકી માલાકૂં ઈતની કરત ગોકુલનાથ;
એક માલા મોહે કહા, અરૂ કહા આવત હાથ. ૧૨૬''

ત્યારે દ્રોહથી સારંગદેવ બોલ્યો કે આ સૌ પહેરે છે એ ગોકુલનાથજીને લીધે જ પહેરે છે. એમની પાછળ સર્વે ઉતારશે, પણ બાદશાહે એ ઉપર ધ્યાન આપ્યું નહિ.

ગોવિંદદાસનો ટેક :

પોતાની આ સર્વ હકીકત કહી રહ્યા પછી હરિદાસે કહ્યું : રાજના પ્રતાપથી મારા જેવાનું નામ કોઈ લઈ શક્યું નહિ તો પછી આપનું તો કહેવું જ શું ? વળી મારા ભાઈ ગોવિંદદાસને પરવૈજને કહ્યું કે મારી આગળ મોરલી વગાડ ત્યારે એણે કહ્યું કે એ તો મારો ધર્મ છે : તારી આગળ બજાવવાની નહિ.

ત્યારે શ્રીજી બોલ્યા :

''હાં હાં ઠાકુરહે એસેઈ. ૧૪૧''

જે કોઈ એસે હે તાકી રક્ષા પ્રભુ કેમ ન કરે ? धर्मों रक्षति रक्षितः । જે ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છે.

આથી હરિદાસ મૂળ તો શૂર હતા અને એમાં વળી શ્રીજીના તરફથી પ્રોત્સાહન મળ્યું તેથી એ આનંદ પામ્યા અને પોતાના રાજપૂત વીરોને કહેવા લાગ્યા :

હરિદાસ અને રાજપૂત વીરોની દૃઢ પ્રતિજ્ઞા :

''તુમ મેરે ભાઈ રાજપૂત હોયો આજ. ૧૪૫
ન જાનિયે કેસી બને, રહિયો સમય સાવધાન;
મતિ કોઈ રાજપૂતાઈ છાંડે, જબ બને આય નિદાન. ૧૪૬
જે કોઈ આશ જીવેકી કરે, સો અબહીતેં ઘર જાયો;
નિરધાર કરી મનમાં રહ્યો, સો પાસ મેરે આયો. ૧૪૭'

ત્યારે એઓએ કહ્યું :

''ચરન ગોકુલનાથજીકે, છાંડીકે કહાં જાયે. ૧૪૮
ઘર જાયે તો રાજપૂત કેસે, જનની લાગે લાજ;
ભાગ્ય હોય હમારો તો આજ આવે કાજ. ૧૪૯''

પોતાના માણસોનો એવો, ક્ષત્રિયને શોભાવે એવો, શૂરવીર જવાબ સાંભળી હરિદાસે શ્રીજીને કહ્યું : જુઓ આમનું પાણી, એ સર્વ કામ આવશે, ત્યારે શ્રીજીએ મંદ હાસ્ય કરી કહ્યું : ''હાં હાં એમનું તો એ જ કાર્ય છે. પરાપૂર્વથી શૂરા ક્ષત્રિયોએ ધર્મને અર્થે પોતાના પ્રાણ અને રુધિર અર્પ્યાં છે. એમના ભાગ્યનું શું કહેવું ? (પણ અત્યારે એસી કબહુ ન હોયગી) ત્યારે પાસે ઊભા રહેલા અનંતદાસ, ધ્યાનદાસ, કૃષ્ણદાસ, ન્યાલચંદ વગેરે મહાનુભાવો બોલ્યા કે શ્રીજીના પ્રતાપથી સૌ ભલી જ થશે, એવો લોહી રેડવાનો વખત આવશે નહિ.

આસફખાન :

આવી રીતની સ્વજનો સાથે શ્રીજી અનેક વાત કરતા હતા એવામાં ત્યાંથી આસફખાન બાદશાહ પાસે જતો હતો એને પોતે જોયો તેથી ગોધુ સાથે એમને આશીર્વાદ કહેવડાવ્યા. ત્યારે ખાને શ્રીમુખ સામું જોઈ હાથની સાનથી જણાવ્યું કે હું અંદર બાદશાહ પાસે જાઉં છું અને આપના આશીર્વાદ કહું છું. એમ કહી એ અંદર ગયો અને બાદશાહને ખુશમિજાજમાં જોઈ એમણે એને કહ્યું કે ગોકુલનાથજી આવ્યા છે. ત્યારે બાદશાહને કહ્યું કે

''હાં આયે હે તો ભલા, તુમ અબે યહાં બોલાવો;
ઓર કોઈ આવે નહિ, કહો, અકેલે તુમ આઓ. ૧૬૪''

મધુસૂદન :

આથી ખાને આપને બોલાવવા માણસ મોકલ્યો. માણસ આવતાં શ્રીજીએ ફક્ત મધુસૂદન ભાણેજને સાથે લીધો અને એના હાથમાં શ્રીફળ તથા નવ રૂપિયા આપ્યા. આગળ ચાલતાં દ્વાર આગળ મધુસૂદનને દ્વારપાળે રોકવા માંડ્યા ત્યારે શ્રીજીએ દરવાનને ઝટકી નાખ્યો એ વખતે બાદશાહનો સસરો દોસ્તમહમદ ૫૦૦૦ લશ્કરી સિપાઈનો ઉપરી હતો એ ત્યાં હાજર હતો. એણે વિનયથી શ્રીજીને કહ્યું કે આપને એકલાને અંદર જવાનો હુકમ છે. ત્યારે શ્રીજીએ કહ્યું : આ એક માણસને હું લઈ જાઉં છું અને બાદશાહ પૂછશે તો હું એનો ખુલાસો કરીશ. પછી દોસ્તમહમદે એમને જવા દીધા અને સંઘના સર્વ વૈષ્ણવ પરિણામની રાહ જોતા દ્વાર આગળ ઊભા.

''દેશાધિપતિને નિકટ જઈ, ઊભા રહ્યા ત્યાંહા,
નવ રૂપૈયા શ્રીફલ ને પવિત્રું, લૈ કરમાંહાં. ૧૭૪
પ્રહસિત મુખે પૃથવીપતિને, દીધો આશીરવાદ,
તે શ્રીકરમાંહાંથી સારંગદેવે, લીધું જૂત મરયાદ. ૧૭૫
કરમાં ધર્યાં ધરણેશના, તેણે લીધાં બેહુ કર ધરીય,
શ્રીજીને કહ્યું તુમ નીકે આયે, પ્રસન્નતા મન કરીય. ૧૭૬

એ સંગ તુમારે કોન હે, દેશાધિપતિએ કહ્યું તેહ,
એહ હમારા ભાણજા હે, ઉત્તર દીધો એહ. ૧૭૭
ઈનકું ઈહાં કાહીકું લાયે, ઈનકૂં કહા ઈહાં કાજ,
મેરે સંગ હુતો અરૂ સંગ આયો, એમ કહ્યું મહારાજ. ૧૭૮
પછી ભૂપ ફરી બોલ્યો નહિ, સાંભળી એહ વચન,
સ્વરૂપનો તે પ્રભાવ લહીને, રહ્યો જાણી મન. ૧૭૯''

શ્રીજીએ બાદશાહને જે વસ્તુઓ ભેટ કરી તેનું તાત્પર્ય એ હતું કે બાદશાહ મૂળ અસુર યોનિનો હતો અને સંન્યાસીના દુઃસંગથી એનામાં જે દોષ દાખલ થયા હતા તેને પ્રભુએ પવિત્રા દ્વારા દૂર કર્યા તથા બાદશાહમાં એના અધિકારને લઈ જે સ્વાભાવિક રાજસ હતો તેને રજસ્ (રૂપિયા) વડે દૂર કર્યો અને શ્રીફળ આપી બંને ફળ સિદ્ધ કર્યા. આ પ્રમાણે બાદશાહના સ્વાભાવિક તેમજ સંગજનિત દોષોને દૂર કરી ફળને માટે લાયક કર્યો. સત્સંગનો પ્રભાવ જ આવો છે ! મહાન પુરુષો પણ જેના પ્રસંગમાં આવે તેને અગણિત લાભ કરી આપે છે તો પછી જેના પ્રસંગમાં રસાવેશ પુરુષોત્તમ પ્રભુ પોતે આવે તેના ભાગ્યનું શું કહેવું !

''પછે દેશાધિપતિ માલાનું કહેવા, કરે મન વિચાર,
ઉગ્ર પ્રતાપવાન્ સ્વરૂપ જોઈને, કરી શકે નહિ ઉચ્ચાર. ૧૮૭
મુઝાયો તિલકપણે તેજે, મુદિત થયો ઘણું ત્યાંહા,
વિસ્મે થઈને વિચાર કરવા લાગ્યો તે મન માંહાં. ૧૮૮''

વિચારોમાં ને વિચારોમાં કેટલોક સમય વીતી ગયો, પણ બાદશાહ કાંઈ બોલી શક્યો નહિ, પણ છેવટે સંન્યાસીને આપેલું વચન ધ્યાનમાં લઈ સંકોચ સાથે બોલ્યો કે,

''ગોકુલનાથજી, તુમ હમારા હુકમ માન્યા નહીંય. ૧૯૧
બાબાજી કહે સો માનો, ઓર ઉતારો માલ,
એમ કહીને નીચું જોઈ, પછી રહ્યો તે મહિપાલ. ૧૯૨''

પછી ભૂપનું વચન સાંભળી નીડરપણે શ્રીજીએ ઉત્તર આપ્યો કે

''હમ ઉચિત હોયગો સો માનેંગે, અનઉચિત કબહૂ ન માનો,
ઉનકા કહા કોન ભાંતિ માને, વે તો નઈ કછુ ઠાને. ૧૯૯
એ હમારો નિજધર્મ હે, સો જાત છાંડ્યા નાહીં,
અનાદ્ય એ આયો ચલ્યો, સો છાંડ્યો કેસે જાહીં. ૨૦૦
મર્યાદ સહિ તેંએ સમે, મહિપતિસૂં કહે એમ,
ન ઉતારિયે નિર્વાણ માલા, યહ હમારે નેમ. ૨૦૧
વિવાહિતા અપુને જો પતિસો, લિયે પતિવ્રતધર્મ,
સેવા કરે ઓ સર્વદા, તેસે હમારે ધર્મ. ૨૦૨
વેસી સ્ત્રીકો ત્યાગ કહૂ, લિખ્યા ન લેખન માંહાં,
કરે ત્યાગ ક્યાં નિજ ધર્મકો, જ્યાંહાં ધર્મ હમ હૂ ત્યાંહાં. ૨૦૩

વિવાહિતાકો ત્યાગ કહાં, વિહિત લેખન માંહીં,
કોઉ કરતહે જો હમ કરે, ધર્મકો ત્યાગ યાંહીં. ૨૦૪
ચતુર્થાશ્રમકે વિશે, કહ્યો હે જનેઉકો ત્યાગ,
પેં માલાકો ત્યાગ કબહુ નાહીં, એમ કહ્યો સહિત અનુરાગ. ૨૦૫
ત્યારે ભૂપ બોલ્યો ભેદસૂં. લિખ ક્યોં દિયા તબ તુમ,
કહ્યો ઉનકો કરેંગે, વે કહેગો સો હમ. ૨૦૬''

ત્યારે મહાચતુર શ્રીવિઠ્ઠલેશકુમાર બોલ્યા

''તુમારે મનકો વિચારો લીખ દિયા હે જો હમ,
હમ કહા લિખ્યો, તુમ કહા કહત, એ મિલાય દેખો તુમ. ૨૦૮
હમ કહા યોં લિખ દિયો હે, જો છોડેગો અપુનો ધર્મ,
વો દુરાગ્રહ કરી કે છોડાવેગો, વો ન જાન્યો મર્મ. ૨૦૯
હમ તો યોં જાની હતી, એ વિરક્ત હે શ્રીપાત,
હમ ગ્રહસ્તીનકૂં કહેગો, કછુ અધિક ધર્મકી બાત. ૨૧૦
માર્ગકી મરજાદમાં, હમ સદા રહેત અનુકૂલ,
અધિક કહાં જો ઉલટો, વે ઘટાવત હેં મૂલ. ૨૧૧''

જહાંગીર બાદશાહ કે જેના નામ માત્રથી અનેક ભૂપતિઓ ધ્રૂજતા તેની સામે શ્રીજીને આ પ્રમાણે નિર્ભયપણે વાદ કરતા જોઈ સભાના સર્વ અમલદારો અને ઉમરાવો ચકિત થઈ ગયા.

''ઉમરાવ અનેક ઊભા રહ્યા છે, પરસ્પરે સમાન,
આસફખાન ને ખાનઆજમ, ને ફિદાઈખાન. ૨૨૧
ઈતબારખાન, એરાદતખાન, સાદીક, દિલાવરખાન,
એતમાદદોલાખાન, જ્યાંહાં આદે તે સંનિધાન. ૨૨૨
સેહેરિયાર ને ખુરમ, ખુસરૂ શાહાજાદા ત્યાં પાસ,
મર્યાદસૂં ઊભા રહ્યા, કાઢી શકે ન કો શ્વાસ. ૨૨૩''

આ સર્વ ઉમરાવો શ્રીજીને બાદશાહ સામે કોઈ પણ જાતના સંકોચ સિવાય નિર્ભયપણે સત્ય વચનો બોલતા સાંભળી ભય પામ્યા કે રખેને બાદશાહ એના ખિજાય અને કાંઈ અનુચિત કરે તેથી એઓ વખતોવખત આપને સંભાળીને બોલવાનું કહેતા હતા, પણ પોતે એ માને કેમ ? જેમ ઉમરાવો વારે તેમ શ્રીજી વધારે શૂરત્વથી બોલવા લાગ્યા અને સંકોચ-રહિત પોતાને જે કાંઈ કહેવું હતું તે સર્વ કહ્યું. શ્રીજીએ વિચાર્યું કે ઉમરાવો વરજે, પણ એમાં શું વળે ? જો આજે પ્રસંગ મળ્યે ઉત્તર ન આપું તો ક્યારે આપવાનો ? એવું વિચારી એમણે પોતાના ધર્મના રક્ષણ અર્થે પોતાનો કેવો અડગ ટેક હતો એ બાદશાહને સંપૂર્ણ રીતે કહી બતાવ્યો અને એ રક્ષણ કરવામાં એમણે પોતાના દેહનો, કુટુંબનો, દ્રવ્યનો કે કોઈ પણ બીજા સ્વાર્થનો વિચાર કર્યો નહિ. જેમનું પ્રાકટ્ય કેવળ ધર્મના પોષણ અને રક્ષણ અર્થે હતું તેને વિશે શું કહેવું ?

''એવા ધર્મ ટેક સહિત વચન, સાંભળી ભૂપ તે ત્યાંહે,
પ્રસન્ન થાય છે ઘણું, રીઝીય તે મન માંહે. ૨૩૩

એ બોલત હે દેખો કોન ભાંતિ, નીડર નિઃસંકોચ,
પણ સંન્યાસી આગળ જે બોલ્યો, કરે તેનો શોચ : ૨૩૪''

આટલું છતાં ચિદ્રૂપને આપેલા વચનને માટે બાદશાહ હઠ પકડતો હતો. આ સમયે નૂરમહોલ ચક પાછળ બેસી શ્રીજીનું પરાક્રમ જોતી હતી અને મનમાં ઘણું પ્રસન્ન થતી હતી, પણ એક ઉચ્ચાર સરખો કરી શકાતો નહિ. શ્રીજીને બાદશાહ પાસે જેમ જેમ વધારે વાર થતી ગઈ તેમ તેમ બહાર ઊભા રહેલા વૈષ્ણવો ચિંતાથી આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. એમને હરિદાસ વારંવાર બહાર આવી ધીરજ દઈ જતા.

''જે કછુ ચિંતા મતિ કીજિયો, પાદશાહસૂં હોત હે બાત,
એટલાં વચન કહી કહી ગયા, આવીને વાર પાંચ સાત. ૨૪૧
પછી ભૂપે કલવલ કઠિણ કોમળ કરી દેખાડી અહીંય,
પણ માર્ગ ને સ્તભંને, માની તે એકો નહીંય. ૨૪૨
ગર્જનાસૂં ઉત્તરના પ્રતિઉત્તર, કરેય ત્યાંહા.''

આટલું છતાં પણ શ્રીજી જ્યારે બિલકુલ ડગ્યા નહિ અને હિંમતથી માલા ઉતારવાની ના પાડી,

''ત્યારે સારંગદેવે દુષ્ટ બુદ્ધે, કહ્યું કરી પરપંચ,
દીક્ષિતજી પાદશાહસેં અબ, હઠ ન કરિયે રંચ. ૨૪૭
ત્યારે આસફખાને ઝટકી, વાર્યો લેઈ તેહનું નામ,
કહ્યું : ઈહાં તેરે બોલવેકો નાહીં કછુ કામ. ૨૪૮''

પછી શ્રીજીને આસફખાનની સાથે માલા અને જનોઈ સંબંધી જે વાતચીત થઈ હતી તે બાદશાહને સંભળાવવાના ઈરાદાથી આસફખાને આપને કહ્યું:

''જે તુમારે તો હો જનોઈ મુખ્યતાં, માલા તો મુખ્યમાં નાહીં,
પછી શ્રીજી માલા મુખ્યત્વે સ્થાપન કરીયને ત્યાંહી. ૨૫૧
ઉત્તર દીધો કહ્યું : જે માલાહે મુખ્ય હમારે,
માલા છાંડી જાય નહીં, કાહુ ભાંતિ ટરેય ન ટારે. ૨૫૨
ત્યારે ભૂપતિયે કહ્યું જે, માલા જો મુખ્ય તુમારે,
તો મોતી અરુ સોનેકી માલા પેહેરો કહે હમારે. ૨૫૩
ત્યારે શ્રીએ કહ્યુંઃ માલા વે, પેરીહેઅત શૃંગાર હેત,
એ માલા સોહે હમારે પ્રાચીન ધર્મ સમેત. ૨૫૪
ત્યારે ભૂપે કહ્યું : ધર્મ હે, તો પેહેરો રુદ્રાક્ષકી માલા,
રુદ્રાક્ષકી પહેરત ક્યોં નહિ, જો મિટે સબ જંજાલ. ૨૫૫
હમારે વૈષ્ણવ ધર્મમાં રુદ્રાક્ષ વિહિત હે નાહીં,
તુલસી વિહિત હે સર્વદા, એ હમારે મારગ માંહી. ૨૫૬
ત્યારે ભૂપે કહ્યું : તુલસીકી માલા વે કહેત હે જુ ઉતારો,
મેં કહત હું હઠ મતિ કરો, અરુ દેખ મન્ન વિચારો. ૨૫૭''

બાદશાહનાં છેવટનાં ભયસૂચક વાક્યો સાંભળી આસપાસ ઊભા રહેલા સર્વે ઘણું બીન્યા અને ધાર્યું કે નક્કી બાદશાહ ગોકુલનાથજીને માટે કાંઈ અનુચિત હુકમ

કરશે. એ છતાં એઓ પોતે શો પ્રત્યુત્તર આપે છે એની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા. શ્રીજીને માટે આ એક છેલ્લી કસોટીનો પ્રસંગ હતો અને એ પ્રાપ્ત થયો.

''ત્યારે શ્રીજીએ એમ કહ્યું, અતિ આગ્રહપૂર્વક માંહીં,
સુર્જ ઇતકો ઉત ફિરે, પેં માલા ઉતારિયે નાહીં. ૨૬૪
એ માલા તોહે શરીરતે, અરુ ધર્મકી હે લાજ,
જે કો ધર્મ છાંડીકે જીવેગો, તાકો જીઓ કોન કાજ. ૨૬૫''

અને આ પ્રમાણે પોતે શુદ્ધ હોવાથી દુઃખરૂપી અગ્નિની કસોટીમાં જવા આતુરતા બતાવી. જ્યારે બાદશાહે જોયું કે શ્રીજી પોતાની માલા માટે ધર્મ માટે પોતાનો જીવ આપવા તૈયાર છે અને જો એમને કાંઈ થાય તો એમની પાછળ હજારો માણસોની હત્યા થાય એમ છે, ત્યારે એ ઘણો ગભરાયો અને શું કરવું એ સૂઝ્યું નહિ. એક તરફ પોતાના વચનનો ભંગ અને બીજી તરફ વિના કારણ હજારો માણસોની હત્યા આ બે પ્રશ્નો વચ્ચે એના મનમાં અનેક તર્ક થવા લાગ્યા, પણ ભગવદિચ્છાથી એને સંન્યાસીનું પ્રથમનું મેઝર યાદ આવ્યું. એમાં એણે લખ્યું હતું કે જો ગોકુલનાથજી માલા ન ઉતારે તો એમને ગોકુલ છોડવાનો હુકમ કરજો. એઓનો વૈભવ ઘણો છે અને તેથી એઓ એ છોડશે નહિ અને માલા ઉતારશે. આ ઉપરથી બાદશાહને પણ શ્રીજીની વધારે કસોટી કરવાનો લાગ મળ્યો અને હત્યાઓ કર્યા સિવાય પોતાનું વચન પાર પાડ્યાનો ઉપાય પણ જડી આવ્યો.

''ત્યારે ભૂપે કહ્યું માલા ન છાંડો તો કહ્યો હમારો માનો,
કે તો ગોકુલ છાંડો કે માલા છાંડો, જામેં ભલો આપનો જાનો. ૩૧૬
ત્યારે ટેકરક્ષક, ધર્મપ્રિય, બોલ્યા તે શ્રીમહારાજ,
ભલો ઘર છાંડેગેં હમ, ઘરકો ન કછુએ કાજ. ૩૬૭
ધર્મકો કાજ હે હમારે, જ્યામેં રહે નિજ ધર્મ,
ધર્મ વિનુ કાજ નાવે, એહ બોલ્યા મર્મ. ૨૬૮''

જ્યારે શ્રીજીએ ઉપર પ્રમાણે ઘરબાર છોડવા એકદમ કબૂલ કર્યું, પણ માલા ઉતારવાની ના પાડી ત્યારે બાદશાહને પૂર્ણ ખાતરી થઈ કે એમનો ધર્મ સાચો છે અને સંન્યાસી એમને નાહકનો હેરાન કરે છે, તોપણ બાદશાહે વધુ તપાસ કરવા પૂછ્યું કે,

''તો કહો, તુમ કહાં જાવોગે, એમ બોલિયો તે નરેશ,
ત્યારે વાક્ય છલ એમ બોલિયા, જાયગેં હમારે દેશ. ૨૭૧''

દક્ષિણમાં કાંકરવાડ :

આ પ્રમાણે શ્રીજીને બોલતાં સાંભળી બાદશાહે જોયું કે એમને ગોકુલ કે એના વૈભવની કાંઈ પરવા નથી, એમને તો ફક્ત ધર્મની જ દરકાર છે, માટે એમને એટલે દૂર કાઢવા એ ઠીક નહિ. ત્યારે એ બોલ્યો :

''ના ના, ઓ તો દૂર હે તો રહો જહાં કહો તાંહાં,
મેં તો ન કહું એમ બોલિયા, શ્રીગોકુલપતિ તાંહાં. ૨૭૨

તો જાય કે જગન્નાથ રહોગે, કરોગે કહા તુમ્હ,
શ્રીજીએ કહ્યું તુમ કહો તો જગન્નાથ હી રહે હમ. ૨૭૩
દિલ્લેશે ત્યારે કહ્યું જે, રહોગે વારાણસી માંહીં,
શ્રીજીએ કહ્યું : જે અવશ્ય, તો હમ **રહે** જાએ ઉહાંહી. ૨૭૪
તો ઘો લીખી લેહો જેસો, મન તુમ્હારે આવે,
પેં મેરે કહે બેઠે વિના, ઠાડે લીખ્યો નહિ જાવે. ૨૭૫
તો બેઠકે સુખ સું લીખો, ભૂપે કહ્યું મન ભાવી,
પછી રૂપાની દીવી દુશાખા, શ્રીજી આગળ ધરાવી. ૨૭૬''

આ પ્રમાણે જ્યારે શ્રીજીએ બાદશાહના હુકમ પ્રમાણે માલા છોડવાનું નહિ, પણ શ્રીગોકુલ છોડવાનું કબૂલ કર્યું ત્યારે બાદશાહે એ બાબતનું લખાણ કરી આપવા કહ્યું. એ ઉપરથી શ્રીજીએ ખડિયો કલમ અને દીવી આવતાં લખાણ કરવા માંડ્યું. શ્રીજીએ પ્રથમ પોતાનું નામ લખી નીચે બાદશાહનું નામ લખ્યું ત્યારે કલમદાન ધરનારે કહ્યું કે બાદશાહનું નામ પ્રથમ લખવું જોઈએ, તેથી બીજી વખત લખવાનું થયું. બીજી વખત એની એ જ ભૂલ થઈ તેથી ત્રીજી વખત લેખ લખવાની જરૂર પડી. શ્રીજીને આવી રીતે પોતાનું નામ પછીથી લખવાનો સમય પ્રથમ જ હતો અને તેથી ટેવને લીધે ભૂલ થઈ હતી. એ લેખમાં લખ્યું કે,

''અમારા સુધર્મ સહિત, બારાણસી રહિયે જૈય,
એણી પેરે ત્યાહાં લખીય પઠવ્યું દેશપતિ કને લૈય. ૨૮૩
તે જોઈને આશ્ચર્ય પામ્યો ભૂપ તેણી વાર,
લિખ દિયા લિખ દિયા કહીને પૂછ્યું બેવાર. ૨૮૪''

લેખ જોઈ બાદશાહને આશ્ચર્ય થાય એમાં શી નવાઈ ? ધર્મની ખાતર-અરે ! તુલસીકાષ્ઠની માલાની ખાતર-લાખો રૂપિયાનો વૈભવ કયો સામાન્ય મનુષ્ય આ પ્રમાણે સંકોચ વિના અને આનંદથી છોડી શકે ? જે કાષ્ઠની માલાને બાદશાહ બે દમડીની ગણતો હતો તેની ખાતર જ્યારે શ્રીજીએ આ પ્રમાણે પોતાનું અઢળક દ્રવ્ય તથા સુખ અને વૈભવનાં અનેક સાધનો ક્ષણવારમાં છોડી દીધાં અને એ દ્વારા પોતાનાં ધર્મ ટેક અને એની સત્યતા તથા દ્રવ્યાદિ પદાર્થો તરફનો પોતાનો વિરાગ સાબિત કરી આપ્યો ત્યારે બાદશાહની સંપૂર્ણ ખાત્રી થઈ કે શ્રીજીનો ધર્મટેક સાચો છે અને એઓ પોતાના ધર્મની ખાતર પોતાનું સર્વસ્વ અને પ્રાણ સુધ્ધાં પણ આપે એમ છે. એમનો ધર્મ એમના પ્રાણથી જુદો કરી શકાય એમ નથી. અને તેથી જ્યાંસુધી એમના પ્રાણમાં પ્રાણ છે ત્યાંસુધી એઓ કોઈ કાળે પણ પોતાનો ધર્મ છોડે એમ નથી. આ ઉપરથી બાદશાહને શ્રીજી માટે પ્રથમ કરતાં પણ વધારે માનની લાગણી ઉત્પન્ન થઈ અને એમની પ્રશંસા કરતો બોલ્યો કે,

''દેખો કાષ્ઠકી માલા, લીએ છોડે વેસે ધામ,
એ વાત સાચી મન ધરી, કહ્યું ધર્મ ઇનકો નામ. ૨૮૭''

એ પછી આસફખાન દ્વારા બાદશાહની રજા માગી શ્રીજી પોતાને મુકામે પધાર્યા

અને બાદશાહ પોતે જનાનખાનામાં ગયો.

''ભીતર જઈ નૂરમહોલને પૂછ્યું તે એવું ત્યાંહાં,
નૂરમહોલ બેઠી હુતી દેખતી હુતી ચિક માંહાં. ૨૮૯
નૂરમહોલ ઊઠી કર જોડ, બેઠક દીધી,
મનુહાર દેશાધિપતિની ઘણી કીધી. ૨૯૦
તુમ દેખો ગોકુલનાથકે મોહો પર કેસાહે ગુસૈયાંકો નૂર,
ત્યારે નૂરમહોલે વચન, ચાતુરીસૂં કર્યો મજકૂર. ૨૯૧''

પછી નૂરમહોલે કહ્યું કે હા, એઓશ્રીના મુખારવિંદનું સુંદર લાવણ્ય અને સૂર્યને પણ ઝાંખો પાડે એવું પુષ્કળ તેજ મેં ચકમાંથી જોયું છે. એ બધા સાચા ઈમાનના જ પ્રતાપ છે :

''ઈમાન રાખ્યા ચાહિયે, સો છાંડી ક્યોં રહે ન્યારા. ૨૯૪''

જ્યારે શ્રીજી ધર્મનો જય કરી બાદશાહ પાસેથી બહાર આવ્યા ત્યારે દ્વાર આગળ વૈષ્ણવોની ભારે ભીડ મચી હતી અને એ સર્વ બાદશાહ સાથેની શ્રીજીની ગોષ્ઠીનું શું પરિણામ આવે છે એ જોવા અધીરા થઈ રહ્યા હતા. એમને શ્રીજીએ

''મુસકાઈ મોદે ભર્યા કહ્યું; ભલી ભઈ ભલી ભઈ એ,
જો ધર્મ રહ્યો એ સાંભળી, સૌ થયા આનંદમઈ એ. ૩૦૪''

આ પ્રમાણે આનંદમાં આવી જતાં એઓ પોતાના પ્રાણનાથને એમના વિજય માટે જયકારના મોટા ઘોષથી વધાવવા મંડ્યા. દ્વાર આગળ જ્યારે શ્રીજી પધાર્યા ત્યારે છડીદાર વગેરે લોકોએ પણ આપને દુવા દઈ બક્ષિસ માગી. એ સર્વનું મન માનતું સમાધાન કરી, અશ્વારૂઢ થઈ શ્રીજીએ ચાલવા માંડ્યું અને વૈષ્ણવોએ આનંદમાં આવી જઈ માર્ગમાં જયકારના અનહદ નાદથી આખું શહેર ગજાવી મૂક્યું :

''એ શબ્દ સુખદ સુહામણો, સર્વત્ર વિચાર્યો સાર,
ભીતરથી ભૂપે સૂણી પૂછ્યુંઃ હોત કહા પુકાર. ૩૧૩
ત્યારે હાજરખાન ધશીય આવ્યો બાહેર જોવા કાજ,
આવીને જોયું તો ત્યાંહાં દીઠો, તે અનેક સમાજ. ૩૧૪
આસફખાન એની પાછળ આવ્યા, ઈતસે આરતભેર,
અધીર મન માંહે ધરીને, વિચારી એણી પેર. ૩૧૫
જે નરેંદ્ર તો સેંહસે પૂછે છે, એ રખે કરે ઉપાધ્ય,
માટે ખાન પાછળ થકી આવ્યા, ધરી મનમાં આધ્ય. ૩૧૬
તે શબ્દ જેને સાંભળી, ફરી ગયા દેશપતિ પાસ,
વૃત્તાંત સઘળું ત્યાં જઈ, ખાને કર્યું તે પ્રકાશ. ૩૧૭
ધર્મ કે હિતકૂં મિલે હે, સકલ હિંદુસ્તાન,
દરબાર પર ઠાડી રહી હે, અકીન અપનો માન. ૩૧૮
ગોસાંઈ ગોકુલનાથજીકો, રહ્યો હે યે ધર્મ સોએ,
સો સંગકે વે લોક તુમકૂં, દુઆ કરત સબ કોએ. ૩૧૯

પાદશાહ એ સાંભળીને, બોલ્યો નહિ કાંઈ ત્યાંહાં,
ધર્મનો એહનો સરાહી, જાણી રહ્યો મનમાંહાં. ૩૨૦''

આવી રીતે આસફખાને બાદશાહને સમજાવી શાંત પાડ્યો. પછી શ્રીજીની સાથે આનંદ કરતા વૈષ્ણવો મુકામ પર આવ્યા અને ત્યાં આપે બાદશાહની સાથે જે વાતચીત થઈ હતી તે કહી સંભળાવી.

''ત્યારે ધ્યાનદાસ ને બીજા વૈષ્ણવ મજલસી જેહ,
તે પ્રાણપ્રભુ આગળ રહીને, કહેવા લાગ્યા તેહ. ૩૨૬
મહારાજ રાજે તે શું કીધું, થઈ મજલસ જ્યાંહાં,
પાદશાહે તો એક શ્રીગોકુલ છોડો કહ્યું હતું ત્યાંહાં. ૩૨૭
એવડે વેગલે બારાણસી, જૈશું ક્યેમ,
ત્યારે મહાપ્રભુ નીતિરક્ષક, બોલ્યા એમ. ૩૨૯
અરે જે કોઉ મૂઠી છોલા બાંટત હે, સો પહેલા બાંટન
તો પહેલે હૂ કેસે કહૂં, એમ જણાવ્યો સંકેત.'' ૩૩૦'

ત્યારે ધ્યાનદાસે કહ્યું કે હું ફરીથી બાદશાહ પાસે જઈશ અને વારાણસીને બદલે કોઈ નજીકના સ્થાનમાં રહેવાની પરવાનગી મેળવી લાવીશ. જ્યારે આ પ્રમાણે એણે પોતાનો સ્નેહ અને વાત્સલ્ય ધર્મ બતાવ્યો ત્યારે માહાત્મ્યભાવે હરિદાસ બોલ્યાઃ

''જો વારાણસી ગયે કહા ભયો, શ્રીગોકુલ તો સદા હે પાસ. ૩૩૨''

શ્રીજીના મુકામ પર જ્યારે આ પ્રમાણે વાતચીત ચાલી રહી હતી તે વખતે બાદશાહને ત્યાં શું બન્યું એ જોઈએ. જનાનખાનામાં ગયા પછી બાદશાહના મનમાં એકાએક ભગવદિચ્છાથી એવો વિચાર થઈ આવ્યો કે મેં ગોકુલનાથજીને ઘણે દૂર જવાનું કહ્યું એ ઘણું અયોગ્ય કર્યું, પણ શ્રીજી સાથે એમને દૂર મોકલવામાં પોતાનો કેટલો વાંક છે એ બાદશાહ નક્કી કરી શક્યો નહિ અને તેથી એ સવિસ્તર જાણવાને માટે જનાનખાનામાંથી બહાર આવ્યો, એ વખતે

''આવીને વાકાનવેસ બળભદ્ર; ગોવિંદદાસ,
એ બંને જણ ઉભા હતા, તેણે સમે ત્યાં પાસ. ૩૩૭''

એમને બાદશાહે કહ્યું :

''દીક્ષિતને કયા કહ્યા, અરૂ મેં કયા કહ્યા કહ્યું એહ,
તેણે તે બહુ વૃત્તાંત કહ્યું, ઉત્તર પ્રત્યુત્તર તેહ. ૩૩૮
વાકાનવેસને ફરીય પૂછ્યું, દેશપતિએ આમ,
ઉનોને લીઆ કે મેં લીઆ વારાણસીકા નામ. ૩૩૯
તેણે કહ્યું નામ વારાણસીકા, લીઆ હજરત આપ,
હાં મેં લીઆ એમ ખેદ કરી, પામ્યો તે પશ્ચાત્તાપ. ૩૪૦
તે ગોકુલનાથ ગુંસાઈ, હમ પર ગુસેં ભયે તો નાહીં,
સો તો પાદશાહ જાનો, એણે એમ ઉત્તર દીધો ત્યાંહીં. ૩૪૧
તો ગામ છાંડ્યા અરૂ કરી વારાણસી નિરધાર,
નિરધારકી જાને કવન, લિખ તો દિયા તિહિ વાર. ૩૪૨

પછી સંન્યાસી પર કહ્યું, વે કછુ માનેગો ભલો હમારો,
તેણે કહ્યું યામેં ભલો, માનેગો કયો ન તુમ્હારો. ૩૪૩''

જહાંગીર જેવો બાદશાહ કે જેનું વચન ભલભલા ઉમરાવો પણ ઉથાપવા હિંમત કરી શકતા નહિ અને કદાપિ જો કોઈ કરે તો એને દેહાંત દંડ જેવી ત્રાસદાયક શિક્ષા કરતાં એ યત્કિંચિત્ પણ વિચાર કરતો નહિ, તે પણ આ વખતે જો કે શ્રીજીએ એનું વચન બિલકુલ પાળ્યું નહિ તોપણ કોઈ પણ રીતે એમની પ્રત્યે ગુસ્સે સરખો પણ થયો નહીં, એટલું જ નહિ, ઊલટું એમને પોતે ગોકુલ છોડી વારાણસી જવાનું કહ્યું એનો તથા પોતાની રીતભાતથી એમને ખોટું લાગ્યું નહિ હોય એનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આ પ્રભુનો પ્રતાપ તેમ કૃપા નહિ તો બીજું શું ? એ પ્રભુ માટે શું અશક્ય છે ?

શ્રીજીએ મુકામ પર આવ્યા પછી ઉપર્યુક્ત પ્રમાણે સ્વજનોને સર્વ હકીકત કહી સંભળાવી, એ ઉપરની ટીકાઓ સાંભળી, પછી સ્પર્શદોષથી સ્વચ્છ થવા સ્નાન સંધ્યા વગેરે કરી ભોજન કર્યું અને પછી સમય થયે પોઢ્યા. બીજે દિવસે બાદશાહ ત્યાંથી મૃગયા રમવા ગયો ત્યારે આપશ્રી આસફખાન પાસે વિદાયગીરી લેવા પધાર્યા. ત્યારે ખાને નીચું જોઈ કહ્યું કે,

''મેરે રહે તે ઘર તુમારા છુટા કહ્યા તે આપ,
એમ કહીયને કરવા તે લાગ્યા ઘણુંય પશ્ચાત્તાપ. ૩૫૫
શ્રીજીએ કહ્યું એસી ક્યોં કહત હો, યામેં દોષ નહિ તુમ્હારો,
એ કેતીક બાત હેં, જો રહ્યો હે ધર્મ હમારો. ૩૫૬
હમ તો જીતે જાત હેં, પે એક કહ્યો તુમસું ચાહિયે,
વારાણસી હમ જોએંગેં, અરૂ આવેગો ઓઉ ઉહાંહિયે. ૩૫૭
તબ ફેરીકે જંજાલ હોઈગો, રહ્યો વારાણસી માંહીં,
વે કછુ ઉપાધિ કિયે વિના, રહેગો કબહુ નાહીં. ૩૫૮
તાતે સોરમ રહિયે તો ભલો, ત્યારે ખાને કહ્યું તેણી વાર,
પાદશાહ તો તુમસુ તબ હી, એસે કહ્યો નિરધાર. ૩૫૯
જે જ્યાંહાં તુમારી ઈચ્છા હોવે, તાંહાં રહો અપુને ભાએ,
તો ભલા અબ તો તુમ ચલો, કરૂંગો મેં સમયો પાય. ૩૬૦
પાદશાહ ન જાનિયે આવે કબ, એક મનીસ છોડો આંહાં,
પાદશાહસું કહી લિખ્યા મેં, કરવાએ દેઉંગો ત્યાંહાં. ૩૬૧''

તેથી સોરમ જઈને રહેવાની પરવાનગી મેળવવાને માટે શ્રીજીએ અનંતદાસને કાશ્મીરમાં રાખવાનું નક્કી કર્યું અને પછી આસફખાનની વિદાયગીરી માગી.

''ત્યારે ખાને આશિષ દીધી, કર જોડી શીષ નમાય,
કહ્યું જે તુમકૂ તુમારા, કૃષ્ણ હોઉ સહાય. ૩૬૩''

આસફખાનથી વિદાય થઈ શ્રીજી મુકુંદદાસને મળ્યા અને ત્યાંથી મુકામે પધાર્યા. પછી આશ્વિન વદિ ત્રીજે શ્રીગોકુલ પધારવાનો વિચાર કરવા લાગ્યા;

એવામાં વડોદરાનો એક પરમાનંદ જાની નામનો જોશી જે જ્ઞાતે ઔદીચ્ય બ્રાહ્મણ હતો અને ત્યાં ખાનજાહની જન્મોત્રી કરવા આવ્યો હતો તે આવ્યો. એણે શ્રીજીને વિનંતી કરી કે આપ આટલે છેટે આવ્યા છો તો હું આપને જે મુહૂર્ત આપું તે દિવસે આપ અત્રેથી વિજય કરો, ત્યારે શ્રીજીએ કહ્યું : અમે શ્રીગોકુલથી ઝટ આવવા અમૃત ઘટિકા જોઈ નીકળ્યા હતા અને અત્રેથી પણ એ જ પ્રમાણે અમૃતઘટિકા જોઈ નીકળવાનો વિચાર છે, કારણ કે અમારે જેમ બને તેમ તાકીદથી પાછા જવું છે. ત્યારે જોશીએ કહ્યું કે આપને ગ્રહ, નક્ષત્ર વગેરેનો વિચાર કરીને કહું છું કે આપ હું આપું એ મુહૂર્તે અહીંથી પધારો, તેથી ટીપણું જોઈ,

''શુભ કાલ ઘટિકા દશમે દશમીની પહેલી રાત,
પ્રસ્થાનનું મુહૂર્ત ધર્યું નિશ્ચે કરી એ વાત. ૩૮૭''

વ્રજ :

શ્રીજીએ પણ એનું વચન માન્ય રાખ્યું અને આશ્વિન કૃષ્ણ ૧૦ ના રોજ કાશ્મીરથી વિજય કરવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે શ્રીજીને કાશ્મીરમાં સાત દિવસ વધારે રોકાવાનું ઠર્યું તેથી ત્યાંના વૈષ્ણવો આનંદ પામ્યા અને ઉપરાઉપરી પધરામણીઓ ચાલવા માંડી અને ઘણા લોકોએ સેવા તથા દર્શનાદિકનો લાભ મેળવ્યો.

''એણે પ્રકારે સ્થળ ઘણે પધાર્યા વૈષ્ણવ કેરે ઘેર,
જે દિવસથી કાશ્મીર આવ્યા, તે દિવસથી એણી પેર. ૩૮૯''

નૂરમહોલનો દીવાન દુર્ગાદાસ કાયસ્થ પણ રોજ પાલખીમાં બેસી રાત્રે દર્શન કરવા આવતો અને મુકામ પાસે આવતાં પાલખીમાંથી ઊતરી પડતો. એક દિવસે આપશ્રીની પાસે ઘણા વૈષ્ણવોને જોઈ દુર્ગાદાસે પૂછ્યુંઃ આ વૈષ્ણવો ક્યાંના છે ?

''ત્યારે કહ્યું જે એ હમારે વૈષ્ણવ હાથે કરી દેખાએ.'' એ બધા ગુજરાતના છે અને અમારી સાથે આવ્યા છે. એ સાંભળી દુર્ગાદાસ ચક્તિ થતાં બોલ્યો : અહીં તો પંચહજારી જેવો અમલદાર પણ દસ માણસથી વધુ પોતાની સાથે રાખતો નથી તો આપે આટલા માણસોને સાથે લાવી એવડો મોટો ભારે ખર્ચ શા માટે કર્યો ? ત્યારે આપે કહ્યું કે એમનો ખર્ચ મારે આપવો પડતો નથી, એઓ સર્વ પોતાને ખર્ચે અમારી સાથે એમની મેળે જ આવ્યા છે. એ લોકો અમારી એક દમડી પણ લેતા નથી, એટલું જ નહિ, બીજા કોઈનું પણ કાંઈ લેતા નથી. આવા સ્વાશ્રયી એ અમારા ગુજરાતી વૈષ્ણવો છે.

એ સાંભળી દુર્ગાદાસે કહ્યું :

''વિશુદ્ધ અંતઃકરણ ગુજરાતી પ્રેમસહિત જેસો,
કોઈ હમારો પરદેશી નૈષ્ઠિક હોત નાહીંન તેસો. ૪૧૫''

ત્યારે શ્રીજી બોલ્યા કે

''ગુજરાતી હે નાલ શુદ્ધ પેં, પરદેશી નાલ શુદ્ધ નાહીં.
જો આરસી અરૂ તવા માંહીં તારતમ્ય હે જેસો,
તવા તો કિતનોહુ માંજિયે, પેં રહે જેસે કે તેસો. ૪૬૭

અરૂ આરસી મેલી ભઈ તબ નેક માંજી જ્યાંહીં,
જેસીકી તેસી ઝલમલે, સો નીકસી આવે ત્યાંહીં. ૪૬૮''

ક્યાં છે હાલ આવાં શુદ્ધ અંતઃકરણ અને ક્યાં છે હાલ આવો નિઃસ્વાર્થ સ્નેહ ? ક્યાં છે હાલ સ્વપ્રભુના ચરણારવિંદની સૌરભ અને મકરંદના લોભી ભ્રમરો ? ક્યાં છે હાલ સૌભાગ્યરસમત્ત માતંગો ? પ્રિય વૈષ્ણવ બંધુઓ ! હાલ આપણને પ્રશ્ન થાય છે : શ્રીમદ્‌વલ્લભાચાર્યજી, શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલેશજીના સેવકોનો જે પ્રભાવ આપણે સાંભળીએ છીએ તે હાલ કેમ જોવામાં આવતો નથી તથા જે લાભ એમને મળ્યા તે આપણને કેમ મળતા નથી ? પરંતુ જો આપણે આપણી જાતને જ તપાસીશું તો જણાશે કે જે ગુજરાતી વૈષ્ણવોને-આપણા પૂર્વજોને-શ્રીજીએ શ્રીમુખે આરસી જેવા શુદ્ધ અંતઃકરણવાળા કહ્યા છે તેમની સરખામણીમાં આપણાં હૃદય કેવાં મલિન અને જડ છે એ જણાશે અને પછી આપણા પ્રશ્નનો વધુ ખુલાસો મેળવવાની જરૂર પડશે નહિ. આપણી હાલની કૃતિ અને રીતિ તથા આચાર અને વિચાર સર્વ વાતથી આપણે આપણા એ ભાઈઓના નામને (ગુજરાતી વૈષ્ણવ) એબ લગાડીએ છીએ, આટલું છતાં પણ આપણા પુષ્ટિપ્રભુ નેક સંમુખતા પ્રાપ્ત થતાં આપણી કૃતિ સામું જોયા સિવાય આપણને પાળે છે અને બાળકની માફક પોષે છે. એમની કૃપાનું શું કહેવું ? પણ હવે એ પ્રભુ આપણામાં આપણને (ગુજરાતી નામને) યોગ્ય વિશુદ્ધ અંતઃકરણ અને સ્વાભાવિક પ્રેમનું દાન ક્યારે કરશે ?

ગુજરાતી વૈષ્ણવોનાં શ્રીમુખે કરેલા વખાણ સાંભળી પુરુષોત્તમદાસ મહેરાને દ્વેષ થયો અને તેથી એણે કહ્યું :

''તેણે કહ્યું, આરસી નિર્મલ હે, લાંછન હોત હે માંહાં,
શ્રીજીએ દૃષ્ટાંત કરી, સિદ્ધાંત કહ્યું ત્યાંહાં. ૪૨૦
જે તારે અનંતેક હોત હે, અરૂ તાકુ લાંછન નાંહીં,
તોઉ ઉનતે અંધકાર, સો કેસેઉ નહિ જાહીં. ૪૨૧
અરૂ ચંદ્રમાકુ જદપિ લાંછન હોત હે જો સોઈ,
તદપિં વે અંધકારકૂં તો, દૂરિ કરત હેં આંહીં. ૪૨૨
તો લાંછન તે કહા ભયો, એમ કહ્યું પ્રકટ પ્રકાશ,
એ સાંભળીને પ્રસન્ન થયા, ઘણુંએક ત્યાં દુર્ગાદાસ. ૪૨૩''

અને એ દ્વારા શ્રીજીએ બતાવ્યું કે પ્રભુ તો ભક્તોના ગુણગ્રાહી છે. જો એક પણ ગુણ પૂર્ણ હોય તો પ્રભુ સર્વ દુર્ગુણોને માફ કરે છે, કારણ કે જીવમાત્ર દોષવાન છે, એ કેવળ દોષમુક્ત હોય જ નહિ, માટે પ્રભુ એના ગુણને જ ધ્યાનમાં રાખે છે અને જો મનુષ્યો પણ એ ન્યાયને અનુસરે તો ઘણા દોષોમાંથી (પરની નિંદા) બચી શકે.

આગળ જણાવ્યા પ્રમાણે કાશ્મીરના વૈષ્ણવોએ શ્રીજીની સારી સેવા કરી, એટલું જ નહિ, એ પ્રભુનો પ્રતાપ જ એવો હતો કે પોતે ત્યાં બિરાજ્યા તે દરમ્યાન ઘણા મુઘલ અમલદારો પણ નિયમિત રીતે આપનાં દર્શન માટે આવતા તથા આપને સુખી

કરવા બનતું કરતા.

આ અમલદારોમાંનો એક એરાદતખાન હતો એ જ્યારે જ્યારે બાદશાહ પાસેથી પોતાના મુકામે જતો ત્યારે શ્રીજીના ડેરા પાસે આવી નીચેથી ધ્યાનદાસની સાથે આપશ્રીને પોતાની દુઆ પહોંચડાવતો અને પ્રભુ પણ એ વખતે બહાર આવી એને આશીર્વાદ આપતા.

કાશ્મીરમાં વૈષ્ણવો તેમજ ઇતર જનોએ જે ભેટો આપને અર્પણ કરી તેમાં ત્યાંના એક પંડિત તરફથી "વિષ્ણુધર્મોત્તર" અને "વ્યાકરણસાર" એ બે પુસ્તકો હતાં. એ પંડિત નિરંતર આપની સાથે જ્ઞાનચર્ચા કરવા આવતો અને એમાં અરસપરસ આનંદ મળતો.

કાશ્મીર વિશે બોલતાં એક વખતે શ્રીમુખે આપે કહ્યું હતું કે

"ઉહાં વિદ્યા તો હે બોહોત, પેં નાહી કછુ આચાર,
બ્રાહ્મણ અરૂ નામ મલેછ, કે અરૂ તેસોઈ વહેવાર. ૪૩૬"

ત્યાં જે વૈષ્ણવો બોહોડા શેઠને ત્યાં ઊતર્યા હતા તેમની એણે બહુ સારી સેવા કરી.

"જે કો દેશને દોષે કરી, અને શરીર ભોગ નિમિત્ત,
અસ્વાસ્થ્ય જેહ પડ્યા હતા, તેને કહ્યું એણી પેરે નિત્ય. ૪૪૩
ઔષધ પથ્ય ને જે જોઈએ, તે દીધું સિદ્ધ,
વૈષ્ણવની સેવા જોઈને, પ્રસન્ન થયા મહાનિધ્ય. ૪૪૪"

નવમીએ શેઠે શ્રીજીને પોતાને ત્યાં પધરાવ્યા, ભેટ પહેરામણી કરી, મેવા લઈ આગળ ધર્યા, એ સંબંધમાં શ્રીમુખે કહ્યું છે કે

"મેરે આગે લે મેવા ધર્યો, પેં લિયો જાયે નાહીં,
દાખ તો માનો ચૂક, મેહેલી મેં એક મુખ માંહી. ૪૪૭
તેસી કે તેસી ડાર દીની, દંત દાબત માંહાં,
હાથમાં જો લઈ હુતી, સો મેહેલી જ્યાંહાંકી ત્યાંહાં. ૪૪૮"

પછી શ્રીજી એ દિવસે એને ત્યાં જ બિરાજ્યા અને રાતે ત્યાં જ પોઢ્યા. એ જ ભક્તજનોની સેવાનું ફળ ! બીજે દિવસે વિજય કરવાનું હતું ત્યારે રામશાહે આવી વિનંતી કરી : આપ પધારો છો ને હું દુઃખી છું, શું મને છોડીને જશો ? એનાં આવાં પ્રેમાળ વચનો સાંભળી પ્રેમે પ્રભુ બોલ્યા :

"કહ્યું તોકૂં છાંડે જાયગે, તો લે જાયગે કહા પાછે,
છાંડનો હમારે કોઉ નાહીં, સબકૂં લે જાયગે આછે. ૪૫૩
હમારે કબહુ છાંડનો નાહીં, માર્ગમાં આયો જેહ,
તો છોડેગે ક્યો યાહી, હમોજે સંગ લીએ હે એહ. ૪૫૪"

પછી બહોડા શેઠને વૈષ્ણવો માટે ઘોડા ખરીદી લાવવા કહ્યું, પણ એણે કહ્યું કે બાદશાહની મનાઈ છે તેથી પૈસા આપતાં ઘોડા મળશે નહિ, તેથી હું એમને હાથી ઉપર બેસાડી લઈશ. પછી શ્રીજી વૈષ્ણવો રસોઈ કરતા હતા ત્યાં પધાર્યા અને એમને

પૂછ્યું :

''કહ્યું : ક્યારે ઠાકુર આરોગે, ત્યારે બોલ્યા ત્યાંહાં હરિદાસ,
નાજી આરોગેંગે હવે, એ પધારે હે પાસ. ૪૫૯
પછી પ્રથમ રાત ઘડી દશે, કર્યો વિજય ઊલટભેર,
દશમી સોમે પ્રસ્થાન કર્યું, હરિદાસ તોંવાર ઘેર. ૪૬૦
એકાદશીની અપર રાત્રે, નિપટ ઊઠ્યા વેગ,
ત્યાંહાં અટકના ને કાશ્મીરના, વૈષ્ણવ આવ્યા ભેગ. ૪૬૧
અને લોક રાણા રાજસી, તેહનો નહિ કાંઈ પાર,
જે કોય આવ્યા તેહની, કીધી તે અતિ મનુહાર. ૪૬૨''
પ્રસાદ બીડાં વસ્ત્ર આપી, વિદાય કર્યા તેણી વાર,
પોતે તે પ્રસન્ન થઈ, અશ્વે થયા અસવાર. ૪૬૩
સર્વકો સર્વત્ર જ્યાં ત્યાં, કરે જેજેકાર,
એણે પ્રકારે જગત જશ, લઈને પ્રાણના આધાર.
પરમ મુદિત પ્રસન્નતાસૂં અજિત આત્મારામ,
અપરાજિતને જીતી વાહાલે, વિજય કર્યો તે ઠામ. ૪૬૫''

આ પ્રમાણે આનંદથી ધારેલી ધારણા પાર પાડી, માલા અને ધર્મનો વિજય કરી શ્રીજીએ કાશ્મીર છોડ્યું અને ૨૮ મજલમાં ૬૦ મુકામ કરી આપશ્રી શ્રીગોકુલ પાછા પધાર્યા.

૧૨. કાશ્મીરથી શ્રીગોકુલ

અનુભવ :

કાશ્મીરથી શ્રીજી નીકળ્યા એ દિવસે આગ્રામાં એક વૈષ્ણવને અનુભવ થયો કે પોતે દિગ્વિજય કરી પધારે છે. એણે એ દિવસ લખી રાખ્યો અને પાછળથી ખબર આવતાં માલૂમ પડ્યું કે એને જે દિવસે અનુભવ થયો હતો તે જ દિવસે શ્રીજી નીકળ્યા હતા.

એતન્માર્ગમાં આવા અનુભવ વિશે કાંઈ પણ કહેવું યોગ્ય નથી, કારણ કે માર્ગાવલંબી સર્વ ભાઈઓને એ વિશે પ્રભુકૃપાથી થોડો કે ઘણો જાતિ - અનુભવ થયો હશે અને ઇતર માણસો પણ જો જ્ઞાની અને બુદ્ધિશાળી હશે તો એમને પણ એની સત્યતામાં વાંધો ઉઠાવવો મુશ્કેલ થશે. કદાચ કોઈ અનિવાર્ય કારણને લીધે આવી બાબતોમાં કેટલાકને વિશ્વાસ ન પડે તો એવાઓને એની સાબિતી આપવી યા સમજાવવા પ્રયત્ન કરવો એ વ્યર્થ છે, કારણ કે એ કેવળ સામાન્ય બુદ્ધિનો વિષય નથી, શ્રદ્ધા ને ભાવનાનો છે.

કાશ્મીરથી માર્ગમાં આવતાં ચિનાબ નદી પર વૃક્ષોના કોતરમાં એક ખાટ ઢાળેલી જોઈ અને એની પાછળ રસોઈ થતી હતી. એ જોઈ શ્રીજીએ વૃક્ષની પ્રશંસા કરી અને કહ્યું કે બડો આશ્ચર્ય ! ત્યાંથી રામુની સરાહે આવી ડેરા કર્યા અને પછી હીરપોર થઈ અરાડીભરાડી પધાર્યા.

દામોદરદાસ :

શ્રીજીના કાશ્મીર પધાર્યાના સમાચાર ૧૭ દિવસોમાં સંપૂર્ણ ગુજરાતમાં ફેલાઈ ગયા હતા અને કેટલાક મહાનુભાવી ભગવદીયોએ તો પ્રસ્થાનને જ દિવસે અનુભવ દ્વારા સર્વ સમાચાર જાણ્યા હતા. ભરૂચના નાથાભાઈનો ભાણેજ દામોદરદાસ, જેના ઉપર શ્રીજીની પૂર્ણ કૃપા હતી, તેણે દાદાજીના પુત્ર વેણીદાસની આગળ પોતાનો અનુભવ પ્રકટ કર્યો કે,

''જે શ્રીગોકુલમાંહાં મહા વિગ્રહ, ઉપજે છે એવું મન,
પ્રાયે શ્રીજી શ્રીગોકુલથી, બિરાજે છે ક્યાંહું અન્ય. ૪૦''

એમણે એ દિવસ લખી રાખ્યો અને પછી ૧૭ દિવસે રાજનગર ખબર આવી કે શ્રીજી કાશ્મીર પધાર્યા છે. આવી રીતે સંપૂર્ણ ગુજરાતમાં સર્વને કોઈ ને કોઈ રીતે ખબર પડી અને એ સૃષ્ટિ ગુજરાત- પ્રસંગમાં જણાવ્યું છે એમ રસવિલાસી હોવાથી યથાધિકાર સૌને દુઃખ થયું.

ગુજરાતી વૈષ્ણવોનો કલેશ :

''વરણભેદે સ્ત્રી પુરુષને, અતિ આરતજુત પ્રકટ્યો કલેશ. ૪૩
તે કલેશ-ગ્રસિત થકાં સર્વે, સર્વ ત્યાગ કર્યાં સુખભોગ,
તે અવસ્થા કેહની કેહની કહિયે વિપ્રયોગ. ૪૪''

માધવદાસ :

માધવદાસ સુલતાનપરિયાએ તો સાંભળ્યું ત્યારથી અન્નજલનો ત્યાગ કર્યો અને રાત્રે સૂતો ત્યારે પણ કોઈ પાસે જલ માગ્યું નહિ. એનો કલેશ શ્રીજી સહન કરી શક્યા નહિ અને તેથી પોતે સ્વપ્નમાં એને આજ્ઞા કરી કે,

''જે અરે તૂ કછુ ચિંતા મતિ કરી, હમ કાલી દિગ્વિજય કરીકે,
કુશલ સબ સંગ સહિત, વેગહી આવતહેં ફીરી કે. ૫૧''

પછી :

''ગડુઓ લેઈ આપ્યો કરમાંહે, એ લે, કર જલપાન,
તેણે જલ લીધું તે સ્વાસ્થ્ય સદ્ય થૈ એવા કૃપાનિધાન. ૫૨''

હરિદાસ :

કરેટીના હરિદાસ બુચઈએ સમાચાર જાણ્યા ત્યારથી સખડીનો ત્યાગ કર્યો. રાતે એઓ ધાણી-ચણા લઈ રહેતા અને ભૂમિમાં શયન કરતા. એમણે જ્યારે શ્રીજીનાં દર્શન કર્યાં ત્યારે જ વસ્ત્ર પલટ્યાં અને નખ ઉતરાવ્યા.

આવી રીતે ગુજરાતની સર્વસૃષ્ટિ-રસમયસૃષ્ટિ વિરહ-અવસ્થા ભોગવવા લાગી. એમાંથી જે રહી શક્યાં નહિ એઓ તો સમાચાર સાંભળતાં શ્રીગોકુલ ગયાં, પણ ત્યાં શ્રીજીએ એમને સાથે જવા ના પાડી. અત્રે કોઈ કહેશે : સ્ત્રીઓ તો સાથે જઈ શકે નહિ, પણ પુરુષોને સાથે કેમ ન લીધા ? એમને નાહકના શા માટે પ્રભુએ દુઃખી કર્યા ? એનું કારણ તો એટલું જ હતું કે,

''કોને સાથે તેડવાની ઇચ્છા પ્રભુને નહીંય. ૮૧''

કારણ કે એમને વિરહ-અનુભવ કરાવવો હતો, આથી જેમને શ્રીજીએ વિરહનું દાન દેવા વિચાર્યું હતું તેઓમાંથી કેટલાકને તો ત્યાં જવા ઇચ્છા પણ થઈ નહિ અને કેટલાક જવા નીકળ્યા એ પણ શ્રીગોકુલથી આગળ જઈ શક્યા નહિ. જેમાં ભગવદિચ્છા ન હોય તે જીવ પ્રયત્નથી બની શકે જ નહિ, કાંઈ ને કાંઈ વિઘ્ન આવે. (વળી જલેસરથી પણ કેટલાકને આપે પાછા કાઢ્યા હતા.)

શ્રીગોપાલલાલ અને શ્રીદેવકીનંદનજી :

શ્રીજી કાશ્મીર પધાર્યા ત્યારે શ્રીગોપાલલાલજી અને શ્રીદેવકીનંદનજી ગુજરાતમાં હતા. શ્રીગોપાલલાલજી હાલારમાં હતા અને શ્રીદેવકીનંદનજી તાપીપોરમાં હતા. શ્રીજીના કાશ્મીર પધાર્યાના સમાચાર રાજનગરથી મળતાં શ્રીગોપાલલાલજીએ શ્રીદેવકીનંદનજીને પત્ર લખ્યો કે કાકાજી કાશ્મીર પધાર્યા છે ને હું એમની પાછળ જાઉં છું, તમારે ઉચિત હોય એ કરજો. જ્યારે આ પત્ર મળ્યો ત્યારે શ્રીદેવકીનંદનજી ભોજન કરવા માટે તૈયાર થયા હતા. એ આ પત્ર વાંચતાંની સાથે જ ભોજન કર્યા

સિવાય વસ્ત્ર પહેરી ચાલી નીકળ્યા. પછી શ્રાવણ કૃષ્ણ ૬ ના રોજ શ્રીગોપાલલાલજી શ્રીગોકુલ પધાર્યા અને ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. શ્રીજીને પાછા આવતાં અરાડીભરાડીને મુકામે એમનો મેળાપ થયો.

એમને આવતા જોઈ શ્રીજી વ્રજના કુશલ સમાચાર પૂછવા આતુર થયા અને તેથી ન્યાલચંદભાઈ તથા ગણેશ પહોરુવાની મદદથી જલદી ઘાટી ઊતર્યા. પ્રથમ વ્રજના વિરહની આરત તો હતી, પણ દેખીને સ્મરણ થયું અને તેથી વિરહાગ્નિની મંદ જ્વાલા પ્રજ્વલિત થઈ સકલ અંગને બાળવા લાગી.

શ્રીજીનો વિરહાગ્નિ :

''પ્રથમ વ્રજના વિરહની આરતે, વ્યાકુલતા હતી અતીય,
અને દેખી સ્મરણ થયું, તેથી થઈ એવી ગતીય. ૧૦૪
એ અસાધારણ સુરતે કરી, સલગી તે વિરહાગ્ની,
તે વારંવાર આવે, છાતી ભરાઈ એણે લગ્ની. ૧૦૫''

પાસે આવતાં ''શ્રીગોપાલજીએ દંડવત્પ્રણામ કરી શ્રીજીના ચરણકમલમાં શીર્ષ ધર્યું.

''શ્રીજીએ કર ગ્રહી ઉઠાવી આલિંગન દીધું. ૧૦૬
શ્રીજી નેત્રાંબુજેથી ચાલ્યા પ્રવાહ, જલના તે ઉપરણો લૈય,
પૂછે તેમ તેમ અધિક પ્રગટે, આરતમૈય. ૧૦૭
એવી અવસ્થાએ એહ પ્રકારે, ગોપાલજીસું મલિયા,
ગદગદ વાણીએ પૂછ્યું, એહોના મનોરથ ફલિયા. ૧૦૮''

પછી કાકા અને ભત્રીજાએ એકબીજાને કાશ્મીર અને શ્રીગોકુલના સમાચાર કહી સંભળાવ્યા. પછી ત્યાં

''મેહ શિત વ્યાપે અતિશે, યથાકિંચિત્ કીધો પાક,
ભોજન કરી શક્યા નહિ પોતે, સહુ કોઈ રહ્યા વણપાક. ૧૧૭
પોતે સૂંઠ મીસરી ઘીસું મોહી, ઉષ્ણ કરીયને લીધું,
પટુ પહેર્યો સંધ્યા કીધી, એવું શીતે કીધું. ૧૧૮''

અત્રે એ વખતે ટાઢ એટલી બધી હતી કે કડુઓ જલ ભરવા ગયો એને શીત લાગી. એને છાતી પર શેક વગેરે ગરમાવો કર્યો ત્યારે શુદ્ધિ આવી. જેરામ ગાંધીને પણ અસ્વાસ્થ્ય થયું. એમણે એ વખતે જલ માગ્યું, પણ જલઘરિયાને આવતાં વાર થઈ તેથી શ્રીજીએ પોતાના ગહુઆમાંથી આગ્રહ કરીને આપ્યું.

આજ્ઞા :

જોકે એ સામગ્રી હતી માટે લેવાય નહિ તોપણ આજ્ઞા હતી એ જેરામ ગાંધીએ માની, કારણ કે સેવકનો શ્રેષ્ઠ ધર્મ એ જ છે કે સ્વામીની સર્વ આજ્ઞાનું એકદમ પાલન કરવું. આજ્ઞાને અધીન થવામાં ધર્માધર્મનો યા અન્ય કોઈ વિચાર કરવો એ સેવકને ઉચિત નથી. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પણ એમના ''अंतःकरणप्रबोध''નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે,

સિવાય વસ્ત્ર પહેરી ચાલી નીકળ્યા. પછી શ્રાવણ કૃષ્ણ ૬ ના રોજ શ્રીગોપાલલાલજી શ્રીગોકુલ પધાર્યા અને ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. શ્રીજીને પાછા આવતાં અરાડીભરાડીને મુકામે એમનો મેળાપ થયો.

એમને આવતા જોઈ શ્રીજી વ્રજના કુશલ સમાચાર પૂછવા આતુર થયા અને તેથી ન્યાલચંદભાઈ તથા ગણેશ પહોરુવાની મદદથી જલદી ઘાટી ઊતર્યા. પ્રથમ વ્રજના વિરહની આરત તો હતી, પણ દેખીને સ્મરણ થયું અને તેથી વિરહાગ્નિની મંદ જ્વાલા પ્રજ્વલિત થઈ સકલ અંગને બાળવા લાગી.

શ્રીજીનો વિરહાગ્નિ :

“પ્રથમ વ્રજના વિરહની આરતે, વ્યાકુલતા હતી અતીય,
અને દેખી સ્મરણ થયું, તેથી થઈ એવી ગતીય.
એ અસાધારણ સુરતે કરી, સલગી તે વિરહાગ્ની,
તે વારંવાર આવે, છાતી ભરાઈ એણે લગ્ની. ૧૦૫”

પાસે આવતાં “શ્રીગોપાલજીએ દંડવત્પ્રણામ કરી શ્રીજીના ચરણકમલમાં શીર્ષ ધર્યું.

“શ્રીજીએ કર ગ્રહી ઉઠાવી આલિંગન દીધું. ૧૦૬
શ્રીજી નેત્રાંબુજેથી ચાલ્યા પ્રવાહ, જલના તે ઉપરણો લૈય,
પૂછે તેમ તેમ અધિક પ્રગટે, આરતમૈય. ૧૦૭
એવી અવસ્થાએ એહ પ્રકારે, ગોપાલજીસું મલિયા,
ગદગદ વાણીએ પૂછ્યું, એહોના મનોરથ ફલિયા. ૧૦૮”

પછી કાકા અને ભત્રીજાએ એકબીજાને કાશ્મીર અને શ્રીગોકુલના સમાચાર કહી સંભળાવ્યા. પછી ત્યાં

“મેહ શિત વ્યાપે અતિશે, યથાકિંચિત્ કીધો પાક,
ભોજન કરી શક્યા નહિ પોતે, સહુ કોઈ રહ્યા વણપાક. ૧૧૭
પોતે સૂંઠ મીસરી ઘીસું મોહી, ઉષ્ણ કરીયને લીધું,
પટુ પહેર્યો સંધ્યા કીધી, એવું શીતે કીધું. ૧૧૮”

અત્રે એ વખતે ટાઢ એટલી બધી હતી કે કડુઓ જલ ભરવા ગયો એને શીત લાગી. એને છાતી પર શેક વગેરે ગરમાવો કર્યો ત્યારે શુદ્ધિ આવી. જેરામ ગાંધીને પણ અસ્વાસ્થ્ય થયું. એમણે એ વખતે જલ માગ્યું, પણ જલઘરિયાને આવતાં વાર થઈ તેથી શ્રીજીએ પોતાના ગડુઆમાંથી આગ્રહ કરીને આપ્યું.

આજ્ઞા :

જોકે એ સામગ્રી હતી માટે લેવાય નહિ તોપણ આજ્ઞા હતી એ જેરામ ગાંધીએ માની, કારણ કે સેવકનો શ્રેષ્ઠ ધર્મ એ જ છે કે સ્વામીની સર્વ આજ્ઞાનું એકદમ પાલન કરવું. આજ્ઞાને અધીન થવામાં ધર્માધર્મનો યા અન્ય કોઈ વિચાર કરવો એ સેવકને ઉચિત નથી. શ્રીમદ્વલ્લભાચાર્યજી પણ એમના “अंतःकरणप्रबोध”નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે,

आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् ।।४।।

અર્થ : (સેવકે) હમેશાં (સ્વામીની) આજ્ઞા જ પાળવી, નહિ તો સ્વામીનો દ્રોહ થાય.

પછી પીરપંજાલ ઊતરતાં જેરામ ગાંધીએ દેહ છોડ્યો એ વખતે

અંગીકૃત સામર્થ્ય :

''કેણે કહ્યું કદર્જ્યદેશે મેહેલી, અને ઉચિત થયું એહ. ૧૨૩
એ સાંભળીને શ્રીજી એમ બોલ્યા કરી અંગીકૃતનું અંગ,
કહા ભયો રે એ સ્થલ એસો, પૈં એ હુતો કાહૂકે સંગ. ૧૨૪
આ વચને કરીને સિદ્ધ કીધું, અંગીકૃત સામર્થ,
એ પ્રભુનાં આશ્રિતને, કાંઈ સાધન સું નહિ અર્થ. ૧૨૫
કોઉ સ્થલ કોઉ દેશ ભોમી, ઉત્તમ મધ્યમ કહીય,
શુચિ અણશુચિ અને કોઉ પ્રકારે એહને કાંઈ બાજે નહીંય. ૧૨૬''

શ્રીજીના અંગીકૃત ભગવદીયોને અન્ય સાધનોની જરૂર નથી એ વિશે ગોપાલદાસજી એક વધુ દૃષ્ટાંત આપે છે.

રઘુનાથદાસ :

એક સમયે પશ્ચિમ દેશમાં રઘુનાથદાસ દેશપતિની ચાકરીમાં હતા ને ગઢ સમરાવતા હતા. ત્યાં એક પંડિતે એમની મૈત્રી કરી અને આશા રાખી. એણે કહ્યું કે મારી પાસે શ્રીમદ્ભાગવત સુણીએ. ત્યારે રઘુનાથદાસે કહ્યું કે અવકાશ નથી. ત્યારે પંડિતે જ્ઞાનીપણાના હકમાં કહ્યું : અવકાશ કેમ નથી ? શેતરંજ સોગટાં ખેલતાં અવકાશ ઘણો મળે છે તો શ્રીભાગવત જેવી અમૂલ્ય વસ્તુ સાંભળવા માટે અવકાશ કેમ નથી ?

''ત્યારે રઘુનાથદાસે કહ્યું, તમો શ્રીભાગવતનો અર્થ
જાણ્યો નથી તો શું સાંભળીએ, તમો કનેથી વ્યર્થ. ૧૩૨
અને જો જાણો તો શ્લોક એકનો, અર્થ કહો સમજાવી,
તેણે કહ્યો પણ તે વાત કાંઈ, એઓને ચિત્ત નહિ આવી. ૧૩૩
પછી શ્રીજીએ કહેલો અર્થ, કહી સંભળાવ્યો,
તે પ્રસન્ન થયો પછી, ગોકુલ જઈ નામ પામ્યો. ૧૩૪''

ત્યાં જઈ એણે ચુહુડી[+]નો સંગ કર્યો ત્યાં જ દેહ છોડ્યો. શ્મશાનમાં એનું શબ બાળ્યું ત્યાં એક વૃક્ષ ઉપર બે પ્રેત રહેતા હતા એમને આ શબનો ધુમાડો પહોંચતાં એઓ પ્રેતયોનિમાંથી મુક્ત થઈ પાસે આવી ઊભા. એમને પાસના બે વટેમાર્ગુએ જોયા. એમણે જાણ્યું કે આ કોઈ મહાપુરુષ છે કે જેના શબના ધુમાડાથી પ્રેતની પ્રેતયોનિ છૂટી, તેથી એઓ આ મહાપુરુષની તપાસ કરવા શહેરમાં ગયા. ત્યાં માલૂમ પડ્યું કે એની કૃતિ ઘણી જ ખરાબ હતી, પરંતુ એ શ્રીજીનો સેવક હતો. શ્રીજીના શરણનો આવો પ્રભાવ જોઈ વટેમાર્ગુઓ શ્રીગોકુલ જઈ શરણે થયા.

[+] ચુહુડી = નીચ જાતની સ્ત્રી.

અરાડીભરાડની ઘાટી :

અરાડીભરાડીની ઘાટી ઊતરવી કેટલી કઠણ હતી એ વિશે શ્રીજીએ આપના હાસ્ય પ્રસંગમાં કહ્યું છે કે,

‘‘એસો કઠિન સ્થલ પાદશાહી મહોલે જે ઉતરે ઘાટી,
સો પાયે પયાદી બૈયર આવે, ઓર હાથમેં પકરે લાઠી. ૧૫૯
ચાદરકૂં શીષ પર ડારીકે, મોહો ખોલે ચલી આવે,
કહે કોઉ આયકેં હમપેં પકરો બાંહ હમારી. ૧૬૦
સો હમારે કોઉ કોઉ વૈષ્ણવને હાથ ખેંચીકે ઉતારી. ૧૬૧
તબ ખોજા બોજા સહેહી રહે ઠોર કે ઠોર ઉહાંહી,
નાતર વે હરામજાદે કાહુ ફટકન દેવે તાંહી. ૧૬૨
પેં ઉહાં કોઉકો ચલે નહિ, કયાંહું કરો કોઉ કેસે,
સો એક હમારે મહાવિયા હુતો, વે કહેને લાગ્યો એસે. ૧૬૩
ભલા ભયા ભલું થયું જે કાશ્મીર આવ્યા સાથ,
નહિ તો પાદશાહની બયરનો કયાંથી સહાતા હાથ. ૧૬૪
આડે પાસે નીચે ખોહ તે જોતાં તિમિર આવે,
કેમ કેમ ડગલું ભરીએ, પણ મનમાં ધીરજ નાવે. ૧૬૭
એવી વસમી ઘાટીય સુખસું ઉતરી સુખ દીધું,
રક્ષાનું કારણ પ્રભુએ મોડેથી સૂચન કીધું. ૧૬૮’’

ખાનજમા :

ભરાડીથી પીરપંજાલ, પોસાન, રતન, રતનપંજા ઊતરી છઠ્ઠી મજલે રાત્રે થાને પધાર્યા. ત્યાં એક સ્થળે ખાનજમા નામનો એક સરદાર, જેણે બાદશાહના હુકમથી સ્ત્રીઓની માફક નાકછેદાવી વાળી પહેરી હતી તે, બેઠો હતો. શ્રીજીના પધાર્યાનું સાંભળી એ પોતાના માણસોને કહેવા લાગ્યો કે,

‘‘દેખો ભાઈ અકીદા ઈનકા, જો એક માલાકે લીને,
કેસે કેસે ઘર ઈનકે, સો તબહીં છાંડીકે દીને. ૧૭૪’’

બીજે દિવસે શ્રીજી પધાર્યા ત્યારે એ માર્ગમાં મળ્યો. એને આશીર્વાદ આપવા શ્રીજીએ સુખપાલમાંથી ઊતરવા માંડ્યું ત્યારે એણે કહ્યું

‘‘ત્યાહાં ગોસાંઈ ! નહિ અહીંય. ૧૮૦
ઉતરો મત બેઠે રહો તુમ, કહ્યું કરી મરજાદ,
પછી રૂપિયો શ્રીફલ આપીને દીધો આશીર્વાદ. ૧૮૧
પણ તેણે શ્રીફલ રાખી રૂપિયો પાછો આપ્યો.’’

ગુજરાતના સેવક :

થાનેથી જોર આવી શ્રીજીએ મુકામ કર્યો ત્યાં નૂર મહોલનાં આભૂષણ રાખનાર ખોજા દીનારે વૈષ્ણવોને પૂછ્યું : તમે કોણ છો ? એના ઉત્તરમાં એઓએ કહ્યું કે અમે ગુજરાતના છીએ અને શ્રીગોકુલનાથજીની જોડે આવ્યા છીએ. ત્યારે ખોજાએ

જોડે આવવાનું કારણ પૂછતાં એઓએ કહ્યું કે અમે એમના સેવક છીએ. ત્યારે એણે કહ્યું કે તમને સર્વને ખાવા રોટી એઓ આપે છે ? ત્યારે એમણે કહ્યું

“હમારે જો કછુ હે સો ઈનકો હે, એમ કહ્યું જ્યારે,
ભલે ભલે તુમ આછે સેવક, મેં સમજ્યો તેસૂય ત્યારે. ૧૯૧”

પછી એણે શ્રીજીને કહ્યું : તમારે સેવક તો ઘણા છે, પણ જે તમારી સાથે છે

“ઈનકો કછુ અધિક કરિયો, તે પ્રસન્ન થયા સુણી એહ,
મુસકાઈને એમ બોલ્યા, જે યામાં કહા સંદેહ. ૧૯૪”

ગઢવી :

પછી ચિગસનોસરે થઈ ભંભેર મુકામ કર્યો. અહીં પર્વતનો વિકટ માર્ગ પૂરો થતાં સર્વ પ્રસન્ન થયા. અત્રે અમદાવાદથી ગઢવી આવી મળ્યા. દૂરથી શ્રીજીનાં દર્શન થતાં એમના નેત્રમાં હર્ષાશ્રુની ધારાઓ છૂટી અને દંડવત્પ્રણામ કરતા કરતા બોલવા લાગ્યા :

“મહારાજ મહારાજ વલ્લભદેવ, જલહલત બ્રહ્મ જેહ,
ભામણે ભામણે જાઉં દેખતા કયા કહ્યું એહ. ૧૯૮
એમ કહીને કહ્યો દુહો સોરઠી, જે દીઠે લાગી દાહ,
આગે અણદીઠા તણી તે, મન રહ્યું તન માંહ. ૧૯૯
ધગધગતું ધન રાજિયા, કહી દુહા કહ્યા અનેક,
બીજાં કવિત્ત કહ્યાં ઘણાં, તે ક્યાં લગી કહું વિવેક. ૨૦૦”

શ્રીગોકુલના સમાચાર :

અત્રે શ્રીજીએ ડાઢી ઉતરાવી ભોજન કર્યું, એટલામાં શ્રીગોકુલથી કુશળ સમાચાર આવ્યા. સંધિયા દોહરાએ શ્રીકરમાં પત્ર મૂક્યો, પણ એ વાંચતા પહેલાં મોઢેથી સમાચાર પૂછ્યા ત્યારે એણે કહ્યું કે શ્રીવિઠ્ઠલરાયજીને ત્યાં શ્રીયમુના બેટીજીનો જન્મ થયો છે. ત્યારે શ્રીજીએ કહ્યું કે બેટી ભઈ તો કહા ભયો ? સબ કુશળ ચાહિયે. પછી શ્રીજીએ પૂછ્યું : તારી સાથે કોઈ છે કે તું એકલો જ છે ? ત્યારે એણે કહ્યું કે ગુજરાતથી હરિભાઈ અને ભગવાનદાસ આવ્યા છે. આથી શ્રીજી સમજ્યા કે એ અત્રે આવ્યા છે, પણ એ તો શ્રીગોકુલ હતા તેથી વૈષ્ણવોનાં દર્શન માટે થયેલા શ્રીજીનો ઉમંગ નરમ પડ્યો. પછી પત્ર વાંચી શાંત થયા.

ગુજરાતીનો પક્ષપાત :

શ્રીજીને વૈષ્ણવોના મિલાપની-અને ખાસ કરી ગુજરાતી વૈષ્ણવોની-એવી ચાહ રહેતી કે પ્રથમ જ્યારે વિજય કર્યો ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું કે આ ગુજરાતી ભીડ કરવા શા માટે આવે છે ? એમનું શું કામ છે ? એમને કહો કે પાછા જાય. હમણાં થોડે સુધી તો ઘણા આવશે, પણ પછીથી દુઃખ પડશે એટલે ભાગી જશે. ત્યારે ગુજરાતીનો પક્ષપાત કરી આપ બોલ્યા :

"સંગ ઓર નિવાહ કિયેકૂં ગુજરાતી હે જેસે. ૨૧૬
ગુજરાતી સો ઓર કોઉ નાહીં, સંગ નિવાહન કાજ,
કેવો પક્ષપાત કરી બોલ્યા, શ્રી મહારાજ. ૨૧૭"

વિસરામની વધાઈ :

પછી વિસરામે વિનંતી કરી કે રાજ, પત્ર લખી આપો તો હું શ્રીગોકુલ વધાઈ લઈ જાઉં, જેથી મારા પર અધિકારીજી અપ્રસન્ન છે એ કાંઈ કહે નહિ. ત્યારે

શ્રીજીએ કહ્યું :

"વે કહારે ? તું હે સંગ હમારે. ૨૧૯"

અહીંથી શું વધાઈ લઈ જઈશ ? અમારાથી કેટલો વેગે પહોંચીશ ? પછી વાહિની ભાડે કરી સામગ્રી ભરવા કહ્યું અને આશ્વિન સુદિ ૭ ના રોજ ભંભેરથી વિજય કર્યો.

શ્યામદાસનો પત્ર :

તાપીપોરમાં શ્રીજીના કાશ્મીર પધાર્યાના સમાચાર મળ્યા ત્યારે વધુ ખબર લેવા કેટલાક વૈષ્ણવોને મોકલ્યા હતા. એઓ વિનંતીપત્ર લઈ શ્રીજીને અત્રે મળ્યા. પત્રમાં શ્યામદાસના હસ્તાક્ષર જોઈ શ્રીજી પ્રસન્ન થયા.

"તે ઘણું પ્રસન્ન થઈ ફૂલસું વાંચીને, એમ કહે વારંવાર,
હમારે વૈષ્ણવને મનુષ્ય પઠાયે, લેને યહાં સમાચાર. ૨૨૭"

આવેલાઓને શ્રીજીએ પૂછ્યું : ત્યાં સમાચાર કોણે કહ્યા ? ત્યારે વૈષ્ણવે કહ્યું કે આગ્રેથી ખાનખાના પર પત્ર આવ્યો હતો તેથી એના દીવાન સુંદરદાસે માલાના મામલે રાજના કાશ્મીર પધાર્યાના સમાચાર કહ્યા તેથી

"વૈષ્ણવે હમ તુમ પાસ ઈડાયે, જો રાજકી ચીઠી પૈયે,
ઉનકૂં ચિંતા બહોત ભઈ, વેગ હી હમ ફીરી જૈયે. ૨૩૦"

મનને વેગે કામ કરી કુશલ સમાચાર લાવવા બદલ ઈનામ આપવા કહ્યું ને એ પછી શ્રીજીએ નીચે પ્રમાણે પત્ર લખી આપ્યો :

શ્રીજીનો પત્ર :

"સ્વસ્તિ શ્રીવલ્લભના ત્રિકમદાસ વેણીદાસ. ૨૩૨
કૃષ્ણદાસ તારા શેઠ શ્યામદાસ પ્રભુની શુભ આશીષ,
શમિહ ભવતામાશાસ્મહે, અપરં ચ લખ્યું વ્રજાધીશ. ૨૩૩
સદા શ્રીકૃષ્ણ સ્મર્તવ્ય, કિંચ હમ અપુને સુધર્મ સહિત,
યથારથ જે કછુ હતો કર્તવ્ય સો ઉત્તર કવે વિહિત. ૨૩૪
સો ઉત્તર કરી કે અતિ સનમાનસું ફિરિ આયે હે હમ,
હમારી દિશતે કોઈ ભાંતિક ચિંતા મતિ કરિયો તુમ. ૨૩૫
એક અંશ અણુમાત્ર કબહૂ, તુમ કછુ ચિંતા મતિ કરિયો,
અપની ઓર પ્રસન્ન હોય કે મનમાં ધીરજ ધરિયો. ૨૩૬

તુમારે પત્રતેં અતિ સુખ પાયો કિમધિકં સંતોષ,
પત્ર પ્રસાદ આપીને વિદાય કર્યા રસનાએ રસપોખ. ૨૩૭
પત્ર તાપીપોર પહોંચવા ત્યાં ભારે ઉત્સવ થઈ રહ્યા.''

ગોપાલભાઈ :

દોલતનગરથી સાથ અને ગુજરાત થઈ શ્રીજીનો મુકામ ચિમાખડગ થયો ત્યાં ચિનાબ નદી ઊતરી ચાંદણ ગામમાં ગોપાલભાઈ સુતારે દેહ મૂક્યો. જ્યારે શ્રીજીએ એનું અસ્વાસ્થ્ય સાંભળ્યું ત્યારે કહ્યું :

''ઇનકી સેવા નીકે કરિયો, અરૂ બહોતેક ઉપચાર. ૨૪૫
ડોલી કરી મનુષ્યકૂં રાખો, એ મતિ કછુ દુઃખ પાવે,
એસી ભાંતિ કરો જો એ, પાછેથેં સુખુસૂં આવે. ૨૪૬''

ત્યાંથી એમનાબાદમાં ગોપાલદાસે પધરાવ્યા ને સજ્યા સમર્પી. ત્યાં તળાવે ડેરા કરી ભોજન કર્યું. સવારે સાદરે પધાર્યા. ત્યાં સીધામાં વાણિયાનો રૂપિયો આવ્યો એ વૈષ્ણવની રસોઈ કરતાં હાંડામાંથી નીકળ્યો. શ્રીજીએ પૂછતાં કહ્યું કે ''રહેન દ્યો, ચિંતા નાહીં.''

વાણિયાનો રૂપિયો

''ઇન બહોતનકે રૂપિયા લીયે હોયગે સીધામાંહીં. ૨૫૧
જે કેતી કોડીએ છુએ નહીં, અને રાખ્યો એમ કરી એહ,
એ મધ્યે અસાધારણ મોટું કારણ છે કાંઈ તેહ. ૨૫૨''

ખંત અને ધીરજ :

ત્યાં લખમીદાસ વસાણી માટે ગયા, એમને શ્રીજીએ ઊજળા (ચોખ્ખા) મગ લાવવા કહ્યું, પણ મળ્યા નહિ તેથી શ્રીજીએ એમને ફરી ફરીને ત્રણ વખત મોકલ્યા. છેવટે મળ્યા એ ઉપરથી શ્રીજીએ કહ્યું કે

''જે વસ્તુ હાથ તબકીં આવે, જબ ખોજે એસી ભાંત. ૨૬૦''

લાહોરથી દિલ્હી :

પંદરમી મજલ કરી શ્રીજી એકાદશીએ લાહોર ભગવાનદાસને ત્યાં પધાર્યા અને દ્વાદશીએ આગળ મુકામ કર્યો. અત્રે શ્રીગોકુલથી સુંદર પટેલ, સોમજી ને સબજી નામના ત્રણ વૈષ્ણવ આવ્યા. ત્યાંથી વિજય કરી આશ્વિન સુદિ ૧૩ ના રોજ પટીએ આવી પહોંચ્યા. અત્રે ભગવાનદાસે પ્રથમની માફક મનોરથ કર્યા અને મુશકીભમર ઘોડો સમર્પ્યો. પછી અહીં ઘોડા, વાહિની, છકડા તથા બીજી નાના ભાંતની સર્વ સામગ્રી તથા એને સાંચવીને લાવવા રતનજી વહોરો, માંડતભાઈ, રામા મસાહ તથા ભગવાનદાસને મૂકી શ્રીજી પોતે મોટી મજલે સુલતાનપુર સલાએ થઈ તલવન પરમાનંદને ત્યાં પધાર્યા અને ત્યાંથી અંબાલે થઈ સ્થાનેશ્વર મુકામ થયો. સ્થાનેશ્વરથી રાત્રે વિજય કર્યો. રાત્રિ વધતી જતી હોવાથી સૌને ઊંઘ આવવા લાગી તેથી આપે ગોપાલજીને કંઈ વાત ચલાવવા કહ્યું. પછી કરનાલક અને ગુનોર થઈ અષ્ટમીએ દિલ્હી મુકામ કર્યો. રસ્તામાં નરેલથી વધાઈ લઈ પહોરુવો મોકલ્યો.

દિલ્હીથી નંદેશ્વર :

દિલ્હીમાં મુકુંદદાસને ત્યાં કાશ્મીરમાં આપેલા વચન પ્રમાણે શ્રીજીએ મુકામ કર્યો. એની પત્નીને નામ આપી શરણે લીધી. ત્યાં રસોઈ થતાં સુધીમાં સ્નાન માટે નિગમબોધ પધાર્યા. ત્યાં ઈંદ્રપ્રસ્થના અધિકારી રાજા કૃષ્ણદાસ મહેરાએ આવી દર્શન-દંડવત્પ્રણામ કર્યાં. ઈંદ્રપ્રસ્થથી આસો વદિ ૯ એ વિજય કર્યો અને પરભલ થઈ ટોટલ પધાર્યા. ત્યાં ઘોડા બળદને પાણી પાઈ, ગોળ દાણા ખવડાવી વિશ્રામ આપ્યો. ત્યાંથી નીકળી આસો વદિ ૧૦ મે નંદેશ્વર મુકામ કર્યો. ત્યાં નંદજીને મંદિર પધારી ભોજન કર્યું, પછી ઊંઘ ન આવવાથી પ્રયાણ આગળ ચાલુ રાખવા કહ્યું, પણ શ્રીગોપાલજીની વિનંતી પરથી સર્વે થાકેલા હોવાથી વિચાર માંડી વાળ્યો. શ્રીજીંની ઉતાવળનું કારણ એમનો વ્રજભક્તો માટેનો વિરહ હતું.

''ભક્તનો વિરહ અસહ્ય સહેવાને, સદા મહાકાતર પણુઅ. ૩૦૯''

પણ શું કરે ? એ દેશને ચરણ સંબંધનું દાન કરવાનું હતું તથા વ્રજભક્તોને દેશાંતર-વિરહના રસનો અનુભવ પણ કરાવવાનો હતો :

''કેવલ વિરહ વિના નહોય સંયોગ-રસ સંપન્ન,
મુખ્ય ક્ષુધા હોય તો, હજમ થાય આપ્યાં અન્ન. ૩૧૧''

તેથી શ્રીજી કાશ્મીરથી વેગે પધાર્યા.

જ્યારે પ્રભુ માલાના કારજથી પહોંચ્યા એ ઉપરાંત
''વ્રજસ્થિત ભક્તનાં ઉભય વિરહજ્યુત આરત થાય ન શાંત. ૩૧૭''

બીજે સવારે નંદેશ્વરથી શ્રીજી શ્રીગોવર્ધન પધારી, શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી શ્રીગોકુલ પધાર્યા (કારતક વદિ ૧૧).

(અહીં સાતમું માંગલ્ય પૂરું થાય છે અને એ પછી આઠમા માંગલ્યમાં વિરહાવસ્થાનું લાંબું વર્ણન આપેલું છે.) અલબત્ત, રસના વિલાસીઓને એમાંથી ઘણું જાણવાનું મળે એમ છે તોપણ જ્યાં સુધી પ. ભ. ગોપાલદાસની વાણીનો સાક્ષાત્ અનુભવ થાય નહિ ત્યાંસુધી એ અભિલાષા પૂરી થઈ શકે એમ નથી. કવિની વાણીને ગદ્યમાં મૂક્તાં એનું ગૌરવ તેમ શોભા અને આકર્ષકતા જાય છે, એટલું જ નહિ, વાચકને અપ્રિય થઈ પડે છે અને વળી ખાસ કરીને જ્યારે કવિ લાગણીઓ પ્રદર્શિત કરે છે ત્યારે તો એ ભાવોને ગદ્યમાં મૂકી શકાતા નથી, માટે રસના જિજ્ઞાસુઓ તો મૂળ પુસ્તક જોઈ જિજ્ઞાસા પૂરી કરશે. આટલું છતાં જે થોડા ઘણાથી સંતોષ માની શકે તેને માટે મૂળ પુસ્તકમાંથી કેટલાક ફકરા નીચે ઉતાર્યા છે.

આ ફકરાઓમાં શ્રીજીના કાશ્મીર પધાર્યા પછી એમના વ્રજભક્તોને તથા શ્રીજીને પોતાને જે વિરહાગ્નિ ઉત્પન્ન થયો હતો તેનું કાંઈક વર્ણન છે :

''કોએકે તો એ વિયોગને રે કહે છે વહ્નિ જાજ્વલ્યમાન,
કો મણિધર ભુજંગમ કહે રે, કો ફંદફાસી સમાન. ૨૨
કો હલાહલ વિષ કરી કહે રે, કો ભાલક સમ સંગા,
કો લોહની સલાકા કહે રે, કો સાલભેદક સર્વાંગ. ૨૩

વિરહ વ્યાધિ જ્વર કો કહેરે, ઘુણ કીટક ડેવલી સોય,
પ્રલાપસું કો એક કહેરે, દાવાનળ કરી કહે કોય. ૨૪
એ કહેવાને એવો કહ્યોરે, પણ એથી અધિક મહાઉગ્ર,
આવર્યો જાયે કોણ નહીંરે, દુઃખનું મૂલ સમગ્ર. ૨૫
તે પદાર્થ તો પ્રાણ લઈ અનેરે, મહેલે છે નિરવાણ,
આ તો પ્રાણને લે નહીંરે, ન એ મહેલેરે પ્રાણ. ૨૬
એવો વિરહ શૃંગારાંતઃપાતીરે, તેના છે દ્વિવિધ પ્રકાર,
એક શૃંગારે સવલિત રહેરે, એ કેવલ મહાસાર. ૪૨
રસ-અનુભવ કર્યા વિનારે, અધકી ઉપજે છે જેહ,
તેને કેવલ વિપ્રયોગ રસ કહિયેરે, પ્રગટ પ્રસિદ્ધ છે એહ. ૪૩
અને સંયોગરસ અનુભવ્યા પછીરે, વળતો વિયોગ જે થાય,
તે શૃંગારે જુત વિપ્રયોગ તેરે, શૃંગારરસ કહેવાય. ૪૪
એ ઉભય રસનો અધિષ્ઠાતારે, શ્રીવિઠ્ઠલેશકુમાર,
દાતા ભોક્તા શ્રીવલ્લભજી રે, પરમ પ્રેષ્ઠ જે સાર. ૪૫
જે વિરહી જનનું જીવન સદાયે, સર્વ ઇંદ્રિય સુખસાદ,
દ્વિદલ રસનું ધામ એરે, તાપાત્મક સ્વરૂપ અનાદ્ય. ૪૬
વિલાસ નિજ જનના વલ્લભરે, સ્નેહરૂપ રસરૂપ,
વિરહરસનો ભોગતારે, કામકેલીકર્તા ફલરૂપ. ૪૭
રતિપતિપ્રિય પ્રેમ ભર્યોરે, પ્રેમ વ્યસન આસક્ત,
તદાત્મકત ચતુર્વિધરે, અવસ્થાજુત અનુરક્ત. ૪૮
તે પ્રથમ પ્રભુના અનુભવ તણોરે, કરું છું ભાવ સૂચન,
એ અનુભવ-વેદના થકીરે, પ્રભુ અતિ અકુલાય મન. ૫૮
મન તનમાં તલફે ઘણુંરે, ઉર અંતર એમ થાય,
સ્વાભાવિક વિયોગનીરે, વ્યથા કહીઅ ન જાય. ૫૯
તેણે પીડા પીડે અંગ અંગનેરે, તેથી હોયે વ્યાકુલ,
ક્ષણું ચેતન ક્ષણું ચેન નહીંરે, સ્નેહનું સાલે શૂલ. ૬૦
સ્વાસ્થ્ય-સુખ કયાંહુ નહીંરે, આવે અરુચિ અપારઃ
રાત-દિવસ નિંદ્રા નહીંરે, મન માંહે એહ વિચાર. ૬૧
સ્વપ્ન-અવસ્થાએ સંગમરસનારે, સ્વાદનો અનુભવ થાય,
ને વળી સ્વપ્નજાગ્રતિ નિદ્રામાંહરે, ત્રિવિધ અવસ્થા થઈ જાયા કર. ૬૨''

આગળ જણાવ્યા પ્રમાણે શ્રીજીના કાશ્મીર પધાર્યા પછી વ્રજભક્તો આર્તિભર્યાં રહેતાં હતાં અને કેવળ મેળાપની આશાએ પોતાના પ્રાણ ટકાવી રહ્યાં હતાં. એમને હવે જેમ જેમ શ્રીજીનો મુકામ પાસે આવતો ગયો તેમ તેમ અનેક તરહનાં શુભ શુકન થવા લાગ્યાં.

ઊથલો :

''કો કહે દિવસ બે ચાર થયાં, મારું વામ અંગ ફરકે ઘણું;
કો કહે ભુજ ફરકે ને અતિશે લાગે છે સોહામણું. ૧૬

ચાલ :

કો કહે મારે આંગણે એમ થાયે, અભિનવ પક્ષી બોલી ઊડી જાયે;
કો કહે આવી મારે દ્વાર, કાગ કરે છે શુભ ઉચ્ચાર. ૧૭
એક કહે જે મધુપ આવી આવી, કર્ણે સ્પર્શ કરે છે સુભાવી. ૧૯
સર્વને સહેજે મનમાં મોદ, ઉપજી ઉપજી આવે પ્રમોદ. ૨૦

ઊથલો :

દશે દિશ થકી શુભ શબ્દના ઉચ્ચાર, અતિશે સાંભળે,
સાંભલી સખી સખીયને કહી કહીયને ભાવે મળે. ૨૩
એ તો કાંઈ આચરણ દેખિયે છિયે અભિનવું,
આનંદ આગમ તણું, જાણે દ્વાર એ પ્રકટ હવું. ૨૪

ચાલ :

આપણા ભાગ્યના ઉદય થયા હોએ, પ્રભુ પાઉ ધારે એવું કહે કે એ ॥૨૫॥
એવું સખીનું વચન સાંભળી, સર્વકો હરખિત થયાં મનરલીયાય. ૨૬
અસ્તુ અસ્તુ કહે પ્રફુલ્લિત મન, સફલ હજો બાઈ તારું વચન. ૨૭''

આવી રીતે સર્વત્ર સર્વને મનમાં સ્વાભાવિક રીતે આનંદ થતો હતો. એવામાં નરોલેથી મોકલેલો શ્રીજીનો પહોરુવા કારતક વદિ ૧૦ મે શ્રીગોકુલ આવી પહોંચ્યો ને વધાઈ કહી.

ઊથલો :

''પ્રગટીકરણ આનંદસાગર વચન એહનાં સાંભલી,
વિરહ-વ્યાધની આધ્ય અતિસે સૂણત માત્ર સહેજે ટલી. ૩૨

ચાલ :

એ વધાઈ આવતાં વધાઈને સંગ સર્વને પ્રાણ આવ્યા અંગ અંગ. ૩૩
ભાગ્યસ્વરૂપ વધાઈયો આવ્યો, તે સર્વ કાજ જીવતદાન લાવ્યો. ૩૪
ગર્જના સહિત અચાનક ચઢીય, નૌતન અંબુદ આવ્યો ઉમડીય. ૪૧
આવીને અતિ વૃષ્ટિ થાયે જ્યાં વધી, જીવ માત્ર પશુ પક્ષી અધિક. ૪૨
સ્થાવર જંગમ સર્વના મન, પૂરણ થાય રસ સંપન્ન. ૪૩
તેમ અહાં વ્રજસ્થિત ભક્ત જે આતુર, તેને એ વધાઈથી ચાલ્યાં આનંદપૂર. ૪૪
જેણે જહાં સુણિયું તે પહેલાં, તે ઘસમસી આવ્યા ઘેર વહેલાં. ૫૭
પરસ્પર એક એકને વાત, કહેતાં ઉલટ અંગ ન માત. ૫૮
કો સુણી હુલસીને વળગે કોટે, કો ચરણ લાગી અને ઓટે. ૫૯
કો ભામલડાં લઈ ઉર ચાંપે, કહેનાં આતુર થઈ ઉર કાંપે. ૬૦'

પછી વિગતવાર સમાચાર સાંભળવા સર્વ વૈષ્ણવો મંદિરમાં ગયાં અને કેટલાંક સ્ત્રીજન તો શ્રીવહુજીમહારાજ પાસે જનાનામાં પણ પહોંચી ગયાં :

''વહુજી વનિતાએ પરવરિયાં, સૌના આદરને અનુસરિયાં;
ફૂલે ફૂલે દે આવકાર, સૌને સાથે કહે સમાચાર.''

ત્યાંથી વહુજીએ શ્રીગોપાલ પાસે જઈ એમને પત્ર જોવા કહ્યું એટલે

''પત્ર લખ્યું છે શ્રીમહારાજ, તેનું દરશન કરવા કાજ. ૭૩
શ્રીગોપાલ ને રાયજી ઉદાર, મેલિયો બહુ વિધિ બહુ પરિવાર.''

પછી વધાઈનો પત્ર લઈ શ્રીગોપાલે વાંચ્યો અને વાંચતા વાંચતા વિહ્વલ થયા. દ્રવ્ય વસ્ત્ર વગેરે આપી વધાઈયાને સંતોષ આપ્યો અને પાસે ઊભેલાં વૈષ્ણવોએ પણ યથાશક્તિ વધાઈ આપી.

''એકથી એક અધિક મનભાવી, પ્રહસીને પહેરામણી પહેરાવી.
પહેરાવ્યો ગોંસાઈજીને પરિવારે, અને વળી જ્યાંવદેક નરનારે.
વાજીંત્ર ભેગા કરીયને તેડ્યા, મોદે ભર્યા પ્રમુદિત થઈ આવ્યા.
શબ્દ શ્રવણ પંથે સુણી અને અંગ અંગ અમી ઢરે.
ઉલટ તણાં ઉત્સાહ ઉછલિત થઈ અને આનંદ ભરે.''

આવી રીતે આનંદોત્સવ કરી સર્વ પોતપોતાને ઘેર ગયાં અને શ્રીજી આવ્યેથી પોતાને કેવું સુખ થશે એના એ ભક્તજનો મનોરથ કરવા લાગ્યાં :

ભક્તોના મનોરથ :

''એક કહે મનમાન્યતા તે કરશું, મલીમલીને મહાસુંદર વરસું
એમ અંતરથી અતિ અનુરાગ, પ્રગટે પ્રેમતણો તે પરાગ,
એકને ઉર આરત અતિ વાધી, પંથ નિહાળે પ્રેમ બાંધી,
જે પ્રભુ પધારશે આણી વાટે, ઊભા રહીશું જસોદા ઘાટે.''
''એક કહે ઉછવનાં ઉપહાર, કરો સહુ બહુ વિધિ બહુંય પ્રકાર
શૃંગાર સુંગધ ને વળી મેવા, તે આનંદે આણી લેવા,
રચના કરી સૌકોએ રસાલી, અતિ આદરે કહે વારી વારી.
કોએ તે નિશા સંપૂરણે જાગે, કરિ પકવાન તે પ્રેમે પાગે.''

આવીં રીતે શ્રીગોકુલમાં શ્રીજીના પધારવાની વધાઈ આવવાથી સર્વત્ર આનંદ એવો જ ઉત્સાહ ફેલાઈ રહ્યો હતો અને ભક્તજનો પ્રાતઃકાલે પોતાના પ્રાણપતિને વધાવવા માટે અનેક પ્રકારની માંગલિક સામગ્રીઓ સજ્જ કરવામાં એવાં તો રોકાઈ ગયાં હતાં કે શહેરમાં ભાગ્યેજ કોઈ માણસે એ રાતે નિદ્રા કરી હશે.

નંદેશ્વરથી વિજય કરી એકાદશીએ પાછલી છ ઘડી રાત્રિ રહેતાં શ્રીજી શ્રીદ્વાર લીલાસ્થળે પધાર્યા. ત્યાં આગળથી વિસરામ વધાઈ લઈ ગયો હતો એને વધાઈ પહોંચતાં ત્યાંના શ્રીગુસાંઈજીએ ગઢવી વિસરામને વધાઈમાં રૂપિયો આપી, ઘોડેસવાર થઈ સામા આવ્યા. શ્રીજી તળેટીએ પધાર્યા અને ખબર પડતાં વૈષ્ણવો દર્શનાર્થે આવી પહોંચ્યાં. પછી

''શ્રીજીએ કહ્યું નાહે જો લઈએ, નાહેકે વેગ હી ભીતર જઈએ.''

શ્રીગોપીનાથજીના ઘરનું પીંડરુ હોવાથી નાહવાનું પ્રયોજન નહિ સરે એમ જણાયાથી શ્રીજી પાધરા પર્વત પર ચઢ્યા. ત્યારે લક્ષ્મીદાસે લાડણને (મુખિયાનું નામ) કહ્યું કે શંખનાદ કરો, ત્યારે એમણે મર્મ સમજ્યા વગર કહ્યું કે હજુ ઘણી વાર છે. ત્યારે લક્ષ્મીદાસે કહ્યું કે

''તું તો બડો ગમાર છે. ૨૦૭
ફટ ભૂંડા, હું જાણતો જે તેં કાંઈ જાણ્યું હશે આંહીં,
પણ તું તો મૂરખ અતિ ઘણો, તેં તો કાંઈ જાણ્યું નાહીં.

ચાલ :

શ્રીવલ્લભજી સહેજે પધારે તે જ્યારે, શ્રીનાથજી સામા જાય તે ત્યારે. ૨૦૯
તો આજે મહા પરાક્રમી દિગ્વિજય કરીય, કાશ્મીરથી પધારિયા ફરીય. ૨૧૦
તો શું નાથજી પોઢી રહ્યા છે આંહા; ક્યાંહા લગી સામા ગયા હશે ત્યાંહાં. ૨૧૧
હું તો કહું છું રીત્યને કાજ, નાથજીને તું શું જગાડશે આજ. ૨૧૨''

પછી શંખનાદ થયો અને માર્ગમર્યાદા પ્રમાણે શ્રીજીએ દંડવત્પ્રણામ અને ઝાંખી કર્યાં. જોકે મનમાં શ્રીગોકુલ જવાની આરત હતી તોપણ ધર્મરક્ષક મર્યાદા સાંચવવા મોટાભાઈ ત્યાં હતા એમને મળવા પધાર્યા અને પછી શ્રીગોકુલ તરફ વિજય કર્યો. શ્રીગોકુલ પધારતાં અતિ ઉતાવળને લીધે સાથેનાં વૈષ્ણવોને પછીથી આવવા કહ્યું, પણ એમને એ વખતની શ્રીગોકુલની શોભા જોવાનો લાભ મળે એ વિચારથી ખેદ થયો.

પૂર્વે જણાવ્યા પ્રમાણે શ્રીગોકુલમાં તો સર્વ વાટ જોઈ રહ્યાં હતાં. એવામાં શ્રીગોવર્ધનથી બીજો વધાઈયો આવ્યો એટલે

''મનના મનોરથ તરંગે ચઢ્યા તે એ સાંભળી ॥
મોદ પ્રસર્યો શત ગણો; અંગઅંગમાં ફુલી. ૨૪૬

ચાલ :

બડા બડભાગી માધવદાસ, ધોળ પ્રકટ કર્યા મહા રસ રાસ.
ત્યાં મહિલા મન મોદ ન માય, સૌકો મલીમલી અને ગાય.
અતિ આનંદે ઉન્મત્ત માતાં, ગાય સોળ તે મનને સોહાતાં.
ગાનરસે વસ વ્યાકુલ થાએ, પ્રિય-સમાગમ-સુખને ન્યાયે.
ધન્ય ધન્ય માતા રુક્મિણીજી, વલિયો વેગે ગોકુલનો રાજિયો.
એક કહે સજની સાંભળો, વાત કહેતાં અનંગ અંતર ગાજિયો.
એક ઉચ્ચ સ્વરે આર્દ્ર થઈ કહે, આવો ગોરી, આવો શામળી,
ભલે આવ્યો ગોકુલ કેરો નાથ, કહી કહી આવે છે મનની રળી.''

સ્વપ્રભુની પધરામણી અર્થે ભક્તજનોએ પોતાનાં દેહ ગેહ વગેરેને શણગારી સજ્જ કર્યાં હતાં :

''કો શોભિત કરે સદન શૃંગાર, ચિત્ર ચિત્રે વિવેક વિચાર.

શેરીએ સાથિયા પરમ સોહાગી, પૂરે પ્રેમ પ્રિય અનુરાગી.
ત્યાં ગુલાલ રંગવાને, મધ્ય અબીલ તે ઉજ્જવલવાને.
તોરણ બાંધે ઉલટ ભરીય, ધ્વજા પતાકા આંગણ ધરીય.
ચોક પૂરે ચતુરાં ઘણા, ચતુરાઈએ ચિત્તસું ધરી.
પ્રભુ પધારે પ્રગટ થૈ ને, પ્રેમવેલ તે વિસ્તરી.''

પછી સમય થતાં હરિભાઈ, રઘુનાથદાસ, લીંબજીદાસ, માધવદાસ વગેરે વૈષ્ણવો તથા શ્રીવિઠ્ઠલરાયજી વગેરે કુટુંબીજનો આપને શ્રીગોકુલમાં પધરાવવા સામા ગયા.

''શ્રીગોપાલ વિઠ્ઠરાયજી સાથ, પારને ખરકે આવી નામ્યાં માથ.
શ્રીજીએ છાતીસું ચાંપીને લીધા, વાત્સલ્ય મનોરથ બહુ સીધ્યા.
પરમાનંદ રસિક રસદાતા, વિજય તેણે આનંદ રસરાતા.
સૌભાગ્ય ત્રૈલોક્ય તણા નેહ, સંગે રહી બિરાજે છે તેહ.
જોઈ ભક્ત તણાં સૌ વૃંદ, શ્રીઅંગ અંગ ઉમડ્યો આનંદ.''

પછી વિસ્તારક નાવમાં બિરાજી શ્રીજી શ્રીયમુનાજી ઊતર્યા એ વખતે :

''ચિત્રની અનુહાર થૈયને, કો એક તે જોઈ રહ્યાં;
મૂર્છિત થયાં, કો થયાં વિહ્વલ, ગદ્‌ગદ કો રોધે ગહ્યાં. ૩૪૯
કો સ્વપ્ન કે સાચું કહે, કો વિચારે વિસ્મય થઈ,
સ્વરૂપમાં એ લીન થઈને, થયાં સૌ કો રસ થઈ. ૩૫૦
જે ગુણીજનનો સઘળો સાથ, પધારે તે શ્રીગોકુલનાથ,
સૌ આનંદે આદુલ માન, જ્યાં ત્યાં હોયે મંગલ ગાન. ૩૫૧
કલા વિચિત્ર કરે કલાવંત, સંગીત ભેદ લહેત અનંત,
વાજિંત્ર વાજે છે બહુ પ્રકાર, ભણે નિશાન ગંભીર ઘોર. ૩૫૨
ગાંધર્વ કરે તે અતિશે ગાન, રસે દ્રવિત ઉપજાવે તાન.
નૃત્યકારી ચાલે નૃત્ય કરતા, તાલ ભેદ ભાવે પગ ધરતા. ૩૫૩
મૃદુ મૃદંગ તણો થાઉકાર, વિલક્ષ વાદ્ય વાજે તે અપાર.
તેના સ્વરધુની સંગીત સજિયાં, જેહેવાં લીલાથી ઊપજિયાં. ૩૫૪
એણી પેરે પુલિનથી પ્રાણાધાર, પધારે છે તેણી વાર.''

માર્ગમાં આવતાં જમુના નામની ગોવાલણે દહીંની દોણી આગળ ધરી એટલે શ્રીહસ્તે બંધન કરી એને ઉચિત દાન આપ્યું.

''તેવે ઘનશ્યામજીએ દંડવત્પ્રણામ કીધા, શ્રીજીએ ઉઠાવી ઉરસૂં લીધા.''

આ પ્રમાણે પુલિનથી પરિવાર અને ભક્તજનોના મોટા સમૂહ સાથે શ્રીજી આનંદ-ઉત્સવભેર જસોદાઘાટે થઈ જગમોહનમાં પધાર્યા.

''ઘાટથી તે વાટ સઘળી, સુશોભિત મંદિર લગી,
બેહુ પાસ કદલ કુંજ સોહે, રહ્યા શોભાએ પગી. ૪૧૩
ત્યાં ધૂપ અગર તણા અનુપમ, ઉખેવ્યા અતિ અભિનવા,
તેણે સુવાસિત વીથિ કરી છે, પ્રાણપ્રભુને આવવા. ૪૧૪

મંગલ કલશ સોહાસણી, સન્મુખે લાવ્યાં પ્રભુ જ્યાંહાં,
મહામંગલ નિધિ કહી કળીયને, બંધાવ્યા છે ત્યાંહાં. ૪૨૩''

શ્રીજી જ્યારે મંદિરે આવી પહોંચ્યા ત્યારે સમય રાજભોગનો હતો. શ્રીઠાકુરજીનાં દર્શન કરી શ્રીજી ભીતર વહુજીને મંદિર પધાર્યા. ત્યાં વહુ બેટી સર્વ મળ્યાં એમને આશિષ દીધી. પછી બંને બેટીજીને મસ્તકે શ્રીકર ફેરવી શ્રીજી બેઠકમાં પધાર્યા અને ત્યાં ગાદી-મૂઠે બિરાજ્યા. પછી ત્યાં ભેગા થયેલા સર્વ વૈષ્ણવને કાશ્મીરના સમાચાર કહ્યા. એ સાંભળી વૈષ્ણવો કહેવા લાગ્યા કે,

''જો રહ્યો છે નિજ ધર્મ તો, ગામની તે શી વાત છે,
જ્યાં બિરાજો મહારાજ, ત્યાં શ્રીગોકુલ સાથ છે. ૪૧૫''

ઉત્થાપનનો સમય થતાં શ્રીજી નાહવાને જલઘરે પધાર્યા. ત્યાં પુષ્પાવતીબાઈએ આપને પવિત્રું પહેરાવ્યું અને ઉત્થાપન કરી રહ્યા પછી એકાદશી હોવાથી પુત્ર પરિવાર સાથે ફલાહાર કરી શ્રીજી બેઠકે પધાર્યા. ત્યા વૈષ્ણવોએ ભેટ-પહેરામણી કરી. આ પ્રમાણે ૯૧ દિવસે શ્રીજી કાશ્મીર જઈ શ્રીગોકુલ પાછા પધાર્યા.

શ્રીજીના શ્રીગોકુલ પાછા પધારવા સંબંધમાં આપનાં કૃપાપાત્ર, ખંભાતના વૈષ્ણવ પ્રાગદાસમૂલિયા (જ્ઞાતે વિસનગરા વાણિયા) નાં પત્ની સૌભાગ્યદેને અનુભવ થયો અને એ દ્વારા ગુજરાતમાં ખબર થઈ.

અન્નકૂટોત્સવ :

કાશ્મીરથી પધાર્યા પછી શ્રીજીએ શ્રીગોકુલમાં દીપોત્સવ કર્યો. એ દિવસે સેનઆરતી પછી સમાજ સાથે શ્રીયમુનાજી પર ખરીકમાં પધાર્યા. સવારમાં મંદિરમાં આવી ગોવર્ધનપૂજા કરી પાછા ફરીથી ખરીકમાં પધાર્યા. ત્યાં ગોવાળોએ કરેલા ગોવર્ધનની પૂજા કરી કુનવારો સમર્પ્યો. દરેક ગ્વાલને માથે શ્રીહસ્તે પાઘ બાંધી તથા એક એક કોરો મલરો, પાંચ પાંચ ઠોર પકવાનના, પાંચ પાંચ ટકા રોકડા તથા પાન આપ્યાં અને પછી ગાયોને ખેલાવી આપ મંદિરમાં પધાર્યા ને અન્નકૂટભોગ ધર્યો. આ પ્રમાણે અન્નકૂટોત્સવ કર્યો.

૧૩. શ્રીગોકુલથી સોરમજી

શ્રીગોકુલથી સોરમજી :

અન્નકૂટનો ઉત્સવ વીત્યા પછી શ્રીજીએ બાદશાહને આપેલા વચન પ્રમાણે શ્રીગોકુલ છોડવાનો વિચાર કર્યો. જોકે આપે શ્રી ગોકુલ છોડવાનું નક્કી કર્યું હતું, પણ વારાણસી કે સોરમજી ક્યાં જવું એ ચોક્કસ થયું નહોતું અને પોતે આસફખાનને સોરમજી માટે ઇચ્છા જણાવી હતી તોપણ એ બાબતનું હજું કાંઈ નિરાકરણ થયું નહોતું તેથી ક્યાં જવું એ વિચારવા જેવું હતું. આમ છતાં પણ પોતે આપેલું વચન યોગ્ય રીતે પાળવું જોઈએ એ હેતુથી શ્રીજીએ રહેવાના સ્થાનનું નક્કી થતાં સુધી શ્રીગોકુલ છોડી, પ્રસ્થાન કરી અન્ય સ્થળે રહેવાનો નિશ્ચય કર્યો, તેથી શ્રીગોકુલ છોડવાનું શુભ મુહૂર્ત જોવડાવ્યું. કારતક સુદિ ૫ નું મુહૂર્ત આવ્યું. શ્રીજીએ શ્રીગોકુલ છોડવા માંડ્યું એટલે વૈષ્ણવોએ એમની સાથે જવાનો ઇરાદો કર્યો ત્યારે આપે કહ્યું કે,

તાતે હમકૂ તો એ અવશ્ય કર્તવ્ય ઉહાંલો જાનો સહી,
ઓર તુમ સબે કોઈ આંહાં રહો, તુમકૂ કછુ ચિંતા નહીં. ૫૨૭
ગામ તો ખાલી હોત નાહીં, એ દાદાહે તુમહુ રહો;
સંગ તુમ કાહેકો આવત, મોહોસૂં સોતો કહો: ૫૨૮
.... ત્યારે સર્વ મળી કહ્યું ત્યાંહી. ૫૨૯
હમ ન રહે, હમ આવે સાથ; લજ્યા હમારે નાથ કે હાથ, ૫૩૦
હમ આવેંગે તહાં જહાં રાજ; ઓરનસું ન હમારે કાજ.''

આ પ્રમાણે ના પાડવા છતાં સર્વ આપની સાથે થયા ત્યારે શ્રીજીએ કહ્યું :

''ત્યારે શરણાગતસું શરણ શ્રીજી બોલિયા ધીરજ ધરો,
તો આઓ સબ ઇચ્છા તુમ્હારી, ચિંતા કછુ મતિ કરો: ૫૩૫''

એ પ્રમાણે કહી શ્રીજીએ કારતક સુદિ ૫ ને શુક્રવારે રાજભોગ સરાવી, શ્રીગોકુળથી મુકામ ઉઠાવી મહાવનમાં ડેરા કરાવ્યા અને ત્યાં પ્રબોધિની અને દીપમાલિકાના ઉત્સવ કરી દ્વાદશીને દિવસે રાજભોગ પછી બ્રહ્માંડઘાટે મુકામ કર્યો

''ત્યારે ત્યાંહાં પાઓધારિયા, શોભા તૈં કહી જાએ નહીં,
જુઓ તો જાણે મહાનિરુપમ, શ્રીનગર તે વસ્યું અહીં. ૫૪૧
ઠામે ઠામે આનંદ ઉત્સવ, ગાન થાય છે ઘણાં,
ભિન્ન ભિન્ન ઘરના ભિન્ન ડેરા, તેહ ભવન સોહામણાં. ૫૪૨
ભિન્ન ભિન્ન સેવા તણાં મંદિર, પાઠશાળા સોહતી,
ભિન્ન ભિન્ન બેઠક અભિનવી, તે જગતનાં મન મોહતી. ૫૪૩

ભિન્ન ભિન્ન ઘોડાશાળો અને ભંડારનાં સ્થળ એહવાં,
રચ્યાં રચનાએ અનેક તે, વિશદ થાયે નહીં તેહવાં. ૫૪૪
મહા આનંદ થઈ રહ્યો છે તે આંહાં,
એ વાત જાણી જોગટે ચિદ્રૂપે ત્યાંહાં. ૫૪૫
ત્યારે વિચાર્યું મનમાં તેહ, એહનો બોલ રહ્યો કહ્યું એહ.
તો એ મારે માથે થાએ; એહના રાખ્યા રહ્યા કહેવાએ.
પછી મથુરાથી ચોબે ને ચોધરીએ, શ્રીજી કને પઠવ્યા તે એવું કરીએ. ૫૪૮
એહવું કરીને મોકલ્યા જે જાઓ તમો જૈને કહો,
જે હું લખીશ પાદશાહ, તમો જાઓ માં, અહીંએ રહો. ૫૪૯''

આ ઉપરથી ચોબાજી અને ચોધરી આપશ્રીના તંબુમાં આવ્યા ત્યારે સર્વ લોકોને ત્યાં આનંદ કરતાં જોયા. કોઈ ગ્રંથની ચર્ચા કરતા હતા, તો કોઈ ટીપણી કે ટીકા વાંચતા હતા, તો કોઈ ગાતા હતા અને કોઈ ખેલતા હતા. ત્યાં આવી ચોબાજી અને ચોધરી શ્રીગોપાળને મળ્યા :

''તેણે કહ્યું શ્રીગોપાળને, અમે આવ્યા છું આ વાતે અહીં,
એ ભીયે કહ્યું આએ ભલેપેં, એ વાત માનેગે નહીં. ૫૫૮''

પછી શ્રીજી વિશ્રામ લઈ ઊઠ્યા એટલે એમને દંડવત્પ્રણામ કરી, સંન્યાસીનું નામ લઈ એના કહેવા પ્રમાણે વિનંતી કરી. ત્યારે શ્રીજીએ કહ્યું :

'એ કહા કહે પહેલે કોણ એહ, હમ કહા ઇનકે કહે છાંડે ગેહ,
કહા છાંડેગે ઘર ઇનકે કહે કે કહે હમ રહત હે,
કે હમ કબહુ ઇનકો કહ્યો કીનો હે કાહુ ભાંત્ય હે. ૫૬૫
ઉહાં દેશાધિપતિકૂં કહ્યો હે તાતેં જાત હેં ઇચ્છા કિયે,
આપુ હિયે વિચાર કીયો, નતુ જાત હે ઇનકે લિયે. ૫૬૬
એ કહા લીખ પઠવેગો, અરૂ ઇનકે લીખે કહા હોયગો.
કહા ઇનકી પ્રસન્નતા, અપ્રસન્નતા **કરી** કહા ખોયેગો.
એસી એ કહે તાહીકૂં, જે ગને ગીનતી માંહ ઇનકૂં.''

આવો ઉત્તર સાંભળી એઓએ ગૂપચૂપ જવા માંડ્યું એટલે આપશ્રીએ એમને પ્રસાદ વગેરે આપી રજા આપી. એઓએ સંન્યાસીને

''ત્યાહાં જૈને કહ્યું, સુણ મતિ મંદ, તે તો સહુકો કરે છે આનંદ,
આનંદ જ્યાં ત્યાં થઈ રહ્યો છે, નગારાં વાજે ઘણાં.
કો ખેલે છે, કો હસે છે, કો ગાય છે સોહામણાં. ૫૭૩
એમ થઈ રહ્યું છે તેહના મનમાં ઘર મૂક્યા તણું,
કાંઈ દુઃખ નથી અને તાહારી પરવાહ કાંઈ છે નહીં અણુ. ૫૭૪

ચોબાજી તરફથી આ સમાચાર સાંભળી ચિદ્રૂપ તો ભોંઠો પડી ગયો, પણ ચિડાઈને

''કહ્યું જે જુઓ શું કરું છું, મલું પાદશાહને આંહાં,
તો એહેશું તેહવું કરું જેહેવું છે મારા મનમાંહાં. ૫૭૬''

જ્યારે શ્રીજીને કાને આ વાત આવી ત્યારે પોતે કહ્યું કે જ્યારે એ બાદશાહને મળશે ત્યારે પોતે એને મળશે જ નહિ, તો કરશે પણ શું ?

સોરમ માટે બાદશાહની રજા :

પૂર્વ જણાવ્યા પ્રમાણે કાશ્મીરથી નીકળતી વખતે સોરમજી રહેવા માટે બાદશાહની લેખી પરવાનગી લાવવા શ્રીજીએ અનંતદાસને ત્યાં મૂક્યા હતા. શ્રીજીના નીકળ્યા પછી થોડા દિવસમાં બાદશાહ શિકારમાંથી પાછો આવ્યો એ વખતે એણે આસફખાનને શ્રીજી વિશે પૂછ્યું એટલે એણે કહ્યું કે એઓ તો આપણે મળી તરત ગોકુલ ગયા છે. એ સાંભળી બાદશાહે અધીરાઈથી પૂછ્યું : શું એ મારા ઉપર ગુસ્સે થયા છે કે મને મળ્યા સિવાય ચાલ્યા ગયા ? ત્યારે આસફખાને કહ્યું આપ એ શું બોલ્યા ? એઓ તો કોઈ પર ગુસ્સે થાય નહિ તો પછી આપ ઉપર શા માટે વિના કારણ ગુસ્સે થાય ? આપે તો એમની કહેલી દરેક વાત માન્ય રાખી છે તો પછી એમને ગુસ્સે થવાનું શું કારણ છે ? એમને ફક્ત ધર્મ સાંચવવાનો હતો અને એ સચવાયો તો પછી એમને ગુસ્સે થવાનું શું પ્રયોજન ? તોપણ આપે એમને વારાણસીમાં રહેવાનું કહ્યું એ એમને પસંદ પડ્યું નહોતું, કારણ કે સંન્યાસી પાછો ત્યાં જશે અને એમને હેરાન કરશે, એથી જો આપની ઇચ્છા હોય તો આપણે તેમને આ ખટપટ મટતાં સુધી સોરમજી રહેવા લખીએ. ત્યારે બાદશાહે કહ્યું કે ગોકુળ સિવાય આપણા રાજ્યમાં સોરમ યા કોઈ પણ અન્ય જગાએ એમની મરજી પ્રમાણે રહે એ પ્રમાણે એમને લખી મોકલો. આ ઉપરથી આસફખાને ઉપર પ્રમાણે લખી, બાદશાહને બતાવી એનો મહોર સિક્કો કરાવી લીધો. પછી બાદશાહ શ્રીજીના ટેકની પ્રશંસા કરતો બોલ્યો :

''દેખો ભાઈ દમડીકી માલાકે લીએ, એતનો કિયો;
સબ કોઉ કહે ઘર ન છાંડે, ઘર છાંડે કે ઇન લીખ દિયે. દિયો.
પેં છોંડેગે કે છોડેગે નાહીં, લિખી દીઓહે તો રહેંગે કહાં તાંહીં,
ધર્મ ઇનો રાખ્યા સવ માંહી, ઉન કીઆસો સંન્યાસીકા ધર્મ નાહીં.
ત્યારે આસફખાને કહ્યું એસા, વે તો હાકેમ હે, સંન્યાસી કેસા.
ભૂપને ઇચ્છા થઈ સેહજ સુભાવી, ઓઘડા સંન્યાસી ઉપર અરુચિ થઈ આવી.
અરુચિ થઈ આવી અને તેણે સમે તેહવા માંહાં,
ફિદાઈખાન એમ બોલિયા, જે જીવેજી આલમપનાં. ૫૯૭
ઉન ધર્મકૂં લિખિ દિયા હે અરૂકાજ ઉનકે ધર્મસૂં,
ત્યારે ખાનઆજમ બોલિયા પાદશાહ સાથે મર્મસું. ૫૯૮
પાદશાહ અકબર કે કહે તે હમ સુની હે સમાજમાં;
કાહાનકા પ્રાગટ હૂઆ થા પાંડવોકા રાજમાં. ૫૯૯
અરૂ દીક્ષિતકા પ્રાકટ્ય હુંઆ હે રાજ્ય મેરેમેં અબે,
હિંદુકા ધર્મ બડા બોહોત, સો પુરાન શાસ્ત્ર કહત સબે. ૬૦૦

સો અબ સહે હમ જાની, બડોને કહીસો માની. ૬૦૧
સોતો પ્રત્યક્ષ દેખો ગોકુલનાથજીને, સંપત્તિ ગિની નાહીં ધર્મકે લીને. ૬૦૨
પાદશાહે કહ્યું ઘર ક્યોં છોડેંગે એસે, કિતનો એક વૈભવ હે કૈસેં. ૬૦૩
ત્યારે કહ્યું કે બડી હે રાજધાની, જગતપ્રસિદ્ધ નહીં કછુ છાની. ૬૦૪
છાની નહીં, વે પ્રસિદ્ધ હે, બહોત ગઉ ગાડી ઘની;
છોટી બડી બાદશાહી હે, યાહીકે બનાઈ બની. ૬૦૫
તો ક્યોં છોડેંગે શાહે કહ્યું, ત્યારે આસફખાં બોલ્યો અહીં,
વાકે ધર્મસે તો કાજ હે, વૈભવસેં કાજ કછું નહીં.
ત્યારે ખાનઆજમે કહ્યું જે, મહાપુરુષ અરૂ મહત જે,
કરિયત જો હેં સો એઈ હે અરૂ, જે કછુ હે સો એઈ હે. ૬૦૭
ઓર કુત્તા મહંત કેસા કાહેકા મહન્ત વે;
ઓ મહન્ત પાદશાહને કિયા, ઓર કોન વાસૂં કહત હે,
એ વાત સાચી સાંભળી ન બેઠી મનમાંહા;
તેહનું પર્યવસાન જણાશે મથુરા જાંહાં. ૬૦૯''

પછી સોરમજી રહેવા માટેનું લખાણ લઈ આસફખાને અનંતદાસને આપ્યું, પણ અનંતદાસે વિચાર કર્યો કે હાલ તો બાદશાહ ખુશમિજાજમાં છે એટલે ઠીક, પણ વખતે સંન્યાસીના સંગથી કદાચ એનું મન ફરી જાય તો શ્રીજીએ વારાણસી રહેવા માટે જ લખી આપ્યું હતું તેના આધારે એ દુષ્ટ પાછો ફરીથી વારાણસી મોકલવા માટે ખટપટ કરે તેથી એ પ્રથમનું લખાણ પાછું લેવું જોઈએ. આથી અનંતદાસ ત્યાં રહ્યા, પણ એ લખાણ તો સારંગદેવ પાસે હતું. એ આપતો નહિ ને વાયદા કરતો. એક વખત સારંગદેવની મા શ્રીગોકુળ યાત્રાએ આવી હતી અને ત્યાં શ્રીયશોદાઘાટ ઉપર દાતણ કરવા બેઠી હતી એ વખતે શ્રીજીના જળઘરિયાએ એનું અપમાન કર્યું હતું, ત્યારથી સારંગદેવ શ્રીજી તરફ દ્વેષ રાખતો હતો, આથી અનંતદાસજીને કાશ્મીરમાં વધારે વખત રોકાવું પડ્યું. અધૂરામાં પૂરું એઓએ શ્રીજીને આ વિશે પત્ર પણ લખ્યો નહિ.

અત્રે શ્રીજી તો અનંતદાસની રાહ જોઈ રહ્યા હતા, કારણ કે ક્યાં જવું એનો આધાર એના ઉપર રહેલો હતો. આ કારણથી એઓશ્રી પહેલે ડેરે સાત દિવસ અને બીજે ડેરે વીસ દિવસ રહ્યા તોપણ અનંતદાસ તો આવ્યા જ નહિ અને એમનો પત્ર પણ મળ્યો નહિ તેથી શ્રીજી છેવટે થાકીને ગઉઆનો ઘાટ ઊતરી એક વખત ફરીથી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી આવ્યા. પછી જવાબની વધુ રાહ ન જોતાં આપે સોરમ જવાની તૈયારી કરી :

''ત્યાંહા પ્રથમ મુખે સેવ્ય સ્વરૂપની પાલખી સિદ્ધ કરી ધરે,
ભોગ બીડાં જલ રહ્યાના પ્રકાર તે માંહે કરે. ૬૨૨
પછે ડેરા તંબુ સુંદર રંગ રંગ વિચિત્ર ભાવના,
રાવટી સમિયાણા સુખદ તે, અધિક રુચિ ઉપજાવતા. ૬૨૩

બિછાવણાં જરતારી ગાદીઓ સુખદ મખમલણી,
તકિયા મહારંજિત જડિત, ફૂતણ તણી રચના ઘણી. ૬૨૪
રથ ઘોડા વાહિની બહુ જાત, ક્યાં લગી કહીએ નાના ભાંત,
ગાડી છકડા ઊંટ તણી પેર, એમ સામો કર્યો પોતાને ઘેર.
કુટુંબ નાત ગામ લોકને કાજ, સામો કીધો કર્યા બહુ સાજ
સાજના બહુ ભાતના કીધા; ગાડી સહસ્રાવધિ ભરી.
ઠામ ઠામથી ભાડે અણાવી, તેટલી ઘર નીકલી. ૬૨૯
સર્વને ડેરાના સાજ કીધા, જેહને જેવા ગમે,
જેહને કરજ હુતાં તેહનાં, તે કરજ આપ્યાં તે સમે. ૬૩૦
ખાનપાન ને વસ્ત્ર પાત્ર એમ તેહને આપ્યું બહુ,
હિતસમાધાને કરી એણી પેરે સંતોખ્યા સહુ. ૬૩૧
સનમાન દેઈ સર્વને ઘર કહ્યું, સાજમાં કરશો મા તમે,
તમારે કાજે સહુ તે સાજ કીધો છે અમે. ૬૩૧''

આવી રીતે સર્વપ્રકારની તૈયાર કરી માગસર સુદિ ૨ ના રોજ રાજભોગ પછી સોરમ તરફ પ્રયાણ કરતા હતા :

''ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું યોં આવત મેરે મન માંહાં,
ગાય અપને બહોત હે સો સહે સંગ આવે કહાં. ૬૪૬
ગાય દુ:ખ પાવે બોહોત અરૂ જે ગરાની વહે નહીં;
તાતે સંગ કછુ એક લીજિયે, અરૂ ઓર સબ છાંડે અહીં. ૬૪૭
ત્યારે ગોકુલપાલ બોલિયા, જો ગાયકૂં છાંડે આંહ,
તો સંગ લે જાઈએ કહાં, ગાય તો જાંહાં હમ તાંહાં. ૬૪૮
હમકૂં એઈ લાગત આછે, હમ તોહેં એ ગાયનકી પાછે,
ગાય વિના વૈભવ કા કાજ, એમ શ્રીમુખે કહ્યું મહારાજ. ૬૪૯''

એવામાં રામરતન નામના મહાવનના કીર્તનિયાએ આવી વિનંતી કરી કે આપ શ્રીગોકુલ છોડી જાઓ છો તેથી હું દિલગીર છું.

''ત્યારે શ્રીગોકુલજીવનધન, શ્રીગોકુલધણી બોલ્યા વચન,
વચન બોલ્યા : હમ શ્રીગોકુલ છાંડીઐ કબહૂં નહીં.
શ્રીગોકુલ હમકૂં ન છાંડે, શ્રીગોકુલ ત્યાંહાં હમ જહીં.
અરૂ શ્રીગોકુલ તહાં હમ રહે, ગોકુલ રહે નહીં હમ વિના.
હમ ગોકુલ કે અરૂ હમારો ગોકુલ, પ્રીતિ બઢતી દિન

આવી રીતે સર્વનું સમાધાન કરી,

''એમ કરી અને ઘોં ઘોં ઘોં ઘોં નગારે બાજતે,
ભોજનોત્તર તે વિજય કર્યો ત્રૈલોક્ય માંહે ગાજતે. ૬૬૪
પરિવાર કુટુંબ ને જ્ઞાત ભટ ભાણેજ, વૈષ્ણવ સ્વજન તે કરી બહુ હેજ. ૬૬૫
ધોબી વારી સૂજી ને સુતાર, અહીર, લોહાર તંબોલી કુંભાર,
મોચી તેલી નાઉ અને રાજ, વેપારી આવ્યા લેઈ સાજ.

સહુ કારખાનાં છત્રીસે ખોંન, અઢારે વરણ સાથે થઈ છાંડી ભોંન.
પ્રસન્ન થઈ સાથે થયું ગામ, માંહા કોએ રહ્યું નહીં,
ઘર ભંડાર ને ખરિક બાગ ફૂલ્યા ભર્યા મેહેલ્યા અહીં. ૬૬૯''

આ પ્રમાણે ઉત્સાહ અને આનંદપૂર્વક બ્રહ્મકુંડ ઉપરથી મુકામ ઉઠાવી, શ્રીજી ત્રણ કોસ આગળ પ્રયાણ કરી શોકે ડેરો કર્યો. રઘુનાથદાસે ડેરાની સેવા ઉઠાવી લીધી અને એ કાર્ય પૂરું થતાં નિત્યનિયમ પ્રમાણે સેનભોગની તૈયારી કરી સર્વને મહાપ્રસાદ લેવરાવ્યો. બીજે દિવસે પ્રયાણ આગળ ચાલુ રાખ્યું. પ્રયાણમાં પ્રથમ ગાયો ને ગ્વાલ, એમની પાછળ ઘોડેસવાર અને એ પછી શ્રીઠાકોરજીનો સુખપાલ રાખ્યો હતો. પાલખી પાછળ વહુ બેટીજીની વાહિની અને એ પછી અધિકારી, મુખિયા, ભિતરિયા તથા વૈષ્ણવો ચાલતા હતા. ચાલતા નવારના તળાવ પાસે આવ્યા એટલે શ્રીજી એની પાળ ઉપર ઊભા રહ્યા. ત્યાં ગામના ભોમિયા દર્શનાર્થે આવ્યા. એટલામાં ૨૧ સવાર તથા ઘણા માણસો સાથે ગહુઓ જાટ આવ્યો એનું સંમાન કરી શ્રીજી બોલ્યા :

''અરે ગહુઆ, તું યો મતિ જાને, સંકટ પર્યો હે અરૂ જાતે હે છાને,
જાતે હે હમ હમારી ઈચ્છાએ, તાતે હમારો કોઉ આવે જાવે.
આવે જાય હમારો કોઈ તાતે એસી કીજિયે,
વસ્ત્ર સામગ્રી શું આવે, ઉનકી કછુઅ ન લીજિયો. ૭૨૫
ત્યારે તેણે અનેકભાંતિસું, સ્તુતિ કરી સહિત વિનંતી કરી,
મહારાજ, તેનાં ઘણાં વાનાં, હું કરીશ માથે ધરી. ૭૨૬
સાક્ષાત્ ઈશ્વર છો તમો, અને હું એવું કરું આંહાંથી,
એવી દૃષ્ટિતેહો ઉપર કરું તો મારું ભલું થાય કાંહાંથી. ૭૨૭''

આવી રીતે સ્વરૂપબલે એને દીન બનાવી, પ્રસાદ બીડાં આપી વિદાય કર્યો.

શોકથી વિજય કર્યા પછી આઠ કોશ એહલપોર આવ્યા એટલે ત્યાંના ભોમિયા અરજુને તળાવ ઉપર ડેરો કરાવ્યો. ત્યાં પણ

''ચોર હતા તે રખવાલ, એવા પ્રતાપક ગોકુલપાલ. ૭૪૫
જેને તાપે તાપવાન તાપે, સ્વકીયને અમિત સુધા સુખ આપે.''

અત્રે તળાવ પર ડેરા કરી સર્વ જણે રસોઈ શરૂ કરી. આ મુકામે અર્જુને જોઈતી સર્વ સગવડ પૂરી પાડી તથા રાતે પણ ચોકીની સેવા કરી આપને પ્રસન્ન કર્યા.

બીજે દિવસે ગંભીરે થઈ, અકબરપોર વટાવી ચંદ્રતાલ ગયા અને ત્યાં તળાવ પર મુકામ કર્યો. ત્યાં ગંભીરાનો આલમરાય મળવા આવ્યો એનું સમાધાન કર્યું. એની સાથે એક ડુમણી હતી એ ગાવામાં સુઘડ હતી. એનું ઢોલક સાથેનું ગાન શ્રીજીએ પણ સાંભળ્યું. ત્યાંથી ઢોલણે જતાં માર્ગમાં આસપાસના ભોમિયા લશ્કરના શકથી પોતાનાં માણસો એકઠાં કરી સામા લડવા આવ્યા, પણ જ્યારે લશ્કરને બદલે શ્રીજી પધારે છે એમ જાણ્યું ત્યારે આપને આવી મળ્યા અને પગે લાગી ક્ષમા માગી. આપશ્રીએ પણ એમનું સંમાન કરી વિદાય કર્યા. ઢોલણેથી કાલીનદી ઊતરી, ગંધેરી

થઈ આગળ ચાલ્યા. માર્ગમાં ચંબેલીનો એક કૂપો ગાડીમાં મૂક્યો હતો એ છલકાયો અને એની સુંગધ દશે દિશાએ ફેલાઈ એ ઉપરથી આજુબાજુના લૂંટારાઓએ ધાર્યું કે કોઈ અમીર ઉમરાવ જાય છે. એમ જાણી લૂંટવાને દોડી આવ્યા, પણ શ્રીજીનું નામ સાંભળી લજવાઈ ગયા અને ક્ષમા માગી પાછા ગયા.

ત્યાંથી આગળ ચાલતાં સંવત ૧૬૭૮ ના માગસર સુદિ ૬ ને સોમવારે દોઢપોર દિવસ ચઢ્યે

"સમુદાય જુત શ્રીમહાપ્રભુ, ઘોં ઘોં નગારે વાજતે,
સોરમમાં પાઉધારિયા, તે જગતમાંહાં ગાજતે. ૮૧૩
જ્યાંહાં શ્રીજી પોતે આગળથી, ઘોડો ચલાવીને અહીં,
સર્વત્ર સ્થળ જોઈ વળ્યા, પણ ક્યાંહુ મન માને નહીં. ૮૧૪
એક ત્યાં સોરમથી દક્ષિણે, વનતે અમરાઈ તણું,
તે મહા ભાયેગવાન સ્થળ, અતિ રમ્ય ને સુંદર ઘણું. ૮૧૫
તેહ ચિત્તમાં આવિયું, વેગળાં જળ તે ત્યાંહાં,
અને નિકટ ત્યાં કરાડો મોટો, મહા દુર્ઘટ વચમાંહાં. ૮૧૬"

આવી રીતે જો કે આપને જગા તો પસંદ પડી પણ વચ્ચેનો કરાડો ખોદી, ગંગાજીમાં નાખી દઈ ત્યાં પાટ બનાવાય તો યોગ્ય જોગવાઈ બને એમ હતું તેથી આપે વિચાર પ્રસિદ્ધ કર્યો એટલે

"એટલું કહેતા પહોરુવા ઓડ, ગાડીવાન ને માણસ જોડ. ૮૧૯
સહસ્રાવધિ પાવડા લઈ આવ્યા, ઊભાં ઊભાં ઘાટ સમરાવ્યા. ૮૨૦
સમરાવ્યાં તેનું નામ ગોકુલઘાટ, સહુ કોઈ કહે,
અને વૈષ્ણવ વલ્લભઘાટ કહે છે, જગત સહુ એહ લહે. ૮૨૧"

આવી રીતે જોતજોતામાં કરાડો તોડી નાખી ગંગાજીમાં જવાનો રસ્તો બંધાવ્યો અને પછી અમરાઈ વનમાં મુકામ કર્યો.

"વળતા તે ઠામોઠામ ડેરા કીધા ચિત ધરી,
રસોઈ, બેઠક, સેનમંદિર, સેવાસ્થળ રચના કરી. ૮૨૩
તે ઘાટથી જલ આણિયાં, રસોઈ ચાલતી થઈ."

શ્રીજીના સોરમ પધાર્યાની ખબર પડતાં આવેરનો શ્યામદાસ જે સોરમનો જાગીરદાર હતો તેની મા પાલખીમાં બેસી દર્શન કરવા આવી તથા ડુંગરજી શકદાર પણ આવી પહોંચ્યો. આ સિવાય ગામના લોકો તથા કાનૂગો અને ચોધરી વગેરે આવ્યા. સર્વનો યોગ્ય સત્કાર કરી મંદિર વગેરેની યોગ્ય ગોઠવણ થઈ રહેતાં આપશ્રી ગંગાસ્થાને પધાર્યા.

સ્નાન કરી આવ્યા પછી સેવા વગેરેથી નિવૃત્ત થઈ રાતે ત્યાં જ રહ્યા. બીજે દિવસે માગસર સુદિ ૭ નો ઉત્સવ હતો તેથી પ્રાતઃકાલે વહેલા ઊઠી આપશ્રીએ તમામ વૈષ્ણવો સાથે ઉત્સવ કર્યો. આ ઉત્સવમાં ભરૂચના લીંબજીભાઈ, ખંભાતના માધવજી પારેખ તથા ગોપાળદાસ, વસોઈયા દેવજીભાઈ, સોજિત્રાના મેઘાભાઈ,

ગોપાળદાસ સુતાર વગેરે વૈષ્ણવોએ મુખ્ય ભાગ લીધો હતો. ત્યાં આવેલા કવિજનોનો પણ સારો સત્કાર થયો હતો. એમાંના ગુણસાગર નામના કવિએ ગાયું કે,

''જો રાખત નાંહીં ગોકુલનાથ તો માલા રેહેત કયાં હાથ ।।''

નીચેના ભક્તજનોએ મુખ્ય ભાગ લીધો હતો :

''કીષ્ન સામલ નાથાભાઈ હરિભાઈ;
કુટુંબ સિહત શ્રીઅંગ સુખદાઈ. ૮૪૯
કેશવદાસ નારાયણજી જેહ, કેશવજીભાઈ કહીએ તેહ. ૮૫૦
રઘુનાથદાસ રતનજી વહોરો, મોરારજી ને હરિદાસ જલભરો.
ન્યાલચંદભાઈ કંબોનામ, લીંબો ભરૂચનો તેણે ઠાણ. ૮૫૨

એ સિવાય પુરુષોત્તમદાસ, વિષ્ણુદાસ, મોટાભાઈ, માવજી, ખંભાતના માધવજી પારેખ ને ગોપાલદાસ, ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ, કહાનદાસ, દેવજીભાઈ, મેઘો સોજિત્રી, રહિયો, જેસો રાજપૂત, વહાલો ગોવાળ, ગિરધર દરજી, વડોદરાનાં વહાલાંબાઈ, ગોધરાનાં રાજબાઈ, ધોળકાનાં નાગબાઈ તથા ગંગાબાઈ, ઉજ્જૈનનાં જમુનાંબાઈ, દાદી મેઘલદે કપડવણજી, પદ્મા વગેરે ભક્તજનો પણ ભાગ્યશાળી થયાં હતાં.

આ ઉત્સવે તો શ્રીજી પોતાના ભક્તજનોને પોતાને ત્યાં જ પ્રસાદ લેવરાવતા અને અત્રે તો ભિતરિયા વગેરેની પૂરતી જોગવાઈ ન હોવાથી પરિવાર સહિત પોતે આખી રાત જાગી, સામગ્રી તૈયાર કરી, પછી રાજભોગ સરાવી કુટુંબસહિત ભોજન કર્યું અને વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવ્યો. ભોજન પછી ભેટ-પહેરામણી થઈ અને આવેલા કવિજન તથા બંદીજનોએ અનેક કવિત્તો ગાઈ આપને રીઝવ્યા. એ પ્રસંગે ગવાયેલાં કેટલાંક કવિત્ત તથા ધોળ :

પદ : રાગ - મારુ

''યહ મારગ સર્વોપર શ્રીવલ્લભ તુલસી - માલકો,
જુગ જુગ આદિ ચલ્યો આયો હરિમંદિર તિલકે સુભાલકો. ૧
મહાપ્રભુ શ્રીકંઠ મધ્યે રાખી નિજસંગે,
કીવો દૃઢ અંગીકાર રાજત શ્રીઅંગે, ૨
હુકમ ભયો જહાંગીરકો : તુલસીમાલ ઉતારો,
બહુ મોલિક કંઠાહાર મુક્તા માનિક ક્યોં ન ધારો. ૩
મહાપ્રભુ અતુલ પ્રતાપ સહિત કહ્યો ભાવે,
કૌસ્તુભ મનિનકી માલ, તુલસી સમ ન આવે. ૪
તુલસીમાલ પરમ ધર્મ, યાકે સબ પાછે,
ભુખનસિંગાર હેત કરો કોઉ આછે. ૫
ભુવ પર મહાત્રાસ ભયો વ્રજમંડલ ભારી,
મહંત બડે સ્વામિન મિલી સબન માલ ઉતારી. ૬
શ્રીવિઠ્ઠલ-ધર્મ પૂત ભયો શ્રીગોકુલનાથ,
માલતિલક-ધર્મ જાત રાખ્યો, અપને હાથ. ૭

સન્મુખ હવે હે કિયો સહાઈ, સબકે ત્રાસ નિવાર્યો,
વલ્લભદાસ-પ્રભુ અપને બલતે ધર્મ ઉદ્ધાર્યો. ૮''

પદ : રાગ - કાન્હરો

''અધમ-ઉદ્ધારન તુમ નામ વલ્લભ, ભક્તિપેજ પ્રતિપારન;
તપસિ ત્રાસનિવારન દુષ્ટસંઘારન કારન - તિલકમાલ-ઉરધારન. ૧
માનની-માન-નિવારન, રસિક-શિરોમની રસ-સંચારન,
કીરતિ ઉજ્જ્વલ જગવિસ્તારન;
વૃંદાવન ગોકુલપતિ નાગર પ્રગટે નિજજન કારન. ૨''

કવિત્ત ૧

''શાહ કહી સો તેં ન કરી સો વેદ પુરાનન ભાખી;
માલતિલક જનેઉકે કારન, એડન પેંડન નાખી.
શ્રીપત કહે જહાંગીરકે ખાન, જે તે ઉમરાવ તે તે સબ સાખી;
શ્રીવિઠ્ઠલનાથજુકે શ્રીગોકુલનાથજુ, સબ હિંદુનકી પત રાખી.''

કવિત્ત ૨

''મત જાનો ખ્યાલ શ્રીગોકુલનાથજીકી માલા હે.
વખાનીહુ વેદ મરજાદહુ વખાની હે,
ડારે ગુદી બીચ માલા અમૃત રસાલા હે,
બુલાયે જહાંગીરને જાયકે જુવાબ દિયો,
હિંદુકી હદ રાખી, શ્રીગોકુલનાથ પ્રતિપાલ હે.
પ્રાનનાથ કહે બાત, સુનો સબે કાન દે,
મત જાનો ખ્યાલ, શ્રીગોકુલનાથજીકી માલા હે.''

કવિત્ત ૩

''ગોકુલકા ફકીર દેખો આયે કોન ભાવસે,
તે ડારે ગુદી બીચ ગુંજ ઓર વનમાલા હે.
માંગતા હુ માલ વે દેતાં હે જીવકૂં,
કરે યાદ સાઈકું સંગ નંદલાલા હે.
હુઆ હે નીડર મેં તો દેતા હું દુસાલા,
મેરે માલા બંદ ઓર ગેરહે સાલા,
પ્રાનનાથ બાત કહે સુનો સબે કાન દે,
મત જાનો ખ્યાલ શ્રીગોકુલનાથજીકી માલા હે.''

કવિત્ત ૪

''ટેકકી ટેકકી ટેકકી રે, ગિરિ ટેક ટરે તો ટરે ધ્રુવ તારો;
શ્રીગોકુલનાથજુ માલા તજે તો, શેષ ન શીષ ધરે ભૂ-ભારો.
પોન થકે તો થકે તો થકે, વ્રજકોપન કોન કરે મહીમેંતન્યારો;
શ્રીવલ્લભવંશ વિહારી કહે, કવિ જાગત હેં જગમેં જશ થારો.''

કવિત્ત ૫

''શેષ સુરેશ દિનેશ કહે સુનહી શાહે ગોકુલકી રાજધાની,
ચિદ્રૂપતેં બે ગરજ્યો વ્રજમેં દ્વિજરાજ કરી સો તીહૂં પુર જાની.
તોપેં યહ બાત કરી કલ્યાન મહીપતિ આગેજી જાય બખાની,
આજ અબ યહ મંડલમાં જ રહ્યો, મુખ શ્રીગોકુલનાથકે પાની,
ત્યાંહાં ગુણસાગરે કહ્યું કવિત્ત અનુરાગે, ભયો વિવાદ છત્રપતિ આગે.''

પણ એ શ્રીજીને પસંદ ન પડવાથી તાત્કાલિક બીજુ કવિત્ત ગાઈ આપને રીઝવ્યા :

''જો રાખત નહિ ગોકુલનાથ તો માલા ક્યોં રહેતી હાથ.''

આવી રીતે આનંદપૂર્વક સુદિ સાતમનો ઉત્સવ પૂર્ણ થયો.

૧૪. સોરમ-વાસ

ઉત્સવમાંથી નિવૃત્ત થતાં શ્રીજીએ શ્રીઠાકોરજીને માટે સેવામંદિર, રસોઈઘર, જલઘર, શયનમંદિર વગેરે તથા વહુ, બેટીજી, બાલકો તેમજ સેવક ચાકરો વગેરે સર્વને માટે શ્રોગોકુલની માફક આવાસ તૈયાર કરાવ્યા. એ સિવાય હયશાળા, ગૌશાળા, ભંડાર વગેરેની પણ નૌતમ રચના કરાવરાવી. આ સિવાય પણ વૈષ્ણવ, બાલક, ભટ્ટ વગેરે જે કોઈ પોતે આવાસ તૈયાર કરી શક્યા નહિ એમને માટે પણ શ્રીજીએ સર્વ વ્યવસ્થા કરાવી આપી. આવી રીતે એક સુંદર શહેર જેવી રચના રચી શ્રીજી ત્યાં બિરાજ્યા. આ વિશે પ. ભ. ગોપાલદાસજી કહે છે કે,

''જ્ઞાત વર્ગ સહુ સગા સંબંધી તેની લીધી તે સંભાલ,
જેને જે જોઈએ તે તેહને, પૂછી પૂછી આપ્યું તતકાલ. ૧૦
નિવાસ નિરુપમ સ્થાપન કરવા, બાખર બહુય બંધાવી,
સુખનિધિ મુખસંપન્ન કરી, કર્યો વાસ સહુ મન ભાવી. ૧૧
બાખર પ્રતિ બાખર જાવાની, સુંદર સુશોભિત વાટ,
શ્રીગોકુલ અનુહાર કર્યો, એક વિલસવા વલ્લભઘાટ. ૧૨''

આવી રીતે સાથેના સર્વ માણસોને રહેવા માટે મન-માનતી ગોઠવણ કરાવી શ્રીજી પોતે તમામ સમૃદ્ધિ સહિત અત્રે રહ્યા. એ જોઈ ગામના લોકે આપને વિનંતી કરી કે આવા જંગલમાં સમૃદ્ધિ સાથે રહેવું એ જોખમ ભરેલું છે.

ત્યારે આપશ્રીએ કહ્યું કે

''હમારો કબહુ કોઉ કાહુ, કછુ લે જાવે નહીંઅ. ૧૬
મોહોવાસી હિંદુ હૈ હે, જો હિંદુ હે તો ચિંતા નાહે.

પણ એ જ રાતે ગાડીનો એક બળદ ગૂમ થયો અને તરત બૂમ પડી એટલે પહોરુવા પાછળ દોડ્યા, પણ ચોર પકડાયો નહિ.

''ચોરે જઈ અને એમ વિચાર્યું, એહની કોણ કરશે સંભાળ,
એમ મન માંહાં આઈ, આઈ, વીસ વરસનો બેટો મરી ગયો તત્કાળ. ૧૯
તે સર્વ મોહોવાસમાં સઘળે, એમ સોર પડ્યો ત્યાંહાં તેહ,
જે ધર્મકે રક્ષક એહનાસૂં, અપરાધ કિયે ભયો એહ. ૨૦
અરૂ અપનો દેશ પ્રલે હોયગો, તે સર્વ મલી કહાવ્યું આમ,
જે તુમારો બેલ જાવે નહિ, ઘર બેઠે આવેગો ધામ. ૨૧
તે ચોથે દાડે રાતમાંહાં, આવીને ડેરા કેરે પાસ,
એક રૂખે બાંધી ગયા, તે બળદને જોઈ અવકાશ. ૨૨''

ભવભયહરણ શ્રીજીએ પોતાના સાથમાંના સર્વને નગરવાસીઓના કહેવાથી ભય ઊપજે એમાંથી મુક્ત કરવા એ પ્રતાપ જણાવ્યો, નહિ તો એ પહોરુવા આગળ ચોર ચોરી કરી કેમ શકે ?

''અને અહીંની અંગીકૃત વસ્તુ સહુતે અન્યત્ર અન્યથા નહિ થાએ.''

એટલે કે જે વસ્તુનો અંગીકાર કર્યો તેનો ઉપયોગ બીજો કોઈ કરી શકે જ નહિ.

પછી જેમ જેમ આસપાસનાં ગામોમાં આપનો યશ વિસ્તાર પામતો ગયો તેમ તેમ ત્યાંના ભોમિયા આપને પોતાના ગામમાં પધરાવવાને આવવા લાગ્યા અને

''વિનંતી કરી કહે મહારાજ, હમારે ગામ પધારો આજ. ૩૪
ન્યારી એક ગઢી કરીશું ત્યાં, રહેજો રાજ કરી વાસ,
ભય કહેનો લાગે નહીં, અમો રહીશું સૌ કોઈ પાસ. ૩૫''

એ સર્વનો સત્કાર કરી, એમનું યોગ્ય સમાધાન કરી આપ એઓને વિદાય કરતા. આ મહેવાસીઓ સિવાય આપે શ્રીગોકુલથી પ્રસ્થાન કર્યું એ વાત જ્યારે બુંદીના રાય રતન હાડે જાણી ત્યારે પોતાને ત્યાં આપને પધરાવવા વિનંતી લખી મોકલી

''આ રાજ્યનો તે ઠોર તે મેહેલીને, રાજ પાઉધારો છો બીજે ઠોર,
એહ ઘટે નહિ રાજને, શ્રીરાજ છો સર્વેશ્વર શિરમોર. ૪૪
હવે વેગા થઈ વિનંતિ અવધારીને, મહારાજ, અનુગ્રહ અર્થ,
માહારે માથે પાઓધારજોજી, રાજશ્રી સહુ કરણ સામર્થ. ૪૫''
અમારી રજપુતાઈ રાજને, ઉપજોગ ન આવે જો આજ,
તો એ પછે શા કાજની, અને આવશે કીહે કાજ. ૪૬''

આવી રીતે ઠામેઠામથી આપશ્રીને પધરાવવા માટે વિનંતીપત્ર તથા માણસો આવ્યાં, પણ એ સર્વનું યોગ્ય સમાધાન કરી તથા ઉત્તર આપી વિદાય કર્યા. પછી દસમે પંચતીર્થ અને એકાદશીએ અષ્ટતીર્થ પધાર્યા. બીજે દિવસે (માગસર સુદિ ૧૧) વારાહક્ષેત્રનું માહાત્મ્ય હોવાથી તથા શ્રીજીને ત્યાં પધારેલા જાણી ઘણા લોકો ભેગા થયા અને માલાના રક્ષકનાં દર્શન કરવા લાગ્યા, તેથી ત્યાં ભીડ ઘણી થઈ ગઈ અને નિકટ આવી આપનાં દર્શન થતાં નહિ. વળી અધૂરામાં પૂરું શ્રીજી ઘણી ઝડપથી ચાલતા એટલે ઘણાઓની દર્શનની અભિલાષા નિષ્ફળ થતી.

''તેણે સમે સર્વકો વલવલે ને ઘણું કહે ગોકુલનાથકે દરશન પાઉં,
અરે ગોકુલનાથકા દરશન પાઉં, કહો કેસે પાઉં કહાં જાઉં.''

લોકોનો બડબડાટ સાંભળી કલ્યાણરાયે પાછળથી આવતા શ્રીજીને બતાવ્યા. એ ઉપરથી

''સર્વકો શ્રીજીનાં દર્શનને, અરડાઈ પડે રોકે વાટ,
ત્યારે મોરારજીએ માર્યો કોઈ, શ્રીજીના સૌકર્ય માટ. ૫૫

ભવભયહરણ શ્રીજીએ પોતાના સાથમાંના સર્વને નગરવાસીઓના કહેવાથી ભય ઊપજે એમાંથી મુક્ત કરવા એ પ્રતાપ જણાવ્યો, નહિ તો એ પહોરુવા આગળ ચોર ચોરી કરી કેમ શકે ?

''અને અહીંની અંગીકૃત વસ્તુ સહુતે અન્યત્ર અન્યથા નહિ થાએ.''

એટલે કે જે વસ્તુનો અંગીકાર કર્યો તેનો ઉપયોગ બીજો કોઈ કરી શકે જ નહિ.

પછી જેમ જેમ આસપાસનાં ગામોમાં આપનો યશ વિસ્તાર પામતો ગયો તેમ તેમ ત્યાંના ભોમિયા આપને પોતાના ગામમાં પધરાવવાને આવવા લાગ્યા અને

''વિનંતી કરી કહે મહારાજ, હમારે ગામ પધારો આજ. ૩૪
ન્યારી એક ગઢી કરીશું ત્યાં, રહેજો રાજ કરી વાસ,
ભય કહેનો લાગે નહીં, અમો રહીશું સૌ કોઈ પાસ. ૩૫''

એ સર્વનો સત્કાર કરી, એમનું યોગ્ય સમાધાન કરી આપ એઓને વિદાય કરતા. આ મહેવાસીઓ સિવાય આપે શ્રીગોકુલથી પ્રસ્થાન કર્યું એ વાત જ્યારે બુંદીના રાય રતન હાડે જાણી ત્યારે પોતાને ત્યાં આપને પધરાવવા વિનંતી લખી મોકલી :

''આ રાજ્યનો તે ઠોર તે મેહેલીને, રાજ પાઉધારો છો બીજે ઠોર,
એહ ઘટે નહિ રાજને, શ્રીરાજ છો સર્વેશ્વર શિરમોર. ૪૪
હવે વેગા થઈ વિનંતિ અવધારીને, મહારાજ, અનુગ્રહ અર્થ,
માહારે માથે પાઓધારજોજી, રાજશ્રી સહુ કરણ સામર્થ. ૪૫''
અમારી રજપુતાઈ રાજને, ઉપજોગ ન આવે જો આજ,
તો એ પછે શા કાજની, અને આવશે કીહે કાજ. ૪૬''

આવી રીતે ઠામેઠામથી આપશ્રીને પધરાવવા માટે વિનંતીપત્ર તથા માણસો આવ્યાં, પણ એ સર્વનું યોગ્ય સમાધાન કરી તથા ઉત્તર આપી વિદાય કર્યા. પછી દસમે પંચતીર્થ અને એકાદશીએ અષ્ટતીર્થ પધાર્યા. બીજે દિવસે (માગસર સુદિ ૧૧) વારાહક્ષેત્રનું માહાત્મ્ય હોવાથી તથા શ્રીજીને ત્યાં પધારેલા જાણી ઘણા લોકો ભેગા થયા અને માલાના રક્ષકનાં દર્શન કરવા લાગ્યા, તેથી ત્યાં ભીડ ઘણી થઈ ગઈ અને નિકટ આવી આપનાં દર્શન થતાં નહિ. વળી અધૂરામાં પૂરું શ્રીજી ઘણી ઝડપથી ચાલતા એટલે ઘણાઓની દર્શનની અભિલાષા નિષ્ફળ થતી.

''તેણે સમે સર્વકો વલવલે ને ઘણું કહે ગોકુલનાથકે દરશન પાઉં,
અરે ગોકુલનાથકા દરશન પાઉં, કહો કેસે પાઉં કહાં જાઉં.''

લોકોનો બડબડાટ સાંભળી કલ્યાણરાયે પાછળથી આવતા શ્રીજીને બતાવ્યા. એ ઉપરથી

''સર્વકો શ્રીજીનાં દર્શનને, અરડાઈ પડે રોકે વાટ,
ત્યારે મોરારજીએ માર્યો કોઈ, શ્રીજીના સૌકર્ય માટ. ૫૫

કહ્યું એમ ઉપરાઉપરી, તમો અરડાઈ પડોછો શું આંહાં,
વાટે ચાલી શકાતું નથી, એમ ઘસીને જાશો તમો કાંહાં. ૫૬
ત્યારે મોરારજીને ખીજ્યા પ્રભુ, કહ્યું વરજે મતિ, આવન દે,
અહીંઅ એનો આશય એ, કેહને દર્શનમાં અંતરાય નહીંય. ૫૭
પ્રભુનું પ્રાગટ્ય જગતને, દર્શન આપવા અર્થ,
તો તેમાં વિઘ્ન એ ભાંત કો, શા માટે કરે છે વ્યર્થ. ૫૮''

આ પ્રમાણે સર્વની દર્શન-અભિલાષા પૂર્ણ કરી, શ્રીજી આદ્યવરાહે થઈ મુકામ પર પધાર્યા. ત્યાં દર્શનાર્થે આવેલાં સર્વનું સમાધાન કરી, ફલાહાર લઈ શ્રીજી પોઢ્યા. એ દિવસે લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે આવતાં હોવાથી આપને પોઢવાનું મોડું થયું હતું તેથી આવનારાંઓની પરીક્ષાર્થ પ્રભુ પોઢ્યા અને જે લોકો આવે તેમને ઉત્તર દેવાને ભિતરિયાને શીખવીને બેસાડ્યો કે,

''તું મોઢેથી બોલીશ માં કાંઈ, જાઓ કહેજે હાથની સાન,
ને મોઢે તું હું હું કરજે તે ત્યમ જ કર્યું, પણ કો નહિ માને. ૬૮''
અને એઓ કહેવા લાગ્યાં કે
''ઓ સબનકૂં દર્શન ભયો અરૂ હમકો દર્શન ભયો નાહીં,
પેં વિનુ દર્શન જાએ નહીં, જોંલો દેગેંગે તોલોં રહેગેં યાંહી. ૬૮
કો અબ હમકૂં કછુ કરો, મારી ડારો વિનુ કામ,
ઓ પુરુષકે દરશન કિયે વિના, હમ ક્યાંહૂ ન જૈયે ફીરી ધામ. ૬૯
પછી કરુણાસાગર આરતહરણ, વિશ્વના હરણ પરિતાપ,
જગત કૃતાર્થે કૃત્યે વિશ્રામ કરી, દર્શન દેખાડ્યું આપ. ૭૦''

આ પ્રમાણે વિલંબ કરેલો પણ સાચી આર્તિ અને ટેક જોતાં કૃપાળુએ કૃપા કરી દર્શન આપ્યું અને પછી સર્વ પોતપોતાને સ્થાને ગયાં.

પછી ઉત્થાપન સમયે એક વખતે શ્રીજી પ્રસન્નતામાં બિરાજ્યા હતા એવામાં અમરાઈ વનમાં આપે મુકામ કર્યો હતો ત્યાંનો મોકાતી (મકાતી-ઈજારદાર) આપની પાસે આવ્યો અને કહેવા લાગ્યો : મેં આ વન ઈજારે રાખ્યું છે અને આંબા નીચે આપ અને આપના માણસોની રસોઈ થાય છે એના ધુમાડાને લીધે હવે મોર બેસશે નહિ તો પછી હું હાકેમને ઈજારાના રૂપિયા કેવી રીતે આપી શકીશ ? માટે આપ અહીંથી મુકામ ખસેડવા મહેરબાની કરો ત્યારે શ્રીજીએ એને ઈજારાના પૈસા પોતે આપવા કબૂલ કરી એનું મન મનાવી વિદાય કર્યો.

મિરજાપુરના ગુરાહર પ્રહ્લાદે અને અર્જુનપુરના મોહનરાયે શ્રીજીના સોરમ પધાર્યાના સમાચાર જાણ્યા ત્યારે માગસર સુદિ ૧૩ ના રોજ ઘણા લોક સાથે આવી નામ પામ્યા :

''પછી સેવાની વિનતી કરી કહ્યું, મહારાજ, દ્યો અમને કામ. ૮૨
ઘાસ કાઠી રાજની માહારે કાજે આણી અને ચિત્ય,

ગાડીઓ સહુ ત્યાં મોકલો, જે જોઈએ તે મંગાવો નિત્ય. ૮૩
ભોમિયા માત્ર દાસ થઈ રહે દેશ સર્વે પ્રતાપ બલે ત્યાંહાં,
નિષ્કંટક નિર્ભે કર્યો તે પધારીને સોરમ માંહાં. ૮૫
જે સોરમની ગાયો ચરવાને બાહેર નીસરી શકતી નહીંય,
તે ઠાકોરની ગાયો સાથે, સુખે ચરવા આવે છે અહીંય.''

ઉપર પ્રમાણે પ્રહ્લાદ અને મોહનરાય શ્રીજીને જોઈતાં ઘાસ કાઠી પૂરાં પાડતા. એમને એમના ભાઈબંધ ભોમિયા જે શ્રીજીના વૈભવનો દ્વેષ કરતા એઓએ એમની હાંસી કરી કે શ્રીજીની આટલી ગાડી જ્યાં જશે ત્યાં સર્વદેશ ઉજ્જડ થશે,

''ત્યારે તેણે ઉત્તર દીધો, એ આવશે ત્યાંહાં થાશે કલ્યાણ,
અને એહોને ત્યાં એમ જ હવું, અનુભવસિદ્ધ પ્રમાણ. ૮૯''

માગસર સુદિ ૧૫નું ચંદ્રગ્રહણ હોવાથી શ્રીજીએ ગંગાસ્નાન કરી ઘણું દાન આપ્યું.

સોરમમાં સઘળી વ્યવસ્થા પૂર્ણ થઈ રહેતાં શ્રીજીએ શ્રીગોપાલ અને વિઠ્ઠલરાયજીને શ્રીગોકુલ મોકલ્યા અને પોતાના જે જ્ઞાતિજનો રહ્યા હતા એમની સંભાળ લઈ એમને જે કાંઈ જોઈતું કરતું હોય તે આપવા માટે કહ્યું. વળી એમને એવી પણ સમજૂતી આપી કે કદાચ કોઈ સંકોચને લીધે લેવાની ના પાડે તો બીજાનું કરજ કરતા હોય એને બદલે એમનું કરજ કાઢે એમ સમજાવવા, તેથી એ બંને ભાઈએ શ્રીગોકુલ આવી આપની આજ્ઞા પ્રમાણે જે જે જોઈતું હતું તે અપાવ્યું.

''એણે પ્રકારે આનંદસું, કરતાં સહુનાં પોષણ અને ભરણ,
સોરમ માંહે વિરાજે છે એ જગતપૂજ્ય જગત-આભરણ.''

આ પ્રમાણે જ્યારે ચિદ્રૂપ શ્રીજી સાથે કોઈ પણ રીતે ફાવી શક્યો નહીં અને સોરમ જવા સંબંધમાં પણ ઊલટો શ્રીજીનો હાથ ઉપર રહ્યો ત્યારે એણે આપને ત્યાં કોઈ પણ રીતે હેરાન કરવા વિચાર કર્યો, તેથી એણે સોરમના હાકેમ ઉપર પત્ર લખ્યો કે ગોકુલનાથજી અહીંયાંથી રિસાઈને સોરમમાં આવ્યા છે માટે એમને ત્યાં કોઈ પણ મનુષ્ય ગામમાંથી સીધું વગેરે આપે નહિ એવો પાકો બંદોબસ્ત કરજે, જે પ્રમાણે તે દુઃખી થાય તે પ્રમાણે સઘળી તજવીજ કરવી.

'અને જો મારે કહેથી, એટલું કરશે નહીં જો આજ,
તો તાહારું કીધું તું પામશે, ને પાદશાહજીશું છે કાજ.
તે સંન્યાસીના લખ્યા ઉપરે, ભય પામીને ઘણો મન માંહાં,
હાથીએ બેસીને આવિયો, શ્રીપ્રભુ બેઠા છે જ્યાંહાં. ૧૧૮''

હાકેમે ત્યાં આવી કહ્યું કે સંન્યાસીએ મને આપને અત્રે નહિ રહેવા દેવા માટે પત્ર લખ્યો છે માટે અત્રેથી બીજા ગામમાં જઈ રહો, ત્યારે આપે જવાબ આપ્યો કે

''હમ કહા સંન્યાસી કે કહે રહે, પાદશાહકૂં કહે કે ઈહાંહી,

અરૂ હમારી ઈચ્છા એ રહેત હે, તેરે કહે જાયેગે નાહીં.
ત્યારે તેણે કહ્યું, મહારાજ, કહત હો સો તો ચઢાયો શીશ;
પૈં સંન્યાસીએ હઠ કિયે લીખ્યો હે કરેગો મો પર રીસ.
ત્યારે જગત શિક્ષક એમ બોલિયા, કહા રીસ કરેગો યા માંહીં.
તું કહિયો, ઉનસું મેં કહ્યો પૈં ઉન કછુ માન્યો નાહીં.''

શ્રીજીનો ઉત્તર સાંભળી હાકેમ પાછો ગયો અને ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે શ્રીજીના કોઈ પણ માણસને ગામના કોઈ પણ માણસે એક શેર અન્ન સરખું પણ આપવું નહિ અને જે કોઈ હુકમનો અનાદર કરશે તેને સખત શિક્ષા કરવામાં આવશે, તેથી આપશ્રીની સાથેના માણસો જ્યારે દાણા વગેરે લેવા ગામમાં ગયા ત્યારે એમને કોઈએ કાંઈ આપ્યું નહિ. જ્યારે આપશ્રીએ આ સમાચાર જાણ્યા ત્યારે સૌને કહેવડાવ્યું કે જેને જે જોઈએ તે અમારે ડેરે આવી લઈ જવું. આ પ્રસંગ પ્રતાપબળે સોરમના એક ઉદ્યમ નામના વાણિયાએ આવી આપશ્રીને કહ્યું કે આપને તથા આપના માણસોને જે જોઈશે તે સર્વ હું પૂરું પાડીશ, તેથી એ દિવસે આવી દરેકને શું શું જોઈએ છે એની ખબર કાઢતો અને રાતે એ સર્વને ડેરે સઘળો સામાન નિયમસર પહોંચાડતો.

પણ આ પ્રમાણે લાંબો વખત નભી શકે નહિ તથા આપશ્રીએ વિચાર્યું કે સોરમનો હાકેમ ઢીલા મનનો હોવાથી સંન્યાસીથી ડરે છે અને એને અધીન વર્તે છે માટે એનો કાંય ઉપાય કરવો જોઈએ. એવો વિચાર કરી આપ્રે

''લશ્કરખાન કને મોકલ્યો રામશાહ પહોરુવો મહારાજે,
અને તેવો જ અનંતદાસ કાશ્મીરથી, સોરમનું લખ્યું લેઈ આવ્યો.
અને વારાણસીનું શ્રીહસ્ત-પત્ર ત્યાંહાં, હતું ને ફેરવીને લાવ્યો. ૧૩૧
સારંગદેવ આપતો નહોતો, આસફખાને ઝટકી અપાવ્યું,
એ બંને પત્ર શ્રીજીને આપ્યા, અને જે થયું મન ભાવ્યું.''

અનંતદાસના આપેલા બંને પત્ર વાંચી આપને ઘણો હર્ષ થયો અને પછી પોતે લખી આપેલો પત્ર પોતાની પાસે રાખી બાદશાહે લખી મોકલેલો પત્ર સોરમના હાકેમને જોવા મોકલાવ્યો.

''તે જોઈ ને ખીશી આયો ઘણું, તેહવે તો આગરેથી આંહાં,
લશ્કરખાનનું લખ્યું લેઈને, સ્વાર બે આવ્યા ત્યાંહાં.
તેમાંહે લખ્યું હતું, દેખિયો ઈહાં હે ગુંસાઈ ગોકુલનાથ,
કોઈ ભાંતિ દુખ પાવે નહીં, તે એસી કરિયો ઉન સાથ.
મેં એસી (સુની) હે જો તેં કછું કિયો હે ઈનસુ પરપંચ,
જો ઈહાંથે એ ઉઠી જાયગે કે દુઃખ પાવેગે જો રંચ,
તો તેરો કિયો તૂ પાવેગો, પાદશાહકૂં તૂ દેવેગો જુવાબ,
તેરી તૂ જાને મેં કહત હૂં, સંભાલે રહિયો તૂ આપ.''

લશ્કરખાનનો પત્ર વાંચી શકદાર (હાકેમ) વિચારમાં પડી ગયો. એક બાજુ લશ્કરખાનની બીક અને બીજી બાજુ સંન્યાસીની બીક. શું કરવું એ એને સૂઝ્યું નહિ. એને એની માએ આવી સ્થિતિમાં જોયો.

''ત્યારે કેશરીસંગની સ્ત્રીએ કહ્યું જે, પૂત મેં તું વરજ્યો તબહીંય,
જે એ બડે હે ઇનસું એસી કરીએ કબહુએ નહીંઅ.
તે કહેવા લાગ્યો, મેં જાન્યો જે ન કરું તો સંન્યાસી કાલ,
હઠ કરી કે પાદશાહપેં મેરી કઢવાવેગો ખાલ. ૧૪૦''

પછી એ ડુંગરસી શકદાર અને એની મા બંને શ્રીજી પાસે ગયાં અને આપને પગે લાગી કહ્યું કે અમારો અપરાધ ક્ષમા કરો.

''ત્યારે અજાતશત્રુ જીવાશય-જ્ઞાતા બોલ્યા, એહોના હિત કાજ. ૧૪૨
માન્યો હોય તો ક્ષમા કરું, તેરો અપરાધ માન્યો નાહીં;
કહા બિગાડ્યો હે તેં હમારો હમ તો રહેત હીહે યહાહીં. ૧૪૩
અહીં એહનું દીનાવ દેખી, અને દયા વેરો દીનતા જાણી;
અતિક્રમ ક્ષમા કરતાએ, ક્ષમા ભરે કહ્યું અતિ કરુણા આણી. ૧૪૪''

પછી શકદાર પ્રસન્ન થઈ પાછો ફર્યો અને વેપારીઓ પાસે આપશ્રીના મુકામે જ દુકાનો મંડાવી અને જે જોઈએ તે સર્વ ચીજ ત્યાં મળે એવો પાકો બંદોબસ્ત કર્યો.

''પ્રભાતે કો લેવા ગામમાંહાં જાએ,
ત્યારે સ્ત્રીઓ તેહને કહે ત્યાંહે;
ઇહાં કાહેકૂં લેન આએ, ઓતો હે તુમ્હારે ગોકુલ માંહે.''

આવી રીતે આપશ્રીના મુકામને લોકો 'ગોકુલ'કહેવા લાગ્યા અને અદ્યાપિ સુધી એ સ્થળને શ્રીગોકુળના નામથી ઓળખે છે.

''તે સ્થલની અનિર્વચનીય શોભા પરમ મહા શોભાયમાન,
ન્યારા ન્યારા ડેરા ને રાવટી, નહીં કો એહની સમાન. ૧૪૮
કીનાયત સમિયાના સુંદર, ફીરતી ઘેરે કટીધાન,
ઘર કડાની ભીંત તણાં, વાસ તો એટલો જે નહિ માન. ૧૪૯
જાણે મહા શ્રીનગર નિરુપમ, વસ્યું છે અનુપમ ઠામ,
આનંદ ઉત્સાહ સર્વ કોઈ ને, હસીય રહ્યું છે એ ગામ. ૧૫૦
સર્વકોએ ઠામ ઠામ થકી ડેરા સ્થલ જોવાને આવે. ૧૫૧
ત્યાં વેપારીના વેપાર થયા, ને ભિક્ષુક થયા ભાગ્યવાન,
મજૂર મજૂરી કરતા કરતા, હવા તે ગ્રહસ્તી સમાન. ૧૫૩
પોતાના પરિકરને પણ કાંઈ પ્રસ્થાન સરખું લાગ નહીંઅ;
સર્વ કો પરમ કલ્લોલ કરે, ઉઘાડા ભંડાર રહે અહીંઅ. ૧૫૫
એક પાસ કણ તણી રાશ, એક પાસ ગોખની રાશ,
એક પાસ ઘીનો કૂપ, અને પ્રસાદી ભંડાર ત્યાં ૧૫૫

ભિતરિયા જલઘરિયાઓને, જે જોઈએ તે હાથે લેઈ ખાય,
સર્વ કો શરીરે પુષ્ટ થયા, સહસા ઓળખ્યા નહીં જાય. ૧૫૬
શ્રીગોકુલનાથી સર્વને, દ્વિ ગુણો થયો તે આહાર.''

શ્રીજીના કાશ્મીરથી દિગ્વિજય કરી, પાછા આવી સોરમમાં રહ્યાના સમાચાર જાણ્યા એટલે દેશ-પરદેશથી દર્શનાર્થે અનેક લોક આવવા લાગ્યા.

''માલજી પંચોલી કેટલાએ સાથસું, સકુટુંબ આવ્યા એણે ઠામ,
ગાંગજી ગોવિંદદાસ ને એઓની મેહેતારી કુંવરબાઈ નામ.
નાહની વહુ ધનરાજબાઈ તાપીપોરથી આવ્યાં એહ;
માવજી શ્રવણી ને રામા પારેખ, રાઘવજી ચાંગજી આવ્યા તેહ. ૧૬૩
વિષ્ણુજી ભાઈ મહાભાગ્ય રાશ, રતનબાઈને લઈ અને ત્યાંહાં;
એ અનંત લોક સાથે આવ્યાં, કપડવંજથી શ્રીગોકુલમાંહાં. ૧૬૪
એણી રીતે દેશદેશથી ઊલટી સૃષ્ટિ સમુદાએ,
આવે છે આનંદ-ભરી, પરસ્પર હરખ ન માએ. ૧૬૫''

શ્રીગિરિધરજીનું નિત્યલીલામાં પધારવું :

આવી રીતે શ્રીજી સ્વજનો સહિત સોરમમાં આનંદમાં દિવસ નિર્ગમન કરતા હતા એવામાં એઓશ્રીના વડીલ બંધુ શ્રીગિરિધરજી પોસ વદિ ૨ ના રોજ લીલામાં પધાર્યા. એની ખબર ત્રીજે દિવસે મળી ત્યારે આપશ્રી કુટુંબમાં પરિવાર સહિત ગંગાસ્નાન કરી આવ્યા અને વહુજી તથા અન્ય બાળકોને લઈ ગોકુલ પધાર્યા, પણ ત્યાં બાદશાહને લખી આપેલા વચન અનુસાર પોતાના ઘરમાં ન રહેતાં પુષ્પાવતીબાઈવાળે ઘેર મુકામ કર્યો. ગિરિધરજીનાં ભામિની વહુજીને આશ્વાસન આપી ત્યાંથી પાછા ફર્યા એ વખતે શ્રીજીને પધારતા જોઈ ફૂવાભાવડાનો એક મોઢ બ્રાહ્મણ વછરડો ત્રવાડી આર્દ્ર થયો એને ભૂત ભવિષ્ય જાણનાર શ્રીજીએ કહ્યું

''જે તુમકૂં સોરમ બોલાવતેં, પેં વેગહી આવેંગે ઇહાં હમ,
ચિંતા કાહુ ભાંતિકી કછુ એ મતિ કીજો તુમ. ૧૭૮
નિર્ભે રહો એમ કહી અને નવરત્નનું કહ્યું એ વચન;
જે चिंता कापि न कार्या એમ કહી પધાર્યા ગોવર્ધન. ૧૭૯''

પછી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી, ત્યાં દિવસ રહી સોરમ પાછા ફર્યા. માર્ગમાં એક નાના ગામમાં મુકામ કર્યો.

એ દિવસે રાતે ટાઢ સખત પડી તેથી પહોરુવાઓને લાકડાં વગર ચાલે એમ નહોતું; પણ ઘણી તજવીજ કરવા છતાં લાકડાં વેચાતાં મળ્યા નહિ ત્યારે શ્રીજી પોતે એ લેવાને રાતે નીકળ્યા અને રસ્તામાં એક ડોશી બેઠી હતી તેની પાસે જઈ બેઠા, એના સુત-પરિવારની ખબર પૂછી અને વાત કરતાં પોતાને ઉપરાં(છાણાં)ની કેવી જરૂર હતી એ કહ્યું.

‘‘હમારે ઉપરાં ચાહિયત હૈં, જરાવનકૂં યહાં રાત. ૧૮૮
સો પૈસા લેકે આન દે, બાબા તુમપેં પૈસા કા લેઉં,
મેરે તો ઘર હે નાહીં, કાહુ ઓરતે આન દઉં. ૧૮૯
તુમારે કોઈ મુખિયા હોવે તાકૂં પઠાય દ્યો વાકૂં દેખાઉં.
શ્રીજીએ કહ્યું મુખિયા મેંહી હૂં, ચલ, મેં તેરે સંગ આઉં. ૧૯૦
પ્રકારે લેઈ આવ્યા, તે વહુજી હસ્યાં ઘણું, ત્યાંહાં’’ ધન્ય છે પુષ્ટિપ્રભુના વાત્સલ્યને

પછી આપશ્રી સોરમ પધાર્યા અને ત્યાં આનંદમાં રહેવા લાગ્યા. દેશે દેશથી પંડિતો, ધર્મજ્ઞાતાઓ, શાસ્ત્રીઓ અને કવિઓ આવતા એમની જોડે શાસ્ત્રચર્ચા કરી, સર્વનું યોગ્ય સંમાન કરી, રીઝવીને વિદાય કરતા અને આનંદમાં દિવસ ગુજારતા.

વળી શ્રીગુસાંઈજીનો ઉત્સવ (પોસ વદિ ૯) શ્રીગિરિધરજીના સૂતકમાં આવ્યો હતો તેથી થયો નહિ એની શ્રીજીને ખટક હતી અને તેથી એક લાગ જોઈ ઉત્સવ કર્યો. એ દિવસે શ્રીજી વૈષ્ણવ જ્ઞાતિજન અને કુટુંબ સહિત બિરાજ્યા હતા એવામાં વરસાદ ચડી આવ્યો ત્યારે દામોદર બોલ્યા :

‘‘ઈનકૂં એતી બેર આયે બિના, કહા રહ્યા હે ઈહાં કાજ,
ત્યારે શ્રીજીએ કહ્યું જે સબ કોઈ, અપુની અપુની કરે આજ. ૨૩૬
તો યે અપુની ક્યોં નહીં કરે, પેં ઝખ મારેગો આંહાં,
વચન સૂણી શ્રીપ્રભુનું ઉતરી ગયો સઘ ત્યાંહાં. ૨૩૭’

૧૫. ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી થઈ અને બાદશાહે શ્રીજીને શ્રીગોકુલ પાછા બોલાવ્યા

પછી વસંત ઋતુ આવી પહોંચતાં પાદશાહ કાશ્મીરથી પાછો ફર્યો અને ફાગણ માસમાં આગ્રે આવ્યો.

પાદશાહનું દિલ્હી આવવું ને માંદગી : .

''જ્યારે બુડીયે સોરણપોર આવ્યો ત્યારે વ્યથા થઈ આવી,
તેથી કષ્ટ પામવા લાગ્યો તે વિચારીને ધર્મ સુભાગી. ૨૪૨
પાદશાહે સારંગદેવ સાથે સોનું મોકલ્યું મથુરા માંહાં,
જે જેઅને તહ્યો વાંટી આપો સહુ બ્રાહ્મણને ત્યાંહાં. ૨૪૩''

ચિદ્રૂપની ચોરીની બાદશાહને પડેલી ખબર :

હવે ચિદ્રૂપના પાપનો ઘડો પૂર્ણ ભરાયો હતો અને તેથી એ ફૂટવો જોઈએ, એ ન્યાય અનુસાર બાદશાહે બ્રાહ્મણોને વહેંચવા મોકલેલા સોનામાંથી કેટલુંક એણે પોતે રાખી લીધું અને એ વાતની નૂરમહોલને ખબર પડી :

''તે સંન્યાસીનું માઠું બોલીને પાદશાહને મન આણ્યું,
તો યહ સંન્યાસી કાહેકો, સંન્યાસીકો છોહોણાં સોવાર્ણ,
બડા અપરાધહે ઈનમેં જયાવદ જીવન મર્ણ. ૨૪૫
સો ઈન સોવર્ણ આપ રાખ્યાં હે, એ કેસો સંન્યાસી મૂઢ,
અને એ નૂરમહોલ શ્રીજી વિશે, સંમુખ અતિભાષા રૂઢ.
તે અસાધારણ અંતઃકરણે કરે એહનો પક્ષપાત
અને તે કરતાં માનીબાઈએ કહી છે મથુરામાંહાં વાત.
તે જ્યારે ત્યારે ભલું શ્રીજીનું બોલે ભૂપતની આગલ આવી,
અને સંન્યાસીનું ભૂંડુ બોલે, તે એણે સમે કહ્યું એ સંભાવી,
જે પાદશાહ, ગોકુલનાથ ગુસાંઈ, રહત ગોકુલમાં નાહીં,
તાતેં તુમ દુઃખ પાવત હો, એ સાંભળી જાણ્યું મન માંહાં,
સંન્યાસી ઉપર થકી ભાગ્યું, ભૂપતિઅનું મન.
ઉમરાવે પ્રથમ કહ્યું હતું અને નૂરમહોલે કહ્યાં એ વચન.''

પણ આટલેથી પત્યું નહિ. બાદશાહ જેમ તેમ દિલ્હી આવ્યો ત્યાં કોઈ વિરક્ત ઓલિયો એને મળવા માટે આવ્યો અને એણે પણ ગોકુલનાથજીને વિના કારણ હેરાન કરવા માટે ઠપકો આપી કહ્યું કે હાલના તારા રોગનું કારણ પણ એ જ છે.

ઓલિયાનો ઠપકો :

''તેણે કહ્યું, પાદશાહ, તુમ ભલો ન કિયો વિચાર,
સંન્યાસીકે કહે ઉપર હોં ઉનકૂં પહોંચાયો અજાર. ૨૫૨
સંન્યસીકૂં અરૂ સબકૂં ચુકાવનો ન્યાઓ,
લિખ્યો હે કોન કુરાનમેં, લાઓ મોકૂં દીખાંઓ. ૨૫૩
વે ભલો હોય એસી ક્યોં કરે, જેકો ધર્મમાં રહે દિનરાત,
વાપે ગામ છોડાઈયે, અરૂ એસેનકો કીજે પક્ષપાત. ૨૫૪
એસે સંન્યાસીતે કહા અપુનો ભલો બૂરો હોએ,
ઓર ગોકુલનાથ ગોસાંઈ તે, અપુનો કાજ સબ હોએ. ૨૫૫
પેં વે બડે ઈશ્વર, કાહૂકો કબહુ બૂરો ચાહત નાહીં,
જો કબહુ વે શાપ દેવે તો પ્રલય હોવે ક્ષણ માંહીં. ૨૫૬
પેં વે સબકો ભલોઈ ચાહે, તુમ ઈનકૂં ક્યોં ગામ છુડાયો.
તાતે નરેન્દ્ર અતિ લજવાઈને મન માહેં ઘણું સકુચાયો.
સર્વાત્મા એહેવું આવ્યું, જે સંન્યાસી જુઠો અધર્મી એહ,
હવે એહનું મોહો જોઉં નહીં અને શ્રીજીનું મહત્ત્વ જાણ્યું છે તેહ. ૨૫૮'

કાશ્મીરમાં પોતાની સાથે થયેલી વાતચીત પરથી શ્રીજીના ઐશ્વર્ય વિશે પ્રથમથી ખાત્રી થઈ હતી અને એ પછી એ દરેક બાબતમાં સંન્યાસી જૂઠો ઢોંગી તથા દ્વેષી માલૂમ પડતાં બાદશાહને એના પર અભાવ થયો અને એણે ઓલિયાને જવાબ આપ્યો કે

ચિદ્રૂપ પ્રત્યે બાદશાહનો રોષ :

''સાચ કહત હે એ, મેરે મન પેહેલેહી આઈ,
જો ઉનતો અપુને એકીનકે લીએ, ઘર છાંડે મન ભાઈ. ૨૬૧
પૈં ઓ વિરક્ત થા, ઉનકૂં ઈતની કરની કાહા યા માંહીં;
પેં કિરતાર કીશીકૂં નજીક આવને દેકા નાહીં. ૨૬૨
એમ કહીને ઊઠચો ત્યાંથી, પછી વિદા થઈ ચાલ્યો સરોષ,
અને મન માંહાં અસાધારણ પોતાનો માન્યો અતિશે દોષ. ૨૬૩''

બાદશાહ પોતાનો દોષ સમજ્યો એ વાત જ્યારે એ શેરગઢ આવ્યો ત્યારે માલૂમ પડી. એ વખતે નાગો ચતુરો શેરગઢમાં આવેલો હતો અને બાદશાહના મુકામ નજીક થઈને જતાં આવતાં એના વેરાગીઓએ ''ફિરિ વ્રજ વસો શ્રીગોકુલનાથજી'' એ પદ ગાયું. બાદશાહને કાને આ પદોચ્ચાર પડતાં એને જણાયું કે શ્રીગોકુલનાથજી પ્રત્યે લોકોનો ઘણો પ્રેમ અને ભાવ છે અને તેથી એને એટલો તો આનંદ થયો કે સંન્યાસીઓને પોતાની પાસે બોલાવી એ પદ ફરીને ગવડાવ્યું અને પોતાને હસ્તે થયેલા અન્યાયનો જાણે પશ્ચાત્તાપ કરતો હોય એમ જણાવ્યું.

બાદશાહ શેરગઢથી પશકંદનને ઘાટે આવ્યો. સંન્યાસીને પ્રથમથી ખબર મળતાં એણે એ ઘાટ પરના રસ્તા વાળી ઝૂંડી સાફ કરાવ્યા હતા અને એ પર પાણી વગેરે

છંટાવ્યું હતું. આ ઉપરાંત પાદશાહને પધરાવવાની અને મળવાની સર્વ તૈયારી કરી રાખી હતી. જે લોકોએ સંન્યાસીના જોરજુલમથી માલા ઉતારી હતી તે સર્વ બાદશાહને ફરિયાદ કરવા અક્રૂરઘાટે ભેગા થયા હતા અને જેવું બાદશાહનું નાવ એ ઘાટ પર આવ્યું કે મોટે સાદે બાદશાહની જય બોલાવી અને માલા ધારણ કરવાની રજા આપવા વિનંતી કરી.

''ત્યારે પૃથ્વીશે પૂછ્યું, એ કોન પુકારત કેસે,
ખાને કહ્યું, માલા માગત હે, ધર્મ પુકારત હેં એસે. ૨૭૬
ત્યારે મહીપતિએ મનમાં વિચાર્યો ધર્માધર્મ ઉચિત મર્મ,
જે સંન્યાસી મિથ્યાવાદી હેં, સાચા ગોકુલનાથજી કા ધર્મ. ૨૭૭
જે ધર્મ કે લીયે ઈતના કિયા, અરૂ ધર્યો કછુ નહીં મંન;
અબ મેં ઉનકા કહ્યા છાંડી કે, એસો કરૂં જો હોવે એ પ્રસન્ન. ૨૭૮
ત્યારે ફેટો પોતાના ગળા માંહાં, ભરાવીને ભૂપે સાન કીધી,
કહ્યું જે સુખે પેહેરો માલા, એવી તે ત્યાંહાં આજ્ઞા દીધી. ૨૭૯''

આ પ્રમાણે સર્વને માલા પહેરવાનો હૂકમ આપી આનંદ અને જયકારના ધ્વનિ વચ્ચે નાવ આગળ ચલાવ્યું, પણ સૂરજકુંડ આવતાં નાવિકે નાવ ઊભું રાખ્યું ત્યારે બાદશાહે એનું કારણ પૂછતાં નાવિકે કહ્યું કે અહી સંન્યાસીનો મુકામ છે. સંન્યાસીનું નામ સાંભળી બાદશાહે મોં બગાડ્યું અને નાવ આગળ ચલાવવા આજ્ઞા કરી.

''તે નાવ ચલાવતાં વારને, ચિદ્રૂપ સૂકી ગયો એવો,
જાણે કોયલાને કાલબૂત આકારે, ગળીનો લેપ કર્યો તેવો. ૨૮૨
અસલ એ મૃત્યુક રૂપને, તે માંહે મહીપાલે કર્યું અપમાન,
તે ખસિયાઈ સુકાઈ ગયો, મૃત્યુકના ભૃત્યુક સમાન. ૨૮૩
પછે બિછાવણાં ઉઠાવનારે કહ્યું, હસી હસીને એણી ભાંત્ય,
પેહેલે એ મહંત હુઆ થા, અબ તો એ હુઆ ફહંત. ૨૮૪
કૌતિક જે જોવા રહ્યા તે હાંસી કરવા લાગ્યા ઘણીય,
હોળીના દહાડા તે સઘ મથુરીએ, ઢીક ઉઠાવી એહ તણીય. ૨૮૫
એક જણો ચિદરૂપ કર્યો, તેના હાથમાં કમંડલ ને દંડ,
તે ગધેડે બેસાડિયો, તેની આગળ પાછળ મથુરિયા મહાઝુંડ. ૨૮૬
પોકારે તાલી પાડે ને કહે જે ચિદ્રૂપ આશ્રમ,
શ્રીગોકુલનાથ ગોસાંઈને જીતવા જાય છે કરી શ્રમ. ૨૮૭
ચાલો ચાલો, પેંડો આપો, અલગા રહો સહુ કોઈ,
એમ કહી કહી હાંસી કરે, પાછળથી દેવળી રોઈ. ૨૮૮
એવા ભડુઆ નિત્ય નવા, રહ્યા મથુરામાં થૈય;
પછી કોઈ એક દિવસે, વારાણસી ગયો મોહું લૈય. ૨૮૯''
એક વૈષ્ણવે એવામાં શ્રીજીને કહ્યું :
''જે, ચિદ્રૂપ હજી મરતો નથી, ત્યારે શ્રીજીએ કહ્યું નાંહીં નાંહીં. ૨૯૦

જ્યાં જ્યાં જીવે ત્યાં ત્યાં ભલો, અપુનો અપજશ સુને કાન,
સંસારમાં યહ દુઃખ બડો, મૃત્યુ નાહીં કો યાહી સમાન. ૨૯૧''

ચિદ્રૂપના વારાણસી ગયા પછી એણે જેઓને બાદશાહનું દ્રવ્ય અપાવ્યું હતું તે એમની પાસેથી હાકેમોએ છીનવી લીધું. પછી બાદશાહ મથુરા છોડી આગળ ચાલતાં શ્રીગોકુલ પાસે આવ્યો ત્યાં એણે પૂછ્યું : આ કયું ગામ છે ? ત્યારે બલભદ્રે કહ્યું કે આ શ્રીગોકુલ છે, પણ એ વેરાન જેવું દેખાતાં બાદશાહે એનું કારણ પૂછ્યું ત્યારે બલભદ્રે કહ્યું કે

''ગોકુલનાથ ગોસાંઈ યહાં નાહીં, તાતે દેખિયત હેં બેરાન,
તે પાદશાહ મહા વિશુદ્ધ-ભાવીને, સુરતિ રહી નહીં આન. ૨૯૮
પૂછ્યું, ગોકુલનાથ ગોસાંઈ કહાં હે કરી અને ચાઓ,
કહ્યું,સોરમ વાસ કિયો હે, હાં હાં તો વેગે બોલાઓ. ૨૯૯
એમ કહીને આસફખાનને કહ્યું, ઉહાં લીખ્યા વેગે પઠાઓ,
ગોકુલનાથ ગોસાંઈકું તુમ વેગી કરકે બોલાઓ. ૩૦૦''

એટલામાં નાવ ગોકુલની છેક પાસે આવ્યું ત્યારે બાદશાહે બલભદ્રને એના કોટ તથા બૂરજ વિશે પૂછ્યું.

''ત્યારે બલભદ્રે કહ્યું જમુનાલીને ઘરકી રક્ષાકે વિચાર,
કિતનોએક દ્રવ્ય લાવ્યો હોયગો, લગ્યો હોયગો રૂપૈઆ દશ હજાર. ૩૦૨''

આ પ્રમાણે બન્યા પછી શ્રીજીના ભાણેજ મધુસૂદન કોઈ કામસર શ્રીગોકુલ આવ્યા હતા એ આસફખાનને મળ્યા ત્યારે ખાને એમને શ્રીજીના સર્વ સમાચાર પૂછ્યા અને બાદશાહના સર્વ સમાચાર કહી ઘણા વિવેકપૂર્વક પત્ર લખી આપ્યો.

પત્ર :

''તુમારી પાદશાહે બહોતેક સુરતિ કીની હે સુભાઓ,
ઓર કહ્યો હેં, ગોકુલનાથ ગોંસાઈકો વેગ હી બોલાઓ. ૩૧૨
તો તુમ વેગે સિધારિયો, એમ વિનય લખી ઘણી ઘણીય,
એ લખ્યું લઈ આવે છે, ભાણેજ તે સોરમ ભણીય. ૩૧૩

પણ મધુસૂદનના પત્ર સાથે આવતાં પહેલાં ગોધુને ખબર પડતાં એ એકદમ દસ પહોરમાં વધાઈ લઈ સોરમ પહોંચ્યો. ગોકુલ જવાની વધાઈ આવતાં સર્વને આનંદ થયો અને વધાઈ લાવનારનો સારો સત્કાર કર્યો :

''તે (ગોધુ) મંગળ શબ્દ દૂરથે કેહેતો આવ્યો સંમુખ તેણી વાર,
મહારાજાધિરાજ મહારાજા, શ્રીવિઠ્ઠલેશ ચક્રવર્તી-કુમાર. ૩૧૫
વધાઈ વધાઈ વધાઈ દીજે, પાદશાહને કહ્યો કરી ઉલ્લાસ,
જે ગોકુલનાથ ગોંસાઈ, ગોકુલ આય વસો સુખવાસ. ૩૧૬
એ સાંભળી પ્રસન્ન થઈને, વધાઈ આપીને મીઠાઈ માંહો ભરી,
પછે પ્રસાદ ઘણો લેવરાવ્યો, પોતે ત્યાં શ્રીહસ્તે કરી. ૩૧૭
સર્વને મહા પરમ સ્થળે, વસવાનો ઉમંગ ઉલ્લાસ,
આનંદના સાગર પ્રગટ્યા, પ્રગટી તે સુખ તણી રાશ. ૩૧૮

શ્રીજી પરોસે ફૂલસું, અને ફરી ફરી પૂછે છે વાત,
એ ઉત્તર દે ઊલટભર્યો ને ઉમંગ તે અંગ ન સમાત. ૩૧૯''

ગોધુ પાસેથી ખબર મળતાં સર્વ શ્રીગોકુલ જવાની ત્વરાથી તૈયારી કરવા લાગ્યાં. એમને શ્રીજીએ પત્ર આવ્યા પછી શું કરવું એનો વિચાર કરીશું એમ કહી શાંત પાડવા પ્રયત્ન કર્યો.

''એટલે તો મધુસૂદન ભટ તે લખ્યું લઈ આવ્યા તેણી વાર,
પછી શ્રીજી સમસ્ત બાલકને લેઈ અને કરી મંત્રવિચાર. ૩૩૧
ભૂપને આશીર્વાદ દેવાને, આગરે પધાર્યા ધરી મન,
પ્રથમ આસફખાનને મલ્યા, તે ખાન થાય ઘણું પ્રસન્ન. ૩૩૨
પ્રણિપત્ય સહિત પ્રશંસા કીધી, કહ્યું તુમ બહોત દુઃખ પાયે,
પેં તુમ ઈશ્વર તુમારી કહા કહિયે, ભયે તુમારે મન ભાયે. ૩૩૩''

એ પ્રમાણે આપનો ખાને સત્કાર કરી, બાગમાં ડેરા કરવાનું કહી વિદાય કર્યા અને પછી પોતે આગ્રાના વૈષ્ણવ રાયમુકુંદને મુકામે ડેરા કર્યા. મુકામ કરી શ્રીજી પાદશાહને મળવા ગયા.

સોરમથી આગ્રા :

''પ્રથમ આસફખાને ભીતર જઈને નૃપને કહ્યો જુત-મરજાદ,
ગોકુલનાથ ગોસાંઈ સોરોંથે આએ દેનેકૂં આશીર્વાદ. ૩૩૮
ત્યારે ભૂપે શોચ કરી કહ્યું, સકુચાઈને મનમાંહી,
ગોકુલનાથ ગોસાંઈકૂં મેં આંખે જોઈ શકતા નાહીં. ૩૩૯
ઓયે હેં તો ભલી ભઈ, અબ ભીતર વેગ બોલાઓ,
કરી મનુહાર બહોત ભાંતે, તુમ આપ જાય કે લે આઓ. ૩૪૦
પછી ખાને સાથે થઈને, મેલવ્યા નરેન્દ્ર કને જૈય,
ત્યારે નરેન્દ્ર પ્રસન્ન થઈને સમાચાર પૂછ્યો માન દૈય. ૩૪૧
બોલ્યો જે આઓ આઓ ગુસાંઈજી નીકે હો નીકે હો નીકી ભ્રાત,
તુમકો ગોકુલ હી ભલા કે સોરો ભલા, કહો વાત. ૩૪૨
ત્યારે સ્વસ્થલજ્ઞાપન બોલિયા, જે સોરોતોં રહે તુમારે કહે પર,
હમારો નિત્ય સ્થલ તો હેં, સદા શ્રીગોકુલ ઘર. ૩૪૩
ત્યારે રાજા હસીને બોલિયો, હાં હાં સાચ કહત હો એહ,
અબ તુમારો ગોકુલ તુમકૂં, મુબારક હો, કહ્યું તેહ. ૩૪૪
અબ તુમ આઓ નોબત બજાયકે, તુમ બહોત દુઃખ પાયા,
અબ મેરા એહ ગુનાહ બખશિયો, ભયા હે તુમારા મન ભાય. ૩૪૫
એહવું કહી વડાઈ દેઈને પ્રશંસા કીધી ઘણી ઘણીઅ,
વચન કહ્યાં સંકોચનાં અને વેગ વિદાય કરી એહો તણીઅ. ૩૪૬''

બાદશાહના આ ઉપકાર માટે શ્રીજીએ એના પર જે કૃપા કરી હતી તે વિશે એવું કહેવાય છે કે

જહાંગીરે પોતા તણી દેહ મૂકી ભંભેર માંહી,
ત્યારે કોએક ભગવદીયે, દીઠો છે શ્રીજીના મંદિર માંહીં. ૩૪૭
એ વાત શ્રીજીને કહી ત્યારે, ગુણગ્રાહી બોલ્યા ત્યાંહીં,
જહાંગીર વેસોઈ હતો, વામેં કછુ સંદેહ નાંહીં. ૩૪૮''

ઉપર પ્રમાણે પ્રેમપૂર્વક શ્રીગોકુલ વસવાની રજા લઈ શ્રીજી પાદશાહ પાસેથી વિદાય થયા અને ત્યાંથી આસફખાનને મળી સોરમ પધારવા તૈયાર થયા.

''ત્યારે રાય મુકુંદદાસે કહ્યું, જે મહારાજ, રહો તુમ આંહાં. ૩૫૧
ઓર સબનકૂં યહાં બોલાઓ, મેં તુમકૂં યહાંતે પાછે,
બહોત ઘોડે ઓર બહોત હાથી, બહોત વૈભવ સું આછે. ૩૫૨
સમૃદ્ધ સૂં ગોકુલ પધરાઊં, એસો મનોરથ મન માંહાં,
તાતે ઓર સબનકૂં યહાં બોલાઓ, તુમ કાહેકૂં જાઓ ત્યાંહાં. ૩૫૩
ત્યારે સોપાધિક લૌકિકાંશ-રહિત, જે કેવલ નિરુપાધિક,
અહીંઅ, ગુણગણ મંડિત બોલિયા, મેરે ઇતનો લૌકિકસૂં કાજ નહીં. ૩૫૪
મોકૂં એસો લૌકિક કબહુ કોઉ પ્રકાર ના ભાવે,
ઓર મેરે જાનો આવશ્યક હે, વિના વે કેસે આવો. ૩૫૫
તાતે મેરે જાનો નિરધાર હે.................''

એ જ વખતે આસફખાને પણ રાયમુકુંદની માફક આગ્રહ કર્યો એને પણ શ્રીજીએ કહ્યું કે,

''હમારે સેવ્ય સ્વરૂપકી રહનો ઉચિત પાલખી સંગ,
ઉનકૂં પધરાયકે આવેંગે, વિદા થયા એમ કહી મનરંગ. ૩૫૭''

જે દિવસે સોરમ પધારવાનું હતું તે દિવસે દોલોત્સવ હતો, પણ માર્ગમાં ગોપાલજીને પેટમાં પીડા થવાથી દોલસમે પહોંચી શકાયું નહિ. રાજભોગ સમે પહોંચ્યા જે કે શ્રીગોપાલને કારણે દોલમાં આવી શકાયું નહીં, ઘેર આવી શ્રીજીએ પ્રિય પુત્રને પૂછ્યું :

''ઠાકોરને યા ઉછવ કો નીકો કરી કિયો અંગીકાર,
હાંહાં કિયો તો સહી, પેં આપુન પધારે તેહીં વાર. ૩૬૨
મેં દોલકૂં યાહીતે વિલંબ કિયો, ત્યારે શ્રીજીએ કહ્યાં તે વચન,
મેં આયવેકૂં બહોત કરી, મેરે પહેલે દિન આયવેકો મન. ૩૬૩
પેં કરૂં કહા જો ગોપાલકૂં કષ્ટ ભયો મારગ માંહાં,
છાંડી આયે જાય નહીં, તાતે હમ હૂ રહે ત્યાંહાં. ૩૬૪''

પછી સ્વસ્થ થતાં,

''શ્રીગોકુલ વિજય કર્યા તણો, વિચાર કર્યો નિરધાર,
તે ચૈત્ર વદિ પંચમી અને શુભ દિને જે શુક્રવાર. ૩૬૮''

૧૬. શ્રીગોકુલ પુનરાગમન

નિર્માણ કરેલે દિવસે પ્રવાસની સર્વ તૈયારી થઈ રહેતાં શ્રીજીએ પોતાના સર્વ સમાજ સાથે સોરમથી મુકામ ઉઠાવ્યો. નીકળતી વખતે શકદાર ચોધરી આસપાસના ભોમિયા વગેરે લોકો આપશ્રીને વળાવવા આવ્યા અને બ્રાહ્મણ, માગણ, ભાટ તથા ચારણ વગેરે પણ એ પ્રસંગનો લાભ લેવા ચૂક્યા નહોતા. શ્રીજીએ એ સર્વનો સત્કાર કરી એમને વિદાય કર્યા. આ પ્રમાણે સુકર ક્ષેત્ર(સોરમ)માં કુલ ૩ માસ ને ૧૨ દિવસ રહી.

''ચૈત્ર વદિ પંચમી શુક્રવારે સૂર્ય ત્રણ ઘડીએ ચડતે,
વિજય કર્યો સોરમ થકી, મહા સુજશ નગારા ધડતે. ૪૭''

સોરમથી નીકળી ૮ કોશની મજલ કરી, રેડે આવી ડેરો કર્યો અને ત્યાંથી બીજે દિવસે પણ ૮ કોશની મજલ કરી શકરે આવ્યા. અહીંના ભોમિયા ભાવ - સહિત દહેડી લાવ્યા એનો સત્કાર કર્યો, પછી ધીમે ધીમે મુકામ કરતા આગળ ચાલવા લાગ્યા.

''સંપૂરણ મજલે તે નગારાં વાજતે ચાલ્યા ઉચ્છાહે,
કો કવિત દુહા કહે મોદે, કો પ્રમુદિત થઈ ગાયે. ૭૨

ચૈત્ર વદિ ૭ મે ૧૩ કોશની ત્રીજી મજલ કરી ચૌહાણના ગામ સેલખેરુમાં આવ્યા અને ત્યાંથી સૂર્યોદયે કણજોલી પધાર્યા. પછી ભરપિયે ડેરો કરવાનો શ્રીજીનો વિચાર હતો, પણ સાથેના માણસો ઉતાવળને લીધે આગળ નીકળી ગયા હતા તેથી ત્યાં મુકામ થઈ શક્યો નહિ. જોકે અન્ય સર્વ માણસો જેમ બને તેમ જલદીથી કૂચ કરી શ્રીગોકુલ જવા ઈચ્છતા હતા તોપણ ગોરક્ષક શ્રીજી તો ધીમેથી કૂચ કરતા, કારણ કે આપની સાથે ગાય વાછરડાં વગેરે હતાં એ થાકી ન જાય.

આ પ્રસંગ વિશે બોલતાં પ. ભ ગોપાલદાસભાઈ કહે છે કે

''પણ સાથના લોક સર્વે હુલસીને આગળ આવ્યા ચાલી,
ગાય વાછરાને તે મોદ થયો, કોણ શકે સંભાળી. ૭૬
કૂદતાં ફરતાં ને ઊછલતાં, રમતાં પડે ત્યાંહાં,
ઠાડે કરણ પૂરે હીસોર દેતાં માંહોમાંહાં. ૭૭
તે ઉચ્ચ પૂછે કરી સૌથી, આગળ ઊલટે ચાલ્યાં સોહોતાં,
વિચર ધ્યાન હી ધુર, શ્રીગોકુલ ખરિકમાંહાં જૈ પોહોતાં. ૭૮''

સોરમથી નીકળતી વખતે ગોવાળિયાઓએ પ્રથમથી માર્ગમાં લાંબી મજલો ન કરવા આપને વિનંતી કરી હતી.

''ત્યારે પશુપાલક ગોગણ પ્રિય શ્રીજી બોલ્યા એસે,
જેસે ગાય ચલેગી સુખસૂં, હમહૂં ચલેંગે તેસે. ૮૦
ગાયકે પીછે હમ આવત હેં, ગાય રહેગી જ્યાંહાં,
તુમ ચિંતા કછુએ મતિ કીજો, હમહૂં રહેંગે ત્યાંહાં. ૮૧''

ઉપર જણાવ્યા પ્રમાણે ભરપ્રિયાનો ડેરો બંધ રહેતાં એ જ દિવસે સર્વ શ્રીગોકુલ આવ્યાં અને એમાં ગાયો સૌથી આગળ હતી. શ્રીજીના પાછા શ્રીગોકુલ પધાર્યાના ખબર સાંભળતાં

''ઠામઠામથી વૈષ્ણવ વ્રજ વેલી ગોવર્ધનવાસી,
આગ્રા મથુરા મહાવન આવ્યાં સહુ અતિ ઉલ્લાસી. ૯૫
એ પ્રકાર સુણી દેશદેશના, વૈષ્ણવ આવ્યા ધાઈ,
ઉત્તર દક્ષિણ પૂરવ ને, નૈર્ઋત્યનાં મહા સુખદાઈ. ૯૬''

પછી વધાઈની સર્વ તૈયારી કરી બાલક તથા વૈષ્ણવવૃંદ આપને પધરાવવા સામું ગયું અને

''ચૈત્રને પ્રવેશ કરે ચિત્ર વિચિત્ર ચિત્રે કરી આવતાં. ૧૦૬
સંવત સોળ સતોતરે ચૈત્ર વદિ દશમી બુધવારે,
શ્રીગોકુલેશ ગોકુલ પ્રવેશ કરે ચડેલે દિન ઘડી ચારે. ૧૦૭
ત્યાંહાં મંદિર બેઠક ચિત્ર વિચિત્ર શૃંગાર કરી સાજ,
રંગ્યાં દ્વાર વિવિધ ચિત્રે કરી, મહામંગલ લહી આજ. ૧૦૮
ભક્તે સહુ નિજ ભવન ભાવતાં, રંગ્યાં રચના કરીય,
મંગળ સાજ વિવિધ પેરે કીધા, અતિ ઊલટ ભરીભરીય. ૧૦૯
ઠામ ઠામ તોરણ બાંધ્યા અને ધ્વજા પતાકા સોહે,
સાથિયા સંપૂરણ પેંડે ને દેખી સજ્જન-મન મોહે. ૧૧૭
કદલીખંભ તે ઠામ ઠામે, રોપ્યા પરમ પ્રમોદે,
સૌભાગ્યવતી મહાભાગ્યે પૂરી, જુગમ સ્ત્રીય ભરી મોદે. ૧૧૮
સંમુખ મંગલ કલશ લેઈ અને ઊભા રહ્યાં મન ભાવી,
આહીરાણીઓ દધિ લઈ, શુભ શુકનને સંમુખ ઊભી આવી. ૧૧૯
વૈષ્ણવ સહુકો સ્ત્રી પુરુષ, ભાંતભાંતનાં ચિત્ર વિચિત્ર,
વસ્ત્રાભૂષણ પેહેરી આવ્યાં, જેહના નાંહીં ભાવ અન્યત્ર. ૧૨૦''

આ પ્રમાણે સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો હતો અને શ્રીજીએ ઘાટેથી વિજય કર્યો

''ઠામે ઠામે નગારાં વાજે, ભેર ભૂંગળ સરનાઈ,
મહાઉદ્‌ઘોષ થઈ રહ્યો છે, કરણ-પથે સુખદાઈ. ૧૨૫
આગળ કીર્તનિયા કીર્તન તે સમય તણાં પદ જેહ,
મોદ ભર્યા મળી મળી મહારસભર્યા ગાય જે તેહ. ૧૨૬
તાલ પખાવજ ઝાલરી, ઝાંઝ ને સારંગી,
જંત્ર વેણ વીણા ને વાંસલી, શંખધુની ઉપંગી. ૧૨૭

વાજીંત્ર તે અભિનવાં વાજે.................
નૃત્યકારી બહુ નૃત્ય કરે છે, ગુણી ગાંધર્વ ને કવીઅ,
ઠામ ઠામ સૌ સુજશ ભણે છે, ઉક્ત કરી નવીઅ. ૧૨૯
જ્યાં ત્યાં મંગલ શબ્દ ઊચરે, જ્યાં ત્યાં જયજયકાર,
જગત મંગલે એણે પ્રકારે, વિજય કર્યો તેણી વાર. ૧૩૦
ત્યાં વિજયછત્ર પ્રતાપે, ચમકતું છાયા કરી રહ્યું સાર,
આગળ ધર્મ તણી ધજા ને પતાકા તણો નહીં પાર. ૧૩૧
ચોપાસ શોભાનાં ચમર તે ઢળે છે વારંવાર,
જશનો તિલક ત્રિભુવનને, ઉદિત થઈ કરે છે મહાજોત સાર. ૧૩૨
કીર્તિમઈ માલા પેહેરીને, સુજશ વાગતે નગારે,
મનસિજનું મન મોહિત, એહવે પ્રાણપ્રભુ પાઉધારે. ૧૩૩
સેવ્યની પાલખી પાસે, પોતે ચાલે સંગ સંગ,
ફેટ ભરી બેહુ પાસે, રૂપૈઆ રાખ્યા મનને રંગ. ૧૪૬
માગ્યા અણમાગ્યા આપે ને વરસે મૂઠ બેઉ ભરીય,
એમ સંપૂર્ણ પેંડે તે રૂપૈઆ, અગણિત વેર્યા એણી પેરે. ૧૪૭
વિજય કર્યો તે સ્થળ થકી, તે જ્યાં લગીઅ પધાર્યાં ઘેરે. ૧૪૮''

શ્રીજીના દર્શનાર્થે માર્ગમાં લોકોની એટલી તો ભીડ થઈ હતી કે માર્ગમાં ચાલવું પણ મુશ્કેલ થતું. વળી ઠામ ઠામ આનંદમાં લોકો ગુલાલ ઉડાડતા અને તેથી દિશાઓ અને જમીન અરુણ થઈ ગઈ હતી. આવી અનિર્વચનીય શોભા સાથે શ્રીજી જસોદાઘાટ પધાર્યા. જસોદાઘાટથી આગળ ચાલતાં તો ભીડ ઘણી જ વધી અને શ્રીઠાકુરજીની પાલખી આગળ પણ સખત ભીડ થઈ ગઈ, તેથી પાલખીને આગળ કરી શ્રીજીએ પોતે ત્વરાથી પાછળ ચાલવા માંડ્યું અને જેમ તેમ મંદિરમાં આવી પહોંચ્યા. ત્યાં શ્રીઠાકોરજીને આસને પધરાવી, સોહાસણીઓના મંગલ કલશોનો સત્કાર કરી શ્રીજી નિજ બેઠકે પધાર્યા. ત્યાં કીર્તનિયા કીર્તન કરી રહ્યા હતા એમને શ્રીજીએ ''રાની તિહારો ઘર સુબસ બસો'' એ પદ ગાવા કહ્યું. એ સાંભળી પોતે પ્રસન્ન થયા અને સર્વનું સમાધાન કરી, વિદાય કરી શ્રીજીએ પરિવાર સાથે ભોજન કર્યું, પછી શ્રીગોવર્ધન પધાર્યા.

''શ્રીનાથજી અત્યન્ત ફૂલ્યા, શ્રીજીયે અનેક ઉત્સાહે,
ભોગ રાગ નૌતન સામગ્રી, સમર્પી મનને ચાહે. ૧૯૧''

પછી એકાદશીએ રાજભોગ પછી શ્રીગોવર્ધનનાથજીને વસંત ખેલાવ્યા.

''એ વર્ષ એઓ પાખે શ્રીનાથજી ખેલ્યા નાહીં વસંત,
તે અનોરના તુલસી પાંડે, કહી વાત્તા એકંત. ૧૯૩''

પછી શ્રીજીગોકુલ પધાર્યા અને દ૯ વાસ કરી બિરાજ્યા.

૧૭. શ્રીમદ્‌ગોકુલ દૃઢ

શ્રીજીના પરદેશ :

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે સં. ૧૬૭૭ના ચૈત્ર (વ્રજ) વદિ ૧૧ ના રોજ શ્રીજી શ્રીગોવર્ધનનાથજીને વસંત ખેલાવી શ્રીગોકુલમાં પધાર્યા અને ત્યારપછી નિત્યલીલામાં પધાર્યા ત્યાં સુધીનો સમય (લગભગ ૨૦ વર્ષ) પોતે શ્રીમદ્‌ગોકુલમાં જ ગુજાર્યો, એટલે કે કાશ્મીરનો પ્રવાસ આપનો છેલ્લો પરદેશ હતો. વસ્તુતઃ શ્રીજી શ્રીમદ્‌ગોકુલ છોડી ખાસ કારણો સિવાય બીજે ક્યાંય પધાર્યા નથી, જેમકે ગુજરાત પધાર્યા, યાત્રા નિમિત્ત એક વખત કુરુક્ષેત્ર અને છેવટે માલાના રક્ષણાર્થે કાશ્મીર પધાર્યા.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઇજીના પરદેશ :

આ હકીકત શ્રીમદ્‌વલ્લભાચાર્યજી તથા શ્રીગુસાંઇજીની હકીકત કરતાં જુદી પડે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનો હેતુ માર્ગનું સ્થાપન કરવાનો હતો અને શ્રીગુસાંઈજીનો હેતુ માર્ગનો પ્રચાર કરવાનો હતો, એ કારણો અર્થે એમને પૃથ્વીપરિક્રમા કર્યા સિવાય ચાલે એમ નહોતું, તેથી એઓશ્રીએ ભૂતલ પર અથાગ શ્રમ લઈ, ઠેર ઠેર પધારી, વિદ્વાનો ને પંડિતોની સભાઓ કરી, એમની સાથે અનેક પ્રકારના શાસ્ત્રાર્થ કરી પોતાનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સિદ્ધ કર્યો અને એના સમર્થન અર્થે અનેક ગ્રંથ રચ્યા તથા એ દ્વારા દૈવી જીવોને શરણે લઈ માર્ગ-સંમુખ કર્યા અને પ્રભુની સેવામાં યોજ્યા.

માર્ગનું પોષણ તેમ રક્ષણ :

હવે શ્રીજીને માર્ગનું પોષણ તેમ રક્ષણ કરવાનું હતું. પોષણનો અર્થ એઓએ પોતાના સ્વરૂપ દ્વારા સિદ્ધ કર્યો, એટલે કે સ્વરૂપ એવું મોહક હતું કે દર્શન થતાં માત્રમાં દૈવી જીવો એ સ્વરૂપમાં લીન થતા એટલે કે સ્વરૂપથી દૂર રહી શકતા નહિ અને આ કારણને લીધે જ શ્રીજીના સમયમાં એમના ઘણા સેવકો પોતાનાં વતન છોડી શ્રીગોકુલમાં આવી રહેલા. માર્ગના રક્ષણ સંબંધમાં મુઘલ બાદશાહ જહાંગીર સામે ટક્કર ઝીલી, કાશ્મીર પધારી એની સામે પોતે ધર્મને અર્થે પોતાનું સર્વ લૌકિક દ્રવ્યાદિ વૈભવ છોડવા કબૂલ કર્યું અને એ પ્રમાણે શ્રીગોકુલ છોડી સોરમજી પધાર્યા. આવી રીતે અનેક પ્રકારનાં સંકટો વેઠી માર્ગનું રક્ષણ કર્યું અને છેવટે પોતાના પ્રતાપબળે દુષ્ટ ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી પાડી, ભરમાયેલા બાદશાહની આંખ ઉઘાડી પોતાનું શ્રીગોકુલ પાછું મેળવ્યું અને એ દ્વારા સ્વજનોને બતાવી આપ્યું કે ધર્મનું રક્ષણ કરવામાં દૃઢ ટેક રાખવો જોઈએ અને તદર્થે લૌકિક સ્વાર્થ અને વૈભવનો સત્વર ત્યાગ કરવો જોઈએ.

વળી કાશ્મીરના પ્રસંગ દ્વારા પોતાનાં સ્વરૂપાસક્ત ભક્તજનોને પરદેશવિરહનું દાન કરી એમને સ્નેહની પરાકાષ્ઠાએ પહોંચાડ્યાં એટલે પછી એ પ્રભુ અને એ

ભક્તો એકબીજાથી જુદા થઈ વિયોગ સહન કેવી રીતે કરી શકે ?

નિત્યલીલા :

શ્રીમદ્‌ગોકુલમાં દઢ વાસ કર્યા પછી શ્રીજી પોતાનો ઘણોખરો સમય પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીગોકુલનાથજી તથા શ્રીગોવર્ધનનાથજીની સેવામાં નિર્ગમન કરતા અને જે થોડો ઘણો સમય ફાજલ પડતો તેમાં સ્વજનોને પ્રસંગોપાત્ત અનેક પ્રકારનાં હિત વાચન કહી એમના ભાવોનું પોષણ તેમ રક્ષણ કરતા અને તેથી શ્રીજીનાં આ સ્વરૂપાસક્ત ભકતજનો હરદમ શ્રીજીના સાંનિધ્યમાં રહેવા યત્ન કરતાં તથા જે વખત એમનાથી દૂર રહેવાનું થતું તેટલો સમય પણ વિરહાગ્નિની પ્રચંડ જાળમાં શેકાતાં. આ સબબથી શ્રીજી પ્રાતઃકાલમાં જાગે ને રાતે પોઢે ત્યાંસુધી એમની આસપાસ હરદમ ભક્તજૂથ હાજર રહેતાં. આ પ્રસંગ વિશે પ. ભ. ગોપાલદાસભાઈએ પ્રા.સિ.માં અને પ. ભ. ગોકુલભાઈજીએ એમનાં નિત્ય ચરિત્રનાં ધોળોમાં ઘણા વિસ્તારથી વર્ણન કર્યું છે અને એ વાંચતાં હરકોઈને શ્રીકૃષ્ણ અને ગોપીજનની નિત્યલીલાનું ભાન થયા વગર રહેશે નહીં. જેમ વ્રજભક્તોના નિરોધાર્થે શ્રીકૃષ્ણ અનેક પ્રકારની લીલાઓ કરતા તેવી જ રીતે શ્રીજીએ પણ સ્વજનોના નિરોધાર્થે અનેક પ્રકારની લીલાઓ કરી પોતાનો પ્રાકટ્યહેતુ સિદ્ધ કર્યો છે.

શ્રીજીના આ સમયમાં શ્રીમદ્‌ગોકુલમાં કેવું નિર્મળ ભક્તિમય વાતાવરણ બની રહ્યું હતું એ એમના કૃપાપાત્ર પ.ભ. માધવદાસજીના નીચલા ધોળ ઉપરથી હરકોઈ વાચકને સહેજે સમજાશે :

''ચાલો સખી શ્રીગોકુલ જાઈએ,
નિર્મળ શ્રીયમુનાજી નાહીએ કે અખંડ વ્રજવાસી થાઈએ,૧

x x x

તે તો લઈ પુષ્પે વધાવે માધવદાસને મન સાથે.૯''

(વિવિધ ધોળપદ ભા. ૧. પદ-૧૨, પૃ. ૪૨)

શ્રીગોકુલ ગોવર્ધન ગમનાગમન :

વળી શ્રીજી જોકે શ્રીગોકુલમાં સ્વકુટુંબ-સહિત બિરાજતા તોપણ શ્રીગોવર્ધનનાથજીની સેવા-અર્થે શ્રીગોકુલમાં પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીગોકુલનાથજીના રાજભોગ સુધીની સેવાથી પહોંચી, અસ્પર્શમાં જ પોતે ઘોડેસવાર થઈ શ્રીગિરિરાજ પધારતા અને ત્યાં શ્રીગોવર્ધનનાથજીની રાજભોગ-આરતી ઉતારતા. ત્યારપછી બપોરે ત્યાં જ વિશ્રામ લઈ, ઉત્થાપન કરી શ્રીગોકુલ પાછા પધારતા અને ત્યાંની સેવામાં દાખલ થતા. છેવટના સમયમાં પ. ભ. મોહનભાઈજીના મનોરથથી પોતે સુખપાલે બિરાજી શ્રીગિરિરાજ પધારતા.

નિત્યલીલામાં પધારવું :

આવી રીતે નિજ જનોને સેવ્યની સેવા કેવી રીતે થવી જોઈએ અને એમાં કેવી સાવધાનતા અને આર્તિ હોવી જોઈએ એ સ્વદષ્ટાંતથી બતાવી આપી માર્ગનાં ગૂઢ મર્મ સમજાવ્યાં અને પ્રાકટ્યહેતુ પૂર્ણ કર્યો. છેવટે સમય થતાં નિત્યલીલામાં પધારવાનો વિચાર કર્યો અને સં. ૧૯૯૭ ના મહા વદિ ૯ ના રોજ ૮૯ વર્ષ ૨ માસ ને ૯ દિવસ ભૂતલ પર બિરાજી લોકવત્ પ્રાકટ્યનો અંત આણ્યો.

૭૮ ભગવદીયોનું સહગમન :

શ્રીજીના ભૂતલ પરથી પધારી જવાથી **એ**મના સ્વરૂપાસક્ત ભક્તજનોની શી સ્થિતિ થવી જોઈએ એ તો હરકોઈ પ્રેમનો અભ્યાસી સહેજ સમજી શકે એમ છે. એઓમાંના મુખ્ય ૭૮ ભગવદીયોએ તો વિરહાગ્નિની પ્રચંડ જ્વાળામાં શેકાઈ પ્રાણપ્રભુનો વિયોગ સહન ન થવાથી પોતાના ભૌતિક દેહનો અંત આણ્યો. આ ૭૮ ભગવદીયોનું નામ પ.ભ. ગોપાલદાસભાઈએ એમના ''૭૮ ભગવદીયોનું ધોળ''માં આપેલાં છે. (જુઓ શ્રીગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પાનું ૪૬૯ અને 'શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર'ના આ પુનઃ સંસ્કરણનું પૃ. ૩૦૩.) આ ધોળને શ્રીજીના સેવકો નિત્યનિયમ તરીકે વાંચે છે.

અન્ય ભગવદીયોનું શેષ જીવન ને આપણું કર્તવ્ય :

વળી ઉપર્યુક્ત શ્રીજીના ૭૮ ભગવદીયો સિવાય જેઓ પોતાના પ્રાણ ગુમાવી શક્યા નહીં તેઓએ પોતાની જિંદગીનો શેષ સમય પોતાના પ્રાણપ્રભુના ગુણગાનમાં જ ગુજાર્યો અને એમાંના ગોપાલદાસભાઈ જેવા ભાગ્યવાનોએ તો ભવિષ્યની સૃષ્ટિને એ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવવા તથા પુષ્ટિમાર્ગનાં ઊંડાં રહસ્યો સ્ફુટ રીતે અથાગ શ્રમ લઈ સમજાવવા અનેક ગ્રંથો રચીને પોતાનો જીવનહેતુ સફલ કર્યા છે અને આ ભગવદીયોનાં પુસ્તકોને લીધે જ આજે શ્રીજીને પધાર્યે લગભગ ૩૦૦ (આ ગ્રંથ આ નવી આવૃત્તિના પ્રકાશન વખતે ૩૬૦) વર્ષ થયાં તોપણ આપણે એઓશ્રીનું આવું વિસ્તૃત જીવનવૃત્તાંત પ્રાપ્ત કરી શક્યા છીએ અને તદર્થે એ ભાગ્યવાનોના હરદમના ઋણી થયા છીએ. હવે જો આ ભાગ્યવાનોનાં પુસ્તકોનો યોગ્ય અભ્યાસ કરી, એમના સિદ્ધાંતોનો ભાવાર્થ સમજી અનન્યપતિવ્રત, દૃઢ ટેક અને સર્વાત્મભાવથી સ્વપ્રભુનાં ચરણકમળમાં નિરોધ સિદ્ધ કરી શકીએ તો જ આપણા જીવનનું સાફલ્ય અને એ ભગવદીયોના શ્રમની સાર્થકતા.

શ્રીગોકુલેશજીની ૧૩ બેઠકોની યાદી :

શ્રીગોકુલ	શ્રીગોકુલનાથજીના મંદિરમાં	વ્રજ ચોરાશી કોશની પરિક્રમા કરવા જતાં રસ્તામાં આવે છે.	મથુરાથી જવાય છે
શ્રીવૃંદાવન	બંસીબટમાં	”	”
શ્રીરાધાકૃષ્ણકુંડ	કુંડ ઉપર	”	”
શ્રીચંદ સરોવર	”		”
			”
શ્રીગોપાલપુર	શ્રીગોકુલનાથજીના	”	”
	મંદિરમાં	”	”
શ્રીકામવન		”	”
શ્રીકરહલા		”	
શ્રીપરાસોલી		”	”

શ્રીસોરમજી		મથુરાથી કાસગંજ થઈ બીજું જ સ્ટેશન છે.	સોરોં રેલ્વે સ્ટેશન (વેસ્ટર્ન રેલ્વે)
શ્રીઅડેલ	ગામની નજીકમાં પ્રયાગની સામે બેઠક છે.	અલ્લાહાબાદથી બીજું સ્ટેશન નૈનીનું છે.	નૈની રેલ્વે સ્ટેશન (ઈસ્ટ ઇન્ડિયા રેલ્વે)
શ્રીકાશ્મીર	ચોક્કસ ખબર મળતી નથી.	શ્રીનગરમાં બેઠક હોવાનો સંભવ છે (માલાપ્રસંગ ઉપરથી)	ખબર મળતી નથી. થોડે જ દૂર છે.
શ્રીગોધરા	ગામમાં સ્ટેશનથી થોડે જ દૂર છે.		ગોધરા (વેસ્ટર્ન રેલ્વે.)
શ્રીઅસારવા	ગામમાં	અમદાવાદથી ૦૧ માઈલ	અમદાવાદ (વેસ્ટર્ન રેલ્વે.)

વંશવૃક્ષ ૧ લું :

તૈલંગદેશ, કાંકરવાડ ગામ, કૃષ્ણ યજુર્વેદી, તૈત્તિરીય શાખા, ભારદ્વાજ ગોત્ર, અખિલ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું કુલપરંપરાવૃક્ષ.

શ્રીગોવિંદાચાર્ય	
શ્રીવલ્લભ દીક્ષિત	
શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ (વેદાવતાર)	સોમયજ્ઞ ૩૨
શ્રીગંગાધર ભટ્ટ (શિવાવતાર)	સોમયજ્ઞ ૨૮
શ્રીગણપતિ ભટ્ટ (ગણેશાવતાર)	સોમયજ્ઞ ૩૦
શ્રીવલ્લભ ભટ્ટ (સૂર્યાવતાર)	સોમયજ્ઞ ૫
શ્રીલક્ષ્મણ ભટ્ટ (વેદાવતાર)	સોમયજ્ઞ ૫


(વેદાવતાર)
નારાયણ ભટ્ટ (કેશવપુરી)
સરસ્વતી
સુભદ્રા
શ્રીમદ્વલ્લભાચાર્યજી (પૂર્ણાવતાર)સં.૧૫૨૯-ચૈત્ર વદિ ૧૧
રામકૃષ્ણ ભટ્ટ
શ્રીગોપીનાથજી ૧૫૭૦ ભાદરવા વ. ૧૨
શ્રીપુરુષોત્તમજી ૧૫૮૭ આસો વ. ૮
(શ્રીગુસાંઈજી) શ્રીવિઠ્ઠલનાથજી પ્રાકટ્ય સં. ૧૫૭૨ માગસર વદિ ૯

૧૦૦ આ છેલ્લો સોમયજ્ઞ ૧૫૨૯ ના ચૈત્ર સુદિ ૯ સોમવારે પૂર્ણ થયો.

વંશવૃક્ષ ૨ જું :

શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજી

(પ્રાકટ્ય સં. ૧૫૭૨ માગસર વદિ ૯)

૧	૨	૩	૪	૫		૭
શ્રી ગિરિધરજી	શ્રીગોવિંદરાયજી	શ્રીબાલકૃષ્ણજી	શ્રીગોકુલનાથજી	શ્રીરઘુનાથજી	શ્રીયદુનાથજી	શ્રીઘનશ્યામજી
સં. ૧૫૯૭	સં. ૧૫૯૯	સં. ૧૬૦૬	સં.૧૬૦૮	સં૧૬૧૧	સં. ૧૬૧૩	સં. ૧૬૨૮
કારતક વદિ ૧૨	કારતક વદિ ૮	ભાદરવા વદિ ૧૩	માગસર સુદિ ૭	કારતક સુદિ ૧૨	ચૈત્ર સુ.૬	કારતક વદિ
(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)	(શ્રીઠાકોરજી)
શ્રીનાથજી	શ્રી વિઠ્ઠલનાથજી	ધીશ	નાથજી	શ્રીગોકુલચંદ્રમાજી	શ્રીબાલકૃષ્ણજી	શ્રીમદનમોહનજી
શ્રીનાથદ્વાર	શ્રીનાથદ્વાર	કાંકરોલી	ગોકુલ	કામવન	સુરત	કામવન
શ્રીનવનીતપ્રિયજી (શ્રીનાથદ્વાર) શ્રીમથુરેશજી (કોટા)						

વંશવૃક્ષ ૩ જું :

શ્રીગોકુલેશજીથી લઈ હાલ સુધીના બાળકો એમની
પછી ગાદીના તિલકાયત થયા ના એમનું વંશવૃક્ષ

શ્રીગોકુલેશજી

(૧૬૦૮ માગસર સુદ ૭)

- શ્રી ગોપાલજી (૧૬૪૨ પોસ સુ. ૧૪)
- શ્રી વિઠ્ઠલેશરાયજી (૧૬૪૫ મહા વદ ૧૩)
  - શ્રી ગોવર્ધનેશજી (૧૬૭૩ શ્રાવણ વદ ૭)
    - શ્રીવ્રજપતિજી (૧૬૯૨ આસો વદ ૭)
      - *શ્રી ભામિની વહુજી
        - શ્રીફૂલકોર વહુજી
          - શ્રી લક્ષ્મીવહુજી
    - શ્રી વજાધીશજી (૧૬૯૯ માગસર સુદ ૧૫)
      - (શ્રી ગોવર્ધનેશજીનાં વહુજી)
      - (શ્રી વ્રજોત્સવજીનાં વહુજી ૭ મા ઘરનાં)
      - (શ્રી દેવકીનંદજીનાં ત્રીજા વહુજી ૭મા ઘરનાં સં.૧૮૭૭)
    - શ્રી ગોપિકાધીશજી
      - ○
    - શ્રી વ્રજવલ્લભજી
      - ○
- શ્રી વ્રજરત્નજી (૧૬૫૦ વૈ.વ.૬)

શ્રી દાઉદજી મહારાજ
(શ્રી નાથદ્વારવાળા, ગોદે લીધા)

શ્રી લક્ષ્મણલાલાજી મહારાજ. (શ્રીઘનશ્યામજીના લાલ, ગોદે લીધા)
(સં. ૧૮૬૫ શ્રાવણ સુ. ૧૦)

શ્રી ચંદ્રાવલી વહુજી (૧૯૧૧ થી.)
શ્રી કન્હૈયાલાલજી (શ્રી રમણલાલજી મથુરાવાલાના લાલ, ગોદે લીધા)
(સં. ૧૯૨૬ કારતક વદિ ૧૧)

શ્રી વલ્લભલાલજી (શ્રી દેવકીનંદનજીના લાલ, કામવનવાળા ગોદે લીધા)
(સં. ૧૯૬૮ બીજા અસાડ સુદિ ૯)

શ્રી ગોવિંદલાલજી
(સં. ૧૯૬૮ કારતક સુદિ ૧૩)

શ્રી ગોકુલનાથજી
(સં. ૧૯૯૦ ફાગણ સુદિ ૪)

શ્રી જયદેવલાલજી
(સં. ૧૯૯૩ આસો વદિ ૧૪)

શ્રી શ્રીસુરેશકુમાર
સં. ૨૦૦૬ ફાગણ વદિ ૧૦

---

* શ્રીવ્રજપતિજીના લીલામાં પધાર્યા પછી શ્રીગોવર્ધનેશજીનાં વહુજી ભામિની વહુજી પ્રભુની સેવામાં પહોંચતાં ને પછી ગોકુલેશપ્રભુના તિલકાયતપણાની જવાબદારી વ્રજોત્સવજીનાં વહુજી ૭ મા ઘરનાં એ ફૂલકોર વહુજીએ સંભાળી એ સમયમાં શ્રીવ્રજોત્સવજી જયપુરમાં પોતાના શ્રીપ્રભુ મદનમોહનજીને પધરાવી બિરાજતાં હતાં (શ્રીસુરેશ બાવાએ તૈયાર કરેલ વંશવૃક્ષમાં દર્શાવ્યા પ્રમાણે ત્યાર બાદ શ્રીકમલાવતી માજી દાદીજી પ્રભુની સેવામાં પહોંચતાં). પછી ૭ મા ઘરનાં શ્રીદેવકીનંદનજીનાં ત્રીજા વહુજી શ્રીલક્ષ્મીવહુજીના હાથમાં તિલકાયતપણાની જવાબદારી આવી. એમણે શ્રીદાઉજી મહારાજને ગોદે લીધા, પણ કહે છે કે એઓ કલકત્તા પધાર્યા એટલે પેઢી ખાલી પડતાં શ્રીલક્ષ્મણલાલજી મહારાજને ગોદે લીધા. એમના પછી એમના શ્રીચંદ્રાવલી વહુજી પ્રભુની સેવામાં પહોંચતાં એમણે કનૈયાલાલજીને ગોદે લીધા. આ પ્રમાણે ક્રમ ચાલ્યો.

—**સંપાદક**

(વિસ્તૃત ચર્ચા માટે જુઓ : (૧) 'ભાવકુંજ' શ્રી ચિમનલાલ મો. દોશી અને શ્રી કાન્તિલાલ મો. દોશી. ત્રીજો ભોઈવાડો, મુંબઈ, સં. ૨૦૩૧, પ્ર.આ. પૃ. ૧૧૮-૧૧૯ (૨) 'વીણેલાં મોતી', શ્રી મોહનલાલ વિ. ગાંધી, મોડાસા, સં. ૨૦૩૩ આ. ૪, પૃ. ૯૨૪-૯૨૭)



શ્રીગોકુલેશજી



શ્રીગોકુલેશજી (બાલ લીલા)

શ્રીગોકુલનાથજીકે વચનામૃત વ્રજકે માસસૂં દેખનો, તીજ તેરસ ઓર પાંચમ પૂનમ એક, ચૌદસ અમાવસ તજની, યા વચનામૃતપેં વિશ્વાસ રાખિકેં પ્રયાણ કરે તો મનોરથ સિદ્ધ હોય.

પો.	મા.	ફા.	ચૈ.	વૈ.	જે.	અ.	શ્રા.	ભા.	આ.	કા.	મા.	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	બહોત સુખ હોય, કલેશ ન હોય, અર્થ પૂર્ણ હોય.
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	મહાભારત હોય, અશુભ, જીવનાશ હોય.
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	અર્થ પૂર્ણ હોય, મનોરથ સિદ્ધ હોય, કામના પૂર્ણ હોય.
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	કલેશ હોય, જીવનાશ હોય, કુશલસૂં ઘર નાહીં આવે.
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	વસ્તુલાભ હોય, મિત્ર મિલે, વ્યાધિ મિટે, લાભ હોય, .
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	મહાચિંતા હોય, વિયોગ હોય, કદાચિત્ ઘર આવે.
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	સૌભાગ્ય પાવે, રત્નસહિત ભલીભાંતિસૂં ઘર આવે.
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	મિલવો નહોય, બહોત બૂરો હોય, જીવનાશ હોય, દુઃખ પાવે.
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	આશા પૂર્ણ હોય, સૌભાગ્ય પાવે, કામના સિદ્ધ હોય.
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	સૌભાગ્ય પાવે, દિન બહોત લગે, કુશલસૂં ઘર આવે.
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	કલેશ હોય, જીવનાશ નહિ, સૌભાગ્ય પાવે નાંહી
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	માર્ગમેં સિદ્ધિ હોય, મિત્ર મિલે,વિઘ્ન મિટે, ધનકો શીઘ્ર લાભ હોય.

॥શ્રીગોપીજનવલ્લભાય નમઃ॥ ॥શ્રીકૃષ્ણાય નમઃ॥ ॥અથ શ્રીમદ્દગોકુલેશજીકૃત શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીકે ચોરાસી વૈષ્ણવનકી નામાવલી પ્રારંભ ॥

શ્રીવિઠ્ઠલમહં વન્દે સ્વકીયજનવલ્લભમ્
ચતુરશીતિભક્તાનાં વ્યક્તં કુર્વે યથાર્થતઃ. ૧
દામોદરઃ કૃષ્ણદાસઃ, પુનર્દામોદરસ્તથા,
પદ્મનાભશ્ચ, તુલસાં, પાર્વતી, રઘુનાથકઃ. ૨
રજો, પુરુષોત્તમો, રુકૃમિણી, ગોપાલદાસકઃ,
સારસ્વતો રામદાસો, ગદાધર, મહાંસ્તથા. ૩
વેણીમાધવદાસૌ ચ અંમાક્ષત્રાણી વૈષ્ણવી,
હરિવંશશ્ચ, ગોવિંદઃ, ક્ષત્રી ગજજનધાવનઃ. ૪
નારાયણો બ્રહ્મચારી, ક્ષત્રાણી, જીયદાસકઃ
દેવા કપૂર ક્ષત્રીશ્ચ, દિનકરઃ પુરુષોત્તમઃ. ૫
મુકુન્દઃ, પ્રભુદાસશ્ચ, પ્રભુત્રિપુરદાસકૌ,
પૂર્ણમલ્લો, યાદવેંદ્રઃ, કાશ્મીરો માધવસ્તથા. ૬
ગુસાંઈદાસ-ગોપાલઃ, પદ્મા-રાવલકસ્તથા,
જોશી પુરુષોત્તમો જ્ઞેયો, જગન્નાથઃ સમન્વયઃ. ૭
નરહરિઃ રાણાવ્યાસઃ ક્ષત્રાણી, રામદાકસકઃ,
ગોપાલઃ, કૃષ્ણદાસશ્ચ, પ્રોહિતો રામદાસકઃ. ૮
બુલામિશ્રો રામાનન્દો, વિષ્ણુ-જીવનદાસકૌ,
સારસ્વતો ભગવાનો, ભગવાન્મુખ્યસેવકઃ. ૯
ગૌડશ્ચાચ્યુતદાસશ્ચ, અચ્યુતશ્ચકતીર્થકઃ
કન્હૈયાલાલ ક્ષત્રી ચ, નરહરિદાસકસ્તથા. ૧૦
લઘુપુરુષોત્તમો, ગોપાલદાસ-જનાર્દનૌ,
કવિરાજો ગડુસ્વામી, ઉત્તમશ્લોકદાસકઃ. ૧૧
ઈશ્વરોત્તમ શ્લોકાખ્યો, રાજા-માધવકૌ તથા,
સિંહનન્દે સાસુવહુ, પરમાનન્દસૂરકઃ. ૧૨
બાબા વેણુઃ, કૃષ્ણદાસી, છકડા વાસુદેવકઃ,
એકા ક્ષત્રાણી, આનન્દદાસો વિશ્વંભરસ્તથા. ૧૩
બ્રહ્માણી રથકાઈશ્ચ, નારાયણી સ્ત્રિયસ્તથા,
અન્યમાર્ગીય-કાયસ્થદાસૌ દામોદરસ્તથા. ૧૪
સિંહનન્દે ચ ક્ષત્રાણી, જગતાનન્દકસ્તથા,
ઈન્દ્રપ્રસ્થે એક ક્ષત્રી, જટા ગોપાલદાસકઃ. ૧૫
કૃષ્ણદાસ-રામદાસૌ, વાડવો બાદરાયણઃ,
વૈષ્ણવઃ સંતદાસશ્ચ, સુંદરદાસ, માવજી. ૧૬
નરહરિદાસ સંન્યાસી, પાંડે સદુઃભવાનિકૌ,
શ્રીમદાચાર્યભક્તાનાં નામાનિ બહુતસ્તથા ૧૭
તથાપિ સ્વાત્મપાઠાર્થં લિખિતાનીતિ ક્ષમ્યતામ્,
વાર્તાયાં પરિદધ્યાનિ સર્વદા વૈષ્ણવૈર્જનેઃ. ૧૮

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યભક્તાનાં શ્રીમદ્દગોકુલનાથજીકૃતા નામાવલી સંપૂર્ણા ॥

પરિશિષ્ટ

(રાજકોટવાળા રમણિકલાલ ઓધવજી સોનેચાએ પ.ભ. વ્યારાવાળા ગોપાળદાસભાઈનો તૃતીય તરંગ ''સુજાતિ'' દ્વારા ઈ.સ. ૧૯૮૫માં પ્રગટ કરેલ છે એમાં ગોપાલદાસભાઈ ઉપરાંત અન્ય ભક્તકવિઓનાં પણ માંગલ્યો આપ્યાં છે, એટલું જ નહિ, પણ દરેક માંગલ્યમાં નિરૂપેલા પ્રસંગોની સૂચનિકા પણ આપેલ છે. એમાં નાગરદાસભાઈએ લખેલ માંગલ્યની સૂચનિકા અમે અહીં પરિશિષ્ટમાં આપીએ છીએ અને એ રીતે મગનલાલ ગાંધી પોતાના ગ્રંથમાં જે પ્રસંગો સમાવી શક્યા નથી તેઓની ખોટ પૂરી કરવાનો પ્રયત્ન કર્યો છે.

અહીં લીધેલા લખાણની જોડણી વિરામચિહ્નો વગેરે સુધારી લીધાં છે.

– સંપાદક)

માંગલ્ય - ૭

આ માંગલ્યમાં નાગરદાસભાઈજી મહદોના સ્વરૂપનું વર્ણન કરતા કહે છે કે ઓહોના ભાવ અંતરંગ રીતે શ્રીવલ્લભ વરની સાથે લગ્ન થઈ ગયા છે. ગોકુલેશજીની સૃષ્ટિમાં એ સર્વોપર શિખરરૂપ છે અને એઓ ગૂઢ સ્ત્રીભાવી છે. પોતાનું ધન, સંપત્તિ, વૈભવ વગેરે જે કાંઈ છે તે ઠાકોર અને ભક્તને વિનિયોગ થાય એવો મનોરથ કરે છે. ઠાકોરના વચનામૃત સિવાય એમને બીજી કાંઈ ન્યાયિક નથી. સર્વ વિષયનો ત્યાગ કરીને વલ્લભના અનુરાગમાં રંગાયેલ છે, પરંતુ આ વાત થઈ સંયોગદશાની.

વિપ્રયોગદશામાં શ્રીગોકુલભાઈજી અને શ્રીગોપાલદાસભાઈજી નિસાસા નાખીને ઉદાસ થઈ જીવન વ્યતીત કરે છે, પરંતુ ઠાકોરજીએ ઇચ્છાથી જ આ બન્ને મહદોની સ્થિતિ રાખી છે.

ઠાકોરજીનો મનોરથ છે કે પછીથી પણ પોતાની ચરણારવિંદસેવા જગતમાં પ્રસિદ્ધ થાય અને પોતાની લીલા પ્રકાશિત થાય. આપના આ મનોરથ પૂરણ કરવા માટે આ બન્ને મહદ ભગવદીયોને ભૂતલમાં રાખી પોતે સ્વધામ પધાર્યા છે.

ઇચ્છાથી જ શ્રીગોકુલભાઈજીના મનમાં આવ્યું અને એમણે સેવાપ્રકાર ચાલુ કર્યો તથા સેવાના અવકાશે જે મહા ઉત્સવનાં દર્શન સાંપ્રત સમયે કર્યાં હતાં તેનું લેખનકાર્ય આરંભ્યું અને આમ ''સ્વરૂપાનુભવ-ઓચ્છવ'' ગ્રંથ પ્રગટ થયો. ગોપાલદાસભાઈએ પણ આચાર્યજીના મૂલ કુલથી શરૂઆત કરી આચાર્યજીનું પ્રાકટ્ય, શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય, શ્રીઠાકોરજીનું પ્રાકટ્ય, અડેલનિવાસ, ગઢાનિવાસ, મથુરાનિવાસ, ઠાકોરજીનો વિવાહ, અને ગોકુલ દઢ વાસ તથા શ્રીગુસાંઈજીનો પરોક્ષ અને ભાઈઓનું જુદા થવું વગેરે લીલા પહેલા તરંગમાં એટલે ''પ્રાકટ્યસિદ્ધાંતમાં'' લખી. વિ.સં. ૧૬૪૬ થી ૧૬૪૭ ૧ વર્ષની લીલા બીજા તરંગમાં એટલે ''ગુજરાતપ્રસંગ''માં પ્રગટ કરી છે. આ બીજા તરંગમાં શ્રીગોકુલેશજી ગુજરાત અને દ્વારકા પધાર્યા એ પ્રસંગનું ખૂબ જ રસિક રીતે વર્ણન થયું છે.

તૃતીય તરંગમાં ગૃહસ્થાશ્રમ ધર્મલીલાનું વર્ણન છે. ૬ માંગલ્યમાં પીતાનું ઋણ ચૂકવ્યું, કુરુક્ષેત્ર વગેરે સ્થળે પધારી આ ક્ષેત્રો પાવન કર્યાં, એ લીલાનું વર્ણન થયું છે. હવે આઠમા માંગલ્યમાં પ્રિય પુત્રોને પરણાવશે એ પ્રસંગનું વર્ણન થશે.

માંગલ્ય - ૮

આ માંગલ્યમાં પણ નાગરદાસભાઈ મહદ ભક્તોનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે એઓ વાત્સલ્યધર્મમાં નિપુણ છે, ઠાકોરજીના સુખની જ અભિલાષા કરે છે, એઓ ઠાકોરજીના મનોરથપૂરક છે. વળી એઓનાં અંગ માત્ર પ્રિય-ઉપયોગી છે. એઓ ઠાકોરજીમાં સ્નેહથી ભરપૂર છે, જેઓ મહાતમનો તો વિચાર જ નથી કરતાં કેવળ સ્નેહમય છે.

આરત, અભિલાખ, આતુરતા, ઉત્કંઠા, પ્રેમ, અનુરાગ અને હીલગ આ બધાં લક્ષણો સ્નેહનાં જ જુદાં જુદાં નામ છે.

જ્યાં સ્નેહ છે ત્યાં વાત્સલ્ય આપોઆપ પ્રગટ થાય છે. ફૂલમાં જો સુગંધ ન હોય તો ફૂલનો અંગીકાર ન થાય તેમ જો વાત્સલ્ય ન હોય તો કેવલ સ્નેહનો અર્થ નથી, પરંતુ મહદ ભક્તો તો વાત્સલ્યનો સાગર છે.

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં પ્રભુના બાલસ્વરૂપની સેવા કરવામાં આવે છે એનું કારણ પણ વાત્સલ્ય છે. ''બાલભાવ'' રાખી સેવા કરવામાં આવે તો વાત્સલ્યનો ખ્યાલ રહે જ રહે.

મહદ ભક્તોની વાત્સલ્યપૂર્વકની સેવાથી ઠાકોર અતિ પ્રસન્ન થાય છે અને કહે છે કે તમારા ઋણમાંથી હું ક્યારેય મુક્ત નહીં થાઉં.

આમ આ મહદ ભક્તો વાત્સલ્યદાનનાં પાત્ર છે તેથી ઠાકોરે એમને વાત્સલ્યનું દાન કર્યું છે અને મહદો આ દાન પ્રમાણે ઠાકોરજીની વાત્સલ્ય-પૂર્વક સેવા કરી રહ્યા છે.

એમનું દરેક કાર્ય ઠાકોરજીને કેમ સુખ થાય એ વિચારથી જ થાય છે. પોતાના દેહ ઉપર વસ્ત્ર, આભૂષણ વગેરે ધરે છે એમાં પણ એક જ ભાવ છે કે આનો ઠાકોર વિનિયોગ કરે.

આવા મહદ ભક્તો ત્રિલોકમાં બીજે ક્યાંય નથી. ઠાકોરજી એમનાથી ક્ષણે પણ અળગા નથી. એવા મહદ ભક્તોને ચરણે નમન કરી નાગરદાસભાઈ હવે પછીની લીલા ગાય છે.

શ્રીગોકુલેશજીના સ્વરૂપને યથાર્થ જાણે છે એ પ્રિય પુત્ર શ્રીગોપાલના વિવાહ કરવા માટે જાન જોડીને સહજાદપુર, અનેક સમૃદ્ધિ સાથે, પધારે છે. વિ.સં. ૧૬૫૫ ના ચૈત્રના શુક્લ પક્ષમાં શ્રીગોકુલથી સહજાદપુર જવા માટે વિજય કર્યો છે.

મારગમાં જાનના સમૂહને સમયે સમયે ભોજન વગેરેની સગવડ છે. વાજિંત્રો વાગી રહ્યાં છે, નૃત્ય થઈ રહ્યાં છે. તવાયફોના મુજરા થઈ રહ્યા છે, આતસબાજી

ફૂટી રહી છે. સજ્જન સબંધી, ભાઈ, ભત્રીજા, છોટા બાલકો અને જ્ઞાતિજનો તથા વૈષ્ણવ ભક્તો સાથે મજલ દર મજલ કરતા સહજાદપુર પધારી જાનીવાસે ઊતર્યા છે.

અહીં એક પ્રસંગ બને છે. નગરથી થોડે દૂર હતા ત્યારે વહેવાઈને ત્યાં બચુઓ (ભક્તનું નામ હશે) વધાઈ લઈને જાય છે. વહેવાઈને પણ હરખનો પાર નથી અને બચુઓ તો હરખમાં તરબોળ છે. વહેવાઈએ પ્રસાદ આપ્યો એનું અનુસંધાન નથી તેથી લઈ લીધો. જ્યારે હરખનો ઊભરો સમ્યો ત્યારે ભૂલ સમજાઈ. ભૂલ થાય એ મનુષ્યનું લક્ષણ છે, પરંતુ ભૂલ દેખાય તો માનવું કે પ્રભુની કૃપા છે. બચુઆને ભૂલ સમજાય છે. જુઓ, પોતાની ભૂલ છુપાવતો નથી, તરત જ ઠાકોર પાસે ભૂલનું નિવેદન કરે છે. ઠાકોર કહે છે કે ક્યા ભાવથી પ્રસાદ લીધો છે ? બચુઓ કહે છે : પ્રભુ પધાર્યાની વધાઈનો પ્રસાદ કહ્યો એ ભાવથી લેવાઈ ગયો. ઠાકોર કહે છે કે તો તને બાધ નહીં કરે.

પછી તો કુલરીતિ પ્રમાણે વિવાહ થાય છે. વિવાહનો દિવસ છે વૈશાખ વદ ૫ ને સંવત ૧૬૫૫. પરશરામ ભટે આનંદથી કન્યાદાન કર્યું છે. પાર્વતી વહુજી કહે છે : વહુનું નામ રોહિણી છે માટે આ નામ ફેરવીએ (કારણ કે સૌથી મોટાં બેટીજીનું નામ રોહિણી છે. નણંદ ભોજાઈનું નામ એક જ હોય તો વહેવારમાં મુશ્કેલી ઊભી થાય.) ઠાકોરજી કહે છે કે હમણાં ભલે રહ્યું, ઘેર જઈને નામ ફેરવશું.

સહજાદપોરથી અડેલ પાસે છે તેથી લગ્ન કરી તરત જ અડેલ પોતાના જન્મસ્થાને પધાર્યા છે. રસ્તામાં શ્રીગોકુલથી સમાચાર આવે છે કે ભત્રીજા ગોકુલ-ઓછવનાં વહુજી લીલામાં પધાર્યા છે. ઠાકોરજી વિચારે છે કે હવે ભત્રીજાનાં પણ લગ્ન કરતા જઈએ. ભત્રીજા જાનમાં સાથે છે.

પાર્વતી વહુજીના પિતરાઈ ભાઈ મહાદેવ ભટ અકબરપુરમાં રહે છે એમને ત્યાં હીરા નામે કન્યા છે એમની સાથે ભત્રીજાનાં લગ્ન કરી શ્રી ગોકુલ પધાર્યા છે.

આ ગોકુલઓછવ ભત્રીજા એ આપશ્રીના મોટા ભાઈ ગોવિંદરાયના પુત્ર થાય. ગોવિંદરાયજી સંસારમાં વિરક્ત થઈને રહેતા તેથી એમનાં વહુજીને બાલકોની ચિંતા રહેતી. ઈચ્છાથી વહુજીનો લીલામાં પધારવાનો સમય થયો ત્યારે એમણે ઠાકોરજીને બોલાવીને પોતાના બાલકોની સોંપણી કરી અને કહ્યું કે આમનો નિર્વાહ તમારે કરવાનો છે. ઠાકોરે વચન આપ્યું છે અને આ રાણી વીરાવહુજીની કાનીથી ભત્રીજાનું લગ્ન પણ તરત જ કર્યું છે.

ગોકુલ પધાર્યા પછી ત્રીજા લાલજી વ્રજપતિજી લીલામાં પહોંચ્યા અને એ પછી એક નાનાં બેટીજીનો પણ અભાવ થયો તેથી લોકોમાં ચર્ચા થવા લાગી કે શ્રીગોપાલ અને રોહિણી વહુજીના જન્માક્ષર ન મળ્યા તેથી આમ બનાવ બને છે. ત્યાં તો ખુદ રોહિણી વહુજી જ લીલામાં પધારી અને આ ચર્ચા એમ પૂરી થઈ.

બલભદ્ર ભટની ગોપદેવી નામની પુત્રી સાથે શ્રીગોકુલમાં ફરી શ્રીગોપાલનાં પહેલાંની જેમ ધામધૂમથી જ લગ્ન કરે છે. ગોપદેવીજી લીલામાંથી વિખૂટાં પડેલાં આદિદૈવિક જીવ હતાં. સકલ ગોપીઓનું સ્વરૂપ ગોપદેવી હતાં. ઠાકોરજીએ એમનો ભક્ત રીતે અંગીકાર કર્યો છે.

શ્રીગોપાલ તો શ્રીગુસાંઇજીનું સ્વરૂપ હતા. અમુક મનોરથો બાકી હતા એ પૂરણ કરવા શ્રીગુસાંઇજી શ્રીગોપાલરૂપે પ્રગટ્યા હતા, જ્યારે શ્રીવિઠ્ઠલરાયજીનું પ્રાકટ્ય વંશ આગળ ચલાવવા માટે છે.

હવે પછીના નવમા માંગલ્યમાં રણથંભોર પધારી શ્રીવિઠ્ઠલરાયજીનો વિવાહ કરશે વગેરે પ્રસંગનું વિવરણ કરીશ.

માંગલ્ય - ૯

જુદા થયા પછી શ્રીગોકુલેશજીની જસકીર્તિ દિનપ્રતિદિન ચહું દિશામાં ફેલાતી જાય છે. અનેક જીવો દરરોજ શરણે આવે છે અને ધન વૈભવ પણ અમાપ થયાં છે. આવી સમૃદ્ધિની રેલમછેલ જોઈ શ્રીગિરધરજીને એમ થાય છે કે આ તો બધો શ્રીગુસાંઈજીની બેઠકનો પ્રતાપ છે. (જ્યારે શ્રીજીને જુદા કર્યા ત્યારે રહેવા માટે ગિરધરજીએ જ શ્રીગુસાંઈજીની બેઠક આપી હતી.) માટે આ બેઠક શ્રીવલ્લભ પાસેથી લઈ લેવી જોઈએ.

ઠાકોરજીની ઈચ્છા જ એવી છે. કોઈના પણ મનમાં શંકા ન રહેવી જોઈએ કે આ બધો પ્રતાપ શ્રીગુસાંઈજીની બેઠકનો છે. પોતાનું સ્વરૂપબલ પ્રગટ કરવા અને કેવલ સ્વરૂપબલે જ આ બધો વૈભવ છે એ પોતાના ભક્તોને દેખાડવા માટે પણ ઠાકોરજીએ બેઠક ગિરધરજીને લેવા લીધી છે. વિઠ્ઠલરાયજીનાં વહુજી પણ લીલામાં પધાર્યાં.

દિવાળી પહેલાં થોડા દિવસે પોતાના સેવ્ય સાથે આપશ્રી ઠાકુરદ્વાર પધાર્યા છે, કારણ કે દર સાલ પોતાના સેવ્યનો અન્નકૂટ ઉત્સવ પણ ઠાકોરદ્વારમાં થાય એવો ક્રમ છે. આજે પણ આ પ્રકાર ચાલી રહ્યો છે.

વિઠ્ઠલરાયજીના બીજી વખત વિવાહ કરવાનો વિચાર કરે છે ત્યાં તો ગોવિંદ મામાએ વિઠ્ઠલરાયજીનો વિવાહ મેલાવીને મોકલ્યો છે. રણથંભોરવાસી મધુસૂદન ભટનાં સુપુત્રી પ્રાણમતીજી સાથે સગાઈ નક્કી થઈ.

ત્યાં તો શ્રીગોકુલથી સમાચાર આવ્યા કે ગિરધરજીએ બેઠક કબજે કરી છે. ઠાકોરજી કહે કે ભલે લીધી.

આને ભગવાન કહેવાય. ગોકુલમાં રહેવાની જગ્યા નથી છતાં જરા પણ ઉચાટ નથી કર્યો, એટલું જ નહીં, પરંતુ તરત જ બીજે જ દિવસે સંવત ૧૬૫૮ના કારતક સુદ ૨ નાં જાન જોડીને રણથંભોર પધારે છે. વાજતે ગાજતે આનંદમંગલ કરતા રણથંભોર આવી પહોંચ્યા છે. જાનીવાસમાં ઉતારો થયો છે. અહીં રાજાએ

(લાડબાઈના લૌકિક પતિએ) ઠાકોરજીને પોતાના મહેલે પધરાવ્યા છે, ખૂબ સંમાન કર્યું છે, સંગીતની મહેફિલ કરી છે. રાજાએ ખૂબ ભેટ-પહેરામણી કરી ઠાકોરને જાનીવાસે વિદાય કર્યા છે. રણથંભોરમાં થોડા દિવસ રહી લગ્નની તૈયારી કરી છે. પછી કારતક વદ - ૨ નાં ખૂબ ઉત્સાહથી લગ્ન થયાં છે.

જે લાડબાઈએ કરજ ચૂકવવા માટે રૂ. ૩૨૦૦૦ ની ભેટ ધરી હતી તેમની સુરતી આવી જતા ઠાકોરને દુઃખ થાય છે અને કહે છે :

વિવાહ તણી પ્રશંસા કરી અને મનમાં સુરતી તે આણી,
સંભ્રમસો વિવાહ ભયો કહીને બોલ્યા શ્રીમુખે વાણીઃ
પે એક વસ્તુકી ખોટ હતી જે લાડબાઈ ન હુતી,
એ નિઃશ્વાસપૂર્વક તે કહી છે લાડાશી નો કી દુજી.

નિસાસો નાખીને બોલ્યા કે લગ્ન આનંદથી ધામધૂમથી થયાં, પરંતુ લાડબાઈની ખોટ દેખાણી. એના જેવાં બીજા કોઈ નથી. લાડબાઈ રણથંભોરનાં રાણી હતાં. રાજાના મહેલે પણ લાડબાઈનો મનોરથ બાકી હતો એ લાડબાઈના પરોક્ષ પછી પૂરો કરવા પધાર્યા હતા.

કારતક વદ ૧૧નાં રણથંભોરથી શ્રીગિરિરાજ પધારે છે. ગોકુલનું ભવન તો ગિરધરજીએ આંચકી લીધું છે એટલે અહીં ગિરિરાજજીમાં વધુ એક માસ રોકાઈ મહા ઉત્સવનાં પ્રગટ દર્શન શ્રીનાથજીને કરાવ્યાં છે. પ્રાકટ્ય થયે ૫૦ વર્ષ થઈ ગયાં છતાં એક પણ મહા ઉત્સવ ગિરિરાજજીમાં શ્રીનાથજીની સાંનિધ્યમાં નહોતો થયો અને શ્રીનાથજીને એ દર્શનનો મનોરથ હતો તેથી અહીં ૧ માસ રોકાયા છે.

માંગલ્ય - ૧૦

દસમા માંગલ્યના આરંભમાં પણ નાગરદાસભાઈ મહદ ભક્તનું સ્વરૂપ સમજાવે છે. એઓ કહે છે : ઠાકોરજીએ પોતાનું ગોપ્ય સ્વરૂપ તો મહદ ભક્તો પાસે રાખ્યું છે માટે એ સ્વરૂપનાં દર્શનની અભિલાષા હોય તો પહેલાં મહદ ભક્તોને દંડવત કરવાં આવશ્યક છે. ઠાકોરજીના પ્રગટ સ્વરૂપ બરાબર મહદસ્વરૂપો છે, કાંઈ ન્યૂનતા નથી. મહદ ભક્તોથી ઉત્તમ બીજુ કાંઈ નથી. દૃષ્ટાંતરૂપે સમજાવે છે કે મહદ ભક્તો સુવર્ણ જેવા છે. સર્વ ધાતુમાં સુવર્ણ શ્રેષ્ઠ ધાતુ છે, પરંતુ સોનું જડવત્ છે, નીરસ છે, વળી સુગંધ-રહિત છે અને એ માયાની સામગ્રી છે, જ્યારે મહદો ચેતન છે, રસે પૂર્ણ છે અને સુવાસ-સહિત છે એઓ આનંદસ્વરૂપ છે, પરંતુ દૃષ્ટાંતથી તરત જ સમજાય એટલા પૂરતી જ સોનાની ઉપમા આપી છે.

આવા મહદ ભક્તોમાં જે જીવ પહેલા અનુકૂળ હોય, જેમને મહદસ્વરૂપની લગની હોય, પરંતુ કારણવશાત્ એ જીવ મહદથી પ્રતિકૂલ થાય એટલે કે મહદ-સ્વરૂપને ના માને અને બીજા કોઈને માને તો એમનો આપણે સર્વથા ત્યાગ કરવો

જોઈએ. દૃષ્ટાંતથી ફરી સમજાવે છે કે મહદસ્વરૂપમાં જેને સાનુકૂલથી પ્રતિકૂલતા થાય તો 'સાક્ષરા'થી ઉલટું 'રાક્ષસા' થાય છે (સાક્ષર એટલે વિદ્વાન), માટે જો રાક્ષસ સાથે આપણે સબંધ રાખીએ તો રાક્ષસ આપણો તો કોળિયો જ કરી જાય, માટે આવા લોકથી બિલકુલ સંબંધ ન રાખવો.

આથી વધુ ખુલાસો કરવાની ગ્રંથકર્તા ના કહેતાં કહે છે કે :

સાક્ષરા સૂલટું વાંચેથી ઊલટે રાક્ષસા થાય,
એહ સિદ્ધાંત છે એણી રીતે સમજજો સમુદાય.
એથી આગલ કહું ક્યાં લગી તે વિશદ કરીયને ગૂઢ,
દાનપાત્ર સમજસે, એટલેથી નહીં સમજે તે મૂઢ.

મેં આ વસ્તુ દ્રષ્ટાંત આપીને વધુ ચોખવટ કરવાનો મનોરથ કર્યો હતો, પરંતુ ઉપરની ૨ કડી જોતાં આ મનોરથની પૂર્તિ ન કરી.

ખાન પાન પ્રસાદ વગેરેનો સિદ્ધાંત સમજાવતાં નાગરદાસભાઈ કહે છે કે પુષ્ટિભક્તો શુચિ એટલે પવિત્ર છે, જ્યારે મર્યાદા પ્રવાહી સૃષ્ટિ અણશુચિ છે. એમની વચ્ચે ખાનપાનનો સબંધ ન હોય. મહદોએ કોઈ સિદ્ધાંત પોતાની મરજી મુજબ પ્રગટ નથી કર્યો, દરેક સિદ્ધાંત પાછળ ઠાકોરજીની કૃતિ કે વચનામૃત છે. અહીં પણ વચનામૃતથી આ સિદ્ધાંત પ્રમાણ કરતાં કહે છે કે વહુજી પીયર ભોજન માટે પધારે છે ત્યારે ઠાકોરજી વહુજી સાથે જતી ખવાસણીને કહે છે :

ભટ ઘેર ભોજન મતી કરિયો. પ્રભુ એમ વરજે છે એહને.

એક સમયે ઠાકોરજી જ્ઞાતિરિવાજ મુજબ કોઈ ભટના ઘેર ભોજન માટે પધાર્યા છે. ભોજન પછી થાળમાં થોડું બાકી હોય છે એ સાથેના ખવાસે પ્રસાદ સમજી લીધું છે. ઠાકોરને આ વાતની ખબર પડે છે ત્યારે ખવાસ ઉપર કૃપારોષ કરીને ખીજ્યા છે અને ફરી નિવેદન કરાવ્યું છે. ભલે ઠાકોરજીના થાળનો શેષ ભાગ હતો, પરંતુ સામગ્રી તો ભટજીના ઘરની અને કરનાર પણ અન્યમાર્ગીય તેથી ન લહેવાય.

આપણા ઘણા વૈષ્ણવો પૂછે છે : શ્રીનાથજીનો પ્રસાદ લેવાય કે ન લેવાય ? લેવાય એમ તો ન કહી શકીએ. જ્યારે કહીએ છીએ કે ન લેવાય, તો કહે છે : બજારના ગાંઠિયા ખાઈએ છીએ, પછી શ્રીનાથજીના થાળનો પ્રસાદ શા માટે ન લેવાય ?

ઉપરના દૃષ્ટાંતથી આવા વૈષ્ણવોના મનનું સમાધાન જરૂર થશે. બજારના ગાંઠિયા તમારા પૈસાથી ખરીદ્યા છે, વળી એ કોઈનું જૂઠણ પણ નથી, જ્યારે પ્રસાદનો અતિ સામાન્ય અર્થ તો જૂઠણ થાય છે. શ્રીનાથજીમાં અનેકની સત્તા સંવલિત હોય, વળી કરનારા ધરનારા ભિતરિયા હોય એટલે બને તો ન લેવાય. બાકી જેને લેવો છે તેને કોઈ રોકતું નથી.

આગળ નાગરદાસભાઈ પ્રગટ અપ્રગટ **સ્વરૂપ**ને સમજાવે છે. રાવણ દુર્યોધન વગેરે પણ ભગવાનના ભક્તો હતા, પરંતુ એઓ પ્રગટ સ્વરૂપ અનુક્રમે રામ અને કૃષ્ણને નહોતા માનતા તેથી નિંદિત થયા છે, જ્યારે વિભીષણ પાંડવો વગેરે પ્રગટ સ્વરૂપ રામ અને કૃષ્ણને ભજતા તેથી ભક્તો કહેવાયા છે.

આ બધા પ્રસંગો રામાયણ, ભાગવત જોવાથી વધારે સમજાય. દસમું માંગલ્ય સિદ્ધાંતોથી ભરપૂર છે. આખા માંગલ્યનું વિવરણ કરું તો વિવરણપત્રિકા ખૂબ જ મોટી થઈ જાય છે, તેથી હવે આગળ શ્રીગિરિરાજજીમાં બિરાજી જે લીલા કરી છે તેનું વિવરણ કરું છું.

વિઠ્ઠલરાયજીનાં લગ્ન ખૂબ રંગેચંગે કર્યાં. વળી મહા ઉત્સવ થયો અને શ્રીગુસાંઈજીનો ઉત્સવ પણ અહીં જ કર્યો છે, અહીં રહી ગોવિંદકુંડે સ્નાન કરવા પધારે છે. કોઈ વખતે પૂછરી પધારે છે. અહીં ગાયોને જલનું અસૌકર્ય હતું તેથી ઠાકોરજીએ કૂવો ખોદાવ્યો છે. કોઈ વખત કદમખંડી, કોઈ વખત હરજીની પોખર તો કોઈ વખત માનસીગંગા પધારે છે, કોઈ વખત વિલછુ પધારે છે, કોઈ વખત ફૂલબાગમાં પધારે છે, કોઈ વખત ગાયોનાં વૃંદ જોવા પધારે છે.

શ્રીનાથજીમાં નિત્ય નવનવા મનોરથ કરે છે.

આમ એક માસ અહીં બિરાજ્યા છે અને પોષ સુદમાં ફરી શ્રીગોકુલ પધારે છે એ લીલાપ્રસંગ ૧૧ મા માંગલ્યમાં કહેવાશે.

માંગલ્ય - ૧૧

સં. ૧૬૫૮ પોષ સુદમાં શ્રીગિરિરાજજીથી વિદાય થઈ વાજતે ગાજતે સેવ્યની પાલખી સાથે શ્રીગોકુલ પધાર્યા. જુદા થયા ત્યારે શ્રીગુસાંઈજીની બેઠકમાં રહેતા હતા એ બેઠકજી તો ગિરધરજીએ લઈ લીધી હતી તેથી લાડબાઈએ જે ઘર સમર્પ્યું હતું તે મકાનમાં જરૂરી ફેરફાર કરાવી નિવાસ કર્યો છે. અહીં નિત્ય નૌતન લીલા થઈ રહી છે.

વિ. સંવત ૧૬૫૮ના મહા વદમાં મંદિર બંધાવવાનું મુહૂર્ત થયું છે. યાદવેન્દ્રદાસભાઈ ભક્તના પરિવારે ૧ રાતમાં જ સંપૂર્ણ મંદિરનો પાયો ખોદ્યો છે. અત્યારે જે મંદિર અને આપશ્રીનાં બેઠકજી છે તે સંપૂર્ણ મંદિરનું બાંધકામ ફક્ત ૬ માસમાં પૂરું થયું. અનેક વૈષ્ણવ પરિવારે ટોપલા કે દહાડિયાની સેવા અંગીકાર કરાવી છે. કેવું ભવ્ય અને મજબૂત મંદિર ઊભું છે ! ૪૦૦ વર્ષ થયાં છતાં કાંકરી પણ નથી ખરી. મંદિરનું મુહૂર્ત લીધું ત્યારે કડિયાને આપશ્રી પૂછે છે : કેટલા દિવસમાં તૈયાર થઈ જશે ? કડિયા કહે છે કે રાજ, કહો તેટલા દિવસમાં. ઠાકોરજી કહે કે ૧ મહિનામાં તૈયાર કરી દો. કડિયા કહે છે : ૨૦ દિવસમાં તૈયાર થઈ જશે. પછી તો મંદિરને સંપૂર્ણ થતાં ૬ માસ થયા ત્યારે ઠાકોરજી વિનોદ કરતા કહે છે :

ત્યારે તે સીરિયા રાજને શ્રીજીએ કહ્યું કરી હાસ્ય,
વીસ દિન તબ કહે હતે અબ લગાવત હે છે માસ.

વીસ દિવસમાં તૈયાર કરવાનું કહ્યું હતું અને હવે ૬ માસ કર્યા. કડિયા કહે છે કે આપશ્રીએ ૧ મહિનો કહ્યો એટલે અમારે તો ૨૦ દિવસ જ કહેવા પડે. એ સેવકનો ધર્મ છે.

અહીં પ્રતાપબલ પ્રગટ દેખાય છે. આવું ભવ્ય મંદિર, જે અત્યારે પણ શ્રીગોકુલમાં આજના સ્થાપત્યની હાંસી કરતું અડીખમ ઊભું છે, ૬ વરસમાં પણ પૂરું ન થાય એ ૬ માસમાં બંધાઈ ગયું છે.

જુદા થયા પછી લગભગ ૧૫ વર્ષે મંદિર બંધાયું એનું કારણ બતાવતાં નાગરદાસભાઈ કહે છે કે ઠાકોરજી અને ચાંપાભાઈની વચ્ચે કઈ જગ્યાએ મંદિર બંધાવવું એ માટે એકમત નહોતો અને ચાંપાભાઈની આજ્ઞા ઠાકોરજી ઉલ્લંઘન ન કરી શકે માટે ચાંપાભાઈના પરોક્ષ થયા પછી મંદિર બંધાવવાનું શરૂ કર્યું.

પાયા પુરાઈ ગયા પછી ભરતી કરવા માટે કાલોલના મંગાબાઈનો પરિવાર કે જેમાં ૪૨ વૈષ્ણવો હતા તે અને બીજા મળીને એક દિવસમાં ભરતીનું કામ પૂરું કરી દીધું હતું.

૧૬૫૮ ના અસાડ સુદમાં મંદિર સંપૂર્ણ થયું, અસાડ સુદ ૭નાં કુંભ પધરાવ્યો અને અસાડ સુદ - ૯નાં મંદિરપ્રવેશ કર્યો. પ્રવેશ કર્યો એ દિવસે સમગ્ર જ્ઞાતિ, ભટ, ભાણેજ, વૈષ્ણવ સર્વને પ્રસાદ લેવા તેડ્યા છે. કડિયા, મજૂર, સુતાર, લુહાર, સલાટ વગેરેને યોગ્ય ભેટ આપી છે. વહુ બેટી ભાણેજ વગેરેને પણ વસ્ત્ર આભૂષણ પહેરાવ્યાં છે. મુખ્ય જે કડિયો હતો તેને હાથે સોનાનાં કડાં અને કાનમાં વીરવલી પહેરાવી છે. બ્રાહ્મણોને ગાયોનું દાન કર્યું છે. આમ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી નવા ગૃહમાં પ્રવેશ થયો છે, જ્યાં આજ પર્યંત સેવાપ્રકાર ચાલી રહ્યો છે.

શ્રીગોકુલ જઈએ ત્યારે અવકાશ હોય તો **જરૂર** એક વખત સંપૂર્ણ મંદિરનાં દર્શન કરવાં જોઈએ.

આમ શ્રીગોકુલ ગોવર્ધનમાં નિત્ય લીલા થઈ રહી છે. એવામાં એક સમયે આપશ્રી ગોવર્ધન રાસલીલા જોવા પધાર્યા છે. શ્રીનાથજીને જેમ ઠાકોરના પ્રાકટ્ય-દિવસનાં દર્શનનો મનોરથ હતો તેમ પોતાનો રાસ દેખાડવાનો પણ મનોરથ હતો. શ્રીનાથજીનો એ મનોરથ પૂર્ણ કરવા રાસલીલા જોવા પધાર્યા છે. સંપૂર્ણ રાસમાં આપશ્રી બિરાજી રાસનાં દર્શન કર્યાં છે.

ગોપદેવી વહુજીનું ગોણું તો શ્રીગોકુલમાં થયું, જ્યારે પ્રાણમતી વહુજીના ગોણા માટે રાયજીને સાથે લઈ રણથંભોર પધાર્યા છે.

રણથંભોર પધારતાં માર્ગમાં સુરોઠ ગામમાં મુકામ થયો છે ત્યાં સ્નેહનો પ્રસંગ ચાલ્યો ત્યારે આપશ્રી કહે છે એવો કોઈ નથી કે જેની સાથે મનની વાત કરીએ.

જો કોઈ એવો હોય તો તેને જોવા જઈએ. જેજેએ પણ ૧ વિનંતીમાં કહ્યું છે.

વૃંદાવન સબ જગ્ત વિજાતી, કાસું કહું મેરે ઘટકી.

પ્રાકટ્યસમયની આ વાત છે તો અત્યારે તો સ્નેહી મળવો મુશ્કેલ જ નહીં, અશક્ય જ છે. ગોપાલદાસભાઈ વિનંતીમાં કહે છે :

બેસીએ જઈ પાસ જેહોને, આશ કરીએ ધર્મની,
હવે એહવું કો રહ્યું નથી, કથા રહી છે કર્મની.

વિઠ્ઠલરાયજીને ત્યાં પહેલા પુત્રનું પ્રાકટ્ય થયું. ઠાકોરજીએ નામ ધર્યું છે ''વ્રજરત્ન''. પૌત્રના પ્રાકટ્યની વધાઈમાં ભંડાર ખૂલા મૂકી દીધા છે, કંચનની વર્ષા વરસાવી છે, કારણ કે શ્રીગુસાંઈજીનો મનોરથ છે કે શ્રીવલ્લભનો વંશ આગળ ચાલે અને એટલા માટે જ શ્રીવિઠ્ઠલરાયજીનું પ્રાકટ્ય છે. આમ પૌત્રનું પ્રાકટ્ય થતાં ગુસાંઈજીનો મનોરથ પૂરો થાય છે એની વધાઈમાં અનેકવિધ દાન આપ્યાં છે.

બન્ને પુત્રોનાં લગ્નમાં ખૂબ ખર્ચ કર્યો છે અને આ ખર્ચ અલૌકિકમાં અંગીકાર થાય એ ભાવથી ઉત્તમ ભાવી ભગવદી નિહાલચંદભાઈ જલોટાને કભાય પહેરામણીમાં આપે છે. નિહાલચંદભાઈ ઠાકોરના ઘરની વસ્તુ લેતાં સંકોચ પામે છે અને ઉદાસ થઈ ના પાડે છે ત્યારે ઠાકોરજી કહે છે કે વિવાહ વગેરેમાં દ્રવ્યનો બગાડ થયો છે માટે આ કભાય રાખો તો બગાડ થયો છે તે શુદ્ધ થઈ જાય. નિહાલચંદભાઈ કભાય રાખે છે. અહીં બે સિદ્ધાંત પ્રગટ કર્યા છે :

(૧) નિહાલચંદભાઈ ઠાકોરના ઘરની વસ્તુ લેવાની ના પાડે છે, કારણ કે પોતે સમાધાની સૃષ્ટિમાં નથી, ભક્તજન છે, તેથી ઠાકોરના ઘરની વસ્તુ લેવી યોગ્ય નથી. આપણે ક્યાં ઊભા છીએ એ આ પ્રસંગ ઉપરથી સમજી લેવાનું રહે છે.

(૨) નિવેદન થયા પછી આપણે માલિક મટી મેનેજર બનીએ છીએ એટલે બને ત્યાંસુધી સ્વસુખાર્થ ધનનો વ્યય ન કરવો જોઈએ. વિવાહ આદિ પ્રસંગોમાં ખર્ચ તો થાય જ, પરંતુ એ માટે પહેલા વૈષ્ણવ તેડી એમનું સંમાન કરવું. આ બીજો સિદ્ધાંત આપણે આજ્ઞા-અનુસાર માનીએ છીએ એ પણ સંતોષની વાત છે. વિઠ્ઠલરાયજીને ત્યાં બીજા બાલકનું પ્રાકટ્ય થાય છે. નામ રાખ્યું છે ગોવર્ધનેશ. ૩ પેઢીનાં સાથે દર્શન કરી ભક્તો પણ આનંદ પામે છે.

હવે ઉપયોગી અને અણઉપયોગી ધર્મનું વર્ણન કરતાં કવિશ્રી કહે છે કે ઉપયોગી ધર્મ પ્રભુને પ્રિય છે અને આ ઉપયોગી ધર્મથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. હવે ઉપયોગી ધર્મ કોને કહેવા એ કવિશ્રી બતાવે છે : (૧) અનન્યતા, (૨) સહનતા, (૩) વિવેક, (૪) ધીરજ, (૫) શૂરાપણું, (૬) ટેક, (૭) ઉદારતા, (૮) કપટરહિતતા, (૯) આચારવાન, (૧૦) સ્નેહ અને (૧૧) સત્યવક્તા.

નાગરદાસભાઈ કહે છે કે જો જીવમાં આમાંનો એકાદ ધર્મ પણ હોય તો એને પ્રભુ-સમાન કહેવા જોઈએ, કારણ કે જો એકાદ ધર્મ પણ હોય તો બાકીના એની મેળે આવે છે, જેનાથી રસાત્મક સ્વરૂપ શ્રીવલ્લભની પ્રાપ્તિ થાય છે.

પ્રભુ સમીપ પહોંચવાનો કેવો સરળ માર્ગ નાગરદાસભાઈએ બતાવ્યો છે !

અણઉપયોગી ધર્મ કેવા હોય છે એ હવે કવિશ્રી કહે છે :

(૧) દોષ, (૨) અહંકાર, (૩) નિંદા, (૪) લોભ, (૫) વિષયવાસના, (૬) અવિશ્વાસ, (૭) અનાદર અને (૮) અવજ્ઞા વગેરે. આ બધાં માયાના સંગી છે અને આમાંનું જો એકાદ પણ જીવમાં પ્રવેશે તો ઉપયોગી ધર્મ દૂર થઈ જાય છે, માટે જીવે આ અણઉપયોગી ધર્મથી દૂર રહેવું, જીવને જ્ઞાન આપવા માટે જ અણઉપયોગી ધર્મનાં નામ ગણાવ્યા છે, તેથી જીવ સમજે અને એનાથી દૂર રહે.

આમ ઉપયોગી અને અણઉપયોગી ધર્મનું જ્ઞાન આપી કવિશ્રી ૧૧મું માંગલ્ય પૂરું કરે છે. બારમા માંગલ્યમાં મહદોની સંતતિનું કારણ બતાવાશે.

માંગલ્ય - ૧૨

નાગરદાસભાઈ કહે છે કે મહદ ભક્તો અચલ સોહાગી છે. મહદોનું સોહાગ ઠાકોર ગોકુલનાથ છે. હવે ઠાકોર તો નિત્ય છે તેથી મહદો પણ નિત્ય છે. આવા અચલ સોહાગી મહદોએ ભૂતલ પરની ઠાકોરજીની લીલા નીરખી છે, આ સ્વરૂપનું રસપાન કર્યું છે અને ઠાકોરના મનોરથ પૂર્ણ કર્યા છે એવા મહદોને ચરણે લાગી આગળ લીલાવર્ણન કરે છે.

નાગરદાસભાઈ કહે છે કે આ ગ્રંથ લખવાની શરૂઆત ગોપાલદાસભાઈએ કરી, પરંતુ એ લખવામાં રહી ગયું અને મહદવર્ય ગોપાલદાસજીની ઈચ્છા વ્યર્થ ન જાય તેથી હમણાં આ ગ્રંથ આગળ લખવાનું મેં સાહસ કર્યું છે. ''હમણાં'' શબ્દથી એમ સમજાય છે કે ૬ માંગલ્ય થયા પછી અમુક વરસે ૭ મા માંગલ્યથી શરૂઆત નાગરદાસભાઈએ કરી હશે.

સૃષ્ટિના ત્રણ વર્ગ બતાવ્યા છે : (૧) પુષ્ટિસૃષ્ટિ, (૨) મર્યાદાસૃષ્ટિ અને (૩) પ્રાવાહિક સૃષ્ટિ. આપણે મર્યાદા અને પ્રાવાહિકની ચર્ચા અહીં ન કરતાં પુષ્ટિસૃષ્ટિનાં દર્શન કરીએ. પુષ્ટિસૃષ્ટિનાં પણ ઘણાં વરણ છે. દાન કરનાર ઠાકોર જ છે, પણ જેવું પાત્ર તેવું ફલ નીપજે.

સ્વાતિબુંદ તો બધાં પર સમાન વરસે છે. જો છીપમાં વરસે તો મોતી નીપજે, જો વાંસ ઉપર પડે તો વંશલોચન થાય અને જો સાપ કે વીંછી ઉપર પડે તો ઝેર થઈ જાય છે. સમજવા માટે દૃષ્ટાંત છે.

પુષ્ટિસૃષ્ટિના પણ જુદા જુદા, જેવા કે કોઈ સ્નેહયુક્ત, કોઈ આસક્તિથી ભરપૂર તો કોઈ વ્યસનમાં પાગલ છે, કોઈ ઉત્તમ તો કોઈ મધ્યમ અને કોઈ અધમ છે. અધમનો અર્થ ધર્મ વગરની નહીં, પરંતુ ઉત્તમને સૌથી સારી કહીએ તો મધ્યમને

વધારે અને અધમને સારી કહી શકાય. આ અનુસંધાનમાં ''અધમ''નો અર્થ કરવાનો છે. કોઈ સહેતુક છે તો કોઈ કેવલ નિર્હેતુક છે. આમ પાત્ર પ્રમાણે ઠાકોરે દરેકનો અંગીકાર કર્યો છે. ૧૧મા માંગલ્યમાં ઉપયોગી ધર્મ કહ્યા છે. એ ધર્મમાંથી આ પુષ્ટિસૃષ્ટિમાં કોઈમાં ૧ ધર્મ કે કોઈમાં ૨ ધર્મ, તો વળી ૩ ધર્મ પણ કોઈમાં સ્થાપિત કર્યા છે, પરંતુ મહદ ભક્તોને તો એ બધા ઉપયોગી ધર્મનું દાન કર્યું છે, એટલું જ નહીં, પણ ૧૧ મા માંગલ્યમાં બતાવ્યું છે તેમ પોતાનું ગોપ્ય સ્વરૂપ પણ મહદ ભક્તોને સોંપી દીધું છે.

વળી પુષ્ટિસૃષ્ટિમાં અણઉપયોગી ધર્મ પણ રાખ્યા છે, કારણ કે અપરાધ થયો હોય તો આ અણઉપયોગી ધર્મથી અંતરાય થાય અને તેથી ભોગ ભોગવી ફરી સંયોગ થાય છે.

નાગરદાસભાઈ કહે છે કે જેમનો અંગીકાર કરવો છે તેમને ભગવદીના સંગનું દાન ઠાકોર કરે છે અને જેમનો અંગીકાર નથી કરવો તેવા જીવને ભગવદી પ્રત્યે દ્વેષ રહે છે તથા ભગવદીની નિંદા કરે છે. હવે જેમને ભગવદીનો સંગ થાય છે તે જીવ ભગવદી થાય છે અને આવા ભગવદીનું ઠાકોર સિવાય બીજે ક્યાંય લક્ષ નથી, કેવળ ઠાકોરમાં જ અનન્ય છે : આ સૃષ્ટિસ્વરૂપ સમાન થઈ જાય છે.

ભગવદીનો સંગ જીવને કેટલે ઊંચે ચડાવે છે એ અહીં નાગરદાસભાઈએ વિસ્તૃત રીતે સમજાવ્યું છે. આગળ જતાં નાગરદાસભાઈ કહે છે કે સામાન્ય રીતે મહદોને ત્યાં સંતતિ ન હોય, પરંતુ જો સંતતિ હોય તો એ કારણસર છે.

જો કોઈ ભગવદીને અપરાધ થાય અને ફરી ભૂતલ પર જન્મ લેવો પડે તો આવા ભગવદી મહદને ત્યાં જન્મ લે છે અને અપરાધ પૂરો થતાં ફરી લીલામાં પ્રવેશે છે. આ કારણથી મહદને ત્યાં સંતતિ થાય છે, પરંતુ વંશવૃદ્ધિ માટે હરગીજ સંતતિ ન હોય.

હવે ભગવદીને અપરાધ કેમ થાય છે એના ૫ પ્રકાર ગ્રંથકર્તા બતાવે છે એ જોઈએ : (૧) મહદ આજ્ઞાની અવજ્ઞા કરે, (૨) પ્રભુની આજ્ઞાનું ઉલંઘન કરે, (૩) વળી પોતાની યોગ્યતા કરતાં વધારે મોટાપણું મનમાં રાખે, (૪) ભગવદીની નિંદા થઈ આવે અને (૫) અવસાન સમયે કાંઈ અભિલાષા રહી ગઈ હોય. આ પાંચ કારણથી ફરી જન્મ લેવો પડે. ફરી જન્મ લેવો ન પડે માટે સાવચેત રહેવા માટે આ કારણ લખ્યાં છે એમ ગ્રંથકર્તા કહે છે.

વળી કોઈ ભગવદીનો ભોગ પૂરો ન થયો હોય અને લીલામાં પધારવું છે તો એમની સંતતિ દ્વારા આ ભોગ ભોગવવો પડે છે અને આવા ભગવદીને ત્યાં હીન પ્રકારની સંતતિ થાય છે તેથી ભગવદી કલેશ પામી ભોગ પૂરો કરે છે, પરંતુ આ સંતતિનો અંગીકાર નથી.

આમ કારણસર મહદોને ત્યાં સંતતિ હોય છે. બાકી મહદને ત્યાં સંતતિ હોય જ નહીં.

પ્રાકટ્યસમયમાં પણ જુદા જુદા પ્રકારે જીવનો અંગીકાર કર્યો છે. કોઈનો સર્વ પ્રકારે તન મન અને ધનથી અંગીકાર કર્યો છે; જેમ કે મહારાણી દુર્ગાવતી. કોઈનો ધનથી તો કોઈનો તનથી, તો કોઈનો ધનથી અને મનથી, તો કોઈ કોઈનો ધનથી અને તનથી, આમ જુદા જુદા પ્રકારે અંગીકાર કર્યો છે. કોઈનો અંગીકાર પોતાની ઈચ્છાએ જ કર્યો છે તો કોઈનો મહદ ભક્તોની કાનીથી. રાજનગરની માલણનો અંગીકાર પોતાની ઈચ્છાથી કર્યો છે. આમ આ લીલાનો કોઈ પાર પામે એમ નથી, એમાં કોઈનો રંચ પ્રવેશ પણ નથી.

ગ્રંથકર્તા કહે છે : આ ૬ માંગલ્ય કેવલ મહદ ભક્તોની સહાયતાથી લખાયાં છે. આગલા ચતુર્થ તરંગમાં ''માલોદ્ધારલીલા'' ગોપાલદાસભાઈએ ગાઈ છે.

આ ઉપરથી સમજાય છે કે તૃતીય તરંગનાં ૭ થી ૧૨ માંગલ્ય માલોદ્ધારલીલા લખાયા પછી લખાયાં છે.

ફલસ્તુતિ કહેતાં નાગરદાસભાઈ કહે છે કે જે કોઈ વલ્લભલીલા ચિત્તમાં ધરશે તેને મોહનવર પોતે જ દાન કરશે. (મોહનવર એટલે ઠાકોરજી) ઠાકોરનું એક નામ ''મોહન'' એટલે જીવને મોહિત કરનાર પણ છે.

નાગરદાસભાઈ પોતે તો ઠાકોરની અભિલાષા નથી કરતા, પરંતુ કહે છે કે મને તો મહદચરણરજની આશ છે તેથી જ શ્રીગોકુલપતિ ચરણે બોલાવી મનોરથ પૂર્ણ કરશે.

શ્રીજીની પાછળ સહગમન કરવાવાળા ૭૮ ભગવદીયોની નામાવલી

૧. રૂપાંબાઈ
૨. જીવાજી
૩. માનાજી રાજપૂત
૪. નારંગદે
૫. વીરબાઈ
૬. ગોરબાઈ
૭. ધનબાઈ
૮. બેનીબાઈ
૯. મેઘજીભાઈ
૧૦. મોહનભાઈ
૧૧. દામોદરદાસ
૧૨. માધવદાસ
૧૩. રાઈબાઈ
૧૪. કનકાદે ભાભી
૧૫. રાજારામ રાજેશ્રી
૧૬. શ્યામદાસ સુગન્ધી
૧૭. ગોકુલદાસ
૧૮. નહાની બહુ
૧૯. ધનજી
૨૦. શંકા
૨૧. ગિરિધરભાઈ
૨૨. કહાના
૨૩. ભગવાનદાસ કરેટી
૨૪. દેવજી ગાંધી
૨૫. રતનબાઈ
૨૬. સીતાબાઈ
૨૭. ગમતાદે
૨૮. નાહાનીબાઈ
૨૯. હરજીભાઈ-૧
૩૦. હરજીભાઈ-૨
૩૧. હીરા માતરજી
૩૨. લવજી ગાંધી
૩૩. ગોકુલદાસ
૩૪. કીકાભાઈ
૩૫. મેઘજીભાઈ
૩૬. ધનજી ગાંધી
૩૭. શ્યામદાસ
૩૮. યશોદાબાઈ
૩૯. ગંગાબાઈ
૪૦. ફૂલબાઈ
૪૧. કલ્યાણદાસ
૪૨. રામબાઈ
૪૩. વીરાબાઈ
૪૪. કાન્હબાઈ
૪૫. જીવાભાઈ કરખંડિયા
૪૬. દેવકી વેણીભાઈ
૪૭. કહાનદાસ બ્રાહ્મણ
૪૮. રામા
૪૯. મુકુન્દદાસ
૫૦. લાલોભાઈ
૫૧. કલ્યાણ પરીખ
૫૨. પૂંજીબાઈ
૫૩. મોહનદાસ
૫૪. લાડકીબાઈ
૫૫. રામબાઈ
૫૬. કૃષ્ણાબાઈ
૫૭. જગન્નાથભાઈ
૫૮. વિઠ્ઠલદાસ
૫૯. રસિકભાઈ
૬૦. ધનજી ચોપડા
૬૧. દેવજી
૬૨. ગોકુલદાસ
૬૩. રાજબાઈ
૬૪. ગંગાબાઈ
૬૫.
૬૬. દેવકી
૬૭. રૂડા પટેલ
૬૮. હીરાંદે
૬૯. અજાબાઈ
૭૦. કહાનદાસ
૭૧. ગોવરધનદાસ
૭૨. ધનબાઈ
૭૩. બહેનીબાઈ
૭૪. ફૂલબાઈ
૭૫. રતન ભાભી
૭૬. માધવદાસ
૭૭. ગોપાલદાસ
૭૮. પનોતીબાઈ

સંકલન કર્તા : ગોપાલદાસ

K 339

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. 13 339



શ્રીગોકુલેશજી



બેઠકળ

DR. KRISHNAKANT KADAKIA TRUST

M-82/385 'Swaroop'
Saraswati Nagar, Near Azad Society
Ahmedabad-15 T.No.